ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ES-121
# ભારતમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનો વિકાસ

વિભાગ

# 1

## ભારતમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ અને સમસ્યાઓ-1


એકમ-1 ભારતમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ

એકમ-2 પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ-1

એકમ-3 પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ-2

એકમ-4 પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ-3

**ES-121, ભારતમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનો વિકાસ (વિભાગ-1)**

| **લેખક** | |
|---|---|
| **ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ |
| **પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. દિવ્યેશભાઈ એમ. પટેલ** | વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |

**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-135-6**

Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-121 ભારતમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનો વિકાસ


**વિભાગ-1 : ભારતમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ અને સમસ્યાઓ-1**

1. ભારતમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ
2. પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ-1
3. પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ-2
4. પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ-3

**વિભાગ-2 : ભારતમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ અને સમસ્યાઓ-2**

5. પ્રાથમિક શિક્ષણની અન્ય સમસ્યાઓ
6. ભારતીય સમાજમાં સ્ત્રીઓની સમસ્યાઓ અને ઉપાયો
7. ભારતમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ-1
8. શાળા સંકુલ

**વિભાગ-3 : ભારતમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ**

9. ભારતમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ-2
10. છેવાડાના બાળકો માટે નીતિ વિષયક માળખાની રચના
11. બાળકનો સામાજિક વિકાસ
12. માધ્યમિક શિક્ષણમાં વિવિધ સંસ્થાઓનો ફાળો

**વિભાગ-4 : ભારતીય સમાજમાં શિક્ષણનું માળખું**

13. પ્રાથમિક શિક્ષણ સુધારણામાં વિવિધ સંસ્થાઓનો ફાળો
14. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
15. વર્તમાન શિક્ષણનું માળખું
16. રાષ્ટ્રીય અભ્યાસરૂપનું માળખું

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

એકમ 1

# ભારતમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ

## : રૂપરેખા :

(1) પ્રસ્તાવના

(2) પ્રાથમિક શિક્ષણનો અર્થ

(3) મફત, ફરજિયાત, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણની સંકલ્પના

(4) ભારતનું રાજ્ય બંધારણ અને પ્રાથમિક શિક્ષણ

(5) ફરજિયાત પ્રાથમિક શિક્ષણના વિકાસની ઐતિહાસિક ભૂમિકા

(6) સ્વાતંત્ર્યોત્તરમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ

(7) સ્વાતંત્ર્યોત્તર કાળમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણની કેટલીક પાયાની સમસ્યાઓ

(8) મફત, ફરજિયાત, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણક્ષેત્રે થયેલાં પ્રયત્નો

(9) પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા માટે દેશમાં હાથ ધરવામાં આવેલાં પ્રયત્નો

(10) સારાંશ

(11) એકમ સ્વાધ્યાય

(12) તમારી પ્રગતિ ચકાસો

(13) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

(14) સૂચિત વાંચન સામગ્રી

## ઉદ્દેશો

આ એકમના અભ્યાસ પછી તમે નીચેની બાબતો વિશે શક્તિમાન બનશો.

1. પ્રાથમિક શિક્ષણનો અર્થ જાણી શકશો.
2. ભારતના રાજ્ય બંધારણના સંદર્ભમાં પ્રાથમિક શિક્ષણની સમજ કેળવી શકશો.
3. ફરજિયાત પ્રાથમિક શિક્ષણના વિકાસની ઐતિહાસિક ભૂમિકા જાણી શકશો.
4. સ્વાતંત્ર્યોત્તર કાળમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ કેવું હતુ તેની માહિતી પ્રાપ્ત કરી શકશો.
5. સ્વાતંત્ર્યોત્તર કાળમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણની કેટલીક પાયાની સમસ્યાઓ જાણી શકશો.
6. ફરજિયાત પ્રાથમિક ધારાઓમાં સુધારાને લગતી સમસ્યાઓની યાદી બનાવી શકશો.
7. મફત ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણની સંકલ્પના સમજી શકશો.
8. સ્વાતંત્ર્યોત્તર કાળમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણની કેટલીક પાયાની સમસ્યાઓ સમજી શકશો.
9. મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે થયેલાં પ્રયત્નો સમજી શકશો.
10. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા માટે દેશમાં હાથ ધરવામાં આવેલાં પ્રયત્નો સમજી શકશો.

## 1. પ્રસ્તાવનાઃ

પ્રાથમિક શિક્ષણ એ જનતાની કેળવણી છે. ઠેઠ 1918 થી પ્રાથમિક શિક્ષણને મફત અને ફરજિયાત બનાવવાની શરૂઆત થઈ ચૂકી હતી, તેમ છતાં સરકારની ધીમી, લાગતી વિહીન અને અપુરતી નીતિને લીધે પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે ખૂબ જ ઓછી પ્રગતિ બ્રિટિશ શાસન દરમિયાન સાધી શકાઈ હતી.

1946-47 માં પ્રાથમિક શાળાઓના ધોરણ-1 થી 5 માં ભણતાં વિદ્યાર્થીઓનું પ્રમાણ 6 થી 11 વર્ષનાં બાળકોની કુલ વસતિના ફક્ત 35% જેટલું હતું.પ્રાથમિક શાળાઓના ધોરણ-1 થી 5 માં કુલ 141.1 લાખ વિદ્યાર્થીઓ ભણતાં હતાં. તેમાં છોકરાઓની સંખ્યા 106.3 લાખ (53.1 %) હતી, જ્યારે છોકરીઓની સંખ્યા ફક્ત 34.8 લાખ (17.4 %) જેટલી નજીવી હતી.

પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ધોરણ-1 થી 5 (6 થી 11 વર્ષની વયમર્યાદા)માં ફક્ત 35% જેટલી વિદ્યાર્થી- ભરતી અત્યંત અસંતોષકારક ગણી શકાય, કારણ કે ભારતના રાજ્ય બંધારણ (કલમ-45) 6 થી 14 વર્ષના બાળકો માટે સાર્વત્રિક, મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો આદેશ આપ્યો છે. સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ માટે 100 % છોકરાઓની અને 100% છોકરીઓની પ્રાથમિક શાળાઓમાં ભરતી થવી જોઈએ. 1947 માં જ્યારે ભારત દેશ આઝાદ થયો ત્યારે કેવળ 17 ટકા છોકરીઓની પ્રાથમિક શાળાના ધોરણ-1 થી 5 માં ભરતી અત્યંત કંગાળ જ ગણી શકાય.

1947ના માર્ચમાં દેશમાં કુલ પ્રાથમિક શાળાઓની સંખ્યા 1,72,661 હતી અને તેમાં કુલ 141.1 લાખ વિદ્યાર્થીઓન ભણતાં હતાં. શાળાઓની આ સંખ્યા કેટલી અપૂરતી હશે તેનો ખ્યાલ 1957 માં દેશમાં પ્રાથમિક શાળાઓની સવલતની ભારત સરકારે કરેલી મોજણી પરથી આવે છે. આ મોજણીનો હેવાલ એવો છે કે, 1957 ના માર્ચની 31મી તારીખે, દેશમાં જે કુલ 8.40 લાખ રહેઠાણ-વિસ્તારો હતાં તે પૈકી ફક્ત 2.29 લાખ (27.26%) વિસ્તારોમાં જ પ્રાથમિક શાળાઓ હતી. આ શાળાવાળા વિસ્તારોમાં કુલ વસતિના 60 ટકા લોકોનો જ સમાવેશ થતો હતો. જો સ્વાતંત્ર્ય સિદ્ધિના આઠ વર્ષના લોક જાગૃતિના સમય પછી પણ દેશના 72.74% વિસ્તારો પ્રાથમિક શાળાઓ વગરના હોય, તો 1953 માં જ્યારે પ્રથમ પંચવર્ષીય યોજનાની શરૂઆત થઈ ત્યારે કેવી વિપરીત સ્થિતિ હશે તે સમજી શકાય એવી બાબત છે.

જેમ શાળાઓની સગવડની બાબતમાં હતું તેમ પ્રાથમિક શિક્ષણકોની ભરતી અને તાલીમ વિશેય હતું 1949-50 માં ભારત દેશમાં લગભગ 5.18 લાખ પ્રાથમિક શિક્ષકો હતાં તેમાં 2.16 લાખ (41.7 %) જેટલાં શિક્ષકો કોઈપણ પ્રકારની તાલીમ વગરના હતાં. સામાન્ય રીતે, પ્રાથમિક શિક્ષણમાં સ્ત્રી શિક્ષક જ વધુ યોગ્ય હોય છે, પણ 1949-50 માં પ્રાથમિક સ્ત્રી શિક્ષકોની સંખ્યા ફક્ત 79,339 (15.3%) હતી. જો કે આજે 2016 માં પ્રાથમિક શાળામાં પૂરુષ શિક્ષકોની સંખ્યા કરતાં સ્ત્રી શિક્ષકોની સંખ્યા ઘણી વધારે જોવા મળે છે.

પ્રાથમિક શિક્ષણના વિકાસ અર્થે ગુજરાત રાજ્યમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. આ કાર્યક્રમનો હેતુ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે, શાળાઓને જરૂરી સાધન-સામગ્રીથી સજ્જ કરી, ગુણવત્તા સુધારા દ્વારા બાળકોની ક્ષમતાઓ ને વિકાસ કરી ઉચ્ચ કક્ષાનું ઘડતર કરવાનો છે.

આ કાર્યક્રમની સફળતાનો આધાર, શિક્ષણ ક્ષેત્રે સાથે સંકળાયેલાં સૌ કોઈના સંયુક્ત પ્રસારો ઉપર રહેલો છે.

પ્રાથમિક શિક્ષણના વિકાસના આધાર સ્તંભ તરીકે કેટલીક મુખ્યા બાબતો નિશ્ચિત થયેલી છે જેવી કે, અભ્યાસક્રમ આધારિત સાહિત્યનો વિકાસ, સતત મૂલ્યાંકન, કાર્યાનુભવ, શૈક્ષણિક ટેક્નોલોજી, શિક્ષણ સંચાલન, અવૈધિક શિક્ષણ આ બધી બાબતોનો સૈદ્ધાંતિક ખ્યાલ અને શિક્ષણમાં તેના અમલીકરણમાં મદદરૂપ થાય તેવી કેટલીક પુસ્તિકાઓની એક શ્રેણી તૈયાર કરાવી પ્રસિદ્ધ કરવાનું પ્રા.આર.એસ.ત્રિવેદી ઍજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી આયોજન કરવામાં આવ્યું તે અનુસાર આ પુસ્તિકા પ્રસિદ્ધ કરતાં આપને આનંદ થાય છે, આ પુસ્તિકા પ્રાથમિક શિક્ષણ ગુણવત્તા સુધાર શૈક્ષણિક શ્રેણી હેઠળની આ પુસ્તિકાઓ પ્રાથમિક શિક્ષણના વિકાસ કાર્યક્રમમાં ઉપયોગી થાય તેમ છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1968 ઓ સ્વતંત્ર ભારતના શૈક્ષણિક ઈતિહાસમાં એક નોંધપાત્ર પગલું છે.

આ શિક્ષણનીતિનું ધ્યેય ભારતની પ્રજામાં સમાન સંસ્કૃતિ અને સમાન નાગરિકત્વની ભાવના જાગૃત કરવાનું, રાષ્ટ્રીય એકતાની ભાવનાને મજબુત કરવાનું અને રાષ્ટ્રના વિકાસને વેગ આપવાનું

હતું. આ શિક્ષણ નીતિમાં સમગ્ર શિક્ષણ પદ્ધતિમાં આમૂલ પરિવર્તન કરવા પર ભાર મૂકવામાં આવ્યો, અને શિક્ષણના દરેક તબક્કે તેની ગુણવત્તા સુધારવા સૂચવ્યું. વિજ્ઞાન અને તાંત્રિક શિક્ષણ પર વધારે ધ્યાન અપાયું અને વિદ્યાર્થીમાં નીતિ મત્તાના ધોરણો સુધારવા પરત્વે, સુટેવો કેળવવા પરત્વે લક્ષ આપીને લોકજીવન અને વચ્ચે ગાઢ સંપર્ક સ્થાપવા બાબતે ખાસ ભાર મૂક્યો.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1968 નું કદાચ સૌથી નોંધપાત્ર વિકાસશીલ પગલું તો હતુ કે તેમાં સમગ્ર દેશમાં શિક્ષણના સર્વસમાન માળખાનો સ્વીકાર કરવામાં આવ્યો અને મોટા ભાગનાં રાજ્યોમાં 10 + 2 + 3 ની શિક્ષણ પદ્ધતિ લાગુ કરવામાં આવી. આ શિક્ષણ પદ્ધતિમાં પ્રથમ 10 વર્ષના તબક્કાને ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યો છે, 1 થી 5 ધોરણ નિમ્ન પ્રાથમિક, 6 થી 8 ધોરણ ઉચ્ચ પ્રાથમિક અને 9 થી 10 માધ્યમિક ગણવામાં આવે છે.

આમ, ગુજરાતમાં 1 થી 8 ધોરણના શિક્ષણને પ્રાથમિક શિક્ષણ ગણવામાં આવે છે. જો કે ગુજરાતમાં 1 થી 4 ધોરણ નિમ્ન પ્રાથમિક અને 5 થી 7 ધોરણ ઉચ્ચ પ્રાથમિક ગણવામાં આવે છે. આમ, ગુજરાતમાં 1 થી 7 ધોરણના શિક્ષણને પ્રાથમિક શિક્ષણ ગણવામાં આવે છે.

હાલમાં નવા માળખા પ્રમાણે ગુજરાતમાં 1 થી 5 ધોરણ નિમ્ન પ્રાથમિક અને 6 થી 8 ધોરણ ઉચ્ચ પ્રાથમિક ગણવામાં આવે છે.

આમ, ગુજરાતમાં 1 થી 8 ધોરણના શિક્ષણને પ્રાથમિક શિક્ષણ ગણવામાં આવે છે.

પ્રાથમિક શિક્ષણએ રાષ્ટ્રના પ્રત્યેક નાગરિકના સર્વાંગી વિકાસને સર્વસમાન તક પૂરી પાડવાનું પગથિયું છે, રાષ્ટ્રનો પ્રત્યેક નાગરિક સ્વનિર્ભર બની રાષ્ટ્રના વિકાસમાં આપતો થાય એ માટે પ્રાથમિક શિક્ષણ મેળવવું આવશ્યક છે.

ભારતીય શિક્ષણ પંચે (1964-66) પ્રાથમિક શિક્ષણ વિશે પોતાના અહેવાલમાં નોંધ્યું છે કે "પ્રાથમિક શિક્ષણએ નાગરિકતાના ઘડતરની અવસ્થા છે. આ કક્ષાએ સારા નાગરિકતાના શિક્ષણનો પાયો નાખવો જોઈએ."

વિકસતાં જતાં શહેરો અને ગામડાની જરૂરિયાતોના પ્રશ્નો નાગરિકો સમજી શકે અને તેમાં એક યા બીજા સ્વરૂપમાં ફાળો આપી શકે, પોતાની ફરજ સમજી શકે એવુ શિક્ષણ પ્રાથમિક ધોરણમાં વિદ્યાર્થીઓને મળવું જોઈએ. આ જવાબદારી દેશ જો ચૂકશે. તો તેની અસર હેઠળ પ્રાથમિક શિક્ષણ પણ જ નહી પરંતુ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ પર વિપરીત થશે.

પ્રાથમિક શિક્ષણ એ લોકશાહીની જીવાદોરી છે.લોકશાહીને ટકાવી રાખવા માટે રાષ્ટ્રના સભાન,સુસંસ્કૃત અને સક્રિય ભાવિ નાગરિકોનું નિર્માણ કરવા માટે પ્રાથમિક શિક્ષણ ખૂબ મહત્ત્વનું છે.

પ્રાથમિક શિક્ષણથી વંચિત રહેલી વ્યક્તિ વિરક્ષતા વિશ્વ તથા રાષ્ટ્રના આધુનિકીકરણના વેગને ઓળખી અપનાવી શકે નહી.

આમ,પ્રાથમિક શિક્ષણએ દેશની પ્રાથમિક જરૂરિયાત છે, આ બાબતને ધ્યાનમાં લઈ ભારતીય રાજ્ય બંધારણ(1950) ની કલમ 45 માં 6 થી 14 વપરાતાના બાળકો માટે મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો આદર્શ સ્વીકારાયો.

## (2) પ્રાથમિક શિક્ષણનો અર્થ : (Meaning of Primary Education)

પ્રાથમિક શિક્ષણ એટલે 6 થી 4 વયકક્ષાના બાળકોનું ધોરણ-1 થી 8 નું શિક્ષણ જે આજે નિમ્ન પ્રાથમિક (ધોરણ-1 થી 5) અને ઉચ્ચ પ્રાથમિક (ધોરણ-6 થી 8) તરીકે સ્વીકારાય છે. બુનિયાદી શાળામાં આ બે કક્ષાઓ અનુક્રમે જુનિયત બુનિયાદી (6 થી 11 વર્ષની ઉંમરનાં બાળકો) અને સિનિયર બુનિયાદી (11 થી 14 વર્ષની ઉંમરના બાળકો) થી ઓળખાય છે.

સમગ્ર શિક્ષણનો પાયોજ પ્રાથમિક શિક્ષણ ગણાય છે, એ રીતે પ્રાથમિક શિક્ષણ જેટલું સક્ષમ અને સંગીન એટલું પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા ઊંચી. આઝાદ પૂર્વે પ્રાથમિક શિક્ષણનો અર્થ પ્રારંભિક-

શરૂઆતની કેળવણી એવો થતો. આજે પણ પ્રાથમિક શિક્ષણ બાળકને માટે શરૂઆતની કેળવણી તો છે, પણ તે હવે મૂળ-પાયાની કેળવણી લેખાય છે.

પ્રાથમિક શિક્ષણએ લોકશાહીની જીવાદોરી અને આધાર સ્તંભ છે, શિક્ષણનો પાયો એ પ્રાથમિક શિક્ષણ છે, લોકશાહીને ટકાવી રાખવા માટે રાષ્ટ્રના સમાન, સુસંસ્કૃત અને સક્રિય ભાવિ નાગરિકોનું નિર્માણ કરવા માટે પ્રાથમિક શિક્ષણ ખૂબ મહત્ત્વનું છે.

પ્રાથમિક શિક્ષણએ દેશની પ્રાથમિક જરૂરિયાત છે આ બાબતને ધ્યાનમાં લઈ ભારતીય રાજ્ય બંધારણ(1950) ની કલમ-45માં 6 થી 14 વયરક્ષાનાં બાળકો માટે મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો આદર્શ સ્વીકારાયો.

પ્રાથમિક શિક્ષણથી વંચિત રહેલ બાળકો વિકસતા વિશ્વ અને રાષ્ટ્રના આધુનિક વેગને સમજવામાં મુશ્કેલી પડે છે. આથી પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત બનાવવામાં આવેલ છે.

ધોરણ-1 થી 8 ના શિક્ષણને પ્રાથમિક શિક્ષણ ગણવામાં આવે છે.

## (3) મફત, ફરજિયાત, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણની સંકલ્પના

સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ એટલે સમાજના પ્રત્યેક વ્યક્તિની કેળવણી. સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણમાં ધર્મ,રંગ, લિંગ, જાતિ વગેરેના કોઈ ભેદભાવને સ્થાનન હોય. સામાજિક, આર્થિક, ધાર્મિક, સાંસ્કૃતિક, ભૌગોલિક કે રાજકીય ભેદભાવ વગર નાગરિકોને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનો હક હોવો જોઈએ. સાર્વત્રિક શિક્ષણ મફત હોય અને તેથી રાજ્યની આવકમાંથી શાળાવય કક્ષાનાં તમામ બાળકોને ચાર-પાંચ વર્ષ કે આઠ વર્ષ સુધી મફત શિક્ષણનો ખર્ચ કરવાની રાજ્યે તૈયારી બતાવવી જોઈએ.

સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ સાધારણ રીતે ફરજિયાત હોય છે. આથી 'સાર્વત્રિક' શબ્દની સાથે 'મફત' અને 'ફરજિયાત' શબ્દનો પણ 'પ્રાથમિક શિક્ષણ'ની આગળ પ્રયોગ કરવામાં આવે છે. તેથી આપણે કહીએ છીએ કે પ્રાથમિક શિક્ષણ, મફત, ફરજિયાત અને સાર્વત્રિક હોવું જોઈએ.

ભારતીય રાજ્ય બંધારણો તેની કલમ-45માં મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અંગે નીચે પ્રમાણેનો આદેશ આપ્યો છે.

"બંધારણ અમલમાં આવ્યા પછીના દશ વર્ષ સુધીમાં કોમ, રંગ, લિંગના ભેદભાવ વગર 6 થી 14 વર્ષનાં તમામ બાળકોને મફત, ફરજિયાત કેળવણીની જોગવાઈ કરવાની સરકારની ફરજ રહેશે."

સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ એટલે જાતિ, લિંગ, ધર્મ,વય જેવા ભેદભાવ વિના સર્વને માટે પ્રાથમિક શિક્ષણની તક પૂરી પાડતું શિક્ષણ, દેશનો દરેક નાગરિક પ્રાથમિક શિક્ષણની સુવિધાનો લાભ લઈ શકે તે માટેનો શુભ આશય પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિક રૂપ છે. દેશના શાળા વય કક્ષાના પ્રત્યેક બાળકોને લઘુત્તમ શિક્ષણતો પ્રાપ્ત થવું જ જોઈએ.

આ માટેની જવાબદારી રાષ્ટ્રે ઉપાડવાની છે,

પ્રાથમિક શિક્ષણ સાર્વત્રિક કરવાથી ભારત જેવા વિશાળ અને વિકસતા દેશમાં બહુજન સુધીને પહોંચાડવું મુશ્કેલ છે. શિક્ષણમાં ખર્ચનું મહત્ત્વ તથા સાર્વત્રિક પાયાનું અવરોધતું બને. આથી આપણા દેશમાં પ્રાથમિક શિક્ષણ શિક્ષણ વિના આપવાનું સ્વીકારવામાં આવ્યું છે. શિક્ષણ ફી લીધા વિના આપવામાં આવતું પ્રાથમિક શિક્ષણ મફત ગણાય છે. આ માટે પ્રાથમિક શિક્ષણના ખર્ચની જવાબદારી રાજ્ય ઉપાડવાની છે.

સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણમાં મફત જેટલું જ બીજું અગત્યનું તત્ત્વ પ્રાથમિક શિક્ષણનું ફરજિયાત પણું છે. આપણાં દેશમાં અજ્ઞાન, અંધશ્રદ્ધા અને ગરીબીને લીધે લોકોમાં શિક્ષણની ભૂખ જાગતી નથી, લોકો પોતાના બાળકોને પ્રાથમિક શિક્ષણ અપાવવા સજાગ નથી. આથી તેઓ બાળકોને શાળામાં મોકલતા લોકહિતનું કાર્ય છે.

આથી લોકહિત ધરાવતાં ભારત જેવાં રાષ્ટ્રોએ બાળક, વાલી અને રાષ્ટ્રના હિતમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કર્યું છે. પ્રાથમિક શિક્ષણની પ્રાપ્તિના મહત્ત્વના કાર્ય માટે બાળકને શાળાએ મોકલવાની વાલીને ફરજ પાડવાની જવાબદારી રાષ્ટ્રની છે.

આ માટે રાષ્ટ્ર જરૂરી કાયદો કરી, કાયદાભંગ માટે શિક્ષણ એ અનિવાર્ય છે.

## (4) ભારતનું રાજ્ય બંધારણ અને પ્રાથમિક શિક્ષણ :

ભારતનાં બંધારણમાં પ્રાથમિક શિક્ષણના મહત્ત્વનો સ્વીકાર થયો છે, તેનો નાગરિકના મૂળ-પાયાના અધિકારમાં સમાવેશ કરવામાં આવ્યો છે. 6 થી 14 વય મર્યાદાના પ્રત્યેક બાળકને, ન્યાય જાત, કોમ, સ્થિતિ, સંસ્કારનો વારસો, વગેરેના કોઈપણ જાતના ભેદભાવ વગર મફત પ્રાથમિક શિક્ષણ મેળવવાનો અધિકાર રાજ્ય બંધારણ આપ્યો છે. બંધારણની 45 મી કલમ આ પ્રમાણે છે : "બંધારણે અમલમાં આવ્યા પછીના દસ વર્ષ સુધીમાં કોમ, રંગ, લિંગના ભેદભાવ વગર 6 થી 14 વયનાં તમામ બાળકોને મફત, ફરજિયાત શિક્ષણની જોગવાઈ કરવાનો પ્રયત્ન કરવાની સરકારની ફરજ રહેશે."

આમ, રાજ્ય બંધારણે 6 થી 14 વયનાં બધાં જ છોકરા-છોકરીઓ માટે ફરજિયાત ધોરણે મફત પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરવાનો અધિકાર આપ્યો છે. આ ફરજ પોતે બજાવી શકે એ માટે મફત અને ફરજિયાત શિક્ષણને લગતા કાયદાઓ ઘડયા છે, પણ મોટા ભાગના રાજ્ય ધારાઓ એ 6 થી 11 વયના બાળકો માટે ફરજિયાત ધોરણે અને 11 થી 14 વયનાં બાળકો માટે ઐચ્છિક ધોરણે પ્રાથમિક કેળવણીની સુવિધા ઊભી કરવાની જવાબદારી રાજ્ય સરકારોને સોંપી છે.

વર્ષ 2016 સુધીમાં બંધારણના આદેશ પ્રમાણે ભારત સરકાર અને રાજ્યોની સરકાર પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવી શક્યાં નથી. રાજ્ય સરકાર પ્રતિવર્ષ પ્રવેશોત્સવ દ્વારા એ માટેના પ્રયત્નો કરે છે. ખરી તેમ છતાં હજુ ધારેલી સફળતા પ્રાપ્ત થઈ શકી નથી.

1950માં ભારતનું રાજ્ય બંધારણ અમલમાં આવતાં 6 થી 14 વર્ષના બાળકો માટે મફત, ફરજિયાત સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનો આદર્શ સ્વીકારાયો. આ આદર્શને મૂર્તિમંત કરવા દેશમાં પ્રાથમિક શિક્ષણને વિસ્તારવા અને વિકાસ માટે અનેક પ્રયત્નો થયાં છે, છતાં હજી ઘણું કરવાનું બાકી હોય તેવું જણાય છે, શિક્ષણની જવાબદારી રાજ્યોને સોંપવામાં આવી છે, આથી દેશનાં બધા રાજ્યો 14 વર્ષની વયના બાળકો માટે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત કરી શક્યાં નથી. કેટલાંક રાજ્યોએ 11 વર્ષની વય કક્ષાના બાળકો માટે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત કર્યુ છે. આપણા ગુજરાત જેવા પ્રગતિશીલ રાજ્ય 14 વર્ષની વય કક્ષાના બાળકો માટે પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત અને સાર્વત્રિક કર્યુ છે.

વળી ધોરણ 11 સુધીનું શિક્ષણ તમામ માટે મફત અને કન્યાઓ માટે તો તમામ કક્ષાએ શિક્ષણ મફત કર્યુ છે.

દેશમાં પ્રાથમિક શિક્ષણ મફત ફરજિયાત અને સાર્વત્રિક કરવાનો આદર્શ સ્વીકારવામાં દેશની વિશાળતા, વધુ પડતી જન સંખ્યા, ટાંચા સાધનોને પરિણામે કેટલીક સમસ્યાઓ સ્વયંભૂ પેદા થયેલી જોવા મળે છે.

## (5) ફરજિયાત પ્રાથમિક શિક્ષણના વિકાસની ઐતિહાસિક ભૂમિકા

બ્રિટિશ અમલની ભારતમાં શરૂઆત થતાં પહેલા દેશમાં જે સમાજ વ્યવસ્થા પ્રવર્તતી હતી તેમાં શૈક્ષણિક તકની બાબતમાં ખૂબ અસમાનતા હતી. સમાજમાં એક છેડે પ્રાચીન સાહિત્ય અને ભાષામાં નિપૂર્ણ ધુરંધર પંડિતો હતાં અને થોડીક જ્ઞાતિઓ હતી જેમાં શિક્ષણનો સારો ફેલાવો થયો હતો. પણ સમાજના બીજે છેડે જનતાનો ખૂબ મોટો સમુદાય નિરક્ષર હતો, તે સમયમાં ઉચ્ચ શિક્ષણ જન સમાજના 1 % જેટલાં લોકો પૂરતું મર્યાદિત હતું અને સાક્ષરતાનું પ્રમાણ લગભગ 6% જેટલું હતું. સ્ત્રીઓનો ખૂબ મોટો ભાગ અભણ હતો, અને તેવી જ સ્થિતિ હતી પછાતવર્ગની સાર્વત્રિક શિક્ષણની

સંકલ્પનાનો-વિચાર પણ સ્વીકારાયો ન હતો.

19મી સદીના પ્રારંભિક દાયકાઓમાં બ્રિટિશ શાસન દરમિયાન ધીમે ધીમે ઉપરની પરિસ્થિતિમાં પરિવર્તન આગવા માટેના બળો થતી ગતિમાન થવાં માંડયા. જોકે તેમને સફળ થતાં લગભગ એક સૈકાના સમયની જરૂર પડી. બ્રિટિશ કાળ દરમિયાન કેળવાયેલું હિંદી માનસ પશ્ચિમના સાહિત્ય અને જીવનના સંપર્કમાં આવતાં જૂની સામાજિક વ્યવસ્થાને ભયંકર ધક્કો પહોંચ્યો. ખ્રિસ્તી મિશનરીઓની પછાત કોમોના શિક્ષણ માટેની જિજ્ઞાસ બ્રહમો સમાજ, આર્ય સમાજ, અને રામકૃષ્ણ મિશનની હિલચાલથી શિક્ષણના બહોળા ફેલાવવાની ભૂમિકા સર્જાવા માંડી.

1882-1909 માં ફરજિયાત પ્રાથમિક શિક્ષણની ચળવળ શરૂ થઈ અને તેને પરિણામે 1910-17 ના ગાળા દરમિયાન અત્યંત તીવ્ર સ્વરૂપ પકડયુ. આ ચળવળના નેતા હતાં શ્રી ગોપાલકૃષ્ણ ગોખલે. 1910 થી 1913 સુધી એમણ ભારત સરકારને ફરજિયાત શિક્ષણનો સિદ્ધાંત સ્વીકારવા ખૂબ પડકારી અને 18મી 1910માં ફરજિયાત પ્રાથમિક શિક્ષણની શરૂઆત કરવાનો ઠરાવ આણ્યો અને 16મી માર્ચ, 1911 ને દિને તેમણે ઈમ્પિરિયલ કાઉન્સિલમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણને લગતો ખરડો રજૂ કર્યો. જેમાં નીચેની બાબતોનો સમાવેશ થતો હતો.

(1) દેશની પ્રાથમિક શિક્ષણ પદ્ધતિમાં ક્રમશઃ ફરજિયાત શિક્ષણનો સિદ્ધાંત દાખલ કરવો.

(2) ફરજિયાત શિક્ષણની જવાબદારી મરજિયાત ધોરણે સ્થાનિક સત્તાઓ પર નાંખવામાં આવી હતી. જે મ્યુનિસિપાલિટીઓ અને લોકલ બોર્ડો પર નાંખવી.

(3) પ્રાંતિય સરકારની પૂર્વ પરવાનગી સિવાય કોઈપણ વિસ્તારમાં ફરજિયાત શિક્ષણ દાખલ ન થઈ શકે તેની તકેદારી રાખવી.

(4) ફરજિયાત શિક્ષણ સૌપ્રથમ છોકરાઓ માટે દાખલ કરવું અને પછી ક્રમશ છોકરીઓ માટે પણ દાખલ કરવું.

(5) ફરજિયાત શિક્ષણની વયમર્યાદા 6 થી 10 વર્ષની રાખવી.

(6) ફરજિયાત શિક્ષણના વધારાના ખર્ચનો 2/3 ખર્ચ ભારત સરકારે ઉપાડવો.

પ્રસ્તુત ખરડો અત્યંત સાવચેતીવાળો અને યોજનાના મરજિયાત સ્વીકારના સિદ્ધાંત પર ઘડાયેલો હોવા છતાં તેનો સ્વીકાર થયો નહીં અને 19મી માર્ચ, 1911 માં 13 વિરુદ્ધ 38 મતે તે ખરડો ઊડી ગયો ! પરંતુ ત્યાર બાદ 1918 થી 1930 દરમિયાન ભારતના પ્રાંતોમાં ફરજિયાત શિક્ષણના બાર કાયદાઓ પસાર થયા. અને ભારતના મોટા ભાગોમાં ફરજિયાત શિક્ષણની શરૂઆત થઈ. દેશી રાજ્યોમાં વડોદરા રાજ્યમાં 1893 થી ફરજિયાત પ્રાથમિક શિક્ષણની શરૂઆત થઈ ચુકી હતી. કોલ્હાપુર રાજ્યમાં ફરજિયાત શિક્ષણની શરૂઆત કરી. જ્યારે સૌરાષ્ટ્રમાં ગોંડલ રાજ્યે ફરજિયાત શિક્ષણના ક્ષેત્રમાં એક નવીજ શરૂઆત કરી. તેણે માત્ર છોકરીઓ માટે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત બનાવ્યું.

### (6) સ્વાતંત્ર્યોત્તર કાળમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ :

1947માં ભારત સ્વતંત્ર થયું ત્યારે કેટલાંક દેશ રાજ્યોમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ દાખલ થયું ન હતું. ભારતનાં ફક્ત કુલ 176 શહેરો અને 11,779 ગામડાઓ માં જ પ્રાથમિક શિક્ષણ ફરજિયાત બનાવી શકાયું હતુ. 6-11 વયમર્યાદાની કુલ વસ્તીમાંથી ફક્ત 141.1 લાખ વિદ્યાર્થીઓ (35%) જ શાળાઓમાં ભણતાં હતાં અને તેમાંય છોકરીઓની સંખ્યા તે ફક્ત 34.8 (17.4%) જ હતી. 1950માં ભારતનું રાજ્ય બંધારણ ઘડાયું અને અમલમાં આવ્યું. આ બંધારણની 45મી કલમ પ્રમાણે સમગ્ર દેશમાં 1960 સુધી પ્રાથમિક શિક્ષણ 6-14 વયજૂથનાં તમામ બાળકો માટે 100% છોકરા છોકરીઓ માટે ફરજિયાત બની જવું જોઈતુ હતુ બીજા શબ્દોમાં કહીએ તે 1960 માં 6-14 વયજૂથના બધાજ છોકરા-છોકરીઓ શાળામાં ભણતાં હોવાં જોઈતા હતાં, પણ 1961માં દેશનાં 1275 શહેરોમાં અને 70,860 ગામડાઓ માં 55.78 લાખ છોકરાઓ અને 30.33 લાખ છોકરીઓ માટે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત બનાવી શકાયુ હતું. 6-14 વયજૂથની દષ્ટિએ વિચારીએ તો 1966 માં ફક્ત 62.2% બાળકોની

શાળાઓમાં ભરતી થઈ હતી. આ બતાવે છે કે 6-14 વયજૂથમાં સાર્વત્રિક, મફત અને ફરજિયાત પ્રાથમિક કેળવણીના ક્ષેત્રે ભારતે હજૂ લાંબી મજલ કાપવાની છે.

**(7) સ્વાતંત્ર્યોત્તર કાળમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણની કેટલીક પાયાની સમસ્યાઓ.**

(1) સાર્વત્રિક શાળા પ્રબંધ

(2) પૂરતાં પ્રાથમિક શિક્ષકોની ભરતી

(3) ગ્રામ વિસ્તારો માટે શિક્ષિકાઓની ભરતી

(4) પ્રાથમિક શિક્ષકો માટે ઘનિષ્ઠ તાલીમની વ્યવસ્થા

(5) 6-14 વયજૂથમાં સાર્વત્રિક વિદ્યાર્થી-ભરતી

(6) ફરજિયાત પ્રાથમિક ધારાઓમાં સુધારા

(7) છોકરીઓનું શિક્ષણ

(8) અનુસૂચિત જાતિઓ અને પછાત કોમોનાં બાળકોનું પ્રાથમિક શિક્ષણ

(9) અપવ્યય અને સ્થગિતતા

(10) પંચાયતરાજ અને પ્રાથમિક શિક્ષણ

(11) પ્રાથમિક શિક્ષણની આર્થિક સમસ્યાઓ;

ઉપરોક્ત સમસ્યાઓનો સંક્ષેપમાં વિચાર કરીએ :

**1.1 સાર્વત્રિક શાળા પ્રબંધ**

6-11 વયજૂથનાં બાળકોને તેમના રહેઠાણ થી 1 માઈલ થી વધારે દૂર ન પડે એ રીતે અને 11-14 વયજૂથનાં બાળકો માટેની શાળાઓ તેમના રહેઠાણ થી 3 માઈલ થી વધારે દૂર હોવી ન જોઈએ.

**2.2 પૂરતાં પ્રાથમિક શિક્ષકોની ભરતી**

જેમ સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ માટે પુરતી સંખ્યામાં ધોરણ-1-7 કે 1-8 ની પ્રાથમિક શાળાઓની જરૂર છે તેમ, આ શાળાઓમાં બાળકોને શિક્ષણ આપવા માટે પૂરતી સંખ્યામાં પ્રાથમિક શિક્ષણ ભાઈ-બહેનોની જરૂર ઊભી થશે. શિક્ષણ વગરની શાળા લાંબો વખત ટકી ન શકે તેથી પૂરતાં શિક્ષકોની ભરતી આવશ્યક છે.

**3.3 ગ્રામ વિસ્તારો માટે શિક્ષિકાઓની ભરતી**

ગામડાઓની પ્રાથમિક શાળાઓ માટે સ્ત્રી શિક્ષિકા મેળવવાનો પ્રશ્ન હજુ એક કોયડા સમાન છે. ગામડાની સ્થાનિક બહેનોને ભથ્થાં કે અન્ય કોઈ આર્થિક લાભ આપી ભરતી માટે પ્રોત્સાહિત કરી શકાય, તે સાથે શિક્ષિકાઓ માટે આવશ્યક શૈક્ષણિક લાયકાતમાં બાંધ-છોડ કરી શકાય.

**4.4 પ્રાથમિક શિક્ષકો માટે ઘનિષ્ટ તાલીમની વ્યવસ્થા**

જ્યારથી રાજ્ય કક્ષાએ જી.સી.ઈ.આર.ટી અને જિલ્લા કક્ષાએ ડાયેટની સ્થાપન કરવામાં આવે છે, ત્યાર પ્રાથમિક શિક્ષકો માટે તાલીમ આપવાની વ્યવસ્થા મોટા પાયા પર કરવામાં આવે છે. જેમાં શિક્ષકોની પાઠ્ય પુસ્તકો સંબંધિત શૈક્ષણિક પદ્ધતિઓ સંબંધિત તાલીમ પુરી પાડવામાં આવે છે.

**5.5 6-14 વયજૂથમાં સાર્વત્રિક વિદ્યાર્થી-ભરતી**

પ્રાથમિક શિક્ષણનો પ્રાણ પ્રશ્ન 6-14 વયજૂથનાં તમામ છોકરા-છોકરીઓની શાળામાં કેવી રીતે ઝડપથી ભરતી કરવી તે છે. 1966 ના માર્ચના અંત સુધીમાં અને ચોથી પંચવર્ષીય યોજનાની શરૂઆત થાય તે પહેલાં 6-14 વયજૂથના 301.2 લાખ છોકરાંઓ અને 195.2

લાખ છોકરીઓની ધોરણ-1 થી 5 માં ભરતી થાય એવો ત્રીજી પંચવર્ષીય યોજના માટેનો લક્ષ્યાંક હતો જે પરિણામે થઈ શક્યો નહોતો.

વર્ષ : 2008 પછી પ્રતિવર્ષ વિદ્યાર્થીઓની સાર્વત્રિક ભરતી માટે પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવે છે. તેને પરિણામે 6-14 વયજૂથના ઘણાં બાળકોની સાર્વત્રિક ધોરણે ભરતી થઈ શકી છે. વર્ષ-2016 માં સાર્વત્રિક વિદ્યાર્થી ભરતીની ટકાવારી 85% પર પહોંચી છે.

**(6) ફરજીયાત પ્રાથમિક ધારાઓમાં સુધારાને લગતી સમસ્યાઓ :**

ભારત સરકાર રાજ્ય સરકાર અને નિયોજન પંચ ફરજિયાત પ્રાથમિક ધારાઓમાં જરૂરી સુધારાઓ દ્વારા કરવાં જોઈએ. વિવિધ પંચવર્ષીય યોજનાઓમાં સુધારા સૂચવવા જોઈએ. દર વર્ષે કેટલા વિદ્યાર્થીઓની ભરતી કરવી, શિક્ષણ દીઠ વિદ્યાર્થીઓની સંખ્યાનું પ્રમાણે કેટલું રાખવું કેટલી શાળઓ ખોલવી વગેરે બાબતો અંગે વિચારણા કરી તેનું અમલીકરણ કરવું.

**(7) છોકરીઓનું શિક્ષણ :**

ગ્રામવિસ્તારમાં છોકરીઓના શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે. આજે પણ છોકરીઓને મિશ્ર શાળાઓમાં ભણવા મોકલવા વાલીઓ તૈયાર નથી. જો કે હવે તેમાં ધીમે ધીમે સુધારો આવતો જાય છે. બેટી બચાવો, બેટી પઢાવો સૂત્ર અમલમાં આવ્યા બાદ છોકરીઓના શિક્ષણમાં ઘણું પરિવર્તન આવ્યું છે.

**(8) અનુસૂચિત જાતિઓ અને પછાત કોમના બાળકોનું પ્રાથમિક શિક્ષણ**

સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના લક્ષ્યાંકની ઝડપી સિદ્ધિમાં જે અનેક વિરાટ અવરોધો છે તેમાં આદિવાસીઓ અને ઈતર પછાત કોમોનાં બાળકોની શાળામાં ભરતી કરવાની મુશ્કેલીએ પણ એક આગવી મુશ્કેલી છે. બ્રિટિશ રાજના દોઢ સો વર્ષના ગાળામાં પ્રજાના આ વર્ગમાં પ્રાથમિક શિક્ષણની જે મંદ પ્રગતિ થઈ હતી તેથી આ પ્રશ્ન સ્વાતંત્ર્યોત્તર કાળ દરમિયાન ખૂબ અટપટો અને દુઃસાધ્ય બન્યો છે. સરકાર અનામત નીતિના અમલ દ્વારા આ સમસ્યાને દૂર કરવાના પ્રયત્નો કરે છે.

**(9) અપવ્યવ અને સ્થગિતતા :**

સામાન્ય રીતે એવુ માનવામાં આવે છે કે, કાયમની સાક્ષરતા પ્રાપ્ત કરવા માટે વ્યક્તિએ ઓછામાં ઓછું ચાર પ્રાથમિક ધોરણ પાસ જેટલું શિક્ષણ પ્રાપ્ત કરેલું હોવું જોઈએ. પ્રાથમિક ધોરણ-1માં દાખલ થયેલાં કુલ બાળકો પૈકી જેટલાં બાળકો ધોરણ-4 પસાર કર્યા પહેલા ઊઠી જાય તો તેને અપવ્યય કહે છે.

અપવ્યયના કિસ્સાઓ પૈકી 65% આર્થિક કારણોને લીધે બન્યા હતાં. બાળક 9 વર્ષનું થાય એટલે તે થોડી ઘણી મજૂરી કે કામ કરી કુટુંબને આર્થિક રીતે ઉપયોગી થાય છે. તેથી ગરીબ મા-બાપ ધોરણ-2-3 પછી બાળકોને શાળામાંથી ઉઠાડી લે છે અને કામ-મજૂરીએ લગાડે છે.

પ્રાથમિક શિક્ષણક્ષેત્રે અપવ્યયની સમસ્યા સર્જવામાં થોડો ફાળો ધરાવતી એક બીજી સમસ્યા સ્થગિતતાની છે. સ્થગિતતા એટલે એક ધોરણમાં વિદ્યાર્થીને એક થી વધુ વર્ષ નાપાસ કરીને રાખી મુકવો તે. પરીક્ષામાં વિદ્યાર્થી નિષ્ફળતા સ્થગિતતાનું કારણ બને છે. વિદ્યાર્થી યોગ્ય જ્ઞાન-માહિતી ધરાવતો ન હોય ત્યારે તેને પરીક્ષામાં નાપાસ કરવામાં આવે છે.

સાર્વત્રિક પ્રાથમિક કેળવણીની દૃષ્ટિએ સ્થગિતતાનો પ્રશ્ન એ રીતે મહત્ત્વનો છે કે, એક ધોરણમાં એક બે વર્ષ બાળક નાપાસ થતાં, તે હવે ભણી શકશે નહી એમ માનીને મા-બાપ તેને ઉઠાડી લે છે, અને તેથી તેઓ અપવ્યયનું એક પૂરક કારણ બને છે.

**(10) પંચાયત રાજ અને પ્રાથમિક શિક્ષણ :**

બ્રિટિશ રાજ દરમિયાન પ્રાથમિક કેળવણીના વહીવટ માટે મુખ્ય બે સંસ્થા હતી : (1) ગ્રામ વિસ્તારોમાં જિલ્લા શાળા મંડળ અને શહેર વિસ્તારોમાં સુધરાઈ શાળા મંડળ. આર્થિક,

રાજકીય, સામાજિક અને બીજાં કેટલાંય વૈયક્તિક કારણોને લીધે શાળા મંડળો ગ્રામ વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણ ધારાનો સહૃદયતાથી અને ક્ષમતાભર્યો અમલ કરવામાં જોઈએ તેટલાં સફળ નીવડયા નહી.

**(11) પ્રાથમિક શિક્ષણની આર્થિક સમસ્યાઓ :**

સાર્વત્રિક પ્રાથમિક કેળવણીનો 6-14 વયજૂથના બાળકો માટે પ્રબંધ કરવો એ રાજ્ય માટે એક અત્યંત ખર્ચાળ પ્રવૃત્તિ છે. ભૂતકાળમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણની યોજનાઓ જોઈએ તેવી સફળ થઈ નહી તે જિલ્લા શાળા મંડળોની ગરીબાઈ અને મોટા ખર્ચ હાથ ધરવાની તેમની અશક્તિને લીધે. સાર્વત્રિક પ્રાથમિક કેળવણી માટે નાણાં સરકારી કોથળીમાંથી ટપકે તે ચાલે નહી. તે તો ધોધની માફક ઠલવવાં જોઈએ.

પ્રાથમિક શિક્ષણમાં વાલીની ગરીબાઈ એક મોટું અવરોધક બળ બની રહે છે તેનો નિર્દેશ આપણે આગળ કરી ગયા છીએ. વાલીની ગરીબાઈની સાથે રાજ્યની ગરીબાઈ પણ એટલું જ વેધક, અવરોધક બળ બને છે. વર્ષે વર્ષે પ્રાથમિક શિક્ષણ પાછળનો ખર્ચ તો હરણફાળે વધતો જ જાય છે. 1946-47માં બ્રિટિશરાજને અંતે પ્રાથમિક શિક્ષણ પરનો વાર્ષિક ખર્ચ રુ.2419.96 લાખ હતો. આ ખર્ચ 1960-61માં 11980 લાખ-લગભગ સાડા ચાર ગણો વધી ગયો હતો.

પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા વધારવી હોય તો પ્રાથમિક શાળામાં ભણતાં દરેક વિદ્યાર્થી દીઠ સરકારી વાર્ષિક ખર્ચ પણ વધારવો રહે. વિદ્યાર્થી દીઠ વાર્ષિક સરકારી ખર્ચ ખાસ કરીને બે મુખ્ય બાબત પર આધાર રાખે છે. (1) શિક્ષણ દીઠ વિદ્યાર્થીઓની સરકારી સંખ્યા અને (2) શિક્ષણ પરના ખર્ચનું બિન-શિક્ષક ખર્ચનું પ્રમાણ.

પ્રાથમિક શિક્ષણની આર્થિક બાજુનો વિચાર કરતાં આપણે રાજ્ય સરકારો પોતાના વાર્ષિક બજેટમાં કેળવણી માટે જે રકમની ફાળવણી થઈ હોય છે તેના કેટલા ટકા પ્રાથમિક શિક્ષણ પાછળ ખર્ચે છે તેય મહત્ત્વનું છે.

**(12) નોંધણીની સમસ્યા :-**

દેશમાં 6 થી 14 વર્ષની વય કક્ષાનાં બાળકો માટે મફત, ફરજિયાત, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનો આદર્શ સ્વીકારતાં આ વય કક્ષાનાં બાળકોને શાળામાં પ્રવેશ કરાવવા માટે તેઓની નોંધણી કરવાની વિકટ સમસ્યા પેદા થઈ છે. આજે છોકરીઓ, પછાત વર્ગનાં બાળકો તથા પછાત વિસ્તારનાં બાળકોની વિવિધ કારણોસર ઓછી નોંધણી એ મહત્ત્વની સમસ્યા છે, આથી એ બાળકોનો પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ ઓછો રહે છે.

આ સમસ્યાના નિવારણ માટે પ્રાથમિક શિક્ષણ અંગે લોકજાગૃતિ કેળવી શાળાઓ નોંધણી કરાવી શકાય.

**(13) શાળાના મકાનની સમસ્યા :-**

મફત, ફરજિયાત, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ સ્વીકારવા શાળાએ આવતાં બાળકોની સંખ્યા વધી, પરિણામે ગામડે ગામડે શાળાનાં મકાનોની અતિ વિકટ સમસ્યા ઉપસ્થિત થઈ. જો કે બાળકના રહેઠાણથી એકાદ કિલોમીટરના અંતરમાં શાળાના મકાનની સુવિધા પૂરી પાડી શકાય છે. આમ, છતાં હજી થયા કેટલાંક અંતરિયાળ પછાત વિસ્તારોમાં શાળાનું સ્વતંત્ર મકાનનથી. આજે શહેરો વિકાસ પામતાં જાય છે, પરિણામે શહેરી વિસ્તારોની શાળાઓમાં થવા પૂરતા ઓરડાઓ નથી.

આમ, ફરજિયાત શિક્ષણની વયકક્ષાનાં બાળકો માટે શાળા સુવિધા માટે શાળાનાં નવા મકાનો ઊભા કરવાં અને શાળાના મકાનો વિસ્તારવાની પણ થતી સમસ્યા આપણી સમક્ષ ઊભી થઈ છે.

**(14) શાળા પ્રવેશ તથા શાળામાં રહેવા અંગેની સમસ્યા**

મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ અમલમાં મૂકાતા ફરજિયાત વયકક્ષાનાં નોંધાયેલાં તમામ બાળકો શાળા પ્રવેશ મેળવતાં નથી. વળી જેઓ શાળા પ્રવેશ મેળવે છે. તેઓ ફરજિયાત વયમર્યાદા પૂર્ણ થાય ત્યાં સુધી શાળામાં ટકી રહેતાં નથી એ પણ એક ગંભીર સમસ્યા છે.

**(15) શિક્ષણની ગુણવત્તાની સમસ્યા :**

દેશમાં 6 થી 14 વર્ષની વય કક્ષાનાં બાળકો માટે મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ સ્વીકારાતા શિક્ષણની ગુણવત્તાની સમસ્યા થવા ઉદ્ભવી છે. આપણા દેશના પ્રાથમિક શિક્ષણના ઈતિહાસમાં સંખ્યા વિરુદ્ધ ગુણવત્તા વચ્ચે ઘર્ષણ થતું જ આવ્યું છે. આ બાબતમાં વિવિધ દલીલો થતી જોવા મળે છે, એક દલીલ એવી છે કે ભારત જેવા વિકસતા દેશમાં, ખાસ કરીને શિક્ષણ વિસ્તરણના પ્રારંભિક હાલમાં, ગુણવત્તાને બાજુએ રાખી જેમ બને તેમ વધારે બાળકોને શિક્ષણનો લાભ મળે એવાં પ્રયત્નો થવાં જોઈએ.

હાલમાં ગુજરાતમાં શિક્ષણ ગુણવત્તા વારંવારથી 8 સુધી નબળી જોવા મળે છે, બાળકો સારું વાચન પણ કરી શકતાં નથી, ગણિતમાં નબળા જોવા મળે છે.

## 8. મફત, ફરજિયાત, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણક્ષેત્રે થયેલાં પ્રયત્નો :

– ભારતીય રાજ્ય બંધારણની કલમ 45 માં અપાયેલાં આદેશને ધ્યાનમાં લઇ આપણાં દેશમાં મફત, ફરજિયાત, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ શરૂ કરવાના અને તેને સફળ બનાવવા માટે અનેક પ્રયત્નો થયા છે.

– ભારતમાં શિક્ષણની જવાબદારી રાજ્યોની હોવાથી દેશમાં વિવિધ રાજ્યોએ પોતાના પ્રદેશમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરતાં કાયદા અમલમાં મૂક્યા છે. આ કાયદાઓની મહત્ત્વની બાબતો નીચે પ્રમાણે છે.

1. પ્રાથમિક શિક્ષણને ફરજિયાત શિક્ષણ તરીકે દાખલ કરવાની ફરજ છે એવું સ્વીકારવામાં આવ્યું. આ જવાબદારી સ્થાનિક સંસ્થાઓને સોંપવામાં આવી.
2. સ્થાનિક સંસ્થા ફરજિયાત શિક્ષણ દાખલ કરવાની ફરજમાંથી ચલિત થાય તે અંગે પગલાં લેવાની પૂરતી સત્તા કાયદાકીય રીતે રાજ્ય સરકારોને મળે છે.
3. ફરજિયાત પ્રાથમિક શિક્ષણ માટેની વયમર્યાદા 14 વર્ષની ગણવી. ફરજિયાત શિક્ષણ દેશના બધા જ ભાગોમાં જેમ બને તેમ જલદીથી દાખલ કરવું અને છોકરાં અને છોકરીઓ માટે એક સાથે જ લાગુ પાડવું.
4. ફરજિયાત પ્રાથમિક શિક્ષણના કાર્યક્રમ માટે સ્થાનિક સંસ્થાઓને રાજ્ય સરકારે પૂરતી નાણાંકીય સહાય આપવી.

– પ્રાથમિક શિક્ષણમાં ફરજિયાતપણું દાખલ કરવા માટે શિક્ષાત્મક પગલાં લેવાની કાયદાકીય જોગવાઈ છે, તે અનુસાર શિક્ષાત્મક પગલાં લેવાય છે. પરંતુ માત્ર શિક્ષા કરવાથી કોઇ અર્થ સરતો ન જણાતાં હવે ફરજિયાત પ્રાથમિક શિક્ષણ માટે લોક માનસ કેળવવા જન જાગૃતિ કરવામાં આવે છે.

– દેશમાં બાળકો ફરજિયાત વયમર્યાદાના ગાળા દરમિયાન શાળામાં પ્રવેશ મેળવે અને પ્રવેશ મેળવેલાં બાળકો શાળામાં ટકી રહે તે માટે દેશનાં જુદાં જુદાં રાજ્યોએ નીચે જેવાં રચનાત્મક પગલાં પણ ભર્યા છે.

   1. આર્થિક અને સામાજિક રીતે પછાત બાળકોને મફત પાઠ્યપુસ્તકો, અધ્યયન સામગ્રી, ગણવેશ વગેરે પૂરાં પાડવામાં આવે છે.

2. શાળાએ આવતાં બાળકોને શાળામાં એક ટંકનું ભોજન આપવા મધ્યાહ્ન ભોજન યોજના અમલમાં મૂકવામાં આવી છે.

3. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિચરતી જાતિનાં બાળકોને શિષ્યવૃત્તિ પણ આપવામાં આવે છે.

4. પછાત વિસ્તારોમાં છાત્રાવાસવાળી આશ્રમશાળાઓ, પછાત વર્ગોનાં બાળકો માટે વિના મૂલ્યે આવાસ, ભોજન તથા અન્ય સવલતો પૂરી પાડતાં છાત્રાલયો પણ સ્થાપવામાં આવ્યાં છે.

5. દેશના મોટાં ભાગના પ્રદેશોમાં બાળકો સહેલાઈથી પગે ચાલીને શાળાએ જઇ શકે તેટલાં અંતરે શાળાઓ સ્થાપવામાં આવી છે. વિચરતી જાતિનાં બાળકો માટે ફરતી શાળાઓ અને ગોપાલકોનાં બાળકોનાં શિક્ષણ માટે ગોપવર્ગોની પ્રાયોગિક ધોરણે જોગવાઈ કરી છે.

– પ્રાથમિક શિક્ષણ ફરજિયાત થતાં તેનું વિસ્તરણ તો થયું પરંતુ વિસ્તરણ કરવા જતાં પ્રાથમિક શિક્ષણના વિકાસ અને ગુણવત્તાની ઉણપ જણાઇ. આથી જે કેવળ પ્રાથમિક શિક્ષણના વિસ્તરણ પર લક્ષ ન આપતાં તેની ગુણવત્તાની સભાનતા માટેના પ્રયત્નો હાથ ધરવા જરૂરી ગણાય.

9. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા માટે દેશમાં હાથ ધરવામાં આવેલા પ્રયત્નો :

1. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા ઊંચી લાવવા પ્રાથમિક શાળાઓનું બુનિયાદીકરણ ઉત્તમ ઉપાય હોઇ દેશમાં બુનિયાદી કરવાના સંનિષ્ઠ પ્રયત્નો થયાં છે.

2. આઝાદી પછી પ્રાથમિક શિક્ષણનો વ્યાપ વધતાં શિક્ષકોની જરૂરિયાત ઊભી થઈ. આ જરૂરિયાતને પહોંચી વળવા પ્રાથમિક શિક્ષક અધ્યાપનમંદિરોનું બુનિયાદીકરણ કરવામાં આવ્યું. શિક્ષકોને અદ્યતન તાલીમ આપવા માટે નવાં અધ્યાપન મંદિરો શરૂ કરવામાં આવ્યાં. શિક્ષણની પલટાવેલી પરિસ્થિતિમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા એસ.એસ.સી. પાસ શિક્ષકોને બે વર્ષની સઘન તાલીમ આપીને ભરતી કરવામાં આવી.

3. શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે શિક્ષક અદ્યતન પ્રવાહો, પ્રવિધિઓ અને શૈક્ષણિક ઉપકરણોના ઉપયોગના જ્ઞાનથી હંમેશા સજ્જ રહે તે માટે શાળા સંકુલ અને સેવા વિસ્તરણ કાર્યક્રમ દેશભરમાં હાથ ધરવામાં આવ્યાં.

4. દેશમાં જુદાં-જુદાં રાજ્યોમાં 1964માં રાજ્ય શિક્ષણ ભવનો સ્થાપવામાં આવ્યાં. તાજેતરમાં દરેક રાજ્યમાં એન.સી.ઇ.આર.ટી. અને દરેક જિલ્લામાં ડી.આઇ.ઇ.ટી.ની સ્થાપના કરવા નક્કી કરવામાં આવ્યું છે.

(5) શિક્ષણ-પ્રશિક્ષણની સંસ્થાઓના મૂલ્યાંકનને માટે અને અભ્યાસક્રમ અને શિક્ષણ પદ્ધતિઓ બાબતે માર્ગદર્શન આપવા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-1986માં સૂચવ્યા પ્રમાણે નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર્સ ઍજ્યુકેશનને સાધન-સંપન્ન રીતે સુસજ્ઝ કરવાના પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યાં છે.

પ્રાથમિક શિક્ષણના વિકાસ અને વિસ્તરણ માટે ઘણાં પ્રયત્નો થયાં છે. છતાં આપણે ઊભી કરેલી શૈક્ષણિક સવલતો વસતી વધારાને કારણે ઓછી પડે છે.

આજે પણ દેશમાં 14 વર્ષની વય કક્ષાનાં બધા બાળકોનો શાળા પ્રવેશ થઈ શક્યો નથી.

આથી રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986માં નોંધ્યું છે કે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે બે બાબતો પર ભાર મૂકવામાં આવશે.

(1) 6 વર્ષની ઉંમરનાં બધાં જ બાળકોનો શાળા પ્રવેશ અને 14 વર્ષની ઉંમર થતાં સુધી તેમને

શાળામાં સ્થાયી કરવા.

(2) શિક્ષણની ગુણવત્તા સુધારણા,

1950માં સ્વતંત્ર ભારતનું બંધારણ અમલમાં આવતાં 6 થી 14 વર્ષની વયકક્ષાનાં તમામ બાળકો માટે મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો આદર્શ સ્વીકારાયો. આ આદર્શને મૂર્તિમંત કરવાના માર્ગમાં આડે આવતી વિવિધ સમસ્યાઓ હલ કરતાં કરતાં પ્રાથમિક શિક્ષણના વિસ્તરણ અને વિકાસમાં ખોટ આવે તે સ્વાભાવિક છે, છતાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-1986 અને તેના અમલનો કાર્યક્રમ અમલી બનતા આ દિશામાં સક્રિય પ્રયત્નો થઈ રહ્યાં છે.

આ સંદર્ભમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986માં એક ઠરાવ રજૂ કરી આ દિશામાં રાષ્ટ્રનો મક્કમ નિર્ધાર જણાવ્યો છે.

"નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ અધવચ્ચેથી શાળા છોડી જતાં બાળકોના પ્રશ્નો ઉકેલવાની અને ઝીણવટભર્યા કાળજીપૂર્વકના આયોજનથી આખા દેશમાં શિક્ષણના પ્રથમ તબક્કે જ દાખલ થયેલાં બાળકો શાળામાં ટકી રહે તેવી ખાતરીનું ઉચ્ચારણ કરે છે, આ પ્રયત્નને અવૈધિક શિક્ષણ યોજનાથી પૂરેપૂરો સફળ બનાવી શકાશે; એવી ખાતરી આપવામાં આવશે કે 1990 સુધીમાં જે બાળકો 11 વર્ષની વયનાં થશે તે બધાં જ બાળકોએ શાળાજીવનમાં પાંચ વર્ષ પૂર્ણ કર્યા હશે કે અવૈધિક શિક્ષણ પ્રણાલી દ્વારા તે કક્ષા જેટલું જ જ્ઞાન મેળવ્યું હશે, એ જ પ્રમાણે 1995 સુધીમાં 15 વર્ષની ઉંમર થતાં સુધી બધાં જ બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણ આપવામાં આવ્યું હશે."

આ માટે દરેક તાલુકામાં એક બીટ નિરીક્ષકને શાળા પ્રવેશ અને સ્થાયીકરણ તથા ગ્રામ લોકો સાથેના પ્રત્યાપનની ખાસ ફરજ સોંપવામાં આવી છે.

## (10) સારાંશ

આપણે પ્રસ્તુત એકમમાં, ભારતમાં પ્રાથમિક શિક્ષણના વિકાસને કેન્દ્ર સ્થાને રાખી, પ્રાથમિક શિક્ષણનો અર્થ, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ, ફરજિયાત પ્રાથમિક શિક્ષણના વિકાસની ઐતિહાસિક ભૂમિકા, સ્વાતંત્ર્યોત્તર કાળમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણની કેટલીક પાયાની સમસ્યાઓ, અને ફરજિયાત પ્રાથમિક ધારાઓમાં સુધારાને લગતી સમસ્યાઓ વગેરેનો વિગતે અભ્યાસ કર્યો.

ગુજરાત રાજ્યમાં ધો-8 નો પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ થયો તે સંદર્ભે પ્રાથમિક શિક્ષણના કેટલાંક હેતુઓમાં પણ પરિવર્તન આવ્યું છે જેમાં બાળકો ભાષા-કૌશલ્ય, ગાણિતિક કૌશલ્યો અને શ્રમ-કોશલ્ય કેળવે આ બાબતને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે તે સાથે વાંચન-લેખન-ગણન અને અર્થગ્રહણ જેવા પાયાના કૌશલ્યો બાળકોમાં વિકસે તે માટેના તાલીમી કાર્યક્રમોનું આયોજન પણ મોટા પાયા પર થતું રહે છે.

## (11) એકમ સ્વાધ્યાય

(1) પ્રાથમિક શિક્ષણનો અર્થ જણાવો.

(2) મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણની સંકલ્પના સ્પષ્ટ કરો.

(3) ફરજિયાત પ્રાથમિક શિક્ષણની વિકાસની ઐતિહાસિક ભૂમિકા જણાવો.

(4) સ્વાતંત્ર્યોત્તર હાલમાં પ્રાથમિક શિક્ષણની કેટલીક પાયાની સમસ્યાઓ જણાવો.

(5) મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણક્ષેત્રે થયેલાં પ્રયત્નો જણાવો.

(6) પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા માટે દેશમાં હાથ ધરવામાં આવેલાં પ્રયત્નો જણાવો.

## (12) તમારી પ્રગતિ ચકાસો.

નોંધ : (અ) તમારા ઉત્તરોને નીચે આપેલ જગ્યામાં લખો.

(બ) તમારા ઉત્તરોને વિભાગના અંતમાં આપેલ ઉત્તરો સાથે સરખાવો.

**(1) નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટા તે જણાવો.**

(1) પ્રાથમિક શિક્ષણને મફત અને ફરજિયાત બનાવવાની શરૂઆત 1918 થી થઈ હતી.

(2) ભારતના રાજ્ય બંધારણની કલમ-40 માં 6 થી 14 વર્ષનાં બાળકો માટે સાર્વત્રિક, મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો આદેશ આપવામાં આવ્યો છે.

(3) ફરજિયાત પ્રાથમિક શિક્ષણની ચળવળના નેતા શ્રી ગોપાલકૃષ્ણ ગોખલે હતાં.

**(2) ખાલી જગ્યાઓ પૂરો.**

(1) 1947માં ભારત દેશ આઝાદ થયો ત્યારે...............ટકા છોકરીઓ પ્રાથમિક શાળાના ધોરણ 1 થી 5 માં ભણતી હતી.

(2) બંધારણમાં..................વયનાં પ્રત્યેક બાળકને શિક્ષણ મેળવવાનો અધિકાર મળ્યો.

(3) સ્વાતંત્ર્યોત્તર કાળમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણની કોઈપણ ત્રણ પાયાની સમસ્યાઓ જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**(13) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો.**

**(1) ખરાં-ખોટાં વિધાનોના જવાબો.**

(1) સાચું

(2) ખોટું

(3) સાચું

**(2) ખાલી જગ્યા પૂરો.**

(1) 17.4%

(2) 6-14 વર્ષ

(3) ત્રણ સમસ્યાઓ

- સાર્વત્રિક શાળા સંબંધ
- પૂરતાં પ્રાથમિક શિક્ષકોની ભરતી
- ગામ વિસ્તારો માટે શિક્ષિકાઓની ભરતી

**(14) સૂચિત વાંચન સામગ્રી**


(1) દેસાઈ ધનવંત અને પટેલ પી.જે(1966) : ''ભારતીય શિક્ષણના વર્તમાન પ્રશ્નો'', એ.આર. શેઠની કંપની, મુંબઈ-2.

(2) શાસ્ત્રી જયેન્દ્ર દવે અને અન્યો (1988) : ''ભારતીય શિક્ષણના નૂતન પ્રવાહો અને સમસ્યાઓ'', બી.એસ. શાહ પ્રકાશન, અમદાવાદ-1

(3) પટેલ સી.કે : પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ.

(4) પટેલ મોતીભાઈ એમ તથા અન્ય : ભારતીય શિક્ષણના નૂતન પ્રવાહો અને સમસ્યાઓ, બી.એસ. શાહ પ્રકાશન, અમદાવાદ.

એકમ 2

# પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ - 1

## : રૂપરેખા :

(1) પ્રસ્તાવના

(2) પ્રાથમિક શિક્ષણના હેતુઓ

(3) ફરજિયાત પ્રાથમિક શિક્ષણના આનુસંગિક પ્રશ્નો

(4) પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા

(5) વર્તમાન પ્રાથમિક શિક્ષણની દશા

(6) એક શિક્ષણવાળી શાળા- એક સમસ્યા

1. પ્રસ્તાવના
2. એક શિક્ષણવાળી શાળાઓના ઉદ્ભવનાં કારણો
3. એક શિક્ષણવાળી શાળાનું અનિવાર્યપણું
4. એક શિક્ષણવાળી શાળાના પ્રશ્નો
5. એક શિક્ષણવાળી શાળાના શિક્ષકની મુશ્કેલીઓ
6. એક શિક્ષણવાળી શાળાના પ્રશ્નોના ઉકેલના ઉપાયો
7. એક શિક્ષણવાળી શાળામાં શિક્ષકની ભૂમિકા

(7) સારાંશ

(8) એકમ સ્વાધ્યાય

(9) તમારી પ્રગતિ ચકાસો

(10) સૂચિત વાંચન સામગ્રી

ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ પછી તમે નીચેની બાબતો વિશે શક્તિમાન બનશો :

- બાળકના વાલીની આર્થિક સ્થિતિ વિશે જાણી શકશો.
- મફત નાસ્તો, મધ્યાહ્ન ભોજન વિશે માહિતગાર થશો.
- એક શિક્ષકની શાળા વિશે જાણી શકશો.
- એક શિક્ષકની શાળાઓની કેટલીક સમસ્યાઓ વિશે માહિતગાર થઈ શકશો.
- શાળામાં શિક્ષકદીઠ વિદ્યાર્થીઓનું પ્રમાણ જાણી શકશો.
- પંચાયતરાજ અને પ્રાથમિક શિક્ષણ વિશે જાણી શકશો.
- પ્રાથમિક શિક્ષણની આર્થિક સમસ્યાઓ જાણી શકશો.
- પ્રાથમિક શિક્ષણના હેતુઓની યાદી બનાવી શકશે.
- સાંપ્રત પ્રાથમિક શિક્ષણની દશા વિશે જાણો.

## (1) પ્રસ્તાવના

ફરજિયાત પ્રાથમિક શિક્ષણ દાખલ થતાં તેને સ્પર્શતા કેટલાંક પ્રશ્નો પણ ઉદ્ભવ્યાં છે, એમાં વાલીની આર્થિક સમસ્યા મહત્ત્વનો પ્રશ્ન છે, તે સાથે શિક્ષણકવાળી શાળાઓનું બાહુલ્ય, અપૂર્ણ

પ્રાથમિક શાળાઓ, ફરજિયાત પ્રાથમિક શિક્ષક દાખલ કરવાની અને તેનો અમલ કરવાની ખામી ભરેલી પદ્ધતિ વિશેષ જવાબદાર છે.

શહેરી વિસ્તારમાં વધતી જતી વિદ્યાર્થી સંખ્યાના સંદર્ભમાં પાળી પદ્ધતિની અનિવાર્યતા ઊભી થઈ છે.

તે સાથે જ 'સંખ્યા' વિરુદ્ધ 'ગુણવત્તા' નો પ્રશ્ન પણ પેચીદો છે તેથી જ સરકારે દર વર્ષ પ્રવેશોત્સવ અને ગુણોત્સવની ઉજવણી કરવી પડે છે.

પ્રાથમિક શિક્ષણએ લોકશાહીની જીવાદોરી છે. લોકશાહીને ટકાવી રાખવા માટે રાષ્ટ્રના સભાન, સુસંસ્કૃત અને સક્રિય ભાવિ નાગરિકોનું નિર્માણ કરવા માટે પ્રાથમિક શિક્ષણ ખૂબ મહત્ત્વનું છે. પ્રાથમિક શિક્ષણથી વંચિત રહેતી વ્યક્તિ વિકસતા વિશ્વ તથા રાષ્ટ્રના અદ્યતન કરવાના વેગને ઓળખી અપનાવી શકે નહી.

આમ, પ્રાથમિક શિક્ષણએ દેશની પ્રાથમિક જરૂરિયાત છે, આ બાબતને ધ્યાનમાં લઈ ભારતીય રાજ્ય બંધારણ (1950)ની કલમ-45માં 6 થી 14 વય કક્ષાનાં બાળકો માટે મફર અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો આદર્શ સ્વીકારાયો છે.

મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ ખૂબ જ મોટા પ્રમાણમાં જોવા મળે છે.

વિદ્યાર્થીની નોંધણી, પ્રવેશ, શાળાનું મહાન, શિક્ષકની ભરતી, વિદ્યાર્થીઓનું સ્થાયીકરણ વગેરે પ્રશ્નો અને સમસ્યા જોવા મળે છે.

**(2) પ્રાથમિક શિક્ષણના હેતુઓ :**

ગુજરાત રાજ્યમાં ધોરણ-8 નો પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ થયો છે, તે સંદર્ભ પ્રાથમિક શિક્ષણના હેતુઓ નીચે પ્રમાણે નિર્ધારિત કરવામાં આવ્યા છે.

(1) પ્રાથમિક કક્ષાએ, બાળકો ભાષા-કૌશલ્ય, ગાણિતિક કૌશલ્ય, શ્રમ-કૌશલ્ય કેળવે.

(2) બાળકો સામાજિક અને પ્રાકૃતિક વિજ્ઞાનોના વિસ્તારોમાં, બાળક નિરીક્ષણ, જાત અભ્યાસ અને સંઘ ભાવના કેળવે.

(3) બાળકો, રમતગમતો અને ખેલકૂદ સ્પર્ધાઓમાં ભાગ લઈને શારીરિક શક્તિ અને સંઘ ભાવના કેળવે.

(4) શિક્ષણને શ્રમ લક્ષી બનાવવા માટે બાળકમાં સમાજોપયોગી ઉત્પાદક શ્રમ કાર્યનું આયોજન અને અમલીકરણ કરવાની સુઝ વિકસે.

(5) બાળકોમાં હેતુ લક્ષી નિરીક્ષણનું કૌશલ્ય વિકસે,

(6) બાળકો, કુટુંબ શાળા અને સમાજમાં સહકારયુક્ત વર્તનની સુટેવ કેળવે.

(7) પ્રકૃતિ-નિરીક્ષણ અને કલા વિષયક પ્રવૃત્તિઓમાં સામેલ થઈને બાળક સૌંદર્ય દર્શન અને સર્જનશક્તિનો વિકાસ સાધે.

(8) વિવિધ ધર્મો, પ્રદેશો અને રાષ્ટ્રોના લોકોની સંસ્કૃતિ અને જીવનશૈલીના આદર દ્વારા તથા સમાજના નબળા વર્ગોની સેવા કરવાની તત્પરતાના વિકાસ દ્વારા બાળક વ્યક્તિગત અને સામાજિક જવાબદારીની ભાવના કેળવે.

(9) બાળક સમાજની ઉત્પાદક અને અન્ય પ્રવૃત્તિઓમાં સહયોગ સાધવાની અને સમાજ સેવાની વૃત્તિ કેળવે.

(10) બાળક એક સારો નાગરિક બને.

## (3) ફરજિયાત પ્રાથમિક શિક્ષણના આનુષંગિક પ્રશ્નો :

### 1. વાલીની આર્થિક સ્થિતિ :

ફરજિયાત પ્રાથમિક શિક્ષણની સફળતામાં વાલીની આર્થિક સ્થિતિ ખૂબ જ મહત્ત્વની છે. કેટલાંક વાલીઓ એટલા બધા ગરીબ હોય છે કે તેમને પોતાના બાળકોના અંગ ઢાંકવાનાય કપડાં નથી હોતાં. ફરજિયાત શિક્ષણનો ધારો જે વાલીઓ પોતાના બાળકોને શાળામાં ભણવા મોકલી શકે એમ હોય અને જેઓ ટૂંકી દૃષ્ટિના આર્થિક લાભ કે શોષણને માટે તેમને ઠેકાણે લાવી શકે છે અને બાળકોને શાળામાં ભરતી કરવાની તેમને ફરજ પાડી શકે છે. પણ જ્યાં વાલીની ઈચ્છા હોય છતાં તીવ્ર ગરીબાઈને લીધે બાળકોને શાળામાં ભણવા મોકલવા માટે આર્થિક ભથ્થું આપવું જોઈએ. તેમને બપોરનું ભોજન, શાળાનો ગણવેશ, શિક્ષણનાં સાધનો વગેરે મફત આપવાં પડશે. વર્તમાન સમયમાં આ બાબતનો વિશે ખ્યાલ રાખવામાં આવે છે.

### 2. એક શિક્ષણની શાળા :

એક શિક્ષકની શાળાએ ભારતીય શિક્ષણનો પ્રાચીન વારસો છે. મોગલ યુગના પાછલાં વર્ષોમાં જ્યારે દેશમાં અશાંતિ અને લડાઈઓ વધી, ત્યારે ગામડે-ગામડે વિખરાયેલી આ એક શિક્ષકની ગામડી શાળાઓએ જ અક્ષર જ્ઞાનની જ્યોત બહુજન સમાજના કેટલાંક વર્ગમાં જલતી રાખી હતી. 19મી સદીના પ્રારંભ કાળમાં થોમસ મનરો, એલ્ફિન્સ્ટન વિલિયમ એડમ જેમ્સ થોમ્પસન, વગેરે એ સેંકડો ગામઠી શાળાઓના અસ્તિત્વનો સ્વીકાર કર્યો હતો, અને તેમને સુધારી, નવી શિક્ષણ પ્રથામાં અપનાવી, જનતાની શિક્ષણનું એક સાધન બનાવવાની તેમણે હિમાયત કરી હતી. ગામડી શાળાઓ અને એક શિક્ષકની શાળાઓ વિશે બ્રિટિશ અધિકારીઓની સૂગને લીધે દેશમાં જનતાની કેળવણીને ઘણું જ શોષવું પડ્યું હતું. ખેતીવાડી પરના રોયલ પંચની અને હાટોગ સમિતિની ભલામણો એક શિક્ષકની શાળાઓ વિરુદ્ધ હતી, અને તેથી પ્રાથમિક શિક્ષણનું વિસ્તરણ મંદ પડયું હતું. એક શિક્ષકની શાળામાં એકથી વધારે ધોરણો હોય છે અને એમાં 1 થી માંડીને 30-40 બાળકો, જુદાં-જુદાં ધોરણોની કક્ષાનું શિક્ષણ મેળવતાં હોય છે. 1960 માં દેશમાં કુલ 1,38,993 અથવા 42.8% જેટલી પ્રાથમિક શાળાઓ એક શિક્ષકની શાળાઓ હતી અને તેમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ - વયનાં 20.3% જેટલાં બાળકો ભણતાં હતાં.

### 3. એક શિક્ષણની શાળાઓની સમસ્યાઓ :

એક શિક્ષકને એકથી વધારે વર્ગો શીખવવાના હોય તો તેના પર કામનું ભારણ રહે તે વિદ્યાર્થીઓ પર વ્યક્તિગત ધ્યાન આપી ના શકે. શિક્ષણની ગુણવત્તાનું ધોરણ નીચું રહે. શિક્ષક અને બાળકો બંને માટે શાળા સમય નીરસ અને કંટાળા જનક બની રહે. શિક્ષકને માંદગી વગેરે કારણે રજા પર જવું મુશ્કેલ રહે તેથી આવી શાળાઓનું બુનિયાદીકરણ કરવું મુશ્કેલ બને છે.

### 4. રૂઢિચુસ્ત કુટુંબો :

કેટલાંક વિસ્તારોમાં, સામાજિક પરિસ્થિતિ, રૂઢિચુસ્ત પુરાણું જનમાનસ ખાસ કરીને ઉંમર લાયક છોકરીઓને- સહશિક્ષણની શાળાઓમાં ભણવા મોકલવા તૈયાર હોતા નથી. વાલીઓના પ્રત્યક્ષ સંપર્ક દ્વારા આ સમસ્યાના ઉકેલની પણ ચાવી મળી રહેશે.

### 5. શાળામાં હાજરી સુધારણા :

અગાઉ એવી ધારણા હતી કે, ફરજિયાત શિક્ષણનો કાયદો અમલમાં આવતાં શાળામાં બાળકોની નોંધણી અને હાજરી આપોઆપ વધશે અને શાળાઓ પરનો ખર્ચ પણ ઘટશે. પણ આ ધારણા ભારતના બધા જ પ્રદેશોમાં સત્ય ઠરી નથી. ઓરિસ્સા રાજ્યમાં એવા ઘણાં વિસ્તારો છે. જ્યાં 6-11 વર્ષની વય જૂથના 70 થી 80 % વિદ્યાર્થીઓ શાળામાં હાજર રહેતાં નથી. આવા વિભાગોમાં કાયદા દ્વારા ફરજિયાત હાજરી સ્થાપિત થઈ શકે નહી. હિમાચલ પ્રદેશ

પણ એક પછાત વિસ્તાર છે. લોકોનો મુખ્ય ધંધો ખેતીનો હોવાથી ઢોરો ચરાવવા નાનાં બાળકોનો ઉપયોગ થાય છે. માં-બાપની ગરીબાઈ તેમની શાળામાંની હાજરીની આડે આવે છે. અહીં ફરજિયાત શિક્ષણનો ધારો તદ્દન નિષ્ફળ નીવડે છે. આવા ગરીબ અને પછાત વર્ગોમાં શાળામાં બાળકોની હાજરીની સુધારણા માટે બાળકોને બપોરે શાળામાં મફત ભોજન, મફત કપડાંની જોગવાઈ, શિક્ષણ સાધનોની ભેટ અને મા-બાપો ને થોડીક આર્થિક સહાય, આવાં પગલાં ભરવા ખૂબ આવશ્યક છે.

**(6) શૈક્ષણિક સુવિધા અંગેની સમસ્યા :-**

દેશમાં મફત, ફરજિયાત, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ દાખલ થતાં પ્રાથમિક શિક્ષણનું વિસ્તણ થયું છે, શાળામાં પ્રવેશ મેળવનારની સંખ્યામાં વધારો થયો, પરિણામે શાળાનાં મકાનોની તંગીનો અતિ વિકટ પ્રશ્ન પણ ઉપસ્થિત થયો. શાળાનાં મકાનોના પ્રશ્ન ઉપરાંત નીચે જેવી શૈક્ષણિક સુવિધાઓ અંગેની સમસ્યા પણ ઉદ્ભવી.

1. શાળાને સ્વતંત્ર મકાનની સગવડ
2. શાળાના મકાનમાં જરૂરી ઓરડાઓની સંખ્યા
3. વર્ગદીઠ શિક્ષક માટેની સગવડ
4. દરેક વર્ગદીઠ શાળા પરિવારની સગવડ
5. વર્ગોમાં બાળકોને બેસવા માટે ઢાળિયા કે પાટલીઓની સગવડ.
6. શાળામાં જરૂરિયાત પ્રમાણે રમકડાં.
7. યૈક્ષણિક સાધનોની સગવડ. દા.ત. નકશાઓ, ચાર્ટ, અન્ય સાધનો.
8. શાળામાં રમત-ગમત માટેનું ગ્રાઉન્ડ
9. રમતગમતના સાધનોની સગવડ.
10. શાળા પટાંગણમાં જાજરૂ-મુતરડીની સગવડ.

ભારતનું દરેક બાળક શિક્ષણ પ્રાપ્ત કરવા માટે હક્કદાર છે. રાજ્યની ફરજ છે કે દરેકે દરેક બાળકને પ્રાથમિક શિક્ષણની સગવડ પૂરી પાડવી. આ માટે સઘન પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. છતાં ભારતનાં જંગલોમાં વસતા કે રણ પ્રદેશમાં વસ્તા કે પહાડી વિસ્તારોમાં વસતા લોકોનો વિકાસ અટકી ગયો છે. આ વિસ્તારો અવિકસિત રહ્યાં છે. આથી આ વિસ્તારોમાં શિક્ષણની સગવડ પ્રાપ્ત થઈ શકી નથી એ લોકશાહી રાષ્ટ્ર માટે કલંક જ ગણાય.

ફરજિયાત પ્રાથમિક શિક્ષણ દાખલ થતાં શાળાના મકાનોનો અતિ વિકટ પ્રશ્ન થવા ઉપસ્થિત થયો. એ માટે લોક સહાય અને સહકારી અનુદાન દ્વારા આજે શાળાએ આવતાં બાળકોના રહેઠાણથી એક કિલોમીટરના વિસ્તારમાં મહ્દઅંશે પ્રાથમિક શાળાના મકાનની સગવડ પૂરી પાડી શક્યા છીએ, છતાં હજી પણ કેટલાંક પછાત વિસ્તારોમાં શાળાને સ્વતંત્ર મકાન કે શાળા મકાનને પૂરતા ઓરડાઓ બાંધી શક્યા નથી.

આજે શાળાનું મકાન બાંધવા કે શાળાના વધારાના ઓરડાઓ ઊભા કરવા સરકાર લોકફાળાની અપેક્ષા રાખે છે. દેશના પછાત વિસ્તારના લોકો લોકફાળો આપી શકતાં નથી. આથી મકાનની સગવડ થઈ નથી.

## (4) પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા :

**1. સંખ્યા વિરુદ્ધ ગુણવત્તા :**

પ્રાથમિક શિક્ષણના ઈતિહાસમાં સંખ્યા વિરુદ્ધ 'ગુણવત્તા' વચ્ચે ઘર્ષણ થતું જ આવ્યું છે. એક બાજુ એવી દલીલ થઈ રહી છે કે ભારત જેવા ગરીબ દેશમાં, વિશેષ કરીને શિક્ષણ વિસ્તરણના પ્રારંભિક કામમાં, ગુણવત્તાને બાજુએ રાખી, જેમ બને તેમ વધારે બાળકોને શિક્ષણનો લાભ

મળે એવા પ્રયત્ન થવાં જોઈએ. એક બાળકને ઉત્તમ શિક્ષણ મળે એના કરતાં પાંચ બાળકોને સાધારણ શિક્ષણ મળી શકે એ લોકશાહીમાં વધારે ઈચ્છવા યોગ્ય છે. આ વિચારસરણી અનુસાર, કેળવણીકારોનો એક વર્ગ ઓછા ખર્ચવાળા સામાન્ય પ્રકારના શાળાના મકાનો, ઓછા ખર્ચ તૈયાર કરી શકાય એવા શિક્ષણનાં સાધનો, એક શિક્ષક દીઠ 40-50 વિદ્યાર્થીઓ, વાળી પદ્ધતિ, વગેરે શિક્ષણ પરનો ખર્ચ ઘટાડવાની પદ્ધતિઓનો અમલ કરવાની હિમાયત કરી રહ્યો છે. સંખ્યા વિરુદ્ધ ગુણવત્તાના વિવાદનો આખરી જવાબ આપી ન શકાય કારણ કે તેનો એક જવાબ છે જ નહી, તેમ છતાં જો થોડી ઘણી ગુણવત્તાના જોખમે વધારે બાળકોને શિક્ષણનો લાભ આપી શકાતો હોય તો તે ઈચ્છવા જોગ છે. અક્ષરજ્ઞાનનો પ્રચાર અને તે દ્વારા સામાજિક, આર્થિક અને રાજકીય પ્રશ્નોની સાચી સમજ એ લોકશાહીની પ્રથમ જરૂરિયાત છે. જેમાં અભણ માણસોનું પ્રમાણ બહુ મોટું હોય તે લોકશાહી પોતાના માટે તેમજ બીજા રાષ્ટ્રો માટે ખતરનાક છે. તેથી અક્ષરજ્ઞાનનો પ્રચાર કરી ભવિષ્યનો કોઈપણ નાગરિક નિરક્ષર ન રહી જાય તે જોવાની રાજ્યની સર્વપ્રથમ ફરજ છે.

**2. શાળામાં શિક્ષક દીઠ વિદ્યાર્થીઓનું પ્રમાણ :**

સાર્વત્રિક, મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ એ વિશેષતઃ ખર્ચાળ શિક્ષણ પ્રયોગ છે. આ પ્રયોગની સફળતા માટે લાખો રૂપિયાની જરૂર રહે છે. પ્રોફેસર આર.વી. પરૂળેકર કહે છે તે પ્રમાણે, સાર્વત્રિક શિક્ષણમાં નાણાં 'ટપકવા' જોઈએ નહી, પણ 'રેડાવા' જોઈએ. રાજ્ય બંધારણની 45મી કલમ પ્રમાણે 1960 સુધીમાં 6 થી 14 વર્ષની વયમર્યાદાના બાળકો માટે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત ન કરી શકાયુ તેનું મુખ્ય કારણ તો નાણાં હતું. ફરજિયાત શિક્ષણ એટલે વયમર્યાદાના તમામ બાળકોને શાળામાં ભણવા મોકલવા વાલીઓને ફરજ પાડવી, વધારે બાળકો ભણવા આવે, એટલે વધારે શાળાઓના મકાન જોઈએ, વધારે શિક્ષકો જોઈએ, વધારે શિક્ષણ સાધનો જોઈએ. શાળાઓના નિરીક્ષણ માટે વધારે ઈન્સ્પેક્ટરો જોઈએ. આ બધાની સગવડ માટે ખૂબ નાણાંની જરૂર પડે. તેમાંય શિક્ષકો માટેનો ખર્ચ મુખ્ય ખર્ચ બને છે. સામાન્ય રીતે શાળાના વાર્ષિક ખર્ચપત્રમાં શિક્ષકના પગાર, ભથ્થાં વગેરેનો ખર્ચ 90% જેટલો હોય છે. સાર્વત્રિક શિક્ષણની યોજના માટે વધારે શિક્ષકો જોઈએ તેટલા વધારે નાણાં જોઈએ. સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ ને એક સિદ્ધ થઈ શકે એવો લક્ષ્યાંક બનાવવો હોય તો શિક્ષકો પરનો ખર્ચ ઘટાડવો જોઈએ. આ ખર્ચ બે રીતે ઘટાડી શકાય :

(1) શિક્ષકના પગાર ડિવિડન્ટ ફંડ, વગેરે સવલતોમાં ઘટાડો કરીને, અને (2) શિક્ષક દીઠ વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો કરીને. જો સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણને એક વ્યાવહારિક યોજના બનાવવી હોય તો શાળામાં શિક્ષક દીઠ વિદ્યાર્થીઓનું પ્રમાણ વધારવું જ પડશે.

**3. પંચાયતરાજ અને પ્રાથમિક કેળવણી :**

બ્રિટિશરાજ દરમિયાન પ્રાથમિક શિક્ષણના વહીવટ માટે બે મુખ્ય સંસ્થા હતી : (1) ગ્રામ વિસ્તારોમાં જિલ્લા શાળા મંડળ અને શહેર વિસ્તારોમાં સુધરાઈ શાળામંડળ આર્થિક, રાજકીય, સામાજિક અને બીજાં કેટલાંક વૈયક્તિક કારણોને લીધે શાળા મંડળો ગ્રામ વિસ્તારોમાં પ્રાથમિક કેળવણીને સાર્વત્રિક બનાવવામાં અને ફરજિયાત શિક્ષણધારાનો સહૃદયતાથી અને ક્ષમતાભર્યા અમલ કરવામાં જોઈએ તેટલાં સફળ નીવડયા નહી. બ્રિટિશ શાસન દરમિયાન દેશના મોટા ભાગના ગ્રામ વિસ્તારોનો શિક્ષણ ઉપરાંત આરોગ્ય, રસ્તા, પાણીની સગવડ, વિદ્યુત સગવડ, સ્વચ્છતા, નાગરિકતા ખેતીમાં અદ્યતન સાધનોનો ઉપયોગ કરવાનું જ્ઞાન, વગેરેમાં બહુ જ સીમિત વિકાસ થઈ શક્યો. દેશને ગ્રામ વિસ્તારોની ઝડપી કાયાપલટ કરવા માટે કોઈ વિશિષ્ટ કાર્યક્રમની જરૂર હતી. સ્વાતંત્ર્યોત્તર કાળમાં, ગ્રામ વિસ્તારોને કેટલાંક નાના સઘન વિસ્તારોમાં વહેંચી નાંખવામાં આવ્યા. આ વિસ્તારોમાં વહેંચી નાંખવામાં આવ્યા. આ વિસ્તારોને સમાજ વિકાસ ઘટકો એવું નામ આપવામાં આવ્યું. સાધારણ રીતે એક સમાજ વિકાસ ઘટક 90000

ની લોક વસ્તીવાળો ગ્રામ વિસ્તાર હોય,સમગ્ર દેશમાં આવા 5000 સમાજ વિકાસ ઘટકો રચવામાં આવ્યા. નામ પ્રમાણે, આ વ્યવસ્થાનો અર્થ એવા વહીવટી ગ્રામ વિસ્તારોમાં એકમો બનાવવાનો હતો જ્યાં પ્રાથમિક શિક્ષણ સાથે વિકાસનાં અન્ય પાસાંઓ પણ ઉત્કટતાથી અને તીવ્રતાથી હાથ ધરી શકાય. દરેક સમાજ વિકાસ ઘટકને ઘટક વિકાસ અધિકારીના હાથ નીચે મુકવામાં આવ્યો, અને ખેતી, આરોગ્ય, રસ્તા, ઉદ્યોગ, પ્રાથમિક શિક્ષણ વગેરે દરેક વિકાસના ક્ષેત્રમાં એક-એક એવા વિસ્તરણ અધિકારીની નિમણૂંક કરવામાં આવી. આ ક્રાંતિકારી કાર્યક્રમ 1952 માં દાખલ કરવામાં આવ્યો હતો અને 1963 સુધીમાં તેમાં સમગ્ર દેશને આવરી લેવામાં આવ્યો હતો.

**4. પ્રાથમિક શિક્ષણની આર્થિક સમસ્યાઓ :**

સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનો 6-14 વય જૂથના બાળકો માટે પ્રબંધ કરવો એ રાજ્ય માટે એક અત્યંત ખર્ચાળ પ્રવૃત્તિ છે. ભૂતકાળમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણની યોજનાઓ જોઈએ તેવી સફળ થઈ નહી તેનું કારણ જિલ્લા શાળા મંડળોની નબળી આર્થિક સ્થિતિ અને મોટા ખર્ચ હાથ ધરવાની તેમની અશક્તિ હતું. પ્રાથમિક શિક્ષણમાં વાલીની ગરીબાઈ એક કેવું મોટું અવરોધક પરિબળ બની રહે છે તેનો નિર્દેશ આપણે આગળ કરી ગયા છીએ. વાલીની ગરીબાઈની સાથે રાજ્યની ગરીબાઈ પણ એટલું જ વેધક-અવરોધક બળ બને છે. વર્ષે વર્ષે પ્રાથમિક શિક્ષણ પાછળનો ખર્ચ હરણફાળે વધતો જ જાય છે. 1946-47માં બ્રિટિશરાજને અંતે પ્રાથમિક શિક્ષણ પરનો વાર્ષિક ખર્ચ રુ.2419.96 લાખ હતો; આ ખર્ચ 1960-61માં 11,980 લાખ - લગભગ સાડાચાર ગણો વધી ગયો હતો. આ વધારાનો પ્રવાહ 1961 પછીય ચાલું જ રહ્યો છે. 1975-76 સુધીમાં પ્રાથમિક શિક્ષણનો ખર્ચ રુ.1,30,140 લાખથી રુ.1,59,160 લાખ પર પહોંચ્યો હતો. આટલા બધા પૈસા પ્રાથમિક શિક્ષણ માટે ઊભા કરવા એ દેશ માટે એક વિરાટ અને વિકટ સમસ્યા હતી.

**5. સાંપ્રત પ્રાથમિક શિક્ષણની દશા : (વર્તમાન)**

**1. ઓપરેશન બ્લેક બોર્ડ : સંશોધન પ્રોજેક્ટના તારણો**

નેશનલ કાઉન્સિલ ઓફ ઍજ્યુકેશનલ રીસર્ચ એન્ડ ટ્રેનિંગ તેમજ નેશનલ ઈન્ટિટ્યૂટ ઓફ ઍજ્યુકેશનલ પ્લાનિંગ એન્ડ એડમિનિસ્ટ્રેશનને પ્રાથમિક શાળામાં અભ્યાસ 50000 બાળકોની મોજણી કરી. આ બાળકો તેમણે ભારતના આઠ રાજ્યોના 46 જિલ્લાઓમાંથી પસંદ કર્યા હતાં. આ નમૂનાને આધારે તેમણે ઓપરેશન બ્લેક બોર્ડ નામની રાષ્ટ્રીય શિક્ષણનીતિની સંકલ્પનાને ચકાસવાનો પ્રયત્ન કર્યા. ચકાસણીમાંથી જે તારોણ મળ્યાં તે સાંપ્રત પ્રાથમિક શિક્ષણની દશા તરફ અંગૂલી નિર્દેશ કરે છે.

(1) ઓપરેશન બ્લેક બોર્ડની સંકલ્પના લથડિયાં ખાય છે. અર્થાત્ દરેક શાળામાં એક કાળું પાટિયું, ડસ્ટર, બે શિક્ષકો એટલી ન્યુનતમ જરૂરિયાત પૂર્ણ કરવી એવું હતું તે બની શક્યું નથી.

(2) પ્રાથમિક શિક્ષણ આપતી સંસ્થા મોટે ભાગે નિષ્કાળજીનો ભોગ બનેલી છે.

(3) શ્રેણી-3 અને 4 માં અભ્યાસ કરતાં બાળકો વાંચી લખી કે સાદી ગણતરી કરી શકતાં નથી, તેઓ હું પહેલો પૂરુષ એકવચન તરીકે વાપરવાને બદલે મેં જ બોલે છે.

(4) પ્રાથમિક શાળાના શિક્ષકોની ગુણવત્તા પણ કંઈ સારી નથી. ઓરિસ્સા, મધ્યપ્રદેશ, આસામમાં પ્રાથમિક શાળામાં શીખવતાં શિક્ષકો શ્રેણી-10 પણ પાસ નથી હોતા. તેઓ અંક ગણિતમાં જરાક અઘરા લઘુત્તમ સાધારણ અવયવીના દાખલા પણ ઉકેલી શકતાં નથી.

(5) કેટલીક પ્રાથમિક શાળાઓમાં કાળાં પાટિયા અને તેના પર લખવા માટેના ચોકનો અભાવ છે.

(6) શાળામાં શૈક્ષણિક સાધનોના કીટ હોય છે. યુનિસેફે 'વિજ્ઞાનના કીટ' ભેટ આપ્યા છે, પરંતુ

તેમાંની ચીજ વસ્તુ ખોવાઈ જાય તેવી બીકે વાપરવા માટે કબાટમાંથી બહાર કાઢવામાં આવતા નથી.

(7) જેમને ભણવાની ભૂખ છે અને જેઓ શાળામાં રહી શીખવા માંગે છે તેમની અવગણના કરવામાં આવે છે આવી સાંપ્રત પ્રાથમિક શિક્ષણની અરૂચિકર હકીકતો લેખિત સ્વરૂપે રજૂ કરવા બદલ તેમજ આવી મોજણી ઉપાડી હિંમતપૂર્વક આવાં તારણો પ્રજા સમક્ષ તેમજ સરકાર સમક્ષ મૂકવા માટે ડિપાર્ટમેન્ટ ઓફ ઍજ્યુકેશન, એન.સી.ઈ.આર.ટી. ન્યુ દિલ્હી ધન્યવાદને પાત્ર છે.

**2. પ્રાથમિક શિક્ષણ અંગેનો પાંચમો અખિલ ભારતીય શૈક્ષણિક સર્વે :**

ગુજરાત રાજ્યના તા.30-06-1986ના અહેવાલ પ્રમાણે શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાઓનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો આ પ્રમાણે છે.

(1) આખા રાજ્યમાં માત્ર 06 શાળાઓ રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવે છે.

(2) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા 63 ટકા શાળાઓનું સંચાલન થાય છે, જ્યારે ખાનગી સાહસો દ્વારા 34 ટકા જેટલી શાળાઓ ચલાવાય છે.

(3) ગુજરાત રાજ્યમાં શહેરી વિસ્તારની કુલ 1287 પ્રાથમિક શાળાઓ છે. તેમાંથી 13 શાળાઓને એક પણ ઓરડો નથી, 159 શાળાઓ એક ઓરડાવાળી છે.

(4) ગુજરાત રાજ્યના શહેરી વિસ્તારની 113 શાળાઓમાં માત્ર એક શિક્ષક છે.

(5) ગુજરાતના શહેરોમાં 37 શાળાઓ એવી છે, જેમાં વિદ્યાર્થી સંખ્યા 1 થી 25 ની છે. 76 શાળાઓમાં 26 થી 50 બાળકો છે.

(6) બિનનોંધણી પ્રમાણ અનુસાર મોટા શહેરોમાં દર 1000 બાળકોએ 23 બાળકો નોંધાયેલાં નથી. આ બિનનોંધણીના ટકાના, ટકાવારીના 54 ટકા કન્યાઓ છે.

(7) ટૂંકા ગાળાની કે સતત ગેરહાજરી પહેલા ધોરણમાં સૌથી વધુ છે જેની ટકાવારી 41 ટકા જેટલી છે.

(8) જ્યાં પરાણે નોંધણી થઈ હોય ત્યાં ગેરહાજરીનું પ્રમાણ વધુ હોય છે.

**3. પ્રાથમિક શિક્ષણ સક્ષમ બનાવવાના ઉકેલો :**

પ્રાથમિક શાળાઓ બે પ્રકારની છે. (1) ખાનગી અને (2) શિક્ષણ સમિતિ સંચાલિત-સરકારી શાળાઓ. આ બે પ્રકારની શાળાઓમાંથી ખાનગી પ્રાથમિક શાળાઓ આકર્ષક અને અસરકારક છે. સમિતિ સંચાલિત સરકારી શાળાઓને ખાનગી શાળાઓ જેવી સક્ષમ બનાવવી હોય તો નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

(1) દરેક ખાનગી પ્રાથમિક શાળા, તેમના નજીકના લત્તાની સરકારી શાળાને દત્તક લેવી.

(2) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના કારભારનું વિકેન્દ્રીકરણ કરવું.

(3) સંસ્થાકીય આયોજન કરવું.

(4) દૃશ્ય-શ્રાવ્ય સાધનોની રચના, ઉપયોગ અને અમલીકરણ પર ભાર મૂકવો.

(5) નિદાન અને ઉપચારાત્મક શિક્ષણ પૂરુ પાડવું.

(6) શિક્ષકો માટે સેવાકાલીન વર્ગો દ્વારા માર્ગદર્શન પૂરુ પાડવું.

(7) ક્રિયાત્મક સંશોધનો હાથ ધરવાં.

(8) શાળા સંકુલની રચના કરવી. શાળા સંકુલને એક એકમ ગણીને, તેમાં મૂલ્યાંકનની અદ્યતન પદ્ધતિઓ દાખલ કરવી.

સ્ત્રોત : સંદર્ભ : ‘શિક્ષણ ચિંતન’ - (1997), લે. ડૉ. ચંપકલાલ ઝ. યાહ પાના નં.20, 21

4. પ્રાથમિક શિક્ષણની માધ્યમિક શિક્ષણ પરની અસરો :

પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત અને સાર્વત્રિક બનવાને કારણે વિદ્યાર્થી સંખ્યામાં સતત વધારો થતો રહ્યો છે. આ વિસ્તરણની અસર માધ્યમિક શિક્ષણ પર પડી. પરિણામે ઢંગધડા વગરનું પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરીને બહુ મોટી સંખ્યા માધ્યમિક શિક્ષણને ઉંબરે આવીને ઊભી રહે છે. માધ્યમિક શિક્ષણની ગુણવત્તાના ધોરણો કથળવામાં આ બાબતે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા કથળતી જાય છે. નવા-નવા અભ્યાસક્રમો આવ્યા છે પરંતુ તેને અનુરૂપ યોગ્ય તાલીમી શિક્ષકો, સાધનો અને સગવડોનો અભાવ જોવા મળે છે. ઘણી પ્રાથમિક શાળાઓ સાધનો વિહોણી, ક્યાંક મકાન વિહોણી છે. આ દેશમાં હજુયે એક શિક્ષકવાળી શાળાઓ 40% જેટલી છે. શિક્ષક દીઠ વિદ્યાર્થીનુ પ્રમાણ લગભગ 36 જેટલું છે. અપવ્યયનું પ્રમાણ લગભગ 80 ટકા જેટલું છે. સમગ્ર દેશમાં પ્રાથમિક શિક્ષણની એક સમાન તરાહ નથી. ગામડાના શિક્ષકોને પોતાના જ ગામમાં યા બાજુ બાજુ મૂક્યા હોવાથી તેઓ શાળામાં પૂરતું ધ્યાન આપતાં નથી. પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત અને સાર્વત્રિક હોવાને કારણે પૂરતી માનવીય અને ભૌતિક સગવડોની પ્રાપ્તિના અભાવની અસર પ્રાથમિક શિક્ષણે ભોગવવી પડે છે. ફરજિયાત કન્યા કેળવણી, પછાતવર્ગોની શિક્ષણ પ્રત્યેની ઉદાસીનતા, નબળી આર્થિક પરિસ્થિતિ, પછાત અને ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષક- શિક્ષિકાઓની ભરતી કરવામાં નડતી મુશ્કેલીઓ વગેરે બાબતો પણ પ્રાથમિક શિક્ષણના વિકાસને રૂંધે છે.

**5. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાને અસર કરતાં પરિબળો અને ભલામણો :**

પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાને નીચેના પરિબળો અસર કરે છે.

- કેટલીક જાતિઓ ભટકતું જીવન ગાળે છે.
- કેટલાંક લોકો રોજી-રોટી માટે સ્થળાંતર કર્યા કરે છે.
- રાજ્યમાં આદિવાસી વિસ્તારમાં આદિવાસી શિક્ષકોની અછત જોવા મળે છે.
- આદિવાસી વિસ્તારમાં વિવિધ બોલીઓ અને ભાષાઓ જોવા મળે છે.
- નિરક્ષરતાનું પ્રમાણ વધુ છે.
- ગ્રામ્ય વિસ્તારમાં અંધ શ્રદ્ધા, વહેમો અને અજ્ઞાનતાનું પ્રમાણ વધુ છે.
- વાલીની આર્થિક સ્થિતિ નબળી છે.

ઉપરોક્ત પરિબળોનો અભ્યાસ કર્યા બાદ, ભારત સરકારે 1961 માં ઢેબર પંચની નિમણૂંક કરી તેની મુખ્ય ભલામણો નીચે પ્રમાણે છે.

- એક માઈલની અંદર પ્રાથમિક શાળાની સુવિધા કરવી.
- હૉસ્ટેલવાળી આશ્રમશાળાઓ સ્થાપવી.
- છાત્રાલયમાં તમામ વ્યવસ્થા મફત કરવી.
- આશ્રમ શાળાઓને સુસજ્જ અને સાધન સંપન્ન કરવી.
- ટેકનિકલ શિક્ષણ પર વધુ ભાર મૂકવો.
- રહેઠાણનો પ્રબંધ કરવો.
- આદિવાસી સંસ્કૃતિના જાણકાર શિક્ષકોની નિમણૂંક કરવી.
- અંતરિયાળ વિસ્તારમાં શિક્ષકોને ખાસ વધારાનું ભથ્થું આપવું.
- અંતરિયાળ, પછાત વિસ્તારમાં પ્રશિક્ષણ કેન્દ્રો સ્થાપવાં.

## 6. એક શિક્ષકવાળી શાળા – એક સમસ્યા

### (1) પ્રસ્તાવના

એક શિક્ષકવાળી શાળા એ પ્રાચીન સમયથી ચાલી આવતી શિક્ષણપ્રથા છે. આપણાં પ્રાચીન ગુરુકુળોમાં એક ગુરુ હતાં. આપણા દેશમાં લોકશિક્ષણ માટે ચાલતી ગામઠી શાળાઓ એક શિક્ષકવાળી શાળાઓ જ હતી. આપણા દેશમાં શિક્ષકવાળી શાળાઓએ ગામડાઓમાં શિક્ષણ આપવાનું ઘણું જ ઉત્તમ કામ કર્યુ છે.

આઝાદી પછી આપણા દેશે શિક્ષણના વિકાસક્ષેત્રે ઘણી પ્રગતિ સાધી છે. સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનો સ્વીકાર કરાતાં બાળકોને પોતાના ઘરથી દૂર ભણવા માટે જવું ન પડે તે માટે એક કિલોમીટરના વિસ્તારમાં પ્રાથમિક શાળા હોવી જોઈએ એવો આદર્શ સ્વીકાર્યો છે. આથી દેશમાં નાના ગામડાઓમાં પણ પ્રાથમિક શાળાઓ શરૂ કરવામાં આવી. આપણા દેશમાં મોટાભાગનાં ગામડામાં ઓછી કે છૂટીછવાઈ વસ્તી જોવા મળે છે. આપણા દેશના ગ્રામ વિસ્તારમાં નાના ગામો તથા છૂટીછવાઈ વસ્તીના કારણે શાળામાં પૂરતી સંખ્યા હોતી નથી. વળી આવા ગામડાઓમાં વધુ શિક્ષકો ધરાવતી શાળાઓ શરૂ કરવાનું કે ચલાવવાનુ પરવડે નહી. આથી દેશનાં ઘણાં ખરાં ગામડાઓમાં એક શિક્ષકવાળી શાળાઓ શરૂ કરવામાં આવી છે.

એક શિક્ષકની શાળામાં એકથી વધારે ધોરણો હોય છે. આ શાળામાં આશરે 30-40 જેટલાં બાળકો જુદાં-જુદા ધોરણોનું શિક્ષણ મેળવતા હોય છે. આવાં એક કરતાં વધારે ધોરણોમાં આટલી ઓછી સંખ્યા હોય તેવાં સ્થળોએ એક શિક્ષકની શાળાઓ રાખ્યા સિવાય ચાલે જ નહી.

### (2) એક શિક્ષકવાળી શાળાઓના ઉદ્‌ભવનાં કારણો

ભારતીય રાજ્ય બંધારણની કલમ-45 અન્વયે 6 થી 14 વર્ષની વયકક્ષાના બધા બાળકોને મફત, ફરજિયાત, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવાનો આદર્શ સ્વીકારાયો. આથી 6 થી 14 વર્ષની વયકક્ષા ધરાવતાં બધાં બાળકને પ્રાથમિક શિક્ષણ આપવાની જવાબદારી દરેક રાજ્ય સરકારની છે. આ માટે રાજ્યોને કેન્દ્ર તરફથી પૂરતી ગ્રાન્ટ આપવામાં આવે છે. પ્રાથમિક શિક્ષણનો પ્રસાર અને પ્રચાર નાના ગામડાં તથા છૂટાછવાયાં રહેઠાણો ધરાવતાં ગામડાં સુધી પહોંચ્યો છે. આવા ગામડાઓની પ્રાથમિક શિક્ષણની જરૂરિયાત સંતોષવા શાળાઓ શરૂ કરવામાં આવી. અહી બાળકોની સંખ્યા ઓછી હોવાથી વધુ શિક્ષકોવાળી શાળા પોષાય નહીં. આથી આવા ગામડાઓમાં એક શિક્ષકવાળી શાળાઓ અસ્તિત્વમાં આવી.

પછાત વિસ્તારો, ડુંગરાળ પ્રદેશો કે જંગલના અંતરિયાળ વિસ્તારોમાં આજે પણ શિક્ષણનો જોઈએ એટલો પ્રચાર થયો નથી. આ પ્રદેશોમાં વસતા લોકોને શિક્ષણનું મૂલ્ય હજુ પણ સમજાયું નથી. આથી તેઓ ગામમાં શાળા હોવા છતાં પોતાના બાળકોને શાળાએ મોકલતાં નથી. આથી ગામની શાળામાં શિક્ષણ મેળવતાં બાળકોની સંખ્યા વધતી નથી.વળી શાળાએ દાખલ થયેલાં બાળકોની હાજરી પણ કંગાળ રહે છે. આ માટે પ્રયત્નો કરવામાં આવે છે ત્યારે પણ સમાજના મોટા ભાગનો ટેકો મળતો નથી. પરિણામે શાળામાં સંખ્યા વધી શકતી નથી અને શાળા ઓછી સંખ્યાવાળી એક શિક્ષકની જ રહે છે.

શરૂઆતના તબક્કામાં જે-તે ગામમાં પહેલા ધોરણથી શાળા શરૂ કરવામાં આવે છે. પહેલા ધોરણનાં બાળકો ઉપલા ધોરણમાં આવતા ઉત્તરોત્તર ધોરણોની સંખ્યા વધતી જાય છે, પરંતુ બધાં ધોરણો મળીને પણ વિદ્યાર્થીઓની સંખ્યા વધતી નથી. આમ, વિદ્યાર્થીઓની સંખ્યાનું પ્રમાણ ઓછું હોવાથી તે શાળા એક શિક્ષકવાળી શાળા જ રહે છે.

### એક શિક્ષકવાળી શાળાનું અનિવાર્યપણું

એક શિક્ષકવાળી શાળાની શૈક્ષણિક સિદ્ધિ શ્રેણી દીઠ શિક્ષકવાળી શાળાઓ કરતાં ઓછી હોય છે. છતાં આપણા દેશની હાલની પરિસ્થિતિમાં એ અનિવાર્ય છે. આજે દુનિયાના ઘણાં ખરાં દેશોમાં ગ્રામવિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણનું કામ એક શિક્ષકવાળી શાળાઓ દ્વારા જ થાય છે. આપણા દેશમાં નીચે જેવાં કારણોસર એક શિક્ષકવાળી શાળાની અનિવાર્યતા જણાય છે.

પછાત વિસ્તારનાં છૂટાંછવાયાં રહેઠાણોમાં વસતા લોકો તથા અતિ નાનાં ગામડાંઓમાં જયાં ત્રણ-ચાર ધોરણોનાં બધાં મળીને બાળકોની સંખ્યા 30-40 હોય ત્યાં શ્રેણી પ્રમાણે શિક્ષક ફાળવવો ખર્ચની દષ્ટિએ પરવડે તેમ નથી. આથી પણ એક શિક્ષકની શાળા અનિવાર્ય છે.

એક શિક્ષકવાળી શાળાઓ વધુ શિક્ષકવાળી કરવી ખર્ચની દષ્ટિએ પરવડે તેમ નથી તો શિક્ષણની સિદ્ધિની કે ગુણવત્તાની દષ્ટિએ બંધ કરવી પરવડે તેમ નથી. જો આવી શાળાઓ બંધ કરવામાં આવે તો પછાત અને ડુંગરાળ વિસ્તારનાં બાળકોને મળેલી શિક્ષણની તક છીનવાઈ જાય છે, જે બંધારણની કલમ 45 માંના આદેશનો ભંગ થાય છે અને આ બાળકો મફત, ફરજિયાત, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણથી વંચિત રહે છે. આથી પણ એક શિક્ષકવાળી શાળાની અનિવાર્યતા છે.

ગામડાંમાં કન્યા-કેળવણી માટે કન્યાશાળાની માગણી છે. ત્યાં કન્યાઓની સંખ્યા ઓછી હોઈ, વધુ શિક્ષિકાનો બોજ ઉઠાવવો મુશ્કેલ છે. આથી પણ એક શિક્ષકની શાળા જ ચાલુ રાખવી પડે છે.

**(4) એક શિક્ષકવાળી શાળાના પ્રશ્નો**

આપણા દેશમાં પ્રાથમિક શિક્ષણને મફત, ફરજિયાત અને સાર્વત્રિક કરવામાં આવતા દૂર દૂરના પ્રદેશોમાં, અંતરિયાળ ગામડાંમાં વસતા લોકોનાં બાળકોને શિક્ષણ આપવાની ફરજ રાજ્ય સરકારોને પડી. આથી દેશમાં નાનામાં નાના ગામડામાં પ્રાથમિક શાળાઓ શરૂ કરવામાં આવી. જોકે નાનાં નાનાં ગામડાંમાં પ્રાથમિક શાળા શરૂ થઈ પરંતુ ત્યાં વસતી ઘણી ઓછી હોવાથી શાળામાં બાળકોની સંખ્યા ઓછી રહે છે. પરિણામે એ શાળાઓમાં શ્રેણીદીઠ શિક્ષક આપી શકતો નથી અને એ શાળાઓ એક શિક્ષકવાળી રહે છે. એક શિક્ષકવાળી શાળાઓના કેટલાંક પ્રશ્નો જોવા મળે છે. આ પ્રશ્નો સામાન્ય રીતે નીચે જેવા હોય છેઃ .

- આવી શાળાઓમાં એક શિક્ષકે એક કરતાં વધારે વર્ગો કે ધોરણોમાં શિક્ષણકાર્ય કરવાનું હોય છે.
- એક શિક્ષકે ઘણાં ધોરણોમાં, બધા જ વિષયો શીખવવાના હોઈ અભ્યાસક્રમને પૂરતો ન્યાય, મળી શકતો નથી.
- એક શિક્ષકવાળી મોટા ભાગની શાળાઓને પાકું મકાન હોતું નથી. માત્ર શાળા શરૂ થઈ છે એવું બતાવવા જે-તે ગામમાં હાજર મકાનમાં શાળા શરૂ કરી દેવામાં આવેલી હોય છે.
- આવી શાળાઓમાં પૂરતું ફર્નિચર પણ હોતું નથી.
- એક શિક્ષકવાળી શાળામાં શૈક્ષણિક સાધનો કે ઉદ્યોગોનાં સાધનોની સગવડ અપૂરતી હોય છે.
- આવી શાળામાં એક જ શિક્ષક હોઈ, શિક્ષક રજા પર જાય ત્યારે શાળા ચલાવવી મુશ્કેલ બને છે.
- એક શિક્ષકવાળી શાળામાં મોટે ભાગે નવી નિમણૂકો જ થતી હોય છે. પરિણામે આ શાળાઓમાં બિનઅનુભવી શિક્ષકોના હાથે જ શિક્ષણકાર્ય થતું હોય છે. આથી તેમાં કાંઈ બરકત આવતી નથી.
- શાળાની ભૌતિક તથા શૈક્ષણિક સવલતો નહિવત્ અગર અપૂરતી હોય છે.
- એક શિક્ષકની શાળામાં વહીવટી કાર્યભાર એક જ શિક્ષકે ઉપાડવાનો હોઈ, શિક્ષણકાર્યમાં રૂકાવટ આવે છે. વળી શાળાના વહીવટ અને સંચાલનની તાલીમનો મોટે ભાગે અભાવ હોય છે. આથી કામ મુશ્કેલ બને છે.
- શિક્ષક માટે શિક્ષણનું કાર્ય કંટાળાજનક બને છે. એ જ રીતે બાળકો માટે પણ શાળા સમય નીરસ રહે છે.
- આવી શાળામાં એકલો શિક્ષક બધાં ધોરણોમાં શિક્ષણકાર્યમાં અસરકારતા લાવી શકતો નથી. આથી બાળકોના વિકાસની ગુણવત્તા સાચવી શકાતી નથી.

- આવી શાળા વધુમાં વધુ પાંચ ધોરણ સુધીની હોય છે. આ શાળા અપૂર્ણ હોવાથી અપવ્યયનો મોટો ભય રહે છે.
- એક શિક્ષકની શાળાઓ મોટે ભાગે પછાત વિસ્તારોમાં શિક્ષક માટે રહેવા તથા જમવાની તેમજ આરોગ્ય વિષયક સુવિધાઓનો અભાવ હોય છે. આથી શિક્ષકને આવા સુવિધા વિનાના વિસ્તારમાં જીવન વિતાવવું કપરું લાગે છે. શિક્ષક અહી એકલતા અનુભવે છે. પરિણામે ઘણીવાર શાળા બંધ રાખીને પોતાના વતન જતો રહે છે.

**એક શિક્ષકવાળી શાળાના શિક્ષકની મુશ્કેલીઓ**

એક શિક્ષકવાળી શાળામાં શિક્ષક નીચે જેવી અનેક મુશ્કેલીઓ અનુભવતો જોવા મળે છેઃ

- આવી શાળાઓ દૂર દૂરનાં ગામડાંઓમાં હોય છે. એવાં ગામડાંઓમાં શિક્ષકને રહેવા માટે મકાન પણ મળી શકતું નથી. આમ એક શિક્ષકવાળી શાળાના શિક્ષકને રહેઠાણની સુવિધા અંગેની મુશ્કેલી પડતી હોય છે.
- એક શિક્ષકવાળી શાળાનો શિક્ષક શાળાના ગામની નજીકના ગામનો રહેવાસી હોય તો તે શિક્ષક પોતાના વતનમાં રહેવાનું પસંદ કરે એ સ્વાભાવિક છે. વળી તે પોતાના વતનમાં પોતાના બાપદાદાનો વ્યવસાય કરે તે પણ સ્વાભાવિક જ છે. આ શિક્ષક વ્યવસાય સાથે ગૂંથાયેલો હોય અને શાળાએ આવન જાવન કરતો હોવાથી થાકેલો હોય છે. આથી તે પોતાના વિષયની તૈયારી કે બાળંકોની શૈક્ષણિક પ્રવૃત્તિનું આયોજન ભાગ્યે જ કરતો હોય છે.
- એક શિક્ષકવાળી શાળાના જે શિક્ષકે શિક્ષક થતા પહેલાંનું જીવન શહેર કે નગરમાં વિતાવ્યું હોય અને શિક્ષણ પણ ત્યાં જ લીધું હોય તેવા શિક્ષકોને દૂર દૂરના કોઈ નાના ગામડામાં કે પછાત વિસ્તારની શાળામાં કામ કરવાનું થાય ત્યારે તે માનસિક રીતે એક પ્રકારની અકળામણ અનુભવે છે અને ગ્રામ્ય લોકો સાથે અનુકૂલન સાધી શકતો નથી.
- એક શિક્ષકવાળી શાળાનો શિક્ષક પોતાના કુટુંબ સાથે ગામડામાં રહેતો હોય ત્યારે તેને માંદગી દરમિયાન અનેક મુશ્કેલીઓ વેઠવી પડે છે. તે તાત્કાલિક તબીબી, સારવાર મળી ન શકતાં મૂંઝવણ અનુભવે છે અને પોતાની નોકરી પ્રત્યે અણગમો પેદા થાય છે.
- ઉત્સાહી યુવાન શિક્ષકો વધુ પ્રગતી માટે આગળ અભ્યાસ કરવાની ઈચ્છા ધરાવતાં હોય છે. તેઓને પછાત કે અંતરિયાળ વિસ્તારોમાં જરૂરી સુવિધા પ્રાપ્ત થતી નથી. આથી તેઓ મૂંઝવણ અનુભવતાં હોય છે.
- એક શિક્ષકવાળી શાળાનો શિક્ષક તેવા નાના ગામડામાં સ્થિર થઇ શકે તેવું વાતાવરણ ન હોવાથી તેમજ અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોવાથી તે હતાંશ બને છે. શિક્ષકની પ્રાથમિક જરૂરિયાત પણ સંતોષાતી નથી. આથી તે નિરાશા અનુભવે છે.
- એક શિક્ષકવાળી શાળાના શિક્ષકનું કામ એક વર્ગના શિક્ષક કરતાં ખરેખર ઘણું જ કઠિન છે. તેમાં એક કરતાં વધારે ધોરણોના વર્ગોને શિક્ષણ આપવાનું હોય છે. આ બધા ધોરણોના વર્ગોને એકી સાથે ભણાવવાના હોય છે. તેથી આવી શાળામાં કામ કરવા માટે વિશિષ્ટ આયોજન માંગી લે છે. અમુક વર્ગને પ્રત્યક્ષ શિક્ષણ, તો અમુક વર્ગને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ, તો વળી કોઈને સ્વાધ્યાય દ્વારા શિક્ષણ કરવાનું થાય છે. આ માટે સમવાય પદ્ધતિ અપનાવવી પડે છે. માટે આ કાર્ય ખરેખર મુશ્કેલ છે. ઘણાં ખરાં શિક્ષકો આવી શાળામાં શિક્ષણકાર્ય કરવાની મુશ્કેલી અનુભવતા હોય છે.

**(6) એક શિક્ષકવાળી શાળાના પ્રશ્નોના ઉકેલના ઉપાય**

એક શિક્ષકવાળી શાળાના પ્રશ્નો વિશિષ્ટ પ્રકારના હોય છે. આથી તેના ઉકેલ માટે નીચે જેવાં ઉપાયો હાથ ધરી શકાય :

- એક શિક્ષકની શાળામાં કામ કરતાં શિક્ષકોમાં વિશેષ કુનેહની જરૂર હોય છે. આથી આવી શાળાઓમાં બિનઅનુભવી તદ્દન નવા શિક્ષકો નીમવાને બદલે તાલીમ પામેલાં, અનુભવી અને કાર્યક્ષમ શિક્ષક-શિક્ષિકાઓની નિમણૂંક કરવી જોઈએ.
- તાલીમ દરમિયાન સંયુક્ત વર્ગશિક્ષણની તાલીમ અપૂરતી મળતી હોય છે. આથી એક શિક્ષકવાળી શાળાના શિક્ષકો માટે સેવાકાલીન વર્ગ કે ગ્રીષ્મ શિબિરો દ્વારા ખાસ તાલીમ આપવી જોઈએ. આથી તેઓ બહુવર્ગીય શાળામાં અસરકારક રીતે શિક્ષણકાર્ય કરી શકે.
- એકી સાથે વધુ વર્ગોના સંચાલન માટે બીટ નિરીક્ષકો દ્વારા પૂરતું માર્ગદર્શન મળી રહેવું જોઈએ. નિરીક્ષકોએ શિક્ષકોની મુશ્કેલીઓને સમજવી જોઈએ. તેમણે અનેક અવરોધો વચ્ચે જે કઈ કામ કર્યું હોય તેને બિરદાવી વધારે પ્રયત્ન કરે તે માટે વધુ ને વધુ પ્રોત્સાહન પૂરું પાડવું જોઈએ. વળી નિરીક્ષકોએ ગામલોકોનો સંપર્ક કરી, શિક્ષણનું મૂલ્ય સમજાવવું જોઈએ. શિક્ષકને મદદ કરવા ગામ આગેવાનોને સમજાવવા જોઈએ. શિક્ષકની મુશ્કેલીઓ આગેવાનો સમક્ષ રજૂ કરી શાળાને સમૃદ્ધ કરવાનું કાર્ય કરવું જોઈએ.
- એક શિક્ષકવાળી શાળાનું સંચાલન સરળ બનાવવા વિશેષ તાલીમના ઓપ વર્ગો ગોઠવવા જોઈએ. આવા વર્ગમાં શિક્ષકોને એકી સાથે જોડિયા વર્ગો લેવા માટે તેમજ એક વર્ગ સાથે શિક્ષક વિષય શિક્ષણ માટે રહી શકે અને એ જ સમયે બીજા વર્ગો જુદી જુદી પ્રવૃત્તિમાં કેવી રીતે રહી શકે તેના આયોજન અને અમલની પ્રત્યક્ષ તાલીમ આપવી જોઈએ. આ રીતે એક શિક્ષકવાળી શાળાના શિક્ષકને સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અનુભવ મળે એ જરૂરી છે. આ ઓપ વર્ગો દ્વારા એ શાળાના કોઈપણ વર્ગના બાળકો નવરા બેસી રહે નહી અને મુશ્કેલી ન સર્જે તે રીતનું આયોજન અને સંચાલન કરતાં શીખવવું જોઈએ.
- એક શિક્ષકની શાળામાં શાળાનો અર્ધો સમય રમતગમત તથા સહઅભ્યાસ પ્રવૃત્તિ અને અર્ધો વિષય શિક્ષણમાં ફાળવવો જોઈએ. શાળાનું સમયપત્રક એવી રીતે ગોઠવવું કે જેથી એક વર્ગમાં વિષય શિક્ષણ ચાલતું હોય, ત્યારે બાકીના વર્ગોમાં રમતગમત, કાર્યાનુભવ જેવી પ્રવૃત્તિ કે સ્વઅધ્યયન ચાલતું હોય. આવી શાળામાં બાળકો સ્વ-પ્રયત્ન કે સ્વ-અધ્યયન દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરતાં હોય તેવી બાબતો પર ભાર મૂકવો જોઈએ.
- એક શિક્ષકવાળી શાળાઓમાં શૈક્ષણિક સુવિધાઓની ઉણપ હોય છે. આથી આવી શાળાઓને શાળા સંકુલનો લાભ મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. આ ઉપરાંત આજુબાજુની શાળાઓનું સંકુલ ઊભું કરી, પરસ્પરના આયોજનપૂર્વકના મિલન, પ્રવાસ, શિબિર વગેરે સામૂહિક કાર્યક્રમો દ્વારા પરસ્પર ચર્ચાવિચારણા કરી મુશ્કેલીઓનો ઉકેલ લાવી હૂંફ મેળવવી.
- શિક્ષકના રહેણાંકનો પ્રશ્નએ ગામડામાં અતિ વિકટ છે. ગામડામાં શિક્ષકના રહેણાંકની વ્યવસ્થા પૂરી પાડવાથી શિક્ષકની મૂંઝવણ ઓછી થાય છે.
- એક શિક્ષકવાળી શાળાના શિક્ષકને રજા પર જવાની મુશ્કેલી પડે છે. આ મુશ્કેલી નિવારવા નજીકની ટપાલકેન્દ્રની શાળા કે તાલુકા શાળામાંથી શિક્ષકની રજા વખતે સમયસર અવેજી શિક્ષકને મૂકવામાં આવે એ જરૂરી છે.
- એક શિક્ષકવાળી શાળાનું શિક્ષણકાર્ય ખરેખર અટપટું છે. અહીં એક શિક્ષકને વધારે ધોરણોને એક સાથે શિક્ષણ આપવાનું હોય છે. આ શિક્ષક માટે આ એક પાયાની મુશ્કેલી છે. આ મુશ્કેલી નિવારવા માટે શિક્ષકે એક સિવાયના અન્ય ત્રણ વર્ગો માટે સ્વાધ્યાય કે અન્ય પ્રવૃત્તિ કરવી. તે માટે શિક્ષકે આયોજન કરવું જોઈએ. એક વર્ગમાં શિક્ષક શીખવતાં હોય ત્યારે બીજા વર્ગને સ્વાધ્યાય અપાયો હોય. આમ, શિક્ષક દરેક વર્ગને હેતુપૂર્વક કામમાં રાખે છે. શિક્ષક જયારે બીજા વર્ગમાં હોય ત્યારે વર્ગના મોનિટર વર્ગ વ્યવસ્થા જાળવે, દાખલાની રકમ લખાવી, ગણવા આપે, પ્રશ્નો પૂછે વગેરે.

ઉપર જેવાં ઉપાયો હાથ ધરવામાં આવે તો એક શિક્ષકવાળી શાળાના પ્રશ્ન કંઇક અંશે ઉકેલી શકાશે.

**(7) એક શિક્ષકવાળી શાળામાં શિક્ષકની ભૂમિકા**

એક શિક્ષકવાળી શાળામાં શિક્ષણકાર્ય કરવું એ ભારે વિકટ અને કુશળતા માંગી લે તેવું છે. એક શિક્ષકવાળી શાળામાં શિક્ષકે એક કરતાં વધારે ધોરણો ભણાવવાના હોય છે. આથી એક શિક્ષકવાળી શાળાના શિક્ષકે સામાન્ય શાળાના શિક્ષકો કરતાં વિશિષ્ટ ભૂમિકા ભજવવાની છે. તે એક ધોરણમાં શીખવતો હોય ત્યારે બીજા ધોરણના બાળકો નવરાં ન રહે તે માટેની સૂઝ અને દ્રષ્ટિ શિક્ષકમાં હોવી જરૂરી છે. આવી શાળા ચોક્કસ પ્રકારનું આયોજન માંગી લે છે. આવી શાળા માટે શિક્ષક અનુભવી, કર્તવ્યનિષ્ઠ, કાર્યદક્ષ અને વ્યવહારકુશળ હોવો જરૂરી છે. આ માટે શિક્ષકે વિશિષ્ટ પ્રકારની લાયકાત કેળવવાની જરૂર છે.

એક શિક્ષકવાળી શાળાના શિક્ષકે શિક્ષણ એવું રસપ્રદ અને આકર્ષક રીતે આપવાનું છે કે જેથી આવી શાળામાં બાળકોની હાજરી વધતી રહે. આ ઉપરાંત ગામના આગેવાનોને વિશ્વાસમાં લઇ દિન-પ્રતિદિન શાળાની સંખ્યામાં અભિવૃદ્ધિ થાય એવી નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવાની ભૂમિકા ભજવવાની છે.

**(7) સારાંશ**

પ્રસ્તુત એકમમાં, આપણે ફરજીયાત પ્રાથમિક શિક્ષણના આનુષંગિક પ્રશ્નો, પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા, પંચાયતરાજ અને પ્રાથમિક કેળવણી, સાંપ્રત પ્રાથમિક શિક્ષણની દશા, પ્રાથમિક શિક્ષણ અંગેનો પાંચમો અખિલ ભારતીય શૈક્ષણિક સર્વે, પ્રાથમિક શિક્ષણને સક્ષમ બનાવવાના ઉકેલો, પ્રાથમિક શિક્ષણની માધ્યમિક શિક્ષણ પરની અસરો અને પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાને અસર કરતાં પરિબળો અને ભલામણોનો વિગતે અભ્યાસ કર્યો.

હાલમાં રાજય સરકાર પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા બાબતે વધુ સજાગ બની છે. જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર અને પ્રત્યેક જીલ્લામાં આવેલાં ડાયેટ (જિલ્લા શિક્ષણ તાલીમ ભવન) દ્વારા પ્રાથમિક શિક્ષકોની વ્યવસાયિકસરળતા માટે કાર્યશિબિરોનું આયોજન કરે છે. સર્વ શિક્ષણ અભિયાન અને પ્રજ્ઞા અભિગમ તેના મહત્ત્વના પ્રોજેક્ટ્સ છે.

**(8) એકમ સ્વાધ્યાય :**

1. પ્રાથમિક શિક્ષણના હેતુઓ જણાવો.
2. ફરજીયાત પ્રાથમિક શિક્ષણના આનુષંગિક પ્રશ્નો જણાવો.
3. પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તાનો પ્રશ્નો જણાવો.
4. વર્તમાન પ્રાથમિક શિક્ષણની દશા જણાવો.
5. એક શિક્ષકવાળી શાળાઓના ઉદ્ભવતા કારણો.
6. એક શિક્ષકવાળી શાળાની જરૂરિયાત જણાવો.
7. એક શિક્ષકવાળી શાળાના પ્રશ્નો જણાવો.
8. એક શિક્ષકવાળી શાળાના શિક્ષકના પ્રશ્નો જણાવો.
9. એક શિક્ષકવાળી શાળાના પ્રશ્નોના ઉકેલ જણાવો.
10. એક શિક્ષકવાળી શાળામાં શિક્ષકની ભૂમિકા જણાવો.

**(9) તમારી પ્રગતિ ચકાસો :**

નોંધ : (અ) તમારા ઉત્તરોને નીચે આપેલ જગ્યામાં લખો.

(બ) તમારા ઉત્તરોને વિભાગના અંતમાં આપેલ ઉત્તરો સાથે સરખાવો.

1. ફરજિયાત પ્રાથમિક શિક્ષણના આનુષંગિક કોઈપણ બે પ્રશ્નો જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

2. પ્રાથમિક શિક્ષણના કોઈપણ બે હેતુઓ લખો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

**3. નીચેના વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

1. 1960માં એક શિક્ષકવાળી શાળાઓ 42.8 ટકા હતી.
2. પ્રાથમિક કક્ષાના શિક્ષણનો મુખ્ય હેતુ પ્રાથમિક જ્ઞાન મેળવવાનો છે.
3. સાંપ્રત પ્રાથમિક શિક્ષણની દશા જાણવા રચાયેલા પ્રોજેક્ટનું નામ ઓપરેશન બ્લેક બોર્ડ છે.
4. આપણા રાજ્યમાં એક શિક્ષકવાળી શાળાઓ માત્ર 1% જ છે.

**4. ખાલી જગ્યા પૂરો.**

1. બ્રિટીશ રાજને અંતે પ્રાથમિક શિક્ષણ પરનો વાર્ષિક ખર્ચ ........................ હતો.
2. પ્રાથમિક શિક્ષણ અંગેનો પાંચમો અખિલ ભારતીય શૈક્ષણિક સર્વે ઈ.સ. .................. માં બહાર પડ્યો.
3. ઈ.સ. 1961માં ...................................... પંચની નિમણૂંક થઈ.

## (10) સૂચિત વાંચન સામગ્રી


1. દેસાઈ ધનવંત અને પટેલ પી. જે. (1966) ''ભારતીય શિક્ષણના વર્તમાન પ્રશ્નો'', એ.આર.શેઠની કંપની, મુંબઈ-2.
2. શાસ્ત્રી જયેન્દ્ર દવે અને અન્યો (1988) ''ભારતીય શિક્ષણના નૂતન પ્રવાહો અને સમસ્યાઓ'', બી.એસ. શાહ પ્રકાશન, અમદાવાદ-1.
3. શાહ ચંપકલાલ (1997) ''શિક્ષણ ચિંતન'' ડૉ.સી.ઝેડ. શાહ એજ્યુકેશન ટ્રસ્ટ, સુરત-1.

એકમ 3

# પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ - 2

## : રૂપરેખા :

1. પ્રસ્તાવના
2. પ્રાથમિક શિક્ષણમાં અપવ્યયની સમસ્યા
   - a. પ્રસ્તાવના
   - b. અપવ્યયની સંકલ્પના
   - c. અપવ્યયના કારણો
   - d. અપવ્યય અટકાવવાના ઉપાયો
3. પ્રાથમિક શિક્ષણમાં સ્થગિતતાની સમસ્યા
   - a. પ્રસ્તાવના
   - b. સ્થગિતતાની સંકલ્પના
   - c. સ્થગિતતાના કારણો
   - d. સ્થગિતતા અટકાવવાના ઉપાયો
4. શિક્ષક તાલીમની સમસ્યા
   - a. પ્રસ્તાવના
   - b. શિક્ષકની તાલીમ
   - c. તાલીમી કૉલેજોની મર્યાદાઓ
   - d. તાલીમી કૉલેજો અને પ્રાથમિક શિક્ષણ સુધારણા
   - e. પ્રાથમિક શિક્ષણ અને નોકરી દરમિયાન તાલીમ
   - f. શિક્ષક તાલીમની સમસ્યા નિવારવાના ઉપાયો
   - g. શિક્ષક તાલીમની સમસ્યા હલ કરવા લેવાયેલા પગલાં
5. સારાંશ
6. એકમ સ્વાધ્યાય
7. તમારી પ્રગતિ ચકાસો
8. સૂચિત વાંચન સામગ્રી

---

ઉદ્દેશો :-

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

1. પ્રાથમિક શિક્ષણમાં અપવ્યયની સમસ્યા સમજી શકશો.
2. પ્રાથમિક શિક્ષણમાં અપ્વ્યના કારણો સમજી શકશો.
3. પ્રાથમિક શિક્ષણમાં અપવ્યય અટકાવવાના ઉપાયો સમજી શકશો.
4. પ્રાથમિક શિક્ષણમાં સ્થગિતતાની સમસ્યા સમજી શકશો.
5. પ્રાથમિક શિક્ષણમાં સ્થગિતતાની સંકલ્પના સમજી શકશો.
6. પ્રાથમિક શિક્ષણમાં સ્થગિતતાના કારણો સમજી શકશો.

7. પ્રાથમિક શિક્ષણમાં સ્થગિતતા અટકાવવાના ઉપાયો સમજી શકશો.

8. પ્રાથમિક શિક્ષણમાં શિક્ષક તાલીમની સમસ્યા સમજી શકશો.

## (1) પ્રસ્તાવના

અપવ્યય અને સ્થગિતતા શિક્ષણના ક્ષેત્રમાં ઘણી જાણીતી બાબતો છે,. વિકાસના કોઈ પણ તબક્કે આ બંનેનું પ્રમાણ વધતું કે ઓછુ તો રહેવાનું જ. શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતા સાક્ષાત્ ફુગાવાના સ્વરૂપની જેમ ફેલાઈ રહ્યાં છે, જેના લીધે શિક્ષણનો વિકાસ રૂંધાઈ રહ્યો છે અને હતાંશાનું પ્રમાણ વધતું જતું જોવા મળે છે.

જો કે અપવ્યય અને સ્થગિતતાને દૂર કરવાના પ્રયત્નો કદી શક્ય બનવાના નથી, પરંતુ શક્ય હોય તેટલું તેમનું પ્રમાણ ઘટાડવાના પ્રયાસો શક્ય બની શકે, તેથી શિક્ષણકારો, કેળવણીકારો, અને સંશોધકો તેનું પ્રમાણ ઘટાડવા સતત પ્રયાસ કરતાં માલુમ પડે છે.

પ્રાથમિક શિક્ષણ ફરજીયાત હોવા છતાં આ બંનેનું પ્રમાણ આપણને જોવા મળે છે. હાલમાં માધ્યમિક કક્ષાએ બંનેનું પ્રમાણ વધતું-ઓછું જોવા મળે છે.

પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે આ બંનેનું પ્રમાણ ઘટે તે માટે પ્રયત્ન થવા જોઈએ. પ્રથમ બંનેના કારણો તથા સવા પડે.

## (2) પ્રાથમિક શિક્ષણમાં અપવ્યયની સમસ્યા

### a. પ્રસ્તાવના

ભારતીય રાજ્ય બંધારણની કલમ 45માં દેશનાં 6 થી 14 વર્ષની વયકક્ષાનાં બાળકો માટે મફત, ફરજિયાત, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનો આદર્શ આપ્યો છે. આપણા દેશને સ્વતંત્રતા મળ્યાને પચાસ વર્ષો થવા આવ્યાં છે. છતાં બંધારણના આ ધ્યેયને પહોંચી વળ્યા નથી. હાલની પરિસ્થિતિ જોતાં જણાય છે કે નજીકના ભવિષ્યમાં પણ આ ધ્યેય સિદ્ધ થઈ શકે તેમ જણાતું નથી.

આપણા દેશમાં ફરજિયાત શિક્ષણની વય ધરાવતાં ઘણાં બાળકોની નોંધણી વાલીઓ કરાવતાં નથી. વળી નોંધાયેલાં બધાં બાળકો શાળા પ્રવેશ મેળવતાં પણ નથી. તો શાળામાં દાખલ થયેલાં બધાં બાળકો પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા સિવાય શાળા છોડી દે છે. આથી પ્રાથમિક શિક્ષણ ફરજિયાતની બાબતનો અસરકારક અમલ થઈ શક્યો નથી.

અક્ષરજ્ઞાન એ જ પ્રાથમિક શિક્ષણનો હેતુ નથી, પરંતુ પ્રાથમિક શિક્ષણનો હેતુ લોકશાહી રાષ્ટ્ર માટે બાળકને ઉપયોગી અને જવાબદાર નાગરિક બનાવવાનો છે. વળી રાજ્ય બંધારણની 45મી કલમ પ્રમાણે દરેક બાળકે તે 14 વર્ષની ઉમરનો થાય ત્યાં સુધીમાં તેણે મફત અને ફરજિયાત શિક્ષણ પૂરું કર્યું હોવું જોઈએ. એટલે કે પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા પહેલાં જો કોઈ બાળક શાળા છોડી દે તો તે શિક્ષણનો અપવ્યય કે બગાડ ગણાય.

### b. અપવ્યયની સંકલ્પના (Wastage)

પ્રાથમિક શિક્ષણના અપવ્યય તરફ સૌ પ્રથમ ધ્યાન હાર્ટોગ કમિશને ખેંચ્યું.

હાર્ટોગ કમિશને અપવ્યયની સંકલ્પના સમજાવતાં કહ્યું કે, "બાળક પ્રાથમિક શિક્ષણ પૂરું કરે તે પહેલાં જ તેને શાળામાંથી ઉઠાડી લેવામાં આવે તો તે તેવા કિસ્સાને શિક્ષણમાં અપવ્યય કહેવામાં આવે છે.

જો કોઈ બાળક પ્રાથમિક શિક્ષણનો તબક્કો પૂરો ન કરે અને અધવચ્ચે તે શાળા છોડી જાય તો તેણે ઓછામાં ઓછું જરૂરી શિક્ષણ પ્રાપ્ત ન કર્યું ગણાય. પ્રાથમિક શિક્ષણનો તબક્કો પસાર કર્યા પહેલાં જો વ્યક્તિ શાળા છોડે તો તે અપવ્યય કહેવાય છે. પ્રાથમિક ખર્ચનું યોગ્ય વળતર મળ્યું ન ગણાય, પરિણામે પૈસા અને માનવશક્તિનો બગાડ થાય. આ બાબતને શૈક્ષણિક બગાડ કે અપવ્યય કહેવામાં આવે છે.

ટૂંકમાં અપવ્યય એટલે બગાડ ધોરણ 1 થી 8 સુધીનો અભ્યાસ પૂરો કર્યા પહેલા બાળક શાળામાંથી ઊઠી જાય તેને અપવ્યય કહેવામાં આવે છે.

**c. અપવ્યયના કારણો**

અપવ્યય માટેનાં જવાબદાર પરિબળો નીચે પ્રમાણે છે :

**(1) શાળાના સમયની પ્રતિકૂળતા :**

મોટા ભાગના બાળકો આર્થિક રીતે પછાત વર્ગ માંથી આવે છે. તેથી બાળકોને પોતાના ભરણપોષણ માટે કામે જવું પડે છે. તેથી શાળાનો સમય ઘણી વખત અનુકૂળ ન આવવાને કારણે બાળક શાળા છોડી દે છે.

**(2) શિક્ષણ પ્રત્યે વાલીની ઉદાસીનતા :**

મોટા ભાગના વાલીઓ અભણ છે. તેથી પોતાના બાળકના શિક્ષણમાં રસ દાખવતાં નથી. બાળક કમાણી કરવા જાય તેમાં વાલીઓને વધુ રસ પડે છે. વાલીઓની બેદરકારી પણ અપવ્યય માટે જવાબદાર છે.

**(3) વાલીની ગરીબાઈ :**

આપણે ત્યાં મોટા ભાગના વાલીએ વધુ પડતી ગરીબ હોવાથી બાળકને કમાણી કરવા માટે મોકલે છે, તેથી બાળક અમુક દિવસ શાળાએ આવે છે અને અમુક દિવસે આવતાં નથી. વાલીની ગરીબાઈ પણ અપવ્યય માટે જવાબદાર ગણાવી શકાય.

**(4) બાળકનું નિર્બળ સ્વાસ્થ્ય :**

આપણે ત્યાં મોટા ભાગના વાલીઓ આર્થિક રીતે ગરીબ હોવાથી પોષણક્ષમ ખોરાક આપી શકતાં નથી, યોગ્ય ખોરાક પૂરતા પ્રમાણમાં ન મળવાથી બાળકનુ સ્વાસ્થ્ય નિર્બળ બને છે, તેથી અવારનવાર શારીરિક તકલીફ પડતી હોવાથી બાળક પોતાના અભ્યાસ છોડી દે છે. નિર્મળ સ્વાસ્થ્યને કારણે શાળાએ પણ નિયમિત રીતે જતો નથી. અંતે કંટાળીને શાળા છોડી દે છે.

**(5) સામાજિક રીતરીવાજો :**

છોકરીઓની બાબતમાં અપવ્યયના મોટા ભાગનાં કારણો સામાજિક રીતરિવાજો હોય છે, નાની ઉમરે છોકરીઓનો વિવાહ થઈ જવા, છોકરીઓએ ભણીને શું કરવું છે એવી વાલીઓની વિચારસરણી જોવા મળે છે. ઘરકામમાં માતાને છોકરીની જરૂર પડવી, મિશ્ર શાળામાં છોકરીને ભણવા મોકલવાની વાલીઓની નારાજી, દૂરના ગામડામાં પગે ચાલીને છોકરીઓની જાત ભણવા ન જઈ શકે એ માન્યતા હોવાને કારણે છોકરીમાં વધુ પ્રમાણુમાં અપવ્યય જોવા મળે છે.

**(6) શાળાના અસરકારક કાર્યક્રમોનો અભાવ/નિર્બળતા :**

શાળામાં વિદ્યાર્થીઓને વધુ સમય રોકી રાખે તેવી પ્રવૃત્તિઓ કે કાર્યક્રમો થતાં નથી, તેથી વિદ્યાર્થીઓને શાળામાં વધુ સમય રોકાવા માટે રસ રહેતો નથી. શાળામાં યંત્રવત્ કાર્યક્રમો થતાં હોવાથી બધું જ કાર્ય યંત્રની માફક ચાલે છે. તેથી વિદ્યાર્થીઓને શાળામાં વધુ સમય રોકવા માટે પ્રલોભનો મળી રહેતાં નથી, તેથી, અપવ્યયનું પ્રમાણ જોવા મળે છે.

**(7) પરીક્ષા પધ્ધતિની ખામી :**

વર્તમાન પરીક્ષા પદ્ધતિની કેટલીક ખામીઓ જોવા મળે છે. વર્તમાન પરીક્ષા પદ્ધતિ માત્ર ત્રણ કલાકમાં જ મૂલ્યાંકન કરે છે. પરીક્ષાલક્ષી શિક્ષણકાર્ય, વ્યવસાયિકલક્ષી અભ્યાસક્રમો નથી, અભ્યાસક્રમોનું વધુ ભારણ વગેરે કેટલાંક મુખ્ય કારણો જોવા મળે છે. પરીક્ષા પદ્ધતિની ખામીને કારણે વિદ્યાર્થીઓમાં અપવ્યયનું પ્રમાણ જોવા મળે છે.

**(8) વયજૂથમાં એકસૂત્રતાનો અભાવ :**

શાળામાં આવતાં બાળકો વયજૂથ પ્રમાણે સરખી ઉંમરના આવતાં નથી, સામાન્ય રીતે ગ્રામ્ય વિસ્તારમાંથી આવતાં બાળકો મોટી ઉંમરના હોય છે. શહેરી વિસ્તારમાં બાળકો મોટા ભાગે નાની ઉંમરના હોય છે. તેથી વયજૂથમાં તફાવત પડે છે. વધુ તફાવત પડતો હોવાથી મોટી ઉંમરના બાળકો શાળામાં શરમ અનુભવે છે.

**(9) ખામી ભરેલી અને જૂની અધ્યાપન પદ્ધતિ :**

વર્તમાન સમયમાં શિક્ષકો મોટે ભાગે આગળની જૂની પદ્ધતિ પ્રમાણે શિક્ષણકાર્ય કરે છે, જે બાળકોને કંટાળાનો અનુભવ કરાવે છે. વર્ગમાં મોટા ભાગે પ્રવચન પદ્ધતિનો જ શિક્ષકો ઉપયોગ કરે છે, તેથી અભ્યાસમાં બાળકોને રસ ઉત્પન્ન થતો નથી, અંતે કંટાળીને અભ્યાસ છોડી છે.

**(10) સ્થગિતતાનું વધુ પ્રમાણ :**

પ્રાથમિક કક્ષાએ એક જ ધોરણમાં, વિદ્યાર્થી વારંવાર નપાસ થાય તો આખરે કંટાળી અભ્યાસ છોડી દે છે. સ્થગિતતાનું વધુ પ્રમાણ હોવાથી પણ માધ્યમિક કક્ષાએ અપવ્યય થતો જોવા મળે છે.

**(11) શાળાનું અયોગ્ય વાતાવરણ :**

શાળાનું વાતાવરણ યોગ્ય ન હોય તો પણ અપવ્યય થતાં જોવા મળે છે. શાળામાં વિદ્યાર્થીઓની અપેક્ષા સંતોષાતી ન હોય, શાળામાં સગવડોનો અભાવ હોય, આચાર્ય કે શિક્ષકોનું અયોગ્ય વર્તન હોય શાળામાં રાજકારણ વધુ પડતું પ્રવેશી ચૂક્યું હોય વગેરે કેટલાંક કારણોને લીધે શાળાનું વાતાવરણ અયોગ્ય બને છે. અયોગ્ય વાતાવરણ બનવાને કારણે વિદ્યાર્થી અભ્યાસ છોડી દે છે.

**(12) અયોગ્ય રીતે ઉપર ધકેલવાની પધ્ધતિ :**

પ્રાથમિક કક્ષાએ સ્થાનિક પરીક્ષાઓ યોજાતિ હોય છે. માધ્યમિક કક્ષાએ મોટા ભાગે ગામડાંઓમાં સંખ્યાનો પ્રશ્ન વિકટ હોય છે, તેથી વર્ગ બંધ થવાનાં ભયે વિદ્યાર્થીઓને અયોગ્ય રીતે ઉપર ધકેલવાની પદ્ધતિ જોવા મળે છે. આવા અયોગ્ય રીતે ઉપર ધકેલાતાં વિદ્યાર્થીઓ આગળ જતાં અભ્યાસકમ કઠિન લાગવાથી અભ્યાસ છોડી દે છે.

**(13) ફરજિયાત વિષયો :**

પ્રાથમિક કક્ષાએ દરેક વિદ્યાર્થીઓ માટે પાંચ વિષયો ફરજિયાત હોય છે, જે પૈકી દરેક વિષયમાં વિદ્યાર્થીઓ સરખો ન્યાય આપી શકતાં નથી. અમુક વિષય અઘરો લાગે છે, અમુક વિષય અઘરાં લાગતાં અભ્યાસ છોડી દે છે.

**(14) શાળામાં હૂંફાળા વાતાવરણનો અભાવ :**

શાળામાં શાળા પરિવાર તરફથી પ્રેમ, મમતા, હૂંફ વગેરે ન મળે તો પણ વિદ્યાર્થીઓ અભ્યાસ છોડી દે છે. શિક્ષકનો કડક સ્વભાવ પણ આને માટે જવાબદાર છે.

**(15) શાળામાં સ્ત્રી શિક્ષકનું ઓછું પ્રમાણ :**

શાળામાં મોટા ભાગે સ્ત્રી શિક્ષકનું પ્રમાણ ઓછું જોવા મળે છે. અભણ વાલીઓ પોતાની છોકરીઓને પૂરુષ શિક્ષક પાસે શિક્ષણ કાર્ય માટે મોકલવાનું પસંદ કરતાં નથી.

બાળકને જરૂરી, પોષક વાતાવરણને અનુરૂપ અભ્યાસક્રમ ન હોવાથી તેમજ પરીક્ષા પદ્ધતિનાં અનેક દૂષણોને લીધે બાળકોની વિવિધ શક્તિનો વિકાસ થતો નથી. ચીલાચાલુ યાદશક્તિની જ પરીક્ષા બધાં બાળકોનું યોગ્ય મૂલ્યાંકન કરી શકતી નથી. વળી તે બધાં બાળકોને આકર્ષી

શકતી નથી અને બાળકોને શાળા છોડી દેવા ફરજ પાડે છે. એટલે કે પરીક્ષણ કાર્ય ખૂબ ક્ષતિવાળું છે. વારંવાર શૈક્ષણિક સિદ્ધિમાં મળતી નિષ્ફળતા પણ અપવ્યય વધારે છે.

**અપવ્યય અટકાવવાના ઉપાયો અને કાર્યક્રમો**

**અપવ્યય ઘટાડવાના ઉપાયો :**

અપવ્યયનું પ્રમાણ ઘટાડવા માટે નીચેનાં ઉપાયો યોજી શકાય :

**(1) અનુકૂળ સમય :**

જે વિસ્તારમાં શાળા આવેલી હોય તેને અનુકૂળ પડે તે પ્રમાણે શાળાનો સમય રાખી શકાય. બાળકો ખેતરમાં મદદ કરવા જતાં હોય તો વાવણી કે કાપણીના સમયે વેકેશન રાખી શકાય અને જે સમયના ગાળામાં વાલીને કામનું ભારણ ઓછું હોય ત્યારે શાળાના સમયમાં વધારો થઈ શકે. આખરે તો આપણે બાળકોને શાળામાં દાખલ કરવાનાં છે અને તેઓ માધ્યમિક શિક્ષણ પૂરું કરે ત્યાં સુધી શાળામાં રાખવાનાં છે.

**(2) વાલી સંપર્ક :**

વાલીઓની શિક્ષણ પ્રત્યેની ઉદાસીનતા દૂર કરવા માટે તેમનો સતત સંપર્ક સાધવો જોઈએ. આ માટે સામાજિક કાર્યકમો તથા અન્ય નેતાઓની સહાય લઈ શકાય, વાલી સંમેલન પણ શાળામાં ગોઠવી શકાય, તેમાં વિદ્યાર્થીઓની સમસ્યા. અંગે ચર્ચા થઈ શકે.

**(3) અલગ કન્યા શાળાની વ્યવસ્થા :**

અપવ્યયનું પ્રમાણ ઘટાડવા માટે અલગ કન્યા શાળાની વ્યવસ્થા કરવામાં આવે તો અપવ્યયનું પ્રમાણ ઓછું થાય.

**(4) મફત નાસ્તાની વ્યવસ્થા :**

પ્રાથમિક શાળાની જેમ માધ્યમિક કક્ષાએ પણ મધ્યાહ્ન નાસ્તાની/ભોજનની વ્યવસ્થા ગોઠવવામાં આવે તો બાળકો શાળામાં હાજર રહેશે. આ માટે ગામના લોકોનો સહકાર મેળવી ભોજન માટે, હળવા નાસ્તા માટે કોઈ વ્યવસ્થા વિચારી શકાય. કેટલાંક ઉપકારક સંસ્થાઓ તથા દાનવીર લોકો પાસેથી આ માટે સહાય મેળવી શકાય.

**(૫) વધુ હાજરી માટે ઈનામની વ્યવસ્થા :**

શાળામાં વિદ્યાર્થીઓ વધુ હાજરી આપે તેને ઈનામની વ્યવસ્થા કરવી જોઈએ, તેમજ બીજી અભ્યાસને લગતી સવલતો આપવી જોઈએ, હાજરી સુધારણા અને તેને ટકાવવા માટે ઉગ્ર ઝુંબેશો શરૂ કરવી જોઈએ.

**(6) યોગ્ય વાતાવરણ :**

શાળાઓનાં મકાન, વર્ગ ખંડો, અંદરની સજાવટ, અભ્યાસક્રમ, રમતગમતો વગેરેમાં સુધારો કરવો જોઈએ કે યોગ્ય હોવું જોઈએ, શાળામાં અધ્યયન અધ્યાપન વાતાવરણમાં સુધારો કરવો જોઈએ,

**(7) મહિલા શિક્ષકોની ભરતી :**

અપવ્યયનું પ્રમાણ ઘટાડવા માટે શક્ય હોય તેટલી સંખ્યામાં ગ્રામ વિસ્તારોની શાળાઓ માટે મહિલા શિક્ષિકાઓની વધુ ભરતી કરવી જોઈએ. ગ્રામ વિસ્તારમાં છોકરીઓનું અપવ્યયનું પ્રમાણ જે વધુ જોવા મળે છે. તેમાં આ રીતે ઘટાડો કરી શકાય.

**(8) ગ્રામ મેળાનું આયોજન :**

અન્ય શાળાઓના સહકારથી કે શાળા સંકુલ દ્વારા ગ્રામ મેળાનું આયોજન વિચારી શકાય આથી ગ્રામજનોને શાળા કેવી ઉપયોગી પ્રવૃત્તિઓ હાથ ધરે છે તેનો ખ્યાલ આવશે, આથી તેઓનું શાળા પ્રત્યે આકર્ષણ વધારી શકાશે.

**(9) ગૃહ ઉદ્યોગોની શરૂઆત :**

શાળામાં કેટલાંક નાના નાના ગૃહઉદ્યોગો પ્રોજેક્ટ તરીકે દાખલ કરી બાળકોને તે કામમાં રોકી શાળા પ્રત્યેનું આકર્ષણ વધારી શકાય.

દા.ત. શાકભાજી, ઘાસચારો ઉગાડવાં, ભરતગૂંથણ, સાબુ બનાવટ, સિલાઈ કામ વગેરે જેવી કેટલીક પ્રવૃત્તિઓ ફળદાયી નીવડી શકે, વાલીઓને પણ આવી પ્રવૃત્તિ ગમશે. આ પ્રવૃત્તિમાં રહેતાં બાળકો પાસે નવું જ્ઞાન આવશે, થોડી આવક થશે, જે બાળકોના વાલીઓને મદદરૂપ થઈ પડશે.

**(10) શાળામાં યોગ્ય વાતાવરણ ઉભું કરવું.**

શાળામાં વિદ્યાર્થીઓનું અપમાન ન થાય તેમજ તેમનુ આચાર્ય, શિક્ષકો તથા કર્મચારીઓ તરફથી જરૂરી સ્નેહ, મમતા, હકક અને સહાનુભૂતિ વગેરે મળી રહેવાં જોઈએ, વિદ્યાર્થીઓને ઘેરથી ન મળી શકે તો શાળામાંથી મળી શકે. શાળામાં વિદ્યાર્થીઓ વધુ સમય રોકાઈ રહે તે પ્રમાણનુ યોગ્ય વાતાવરણુ ઊભું કરવું જોઈએ.

**(11) વધારાના વર્ગો શરુ કરવાં :**

શાળામાં જે વિદ્યાર્થીઓ વધુ નબળા હોય તે વિદ્યાર્થીઓને શોધી કાઢવાં જોઈએ. જે વિદ્યાર્થીઓ વધુ નબળાં છે તે માટે વધારાના વર્ગો માટેની વ્યવસ્થા શાળાએ કરવી જોઈએ. જેથી ફરજિયાત વિષયો વિદ્યાર્થીઓને અઘરા લાગતા હોય તે વધારાના વર્ગો શરૂ થવાથી મુશ્કેલીઓ ઓછી થાય, ગરીબ વિદ્યાર્થીઓને જરૂરી સવલતો પૂરી પાડવામાં આવે, શાળામાં જરૂરી માર્ગદર્શન વ્યવસ્થાઓ ગોઠવવામાં આવે, વર્ગ બઢતી માટેના ચોકક્સ ધોરણ નકકી કરવાં જોઈએ.

## 3. પ્રાથમિક શિક્ષણમાં સ્થગિતતાની સમસ્યા

**(1) પ્રસ્તાવના**

પ્રાથમિક શિક્ષણક્ષેત્રે અપવ્યયની સમસ્યા સર્જવામાં નોંધપાત્ર ફાળો ધરાવતી એક સમસ્યા સ્થગિતતા છે. દેશમાં આઝાદીની સાથે પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત અને સાર્વત્રિક બન્યું. ફરજિયાત શિક્ષણમાં પ્રાથમિક શાળા માટે બાળકોની ફરજિયાત નોંધણીની સાથે તેઓની શાળામાં હાજરી પણ મહત્ત્વની છે. કમનસીબે આપણા દેશમાં હજુ સુધી ફરજિયાત શિક્ષણનો અસરકારક અમલ થતો નથી અને ઘણી જગ્યાએ બાળકોની ખૂબ મોટા પ્રમાણમાં ગેરહાજરી જોવા મળે છે. શાળામાં ઘણીવાર કે વારંવાર ગેરહાજર રહેનાર બાળકો શાળા શિક્ષણમાં ધ્યાન કેન્દ્રિત કરી શકતાં નથી. પરિણામે તેઓ પોતાના અભ્યાસમાં આગળ વધી શકતાં નથી. તેઓ સ્થગિત થઇ જાય છે.

**(2) સ્થગિતતાની સંકલ્પના (Stagration)**

હાર્ટોગ કમિશને સ્થગિતતાની વ્યાખ્યા આપતાં નોંધ્યું છે કે, ''કોઈ એક શ્રેણીમાં બાળકનું એક વર્ષના સમય કરતાં વધારે વર્ષ રહેવું.' સ્થગિતતા એટલે એકના એક ધોરણમાં નાપાસ થઈ એક કરતાં વધારે વર્ષ રહેવું.

સ્થગિતતા એટલે એક ધોરણની પરીક્ષામાં નિષ્ફળતા મેળવી એ જ ધોરણમાં બીજી વાર કે વારંવાર રહેવું. વિદ્યાર્થી યોગ્ય જ્ઞાન-માહિતી ન ધરાવતો હોય તો, તે જે-તે ધોરણની પરીક્ષામાં નાપાસ થાય છે. ટૂંકમાં સ્થગિતતા એટલે સ્થગિત થઈ જવું, અટકી જવું.

પ્રાથમિક શિક્ષણનાં શરૂઆતનાં ધોરણો એવાં હોય છે કે જ્યારે બાળકોની માનસિક શક્તિ વિકસતી હોય છે. કેટલાંક બાળકો એવાં હોય છે કે જેઓ એક યા બીજા કારણે પરીક્ષામાં ધાર્યું પરિણામ લાવી શકતાં નથી. વળી નાની ઉંમરનાં બાળકો એવાં ચંચળ હોય છે કે, તેમને માટે ઔપચારિક પરીક્ષા પદ્ધતિમાંથી ચળાઈને બહાર પડવું ઘણું જ મુશ્કેલ પડે છે. કેટલાંક બાળકોને માહિતી - જ્ઞાન હોય છે છતાં ઉત્તર મૌખિક રીતે આપવાનું કે ઉત્તર લખવાનું સમજાતું નથી અથવા લખવા પ્રત્યે કે મૌખિક ઉત્તર આપવાનો યોગ્ય મહાવરો ધરાવતાં ન હોવાને લીધે પણ પરીક્ષામાં સંતોષકારક દેખાવ કરી શકતાં નથી, અને તેઓ નાપાસ થાય છે.

**હાર્ટોગ કમિટી :**

એકના એક ધોરણમાં વિદ્યાર્થીને એક કરતાં વધુ વર્ષ રાખી મૂકવો.

**જોહરી અને પાઠક :**

સંતોષકારક રીતે પ્રગતિ ન કરવાને કારણે એક ધોરણમાં વધારે વર્ષ કરવા સ્થગિતતા કહેવાય છે. ટૂંકમાં એક ધોરણમાં વધુ વખત નાપાસ થવું એટલે સ્થગિતતા.

ફરજિયાત, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણની દ્રષ્ટિએ સ્થગિતતાની સમસ્યા એ રીતે મહત્ત્વની છે કે બાળક એક ધોરણમાં એક-બે વર્ષ નાપાસ થતાં તે હવે ભણી શકે નહિ એમ માનીને મા-બાપ તેને શાળાએ થી ઉઠાડી લે છે. આથી તે અપવ્યયનું એક મહત્ત્વનું કારણ બને છે. આ સમસ્યા એ રીતે મૂંઝવતી બને છે કે બાળકોને નાપાસ કરવાથી તે અપવ્યયનું કારણ બને છે અને પરીક્ષા લીધા વિના કે નાપાસ ન કરવાથી પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા કથળે છે.

બાળકને એક ધોરણમાં એક કરતાં વધુ વર્ષ રહેવું પડે એ ખરેખર સમય, શક્તિ અને નાણાંનો દુર્વ્યય છે. આ માટે બાળક ઉપરાંત મા-બાપ, શિક્ષક, શાળા બધાં જ જવાબદાર છે. આમ, સ્થગિતતા તો અપવ્યય કરતાં પણ વધુ મોટું અનિષ્ટ છે.

**(3) સ્થગિતતાના કારણો**

સ્થગિતતાના કારણો નીચે પ્રમાણે જોવા મળે છે, જે નીચે મુજબ છે :

**(1) અનિયમિત હાજરી :**

વાલીની આર્થિક સ્થિતિ નબળી હોવાથી વિદ્યાર્થીઓને કામે જવું પડે તેમજ અમુક સમયે ખેતીનું કાર્ય ચાલતું હોય ત્યારે પણ વિદ્યાર્થીઓને કામે જવું પડે ત્યારે શાળામાં નિયમિત હાજરી આપી શકે નહીં. જ્યારે નવરાશનો સમય હોય ત્યારે શાળાએ આવે છે. આમ શાળામાં અનિયમિત હાજરી હોવાથી જે તે વર્ગમાં નાપાસ થાય છે,

**(2) ખામી ભરેલી પરીક્ષા પધ્ધતિ :**

વર્તમાન પરીક્ષા પદ્ધતિમાં માત્ર ત્રણ કલાકમાં જ વિદ્યાર્થીઓનુ મૂલ્યાંકન કરવામાં આવે છે. પરીક્ષા સમયે વિદ્યાર્થી બીમાર પડી જાય તો વિદ્યાર્થીનુ વર્ષ બગડે છે.

**(3) અયોગ્ય શિક્ષણ પધ્ધતિ :**

વર્તમાન સમયમાં ઘણાં બધાં આધુનિક સાધનો પ્રવેશ થઈ ચૂકેલાં છે ત્યારે પણ હજી શિક્ષકો જૂની પદ્ધતિ પ્રમાણે કાર્ય કરતાં જોવા મળે છે. જૂની પદ્ધતિ પ્રમાણે કાર્ય થતું હોવાથી વિદ્યાર્થીઓ કંટાળી જાય છે અને અભ્યાસમાં રસ જળવાતો નથી.

**(4) ખામી ભરેલો અભ્યાસક્રમ :**

ગુજરાત રાજ્યમાં ધોરણ દસમા વર્તમાન અભ્યાસક્રમમાં પાંચ વિષયો ફરજિયાત જોવા મળે છે, અમુક વિષય વિદ્યાર્થીઓને વધુ અઘરો લાગે છે, તેમજ વધુ અભ્યાસક્રમ હોવાથી, વિદ્યાર્થીઓ પર અભ્યાસક્રમનું ભારણ વધી જાય છે, તેથી વિદ્યાર્થી એક જ ધોરણમાં વધુ સમય રહે છે.

**(5) વાલીની વધુ પડતી બેદરકારી :**

પોતાના બાળક તરફ વાલીની બેદરકારી હોય વાલીઓ પોતાનુ બાળક કયા ધોરણમાં અભ્યાસ કરે છે, તેનો પણ તેમને ખ્યાલ હોતો નથી, ઘરે શિક્ષણકાર્ય કરે છે કે કેમ તેની ખબર પણ રાખતાં નથી, વાલીઓ પોતાના બાળકમાં ધ્યાન આપતા ન હોવાથી, બાળકો બેદરકાર બની જાય છે.

**(6) શાળાનો પ્રતિકૂળ સમય :**

શાળાનો સમય જે તે વિસ્તારની અનુકૂળતા પ્રમાણે ન હોય. ખેતીનું કાર્ય ચાલતું હોય ત્યારે

શાળાએ બાળકો જતાં નથી. શાળાનો સમય પ્રતિકૂળ હોવાથી બાળક અભ્યાસમાં કચાશ અનુભવે છે.

**(9) સ્થાનિક વસતીની જરૂરિયાત પ્રમાણે શાળાના વેકેશનનો અભાવ :**

શાળામાં વેકેશન સ્થાનિક જરૂરિયાત પ્રમાણે વેકેશન હોતું નથી. કામની સીઝન અને વેકેશન વચ્ચે મેળ બેસતો નથી, કામના સમયે બાળકો શાળાએ જતાં નથી, તેથી અભ્યાસમાં નબળા પડી જાય છે, અંતે જે તે ધોરણમાં નાપાસ થાય છે.

**(8) વર્ગમાં વધુ સંખ્યા :**

દિવસે દિવસે વસ્તીની સંખ્યા વધતી જાય છે. તેથી વર્ગમાં વધુ સંખ્યા થતી જાય છે, તેથી શિક્ષક વ્યક્તિગત ધ્યાન આપી શકતાં નથી, તેથી વિદ્યાર્થી અભ્યાસમાં નબળો બને છે, અંતે વિદ્યાર્થી જે તે ધોરણમાં નાપાસ થાય છે.

બાળકને એક ધોરણમાં એક કરતાં વધુ વર્ષ રહેવું પડે એ ખરેખર સમય, શક્તિ અને દ્રવ્યનો દુર્વ્યય છે. તેના માટે માતાપિતા, શિક્ષક, શાળા બધાં જ જવાબદાર છે. શિક્ષકોને પૂરતી તાલીમ મળી ન હોય, વખતો વખત તેમના માટે ઓપ વર્ગોની યોજના ન હોય, તો તેમની શિક્ષણ પદ્ધતિ ખામી ભરેલી રહેવાની, પરિણામે પરીક્ષા પદ્ધતિ પણ ખામી ભરેલી રહે, વળી અભ્યાસક્રમને વિગતોથી ઠાંસી ઠાંસીને ભર્યો હોય અને બાળકોનાં રસ, અભિરૂચિ તથા જરૂરિયાતો સાથે કશી લેવા દેવા ન હોય તો પણ શિક્ષણ નબળું નીવડે અને પરિણામે બાળકોની સિદ્ધિ એ વિષયમાં ખાસ કાંઈ થાય નહી.

કેટલાંક મા-બાપ બાળક વહેલું ભણી જાય એ આશયથી તેને નાની વયે શાળામાં દાખલ કરે છે અથવા એક સાથે બે શ્રેણીનો અભ્યાસ સાથે કરાવે છે. આથી લાંબે ગાળે તે બાળક શિક્ષણમાં પાછળ પડે છે. કોઈક વખત નાપાસ પણ થઈ જતું હોય છે.

આ ઉપરાંત વાલીઓમાં શિક્ષણ ભૂખ પૂરતી નથી. આથી તેઓ બાળકોના અભ્યાસ પ્રત્યે ઉદાસીન રહે છે. કન્યા-કેળવણી તરફ વાલીઓના નીરસ વલણે કન્યાઓમાં સ્થગિતતાનું પ્રમાણ વધાર્યું છે.

**(4) સ્થગિતતા અટકાવવાના ઉપાયો**

પ્રાથમિક શિક્ષણ કક્ષાએ સ્થગિતતાની સમસ્યા ઘણી કપરી અને મૂંઝવતી છે. તેને નીચે જેવા ઉપાયો દ્વારા અટકાવી શકાય. સ્થગિતતા અટકાવવા નીચે જેવા ઉપાયો હાથ ધરવાં જોઈએ.

શાળામાં બાળકોની અનિયમિત હાજરી એ સ્થગિતતાનું મુખ્ય કારણ છે. વાલીઓ શિક્ષણનું મહત્ત્વ સમજી બાળકોના શિક્ષણમાં રસ લેતા થાય, ઘરકામ વગેરેમાં રોકીને બાળકને શાળાએ જતો રોકવાને બદલે નિયમિત શાળાએ મોકલે તે માટે લોકજાગૃતિ લાવવી જોઈએ. શાળામાં બાળકોની હાજરીની સુધારણા માટે શિક્ષકે ક્ષમતાભરી મક્કમતાથી વાલીઓને સમજાવટ કરવી પડશે. બાળકોની હાજરી સુધારણા માટે મધ્યાહ્ન ભોજન યોજના અસરકારક ઉપાય છે. હાલમાં આપણા દેશમાં બાળકોની હાજરી સુધારવા માટે આ ઉપાય અમલમાં મૂકવામાં આવ્યો છે.

આપણા દેશમાં પુરુષ શિક્ષકોની તુલનામાં સ્ત્રી-શિક્ષિકાઓની સંખ્યા ઘણી ઓછી છે. કેટલીક વખત અણઘડ, બિનકેળવાયેલો અને બિનસમભાવી શિક્ષક તેની અણઆવડત અને કઠોર વર્તાવને લીધે તેમજ ખામીભરેલી શિક્ષણપદ્ધતિને લીધે બાળકોને શાળા અને અભ્યાસ બંનેથી વિમુખ બનાવે છે. પરિણામે બાળકોની હાજરી કંગાળ અને અનિયમિત બની જાય છે. ખરાબ શિક્ષક અને ખામીભરેલી શિક્ષણપદ્ધતિ એ સ્થગિતતાનું એક મોટુંકારણ છે. આના ઉપાય તરીકે શિક્ષિકાઓની વધુ ભરતી, શિક્ષકોને શિક્ષણ પદ્ધતિઓના ઉપયોગની સંગીન તાલીમ, નોકરી દરમિયાન સેવા-વિસ્તરણ કાર્યક્રમો, શાળા અને સમાજ વચ્ચેનો નિકટનો સંપર્ક સ્થાપી શાળામાં સુંદર સર્જનાત્મક વાતાવરણ સર્જવું જોઈએ.

**(1) હાજરી સુધારણા કાર્યક્રમઃ**

જે વિદ્યાર્થીઓ શાળામાં અનિયમિત આવતાં હોય તેવા વિદ્યાર્થીઓ પોતાની હાજરી સુધારે તે માટે શાળામાં પ્રયત્ન હાથ ધરવા જોઈએ, વિદ્યાર્થી શાળામાં આવે તે માટે રીસેસમાં નાસ્તાની વ્યવસ્થા કરવી તેમજ શાળા તરફ વિદ્યાર્થીમાં સ્વયં ભાવનાનું પ્રમાણુ વધે તે માટે પ્રયત્નો કરવા, જેથી હાજરીનું પ્રમાણ સુધારતા સ્થગિતતાનું પ્રમાણ ઘટાડી શકાય.

**(2) વધારાના વર્ગોની વ્યવસ્થાઃ**

વિદ્યાર્થીઓ જે, વિષયોમાં વધુ નબળા હોય તેવા વિદ્યાર્થીઓ માટે વધારાના વર્ગોની વ્યવવસ્થા કરવી જોઈએ. વધારાના વર્ગોની વ્યવસ્થા થવાથી જે તે વિષય અઘરો લાગતો હોય તે વિષય સહેલો બનશે અને તેના પરિણામે સ્થગિતતાનું પ્રમાણુ ઓછું થશે. માનસિક રીતે નબળા હોય તેવા વિદ્યાર્થીઓને પણ વધારાના વર્ગો લેવા લેવાથી ફાયદો થશે.

**(3) લાયકાતવાળા શિક્ષકોની ભરતી :**

શાળામાં શક્ય હોય ત્યાં પૂરતી લાયકાતવાળા શિક્ષકોની ભરતી કરવી જોઈએ, જેથી પૂરતી લાયકાતવાળા શિક્ષકોની ભરતી થતાં વિદ્યાર્થીઓને સરળ રીતે તેમ જ વિદ્યાર્થીઓ સાથે અનુકૂળ રીતે શિક્ષણકાર્ય કરશે. વિદ્યાર્થીઓને અઘરો લાગતો વિષય સરળ અને સહેલો લાગશે.

**(4) તાલીમનુ આયોજન :**

અમુક સમયના આંતરે શિક્ષકો માટે તાલીમનું આયોજન કરવું જોઈએ, શિક્ષણ પદ્ધતિ વિશે સમૂહમાં ચર્ચા કરવી તેમજ આધુનિક પદ્ધતિઓ અને સાધનો વિશે તેમના ઉપયોગ વિષે જરૂરી ચર્ચા કરવી જોઈએ, સ્થગિતતા દૂર કરવા શું કરવુ તેના ઉપાયોની પણ ચર્ચા થઈ શકે.

**(5) મહિલા શિક્ષકની ભરતી :**

શાળામાં વધુ મહિલા શિક્ષકની ભરતી કરવી જોઈએ. જેથી છોકરી પોતાના પ્રશ્નો અને સમસ્યા અંગે મહિલા શિક્ષકની સાથે જરુરી ચર્ચા કરી શકે તેમ જ મહિલા શિક્ષક સાથે ''ખૂબ નજીક આવી શકે, એકબીજાની વધુ નજીક આવવાથી વિદ્યાર્થીઓને શાળામાં વધુ અભ્યાસ માટે રસ ઉત્પન્ન થશે.

**(6) સમાજ શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણને વેગ આપવો :**

શાળામાં કે ગ્રામમાં સમાજ શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણનું પ્રમાણ વધે તે માટે પ્રયત્ન હાથ ધરવા જોઈએ. અભણ લોકોનું પ્રમાણ વધુ જોવા મળે છે. નિરક્ષરતાનું પ્રમાણ ઘટતા, કેટલીક માન્યતાઓ જે ઘર કરી ગઈ છે તે દૂર થશે, શાળા અને સમાજ એકબીજાની ખૂબ નજીક આવશે અને એકબીજાના પ્રશ્ન સમજશે અને તેને દૂર કરવાના ઉપાયો થઈ શકે.

**(7) શાળા અને સમાજ વચ્ચેની ખાઈ દૂર કરવી :**

શાળા અને સમાજ વચ્ચેની ખાઈ દૂર કરવા માટે શાળા દ્વારા પ્રયત્ન હાથ ધરવાં જોઈએ. શાળામાં તેના માટે કેટલાંક કાર્યક્રમો હાથ ધરવાં જેથી બંને એકબીજાની નજીક આવે અને વિદ્યાથીઓના પ્રશ્નો અને શાળાના પ્રશ્નો સમજતાં થાય, જેથી સ્થગિતતાનું પ્રમાણ ઘટશે.

**(8) ફરજિયાત વિષયોનું પ્રમાણ ઘટાડવું :**

શાળામાં ધોરણ દસમા જે પાંચ વિષયો ફરજિયાત બનાવી દેવામાં આવેલા છે તેથી નબળાં વિદ્યાર્થીઓને વધુ મુશ્કેલીઓ પડે છે. અમુક વિષયો વધુ અઘરાં લાગે છે. વધુ વિકલ્પોની વ્યવસ્થા થવાથી, વિદ્યાર્થીને પસંદ હોય, તેને જે વિષયોમાં વધુ રસ હોય તેવાં વિષયો પસંદ કરી શકે, જેથી સ્થગિતતાનું પ્રમાણ ઘટાડી શકાય.

**(9) પરીક્ષા પદ્ધતિમાં સુધારો કરવો :**

વર્તમાન પરીક્ષા પદ્ધતિમાં પરિવર્તન કરવું જોઈએ, પરીક્ષા પદ્ધતિમાં વધુ અનાત્મલક્ષી પ્રશ્નો તેમજ ટૂંકા પ્રશ્નોનું પ્રમાણ વધારવું. વર્ષ દરમિયાન શાળામાં વિદ્યાર્થીનું સતત અને સર્વાગ્રાહી મૂલ્યાંકન થાય તેવી પદ્ધતિનુ આયોજન કરવું. તેમજ પાસ/નાપાસની જે જાહેર કરવાની પદ્ધતિ છે તેમાં પણ સુધારો કરવો. તેની જગ્યાએ ગ્રેડ અપનાવાય તો વધુ ફળદાયી નીવડી શકે.

**(10) રાત્રિ વર્ગો શરૂ કરવા :**

જે વિદ્યાર્થીને ઘેર વાંચન માટેની વ્યવસ્થા નથી, તેવા વિદ્યાર્થીઓ માટે રાત્રિ વર્ગોની વ્યવસ્થા કરવી, ખાસ કરીને નબળાં વિદ્યાર્થીઓ માટે આવી વ્યવસ્થા ગોઠવવામાં આવે તો ત્યાં દરરોજ તેનું સંચાલન શિક્ષકો દ્વારા થાય અને ત્યાં દરરોજ જે તે વિષયના શિક્ષકો આવે. વિદ્યાર્થીઓ જે વિષય અઘરો લાગતો હોય તે અંગે શિક્ષકની સાથે ચર્ચા કરી શકે.

**(12) શિક્ષકનો કાર્ય બોજ ઘટાડવો :**

હાલમાં એક શિક્ષકનો જે કાર્ય બોજ નકકી કરવામાં આવેલોં છે તેના પ્રમાણમાં ઘટાડો કરવો તેમજ વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યાનુ પ્રમાણ છે તેમાં ઘટાડો કરવો, જેથી શિક્ષકો વિદ્યાર્થીઓ તરફ વધુ ધ્યાન આપી શકે, સ્થગિતતાનું પ્રમાણ ઓછું કરી શકાય.

પ્રાથમિક શાળામાં આવતાં વિદ્યાર્થીઓનો પાયો કાચો હોય છે પ્રાથમિક વિભાગમાં તેના ઉપર વધુ ભાર આપવો. સ્થાનિક વિસ્તાર પ્રમાણે શાળાના સમયમાં ફેરફાર કરવાની જરૂરિયાત ઊભી થાય તો તેમાં ફેરફાર કરવા, આમ ઉપરના કેટલાંક ઉપાયો હાથ ધરવામાં આવે તો સ્થગિતતાનું પ્રમાણ ઘટાડી શકાય.

## (4) શિક્ષક તાલીમની સમસ્યા

**પ્રસ્તાવના**

પ્રાથમિક શિક્ષણ એટલે 6 થી 14 વર્ષની વયકક્ષાનાં બાળકોને પૂરું પાડવામાં આવતું 1 થી 7 કે 8 ધોરણ સુધીનું શિક્ષણ. શિક્ષણના સોપાનના પાયામાં પ્રાથમિક શિક્ષણ રહેલું છે. સમગ્ર શિક્ષણનો પાયો જ પ્રાથમિક શિક્ષણ ગણાય છે અને આથી જ પ્રાથમિક શિક્ષણ જેટલું સંગીન અને ક્ષમતાપૂર્ણ એટલી જ સમગ્ર શિક્ષણ પ્રક્રિયાની ગુણવત્તા ઊંચી ગણાય. શિક્ષણની ગુણવત્તા ઊંચી લાવવા માટે પ્રાથમિક શિક્ષણને સંગીન બનાવવું પડશે. પ્રાથમિક શિક્ષણને સંગીન બનાવવું એ દેશ માટે ઘણી જ ગંભીર સમસ્યા છે, કારણ કે દેશમાં ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ સ્વીકારવામાં આવ્યું છે. આથી પ્રાથમિક શિક્ષણનું વિસ્તરણ થયું છે.

રાજ્ય બંધારણે મફત, ફરજિયાત, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનો આદેશ આપ્યો, કારણ કે લોકશાહી દેશના પ્રત્યેક નાગરિકે ઓછામાં ઓછું પ્રાથમિક શિક્ષણ તો લેવું જ જોઈએ. એથી વધારે શિક્ષણ એ મેળવી શકે તો તે વધુ ઉત્તમ ગણાય, પરંતુ લોકશાહીનો કોઈપણ નાગરિક પ્રાથમિક શિક્ષણથી વંચિત રહેવો જોઈએ નહિ.

પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ કરાતાં વધુ ને વધુ શાળાઓ ખોલવાની જરૂરિયાત ઊભી થઈ. વધુ ને વધુ શાળાઓ શરૂ થતાં શિક્ષકોનો જરૂરિયાત પણ ઊભી થઈ. શરૂઆતમાં તો આપણા દેશમાં માત્ર શાળાંત પરીક્ષા પાસ કરેલાં તાલીમ મેળવ્યા વિનાના શિક્ષકોની ભરતી કરવામાં આવી. આથી પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા ઓછી થઈ.

પ્રાથમિક શાળામાં જોડાતું બાળક એક કૂમળા છોડ જેવું છે. તેને જે રીતે વાળીએ તે રીતે વાળી શકાય છે. તેને આપણે ધારીએ તેવું બનાવી શકીએ છીએ, પરંતુ આ બધાનો આધાર શિક્ષક પર છે. આ માટે તાલીમ પામેલાં ઉત્તમ શિક્ષકોની જરૂર છે. પ્રાથમિક કક્ષાએ યોગ્ય તાલીમ પામેલાં શિક્ષકો મેળવવા એ એક મહત્ત્વની સમસ્યા છે.

## (2) શિક્ષકની તાલીમ

પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ થતાં પ્રાથમિક કક્ષાએ તાલીમ પામેલાં શિક્ષકો મેળવવાનો પ્રશ્ન વિકટ છે. પ્રાથમિક કક્ષાએ બાળકોના યોગ્ય શિક્ષણ માટે સંખ્યાબંધ તાલીમ પામેલાં શિક્ષક ભાઈઓ તથા બહેનોની જરૂર છે. આ માટે 40 થી 50 વિદ્યાર્થીઓએ એ એક તાલીમ પામેલોં શિક્ષક એ રીતે વધારાના શિક્ષકની તાલીમની વ્યવસ્થા કરવાની રહે તે સ્વાભાવિક છે. આ માટે નીચે આપેલાં પગલાં અમલમાં મૂકવાં જોઈએ.

- તાલીમી શિક્ષકોની ખોટ પૂરી કરવા નવી તાલીમી કૉલેજો શરૂ કરવી જોઈએ.
- તાલીમી કૉલેજોને અદ્યતન શૈક્ષણિક સુવિધાઓથી સજ્જ કરવી જોઈએ.
- તાલીમી કૉલેજોમાં યોગ્ય લાયકાત ધરાવતાં પ્રશિક્ષકો નીમવાં જોઈએ.
- તાલીમ સંસ્થાઓ પૈકી 70 ટકા જેટલી સંસ્થાઓ ગ્રામ વિસ્તારોમાં હોય એ ઇચ્છનીય છે.
- મહિલા શિક્ષકોને તાલીમ માટે ઉદાર ભથ્થાં કે એના જેવી ઇતર સહાય આપવી જોઈએ.

શિક્ષણનું સાર્વત્રિકરણ કરાતાં શરૂઆતમાં શાળાંત પરીક્ષા પસાર કરી હોય તેવા બિનતાલીમી શિક્ષકોની ભરતી કરવામાં આવી હતી. ત્યાર બાદ આ શિક્ષકોને તાલીમી કૉલેજોમાં તાલીમ લેવા માટે ભરતી કરવામાં આવતી હતી. આ સમયે શિક્ષકને સરકાર તરફથી તાલીમી ભથ્થું આપવામાં આવતું હતું. ધીમે ધીમે બિનતાલીમી શિક્ષકોની ભરતી બંધ થઈ ગઈ છે. સાથે સાથે શાળાંત શિક્ષકોની નિમણૂંક કરવાની પ્રથા પણ બંધ થઈ. હવે તો એસ.એસ.સી. પછી બે વર્ષની તાલીમ મેળવેલી હોય તેવાં શિક્ષકોની જ ભરતી કરવામાં આવે છે. આથી પ્રાર્થામિક શેક્ષણમાં તાલીમ પામેલાં શિક્ષકોનું પ્રમાણ વધ્યું છે.

પ્રાથમિક શિક્ષકો તરીકે જોડાવા ઇચ્છતી વ્યક્તિઓને તાલીમ આપવાનું કાર્ય પ્રાથમિક શિક્ષક તાલીમી કૉલેજો કરે છે. તાલીમ માટે આવતાં શિક્ષકોને સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક એમ બે પ્રકારનું કાર્ય કરવાનું હોય છે. તાલીમીઓ માટે છાત્રાલય નિવાસ ફરજિયાત હોય છે. પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક ક્ષમતા ધરાવતી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ આપવાનું હોય છે. એની પ્રત્યક્ષ તાલીમ આ તાલીમી કૉલેજોમાં આપવામાં આવે છે.

તાલીમ દરમિયાન વર્ષમાં એક અઠવાડિયું સતત શિક્ષણ આપવા માટે ગ્રામ વિસ્તારોમાં જવાનું હોય છે. તાલીમાર્થીઓ ગામડાની શાળામાં વાસ્તવિક વાતાવરણમાં શિક્ષણકાર્ય કરે છે. પ્રાતઃકાળે તેમજ સાયંકાળે પ્રાર્થના, ધૂન વગેરે સમૂહમાં કરે છે. રાત્રે ભજન, લોકગીતો યોજે છે. સફાઈ, પ્રદર્શન, ઉજાણી, નજીકમાં પર્યટન, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે પ્રવૃત્તિઓમાં સક્રિય રસઃલેવા બાળકોને પ્રોત્સાહિત કરે છે. આ રીતે શાળાનાં બાળકોમાં રહેલી શક્તિઓને વિકસાવે છે.

## (3) તાલીમી કૉલેજોની મર્યાદાઓ

પ્રાથમિક શિક્ષકોની તાલીમ અંગેનું કાર્ય તાલીમી કૉલેજો કરે છે, પરંતુ આ તાલીમી કૉલેજોની નીચે આપેલી કેટલીક મર્યાદાઓ પણ જોવા મળે છે.

- તાલીમી કૉલેજો દ્વારા શિક્ષકની તાલીમમાં સૈદ્ધાંતિક શિક્ષણ પર વધુ પડતો ભાર મૂકવામાં આવે છે, જ્યારે પ્રાયોગિક કાર્ય અને પ્રત્યક્ષ શિક્ષણ પર અપૂરતું ધ્યાન આપવામાં આવતું હોય છે.
- પ્રાથમિક શિક્ષણમાં તાલીમી કૉલેજોમાં તાલીમી શિક્ષકના શિક્ષણ પાઠોમાં પદ્ધતિની અને વિચારોની જડતા તેમજ એક જાતનું ઘરેડપણું જોવા મળે છે. તેમાં કોઈ નવીનતા જણાતી નથી.
- તાલીમી કૉલેજોમાં અધ્યેતાકેન્દ્રી કેટલીક પદ્ધતિઓ કે પ્રવૃત્તિ પદ્ધાંતેઓ , સમવાય શૈક્ષણિક અનુભવો વગેરેની કેવળ વાતો જ થાય છે, પરંતુ તાલીમાર્થીઓને તેને પ્રત્યક્ષરૂપે અમલમાં

મૂકવાની તક મળતી નથી. તાલીમી કૉલેજોમાં આ રીતે પ્રત્યક્ષ કાર્યતાલીમ પૂરતા પ્રમાણમાં મળતી નથી.

– તાલીમી કૉલેજોમાં તાલીમાર્થી શિક્ષક અન્ય તાલીમાર્થી શિક્ષકોના શિક્ષણ પાઠોનું નિરીક્ષણ કરે છે. તેમ છતાં તેમને નિષ્ણાંત શિક્ષકોના શિક્ષણ પાઠોનું નિરીક્ષણ કરવાની જોઈતી સગવડ હોતી નથી.

– ઘણી તાલીમી કૉલેજોમાં પૂરતો અધ્યાપકગણ નથી.

– તાલીમ લીધા પછી પણ શિક્ષક તરીકેની તાત્કાલિક નોકરી મળતી નથી. આથી શિક્ષકો હતાંશ બને છે.

– તાલીમ પામેલાં શિક્ષકોના વિશેષ શિક્ષણની સુવિધા હોય તેવું જણાતું નથી.

– કેટલીક તાલીમી કૉલેજોને તેમની પ્રાયોગિક શાળા પણ હોતી નથી. વળી નવી ક્રિયાત્મક પદ્ધતિઓનો ઉપયોગ કરી શકાય એવું મકાન, ખંડો, સિમરન સુવિધા પણ ઘણી ઓછી તાલીમી કૉલેજોમાં હોય છે.

– તાલીમી કૉલેજોમાં પ્રાથમિક શિક્ષકોની તાલીમમાં સતત શિક્ષણ માટે ગ્રામ વિસ્તારોમાં કામ કરવા પર ભાર મૂકવામાં આવે છે. છતાં ગ્રામ જનતાનો પૂરતો સહકાર તાલીમાર્થી શિક્ષકોને મળતો નથી.

**(4) તાલીમી કૉલેજો અને પ્રાથમિક શિક્ષણ સુધારણા**

દેશમાં મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનો પ્રસાર થઈ રહ્યો છે. દેશના પછાત અને જંગલના અંદરના ભાગોમાં વસતા આદિવાસીઓ સુધી શાળાઓ પહોંચી છે. પરિણામે શાળાઓ વધી, શાળાએ આવતાં બાળકોની સંખ્યા વધી, શિક્ષકોની સંખ્યા વધી. આમ, પ્રાથમિક શિક્ષણનો પ્રસાર વધ્યો પરંતુ તેની ગુણવત્તા ઘટતી જાય છે.

પ્રાથમિક શિક્ષણ એ તો પાયાનું શિક્ષણ છે. રાષ્ટ્ર અને સમાજની જરૂરિયાતને પોષે એવું ગુણવત્તાવાળું પાયાનું શિક્ષણ જરૂરી છે. ગુણવત્તા વિહોણો પ્રસાર ફળદાયી બનતો નથી. આથી પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા જરૂરી કાર્યક્રમો હાથ ધરવાં જોઈએ.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986 ના સંદર્ભમાં સમગ્ર રાષ્ટ્રમાં એકસરખો ઊંચી ગુણવત્તા ધરાવતો અભ્યાસક્રમ ધોરણ 1 થી 12 સુધી અમલમાં મૂકવામાં આવ્યો છે. અભ્યાસક્રમ સુધરે એ અગત્યની બાબત છે, પરંતુ એકલો અભ્યાસક્રમ સુધારવાથી શિક્ષણનું સ્તર ઊંચું આવે નહીં. અભ્યાસક્રમને અમલમાં મૂકનારા શિક્ષકોની યોગ્યતા પણ વિચારવી પડશે. આ માટે તાલીમી કૉલેજોની જરૂરિયાતો સમજવી પડશે. તાલીમી કૉલેજોમાં જરૂરી લાયકાત ધરાવતાં પૂરતાં અધ્યાપકો અને પૂરતી શૈક્ષણિક સુવિધાઓ હશે તો તેઓ પ્રાથમિક શિક્ષકની તાલીમ ઉપરાંત પ્રાથમિક શિક્ષણની સુધારણા અંગે પણ ઉત્તમ કાર્ય કરી શકશે.

પ્રાથમિક શાળાઓમાં તાલીમ પામેલાં શિક્ષકો શિક્ષણનું કાર્ય કરતા હોય તો શિક્ષણનું સ્તર ઊંચું આવે. છતાં પ્રાથમિક શિક્ષણનું સ્તર જોઈએ તેટલું ઊંચું આવ્યું હોય તેવું જણાતું નથી. દિન-પ્રતિદિન આ સ્તર નીચું ઊતરતું જ જાય છે એવી સાર્વત્રિક ફરિયાદો પણ સાંભળવા મળે છે. આ માટે મહત્ત્વનું કારણ પ્રાથામિક શિક્ષણનું સાર્વત્રિકરણ છે. આ ઉપરાંત આ માટે નીચે જેવાં કેટલાંક કારણો પણ જવાબદાર હોવાનું જણાય છે :

– તાલીમ પામેલાં શિક્ષકો નોકરી દરમિયાન વિશેષ વાંચન કે ઇતર વાંચનથી વિમુખ રહેતા હોય છે.

– તાલીમી કૉલેજોમાં તાલીમ દરમિયાન મેળવેલ પ્રાયોગિક તાલીમનો ઉપયોગ શિક્ષકો વ્વવસાયમાં જોડાયા પછી ભાગ્યે જ કરતા જણાય છે.

– નવું જાણવાની અને શીખવાની તેમની જિજ્ઞાસાવૃત્તિનો મોટા ભાગના શિક્ષકોમાં નાશ થયો હોય છે.

– પ્રાથમિક શિક્ષકો એક સાથે અનેક ધંધાઓ પણ કરતાં હોવાથી શિક્ષણના વ્યવસાયને યોગ્ય ન્યાય આપી શકતાં નથી.

આ સંદર્ભમાં પ્રાથમિક શિક્ષકોને સાચી દિશા પૂરી પાડી પ્રાથમિક શિક્ષણની સુધારણા કરવાનું કાર્ય તાલીમી કૉલેજોએ કરવાનું હોય છે. તાલીમી કૉલેજો સેવા વિસ્તરણ કેન્દ્ર તરીકે પ્રાથમિક શિક્ષણ સુધારવામાં અગત્યનો ફાળો આપે છે. પોતાની આજુબાજુના દસ કિલોમીટર વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાઓને વિસ્તરણ કાર્યક્રમ દ્વારા પ્રાથમિક શિક્ષણક્ષેત્રે સુધારણા માટે મહત્ત્વનો ફાળો આપી શકે છે. ઘણી ખરી તાલીમી સંસ્થાઓ તેની આજુબાજુના શિક્ષકોને સેવા વિસ્તરણ કાર્યક્રમો દ્વારા નવીન પ્રવાહોથી વાકેફ રાખે છે.

તાલીમી કૉલેજો આજુબાજુની પ્રાથમિક શાળાઓ માટે એક નવું કેન્દ્ર બની રહે છે કે જ્યાંથી પ્રાથમિક શાળાના શિક્ષકો અને આચાર્યો જરૂર હોય તેવાં પુસ્તકો, શૈક્ષણિક સાધનો વગેરે શાળાના ઉપયોગ માટે અવારનવાર મેળવે છે. આ રીતે તાલીમી કૉલેજોના સંપર્કમાં રહી પોતાની જાતને અદ્યતન રાખી શકે છે.

તાલીમી કૉલેજોમાં સહશિક્ષણ જેવી પ્રવૃત્તિઓ કે કાર્યશિબિરો, પરિસંવાદો, કેળવણીકારોનાં પ્રવચનો, પ્રદર્શનો, જ્ઞાનવર્ધક શિબિરો વગેરે યોજવામાં આવે છે.આ વખતે આજુબાજુની પ્રાથમિક શાળાના શિક્ષકો અને આચાર્યોને નિમંત્રવામાં આવે છે. આ રીતે તેઓના જ્ઞાનને સંવર્ધિત કરી પ્રાથમિક શિક્ષણની સુધારણાનું કાર્ય તાલીમી કૉલેજો કરે છે.

**પ્રાથમિક શિક્ષણ અને નોકરી દરમિયાન તાલીમ**

નોકરી દરમિયાનની પ્રાથમિક શિક્ષકની તાલીમને પોતાની એક સીધી ફરજ તરીકે સરકારે સ્વીકારી નથી. આથી નોકરી દરમિયાન તાલીમનો પ્રશ્ન હજુ સુધી ગંભીરતાથી વિચારાયો નથી.

નીચે જેવાં હેતુસર નોકરી દરમિયાન શિક્ષકોને તાલીમ આપવાની ખાસ જરૂર છે.

– પ્રાથમિક શિક્ષણમાં થતાં નવા પ્રયોગો અને પદ્ધતિઓથી શિક્ષક વાકેફ રહે.
– તાલીમ દરમિયાન મેળવેલ વ્યવસાયમાં પડ્યા પછી ભૂલાઈ ગયેલી બાબતો તાજી થાય.
– પ્રત્યક્ષ અનુભવ દ્વારા નક્કર માર્ગદર્શન મેળવે.
– વિવિધ શૈક્ષણિક સાધનો, અધ્યેતાકેન્દ્ર શિક્ષણપદ્ધતિઓ અને પ્રવિધિઓના ઉપયોગનું જ્ઞાન મેળવે.
– પ્રાથમિક શિક્ષણની વિવિધ સમસ્યાઓ અંગે વિચારોની આપ-લે કરવાની તક મળે અને આવા અનુભવ દ્વારા પોતાનો આત્મવિશ્વાસ કેળવે.
– વિદ્યાર્થી, શિક્ષણ, શાળા, સમાજ વગેરે તરફના તેના માનસિક વલણમાં આરોગ્યપ્રદ પરિવર્તન આવે.
– સેવાકાલીન તાલીમથી શિક્ષકનું દષ્ટિબિંદુ વિશાળ બને છે અને કૂપમંડૂકતા દૂર થઈ શિક્ષણના વ્યવસાય પ્રત્યે તંદૂરસ્ત વલણ કેળવાય છે.

**(6) શિક્ષક તાલીમની સમસ્યા નિવારવાના ઉપાયો**

દેશમાં પ્રાથમિક શિક્ષણનો પ્રસાર થતાં તાલીમ પામેલાં શિક્ષકો પૂરા પાડવા માટે પ્રાથમિક શિક્ષક તાલીમી કૉલેજો શરૂ થઈ. આ તાલીમી કૉલેજોની અગાઉ જોઈ તેના જેવી કેટલીક મર્યાદાઓને લીધે શિક્ષકની તાલીમને લગતી કેટલીક સમસ્યાઓ ઊભી થઈ. આ સમસ્યાઓ નિવારવા માટે નીચે જેવાં કેટલાંક ઉપાયો લેવાં જોઈએ.

– દેશની તાલીમી કૉલેજોને શૈક્ષણિક સાધનોથી સુસજ્જ કરવી જેથી તેઓ તાલીમી શિક્ષકોને વિવિધ પ્રકારના શૈક્ષણિક અનુભવો પૂરાં પાડી શકે.
– તાલીમી કૉલેજોમાં નિમાતા અધ્યાપકો ઊંચી શૈક્ષણિક લાયકાત ધરાવતાં હોય તે જરૂરીછે. ઊંચી શૈક્ષણિક લાયકાત ધરાવતાં અધ્યાપકો જ તાલીમી શિક્ષકોને સાચું નેતૃત્વ પૂરું પાડી શકે.

- શૈક્ષણિક સંશોધન અને તાલીમની રાષ્ટ્રીય પરિષદે (NCERT) શિક્ષક તાલીમની સમસ્યા દૂરકરવા પરિસંવાદો, જૂથચર્ચા, શિબિરોયોજીને વિચાર-વિનિમયની તક પૂરી પાડી અસરકારક શિક્ષણ માટેનાં પ્રોજેક્ટ અમલમાં મૂકવાં જોઈએ.
- તાલીમી કૉલેજોએ પણ શિક્ષકની સઘન તાલીમ પર ભાર મૂકવો જોઈએ. આ કૉલેજોએ માત્ર સૈદ્ધાંતિક શિક્ષણ પર ભાર ન મૂકતાં તેમને પ્રત્યક્ષ અને પ્રાયોગિક શિક્ષણ પર ભાર મૂકવો જોઈએ.
- શિક્ષક તાલીમી કૉલેજોએ રૂઢિગત શિક્ષક તાલીમ પ્રણાલીને તિલાંજલી આપી દઈ વાસ્તવિક તાલીમ આપવી જોઈએ.
- પ્રાથમિક શિક્ષક બનવા માટે પ્રાથમિક શિક્ષકની તાલીમ લીધા પછી તાત્કાલિક નોકરી મળતી નથી. તાલીમાર્થીઓમાં પ્રવેશ મેળવવા માટે કે પ્રવેશ મેળવતી વખતે જેટલોં ઉત્સાહ હોય છે તેટલો ઉત્સાહ તાલીમ દરમિયાન રહેવા પામતો નથી. આથી પણ તેઓ પૂરતી તાલીમ મેળવતાં નથી.
- શિક્ષકો માટેની તાલીમી કૉલેજોને લોકો તરફથી પૂરતી આર્થિક મદદ મળતી હોતી નથી. આથી નાણાંકીય તૂટને લીધે શિક્ષકની તાલીમમાં કચાશ રહેવા પામે છે. આ માટે સરકારે આવી કૉલેજોને પૂરતી નાણાંકીય મદદ કરવી જોઈએ.
- તાલીમી ક્ષેત્રે પ્રવેશેલાં ધંધાદારી સંચાલકો દ્વારા ચલાવાતી કૉલેજો બંધ કરાવી દઈ કે તેમના પર ચાંપતી નજર રાખી શિક્ષકોની તાલીમમાં રહેવા પામતી-કચાશ દૂર થાય તે માટે સરકારે સક્રિય રહેવું જોઈએ.

**(7) શિક્ષક તાલીમની સમસ્યા હલ કરવા લેવાયેલાં પગલાં**

મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ સ્વીકારાતા દેશમાં દૂર દૂરનાં ગામડાંઓમાં પ્રાથમિક શાળાઓ શરૂ થઈ. આ પ્રાથમિક શાળાઓ માટે શિક્ષકોની માંગ ઊભી થઈ. દેશમાં પ્રાથમિક શિક્ષકોની માંગને પહોંચી વળવા પ્રાથમિક શિક્ષકોની તાલીમ માટેની કૉલેજો બિલાડીના ટોપની માફક ફૂટી નીકળી. પ્રાથમિક શિક્ષણના વિસ્તરણ કાર્યક્રમ હેઠળ ઘણી લેભાગુ તાલીમી કૉલેજો પણ અસ્તિત્વમાં આવી. આથી પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધરવાને બદલે નીચી ઊતરી. આથી સરકારે આવી સંસ્થાઓ સામે ત્રીજી યોજનાથી કડક હાથે કામ લેવા માંડ્યું હતું. જે સંસ્થાઓ ઉતરતી ગુણવત્તાની માલૂમ પડી હતી તેને ધીમે ધીમે બંધ કરવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. પરિણામે ઘણી સંસ્થાઓ બંધ કરાઈ. એ સમયે ગુજરાતમાં 80 જેટલી તાલીમી કૉલેજો હતી તે ઘટાડીને 35 કરવામાં આવી હતી.

સ્વતંત્રતા પછી ભારતમાં પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત અને સાર્વત્રિક બનાવાતા દેશમાં પ્રાથમિક શિક્ષણનું વિસ્તરણ થયું. આ માટેનું એક કારણ વસ્તીવધારો પણ ગણી શકાય, પરંતુ ગમે તેમ પણ દેશમાં પ્રાથમિક શાળાઓમાં અને પ્રાથમિક શિક્ષણ મેળવનારાઓમાં વધારો થયો. આના અનુસંધાનમાં શિક્ષકોની સંખ્યા પણ વધી. સંખ્યા વિરુદ્ધ ગુણવત્તા એ સૂત્રાનુસાર સંખ્યા વધે તો ગુણવત્તા ઘટે જ. આથી ભારતમાં શિક્ષણના પ્રસાર સાથે શિક્ષણની ગુણવત્તાનું ધોરણ નીચું ગયું.આ નીચે ગયેલી શિક્ષણની ગુણવત્તાને સુધારવાના હેતુથી અર્થાત્ પ્રાથમિક શિક્ષણમાં સુધારણા કરવાના હેતુથી કેન્દ્ર સરકારે 1964 માં પ્રત્યેક રાજ્યમાં રાજ્ય-શિક્ષણ ભવનની સ્થાપના કરવાની એક યોજના ઘડી કાઢી. આ યોજના હેઠળ ગુજરાત સહિત બાર રાજ્યોમાં રાજ્ય શિક્ષણ ભવનો સ્થપાયાં.

રાજ્ય શિક્ષણ ભવનો રાજ્યના શિક્ષણ ખાતાની શૈક્ષણિક પાંખ છે. શિક્ષણનો પ્રસાર થાય અને શિક્ષણની ગુણવત્તા સુધરેએ અંગે સમાજ અને શિક્ષકને સાથે મળીને વિચારતાં કરવાની તેમજ એ અંગે નક્કર કાર્યક્રમ ઘડી કાઢી તેનો અમલ કરવાની જવાબદારી રાજ્ય શિક્ષણ ભવનો બજાવે છે.

રાજ્ય શિક્ષણ ભવનો શિક્ષણના રોજિંદા પ્રશ્નોને વૈજ્ઞાનિક અભિગમ વાપરીને ઉકેલે એ બાબત પર ભાર મૂકે છે. આમ, રાજ્ય શિક્ષણ ભવન પ્રાથમિક શિક્ષણ સુધારણાની કાર્યવાહી કરે છે.

આ ઉપરાંત તાલીમી કૉલેજોની તાલીમને લગતી સમસ્યાના ઉકેલ માટે તાલીમી કૉલેજોના કાર્યક્રમો, સેવા વિસ્તરણની પ્રવૃત્તિ, સામાન્ય શિક્ષણનો વિકાસ, બુનિયાદી શિક્ષણનો વિકાસ વગેરેમાં વિશેષ રસ લઈને તે અંગેના રાજ્યવ્યાપી કાર્યક્રમોનું આયોજન કરી આ કાર્યક્રમો નિયમિત રીતે યોજે છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986 શિક્ષક તાલીમની સંમસ્યાના ઉકેલ સ્વરૂપે નોંધ્યું છે કે શિક્ષકોનું શિક્ષણ એ એક સતત પ્રક્રિયા છે અને પૂર્વ સેવા અને સેવાકાલીન શિક્ષણ એ એકબીજા સાથે સંલગ્ન છે. પ્રથમ પગલા રૂપે શિક્ષક પ્રશિક્ષણ પદ્ધતિને તલસ્પર્શી રીતે ચકાસવાંમાં આવશે.

શિક્ષક પ્રશિક્ષણના નવા કાર્યક્રમોમાં સતત શિક્ષણ અને આ શિક્ષણનીતિમાં જે-જે બાબતો પહોંચી વળવાની ક્ષમતા શિક્ષકોમાં કેળવાય તે બાબતે વધારે ધ્યાન આપવામાં આવશે.

ડિસ્ટ્રિક્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઍજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ (DIET)ની જિલ્લાવાર સ્થાપના કરવામાં આવશે અને પ્રાથમિક શિક્ષકોને અવૈધિક શિક્ષણ અને પ્રૌઢશિક્ષણમાં કઈ રીતે કામ કરવું તે માટેની પૂર્વ સેવાકાલીન તાલીમ આપવામાં આવશે.

DIET ની સ્થાપનાં થયેથી જે શૈક્ષણિક રીતે નીચા સ્તરની જણાય તેવી સંસ્થાઓને ક્રમશઃ બંધ કરવામાં આવશે.

કેટલીક પસંદ કરેલી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજોને સ્ટેટ કાઉન્સિલ ઑફ ઍજ્યુકેશન એન્ડ રિચર્સની કામગીરી કરવા માટે વિકસાવવામાં આવશે. નેશનલ કાઉન્સિલ ઑફ ટીચર્સ ઍજ્યુકેશન (NCTE) ને શિક્ષક પ્રશિક્ષણની સંસ્થાઓના મૂલ્યાંકનને માટે અને અભ્યાસક્રમ અને શિક્ષણ પદ્ધતિઓ બાબતે માર્ગદર્શન આપવા માટે સાધન સંપન્ન રીતે સુસજ્જ કરવામાં આવશે. યુનિવર્સિટીના શિક્ષણ વિભાગો અને શિક્ષક-પ્રશિક્ષણની સંસ્થાઓ વચ્ચે આંતર જોડાણ કરવામાં આવશે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986 માં દર્શાવ્યા પ્રમાણે શિક્ષક તાલીમની સમસ્યાને હલ કરવા માટે જિલ્લા કક્ષાએ ડિસ્ટ્રિક્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઍજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ (DIET) જિલ્લાવાર સ્થાપના કરવામાં આવી છે. આ સંસ્થાઓ રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986 માં નિર્દેશિત કાર્યક્રમો કરવા માંડી છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986 માં નિર્દેશ કર્યા મુજબ નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર્સ ઍજ્યુકેશનનાં પ્રાદેશિક કેન્દ્રો સ્થાપીને તે પ્રાદેશિક કેન્દ્રમાં આવતી શિક્ષક પ્રશિક્ષણની સંસ્થાઓના મૂલ્યાંકનની કામગીરી સોંપવામાં આવી છે.

નેશનલ કાઉન્સિલ ઑફ ટીચર્સ ઍજ્યુકેશનની માન્યતા મેળવવાની દરેક શિક્ષકની તાલીમ સંસ્થાને ફરજ પાડવામાં આવી છે. જે સંસ્થા 15 માર્ચ, 1996 પહેલાં તેની માન્યતા મેળવવા જરૂરી પ્રવેશપત્ર અને રજિસ્ટ્રેશન ફી નહિ ભરે તેની માન્યતા આપોઆપ રદ થશે એવું ફરમાન બહાર પાડવામાં આવ્યું. અત્યાર સુધી આ નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર્સ ઍજ્યુકેશન બિન કાર્યરત સંસ્થા હતી. તેને દેશમાં શિક્ષકની તાલીમ અને એ તાલીમ પૂરી પાડતી સંસ્થાઓના મૂલ્યાંકનની જબરદસ્ત કામગીરી સોંપવામાં આવી છે. આ સંસ્થા અસરકારક રીતે કામગીરી બજાવશે તો દેશમાં શિક્ષક તાલીમને લગતી સમસ્યા હલ થશે એમાં કાંઈ શંકા નથી. વળી શિક્ષક તાલીમને અસરકારક બનાવાશે. સમગ્રદેશની શિક્ષક તાલીમ સંસ્થાઓનો અભ્યાસક્રમ એક સરખો રહેશે. જોકે નેશનલ કાઉન્સિલ ઑફ ટીચર્સ ઍજ્યુકેશને તાલીમ કૉલેજો માટે જરૂરી એવી ભૌતિક સુવિધાઓ અંગે નક્કી કરેલાં ધોરણો ખૂબ જ ઊંચાઇ છે. આથી દેશની બહુ ઓછી સંસ્થાઓ જ ધોરણો પ્રમાણેની હશે.

## (5) સારાંશ

**અપવ્યય :**

- નિશ્ચિત કરેલ સમય મર્યાદામાં અભ્યાસ પૂરો કર્યા વિના બાળક શાળામાંથી ઊઠી જાય છે અને તેની પાછળ ખર્ચેલ નાણાં, સમય અને શક્તિનો બગાડ થાય છે તેને અપવ્યય કહે છે.
- વાલીની આર્થિક પરિસ્થિતિ સારી ન હોય તો વિદ્યાર્થી શાળામાં અનિયમિત રહે છે તેથી વિદ્યાર્થી શાળા છોડી દે છે. અપવ્યય થવા માટેના કારણો જાણીને તેને દૂર કરવાના ઉપાયો વિચારવા પડે.

**સ્થગિતતા :**

- વિદ્યાર્થી માટે અમૂક તબક્કાનું શિક્ષણ લેવા માટે શાળામાં પ્રવેશ કરે છે ત્યારે એવી અપેક્ષા રખાય છે, તે દર વર્ષે ઉત્તીર્ણ થઈને નક્કી કરેલાં વર્ષોમાં તે તબક્કાનો વિદ્યાભ્યાસ પૂર્ણ કરશે, પરંતુ ઘણાં વિદ્યાર્થીઓ એક ધોરણમાં એક કરતાં વધુ વખત નિષ્ફળ થાય છે અને એક જ ધોરણમાં સ્થગિત વિદ્યાર્થી સ્થગિત થઇ જાય છે. જયારે વિદ્યાર્થી એક જ ધોરણમાં સ્થિર થઇ જાય ત્યારે તેને સ્થગિતતા કહે છે.
- સ્થગિતતાના કારણો જાણી તેના ઉકેલ માટેના ઉપાયો વિચારવાં જોઈએ.

**(6) એકમ સ્વાધ્યાય :**

1. અપવ્યય એટલે શું ? તેના કારણો સમજાવો.
2. અપવ્યય ઘટાડવાના ઉપાયો ટૂંકમાં જણાવો.
3. સ્થગિતતા એટલે શું ? તેના કારણો સમજાવો.
4. સ્થગિતતા દૂર કરવાના ઉપાયો ટૂંકમાં જણાવો.
5. શૈક્ષણિક અપવ્યય એટલે શું ? પ્રાથમિક શિક્ષણમાંથી તેને નિવારવાના ચાર મુખ્ય ઉપાયો જણાવો.
6. પ્રાથમિક કક્ષાએ અપવ્યય અને સ્થગિતતાનો ભેદ ઉદાહરણ આપી સ્પષ્ટ કરો.
7. શિક્ષકની તાલીમની સમસ્યા નિવારવાના ઉપાયો જણાવો.
8. શિક્ષકની તાલીમની સમસ્યા હલ કરવા લેવાયેલા પગલાં જણાવો.

**(7) તમારી પ્રગતિ ચકાસો :**

(1) અપવ્યય એટલે શું ?

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

(2) અપવ્યયના કારણો જણાવો.

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

(3) અપવ્યય અટકાવવાના બે ઉપાય જણાવો.

........................................................................
........................................................................
........................................................................
........................................................................

..................................................................

..................................................................

(4) સ્થગિતતા એટલે શું?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(5) સ્થગિતતાના કારણો (કોઈ પણ બે) જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(6) સ્થગિતતા અટકાવવાના બે ઉપાય જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## (8) સૂચિત વાંચન સામગ્રી


1. બારૈયા વી. વી. : શિક્ષણમાં વર્તમાન પ્રવાહો, પ્રતીક પ્રકાશન, આણંદ
2. પટેલ સી. કે. : પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ.
3. તલાટી જિતેશકુમાર તથા અન્ય : માધ્યમિક શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજો, અમોલ પ્રકાશન, અમદાવાદ.
4. પટેલ મોતીભાઈ એમ તથા અન્ય : ભારતીય શિક્ષણના નૂતન પ્રવાહો અને સમસ્યાઓ, બી. એસ. શાહ પ્રકાશન, અમદાવાદ.

એકમ 4

# પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ - 3
# (Problems of Primary Education -3)

## : રૂપરેખા :

(1) પ્રસ્તાવના

(2) કન્યા કેળવણીની સમસ્યા

- પ્રસ્તાવના
- કન્યા કેળવણીના અવરોધો
- કન્યા કેળવણીના વિકાસ માટેના ઉપાયો
- કન્યા કેળવણીના વિકાસ માટે થયેલાં પ્રયત્નો

(3) પછાત વર્ગોનાં બાળકોના શિક્ષણની સમસ્યા

- પ્રસ્તાવના
- અનુસૂચિત જાતિ એટલે શું ?
- અનુસૂચિત જાતિના બાળકોના શિક્ષણની સમસ્યા
- અનુસૂચિત જાતિના બાળકોની સમસ્યાઓ નિવારણના ઉપાયો
- અનુસૂચિત જનજાતિના બાળકોના શિક્ષણની સમસ્યા
- અનુસૂચિત જનજાતિના બાળકોના શિક્ષણના વિકાસ માટેના ઉપાયો (સમસ્યાઓ)
- અનુસૂચિત જનજાતિના કલ્યાણ યોજના

(4) વિચરતી જાતિના બાળકોના શિક્ષણની સમસ્યા

- પ્રસ્તાવના
- વિચરતી જાતિના બાળકોના શિક્ષણ આડેના અવરોધો
- વિચરતી જાતિના બાળકોના શિક્ષણ માટેના ઉપાયો

(5) ક્ષતિ ધરાવતાં બાળકોના શિક્ષણની સમસ્યા

- પ્રસ્તાવના
- શારીરિક ખોળ-ખાંપણવાળા અંગે કોઠારી પંચની ભલામણો
- ક્ષતિવાળા બાળકો માટે વિશિષ્ટ શૈક્ષણિક સુવિધાઓની જરૂરિયાતના કારણો
- ખોળખાંપણવાળા બાળકો માટે શિક્ષણની વ્યવસ્થા
- ખોળખાંપણવાળા બાળકોના શિક્ષણ માટે થયેલાં પ્રયાસ

(6) સારાંશ

(7) એકમ સ્વાધ્યાય

(8) તમારી પ્રગતિ ચકાસો

(9) તમારી પ્રગતિ ચકાસો

(10) સૂચિત વાંચન સામગ્રી

ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે :

(1) પ્રાથમિક શિક્ષણની સમસ્યામાં કન્યા કેળવણીની સમસ્યા સમજી શકશો.

(2) કન્યા કેળવણીના અવરોધો સમજી શકશો.

(3) કન્યા કેળવણીના વિકાસ માટેના ઉપાયો સમજી શકશો.

(4) કન્યા કેળવણીના વિકાસ માટે થયેલાં પ્રયત્નો સમજી શકશો.

(5) પ્રાથમિક શિક્ષણની સમસ્યામાં પછાત વર્ગોના બાળકોના શિક્ષણની સમસ્યા સમજી શકશો.

(6) અનુસૂચિત જાતિના બાળકોના શિક્ષણની સમસ્યા સમજી શકશો.

(7) અનુસૂચિત જનજાતિના બાળકોના શિક્ષણની સમસ્યા સમજી શકશો.

(8) અનુસૂચિત જનજાતિના શિક્ષણ આડેના અવરોધો સમજી શકશો.

(9) અનુસૂચિત જનજાતિના શિક્ષણના વિકાસ માટેના ઉપાયો સમજી શકશો.

(10) અનુસૂચિત જનજાતિના શિક્ષણના વિકાસ માટે થયેલાં પ્રયત્નો સમજી શકશો.

(11) વિચરતી જાતિના બાળકોના શિક્ષણની સમસ્યા સમજી શકશો.

(12) વિચરતી જાતિના બાળકોના શિક્ષણ આડેના અવરોધો સમજી શકશો.

(13) વિચરતી જાતિના બાળકોના શિક્ષણ માટેના ઉપાયોની ચર્ચા કરી શકશો.

(14) ક્ષતિ ધરાવતાં બાળકોના શિક્ષણની સમસ્યા સમજી શકશો.

(15) શારીરિક ખોડખાંપણવાળા બાળકો અંગે કોઠારી પંચની ભલામણો સમજી શકશો.

(16) ક્ષતિવાળા બાળકો માટે વિશિષ્ટ શૈક્ષણિક સુવિધાઓની જરૂરિયાતના કારણોની ચર્ચા કરી શકશો.

(17) ખોડખાંપણવાળા બાળકો માટે શિક્ષણની વ્યવસ્થા સમજી શકશો.

(18) ખોડખાંપણવાળા બાળકોના શિક્ષણ માટે થયેલાં પ્રયાસ સમજી શકશો.

---

## (1) પ્રસ્તાવના

---

- પ્રાથમિક શિક્ષણમાં વિવિધ સમસ્યાઓ જોવા મળે છે. કન્યા કેળવણીની સમસ્યા પછાત વર્ગોના બાળકોના શિક્ષણની સમસ્યા વિચરતી જાતિના બાળકોના શિક્ષણની સમસ્યા ક્ષતિ ધરાવતાં બાળકોના શિક્ષણની સમસ્યા આમ, ચારેય વર્ગો માટે પ્રાથમિક શિક્ષણમાં સમસ્યા જોવા મળે છે.
- ભારતે તેના બંધારણમાં સ્ત્રી કે પૂરુષ લિંગભેદ વિના દરેકને મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ મળે તે આદર્શ સ્વીકાર્યો છે. આથી ફરજીયાત ઉંમરમાં આવતી દરેક શિક્ષણ મેળવે જ એ જરૂરી છે.
- આપણા દેશમાં પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવામાં કન્યા કેળવણીની સમસ્યા દેશ માટે અતિ મહત્ત્વની સમસ્યા બની છે, કારણ કે દેશના ઘણા ભાગોમાં કન્યાઓને શાળાઓમાં મૂકવામાં આવતી જ નથી, તેઓનો શાળા પ્રવેશ ઇચ્છનીય ગણાતો નથી. કન્યાઓને શિક્ષણ મેળવવાથી દૂર રાખવામાં આવે છે. તેના ઘણા કારણો જોવા મળે છે.
- આપણા દેશમાં પછાત વર્ગોમાં સામાન્ય રીતે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિચરતી જાતિના લોકોનો સમાવેશ થાય છે. આ ત્રણેય લોકોની વિવિધ સમસ્યા જોવા મળે છે. શાળાએ આ જાતિના બાળકોને મોકલવામાં આવતાં નથી, ઘણી વાર વાલીની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી, ઘરની જવાબદારી કે મજૂરી કામ કરવામાં આવે છે.
- ક્ષતિ ધરાવતાં બાળકોની સમસ્યા પ્રાથમિક ક્ક્ષાએ જોવા મળે છે. ક્ષતિ ધરાવતાં બાળકોમાં બે પ્રકારની ક્ષતિ ધરાવતાં બાળકોનો સમાવેશ થાય છે. (1) શારીરિક ક્ષતિ ધરાવતા બાળકો (2) માનસિક ક્ષતિ ધરાવતાં બાળકો

**ક્ષતિ ધરાવતા બાળકો**

(1) શારીરિક ક્ષતિ ધરાવતાં બાળકો
- અંધ
- બહેરા-મૂંગા
- વિકલાંગ

(2) માનસિક ક્ષતિ ધરાવતાં બાળકો
- મંદબુદ્ધિ
- અલ્પ બુદ્ધિ
- વિકૃત માણસ

ઉપરોક્ત બંને પ્રકારના બાળકોની પ્રાથમિક કક્ષાએ વિવિધ સમસ્યા જોવા મળે છે. હવે આપણે દરેકનો અભ્યાસ કરીએ.

## (2) કન્યા-કેળવણીની સમસ્યા

### (1) પ્રસ્તાવના

ભારતે તેના બંધારણમાં સ્ત્રી કે પૂરુષ લિંબભેદ વિના દરેને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ મળે એ આદર્શ સ્વીકાર્યો છે. આથી ફરજિયાત ઉંમરમાં આવતી દરેક કન્યા શિક્ષણ મેળવે એ જરૂરી છે. આપણા દેશમાં પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવામાં કન્યા-કેળવણીની સમસ્યા દેશ માટે અતિ મહત્ત્વની સમસ્યા બની છે, કારણ કે દેશના ઘણાં ભાગોમાં કન્યાઓને શાળાઓમાં મૂકવામાં આવતી જ નથી. તેઓનો શાળા પ્રવેશ ઇચ્છનીય ગણાતો નથી.

પ્રાચીન કાળમાં આપણા દેશમાં, શિક્ષણમાં લિંગભેદ ન હતો. સ્ત્રીઓ પણ શિક્ષણ મેળવતી હતી. સમાજ પણ સ્ત્રી-શિક્ષણ તરફ જાગ્રત હતો. પરંતુ કાળક્રમે સ્ત્રીઓને શિક્ષણ મેળવવાથી દૂર રાખવામાં આવી. પરિણામે કન્યા-કેળવણી તરફ દુર્લક્ષ સેવાવા માંડ્યું.

આઝાદીની ચળવળથી દેશમાં આવેલી લોકજાગૃતિ ને લીધે કન્યા-કેળવણી તરફ ઝોક વધ્યો. કન્યા-કેળવણી ક્ષેત્રે સક્રિય પ્રયત્નો પણ થયાં. પરંતુ વિવિધ અવરોધોને કારણે કન્યા-કેળવણીને જોઈએ તેટલો પ્રતિસાદ સાંપડ્યો નહિ. પ્રાથમિક શિક્ષણને ફરજિયાત અને સાર્વત્રિક બનાવાતા કન્યાઓના શિક્ષણનો પ્રશ્ન કેવી રીતે હલ કરવો તે એક વિકટ સમસ્યા બની રહી છે. આ કારણને લીધે જ સ્ત્રી-શિક્ષણ પરની રાષ્ટ્રીય કમિટી એ સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના પ્રશ્નને છોકરીઓ માટે સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના પ્રશ્ન તરીકે ઓળખાવ્યો હતો.

કન્યા-કેળવણી માટે આઝાદી પછી સક્રિય પ્રયત્નો થયાં છે છતાં ભારતનાં રાજ્યોમાં કેળવણીની સ્થિતિ એકસરખી નથી. ભારત ગામડાંનો બનેલો દેશ છે. શહેરોના પ્રમાણમાં ગ્રામપ્રદેશોમાં કન્યા-કેળવણી માટે ઓછી જાગૃતિ છે. સ્ત્રી-શિક્ષણ માટે તેઓમાં એક પ્રકારની સૂગ છે. આને કારણે કન્યા-કેળવણી ઝડપી બની નથી.

### (2) કન્યા- કેળવણીના અવરોધો

સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા પછી દેશમાં કન્યા-કેળવણી માટેના સક્રિય પ્રયત્નો કરવામાં આવ્યા છે, છતાં કન્યા-કેળવણીના વિસ્તૃતીકરણની આડે કેટલાંક અવરોધો આવતાં હોઈ કન્યા-કેળવણીના વિસ્તરણ અને વિકાસ અંગે આપણે પૂરતી સફળતા પ્રાપ્ત કરી શકયાં નથી.

### (12) પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ

આપણા દેશમાં કન્યા-કેળવણીના વિસ્તરણ અને વિકાસમાં આડે આવતાં અવરોધો નીચે પ્રમાણે છે.

### (1) સામાજિક અવરોધો

આપણા દેશમાં સમાજનો અમુક વર્ગ કન્યા-કેળવણી પ્રત્યે ઉદાસીનતા દાખવે છે. તેઓ માને

છે કે કન્યાઓને શિક્ષણ આપવાની જરૂર નથી. સમાજની કન્યા-કેળવણી પ્રત્યેની સૂગ અને ઉદાસીનતા ભર્યો દૃષ્ટિકોણ કન્યા-કેળવણીના વિકાસમાં અવરોધક બને છે.

પછાત વિસ્તારો અને ગામડાંઓમાં કન્યા-કેળવણી માટે સંકુચિત અને નિરુત્સાહ વલણ જોવા મળે છે. આ વિસ્તારના વાલીઓને પોતાની કન્યાઓના શિક્ષણમાં રસ કે ઉત્સાહ નથી.

કન્યાઓ માટે ઘરકામ અને ઘરસંભાળની બાબત જ અગત્યની માનવામાં આવે છે. આથી ઘણાંખરાં માબાપ પોતાની દીકરી શિક્ષણ મેળવવા માટે શાળાએ જાય તે કરતાં ઘરમાં રહી ઘરકામ અને ઘર સંભાળતાં શીખે એ બાબતને મહત્ત્વ આપે છે. પરિણામે કન્યાઓને શાળાએ મોકલતાં નથી.

ભારતમાં બાળલગ્નની પ્રથા ઓછી થઈ હોવા છતાં, કેટલીક કોમોમાં હજુ મોટા પ્રમાણમાં કન્યાઓનાં નાની વયે લગ્ન થઇ જાય છે. લગ્ન પછી તેના અભ્યાસને અટકાવી દેવામાં આવે છે અને તેને શાળામાંથી ઉઠાડી લેવામાં આવે છે.

આપણા દેશમાં કેટલીક જાતિઓમાં બુરખા-પડદા કે ઘૂમટાની પ્રથા હોવાથી વાલીઓ શાળા વયની કન્યાઓને શાળાએ મોકલતાં સંકોચ અનુભવે છે.

સમાજના કેટલાંક વર્ગમાં કન્યા લગ્ન પછી પારકે ઘેર જવાની હોવાથી તેને શિક્ષણની કશી જ જરૂર નથી એવી રૂઢ માન્યતા પ્રવર્તે છે. આથી તેઓ કન્યાઓને શિક્ષણ આપવાનું ઇચ્છતા નથી.

**(1) આર્થિક અવરોધો**

કન્યા-કેળવણી આડે આર્થિક અવરોધો મહત્ત્વનો ભાગ ભજવે છે. પોતાનું ગુજરાન માંડ માંડ ચલાવતાં વાલીઓ કન્યાઓના શિક્ષણ માટે વધારાનો બોજો ઉપાડી શકતાં નથી. આમ, આર્થિક ભીસ રહેતી હોય ત્યારે કન્યાઓને શિક્ષણ આપવા માટેનું વધારાનું ખર્ચ તેમને પોસાતું નથી.

ગરીબ કુટુંબમાં કન્યાઓ માબાપને મજૂરી દ્વારા આર્થિક ઉપાર્જનમાં મદદગાર બનતી હોય છે. વળી ઘરનાં બધાં મોટા માણસો મજૂરીએ જતાં હોય ત્યારે નાનાં બાળકોની સંભાળ તેમજ ઘરકામમાં મદદ કરવાનું કામ કન્યાઓને સોપવામાં આવે છે. આથી પણ કન્યાઓને શાળાએ મોકલવામાં આવતી નથી.

**(3) અન્ય અવરોધો**

કેટલાંક ગામડાંમાં આજે પણ શાળાઓ નથી. આવા ગામના લોકો પોતાની બાળાઓને બીજા ગામ ભણવા મોકલતા નથી. તેઓને દૂર આવેલી પરગામની શાળા સુધી પોતાની દીકરીઓ ભણવા જાય તેવું પસંદ હોતું નથી.

કેટલાંક લોકોને પોતાની દીકરીઓ મિશ્ર શાળામાં ભણવા જાય તે પણ પસંદ નથી. આથી તેઓ કન્યાઓને શિક્ષણ લેવા માટે મોકલતા હોતાં નથી.

શાળાઓમાં શિક્ષિકાઓનું પ્રમાણ ઓછું હોવાને કારણે પણ કન્યાઓને શિક્ષણ મેળવવાની પ્રેરણા મળતી નથી. વળી કેટલાંક વાલીઓ પોતાની કન્યાઓ પૂરુષ શિક્ષકના હાથ નીચે શિક્ષણ મેળવે એ પણ ઇચ્છતા નથી. કેટલીક શાળાઓમાં કન્યાઓની છેડતીના બનાવો બને છે પરિણામે કન્યાઓને શાળામાં મૂકતાં વાલીઓ ગભરાય છે.

ઉપલા અને મધ્યમ વર્ગોમાં પૂરુષોનું સ્ત્રીશિક્ષણ તરફનું વલણ સુધર્યું છે, પણ સમાજના નીચલા થરના પૂરુષોમાં છોકરીઓના શિક્ષણ માટે હજીય પૂર્વગ્રહ અને સંકુચિત મનોદશા પ્રવર્તે છે.

ભારત સ્વતંત્ર થયાને ઘણાં વર્ષો વીત્યાં છતાં કન્યાઓના શિક્ષણ આડે ઉપરના જેવાં અવરોધો હોવાને લીધે કન્યા-કેળવણીમાં ધારેલી પ્રગતિ થઈ શકી નથી.

**(3) કન્યા-કેળવણીના વિકાસ માટેના ઉપાયો**

કન્યાઓના શિક્ષણ આડે સામાજિક કે આર્થિક અવરોધો ગમે તેટલાં હોય તો પણ રાજ્યોએ કન્યાઓના શિક્ષણના વિકાસ માટે કોઈ માર્ગ કાઢ્યા સિવાય છૂટકો નથી. ભારતના રાજ્ય બંધારણે 6

થી 14 વર્ષની વયજૂથના તમામ છોકરાંઓ છોકરીઓ બંનેને માટે પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત અને સાર્વત્રિક બનાવવાનો આદેશ આપ્યો છે. આથી બંધારણે લાદેલી ફરજ તરીકે ભારતનાં વિવિધ રાજ્યો અને કેન્દ્ર સરકારે કન્યા-કેળવણીને પ્રાથમિક કક્ષાએ મફત, ફરજિયાત અને સાર્વત્રિક બનાવવી જ રહેશે.

રાજ્યો તથા કેન્દ્ર સરકાર કન્યા-કેળવણીનો વિકાસ કરવા નીચે જેવાં ઉપાયો કરી શકે.

**(1) કન્યા-કેળવણી માટે જનજાગૃતિ**

ગ્રામ્ય વિસ્તારો અને પછાત વિસ્તારોમાં કન્યા-કેળવણીના વિકાસ માટે ઉગ્ર પ્રચાર કાર્ય કરી જનજાગૃતિ પેદા કરવી જોઈએ. કન્યાઓનાં મા-બાપોને કન્યા-કેળવણીનું મહત્ત્વ સમજાવવું. તેઓના મનમાં રહેલાં વહેમ, અંધશ્રદ્ધા દૂર કરી કન્યા-કેળવણી માટેનું હકારાત્મક વલણ વિકસાવવું.

ગ્રામ્ય અને પછાત વિસ્તારોમાં વસતા વાલીઓનું સહશિક્ષણ કે મિશ્ર શાળાઓ તરફનું જોવા મળતું નકારાત્મક વલણ સુધારવા વ્યવસ્થિત ઝૂંબેશ હાથધરી તે તેમના મનમાં સહશિક્ષણ કે મિશ્ર શાળાઓ અંગે ઘર કરી ગયેલાં ભયને દૂર કરવો. પછાત કે ગ્રામ વિસ્તારોમાં છોકરીઓ માટેની જુદી શાળા કરતાં સહશિક્ષણ આપતી શાળા કેટલી સીધી પડે છે તે તેઓને સમજાવીને સહશિક્ષણનો સ્વીકાર કરતાં કરાવી, કન્યા-કેળવણીનો વિકાસ કરી શકાય.

**(2) અલગ કન્યાશાળાઓની સ્થાપના**

તદ્દન અનિવાર્ય હોય ત્યાં કન્યાઓ માટે અલગ શાળાઓનો પ્રબંધ કરવો જોઈએ. ખાસ કરીને ગ્રામ વિસ્તારોમાં ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ અલગ કન્યા શાળાઓ સ્થાપવામાં આવે તો 11-14 વયજૂથની કન્યાઓનો શાળાપ્રવેશનો પ્રશ્ન મહદ્ અંશે ઉકેલી શકાય.

**(3) કન્યા-કેળવણી માટે આર્થિક સહાય**

નબળી આર્થિક પરિસ્થિતિને કારણે કેટલાંક વાલીઓ તેમના પુત્રોને શિક્ષણ આપી શકતાં નથી. આવા વાલીઓ પાસે કન્યાઓના શિક્ષણની અપેક્ષા રાખવી એ વધારે પડતી છે. આવા વાલીઓને કન્યા-કેળવણી માટે પ્રોત્સાહન મળે તે માટે તેમને આર્થિક મદદ કરવી જોઈએ. જેથી તેઓને કન્યા-કેળવણી અંગેનું આર્થિક ભારણ રહે નહિ. આ માટે કન્યાઓને ફી માફી ઉપરાંત ગણવેશ, પાઠ્યપુસ્તકો, લેખનસામગ્રી તથા ભોજન જેવી સુવિધાઓ મફત પૂરી પાડવી જોઈએ.

આ ઉપરાંત અંતરિયાળ વિસ્તારો કે પછાત વિસ્તારોની કન્યાઓ માટે વિના મૂલ્યે રહેવા-જમવાની સગવડ પૂરી પાડતાં કન્યા છાત્રાલયો સ્થાપવાં જોઈએ.

કન્યા-કેળવણી આર્થિક બાબતને કારણે ન રૂંધાય એ કેન્દ્ર સરકારે જોવું જોઈએ. આ માટે જે-રાજ્યો કન્યા-કેળવણીમાં પાછળ હોય તેવાં રાજ્યોને કેન્દ્ર સરકારે ખાસ ગ્રાન્ટ આપવી જોઈએ.

**(4) શૈક્ષણિક સુવિધાઓ પૂરી પાડવી**

છોકરીઓ ચાલીને જઈ શકે તેટલા નજીકના અંતરમાં જ શાળાઓ સ્થાપવી. ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ જ્યાં સહશિક્ષણ પ્રત્યે વાલીઓમાં તીવ્ર વિરોધ હોય, ત્યાં અલગ કન્યાશાળાની જોગવાઈ કરવી અથવા પાળી પદ્ધતિ દાખલ કરી કન્યા, કુમારો માટે અલગ અલગ પાળીમાં શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવી.

શાળાઓમાં કન્યાઓ માટે અલગ મુતરડી-જાજરૂની સુવિધા ઊભી કરવી. વળી રમતગમતનાં મેદાનો અને સાધનોની અલાયદી સુવિધા દિન-પ્રતિદિન વધારતા જવું.

શાળાઓમાં સ્ત્રી-શિક્ષકોની સંખ્યા વધારવી જોઈએ. ગ્રામ વિસ્તારોમાં શિક્ષિકા બહેનોને કામ કરવા આકર્ષવા માટે રહેઠાણ, આરોગ્ય સુવિધા વગેરે સગવડો ઊભી કરવી.

કન્યા-કેળવણીને ઉત્તેજન મળે તે માટે શાળાઓના અભ્યાસક્રમમાં ગૃહસંચાલન, લલિતકળા જેવાં વિષયો તથા કન્યાઓની રુચિઓને પોષક એવી પ્રવૃત્તિઓને સ્થાન આપવું. શાળાઓમાં કન્યાઓના રસને પોષક પુસ્તકો, સામયિકો, રમતગમત અને સંગીતનાં સાધનોની સગવડો પૂરી પાડવી.

### (4) કન્યા-કેળવણીના વિકાસ સાટે થયેલાં પ્રયત્નો

પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવાતાં દેશમાં કન્યાઓના શિક્ષણનો પ્રશ્ન કેવી રીતે ઉકેલવો એ એક વિરાટ સમસ્યા બની રહી છે. કન્યા-કેળવણીના વિકાસ આડે આગળ જોયા તે પ્રમાણેના અનેક અવરોધો છે છતાં તેના વિકાસ માટે દેશમાં ઘણા સક્રિય પ્રયત્નો થયા છે.

1959 માં સ્ત્રી-શિક્ષણની પુનર્રચના સમિતિએ કન્યા-કેળવણીના વિકાસ અંગે નીચે જેવી ભલામણો કરી :

- રાજ્યે અને રાષ્ટ્રે કન્યા-શિક્ષણને અગ્રીમતા આપવી.
- કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયમાં કન્યા-શિક્ષણનો અલગ વિભાગ શરૂ કરવો.
- રાજ્યોએ ખાસ મંડળો સ્થાપવાં.
- શિક્ષિકાઓની સંખ્યા અપૂરતી હોય ત્યાં તેમની અવેજીમાં 1 શાળા-માતાઓની નિમણૂંક કરવી.

ઉપર્યુક્ત ભલામણોના સંદર્ભમાં કન્યા-કેળવણી માટે ઘણાં બધાં પ્રયત્નો થયા છતાં કુમારોના શાળાપ્રવેશની સરખામણીએ કન્યાઓના શાળા-પ્રવેશનું પ્રમાણ ઘણું ઓછું હતું. જોકે શરૂઆતની પંચવર્ષીય યોજનાઓ દરમિયાન કન્યા-કેળવણી પાછળ સક્રિય પ્રયત્નો થયાં હતાં. પરિણામે ભૂતકાળની સરખામણીએ કન્યાઓના શાળા પ્રવેશમાં સારો એવો વધારો નોંધાયો હતો. આથી જ કોઠારી શિક્ષણ પંચે (1964-66) કહ્યું છે કે પ્રથમ ત્રણ પંચવર્ષીય યોજનાઓમાં કન્યા-કેળવણીનો અદ્દભૂત વિકાસ થયો છે.

પ્રાથમિક શિક્ષણક્ષેત્રે શિક્ષકની ખોટ પૂરવા પંજાબ અને રાજસ્થાન જેવાં રાજ્યોમાં શાળામાં કન્યાઓની દેખરેખ, સંભાળ અને સહાનુભૂતિ માટે ઓછું ભણેલી છતાં સમજદાર બહેનોની શાળા-માતા તરીકેની નિમણૂંક કરવામાં આવી હતી.

દેશમાં શિક્ષણના સાર્વત્રિક વિકાસ માટે નીમવામાં આવેલાં કોઠારી પંચે કન્યા-કેળવણી અંગે નીચે જેવી બાબતો પર ભાર મૂક્યો હતો :

- લોકમત કેળવી કન્યા-કેળવણી અંગેનો પૂર્વગ્રહ દૂર કરવો.
- શિક્ષિકાઓની ભરતી કરવી.
- શક્ય ત્યાં સહશિક્ષણને પ્રોત્સાહન આપવુ.
- લોક માંગ હોય ત્યાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષણક્ષેત્રે કન્યાશાળા ખોલવી.
- શૈક્ષણિક સામગ્રી તથા જરૂર પડે ત્યાં પોશાક પણ મફત આપવો.
- 11 થી 14 વર્ષની બહેનો માટે ખંડ સમયના શિક્ષણનું આયોજન કરવું.

કોઠારી પંચે કરેલાં સૂચનોના અમલ માટે દેશમાં સક્રિય પ્રયત્નો થયાં છે. કન્યા-કેળવણીને ઉત્તેજન મળે તે માટે કન્યાઓને નજીકના અંતરે શાળા પૂરી પાડવામાં આવે છે. દેશમાં ઉચ્ચ પ્રાથમિક ક્ષેત્રે કન્યાઓ માટે અલગ શાળાઓ સ્થાપવામાં આવી છે. શાળાઓમાં શિક્ષિકાઓનું પ્રમાણ વધારવામાં આવ્યું છે. પછાત વિસ્તારની બાળાઓને શિક્ષણમાં પ્રોત્સાહન મળે તે માટે રહેવા-જમવાની મફત સગવડ ધરાવતાં છાત્રાલયો અને આશ્રમશાળાઓ સ્થાપવામાં આવી છે. ગુજરાત જેવા રાજ્યે તો કન્યાઓને શાળાએ જવા મફત સાઈકલ પણ પૂરી પાડવાનું શરૂ કર્યું છે. વળી કન્યા-કેળવણીને ઉત્તેજન મળે તે માટે શિક્ષણના તમામ સ્તરે મફત શિક્ષણની યોજના સ્વીકારી છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ - 1986 માં સ્ત્રીઓની સમાનતા માટે. શિક્ષણ અંગે નોંધ્યું છે કે, "સમાજમાં સ્ત્રીઓનું સ્થાન ઊંચું લાવવા માટેના એક સાધન તરીકે શિક્ષણનો ઉપયોગ કરવામાં આવશે. રાષ્ટ્રીય શિક્ષણ પદ્ધતિ સ્ત્રીઓના વિકાસ માટે હકારાત્મક અને દરમિયાનગીરી કરતી ભૂમિકા ભજવશે. નવાં મૂલ્યોના પ્રસ્થાપન માટે નવા અભ્યાસક્રમનું માળખું, પાઠ્યપુસ્તકો વગેરે તૈયાર કરીને તાલીમબદ્ધ શિક્ષકો તૈયાર કરવામાં આવશે અને આ સર્વના સંચાલન માટે શિક્ષણ સંસ્થાઓને પ્રવૃત્ત કરવામાં

આવશે. સ્ત્રીવિકાસના કાર્યક્રમો હાથ ધરવા માટે જુદાં જુદાં અભ્યાસક્રમો અને કાર્યક્રમોને પ્રોત્સાહન આપવામાં આવશે.

સ્ત્રી-શિક્ષણમાં ઊભા થતાં અવરોધો દૂર કરવામાં આવશે અને અભ્યાસનાં વર્ષો દરમિયાન શાળામાં સ્થાયીકરણ પર ખાસ ધ્યાન આપવામાં આવશે. શિક્ષણ માટે મહિલાઓને અનુકૂળ સમય તેમજ ભણેલી સ્ત્રીઓને માટે નોકરીની ખાસ તકો આપવામાં આવશે. સ્ત્રીઓને ધંધાકીય, વ્યાવસાયિક અને તકનિકી શિક્ષણ તરફ વાળીને ચીલાચાલુ વ્યવસાયો ઉપરાંત અન્ય વ્યવસાયોમાં અત્યારના કે હવે પછી વિકસતાં તકનિકી ક્ષેત્રોમાં પણ જાતિભેદને ધ્યાનમાં લીધા સિવાય ભાગીદાર બનાવવામાં આવશે.'

આપણા દેશમાં આ રીતે કન્યા-કેળવણીના વિકાસ માટે ઘણા જ પ્રયત્નો થયા છે. છતાં કન્યા-કેળવણીના વિસ્તાર અને વિકાસ માટે ઘણું બધું કરવાનું બાકી રહે છે. કન્યા-કેળવણીના વિસ્તાર અને વિકાસ માટે ઘણું બધું કરવાનું બાકી રહે છે. કન્યા કેળવણીનો વિકાસ સાધવા માટે કન્યાઓમાં શિક્ષણ મેળવવાની ભૂખ જગાડવી પડશે. વળી આ માટેની સરકારી યોજનાઓના કાર્યક્રમનો અમલ થાય અને મૂળભૂત હેતુ બર આવે તે રાજ્યો અને કેન્દ્ર સરકારે જોવું જોઈએ.

## (3) પછાત વર્ગોના બાળકોના શિક્ષણની સમસ્યા

**(1) પ્રસ્તાવના :**

પ્રાચીન સમયમાં આર્યોએ સમાજને જીવનની વ્યવસ્થા સંદર્ભે કાર્ય વ્યવસ્થા ગોઠવેલી હતી, જેમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણો હતાં. તે વ્યવસ્થા કર્મ આધારિત હતી, આ વ્યવસ્થા શ્રમ વિભાજન માટેની હતી. આ વ્યવસ્થા શ્રમ વિભાજન માટેની હતી.

શિક્ષણના પ્રચારના કારણે સામાજિક પરિવર્તન થયું. વર્ણ વ્યવસ્થા હતી તેમાં પરિવર્તન થયું. કાર્ય વ્યવસ્થામાં પરિવર્તન આવતા જન્મ આધારિત કાર્યવ્યવસ્થા ગોઠવાઇ.

ભારતમાં અંગ્રેજોના આગમન સાથે આ જાતિભેદોમાં જાગૃતિ આવી. આંબેડકરના નેતૃત્વમાં અસ્પૃશ્યોની સમસ્યાઓ અંગે આંદોલનો થયાં. આ જાતિની સમસ્યાઓ આજે પણ દૂર થઇ શકી નથી. શિક્ષણનો થોડો પ્રચાર થવાથી થોડા પરિવર્તનો આવ્યા છે. પરંતુ હજુ ઘણું કરવાનું બાકી છે.

આ જાતિમાં હરિજનો, વણકર, રોહિત વગેરેનો સમાવેશ થાય છે.

સાચી લોકશાહી સ્થાપવી હશે તો તેમને પણ શિક્ષણની સમાન તકો નોકરીની તકો, પૂરી પાડવી પડશે.

વિશ્વના કોઇપણ દેશના સામાજિક જીવનને તપાસવાનો અને સમજવાનો પ્રયત્ન કરીએ ત્યારે એવું સ્પષ્ટ દેખાય છે કે જે તે દેશમાં એક થી વધુ સામાજિક વિભાગો હોય છે. આ વિભાગો ભિન્ન ભિન્ન લાક્ષણિક્તાઓ ધરાવે છે, તેની સાથે સાથે તેઓ એકબીજાના સંદર્ભમાં ચડતા-ઉતરતા સામાજિક-આર્થિક ક્રમમાં ગોઠવાયેલાં હોય છે.

### અનુસૂચિત જાતિ એટલે શું ? (Meaning of Schedule Caste)

અનુસૂચિત જાતિઓને 'દલિતો' તરીકે ઓળખવામાં આવે છે.

ઐતિહાસિક રીતે ભારતીય સમાજ વ્યવસ્થાના સામાજિક સંગઠન તરીકે જ્ઞાતિઓનું અસ્તિત્વ સદીઓથી રહ્યું છે. ખાસ કરીને હિંદુધર્મીઓમાં જ્ઞાતિ-વ્યવસ્થાનો ઉદ્ભવ અને વિકાસ થયો છે.

સમાજશાસ્ત્રીઓના એક મત પ્રમાણે હિંદુઓમાં ભૂતકાળમાં જેવા મળતી ચાર વર્ણોની વ્યવસ્થામાંથી કાળક્રમે જ્ઞાતિઓનો જન્મ અને વિકાસ થયો છે.

વર્ણ પ્રમાણે વ્યવસાય અને પોતાના વર્ણમાં લગ્ન એ બે લક્ષણો વર્ણ વ્યવસ્થાના પાયામાં હતાં. સમય જતાં ઉદ્ભવેલી જ્ઞાતિ-વ્યવસ્થામાં પણ જ્ઞાતિ અનુસાર વ્યવસાય અને પોતાની જ્ઞાતિમાં જ લગ્ન એ લક્ષણો પ્રમુખ રહ્યાં. આ કારણે અનુસૂચિત જાતિની જ્ઞાતિઓમાં પરંપરાગત વ્યવસાયનું અસ્તિત્વ આજ સુધી ચાલુ રહ્યું છે.

આ પરંપરાગત વ્યવસાયોમાં વણાટકામ, ચામડાનું કામ તેમજ સફાઇ કામ મુખ્ય છે. વળી સદીઓથી અનુસૂચિત જાતિઓને અસ્પૃશ્યતાના આચરણોનો ભોગ બનવું પડતું હતું. આથી 1955માં ભારત સરકારે અસ્પૃશ્યતા નાબૂદી માટે કાનૂન બનાવ્યો અને તેના અમલ માટેનાં પગલાં પણ લીધાં.

**(3) પછાત વર્ગોનાં બાળકોના શિક્ષણની સમસ્યા.**

**પ્રસ્તાવના**

આપણા દેશમાં પછાત વર્ગોમાં સામાન્ય રીતે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિચરતી જાતિના લોકોનો સમાવેશ થાય છે. આથી અહીં 1. અનુસૂચિત જાતિનાં બાળકોના શિક્ષણની સમસ્યા, 2. અનુસૂચિત જનજાતિનાં બાળકોના શિક્ષણની સમસ્યા અને 3. વિચરતી જાતિનાં બાળકોના શિક્ષણની સમસ્યાની ચર્ચા કરીશું.

**(1) અનુસૂચિત જાતિની સામાજિક સમસ્યાઓ (Social Problems of Schedule Caste)**

અનુસૂચિત જાતિની સામાજિક સમસ્યાઓ નીચે પ્રમાણે જોવા મળે છે :

**(1) જ્ઞાતિવાદઃ**

જ્ઞાતિ પ્રથાથી જ્ઞાતિવાદ વિકાસ પામ્યો છે, તેમાં એક બીજી જ્ઞાતિ તરફ પણ ભેદભાવ જોવા મળે છે. જ્ઞાતિના નામે સંસ્થાઓ ઊભી કરાય છે. દરેક જ્ઞાતિ પોતાની જ્ઞાતિના વિકાસ માટે સતત પ્રયત્ન કરે છે. અન્ય જ્ઞાતિનું શોષણ કરે છે. અપમાનની નજરે જુએ છે.

**(2) હિંદુ સમાજનું અલગ વિભાજન :**

સમાજમાં જ્ઞાતિ વ્યવસ્થા જોવા મળે છે, જેથી તે સમાજ જુદી જુદી જ્ઞાતિઓનાં વિભાગોમાં વિભાજિત થયેલોં છે. પ્રત્યેક જ્ઞાતિ એક અલગ જ્ઞાતિ તરીકે અસ્તિત્વ ધરાવે છે. સમાજમાં હિંદુ સમાજનું અલગ વિભાજન જોવા મળે છે.

**(3) અલગ વસવાટ :**

અનુસૂચિત જાતિના લોકોને ઉચ્ચ જ્ઞાતિના લોકો પોતાની સાથે વસવાટ કરવા દેતાં નથી. શહેરોમાં પણ હજી ઘણી સોસાયટીમાં અનુસૂચિત જાતિની વ્યકિત વસી શક્તી નથી. ગામડામાં અલગ વિભાગમાં રહેવું પડે છે. દા.ત. હરિજનવાસ, વણકરવાસ, રોહિતવાસ વગેરે.

**(4) ઊંચનીચના ભેદભાવ :**

સમાજમાં ઉચ્ચ અને નીચ જ્ઞાતિ એવા બે ભેદભાવો જેવા મળે છે. બ્રાહ્મણો સૌથી ઊંચો અને અનુસૂચિત જાતિના સૌથી નિમ્ન માનવમાં આવે છે. અનુસૂચિત જાતિના લોકોને અપમાનની નજરે જવામાં આવે છે. શિક્ષણ અને વ્યવસાયમાં પણ પછાત જોવા મળે છે.

**(5) શોષાણનો ભોગ :**

અનુસૂચિત જાતિના લોકોનું શોષણ કરવામાં આવે છે. તેઓનું વધુ શોષણ કરી, ત્રાસ આપવામાં આવે છે. કેટલાંક વિસ્તારોમાં સારાં કપડાં પણ પહેરી શકતાં નથી. અમુક રીતે જીવન વ્યવહાર કરવો પડે છે. મજૂરીમાં પણ વેતન ઓછું આપવામાં આવે છે. સફાઇ કામ કરાવવામાં આવે છે. કેટલાંક પૂરુષો સ્ત્રીઓ સાથે સંપત્તિ વગર, ધાકધમકીથી, બળજબરીથી જાતિય વ્યવહાર કરતાં હોય છે.

**(6) વ્યસનની બદી :**

અનુસૂચિત જાતિના ઘણાં લોકોમાં વ્યસનની બદી જોવા મળે છે. જે કાંઇ આવક મેળવે છે તે આવક વ્યસન પાછળ ખર્ચી નાખે છે. સ્વાસ્થ્ય માટે હાનિકારક નીવડે છે.

**(7) દહેજ પ્રથા :**

ઉચ્ચ જ્ઞાતિમાં દહેજ પ્રથા છે તેવી જ સામાજિક બદી અનુસૂચિત જાતિમાં જોવા મળે છે. કન્યા પક્ષ પાસે વરપક્ષ પૈસા લે છે. દહેજ વગર લગ્ન થતાં નથી.

**(8) સામાજિક વ્યવહાર પર પ્રતિબંધો :**

અનુસૂચિત જાતિના લોકો સાથે અન્ય જ્ઞાતિઓ ભોજન વ્યવહાર રાખતી નથી. તેઓની સાથે બેસીને જમવામાં પણ ઘણા લોકો દૂર રહેવા માગતા હોય છે. લગ્ન વ્યવસ્થાઓ જ્ઞાતિગત છે, જેથી તે વ્યવહાર પણ થતો નથી.

**(9) અસ્પૃશ્યતા :**

સમાજમાં અનુસૂચિત જાતિના લોકોને અસ્પૃશ્ય ગણવામાં આવે છે. તેઓનો તિરસ્કાર કરવામાં આવે છે. ગામના કૂવે પાણી ભરવા પર પ્રતિબંધ, જેવી સમસ્યાઓ આવે, પણ છેવાડાના વિસ્તારોમાં જોવા મળે છે. ગાંધીજી અને આંબેડકર જેવા અગ્રણી નેતાઓએ અસ્પૃશ્યતા દૂર કરવા પ્રયાસો કરેલ હતાં. હજીપણ સમાજમાં અનુસૂચિત જાતિના લોકો માટેની લોકોની દૃષ્ટિ બદલાતી નથી.

**(10) ઉતરતી કક્ષાનો વ્યવસાય :**

આજે પણ સમાજમાં આ લોકોને ઉતરતી કક્ષાનો વ્યવસાય કરવો પડે છે. દા.ત. સફાઇ કાર્ય

**(11) છૂટાછેડાનો ભોગ :**

સ્ત્રી-પૂરુષ એકબીજાં સાથે અનુકૂલન સાધી શકતાં નથી, તેના લીધે કેટલાંક પ્રશ્નો ઊભા થાય છે, અવારનવાર સંઘર્ષ ઊભા થાય છે. સ્ત્રીઓ અંતે કંટાળી છૂટાછેડા લેવાનો વિચાર કરે છે. 1955ના હિન્દુ એક્ટ અનુસાર કેટલીક શરતોને આધીન સ્ત્રીને પણ છૂટાછેડા લેવાનો અધિકાર મળે છે.

**(12) બાળ લગ્નનું પ્રમાણ :**

સમાજમાં કન્યાની અસલામતીને કારણે, દીકરી સાપનો ભારો, આવા પ્રકારની માન્યતાને કારણે તેના લગ્ન ઘણી નાની ઉંમરે થવાથી કુટુંબમાં કેટલાંક પ્રશ્નો ઉભા થાય છે.

**(13) બહુપત્ની ધારણ :**

આ સમાજમાં ઘણા પૂરુષો એક પત્નીવ્રત પાળતાં નથી, પરંતુ તેઓ બે-ત્રણ પત્ની સાથે જીવન જીવતાં હોય છે. સમાજ બહુપત્ની ધારણ કરવાને કારણે સામાજિક પ્રશ્નો ઊભાં થતાં જોવા મળે છે.

## 2. અનુસૂચિત જાતિની શૈક્ષણિક સમસ્યાઓ (Educational Problems of Schedule Caste)

પ્રાચીન સમયમાં જ્ઞાતિ વ્યવસ્થાને કારણે અનુસૂચિત જાતિના લોકોને શિક્ષણ લેવાનો અધિકાર હતો નહીં, જેના કારણે તેઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું જેવા મળતું. આઝાદી બાદ સામાજિક પરિવર્તનના કારણે શિક્ષણ માટે સુધારો થતો જેવા મળે છે જે નીચે મુજબ છે :

**(1) શિક્ષણના પ્રચારનો અભાવ :**

આઝાદી પછી પણ શિક્ષણના પ્રચારનો અભાવ હોવાથી અન્ય જ્ઞાતિઓની સરખામણીમાં આ જ્ઞાતિમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. તેઓ પ્રચારના અભાવે શિક્ષણ લેવા આગળ આવતાં નથી. શિક્ષણ માટે જગૃત નથી, જાગૃત છે ત્યાં આર્થિક પરિસ્થિતિ અવરોધ રૂપ બને છે.

**(2) ભેદભાવપૂર્વક વ્યવહાર :**

ગ્રામીણ વિસ્તારમાં આ જાતિના લોકો સાથે ભેદભાવપૂર્વક વ્યવહાર થતો જોવા મળે છે. આ જાતિના બાળકો શાળામાં શિક્ષણ લેવામાં સંકોચ અનુભવે છે.

**(3) અયોગ્ય માન્યતાઓ :**

આ લોકોમાં કેટલીક અયોગ્ય માન્યતાઓને કારણે શિક્ષણના જ્ઞાનથી તેઓ અજાણ છે.

અંધશ્રધ્ધાઓ, વહેમ, ભૂવા, માતાજી વગેરેમાં વધુ માને છે. હજી કોઇ કુટુંબમાં બીમાર પડે તો ડૉક્ટર પાસે લઇ જવાનું પસંદ કરતાં નથી. ભૂવા પાસે લઇ જવાનું પસંદ કરે છે.

**(4) શિક્ષણ માટે માર્ગદર્શન અભાવ :**

આ જાતિના લોકો આખો દિવસ મજૂરી કરીને પોતાનું ગુજરાત ચલાવે છે. તેઓ ઘરે આવે ત્યારે થાકેલાં હોય છે. બાળકો શાળાએ જતાં હોય પણ થાકેલાં હોવાથી બાળકો તરફ ધ્યાન આપી શકતાં નથી. બાળકોની શિક્ષણ માટે જરૂરી માર્ગદર્શન મળતું નથી તેમજ અન્ય જગ્યાએથી પણ માર્ગદર્શન મળતું નથી. એટલે શિક્ષણમાં પાછળ રહી જય છે. કંટાળીને કેટલીવાર શિક્ષણ છોડી દે છે. વાલીઓ પણ અભણ હોવાથી ધ્યાન આપી શકતાં નથી.

**(5) નાનાં બાળકોને સંભાળવાનું કાર્ય :**

આ જાતિના લોકોની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી વાલીઓ જયારે મજૂરી કામ માટે બહાર જય ત્યારે ઘરમાં નાનાં બાળકોની સંભાળ લેવી પડે છે. ત્યારે ઘરમાં જે બાળકો મોટા હોય તે બાળકો નાનાં બાળકોની ઘરમાં સંભાળ લે છે, એટલે શાળાએ જઇ શકતાં નથી.

**(6) નબળી આર્થિક પરિસ્થિતિ :**

આ જાતિના લોકોની નબળી આર્થિક પરિસ્થિતિ જોવા મળે છે. સરકાર મદદ કરે છે, પરંતુ તેની ખાસ કોઇ માહિતી તેમની પાસે ન હોવાથી શિક્ષણ કેળવી શકતાં નથી. નાનાં બાળકોને સંભાળવાનું કાર્ય કે મજૂરી કામે જવું પડે છે.

**(7) ઘર અને શાળા વચ્ચે વધુ અંતર :**

આ જાતિના લોકો ગ્રામીણ વિસ્તારમાં છેવાડે રહે છે. ઘર અને શાળા વચ્ચે વધુ અંતર હોય છે. શાળાએ ચાલીને જવું. છોકરી હોય તો એકલી મોકલવાનું પસંદ કરતાં નથી.

**(8) અભણ વાલીઓ :**

આ જાતિના લોકોમાં વધુ પ્રમાણમાં અભણ જેવા મળે છે. વાલીઓ અભણ હોવાથી શિક્ષણનું મહત્ત્વ સમજતાં નથી, જેથી કરીને બાળકોને શાળાએ મોકલતાં નથી.

**(9) રૂઢિચુસ્ત માનસ :**

આ જાતિના લોકો વધુ અભણ હોવાથી અમુક માન્યતાઓથી હજુ સુધી બહાર આવ્યા નથી. તેઓ વહેમ અને અંધશ્રધ્ધાઓમાં માને છે. છોકરીને શાળાએ ભણવા ન મોકલાય.

**(10) માનસિક શકિતઓનો ઓછો આંક :**

આ જાતિના લોકોમાં માનસિક શક્તિઓનો આંક ઓછો જોવા મળે છે. આ માટે ઘરનું વાતાવરણ જવાબદાર ગણી શકાય. વાલીઓ અભણ છે. પ્રચારના માધ્યમોમાં અભણને, માર્ગદર્શન મળતું ન હોય તો જોઇએ તેવો વિકાસ થતો નથી. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી શિક્ષણમાં બરાબર ધ્યાન રાખતાં નથી. મજૂરી કામે પણ જવું પડે છે.

**(11) આર્થિક વળતરની અપેક્ષા :**

આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી આર્થિક વળતરની અપેક્ષાઓ શાળામાં શિક્ષણ લેવા મોકલતા નથી.

**(12) અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ :**

આ જાતિના લોકોમાં અપવ્યવ અને સ્થગિતતાનું પ્રમાણ વધુ જોવા મળે છે. ઘરમાં શિક્ષણનું વાતાવરણ નથી, તેમજ આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી મજૂરી કામે જવું પડે છે. શાળામાં દૈનિક હાજરી ઓછી જેવા મળે છે, જેને પરિણામે શાળામાં બાળકો ઊઠી જાય છે, કે તે જ ધોરણમાં નાપાસ થાય છે.

**3. અનુસૂચિત જાતિની આર્થિક સમસ્યાઓ (Economic Problems of Schedule Caste)**

આ જાતિના લોકોની આથિક સમસ્યા નબળી જોવા મળે છે. મજૂરી કાર્ય કરીને પોતાનું ગુજરાન

ચલાવે છે. વહેમ અને અંધશ્રધ્ધામાં વધુ માને છે. વ્યસનનું પ્રમાણ વધુ જોવા મળે છે. દૈનિક આવક જે થાય તે વ્યસનમાં ખર્ચ કરી નાખે છે. આ જાતિના લોકોની આર્થિક સમસ્યાઓના કારણે નીચે પ્રમાણે વિચારી શકાય.

**(1) આર્થિક શોષણનું વધુ પ્રમાણ :**

આ જાતિના લોકો મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. મજૂરીના પૈસા મળવા જોઇએ તેટલા પૈસા મળતા નથી. ટાઇમસર મજૂરીના પૈસા મળતાં નથી. ટાઈમસર મજૂરીના પૈસા મળતાં નથી. ઓછું વેતન આપી વધુ કાર્ય લેવામાં આવે છે.

**(2) આર્થિક પછાતપણું :**

આ જાતિના લોકો પહેલેથી મજૂરી કામ સાથે સંકળાયેલ છે. આ લોકોને પહેલેથી જ સંપત્તિથી દૂર રાખવામાં આવેલ છે. તેઓ જમીન, મકાન, દુકાન ઉદ્યોગ વગેરે ધરાવતાં નથી. આ જાતિના લોકો શિક્ષણના અભાવે વધુ આવક મેળવી શકતાં નથી. તેથી તેઓ ગરીબાઈમાં સપડાયેલાં રહે છે, જે તેમના વિકાસ માટે અવરોધરૂપ બને છે.

**(3) વ્યસનની બદી :**

આ જાતિના લોકોમાં વ્યસનની બદી આવ્યા પછી દારૂ પીવા તો જોઇએ જ. આર્થિક મુશ્કેલી, વ્યસનની બદી વગેરેને કારણે બાળકો શિક્ષણથી વંચિત રહે છે.

**(4) બેરોજગારી :**

આ જાતિના લોકોને કાયમ માટે રોજગારી મળતી નથી. અમુક સમય રોજગારી મળે છે. અમુક સમય મળતી નથી. તેથી બેકાર રહેવું પડે છે. દા.ત . વર્ષાઋતુમાં કામ મળી રહે છે. બીજી ઋતુમાં કામ મળતું નથી.

**(૫) નોકરીમાં તકોનો અભાવ :**

નોકરીમાં આ જાતિના લોકોને ઓછી જાણકારીનો અભાવ, ઓછી સંખ્યામાં નોકરીમાં તકો મળતી નથી. ઘણીવાર વગેરેને કારણે પણ નોકરી મળતી નથી. તકો મળે છે. ટકાવારીનું ઓછું પ્રમાણ, ભરતી, વધુ સમયે ભરતી વગેરેનો કારણે નોકરીમાં ભ્રષ્ટાચાર, સગાવાદ, જ્ઞાતિવાદ વગેરેને કારણે પણ નોકરી મળતી નથી.

**(6) અભણ વાલીઓ:**

આ બધી જાતિના લોકોમાં વડીલો ઓછું ભણેલાં જોવા મળે છે. શિક્ષણમાં ઓછો રસ લે છે. બાળકો ભણાવવાનું પસંદ કરતાં નથી.

**(7) આર્થિક અસમાનતા :**

આ જાતિના લોકો બીજી જ્ઞાતિઓના સંદર્ભમાં આર્થિક રીતે નબળા છે. પૈસાદાર ને ગરીબ વર્ગ એમ બે વર્ગ ઊભાં થયેલ જોવા મળે છે. આથી સમાજમાં આર્થિક અસમાનતા ઊભી થયેલી જોવા મળે છે.

**(8) વ્યવસાયની પસંદગીમાં તકલીફો :**

આ જાતિના લોકો અમુક જ વ્યવસાય કરી શકે, એવી માન્યતા સમાજમાં જોવા મળે છે. આ જતિના લોકો ફકત સફાઇ કામ જ કરી શકે. એટલે અન્ય વ્યવસાયની તકો મળતી નથી. પૈસાદાર લોકો આ જાતિના લોકોને નોકરીમાં રાખવા તૈયાર નથી.

### અનુસૂચિત જાતિની, સમસ્યાઓ નિવારવાના ઉપાયો (Problems solution of Schedule Caste)

અનુસૂચિત જાતિની સામાજિક, શૈક્ષણિક અને આર્થિક સમસ્યાઓ જોવા મળે છે. આ સમસ્યાઓને ધ્યાનમાં રાખી તેને નિવારવાના ઉપાયો વિચારી શકાય, જે નીચે મુજબ છે :

**(1) શિક્ષણ માટે પ્રચાર :**

અનુસૂચિત જાતિના લોકોમાં જાગૃતિ આવે તે માટે, શિક્ષણ લેવા માટે પ્રયત્ન કરવો જઇએ. તેમના મળતા લાભો, હકો, કાયદા, વગેરેથી માહિતગાર કરવા જોઇએ, જેથી કરીને તેમનામાં જાગૃતિ આવે.

**(2) શૈક્ષણિક સગવડમાં વધારો :**

આ જાતિના લોકોની આર્થિક પરિસ્થિતિ નબળી છે. ગરીબાઇને કારણે વાલીઓ શાળાએ મોકલતાં નથી. આવા સમયે ને શૈક્ષણિક સગવડો કરવામાં આવે તો શિક્ષણ અંગેની સમસ્યાઓમાં સુધારો થઇ શકે. દા.ત. પાઠયપુસ્તકો, ગણવેશ, સ્ટેશનરી, સ્કોલરશીપ, છાત્રાલય વગેરે પુરી પાડવી જોઇએ.

**(3) અલગ છાત્રાલયની વ્યવસ્થા :**

આ જાતિના લોકો માટે અલગ છાત્રાલયની વ્યવસ્થા ગોઠવવામાં આવે.

**(4) સ્વરોજગારીની તાલીમ :**

સમાજમાં કે વ્યવસાયમાં જેની માંગ હોય તેવા સ્વરોજગાર માટેના વ્યવસાયની તાલીમ આપવામાં આવે. ઉદ્યોગમાં કેવા માણસની જરૂર છે તે પ્રમાણે તાલીમ ગોઠવી શકાય.

**(5) કન્યા કેળવાણીને ઉત્તેજન :**

અભણ વાલીઓ કન્યાઓને નાની ઉંમરે લગ્ન કરી નાખે છે. કન્યાઓ શિક્ષણ મેળવીને આગળ આવે, વ્યવસાય કરે તો શિક્ષણનો વ્યાપ વધે. તેના બાળકોને સારા સંસ્કાર આપી શકે. શિક્ષણમાં વધુ રસ લેતાં થાય, કન્યા કેળવણી માટે બધીજ સગવડો ઊભી કરવી જોઇએ.

**(6) આંતરરાષ્ટ્રીય લગ્નને ઉત્તેજન :**

આ જ્ઞાતિના લોકો આંતરજ્ઞાતીય લગ્ન કરે તે માટે જરૂરી ઉત્તેજન આપવું જોઇએ. તે માટે જરૂરી માર્ગદર્શન અને પ્રચાર કરવો.

**(7) સંયુકત રહેઠાણની વ્યવસ્થા :**

પૈસાદારની નજીક જ રહેઠાણની વ્યવસ્થા થાય તેવું આયોજન વિચારવું જોઇએ, જેથી પૈસાદાર લોકોનો સંપર્ક વધવાથી શિક્ષણમાં રસ લેતાં થાય.

**(8) શોષણનો વિરોધ :**

આ જ્ઞાતિના લોકોનું મજૂરી કામ અંગે શોષણ થતું અટકાવવા પ્રયત્નો થવાં જોઇએ. આ જ્ઞાતિના લોકો માટે એક સંગઠન ઊભું કરવામાં આવે, તેમનામાં જાગૃતિ લાવવામાં આવે, શોષણ માટેના કાયદાઓ બનાવામાં આવે. તેનો પ્રચાર કરવામાં આવે તો સુધારો થઇ શકે.

**(11) સમાન નોકરીની તકો :**

આ જાતિના લોકો માટે સમાન નોકરીની લાયકાત પ્રમાણમાં તકો ઊભી કરવી જોઇએ. જરૂરિયાત પ્રમાણે તાલીમ આપી શકાય.

**(12) શિક્ષણ ફી નાબૂદી :**

આ જાતિના લોકોની આર્થિક પરિસ્થિતિ નબળી છે તેથી આ જાતિના બાળકોની પાસેથી કોઇપણ પ્રકારની ફી લેવામાં ન આવે તે જરૂરી છે.

**(13) જરૂરિયાત પ્રમાણે વેકેશન ગોઠવવું :**

વર્ષમાં અમુક સમયે ખેતીનું કામકાજ વધુ ચાલતું હોય છે. આવા સમયે બાળકો શાળાએ આવતાં નથી, તેથી વેકેશન જરૂરિયાત અને અનુકૂળ સમયે ગોઠવવું જોઇએ.

**(14) અલગ મંડળની સ્થાપના :**

અનુસૂચિત જાતિની સમસ્યાઓ દૂર કરવા માટે અલગ મંડળની સ્થાપના કરવામાં આવે તે જરૂરી છે. આ મંડળ દ્વારા અન્યાયો સામે સંઘર્ષ કરવાં જોઇએ. ન્યાય માટે આંદોલનો કરવાં જોઇએ.

**(9) કાયદાનો અમલ :**

આ જ્ઞાતિના લોકો માટે જે કાયદાઓ બનાવવામાં આવેલ છે તે કાયદાનો અમલ અવશ્ય તેવાં પ્રયત્ન હાથ ધરવા જોઇએ.

**(10) નવોદય શાળાઓ :**

આ જ્ઞાતિના લોકો માટે નવોદય શાળાઓ વધુ પ્રમાણમાં ઊભી કરવામાં આવે. આ શાળામાં પ્રવેશ માટે પ્રચાર, વાલી સંપર્ક કરવામાં આવે.

**(5) અનુસૂચિત જનજાતિના બાળકોની શિક્ષણની સમસ્યા**

**પ્રસ્તાવના :**

વિશ્વમાં આફ્રિકા પછી આદિવાસીઓની સૌથી વધુ વસ્તી ભારતમાં વસે છે. ભારતના મોટા ભાગનાં રાજયોમાં આદિવાસીઓ જોવા મળે છે. બંધારણીય રીતે તેઓને અનુસૂચિત જનજાતિ તરીકે ઓળખવામાં આવે છે. તેઓ મહ્દ અંશે જંગલો અને પર્વતીય વિસ્તારોમાં સ્થાયી થયેલાં છે. પરિણામે જળ, જંગલ અને જમીન તેઓની સંસ્કૃતિનાં મહત્ત્વનાં પાસાંઓ છે.

જાતિ, બોલી, સંસ્કૃતિ અને માન્યતાઓની રીતે પરસ્પર નોંધપાત્ર રીતે જુદાં પડતા ભારતના આદિવાસીઓ એક વિશિષ્ટ પ્રકારની સામાજિક-સાંસ્કૃતિક તરાહ ઉપસાવે છે. આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સંદર્ભમાં મર્યાદિત વિકાસ થવાને કારણે તેમજ જંગલો અને પર્વતીય અંતરિયાળ વિસ્તારોમાં વસવાટને કારણે તેઓનો સમાવેશ વંચિત જૂથોમાં કરવામાં આવે છે.

**અનુસૂચિત જનજાતિ એટલે શું ? (Meaning of Schedule Caste)**

અંગ્રેજી શબ્દ ટ્રાઈબ (Tribe) લેટિનમાંથી ઉતરી આવ્યો છે. ઐતિહાસિક અને ભૌગોલિક સંદર્ભ બદલાતા ટ્રાઈબ શબ્દનો અર્થ પરિવર્તન પામતો રહ્યો છે. જે કે ''આદિમ જન' એ ટ્રાઈબનો સમાનાર્થી શબ્દ છે એમ કહી શકાય.

પશ્ચિમના અને ભારતના માનવશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓએ ટ્રાઈબ, આદિમજાતિ કે આદિવાસીની વ્યાખ્યા ભારતીય સંદર્ભમાં કરવાનો પ્રયત્ન કર્યો છે તેમ છતાં ભારતના આદિવાસીઓની એક સર્વ સામાન્ય વ્યાખ્યા કરવી મુશ્કેલ છે.

અંગ્રેજોના શાસન દરમિયાન આદિવાસી વિસ્તારોમાં થયેલાં સંસ્થાનવાદી આક્રમણોનો ત્યાંની પ્રજાએ સખત પ્રતિકાર કર્યો હતો અને તેના પરિણામે આદિવાસીઓની સામાજિક, સાંસ્કૃતિક ઓળખ વિકસતી ગઇ. આદિમતા અને પછાતપણાના આધાર સાથે અનુસૂચિત જનજાતિઓની યાદી તૈયાર કરવામાં આવી. આ યાદીમાં સમાવિષ્ટ આદિવાસીઓની ચાર લાક્ષણિકતાઓ છે.

(1) આદિમ મૂળ (૨) આદિમ જીવન શૈલી (3) અંતરિયાળ વિસ્તારોમાં નિવાસ (4) સર્વાંગી રીતે પછાતપણું

**ગુજરાતમાં આદિવાસી સમૂહો :**

ભારતના આદિવાસીઓ કુલ 450 વિભાગોમાં વહેંચાયેલો છે, તેમાંના કેટલાંક મુખ્ય વિભાગોના પેટા વિભાગો માત્ર છે. વસ્તીની દષ્ટિએ નવ આદિમ નજતિઓ એવી છે કે તેમાં એકપણ સભ્ય નથી.

બીજી બાજુ આ જાતિઓ એવી છે કે તેની વસ્તી પાંચ લાખથી પણ વધુ છે. ગુજરાતમાં કુલ 25 જાતિઓમાં આદિવાસીઓ વહેંચાયેલાં છે, તેઓના નામ આ પ્રમાણે છે :

(1) બરડા

(2) બાવચા

(3) ભરવાડ

(4) ભીલ

(5) ચારણ

(6) ચૌધરી, ચૌધરા

(7) ધાનકા, તડવી, તેતરિયા

(8) ઢોડિયા

(9) હળપતિ

(10) ગામીત, ગામટા, ગાવીન, માવચી

(11) ગોંડ - રાજ ગોંડ

(12) કાથોડી – કાતકરી

(13) કોકના, કોકની, કુકના

(14) કોલીઢોર, કોલઘા

(15) કુનબી

(16) નાયક-નાયકડા

(10) પઢાર

(18) પટેલિયા

(19) પોમલા

(૨0) રબારી

(૨1) રાઠવા

(૨૨) સીદો

(૨3) વારલી

(૨4) કોરવાલિયા

(૨5) પારધી અડવિચિંચર

(26) કૂણસે પારધી (સૌરાષ્ટ્ર સિવાયના)

અંબાજીથી શરૂ કરી દક્ષિણમાં ડાંગ જિલ્લાના વડા મથક આહવા સુધીના સમગ્ર વિસ્તારમાં રાજયના મોટાભાગના આદિવાસીઓનો વસવાટ છે. આ જિલ્લાઓમાં સાબરકાંઠા, પંચમહાલ, દાહોદ, વડોદરા, નર્મદા, ભરૂચ, સુરત, વલસાડ, નવસારી અને ડાંગનો સમાવેશ થાય છે.

વર્ષ ૨001 ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતની કુલ વસ્તી 509.11 લાખની હતી, તેમાં આદિવાસીઓની વસ્તી 74.81 લાખ (37.90 લાખ પૂરુષો અને 36.91 લાખ સ્ત્રીઓ) હતી. રાજ્યની વસ્તીમાં આદિવાસીઓનું પ્રમાણ લગભગ 15 ટકા થવા જાય છે.

આદિવાસીઓમાં સાક્ષરતાનું પ્રમાણ 47.7 ટકા નોંધાયું છે. પૂરુષોમાં આ પ્રમાણ 59.2 ટકા અને સ્ત્રીઓમાં 36 ટકા છે.

**અનુસૂચિત જનજાતિની સામાજિક સમસ્યાઓ (Social Problems of Schedule Tribe)**

અનુસૂચિત જનજાતિની સામાજિક સમસ્યાઓ નીચે મુજબ જોવા મળે છે :

**(1) અનુકૂલનની સમસ્યા :**

આ જાતિના લોકો ભટકતું જીવન પસાર કરે છે, તેમનું જીવન સ્થાયી ન હોવાથી તેમના માટે અનુકૂલનની સમસ્યા ઊભી થાય છે. આ જતિના લોકો સભ્ય સમાજથી દૂર પહાડી વિસ્તારોમાં રહેતા હોવાથી તેઓ સભ્ય સમાજ સાથે અનુકૂલન સાધી શક્તાં નથી. સમાજમાં ઓછા સંપર્કમાં રહે છે.

**(2) શોષણ :**

આ જાતિમાં ખાસ કરીને આદિવાસી સમાજનો સમાવેશ થાય છે. આ જાતિના લોકોનું બહારના સમૂહો દ્વારા વ્યાપક પ્રમાણમાં શોષણ થઇ રહ્યું છે. શિક્ષણનું પ્રમાણ ઓછું હોવાથી તેનો ગેરલાભ ઉઠાવીને કારખાનેદારો, ખેતરોના માલિકો, કોન્ટ્રાક્ટરો વગેરે લોકોનું શોષણ કરે છે. કામના પ્રમાણમાં પૂરતા પ્રમાણમાં રોજી મળતી નથી. વધુ કામ કરાવે છે.

**(3) ભાષાની સમસ્યા :**

આ લોકોની ભાષા-બોલી તેમની પોતાની આગવી વિશિષ્ટ ઓળખ ધરાવે છે. તે અન્ય લોકોથી ભાષાની બાબતમાં જુદાં પડે છે. અન્ય લોકોના સંપર્કમાં આવવાથી મૂળ ભાષાની ઓળખ જાળવી રાખવાની સ્થિતિ ન હોવાથી ભાષાકીય સમસ્યા ઊભી થવા પામી છે.

**(4) માનસિક શકિતનો ઓછો આંક :**

આ જાતિના લોકોની માનસિક શક્તિનો આંક ઓછો જોવા મળે છે. અન્ય લોકોના સંપર્કમાં ઓછા આવવાથી, નવું શીખવાની જાણવાની શક્યતા ઓછી રહે છે. ટી.વી.નો ઓછો ઉપયોગ વગેરેને કારણે તેની માનસિક શકિતનો આંક ઓછો જોવા મળે છે, જેથી કરીને સામાજિક સમસ્યા ઊભી થાય છે.

**(૫) રૂઢિચુસ્ત માનસ :**

આ લોકોની જાતિનું રૂઢિચુસ્ત માનસ જેવા મળે છે. ખાસ કોઇ પરિવર્તન જોવા મળતું નથી. અંધશ્રધ્ધા અને વહેમ વચ્ચે પોતાનું જીવન પસાર કરે છે. શિક્ષણમાં ઓછો રસ લે છે.

**(6) સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ :**

તેઓ હજી કેટલીક રૂલ ચુસ્ત માન્યતાઓ છોડી શકતાં નથી. ઓછાં વસ્ત્રો પહેરવાને લીધે તેમના શરીર પર ચામડીના રોગો જણાય છે. દારૂના વ્યસનમાં રહેવાથી તેમના આરોગ્ય પર ગંભીર અસરો પડી છે. આર્થિક પરિસ્થિતિ નબળી, પોષણયુક્ત ખોરાકનો અભાવ વગેરેને કારણે સ્વાસ્થ્ય પર વિપરીત અસરો પડી છે.

**(7) ભટકતું જીવન :**

આ જાતિના લોકોનું જીવન ભટકતું જેવા મળે છે. રોજીરોટી માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ નીય છે. સ્થાયી ન હોવાથી સામાજિક સમસ્યા ઊભી થતી જોવા મળે છે.

**(8) સંસ્કૃતિની સમસ્યા :**

અન્ય લોકોના સંપર્કમાં આવવાથી પોતાની મૂળ સંસ્કૃતિ પર અસર થઇ છે. એકબાજુ હિંદુ ધર્મ, બીજી બાજુ ખ્રિસ્તી ધર્મ વગેરેના પ્રભાવને લીધે તેની સામાજિક સાંસ્કૃતિક ઉપર અસર થઇ છે.

**અનુસૂચિત જન જાતિની શેક્ષણિક સમસ્યાઓ :**

અનુસૂચિત જન જાતિની શૈક્ષણિક સમસ્યાઓ નીચે મુજબ જોવા મળે છે.

**(1) ભટકતું જીવન :**

આ જાતિના લોકોનું ભટકતું જીવન છે. તેમનું જીવન સ્થાયી ન હોવાથી તેમના બાળકોની નોંધણી કરવાનું કાર્ય મુશ્કેલરૂપ બની જય છે, તેથી શિક્ષણ આપવાની સમસ્યા ઊભી થાય છે.

**(2) પૂરતી સગવડતાનો અભાવ :**

આ જાતિના વર્ગના બાળકો માટે શિક્ષણની પૂરતી સગવડતાનો અભાવ જોવા મળે છે. આ જાતિના લોકો મોટા ભાગે જંગલ વિસ્તારમાં વધુ પ્રમાણમાં રહે છે. પર્વતીય વિસ્તારમાં શાળાકીય ભૌતિક સગવડો આપવાનું શક્ય બનતું નથી.

**(3) શિક્ષકની સમસ્યા :**

પૂરતી સગવડતાના અભાવને કારણે તેમજ જંગલ અને પહાડી વિસ્તારમાં જવા માટે શિક્ષક તરીકે જવા તૈયાર થતાં નથી. શિક્ષણની સમસ્યાને લીધે શૈક્ષણિક સમસ્યાઓ ઊભી થાય છે.

**(4) પાઠ્યપુસ્તકોની સમસ્યા :**

આદિવાસી લોકો ભટકતું જીવન ગાળતા હોવાથી જંગલ વિસ્તારમાં વધુ રહે છે. આ જાતિના બાળકોની બોલી-ભાષા વિસ્તારે વિસ્તારે અલગ જેવા મળે છે. તેમના માટે ખાસ પ્રકારના પાઠયપુસ્તકો તૈયાર કરવા પડે, તેની સાથે સાથે આ જાતિના લોકોની ભાષા પ્રમાણે શિક્ષકો તેયાર કરવા પડે. આ કાર્ય કરવાનું મુશ્કેલરૂપ હોવાથી શૈક્ષણિક સમસ્યા ઊભી થાય છે.

**(૫) શિક્ષણમાં ઓછો રસ**

આ જાતિના લોકોમાં ભટકતું જીવન પસાર કરતાં હોવાથી શિક્ષણમાં ઓછો રસ લે છે. શિક્ષણ માટે વાલીઓ અભણ હોવાથી જનજાગૃતિ આવતી નથી. આથી શિક્ષણ માટે ખાસ કોઈ પ્રયાસ કરતાં નથી.

**(6) પ્રવેશની સમસ્યા :**

આ જાતિના લોકો સ્થાયી ન હોવાથી ભટકતું જીવન, પહાડી વિસ્તાર જુદી જુદી જગ્યાએ રહેઠાણ વગેરેને કારણે શાળામાં પ્રવેશ આપવાનો પ્રશ્ન ઊભો થાય છે. શાળા અને ઘર વચ્ચે વધુ અંતર જોવા મળે છે.

**અનુસૂચિત જનજાતિની આર્થિક સમસ્યાઓ (Economic Problems of Schedule Tribe)**

અનુસૂચિત જનજાતિની આર્થિક સમસ્યાઓ નીચે મુજબ છે.

**(1) રહેઠાણની સમસ્યા :**

આર્થિક નબળી પરિસ્થિતિને કારણે ભટક્તું જીવન ગુજારે છે. એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે. સ્થાયી રહેઠાણ નથી. બાળકોનું શિક્ષણ કઈ જગ્યાએ લેવું, કઈ શાળામાં પ્રવેશ મેળવવો, જંગલની પેદાશ પર પ્રતિબંધ આવતાં આવક ઘટી છે.

**(2) ભટકતું જીવન :**

જંગલો છીનવાઈ જતાં તેઓ ખાણોમાં, શહેરનાં બાંધકામોમાં, રોડ કામમાં, ખેત મજૂરીમાં વગેરેને કારણે વારંવાર સ્થળાંતર કરે છે. આ સંદર્ભે તેઓ આર્થિક શોષણનો ભોગ બને છે અને તેઓ આખી જિંદગી દેવાદાર બની રહે છે.

**(3) ગરીબી :**

આ જાતિના લોકોને અમુક જ ઋતુમાં કામ મળે છે. અન્ય ઋતુમાં કામ મળતું નથી. રોજી રોટીનો પ્રશ્ન ઊભો થાય છે. પૂરતા સમય માટે કામ ન મળતું હોવાથી ગરીબીમાં વધારો થાય છે.

**(4) રોજી રોટીનો પ્રશ્ન :**

આ જાતિના લોકોને રોજી રોટી મેળવવા માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું પડે છે. કોઈ સ્થાયી જીવન નથી. શિક્ષણનો પ્રશ્ન ઊભો થાય છે.

**(5) ભૂમિ વ્યવસાયની સમસ્યા :**

જીવન સ્થાયી ન હોવાથી, પોતાના અધિકારવાળી જમીન ન હોવાથી કાયદા કાનૂનોને કારણે પોતાની જમીન તેઓ કરી શક્તાં નથી. નવા કાયદાઓને લીધે તેઓ સ્થાયી ખેતીની વ્યવસ્થા કરી શકતાં નથી.

**(6) શોષણ :**

આ જાતિના લોકોનું શોષણ થતું હોવાથી આર્થિક રીતે નબળા પડી ગયેલ છે. પૂરતી રોજી મળતી નથી. વધુ કામ કરાવીને, ઓછી રોજી આપવામાં આવે છે.

**(7) જંગલ સંબંધિત સમસ્યા :**

અનુસૂચિત જનજાતિ માટે પહેલાના જેવાં જંગલો પર તેમનો અધિકાર રહ્યો નથી. પહેલાં કોઈપણ પ્રતિબંધ વિના તેઓ જંગલ પેદાશ મેળવી શકતાં હતાં. હવે વિવિધ પ્રકારના પ્રતિબંધોને કારણે તેઓ જંગલોની ઉપજ મેળવી શક્તા નથી. તેઓ જંગલની ઉપજો મેળવવા માટે અધિકારો, ઠેકેદારો કે જમીનના માલિકોના શોષણનો ભોગ બને છે.

## (4) વિચરતી જાતિનાં બાળકોના શિક્ષણની સમસ્યા

**પ્રસ્તાવના**

આપણા દેશમાં વણજારા, ભરવાડ, ઓડ, સરાણિયા, બજાણિયા વગેરે જેવી અનેક કોમો એવી છે કે જેઓ પોતાના જીવનનિર્વાહ માટે એક સ્થાનેથી બીજે સ્થાને વિચરતી રહે છે. આ જાતિઓને વિચરતી જાતિઓ તરીકે ઓળખવામાં આવે છે. આ બધી જાતિઓ કોઈ સ્થળે સ્થાયી વસવાટ કરતી હોતી નથી. આથી એમનાં બાળકોના શાળાપ્રવેશ માટેની નોધણી કરવી એ જ પાયાની સમસ્યા છે. વળી ભટકતું જીવન જીવતી આ જાતિઓ માટે શાળા શરૂ કરી, તેને નિભાવવી પણ મુશ્કેલ છે.

સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના ધ્યેયને સિદ્ધ કરવા વિચરતી જાતિનાં બાળકોને શિક્ષણ પૂરું પાડવા અંગેની સમસ્યા પણ એટલી જ મહત્ત્વની બની છે.

**(2) વિચરતી જાતિનાં બાળકોના શિક્ષણ આડેના અવરોધો**

વિચરતી જાતિનાં બાળકોનાં શિક્ષણ આડેના મુખ્ય અવરોધો નીચે પ્રમાણે છે :

**(1) અસ્થાયી જીવન**

આ જાતિના લોકો સ્થિર જીવન જીવતા ન હોવાથી તેમનાં બાળકોને શિક્ષણ મળી શકતું નથી.

**(6) અનુસૂચિત જનજાતિની સમસ્યાઓ ઉકેલવાના ઉપાયો : (Problem Solutions of Schedule Tribe)**

અનુસૂચિત જનજાતિની સમસ્યાઓ ઉકેલવાના ઉપાયો નીચે મુજબ છે.

**(1) નિવાસી આશ્રમ શાળાઓનો પ્રારંભ :**

આ જાતિના લોકોના બાળકો માટે આ વિસ્તારોમાં નિવાસી આશ્રમ શાળાઓ શરૂ કરવી. આ શાળામાં સંપૂર્ણ વ્યવસ્થા કરવી. શિક્ષણની વ્યવસ્થા, રહેવાની વ્યવસ્થા, જમવાની વ્યવસ્થા વગેરે વિના મૂલ્યે થાય તેવી વ્યવસ્થા ગોઠવવી, જેથી બાળકો ત્યાં સ્થાયી રહીને શિક્ષણ મેળવી શકે.

**(૨) આદિવાસી શિક્ષકોની નિમણૂંક કરવી :**

જે વિસ્તારમાં નિવાસી શાળાઓ તેમજ અન્ય શાળામાં, આજ વિસ્તારના આદિવાસી શિક્ષકોની નિમણૂંક કરવી જેથી તેઓ તેમના સમાજને સમજાવીને શિક્ષણ મેળવવા માટે શાળામાં બાળકોને પ્રવેશ અપાવી શકે.

**(3) શોષણમાંથી મુકિત :**

આ લોકોને સામાજિક અને આર્થિક શોષણમાંથી મુક્ત કરાવવા માટે સરકારે અને એન.જી.ઓ.એ સંયુક્ત પ્રયાસો કરવાં જેઇએ, તેમજ આર્થિક શોષણ થતું હોય તો તેમાંથી મુક્ત કરવા જેઈએ. આ લોકો દેવાદાર હોય છે. તેઓ તેમના દેવામાંથી મુક્તિ મેળવી શકે તે માટે સરકાર અને સમાજ સેવા સંસ્થાઓએ આગળ આવવું જોઇએ.

**(4) મજૂર કલ્યાણ પ્રવૃત્તિઓ :**

આદિવાસીઓ મજૂરી સાથે વિશેષ સંકળાયેલાં છે, તેઓનું શોષણ ન થાય અને કલ્યાણ થાય તે માટેની પ્રવૃત્તિઓ શરૂ કરવી જોઇએ.

**(5) આરોગ્ય કલ્યાણ યોજના :**

આ વિસ્તારમાં આરોગ્યને લગતી સેવાઓ મળી રહે તે માટે આરોગ્ય કેન્દ્ર શરુ કરવા જોઇએ. ઓછા દરે આરોગ્યને લગતી સેવા મળે તેવી વ્યવસ્થા કરવી.

**(6) સંસ્કૃતિ બચાવો અભિયાન :**

આદિવાસીઓ પોતાની સંસ્કૃતિ બચાવી શકે, તે માટે આદિવાસી મંડળ ઊભું કરવું, આ મંડળ દ્વારા સંસ્કૃતિ બચાવ માટે શિક્ષણ આપવું જોઇએ.

**(7) અનુકૂલન મેળવવાના પ્રયત્નો :**

આદિવાસીઓ બીજાં સાથે અનુકૂલન સાધી શકે તેવા પ્રકારના કાર્યક્રમો ગોઠવવાં જોઇએ. તેઓ વધુમાં વધુ સ્થાયી થાય તે માટેના પ્રયત્નો હાથ ધરવાં જોઇએ.

**(8) કાનૂની શિક્ષણની વ્યવસ્થા :**

આદિવાસીઓને વિવિધ પ્રકારનું કાનૂની શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

**(1) આર્થિક પરિબળ**

આ જાતિના લોકોની આર્થિક સ્થિતિ પણ નબળી હોવાથી તેઓ પોતાનાં બાળકોને શાળાએ મોકલવાને બદલે મજૂરીએ લગાડી દેતાં હોય છે.

**(3) શિક્ષણ તરફ નકારાત્મક વલણ**

આ જાતિના લોકોના વ્યવસાય જ એવા છે કે તેમને હંમેશાં એવું લાગ્યા કરે છે કે એમનાં બાળકોને શિક્ષણની શી જરૂર! વળી તેઓ શિક્ષણ તરફ નકારાત્મક વલણ ધરાવે છે, પરિણામે તેઓ નથી તો બાળકોની નોંધણી કરાવતાં કે નથી'તો બાળકોને શાળાએ મૂકતા. તેઓને બાળક શાળાએ જાય એ કરતાં ઘરે રહે તે વધુ ઉપકારક લાગતું હોય છે.

**(4) લોકબોલીની સમસ્યા**

વિચરતી જાતિના લોકોને પણ પોતાની જાતિની એક વિશિષ્ટ લોકબોલી હોય છે. આ જાતિના લોકોને શિક્ષણ મેળવવામાં તેમની વિશિષ્ટ લોકબોલી અવરોધરૂપ થાય છે.

**(3) વિચરતી જાતિનાં બાળકોના શિક્ષણ માટેના ઉપાયો**

વિચરતી જાતિનાં બાળકોના શિક્ષણના વિસ્તરણ અને વિકાસ માટે નીચેના ઉપાયો હાથ ધરવાથી તેની આડેના અવરોધો દૂર થઈ શકશેઃ

- વિચરતી જાતિનાં કુટુંબો શક્ય એટલા વધુ પ્રમાણમાં એકી જથ્થામાં વસે એ પ્રકારની સુવિધાઓ ઊભી કરવી. આ માટે એક સમાન કામ કરનારાનાં કેન્દ્રો વિકસાવવાં.
- વિચરતી જાતિનાં બાળકોની સંખ્યા અપૂરતી હોય ત્યાં ફરતી શાળાઓ શરૂ કરવી.
- વિચરતી જાતિના લોકોના ધંધાને અનુરૂપ શિક્ષણની જોગવાઈ કરવી. વળી આ જાતિનાં બાળકો શાળામાં પ્રવેશ મેળવે તે માટે ખાસ પ્રોત્સાહન પૂરું પાડવું.

- વિચરતી જાતિનાં બાળકોના શિક્ષણ માટે ખાસ પ્રકારની આશ્રમશાળાઓ શરૂ કરવી. આ શાળાઓમાં તેમના ધંધાને પોષક અને સુધારક અભ્યાસક્રમ તૈયાર કરવો જોઈએ.
- વિચરતી જાતિના લોકોને ધંધાકીય મદદ, લોન તથા બીજી જરૂરી સવલતો આપી સ્થિર વસવાટ તરફ દોરવા.

આપણા દેશમાં વિચરતી જાતિનાં બાળકોના શિક્ષણના વિકાસ માટે સારા એવા પ્રયત્નો થયા છે છતાં આ જાતિનાં બાળકોના શિક્ષણની બાબતમાં જોઈએ તેટલી પ્રગતિ આપણા દેશમાં થઈ શકી નથી.

**(9) વહેમ અને અંધશ્રધ્ધા નિવારણ કાર્યક્રમ :**

આદિવાસીઓમાં કેટલાંક વહેમ અને અંધશ્રધ્ધા જોવા મળે છે. આ લોકોમાંથી વહેમ અને અંધશ્રધ્ધા દૂર થાય તે માટેના કાર્યક્રમો હાથ ધરવા.

**(10) સ્થાયી જીવન માટેની વ્યવસ્થા :**

આદિવાસી લોકો સ્થાયી જીવન જીવે તેવી વ્યવસ્થા કરવી. રોજી રોટી સ્થાનિક મળી રહે તે માટે નવા ધંધાઓ આ વિસ્તારમાં શરૂ થાય તેવી વ્યવસ્થા કરવી. તેઓને જમીન મળે અને તેના પર ખેતી કરે તેવી વ્યવસ્થા પણ કરવી જોઇએ. રોજીરોટી કાયમી ધોરણે મળે તેવું લાંબાગાળાનું આયોજન વિચારવું જઇએ.

**(11) શિક્ષકોને તાલીમ આપવી :**

આદિવાસી વિસ્તારમાં નોકરીમાં જોડાતા શિક્ષકોને આદિવાસીઓના સંદર્ભે તેમની બોલી, ભાષા, સંસ્કૃતિ, સભ્યતા વગેરે બાબતો ધ્યાનમાં રાખી તાલીમ આપવી જોઇએ. તાલીમ મળવાથી તેઓ સારી રીતે કાર્ય કરી શકે.

**(12) શિષ્યવૃત્તિઓ :**

આદિવાસીના બાળકો વધુ પ્રમાણમાં શિક્ષણ મેળવે તે માટે શિષ્યવૃત્તિઓની વ્યવસ્થા કરવી.

**(13) નોકરીમાં અનામત પ્રથા દાખલ કરવી :**

આદિવાસીના બાળકો માટે નોકરીમાં અનામત પ્રથા દાખલ કરવી જોઇએ. તરત જ નોકરી મળવાને કારણે શિક્ષણમાં રસ લેતાં થાય.

**(14) શિક્ષકોને વિશેષ લાભ :**

આદિવાસી વિસ્તારમાં જે શિક્ષકો નોકરી માટે તૈયાર થાય તે માટે વિશેષ લાભ આપવા જોઇએ.

**(15) વ્યાવસાયિક શિક્ષણ :**

- આદિવાસી વિસ્તારના બાળકોને વ્યાવસાયિક શિક્ષણ આપી વ્યવસાયો તરફ વળે તેવું શિક્ષણ આપવું જોઇએ.
- આ ઉપરાંત તેજસ્વી બાળકો હોય તેની ખોજ કરીને ઉચ્ચ શિક્ષણ મેળવે તેવી વ્યવસ્થા કરવી જોઇએ. ઉચ્ચ શિક્ષણ મેળવીને તેના વિસ્તારમાં, તેના સમાજની સારી સેવા કરી શકે તેવું આયોજન વિચારવું જોઇએ.
- કેટલીકવાર આ જાતિના બાળકો શિક્ષણથી વંચિત રહે તો વધારાના રાત્રિ વર્ગો શરૂ કરી શિક્ષણ આપવાની વ્યવસ્થા ગોઠવવી જોઇએ.
- રિસેસમાં નાસ્તાની વ્યવસ્થા પણ ગોઠવી શક્ય.
- અનુકૂળ ભાષામાં પાઠયપુસ્તક તેયાર કરવામાં આવે તો પણ વધુ અનુકૂળતા પ્રાપ્ત થાય.

- રૂઢિચુસ્ત માન્યતાઓ જોવા મળે છે. તે દૂર થાય તે માટે પ્રયત્નો કરવા જઇએ. તેઓને વાલી મિટીંગ કરીને શિક્ષણ આપવામાં આવે તો સુધારો થઇ શકે.
- આ વિસ્તારની છોકરીઓ શિક્ષણ વધુ પ્રમાણમાં લેતી થાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઇએ, તેમજ ફરતી શાળાઓ પણ શરૂ કરી શકાય.

## 5. ક્ષતિ ધરાવતાં બાળકોના શિક્ષણની સમસ્યા

**(1) પ્રસ્તાવના**

ક્ષતિ ધરાવતાં બાળકોમાં બે પ્રકારની ક્ષતિ ધરાવતાં બાળકોનો સમાવેશ થાય છે :

1. શારીરિક ક્ષતિ ધરાવતાં બાળકો, 2. માનસિક ક્ષતિ ધરાવતાં બાળકો.

શારીરિક ક્ષતિ ધરાવતાં બાળકો અંધ, બહેરાં-મૂગાં અંને વિકલાંગી એમ ત્રણ પ્રકારનાં જોવા મળે છે, જ્યારે માનસિક ક્ષતિ ધરાવતાં બાળકોમાં મંદબુદ્ધિ, અલ્પબુદ્ધિ, વિકૃત માનસ ધરાવતાં બાળકોનો સમાવેશ થાય છે.

સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ માટેના પ્રયત્નોમાં શારીરિક અને માનસિક ક્ષતિ ધરાવતાં બાળકોને શિક્ષણનો લાભ ન મળે તો તે અન્યાય જ ગણાય. ક્ષતિ ધરાવતાં ખોડખાંપણ ધરાવતાં બાળકો પણ સમાજનું અંગ છે. સમાજનાં અન્ય બાળકોની માફક આવાં બાળકો પણ યોગ્ય કેળવણી મેળવી સમાજમાં સ્વમાનભેર અને સ્વાભિમાની જીવન જીવવાને અધિકારી છે. આથી આવાં બાળકોના શિક્ષણની બાબત પણ દેશ માટે ઘણી જ મહત્ત્વની છે. આથી આપણે આવાં બાળકોની ઉપેક્ષા કરવી જોઈએ નહી.

ક્ષતિ ધરાવતાં બાળકોને વિશિષ્ટ શિક્ષણની જોગવાઈ દ્વારા જ શિક્ષિત કરી શકાય. પ્રત્યેક લોકશાહી દેશ, આવાં બાળકોના શિક્ષણની વિશિષ્ટ જોગવાઈ કરે જ છે. સમાજને હવે પ્રતીતિ થઈ ગઈ છે કે શારીરિક ખોડખાંપણવાળાં બાળકોમાં પણ કેટલીક વિશિષ્ટ શક્તિઓ પડેલી છે. જો એ શક્તિ તેનો વિકાસ કરવામાં આવે, તો તેઓ દેશના નવનિર્માણમાં મહામૂલો ફાળો નોંધાવી શકે છે. શારીરિક રીતે ક્ષતિ ધરાવતી વ્યક્તિઓ પણ બીજી સર્વાંગી વ્યક્તિના જેવી જ પ્રગતિ સાધી શકે છે. વળી સમાજનાં આવાં બાળકો શિક્ષણ લીધા વિના લઘુતાગ્રંથિથી ક્ષોભ ન અનુભવે, એ હેતુસર આવાં બાળકોના શિક્ષણ માટેની સુવિધા સમાજે પૂરી પાડીને એકસાથે બે હેતુઓ - સેવા કર્યાનો અને ક્ષતિનો સદુપયોગ કર્યાનો - સિદ્ધ કર્યા છે.

શૈક્ષણિક તકનું સમાનપણું લાગુ પાડવું હશે તો ખોડખાંપણવાળાં બાળકો માટે પણ શિક્ષણની પૂરતી સુવિધા કરવી પડશે. આ બાબત માનવતાની દષ્ટિએ જરૂરી છે અને ઉપયોગિતાની દ્રષ્ટિએ પણ આવશ્યક છે. જો યોગ્ય અને પૂરતું શિક્ષણ આપવામાં આવે તો શારીરિક અપંગો પોતાની અપંગતાનીઃ મર્યાદા ઓછી કરી શકે અને તે જ રીતે માનસિક અપંગો, મંદબુદ્ધિવાળાં બાળકો પણ એક ઉપયોગી નાગરિક બનવાની કેટલીક ક્ષમતા કેળવી શકે.

**(7) અનુસૂચિત જનજાતિ કલ્યાણ યોજનાઓ :**

- ગુજરાત સરકારના આદિવાસી વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા અનુસૂચિત જનજાતિ કલ્યાણ યોજનાઓ દ્વારા તેઓનો બહિર્મુખી વિકાસ કરવાનો પ્રયત્ન થયો છે. આ અંગે તમે આ સંદર્ભે માહિતગાર બનો તે માટે કેટલીક માહિતી યોજનાઓ અત્રે ટૂંકમાં રજૂ કરવામાં આવી છે.

**(1) શૈક્ષણિક યોજનાઓ :**

શૈક્ષણિક યોજનાઓમાં નીચે મુજબની યોજના અમલમાં છે :

1. પૂર્વ એસ. એસ. સી. થી કૉલેજ કક્ષાના અભ્યાસક્રમો માટે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ.
2. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ગણવેશ.
3. વિદ્યા સાધના સાઇકલ યોજના હેઠળ ધોરણ-8માં ભણતી કન્યાઓને સાઇકલ

4. સૈન્યમાં ઉચ્ચ હોદ્દાઓ પ્રાપ્ત કરી શકે તે માટે વિદ્યાર્થીઓ માટે સાબરકાંઠા જિલ્લામાં ખેરંચા મુકામે સૈનિક સ્કૂલની સ્થાપના.

5. રાજયમાં આદિ જાતિના વિદ્યાર્થીઓ માટે આશ્રમ શાળાઓ, આદર્શ નિવાસી શાળાઓ છાત્રાલયોની વર્તમાન વ્યવસ્થા ઉપરાંત છોટા ઉદેપુર અને વ્યારા ખાતે પી.ટી.સી. કૉલેજોની સ્થાપના.

**(2) સામાજિક ઉત્કર્ષની યોજનાઓ :**

સામાજિક ઉત્કર્ષની યોજનાઓ નીચે મુજબ છે.

1. છેલ્લા પાંચ વર્ષમાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ અને સાત ફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ સ્ત્રીઓને વધુ સન્માનભેર જીવવાની તકો પૂરી પાડવી.

2. આવાસ યોજનાઓ હેઠળ વર્ષ ૨001 થી ૨005 દરમ્યાન 18,400 વ્યક્તિઓને આવાસ બાંધકામ માટે સહાય.

**(3) આર્થિક વિકાસ યોજના :**

આર્થિક વિકાસ યોજનામાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવે છે :

1. આદિજાતિ લોકોને દુધાળાં પશુ પૂરાં પાડવાની યોજના.

2. સિંચિત ખેતીમાં ખેતીની આધુનિક પધ્ધતિઓ, વૈજ્ઞાનિક પધ્ધતિથી શોધાયેલાં બીજરોપાં અને ખેતી વિષયક ઓજારો પૂરાં પાડવાની યોજના.

3. કૌશલ્ય નિર્માણ અને ક્ષમતા વર્ધન માટે આદિવાસી તાલીમાર્થીઓને આધુનિક અને વ્યાવસાયિક તાલીમ.

સ્વતંત્ર ભારતમાં શારીરિક ખોડખાંપણવાળાં બાળકોના શિક્ષણ અંગે સારી જાગૃતિ આવી છે. ગુજરાતમાં પણ આવાં બાળકોના શિક્ષણ માટે સરકારી અને સ્વૈચ્છિક પ્રયત્નો સારા પ્રમાણમાં થવા માંડ્યા છે. સરકાર કરતાં સમાજ આ બાબતમાં વધુ જાગૃત છે. આપણે ત્યાં અંધો માટેની શિક્ષણસંસ્થાઓ, બહેરા - મૂંગા માટેની શિક્ષણસંસ્થાઓ અને વિકલાંગીઓ માટેની શિક્ષણ-વ્યવસ્થા આવેલી છે.

આપણો દેશ શારીરિક ખોડખાંપણવાળી વ્યક્તિઓના શિક્ષણની વ્યવસ્થા અંગે હંમેશાં સતર્ક રહ્યો છે અને તે માટે રચનાત્મક વ્યવસ્થા કરી છે.

**(2) શારીરિક ખોડખાંપણવાળાં અંગે કોઠારી પંચની ભલામણો**

શારીરિક ખોડખાંપણવાળાં બાળકોના શિક્ષણ અંગે કોઠારી પંચે (1964- 4-66) નીચે જેવી કેટલીક મહત્ત્વની ભલામણો કરી છે :

- 1960 સુધીમાં અંધ, બહેરાં-મૂંગાં, હાડકાંની ખોડખાંપણવાળાં અને માનસિક રીતે પછાત કુલ બાળકોના 15 ટકા માટે શિક્ષણની અને તાલીમની સુવિધા કરવી.
- ખોડખાંપણવાળાં બાળકોના શિક્ષણને વધુ ક્ષમતાભર્યું બનાવવા માટે સંશોધન અને પ્રયોગોની પણ સુવિધા કરવી.
- ખોડખાંપણવાળાં બાળકો માટે ખાસ કાર્યક્રમો યોજવા.
- મગજમાં ઈજા પામેલાં, બોલીમાં ક્ષતિવાળાં, અર્ધ અંધ, લાગણીમય રીતે વ્યગ્ર બાળકો વગેરે માટે શિક્ષણની ખાસ સગવડ કરવી.
- ખોડખાંપણવાળાં બાળકોના શિક્ષણ માટે શિક્ષક વિદ્યાર્થીઓનું પ્રમાણ 1:10 રાખવું જોઈએ.

**(3) ક્ષતિવાળાં બાળકો માટે વિશિષ્ટ શૈક્ષણિક સુવિધાઓની જરૂરિયાતનાં કારણો**

શારીરિક રીતે ખોડખાંપણ ધરાવતાં બાળકો જેવાં કે બહેરાં-મૂંગાં, અંધ, અર્ધ અંધ, તોતડાં વગેરેને માટે પણ વિશિષ્ટ શાળાઓની અને વિશિષ્ટ પ્રકારના અભ્યાસની સુવિધાઓનીસગવડ

હોવી જરૂરી છે. આવાં બાળકો માટે વિશિષ્ટ શૈક્ષણિક સુવિધાઓની જરૂરિયાતનાં કેટલાંક કારણો નીચે પ્રમાણે છે :

- બહેરાં-મૂંગાં બાળકો ભાષાજ્ઞાનની દૃષ્ટિએ પછાત હોય છે.
- અપંગ બાળકોની માનસિક શક્તિ મર્યાદિત હોય છે. આથી આ પરિસ્થિતિમાં આવાં બાળકોની વિશિષ્ટ શિક્ષણ-વ્યવસ્થા હોવી જરૂરી છે.
- શારીરિક રીતે અપંગ બાળકો કેળવણીની શરૂઆતથી જ તેમની ઉંમરનાં સામાન્ય બાળકોની સરખામણીમાં પછાત જણાય છે. આથી અપંગ બાળકોનો કેળવણી પ્રકાર અને શિક્ષણપદ્ધતિ વિશિષ્ટ પ્રકારનાં હોવાં જોઈએ.
- શારીરિક અપંગો નાના- મોટા પ્રમાણમાં વિભિન્ન પ્રકારની આંગિક ખામીઓ અનુભવતા હોય છે. આથી આપણે તેમને માટે વિશિષ્ટ શૈક્ષણિક સુવિધાઓ પૂરી પાડવી જરૂરી છે.
- માનસિક ખોડખાંપણવાળાં બાળકોના માનસિક વિકાસની ઝડપ ધીમી હોય છે. અમૂર્ત તર્કશક્તિનો વિકાસ અતિમંદ, યાદશક્તિ અત્યંત મર્યાદિત, ધ્યાન વિસ્તાર પણ ઘણો જ સીમિત હોય છે અને તેઓ લઘુતાગ્રંથિથી પીડાતા હોય છે. વળી તેઓમાં લાગણીનું- સમતોલપણું હોતું નથી. આવાં બાળકો સામાન્ય બુદ્ધિવાળા બાળકો સાથે વૈયક્તિક વિભિન્નતાઓને લીધે અભ્યાસ કરી શકે નહિ. તેથી તેમને વિશિષ્ટ શૈક્ષણિક સુવિધાઓ પૂરી પાડવી આવશ્યક છે.
- વૈયક્તિક વિભિન્નતાઓને લીધે બાળકોમાં રસ, રુચિ, વલણ, આચાર-વિચાર, બુદ્ધિકક્ષા, વિશિષ્ટ શક્તિઓ વગેરે જુદાં જુદાં હોય છે. સ્વભાવની દૃષ્ટિએ પણ કોઈ બાળક લાગણીશીલ કે ઊર્મિશીલ, ક્રોધી, ચીડિયું , સુસ્ત, ઉદ્ધત તેમજ વિવેકશીલ પણ જોવા મળે છે. આમ, બાળકોમાં વિશિષ્ટ શક્તિ પ્રમાણે વૈયક્તિક વિભિન્નતાઓ જોવા મળે છે. દરેક બાળકમાં કોઈ ને કોઈ ચોક્કસ પ્રકારની શક્તિ રહેલી છે. ગણિત, ચિત્ર, સંગીત, સાહિત્ય, લુહારીકામ, સુથારીકામ, ગોઠવણી કે વ્યવસ્થા વગેરે ભિન્ન ભિન્ન બાબતોમાં શક્તિ ધરાવતાં બાળકો આ રીતે જુદાં તરી આવે છે. વળી બુદ્ધિ શક્તિ કંઈક જુદી જ છે, કંઈક વિશિષ્ટ છે. આથી તેઓને માટે વિશિષ્ટ શૈક્ષણિક સુવિધાઓ પૂરી પાડવી ખૂબ જ આવશ્યક અને અનિવાર્ય છે.

**(4) ખોડખાંપણવાળાં બાળકો માટે શિક્ષણની વ્યવસ્થા**

ખોડખાંપણવાળી વ્યક્તિઓ માટે તેમની યોગ્યતા નક્કી કરી નીચે પ્રમાણેની શિક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ :

- શાળામાં ન આવી શકે તેવાં અપંગ બાળકોને ઘેર બેઠાં ગૃહઉદ્યોગનું શિક્ષણ મળે તેવી વ્યવસ્થા કરી શકાય.
- હૉસ્પિટલ-શાળાઓમાં જે સારવાર લઈ રહ્યાં હોય તેવાં પ્રાથમિક શાળાનાં બાળકોને સારવારની સાથે સાથે ધંધાકીય શિક્ષણ પણ આપી શકાય.
- ખોડખાંપણવાળાં બાળકો છાત્રવાસી શાળાઓમાં રહીને હુન્નર કળા અને ઉદ્યોગોનો અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
- ખોડખાંપણવાળાં બાળકોને ઘર જેવું વાતાવરણ મળી રહે તેવી નર્સરી સ્કૂલો હોવી જોઈએ.
- આવાં બાળકોને ઉચ્ચ શિક્ષણ આપતી વિશિષ્ટ કૉલેજો તેમજ વિશિષ્ટ વિશ્વ વિદ્યાલયોની વ્યવસ્થા પણ કરી શકાય. આથી તે કક્ષાએ પણ તેઓ ધંધાકીય શિક્ષણ લઈ શકે.
- વ્યવસાયલક્ષી તેમજ ટેકનિકલ શાળાઓમાં તેઓ માટે પ્રાથમિક કક્ષાથી જ ધંધાકીય શિક્ષણની શરૂઆત કરવી જોઈએ.
- અત્યંત અપંગ વ્યક્તિઓ માટે વિશિષ્ટ સગવડો ધરાવતી ધંધાકીય શાળાઓની વ્યવસ્થા કરવી જોઈએ.

બાળકોમાં રહેલાં વૈયક્તિક તફાવતોને ધ્યાનમાં લઇ ખોડખાંપણવાળાં બાળકોના શિક્ષણની એટલે કે વિશિષ્ટ શિક્ષણની યોગ્ય વ્યવસ્થા ગોઠવવી. આ માટે વક્તિગત દેખરેખ, કાળજીભરી સંભાળ, વિશિષ્ટ શાળાઓ અને વિશિષ્ટ પ્રકારની ચિકિત્સા વગેરે જેવી સુવિધાઓ પૂરી પાડવી જોઈએ

**(5) ખોડખાંપણવાળાં બાળકોના શિક્ષણ માટે થયેલાં પ્રયાસ**

પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ થતાં આપણા દેશમાં ખોડખાંપણવાળાં બાળકોના શિક્ષણનો પ્રશ્ન ઉપસ્થિત થયો. આવાં બાળકોની નોંધણી અને શાળાપ્રવેશ એક મહત્ત્વની બાબત બની. જોકે સ્વતંત્ર ભારતમાં ખોડખાંપણવાળાં બાળકોના શિક્ષણ અંગે સારી જાગૃતિ આવી છે. છતાં ખોડખાંપણવાળાં બાળકોના વાલીઓ તરફથી પૂરતો સહકાર મળતો નથી. આથી પણ આ સમસ્યા જોઈએ તેટલી ઉકેલી શકાઈ નથી.

આ સમસ્યા પ્રત્યે ચિંતીત રહીને રાષ્ટ્રીય શિક્ષણનીતિ - 1986 માં "શારીરિક ક્ષતિઓવાળાં બાળકોને સામાન્ય બાળકોની સાથે સમાન ભાગીદારો તરીકે, ક્ષતિઓવાળાં બાળકોનું શિક્ષણ' અંગે નીચે જેવી નોંધ કરાઈ છે. "માનસિક અને તેમનો સમાન વિકાસ કરવા માટે અને તેઓ વિશ્વાસ અને હિંમતથી જિંદગીનો સામનો કરી શકે તે માટે તૈયાર કરવામાં આવશે. આને માટે નીચેનાં પગલાં લેવામાં આવશેઃ

- શક્ય હશે ત્યાં સુધી હલનચલનની ક્ષતિઓવાળાં અને અન્ય સામાન્ય ક્ષતિઓવાળાં બાળકોને બીજાં સામાન્ય બાળકો સાથે જ શિક્ષણ આપવામાં આવશે.
- અન્ય પ્રકારની શારીરિક કે માનસિક ક્ષતિઓ ધરાવતાં બાળકોને માટે ખાસ પ્રકારની નિવાસી શાળાઓની જિલ્લા મથકે સ્થાપના કરવામાં આવશે.
- શારીરિક રીતે અશક્તોને માટે વ્યાવસાયિક તાલીમની વ્યવસ્થા કરવામાં આવશે.
- ખાસ કરીને પ્રાથમિક શિક્ષકોને માટે ક્ષતિઓવાળાં બાળકોની સાથે કઈ રીતે કામ લેવું તેની તાલીમ માટેના વર્ગો ચલાવવામાં આવશે.
- ક્ષતિઓવાળાં બાળકોના શિક્ષણને માટે મરજિયાત ધોરણે પણ જે પ્રયત્નો હાથ ધરવામાં આવશે તેવા તમામ પ્રયત્નોને પ્રોત્સાહિત કરવામાં આવશે.

આજે શારીરેક ખોડખાંપણ ધરાવતાં બાળકો કે માનસિક રીતે પછાત બાળકો માટેનું દષ્ટિબિંદુ બદલાઈ રહ્યું છે. તેઓ પણ સમાજના અન્ય સભ્યોની માફક સમાન હક્કો સાથે સ્વતંત્રતા અને સ્વમાનપૂર્વક જીવી શકે છે. ખોડખાંપણવાળાં બાળકોને એ પ્રકારનું જીવન જીવતાં કરવા માટે ચીલાચાલુ શિક્ષણ પદ્ધતિઓને સ્થાને વિશિષ્ટ સુવિધાઓ પૂરી પાડે તે પ્રકારની શૈક્ષણિક પદ્ધતિઓ, પ્રવૃત્તિઓ અને સુવિધાઓ ઊભી કરવામાં આવી છે.

બાળકોની વૈયક્તિક વિભિન્નત્તાઓ લક્ષમાં રાખી તે તેઓના શિક્ષણ વિશેની સુવિધા વિચારવામાં આવે છે. ખોડખાંપણવાળાં બાળકોમાં ભિન્ન ભિન્ન તફાવતો જોવા મળે છે. આથી આવાં બાળકોને એકસરખી વ્યવસ્થા ન પૂરી પડાતાં તેમની માનસિક યોગ્યતા, રસ, અભિરુચિ, શારીરિક શક્તિ, વિશિષ્ટ શક્તિ, સામાજિક વાતાવરણ વગેરે ધ્યાનમાં. રાખી તેમના માટેની શિક્ષણ-વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

**(6) સારાંશ**

- કન્યા કેળવણીની સમસ્યા, પછાત વર્ગોના બાળકોના શિક્ષણની સમસ્યા વિચરતી જાતિના બાળકોના શિક્ષણની સમસ્યા, ક્ષતિ ધરાવતાં બાળકોના શિક્ષણની સમસ્યા વગેરે માટે પ્રાથમિક કક્ષાએ વિવિધ સમસ્યાઓ જોવા મળે છે.
- આ ચારેય પ્રકારના બાળકોની સમસ્યાના કારણો જાણીને તેને દૂર કરવાના ઉપાયો વિચારવા પડે. સરકાર પણ આ દિશામાં પ્રયત્નો કરવામાં આવે તો સુધારો લાવી શકાય તેમ છે.

- સરકાર પણ આ દિશામાં જોઈએ તેટલી પ્રયત્નશીલ જોવા મળતી નથી, લોકોની ભાગીદારી સાથે પ્રયત્નો કરવામાં આવે.
- લોકોમાં શિક્ષણ પ્રત્યે જરૂરિયાત છે તે અંગે જાગૃતિ લાવવામાં આવે, વાલીઓને સમજાવવામાં આવે તો સુધારો લાવી શકાય તેમ છે. સુધારા તરફ પ્રયત્નો કરવા જરૂરી છે. પ્રયત્ન વગર સફળતા ન મળે.

**(7) એકમ સ્વાધ્યાય**

(19) કન્યા કેળવણીના અવરોધો જણાવો.

(20) કન્યા કેળવણીના વિકાસ માટેના ઉપાયો જણાવો.

(21) અનુસૂચિત જાતિ એટલે શું ?

(22) અનુસૂચિત જાતિની સામાજિક સમસ્યા કઈ છે તે જણાવો.

(23) અનુસૂચિત જાતિની શૈક્ષણિક સમસ્યા કઈ છે તે જણાવો.

(24) અનુસૂચિત જાતિની આર્થિક સમસ્યા કઈ છે તે જણાવો.

(25) અનુસૂચિત જાતિની સમસ્યાઓ નિવારવાના ઉપાયો જણાવો.

(26) વિચરતી જાતિના બાળકોના શિક્ષણના અવરોધો જણાવો.

(27) વિચરતી જાતિના બાળકોના શિક્ષણ માટેના ઉપાયો જણાવો.

(28) શારીરિક ખોળખાંપણવાળા બાળકો અંગે કોઠારી પંચની ભલામણો જણાવો.

(29) ક્ષતિવાળા બાળકો માટે વિશિષ્ટ શૈક્ષણિક સુવિધાઓની જરૂરિયાતના કારણો જણાવો.

(30) ખોળખાંપણવાળા બાળકો માટે શિક્ષણની વ્યવસ્થા જણાવો.

(31) ખોળખાંપણવાળા બાળકોના શિક્ષણ માટે થયેલાં પ્રયાસ જણાવો.

(32) અનુસૂચિત જનજાતિ એટલે શું ?

(33) અનુસૂચિત જનજાતિની સામાજિક સમસ્યાઓ જણાવો.

(34) અનુસૂચિત જનજાતિની શૈક્ષણિક સમસ્યાઓ જણાવો.

(35) અનુસૂચિત જનજાતિની આર્થિક સમસ્યાઓ જણાવો.

(36) અનુસૂચિત જનજાતિની સમસ્યાનો ઉકેલ લાવવાના ઉપાયો જણાવો.

**(8) તમારી પ્રગતી ચકાસો.**

**આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

**(1) અનુસૂચિત જાતિની સામાજિક સમસ્યાઓ કઇ છે ?**

(1) અલગ વસવાટ (૨) સંયુક્ત રહેઠાણ

(3) પ્રચારનો અભાવ (4) દહેજ નાબૂદ

**(2) અનુસૂચિત જાતિની સામાજિક સમસ્યાની કઇ બાબત વિસંગત છે ?**

(1) અસ્પૃશ્યતા (૨) અલગ વસવાટ

(3) જ્ઞાતિવાદ (4) દહેજ નાબૂદો

**(3) અનુસૂચિત જાતિની શૈક્ષણિક સમસ્યા કઇ છે ?**

(1) યોગ્ય માન્યતાઓ (૨) નબળી આર્થિક પરિસ્થિતિ

(3) શિક્ષણ માટે માર્ગદશન (4) ઘર નજીક શાળા

**(4) અનુસૂતિ જાતિની શૈક્ષણિક સમસ્યાની કઈ બાબત વિસંગત છે ?**

(1) શિક્ષણ માટે માર્ગદર્શનનો અભાવ (૨) અભણ વાલીઓ

(3) ઘર અને શાળા વચ્ચે વધુ અંતર (4) ભણેલાં વાલીઓ

**(5) અનુસૂચિત જાતિની આર્થિક સમસ્યા કઈ છે ?**

(1) અભણ વાલીઓ (૨) આર્થિક સમાનતા

(3) સરળ વ્યવસાયની પસંદગી (4) નોકરીની તકો

**(6) અનુસૂચિત જાતિની આર્થિક સમસ્યાની કઈ બાબત વિસંગત છે ?**

(1) બેરોજગારી (2) ભણેલાં વાલીઓ

(3) વ્યસનની બદલે (4) આર્થિક શોષણ

**(7) અનુસૂચિત જાતિની સમસ્યાઓ નિવારવાનો ઉપાય કયો છે ?**

(1) જ્ઞાતિમાં લગ્ન (2) કન્યા કેળવણીને ઉત્તેજન

(3) અસમાન નોકરીની તકો (4) અલગ રહેઠાણ

**(8) અનુસૂચિત જાતિની સમસ્યાઓ નિવારવાનો ઉપાયોની કઈ બાબત વિસંગત છે ?**

(1) સંયુકત છાત્રાલય (૨) શૈક્ષણિક સગવડો

(3) રોજગારીની તાલીમ (4) અલગ છાત્રાલય

**બહુવિકલ્પ પ્રશ્નો**

**આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

**(1) અનુસૂચિત જનજાતિની સામાજિક સમસ્યાઓ કઈ છે ?**

(1) આરોગ્ય સંબંધી સમસ્યા (૨) સ્થાયી જીવન

(3) અનુકૂલન (4) માનસિક શકિતનો આંક વધુ

**(૨) અનુસૂચિત જનજાતિની સામાજિક સમસ્યાની કઈ બાબત વિસંગત છે ?**

(1) અનુકૂલનની સમસ્યા (૨) ભાષાની સમસ્યા

(3) સંસ્કૃતિની સમસ્યા (4) સ્થાયી જીવન

**(3) અનુસૂચિત જનજાતિની શૈક્ષણિક સમસ્યા કઈ છે ?**

(1) સ્થાયી જીવન (2) પાઠયપુસ્તકની સમસ્યા

(3) શિક્ષણમાં વધુ રસ (4) પૂરતી સગવડતા

**(4) અનુસૂચિત જનજાતિની શૈક્ષણિક સમસ્યાની કઈ બાબત વિસંગત છે ?**

(1) ભટકતું જીવન (૨) પૂરતી સગવડતાનો અભાવ

(3) શિક્ષકની સમસ્યા (4) પ્રવેશમાં સરળતા

**(5) અનુસૂચિત જનજાતિની આર્થિક સમસ્યા કઈ છે ?**

(1) સ્થાયી જીવન (2) અસ્થાયી જીવન

(3) રોજી રોટીમાં સરળતા (4) રહેઠાણની વ્યવસ્થા

**(6) અનુસૂચિત જનજાતિની આર્થિક સમસ્યાની કઈ બાબત વિસંગત છે ?**

(1) ભટકતું જીવન (૨) ગરીબી

(3) શોષણ (4) રોજી રોટીમાં સરળતા

**(7) અનુસૂચિત જનજાતિની સમસ્યા ઉકેલવા માટે કઇ બાબત જરૂરી છે ?**

(1) કાનૂની શિક્ષણ (૨) અસ્થાયી જીવન

(3) વહેમ અને અંધશ્રધ્ધા (4) શોષણ

**(8) અનુસૂચિત જનજાતિની સમસ્યા ઉકેલવા માટે કઇ બાબત વિસંગત છે ?**

(1) આદિવાસી શિક્ષકોની નિમણૂંક (૨) નિવાસી આશ્રમશાળાની શરૂઆત

(3) મજૂર કલ્યાણ પ્રવૃત્તિ (4) અનુકૂલનની સમસ્યા

**(9) અનુસૂચિત જનજાતિ કલ્યાણ શૈક્ષણિક યોજના કઇ છે ?**

(1) શિષ્યવૃત્તિ આપવી (૨) ભાઇઓને સાઇક્લ આપવી

(3) પાઠયપુસ્તક આપવા (4) અલગ વર્ગ શરૂ કરવો

**(10) જનજાતિની કલ્યાણ શૈક્ષણિક યોજનાઓ માટે વિસંગત બાબત કઇ છે ?**

(1) શિષ્યવૃત્તિ આપવી (૨) ગણવેશ આપવો

(3) કન્યાઓને સાઇકલ આપવી (4) ભાઇઓને સાઇકલ આપવી

**(11) અનુસૂચિત જનજાતિની માટે સામાજિક ઉત્કર્ષની યોજના કઇ છે ?**

(1) કુંવરબાઇનું મામેરું (૨) ખેતીના સાધનો આપવા

(3) અક્ષરજ્ઞાન આપવું (4) જાગૃતિ લાવવી

**(12) અનુસૂચિત જનજાતિ માટે સામાજિક ઉત્કર્ષની વિસંગત બાબત કઇ છે ?**

(1) કુંવરબાઇનું મામેરું યોજના (૨) અક્ષરજ્ઞાન યોજના

(3) સાત ફેરા સમૂહ લગ્ન (4) અક્ષરજ્ઞાન યોજના

**(13) અનુસૂચિત જનજાતિ માટે આર્થિક વિકાસ યોજના કઈ છે ?**

(1) પશુઓ પૂરા પાડવાં (2) દૂધાળા પશુઓ પૂરા પાડવાં

(3) લોન આપવી (4) લોન ન આપવી

**(14) અનુસૂચિત જનજાતિ માટે આર્થિક વિકાસ યોજના માટે વિસંગત બાબત કઇ છે ?**

(1) દૂધાળા પશુઓ પૂરા પાડવા (૨) ખેતી વિષયક ઓજારો પૂરા પાડવા

(3) બીજ રોપા પૂરા પાડવા (4) બીજ રોપા પૂરા ન પાડવા

**(15) નીચેનામાંથી કઈ જાતિ અનુસૂચિત જનજાતિ જણાય ?**

(1) લુહાર-સુથાર (2) વસાવા – ગામિત

(3) તળપદા-ભોઇ (4) પરમાર-રાણા

**(9) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :**

**1. બહુવિકલ્પ પ્રશ્નોના સાચા ઉત્તરો**

1. અલગ વસવાટ
2. દહેજ નાબૂદી
3. નબળી આર્થિક પરિસ્થિતિ
4. ભણેલાં વાલીઓ
5. અભણ વાલીઓ
6. ભણેલાં વાલીઓ

7. કન્યા કેળવણીને ઉત્તેજન
8. સંયુક્ત છાત્રાલય

**2. બહુવિકલ્પ પ્રશ્નોના સાચા ઉત્તરો :**

1. આરોગ્ય સંબંધી સમસ્યા
2. સ્થાયીજીવન
3. પાઠ્યપુસ્તકની સમસ્યા
4. પ્રવેશમાં સરળતા
5. અસ્થાયી જીવન
6. રોજી રોટીમાં સરળતા
7. કાનૂની શિક્ષણ
8. નિવાસી આશ્રમ શાળાની શરૂઆત
9. શિષ્યવૃત્તિ આપવી
10. ભાઈઓને સાઇકલ આપવી
11. કુંવરબાઈનું મામેરું
12. અક્ષરજ્ઞાન યોજના
13. દૂધાળા પશુઓ પુરા પાડવા
14. બીજ રોપા પૂરા ન પાડવા
15. વસાવા-ગામિત

---

**(10) સૂચિત વાંચન સામગ્રી**

1. બારૈયા વી.વી. : ભારતીય સમાજની સમસ્યાઓ અને શિક્ષણ ચિંતકો, પ્રતીક પ્રકાશન, અમદાવાદ.
2. પટેલ સી. કે. : પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ.
3. તલાટી જીગ્નેશકુમાર તથા અન્ય : માધ્યમિક શિક્ષણની વિસ્તરતી ક્ષતિઓ, અમોલ પ્રકાશન, અમદાવાદ.
4. માવાણી આઈ.પી. : તજ્જ્ઞો માટે સાહિત્ય, રાજ્ય શિક્ષણ ભવન, અમદાવાદ (1988-89)

डॉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ES-121
# ભારતમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનો વિકાસ

વિભાગ

# 2

## ભારતમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ અને સમસ્યાઓ-2


એકમ-5 પ્રાથમિક શિક્ષણની અન્ય સમસ્યાઓ

એકમ-6 ભારતીય સમાજમાં સ્ત્રીઓની સમસ્યાઓ અને ઉપાયો

એકમ-7 ભારતમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ

એકમ-8 શાળા સંકુલ

**ES-121, ભારતમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનો વિકાસ (વિભાગ-2)**



| | |
|---|---|
| **લેખક** | |
| **ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ |
| **પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. દિવ્યેશભાઈ એમ. પટેલ** | વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |




**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-149-3**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-121 ભારતમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનો વિકાસ

**વિભાગ-1 : ભારતમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ અને સમસ્યાઓ-1**

1. ભારતમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ
2. પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ-1
3. પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ-2
4. પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ-3

**વિભાગ-2 : ભારતમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ અને સમસ્યાઓ-2**

5. પ્રાથમિક શિક્ષણની અન્ય સમસ્યાઓ
6. ભારતીય સમાજમાં સ્ત્રીઓની સમસ્યાઓ અને ઉપાયો
7. ભારતમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ-1
8. શાળા સંકુલ

**વિભાગ-3 : ભારતમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ**

9. ભારતમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ-2
10. છેવાડાના બાળકો માટે નીતિ વિષયક માળખાની રચના
11. બાળકનો સામાજિક વિકાસ
12. માધ્યમિક શિક્ષણમાં વિવિધ સંસ્થાઓનો ફાળો

**વિભાગ-4 : ભારતીય સમાજમાં શિક્ષણનું માળખું**

13. પ્રાથમિક શિક્ષણ સુધારણામાં વિવિધ સંસ્થાઓનો ફાળો
14. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
15. વર્તમાન શિક્ષણનું માળખું
16. રાષ્ટ્રીય અભ્યાસરૂપનું માળખું

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

એકમ 5

# પ્રાથમિક શિક્ષણની અન્ય સમસ્યાઓ

## : રૂપરેખા :

1. પ્રસ્તાવના
2. નિરક્ષરતાનો અર્થ
3. નિરક્ષર વ્યક્તિની લાક્ષણિકતાઓ
4. નિરક્ષરતાની સમસ્યા
5. નિરક્ષરતાના કારણો
6. નિરક્ષરતાની અસરો
7. નિરક્ષરતા નિવારવાના ઉપાયો
8. નિરક્ષરતા નિવારવાના કાર્યક્રમો :
    1. રાષ્ટ્રીય પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમ
    2. ગ્રામીણ પ્રકારવાડી સાક્ષરતા કાર્યક્રમ
    3. રાષ્ટ્રીય સાક્ષરતા મિશન
    4. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ
    5. જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ
    6. સ્વૈચ્છિક સંગઠનો દ્વારા પ્રયાસો
    7. વિદ્યાર્થી શક્તિનો ઉપયોગ
9. સાક્ષરતા વધારવાના ઉપાયો
10. મહિલા સામાન્ય કાર્યક્રમ પ્રાદેશિક
11. પ્રાથમિક શિક્ષણમાં અસમાનતાની સમસ્યા
12. શિક્ષકોના રહેઠાણની સમસ્યા
13. પ્રાથમિક શિક્ષણનું સંચાલન-આનુષંગિક સમસ્યાઓ
14. નિરક્ષરતા નિવારણની આવશ્યકતા
15. નિરક્ષરતા નિવારણ ક્યારે થયું ગણાય ?
16. નિરક્ષરતા નિવારણને અવરોધના પરિબળો
17. પ્રાથમિક શિક્ષણનું સંચાલન આનુષંગિક સમસ્યાઓ
    1. પ્રસ્તાવના
    2. કેન્દ્ર સરકારનું કાર્યક્ષેત્ર અને જવાબદારી
    3. રાજ્ય સરકારોનું કાર્યક્ષેત્ર
    4. સ્થાનિક સંસ્થાઓની ભૂમિકા
    5. સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા
    6. પ્રાથમિક શિક્ષણ અંગે નાણાંકીય સમસ્યા
18. સારાંશ

**19.** **એકમ સ્વાધ્યાય**

**20.** **તમારી પ્રગતિ ચકાસો**

**21.** **સૂચિત વાંચન સામગ્રી**

**ઉદ્દેશો :**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તેમ :

(1) નિરક્ષરતાની સમસ્યા સમજી શકશો.

(2) નિરક્ષરતા નિવારણ માટેના ઉપાયો અને પ્રયત્નો સમજી શકશો.

(3) પ્રાથમિક શિક્ષણમાં અસમાનતાની સમસ્યા સમજી શકશો.

(4) પ્રાથમિક શિક્ષણનું સંચાલનની આનુષંગિક સમસ્યાઓ સમજી શકશો.

(5) કેન્દ્ર સરકારનું કાર્યક્ષેત્ર અને જવાબદારી સમજી શકશો.

(6) પ્રાથમિક શિક્ષણ અંગે રાજ્ય સરકારોનું કાર્યક્ષેત્ર સમજી શકશો.

(7) પ્રાથમિક શિક્ષણ અંગે સ્થાનિક સમસ્યાઓની ભૂમિકા સમજી શકશો.

(8) પ્રાથમિક શિક્ષણ અંગે સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા સમજી શકશો.

(9) પ્રાથમિક શિક્ષણ અંગે નાણાંકીય સમસ્યા સમજી શકશો.

(10) નિરક્ષરતાના કારણો સમજી શકશો.

(11) નિરક્ષરતાની અસરો સમજી શકશો.

(12) નિરક્ષરતા નિવારવાના કાર્યક્રમો સમજી શકશો.

(13) સાક્ષરતા વધારવાના ઉપાયો સમજી શકશો.

## 1. પ્રસ્તાવના :

- નિરક્ષરતા એ બહુ મોટી સમસ્યા છે. રાષ્ટ્ર માટે કલંકરૂપ છે. નિરક્ષરતા એ અનેક સામાજિક આર્થિક દૂષણોને જન્મ આપ્યો છે, નિરક્ષરતાને કારણો માનવીનો જોઈએ તેવો વિકાસ થયો નથી. વિજ્ઞાન અને સ્વાસ્થ્યના નિયમોથી અપરિચિત અને અજ્ઞાની બને છે, પરિણામે અંધવિશ્વાસ અને રૂઢિવાદિતાનો જન્મ થાય છે. શેઠ શાહુકારના શોષણનો ભોગ બને છે.
- નિરક્ષર માનવી પશુ સમાન છે. શિક્ષણ દ્વારા જ સભ્યતા અને સંસ્કૃતિનો વિકાસ અને સમાજની પ્રગતિ થાય છે. જો માનવીએ પોતાનો સર્વાંગી વિકાસ કરવો હોય અને જીવન સત્ર ઊંચું લાવવું હોય તો શિક્ષણ અનિવાર્ય છે.
- પ્રત્યેક સમાજ સાક્ષરતામાં મહત્ત્વને સમજે છે. ઘણે ભાગે વિકસિત દેશોમાં સાક્ષરતાનું પ્રમાણ ઊંચું હોય છે. જ્યારે ભારત અને અન્ય વિકાસશીલ દેશોમાં અને અર્ધવિકસિત દેશોમાં સાક્ષરતાનું પ્રમાણ નીચું છે. આઝાદી પૂર્વે ભારતના વિકાસમાં નિરક્ષરતા બાધક બની હતી. આઝાદી પછી ધીમે ધીમે શિક્ષણનો પ્રચાર અને પ્રસાર થતા નિરક્ષરતાનું પ્રમાણ ઘટ્યું છે, પરંતુ હજુ સંપૂર્ણ સો ટકા સાક્ષરતા સિદ્ધ થઇ નથી.

## 2. નિરક્ષરતાનો અર્થ : (Meaning of Lliteracy)

- સામાન્ય અર્થમાં જોઈએ તો સાક્ષરતાનો અભાવ એટલે નિરક્ષરતા જે લોકો લખી વાંચી શકતાં ન હોય કે હિસાબ કિતાબ કરવાને અસમર્થ હોય તેને નિરક્ષર કહેવામાં આવે છે.
- નિરક્ષર વ્યક્તિઓ અક્ષરો, આંકડાઓ કે શબ્દોને વાંચી શક્તિ નથી તેમજ પોતાના વિચારો લેખિત સ્વરૂપમાં વ્યક્ત કરી શક્તિ નથી.
- ભારતના વસ્તી ગણતરી વિભાગે જે વ્યક્તિ પોતાની માતૃભાષામાં લખી વાંચી શકતી નથી તેને નિરક્ષર ગણી છે.

- વસ્તી ગણતરી કરતી વખતે વ્યક્તિ લખી વાંચી શકે છે કે નહીં તેની માહિતી મેળવવામાં આવે છે. તેના આધારે વ્યક્તિને અભણ કે નિરક્ષર ગણવામાં આવે છે.
- કાર્યાત્મક સાક્ષરતાનો ખ્યાલ યુનેસ્કોના સાક્ષરતા નિષ્ણાત જૂથે વિકસાવ્યો છે. તેમના મંતવ્ય પ્રમાણે જે વ્યક્તિ પોતાની માતૃભાષામાં લખી, વાંચી શકતી ન હોય, સાદી ગણતરી કરી શકતી ન હોય તેને નિરક્ષર કહેવામાં આવે છે.
- અમેરિકામાં 6 ધોરણ સમકક્ષ જ્ઞાન ન ધરાવતી વ્યક્તિને નિરક્ષર ગણવામાં આવે છે.
- કોલંબિયામાં વ્યક્તિ પોતાનું નામ લખી વાંચી ન શકે તેને નિરક્ષર ગણવામાં આવે છે.
- રાજ્ય બંધારણના સિદ્ધાંત પ્રમાણે 14 વર્ષની ઉંમર સુધીના બધા બાળકોને મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ આપવા માટે પૂરતા પ્રયત્નો કરવામાં આવ્યા છે. છતાં પણ દેશમાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિક કરવાનું ધ્યેય હાંસલ કરવામાં સફળતા પ્રાપ્ત થઇ નથી. આપણે સાર્વત્રિક શાળા પ્રવેશી કરવા અને સ્થાયી કરવા નક્કી કરતાં અનેક બાળકો નિરક્ષર રહેવા પામ્યા,પરિણામે દેશમાં નિરક્ષરતાની એક મોટી સમસ્યા પેદા થઇ.
- આપણા દેશમાં અનેક યુવકો અને યુવતીઓ એવા છે કે જે શાળામાં ગયા જ નથી, જયારે કેટલા શાળામાં દાખલ થઇ એકાદ-બે વર્ષ ભણીને ઊઠી ગયા હોય છે અને થોડું ઘણું ભણેલું થયા પછીથી ભૂલી ગયા છે,
- આવા બાળકો પોતાનું નામ લખી ન શકે, વાંચી ન શકે તેને નિરક્ષર ગણી શકાય છે.
- આવા બાળકોની સંખ્યા પ્રાથમિક શાળામાં સમસ્યારૂપ પ્રશ્ન બનેલ છે.

---

**(3) નિરક્ષર વ્યક્તિની લાક્ષણિકતાઓ :-**

---

- અક્ષરજ્ઞાનનો અભાવ એ સમાજ માટે એક મોટામાં મોટી સમસ્યા છે. નિરક્ષરતાને લીધે વ્યક્તિની પ્રગતિ રૂંધાઇ જાય છે.

1. અભણ વ્યક્તિ અક્ષરજ્ઞાનના અભાવે છાપેલા સાહિત્યને વાંચી શકતાં નથી, પરિણામે વિચારોના સંપર્કથી વંચિત રહે છે.
2. નિરક્ષર વ્યક્તિનો બૌદ્ધિક વિકાસ અટકી જાય છે.
3. નિરક્ષર વ્યક્તિનો વિચાર રૂંધાઇ જાય છે.
4. નિરક્ષર વ્યક્તિનું સમાજમાં સ્થાન મળતું નથી, લોકો અપમાનની નજરે જુએ છે.
5. નિરક્ષર વ્યક્તિને કાયમી મજૂરીનું કાર્ય કરવું પડે છે.
6. નિરક્ષર વ્યક્તિ લખી ન શકતી હોવાથી પોતાના વિચારોને લેખિત સ્વરૂપે વ્યક્ત કરી શકતી નથી, પરિણામે લાચારી અનુભવે છે.
7. અંધશ્રદ્ધાનો ભોગ જલ્દી બને છે.
8. અભણ લોકો રાષ્ટ્રની પ્રગતિમાં બાધક બને છે. રાષ્ટ્ર માટે આવી વ્યક્તિઓ ભારરૂપ બને છે.
9. ચૂંટણીમાં કોને મત આપવો અને કોને ન આપવો તેનો નિર્ણય લઇ શકતાં નથી.
10. શાહુકાર પાસેથી પૈસા લીધા હોય તો જીવનભર તેમાંથી મુક્તિ મેળવી શકતાં નથી. કારણ કે કેટલું ઋણ લીધું અને કેટલું ચૂકવ્યું તેની થવા રાખી શકતાં નથી.
11. જૂની પરંપરાઓને વળગી રહે છે એટલે પરંપરાગત જીવન પદ્ધતિમાં પરિવર્તન લાવવાના પ્રયત્નોનો વિરોધ કરતાં હોય છે.
12. પરંપરાગત આદતોને છોડી શકતાં નથી. વાંચી શકતાં ન હોવાથી નવીન વિચારો અને તેના લાભા લાભનો ખ્યાલ આવતો નથી.
13. નિરક્ષર લોકોમાં અલૌકિક માન્યતાઓ, રૂઢીવાદીતા અને સામાજિક નિષેધોનું પ્રભુત્વ હોય છે.

14. કોઈપણ નવીનતા પરત્વે શંકા-કુશંકા સેવે છે. પરિણામે નવીન મૂલ્યો, પદ્ધતિઓ, યુક્તિ પ્રયુક્તિઓ તથા નૂતન વિચારસરણીને ઝડપથી અપનાવી શકતાં નથી.

## (5) પ્રાથમિક શિક્ષણની અન્ય સમસ્યાઓ

**પ્રસ્તાવના**

સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ અંગે રાજ્ય બંધારણે આપેલો આદેશ સ્વીકારાતા દેશમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ થયો. પ્રાથમિક શિક્ષણના વિકાસની સાથે અગાઉ જોઈ તેવી કેટલીક મોટી સમસ્યાઓ ઉદ્દભવી. આ મોટી સમસ્યાઓ ઉપરાંત નીચે દર્શાવ્યા પ્રમાણેની કેટલીક સમસ્યાઓ પણ ઉદ્દ્ભવેલી જોવા મળે છે.

## (4) નિરક્ષરતાની સમસ્યા

રાજ્ય બંધારણના સિદ્ધાંત અન્વયે 14 વર્ષની ઉમર સુધીનાં બધાં બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ આપવા માટે પૂરતા પ્રયત્નો કરવામાં આવ્યા છે. છતાં પણ દેશમાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણનું ધ્યેય હાંસલ કરવામાં સફળતા પ્રાપ્ત થઈ નથી. આ બાબતમાં આપણે ખૂબ પાછળ છીએ . આપણે સાર્વત્રિક શાળા પ્રવેશીકરણ અને સ્થાયીકરણ ન કરી શકતાં અનેક બાળકો નિરક્ષર રહેવા પામ્યાં, પરિણામે દેશમાં નિરક્ષરતાની એક મોટી સમસ્યા પેદા થઈ.

કોઈપણ દેશના વિકાસનો પાયો દેશની સાક્ષરતા છે. એ સૌ કોઈ સ્વીકારવા લાગ્યા છે. લોકશાહી દેશનો દરેક નાગરિક ભણેલો હોય તો જ દેશનો વિકાસ થઈ શકે છે. સ્વતંત્ર ભારતે પણ આ વાત સ્વીકારીને બંધારણની 45 મી કલમમાં પ્રાથમિક શિક્ષણ 14 વર્ષની વયકક્ષા સુધીનાં સૌને માટે મફત અને ફરજિયાત આપવાનું નક્કી થયું છે, છતાં આજે પણ એમાં સફળતા મળી નથી.

આપણા દેશમાં અનેક યુવકો અને યુવતીઓ એવાં છે કે જે શાળામાં ગયાં જ નથી. જ્યારે કેટલાંક શાળામાં દાખલ થઈ એકાદ-બે વર્ષ ભણીને ઊઠી ગયાં હોય છે અને થોડું ઘણું ભણેલું પણ પાછળથી ભૂલી ગયાં છે. આવાં સૌ આવતી કાલના દેશનું ભાવિ નક્કી કરનારાં છે. આવાં સૌ કે જેમના માથે ભારતીય લોકશાહીનું સંરક્ષણ અને સંવર્ધન કરવાનું છે, તેઓ શિક્ષણ મેળવી શક્યા જ નથી. આમ, નિરક્ષરતા એ આપણા દેશ સામેની પડકાર રૂપ સમસ્યા છે.

સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણની-આંશિક સફળતા અને વસ્તી વિસ્ફોટને કારણે દેશમાં દર વર્ષે નિરક્ષરોની સંખ્યામાં વધારો થતો જ જાય છે. નિરક્ષરતા એ લોકશાહી દેશ માટે કલંક સમાન છે છતાં તેના નિવારણનો પ્રશ્ન દેશ માટે મૂંઝવતો પ્રશ્ન છે.

## (5) નિરક્ષરતાના કારણો

નિરક્ષરતા માટે અનેક કારણો જવાબદાર છે જેમાં શાલેય અને બિનશાલેય કારણોના સમાવેશ કરી શકાય, જેનું સંક્ષિપ્ત વર્ણન નીચે મુજબ છે.

બિનશાલેય કારણો : શાળા બહારના મુખ્ય કારણો નીચે મુજબ છે.

1. **વણ અને જ્ઞાતિ વ્યવસ્થા :** ભારતમાં પ્રાચીન સમયથી જ્ઞાતિ પ્રથા અને વ્યવસ્થા પ્રચલિત છે. આ વ્યવસ્થાના બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એવા ચાર વિભાગો પાડ્યા છે. શિક્ષણનો અધિકાર બ્રાહ્મણોને આપવામાં આવ્યો અને બાકીના લોકો તેનાથી વંચિત રહી ગયા. અંગ્રેજોના શાસનકાળ દરમિયાન ગ્રામ્ય વિસ્તારોમાં શાળાઓ શરૂ કરવામાં આવી. તેમાં નિમ્ન જ્ઞાતિના બાળકોને પ્રવેશ મળતો ન હતો. જો કોઈ પ્રવેશ મેળવે તો તેની ટીકા અને અવહેલના કરવામાં આવતી. હડધૂત કરીને કાઢી મૂકવામાં આવતા. સ્ત્રીઓને ઘરની બહાર નીકળી શિક્ષણ મેળવવાનો અધિકાર ન હતો. આઝાદી પછી આ પરંપરા સંપૂર્ણપણે નાબૂદ થઈ ગઈ છે તેમ છતાં એના વલણોમાં સંપૂર્ણ પરિવર્તન આવ્યું નથી. પરિણામે લોકો નિરક્ષર રહ્યા છે.

૨. **ગરીબી :** ભારતમાં અતિશય ગરીબી જોવા મળે છે. ઘણાં લોકો પોતાની ન્યુનતમ જરૂરિયાતોને પૂરતા પ્રમાણમાં સંતોષી શકતાં નથી. લોકોને અન્ન, વસ્ત્ર, રહેઠાણની સુવિધા ઉપલબ્ધ

નથી હોતી. લગભગ 40 ટકા લોકો ગરીબીની રેખા નીચે જીવન ગુજારે છે. તેઓને શિક્ષણ મેળવવા માટે જરૂરી સમય અને નાણાં મળતા નથી તેને લીધે અભણ રહી ગયા છે.

3. **નસીબવાદી વલણ :** દેશના મોટા ભાગના લોકો એવું માને છે કે નસીબમાં લખ્યું હશે એટલું જ મળશે. શિક્ષણ મેળવીને બેકાર બેસી રહેવું પડતું હોય તો પછી એની પાછળ ખર્ચ શું કામ કરવો જોઈએ. એનાથી શું ફાયદો ? એટલે અભણ રહે છે.

4. **વસતિવૃદ્ધિ :** ભારતમાં વસતિ વૃદ્ધેનો દર ઊંચો છે. આઝાદી પછી 1951માં દેશની વસતિ 36 કરોડ હતી તે વધીને 1991માં 84 કરોડ થઈ ગઇ. 2001માં 1012089345 અને 2011માં 1210193422 થઈ ગઈ. છ દાયકામાં વસતિમાં બમણાથી પણ વધારો થયો તેને અંકુશમાં રાખવા માટે કુટુંબ કલ્યાણ કાર્યક્રમોને મહત્ત્વ આપીને જરૂરી નાણાંકીય સહાય આપવામાં આવી છે. આમ છતાં વસતિ વૃદ્ધને અંકુશમાં રાખી શક્યા નથી. આજે વસતિ એક અબજનો આંક વટાવી ચૂકી છે તેને લીધે અનેક સમસ્યાઓ સર્જાઈ છે. તેમાં નિરક્ષરતા પણ આવે છે. ઝડપી વસતિ વૃદ્ધિને કારણે 6 થી 14 વર્ષના તમામ બાળકો મફત અને ફરજિયાત શિક્ષણ મેળવી શકતાં નથી. જે આગળ ઉપર નિરક્ષર બને છે. આને કારણે સૌને માટે શિક્ષણનું ધ્યેય સિદ્ધ થતું નથી. આને લીધે સાક્ષરતા દર ઊંચો આવતો નથી. તેમાં વસતિ વધારો કારણભૂત છે.

5. **વ્યાવસાયિક માળખું :** દેશની લગભગ 75 ટકા વસતિ ગ્રામીણ વિસ્તારમાં વસે છે. ગામડાના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ખેતી ઉપરાંત પુરક રોજગારી માટે મજૂરી, પશુપાલન, હસ્ત ઉધ્યોગ સાથે લોકો સંકળાયેલાં છે. આ વ્યવસાયોમાં શિક્ષણની જરૂર હોતી નથી. કુટુંબનો મુખ્ય વ્વવસાય ખેતી હોવાથી બાળકો નાનપણથી જ ખેતીનું કામ કરતાં હોય છે જે તેમને વડીલો અનૌપચારિક રીતે શીખવાડી દે છે. એ જ રીતે પશુપાલન, મજૂરી, હસ્ત ક્લા-કારીગરીના વ્યવસાયોની તાલીમ મળતી રહે છે. પરિણામે શિક્ષણનો વિકાસ અવરોધાય છે, એટલે નિરક્ષરતાનો વ્યાપ વધે છે.

6. **સંયુક્ત કુટુંબ વ્યવસ્થા :** સંયુક્ત કુટુંબમાં ઘણી વખત 3- 4 પેઢીના સગાંઓ સાથે રહેતાં હોય છે. તેમની સાથે પરિવાર બાળકોની સંખ્યા વધુ હોય છે અને દરેક બાળક ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. સંયુક્ત કુટુંબમાં બાળકોને શિક્ષિત બનાવવા માટે ખર્ચ વધુ આવે છે. જે કરવાને શક્તિમાન હોતા નથી. પરિણામે બાળકો નિરક્ષર રહે છે. ખેડૂતો, હસ્ત ક્લા-કારીગરો, પશુપાલકોમાં સંયુક્ત કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે ત્યાં નિરક્ષરતાનું પ્રમાણ વધારે હોય છે. ટૂંકમાં સંયુક્ત કુટુંબ પ્રણાલી એક યા બીજી રીતે નિરક્ષરતાને ટકાવી રાખવામાં અગત્યનો ભાગ ભજવે છે.

7. **બાળ લગ્ન :** પહેલાના સમયમાં બાળ લગ્ન પ્રથા જોવા મળતી હતી. હજુ પણ કેટલાંક ગ્રામ્ય વિસ્તારોમાં અને અમુક જ્ઞાતિઓમાં આ પ્રથા જોવા મળે છે. બાળલગ્ન પ્રતિબંધક ધારો અમલમાં હોવા છતાં પણ તેની મર્યાદિત અસરને કારણે નાની વયે છોકરા છોકરીને પરણાવી દેવામાં આવે છે. તેને કારણે શિક્ષણ મેળવવાની સુવિધા મળતી નથી. લગ્ન બાદ સ્ત્રીને ગૃહિણી તરીકેની ભૂમિકા અદા કરવાની હોવાથી શિક્ષણ મેળવવાનું અશક્ય લાગે છે. લગ્ન પછી છોકરાને કોઈને કોઈ પ્રકારના કાર્યમાં જોડાવાનું હોવાથી શિક્ષણ મેળવી શકતાં નથી. બાળ લગ્નને લીધે વ્યક્તિને શિક્ષણથી વંચિત રહેવું પડે છે. એટલા માટે ગ્રામ્ય વિસ્તારોમાં વ્યાપક નિરક્ષરતા જોવા મળે છે.

8. **ભૌગોલિક પરિસ્થિતિ :** ભૌગોલિક પરિસ્થિતિ પણ શિક્ષણ વિકાસમાં અવરોધક બને છે. પ્રાકૃતિક સંકટો જેવાં કે રેલ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વાવાઝોડું, ધરતીકંપથી દુષ્કાળનું સંકટ ઊભું થાય છે. આવી વિપરિત ભૌગોલિક પરિસ્થિતિને કારણ ખેડૂતો અને ગ્રામીણ વિસ્તારમાં વસતા અન્ય લોકો આર્થિક સંકટમાં આવી જાય છે. જે નિરક્ષરતા માટે કારણભૂત બને છે.

9. **સ્થળાંતર :** ભારત કૃષિપ્રધાન દેશ હોવાને કારણે ચોમાસા સિવાયની ઋતુમાં ગામડાના લોકો રોજીરોટી માટે સહ પરિવાર સ્થળાંતર કરતા હોય છે. જ્યાં પુરુષ, સ્ત્રી અને બાળકો પણ મજૂરી કરતા હોય છે. તેને લીધે લોકો શિક્ષણના મૂલ્ય સમજી શકતાં નથી તેમને બાળકના શિક્ષણના બદલે કમાણીમા રસ હોય છે. એટલે શિક્ષણ લેવા માટે બાળકોને મોક્લતા નથી. ઘણી વખત સમજાવટથી મોકલવામાં આવે તો બાળકો અધઘવચ્ચેથી શિક્ષણ છોડી દે છે. કારણ કે બાળકને કમાણીમાં રસ હોય છે પણ શિક્ષણ પરત્વે રસ હોતો નથી તેથી નિરક્ષર રહે છે.

10. **શિક્ષણનાં ખોટા ખ્યાલો :** શિક્ષણને વ્યક્તિના સર્વાંગી વિકાસનું સાધન માનવામાં આવે છે. પરંતુ ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં રહેતા લોકો શિક્ષણના મહત્ત્વને સમજતા નથી. શિક્ષણને નોકરી મેળવવાનું સાધન ગણે છે અને જ્યારે નોકરી મળતી નથી ત્યારે તેની પાછળ ખર્ચેલા નાણાંનો વ્યય થાય છે તેવું વલણ ધરવે છે. શિક્ષણના મૂલ્યોને સમજી શકતાં નથી અને ખોટા ખ્યાલો ધરાવે છે કે શિક્ષિત છોકરાઓ શારીરિક શ્રમનું કાર્ય કરવામાં નાનમ અનુભવે છે. આળસુ અને ખર્ચાળ બની જાય છે. આવી ખોટી માન્યતાને લીધે શિક્ષણ અવરોધક બને છે અને નિરક્ષરતા વધે છે. તેથી વિકાસમાં અવરોધ આવે છે.

11. **ખામીયુક્ત શિક્ષણ પ્રણાલી :** અદ્યતન શિક્ષણ વ્યવસ્થાનો આરંભ અંગ્રેજોએ કર્યો. અંગ્રેજી કેળવણીની પદ્ધતિનો વિકાસ કર્યો. આઝાદી પછી આર્થિક સામાજિક કેળવણીની પદ્ધતિમાં પરિવર્તન આવ્યું છે. જરૂરિયાતોમાં પરિવર્તન આવ્યું છે. નવી જરૂરિયાતો વિકસી છે. ગ્રામીણ વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ગરીબી, બેકારી, શોષણની સમસ્યા દૂર કરવાની આવશ્યકતા ઊભી થઈ છે. તેના સંદભમાં શિક્ષણનો વિકાસ અનિવાર્ય છે. છેલ્લા ત્રણ ચાર દાયકા દરમિયાન શૈક્ષણિક સુધારા કરીને સાક્ષરતાનો દર ઊંચો લાવવાની હિમાયત કરે છે. પરંતુ શિક્ષણ વ્યવસ્થા આપણી જરૂરિયાતો અને ગુણવત્તાને સંતોષી શકાતી નથી. આને લીધે શિક્ષણ તરફ અવિશ્વાસ પેદા થાય છે. એટલે શિક્ષણ લેવાનું પસંદ કરતા નથી.

12. **સ્ત્રી શિક્ષણ પ્રત્યે ઉદાસીનવૃત્તિ :** સ્ત્રી શિક્ષણ વિષે ઉદાસીન વૃત્તિ દાખવવામાં આવે છે એટલે કે સ્ત્રીને શિક્ષણની જરૂર નથી. તેને તો ગૃહિણી બનીને ઘરનું કામ કરવાનું, બાળકોને જન્મ આપીને તેનું લાલનપાલન કરવાનું તેવા ખ્યાલો ધરાવે છે. આને લીધે સ્ત્રી શિક્ષણ મર્યાદિત રહ્યું છે. શહેરી વિસ્તારમાં સ્ત્રી શિક્ષણનો આંક ઊંચો છે. ગ્રામ્ય વિસ્તારમાં પરંપરાગત રૂઢિવાદી વલણને મહત્ત્વ આપવામાં આવે છે એટલે શિક્ષણનો આંક નીચો છે અને નિરક્ષરતાનો આંક ઊંચો છે.

13. **પ્રૌઢ શિક્ષણ મેળવવામાં સમય અને સંકોચ :** ભારત સરકારે ગરીબીની સમસ્યાનો હલ કરવા માટે પ્રૌઢ શિક્ષણને મહત્ત્વ આપવામાં આવ્યું છે. પ્રૌઢોનો અક્ષરજ્ઞાન બાબતે જોઈએ તેવો પ્રતિભાવ મળતો નથી. ગામડાના લોકો પ્રૌઢ શિક્ષણના વર્ગમાં બહુ રસ લેતા નથી. અંગ્રેજી શાસન દરમિયાન લોકશિક્ષણને મહત્ત્વ ન અપાયું તેના માટે કોઈ વ્યવસ્થા ન હતી.

**શાલેય કારણો :**

ભારત વિકાસશીલ રાષ્ટ્ર છે. શિક્ષણ એ આર્થિક અને સામાજિક વિકાસનો આધારસ્તંભ છે. શિક્ષણ એ માનવ વિકાસનું અગત્યનું પરિબળ છે. ભારતના આયોજનકાળ દરમિયાન શિક્ષણનો વિકાસ થાય તે માટે કેટલીક પાયાની સુવિધાઓ ઊભી કરવાની વિચારણા કરવામાં આવી હતી. આમ છતાં કેટલાંક પરિબળોને કારણે સાક્ષરતાનું પ્રમાણ નીચુ જોવા મળે છે.

1. **શાળાનો અભાવ :** ભારતીય આયોજનના 1971માં દર 8 કિ.મી.ના અંતરે 1981માં દર ૫ કિ.મી.ના અંતરે અને 1991માં દર 3 કિ.મી.ના અંતરે શાળા હોવી જોઈએ તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમ છતાં દેશની કરુણ દશા તો એવી છે કે કેટલાંક ગામોમાં પ્રાથમિક શાળાઓ આવેલી નથી આને કારણે અસંખ્ય બાળકો શિક્ષણથી વંચિત રહી જાય છે.

2. **અપૂરતી શૈક્ષણિક સુવિધા :** ભારત આર્થિક દૃષ્ટિએ પછાત દેશ હોવાને કારણે આર્થિક વિકાસના સાધનો મર્યાદિત છે. વસતિ વિસ્ફોટ, ગરીબી અને બેકારીને લીધે સતત નાણાંભીડ અનુભવે છે. ગામડામાં શિક્ષણ સુવિધા હોતી નથી. શિક્ષણ પ્રાપ્ત કરેલ વ્યક્તિને પણ તાત્કાલિક વળતર મળતું નથી. જો કે, લાંબે ગાળે દેશને ફાયદો થાય છે. નિરક્ષરતાને નાબૂદ કરવા માટે પૂરતા શૈક્ષણિક સાધનો હોતાં નથી અને જે ઉપલબ્ધ હોય છે તેની સ્થિતિ અયોગ્ય હોય છે અથવા અપૂરતી હોય છે. હજુપણ કેટલાંક ગામડાઓ એવા છે કે, જ્યાં શાળાની સુવિધા નથી. કેટલાંક દુર્ગમ અને આદિવાસી વિસ્તારોમાં શાળાની સુવિધા હોવા છતાં પણ બિસ્માર હાલતમાં પડ્યા હોય છે. શિક્ષકો (નિયમિત હાજરી આપતાં નથી. જે તે ગામમાં રહેતા નથી તેમને પગારમાં રસ હોય છે. બાળકોને રસ દઈને ભણાવતા નથી. સરકાર 6 થી 14 વર્ષના બાળકોને માટે મફત અને ફરજિયાત જોગવાઈ કરી છે. છતાં આ બધાં બાળકોનો સમાવેશ કરી શકાય તેવા મકાનો અને શૈક્ષણિક સાધનો નથી. જો કે, આઝાદી પછી સાક્ષરતના દરમાં સુધારો થયો છે પરંતુ નિરક્ષરતા, વસતિ વૃદ્ધિ જેવી બદીઓને કારણે આ સુવિધા હજુ અપૂર્ણ રહેવા પામી છે.

3. **શૌચાલયનો અભાવ :** દેશની ગ્રામ્ય વિસ્તારની મોટા ભાગની શાળાઓમાં શૌચાલયની સુવિધા નથી. આને કારણે બાળકો અને ખાસ કરીને બાળકીઓ શાળામાં શિક્ષણ લેવા જતી નથી.

4. **પીવાના પાણીની સુવિધાનો અભાવ :** દેશની ઘણી ખરી શાળાઓમાં પીવાના પાણીની સુવિધા નથી. આને કારણે બાળકો શાળાના પગાથેયા ચડતા નથી.

5. **શૈક્ષણિક સાધનોનો અભાવ :** દેશની અસંખ્ય શાળાઓ એવી છે કે, જ્યાં શૈક્ષણિક સાધનોનો અભાવ છે. ચોક, ડસ્ટર, બ્લેક બોર્ડ, રમતનું મેદાન અને રમતગમતના સાધનો, જરૂરી શૈક્ષણિક સાધનો હોતાં નથી. આને લીધે બાળકો શિક્ષણ લેવા આવતા નથી.

6. **શિક્ષકોની અપૂરતી સંખ્યા :** ઘણી શાળાઓમાં પૂરતા શિક્ષકો નથી. કેટલીક ચાર ધોરણોની શાળાઓમાં એકાદ- બે શિક્ષકો હોય એવું પણ બને છે. શિક્ષકોની સંખ્યા પૂરતી હોય તો તેઓ સમયસર શાળામાં આવતા નથી હોતા.મોડા આવે છે અને વહેલા ઘરે જતાં રહે છે. વાહન વ્યવહારની સવલત ન હોવાથી બસના ટાઇમે જતા રહે છે. આને લીધે બાળકો શિક્ષણ લેવા શાળામાં નથી જતાં.

7. **ભાષાનો અવરોધ :** દેશની લગભઘ તમામ શાળાઓમાં શિષ્ટ ભાષામાં શિક્ષણ આપવામાં આવે છે. શિષ્ટ ભાષાના શિક્ષણમાં બાળકને કદી સમજણ પડતી નથી અને રસ પડતો નથી એટલે શાળા છોડી દેવાનું પ્રમાણ વધી જાય છે. ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં તો બાળકોને શિક્ષક શું બોલે છે તેની સમજ પડતી નથી. આને કારણ બાળકોનું શિક્ષણ અમુક ધોરણ સુધીમાં સ્થગિત થાય છે. નાપાસ થાય એટલે શિક્ષણ છોડી દે છે બીજી તરક શિક્ષકોને પણ ગ્રામીણ અને આદિવાસી સંસ્કૃતિ અને બોલીનું ઉચિત જ્ઞાન હોતું નથી એટલે શિક્ષકને પણ ભણાવવામાં રસ આવતો નથી.

આમ, આવા અનેક કારણાને લીધે બાળકો શિક્ષણથી વંચિત રહી જાય છે. શિક્ષણ પ્રાપ્ત કરવું એ માનવીનો મૂળભૂત અધિકાર છે. છતાં આઝાદીના છ દાયકા પસાર થયા પછી પણ આપણા દશમાં હજારો બાળકો શિક્ષણ પ્રાપ્ત કરવા માટે શાળામાં પ્રવેશ કરી શકતાં નથી એટલે કે અક્ષરજ્ઞાનથી વંચિત રહી જાય છે.

દેશની પ્રગતિ સાધવી હોય તો પ્રત્યેક વ્યક્તિને ફરજિયાત શિક્ષણ પ્રાપ્ત થાય તેની જવાબદારી દેશની સરકારે લેવી જોઈએ. શાળામાં પણ બાળકોને પૂરતી બેસવાની સગવડ હોવી જોઈએ. પૂરતી ઓરડાની સંખ્યા સુવિધા હોતી નથી તેને કારણે અનેક બાળકો ટેન્ટમાં શેડ નીચે અથવા ઝાડ નીચે બેસીને ભણે છે એ મોટી દુઃખદ ઘટના છે.

આમ, આવા અનેક કારણોને લીધે નિરક્ષરતાની સમસ્યાનો ઉદ્‌ભવ થાય છે.

## ૬. નિરક્ષરતાની અસરો :

નિરક્ષરતા એ રાષ્ટ્રીય કલંક છે. નિરક્ષરતાને કારણે અનેક સમસ્યાઓ ઉત્પન્ન થઇ છે. જે દેશના વિકાસ અને પ્રગતિમાં બાધક બની છે. લોકોના જીવન ઉપર એની માઠી અસર થઈ છે. નિરક્ષરતાની અસરો નીચે મુજબ છે.

1. **વ્યક્તિના વ્યક્તિત્વ વિકાસમાં બાધક :** શિક્ષણ એ વ્યક્તિના વ્યક્તિત્વના વિકાસનું મહત્ત્વનું અંગ છે. શિક્ષણથી વ્યક્તિનું વ્યક્તિત્વ ખીલે છે. બુદ્ધિ અને તર્કશક્તિ ખીલે છે. શિક્ષણના અભાવે વ્યક્તિની વિચારસરણી સીમિત બની જાય છે. બુદ્ધિ અને તર્કશક્તિના અભાવે પોતાનો વિકાસ થતો નથી.

2. **સામાજિક પરિવર્તનમાં બાધક :** કોઈ પણ સમાજના રિવાજો તોડીને પરિવર્તન લાવવું હોય તો શિક્ષણ અનિવાર્ય છે. નિરક્ષર વ્યક્તિઓ પોતાની પરંપરાઓને વળગી રહે છે. એની મર્યાદિત વિચારસરણી કોઈ પણ પરિવર્તનનો સ્વીકાર કરવામાં ખચકાટ અનુભવે છે. આને પરિણામે અનેક સામાજિક સમસ્યાઓ ઉત્પન્ન થાય છે. જેવી કે બાળ વિવાહ, દેવાદારી, સાંપ્રદાયિકતા, દહેજ પ્રથા, વિધવા વિવાહ, પ્રાંતવાદ, ભાષાવાદ, ધાર્મિક કટ્ટરતા, અપરાધ વગેરે વગેરે.

3. **આર્થિક વિકાસમાં બાધક :** નિરક્ષરતા આર્થિક વિકાસમાં બાધક બને છે. નૂતન આર્થિક નીતિઓને નહીં અપનાવવા પાછળ ખેડૂતોની નિરક્ષરતા છે. પ્રવર્તમાન સમયમાં આર્થિક વિકાસના અવનવા પ્રયોગો થઈ રહ્યા છે. ખેતીમાં અદ્યતન ટેકનોલોજી આવી રહી છે. વૈજ્ઞાનિક ઢબે ખેતીના પ્રયોગો, હાઈબ્રિડ બિયારણનો તથા રાસાયણિક ખાતરોનો પ્રયોગ થઈ રહ્યો છે. પરંતુ એની ધારી સફળતા મળતી નથી તેનું કારણ નિરક્ષરતા છે. જેને લીધે નવીન ટેકનોલોજી અને વિચારસરણીને ગ્રહણ કરવામાં વિરોધ ઊભો થાય છે.

4. **લોકશાહી વ્યવસ્થામાં પણ બાધક :** દેશમાં પ્રવર્તતી નિરક્ષરતાને કારણે લોકશાહી વ્યવસ્થામાં સફળતા સિદ્ધ થતી નથી. અજ્ઞાનતા અને જાગૃતિના અભાવે ગ્રામીણજનતા પોતાના હક્કો અને મતાધિકારનો યોગ્ય ઉપયોગ કરી શક્તી નથી. કોઈપણ ચિન્હો ઉપર મતો વિશેષ આપે છે જે તેમને અગાઉથી કહેવામાં આવે છે. જેમ કે, કમળ અથવા પંજો. અનામત બેઠકો પર આવતા ઉમેદવારો સફળતાપૂર્વક કામ કરી શકતાં નથી. આને કારણે લોકશાહી વ્યવસ્થાનો સ્વીકાર કરવામાં મુશ્કેલી અનુભવે છે.

5. **આંતરરાષ્ટ્રીય સંબંધોમાં બાધક :** આજનો યુગ ઔદ્યોગિક યુગ છે. કાચો માલ ખરીદીને ઉત્પાદન કરેલી વસ્તુઓ અન્ય દેશમાં વેચવા માટે પારસ્પરિક નિર્ભરતા વધી છે. ઘણાં દેશો એકબીજાની નજીક આવ્યા છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ આનું ઉત્તમ ઉદાહરણ છે પરંતુ જ્યારે કોઈ રાષ્ટ્રની વ્યક્તિઓ અભણ હોય તો બીજા દેશનો સંપર્ક સાધવા અને એ સંપર્કને જાળવી રાખવામાં અસમર્થ નીવડે છે. શિક્ષણના અભાવને લીધે ભાષાની જાણકારી નથી હોતી આવી સ્થિતિમાં આંતરરાષ્ટ્રીય સંબંધો કાયમ જળવાઈ રહેતા નથી.

6. **અંધશ્રદ્ધા અને વહેમનું પ્રાધાન્ય :** નિરક્ષરતા, અનેક વહેમો, પરંપરાઓ, અંધવિશ્વાસ અને ખોટી માન્યતાઓને જન્મ આપે છે. નિરક્ષર લોકો અનેક બાબતોમાં અંધશ્રદ્ધા ધરાવતા હોય છે. જેમાંથી છૂટી શકતાં નથી. ગ્રામીણ અને આદિવાસી વિસ્તારના લોકો રોગ થાય તો તબીબી સારવાર કરવાને બદલે ભૂતપ્રેત, મંત્રતંત્ર, દેવી- દેવતા, ભગત-ભૂવાના ચક્કરમાં ફસાઇ જાય છે. નિરક્ષરતાએ જાતિ, ધર્મ, ઈશ્વર પ્રત્યેની અનેક ખોટી માન્યતાઓને જન્મ આપ્યો છે. અજ્ઞાનતાને કારણે વાસ્તવિકતાને સમજીને સ્વીકારી શકતાં નથી એટલે એમના ભોળપણનો લાભ, ભગત, ભૂવા, પૂજારીઓ ઉઠાવીને શોષણ કરે છે.

7. **બેકારી અને ગરીબીને ઉત્પન્ન કરે છે :** નિરક્ષરતાને કારણે યોગ્ય પ્રકારનું શિક્ષણ અને વ્યવસાયલક્ષી તાલીમ મેળવી શકતાં નથી પરિણામે યોગ્ય નોકરી અને વ્યવસાય કરી શકતાં

નથી એટલે બેકાર રહે છે કે અર્ધ બેકારીની અવસ્થામાં જીવન ગુજારે છે એટલે ગરીબીનું પ્રમાણ વધે છે.

8. **સામાજિક ગતિશીલતામાં બાધક :** નિરક્ષર લોકોની વ્યાવસાયિક પસંદગીની તકો મર્યાદિત હોય છે. ઘણે ભાગે મજૂરી, હસ્તકલા કારીગરી, મરઘાં ઉછેર, પશુપાલન જંગલમાંથી લાકડા કાપવાની પ્રવૃત્તિઓ કરતાં હોય છે. ખેતી સિવાયની મોસમમાં શહેરમાં મજૂરી કરવા જતાં હોય છે. આવા વ્યવસાયોમાં મર્યાદિત આવક હોવાથી તેમનું જીવનધોરણ ઊંચુ આવતું નથી. પરિણામે સામાજિક, ભૌગોલિક ગતિશીલતા બાધક બને છે. નિરક્ષરતા અને અજ્ઞાનને કારણે ઉચ્ચ વ્યવસાયોમાં જોડાઈ શકતાં નથી. પોતાની સલામતી જોખમાશે તેવો ભય સેવતાં હોય છે અને ગામમાં જે કાંઈ મળે તેથી સંતોષ માની બેસી રહે છે. જે સામાજિક ગતિશીલતામાં અવરોધક બને છે.

9. **અન્ય સમસ્યાઓમાં બાધક :** નિરક્ષરતાને લીધે વિવિધ પ્રકારના ભેદભાવોને પ્રોત્સાહન મળે છે. પરિણામે જ્ઞાતિ, સમુદાય, વર્ગ વિગ્રહ ઊભા થાય છે. નિર્ણય પ્રક્રિયામાં સભ્યતા અને સંસ્કૃતિના વિકાસમાં રાષ્ટ્ર નિર્માણમાં અને વિકાસમાં નિરક્ષરતા બાધક બને છે.

આવી અનેક અસરો અસાક્ષરતાએ સર્જી છે તેને દૂર કરવા માટે સઘન ઉપાયો હાથ ધરવાની અત્યંત આવશ્યકતા છે.

## ૭. નિરક્ષરતા નિવારણ માટેના ઉપાયો અને પ્રયત્નો

આપણા દેશમાં નિરક્ષરતા નિવારણ માટેસાક્ષરતા ઝુંબેશ ઘણાં વર્ષોથી ચલાવવામાં આવે છે. છતાં પ્રચંડ વસ્તીવધારાને લીધે નિરક્ષરોની સંખ્યા ઘટતી નથી. જોકે આપણા રાજકારણીઓ સસ્તી લોકપ્રિયતા મેળવવા માટે નિરક્ષરતા નાબૂદ કરવામાં આવશે અને સાક્ષરતા વધારવામાં આવશે એવી પોકળ જાહેરાતો કર્યા કરે છે, તો વળી કેટલાંક તો એવી જાહેરાત કરે છે કે અમુક જિલ્લો સંપૂર્ણ સાક્ષર છે. આ બધી જાહેરાતો ભ્રામક પુરવાર થઈ છે, માત્ર કાગળ પરના આંકડા જ છે. વાસ્તવિકતા તો જુદી જ છે.

દેશમાં નિરક્ષરતા માટે પ્રૌઢશિક્ષણ વર્ગો ચલાવવામાં આવે છે. પ્રૌઢશિક્ષણ માટે પુષ્કળ સાહિત્ય દેશની વિવિધ ભાષાઓમાં પ્રકાશિત કરવામાં આવે છે, છતાં નિરક્ષરતા નિવારણમાં ધારી એવી સફળતા પ્રાપ્ત થઈ નથી. સમાજના જે વર્ગોની જરૂરિયાતોને ધ્યાન પર લઈને તેઓના શિક્ષણની તકો પૂરી પાડવા બાબતે આજ સુધી જે ઉપેક્ષા સેવવામાં આવી છે તે તમામ વિસંવાદિતાઓને દૂર કરવાની બાબત પર રાષ્ટ્રીય શિક્ષણનીતિ ભાર મૂકશે એવું રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986ના મુસદ્દામાં નોધ્યું છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિના મુસદ્દામાં ભાગ 4.10 થી 4.13 સુધી પ્રૌઢશિક્ષણ અંગે નીચે જેવી નોંધ કરવામાં આવી છે.

''જે યુક્તિ અપાવે તે વિદ્યા'' એ આપણું જૂનું સૂત્ર છે. વિદ્યય અજ્ઞાનતા અને જુલમથી મુક્તિ અપાવે છે. વિદ્યાપ્રાપ્તિનું મુખ્ય સાધન વાષન અને લેખન છે. તેથી પ્રૌઢોને શિક્ષિત કરવા માટે તેમને લખતાં-વાંચતાં શીખવવું તે આજના યુગમાં અત્યંત જરૂરી છે. (4.10)

લોકોની કુશળતાઓનો સતત વિકાસ કરી અને તેમની કુશળતાનાં ધોરણોની ઉત્તરોત્તર સુધારણા કરીને સમાજને તેની જરૂરિયાત મુજબની કુશળ માનવશક્તિ પ્રાપ્ત થાય તે જરૂરી છે.

શિક્ષણનાં રાષ્ટ્રીય ધ્યેયોને ધ્યાનમાં રાખીને નવા કાર્યક્રમો પ્રૌઢશિક્ષણને માટે ઘડવામાં આવે અને જૂના કાર્યક્રમોની ફરી ચકાસણી કરવામાં આવે તો પ્રૌઢોમાં પણ ગરીબી નાબૂદી, રાષ્ટ્રીય એ એકતા, પર્યાવરણ અભ્યાસ, નાના કુટુંબની હિમાયત , લોકોમાં રહેલી વારસાગત અને સાંસ્કૃતિક રચનાત્મક શક્તિનો વિકાસ, મહિલાઓનો ઉત્કર્ષ વગેરે બાબતો વિષેની સમજણનાં અને વિચારોનાં બીજ વાવી શકાય. (4.11)

વયજૂથમાંથી નિરક્ષરતા નિવારણ માટેની રાષ્ટ્રવપી ઝુંબેશ હાથ ધરવી જ જોઈએ. કેન્દ્ર અને

રાજ્ય સરકારો, રાજકીય પક્ષો અને તેઓની સંસ્થાઓ, સામૂહિક શિક્ષણનાં સાધનો વડે અને શૈક્ષણિક કાર્યક્રમો દ્વારા નિરક્ષરતા નિવારણ માટેનાં અસરકારક પગલાં લે તે અત્યંત જરૂરી છે. આ કાર્યમાં મોટી સંખ્યામાં શિક્ષકો, વિદ્યાર્થીઓ, યુવાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ, સંચાલકો વગેરેનો સહકાર લેવો જરૂરી બનશે. સમૂહ શિક્ષણ કાર્યક્રમો દ્વારા સાક્ષરતા કેળવવા ઉપરાંત લોકોને જુદું જુદું જ્ઞાન અને કુશળતા પણ આપવાનાં રહેશે અને સામાજિક અને આર્થિક ક્ષેત્રે કેટલાંક પરિવર્તનો પણ લાવવાં જરૂરી છે તે અંગેની સમજણ પણ આપવાની રહેશે. (4.12)

પ્રૌઢ અને સતત શિક્ષણનો કાર્યક્રમ જુદી જુદી રીતે અમલમાં મૂકવાનો છે. જેમકે-

(1) ગ્રામવિસ્તારોમાં સતત શિક્ષણકેન્દ્રો સ્થાપવાં

(2) કારખાને દારો દ્વારા કામદારોને શિક્ષણ; જેમાં ટ્રેડ યુનિયનો અને સરકારી એજન્સીઓ પણ ભાગ લે.

(3) માધ્યમિક શાળાનું શિક્ષણ પૂરું કર્યા પછી શિક્ષણ લેવા માટેની સંસ્થાઓની સ્થાપના.

(4) પ્રૌઢો માટે પુસ્તકાલયો, વાંચનાલયો અને પુસ્તકોની વ્યવસ્થા.

(5) સમૂહ શિક્ષણ માટેનાં સાધનો તરીકે ટી.વી. ફિલ્મો અને રેડિયોનો ઉપયોગ,

(6) વિદ્યાર્થી જૂથ પદ્ધતિ અને તેના સંચાલન માટેની વ્યવસ્થા,

(7) Distance Learning દૂરવર્તી શિક્ષણની વ્યવસ્થા,

(8) સ્વયંશિક્ષણની વ્યવસ્થા.

(9) રસ, વલણ અને જરૂરિયાત પર આધારિત નામ તાલીમી કાર્યક્રમોનું આયોજન (4.13)

આ ઉપરાંત નિરક્ષરતા નિવારણ માટે રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986 માં અવૈધિક શિક્ષણ અંગેની નોંધ પણ તેના ભાગ 5.8 થી 5.11 માં નીચે પ્રમાણે કરવામાં આવી છે.

જે બાળકો કામમાં રોકાયેલાં હોઈ આખા દિવસની શાળામાં હાજરી આપી શકે તેમ નથી તેઓને માટે, અધવચ્ચેથી શાળા છોડી જનારાંઓને માટે અને જે વિસ્તારમાં શાળા જ નથી એવા વિસ્તારનાં બાળકોને માટે અવૈધિક શિક્ષણનો એક વિશાળ કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. (5.8)

અવૈધિક શિક્ષણકેન્દ્રોમાં શિક્ષણના પર્યાવરણની સુધારણા માટે આધુનિક ટેક્નોલોજીની મદદ લેવામાં આવશે. સ્થાનિક સમાજમાંથી હોંશિયાર અને બુદ્ધિશાળી સ્ત્રી-પુરુષોને પસંદ કરીને તેમને શિક્ષકો તરીકે રોકવામાં આવશે. આવા શિક્ષકોની તાલીમને માટે ખાસ ધ્યાન દેવામાં આવશે. અને આમાંથી જે વ્યક્તિઓ લાયક જણાશે તેને વૈધિક શિક્ષણ પ્રણાલીમાં દાખલ કરવામાં આવશે. અવૈધિક શિક્ષણ વૈધિક શિક્ષણની સરખામણીમાં જરા પણ ઊતરતું ન લાગે તે માટે જરૂરી પગલાં લેવામાં આવશે. (5.9)

**નિરક્ષરતા નિવારણના ઉપાયો**

દેશમાં નિરક્ષરતાની સમસ્યાનું સ્વરૂપ વ્યાપક છે જેને દૂર કરવા માટે તાત્કાલિક ઉપાયો અપનાવવાની જરૂર છે.

**1.** **લોક સહકાર :** ભારતમાં નિરક્ષરતા દૂર કરવા માટે લોક સહકારની ખૂબ જરૂર છે. જે લોકોને શિક્ષિત કરવાના છે તેમનો સહકાર જરૂરી છે. કોઈ પણ યોજના લોકો પર ઠોકી બેસાડવામાં આવે તો તે ક્યારેય સફળ નથી થતી. સાક્ષરતા અભિયાન સફળતાપૂર્વક ચલાવવું હોય તો લોકોનો સહકાર જરૂરી છે. જે લોકો સાક્ષરતા અભિયાનમાં પોતાનું પ્રદાન પ્રાધ્યાપકના સ્વરૂપમાં અથવા શિક્ષક તરીકે આપવાના છે તેમનો સહકાર જરૂરી છે. ગ્રામીણ વિસ્તારોમાં સાક્ષરતાનું પ્રમાણ ઓછું છે, ત્યાં સાક્ષરતા કાર્યનો પ્રચાર કરવાની જરૂ2 છે.

**૨.** **વસતિવૃદ્ધિ પર નિયંત્રણ :** દેશમાં તીવ્ર ગતિએ વસતિ વધારો થઇ રહ્યો છે તેને અંકુશમાં લાવવા કુટુંબ નિયોજન કાર્યનો સાર્વત્રિક સ્વીકાર કરવો જોઈએ. છેલ્લા દાયકામાં વસતિમાં

લગભગ ૨૫ ટકા વધારો થયો છે. આને કારણે જેટલા સમયમાં પાછલી વસતિને સાક્ષર બનવાવવાનો પ્રયાસ કરવામાં આવે છે એટલા સમયમાં નિરક્ષરોની સંખ્યામાં સતત વધારો થતો રહે છે. પરિણામે સાક્ષરતાનું લક્ષ્ય સિદ્ધ થતું નથી. એટલે કે સાક્ષરતાની સમસ્યાનો ઉકેલ લાવવાની સાથે સાથે વસતિ વૃદ્ધે પર નિયંત્રણ રાખવામાં નહી આવે તો નિરક્ષરતા પર નિયંત્રણ મેળવવું મુશ્કેલ બનશે.

3. **પ્રત્યેક ગામમાં શાળાની સુવિધા :** દેશની તથા કેન્દ્રશાસિત પ્રદેશની તમામ સરકારોએ એવા પ્રયત્ન કરવો જોઈએ કે ભારતનું કોઈ પણ ગામડું એવું ન હોવું જોઈએ કે જ્યાં શાળાની સુવિધા ન હોય. 6 થી 14 વર્ષના બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ કરી છે. તો તમામ બાળકો શાળા શિક્ષણથી વંચિત ન રહેવા જોઈએ. જ્યાં માનવ સમુદાયો વસવાટ કરે છે તે વિસ્તારોમાં એક કિલોમીટરના વિસ્તારમાં પ્રાથમિક શાળાઓ ખોલવી જોઈએ. જેથી ગ્રામીણ અને આદિવાસી લોકો પોતાના બાળકોને શાળામાં મોકલી શકે.

4. **બુનિયાદી શિક્ષણ :** મહાત્મા ગાંધીજીએ બુનિયાદી કેળવણી યોજના પ્રસ્તુત કરી હતી જેનો હેતુ શિક્ષણની સાથોસાથ ઉદ્યોગ શિક્ષણ શીખવવાનો હતો. જેથી બાળક પોતાની બનાવેલી વસ્તુઓ વેચીને શિક્ષણ ખર્ચ કાઢી શક અને સ્વાવલંબી બની શકે. આ શિક્ષણ માતૃભાષામાં જ આપવાની હિમાયત કરી હતી. આ બુનિયાદી શિક્ષણ દેશના આદર્શ તથા ચારિત્ર્યવાન નાગરિક બનાવવા પર ભાર મૂકે છે તેનો વ્યાપક પ્રચાર કરવો જોઈએ.

5. **પ્રૌઢ શિક્ષણ :** દેશના લોકોમાં જોવા મળતી નિરક્ષરતા દૂર કરવા માટે સરકારે પ્રૌઢ શિક્ષણની યોજના ઘડી કાઢી છે. તેને દેશના પ્રત્યેક ગામમાં કાર્યાન્વિત કરવાની જરૂર છે. આને લીધે ગ્રામીણ સમાજમાં રહેતી તમામ પુખ્ત વયની વ્યક્તિઓ સાક્ષર બની શકે. આ લોકોને સાક્ષરતાનું મૂલ્ય અને મહત્ત્વ સમજાવવાની જરૂર છે. પ્રૌઢ શિક્ષણમાં જ્ઞાનની સાથે જીવનમાં ઉપયોગ થાય તેવા વ્યવહારિક શિક્ષણના પાઠો સામેલ કરવા કરવા જોઇએ તથા જ્ઞાનની વૃદ્ધિ થાય તેવા સાધનોનો ઉપયોગ કરવો જોઈએ.

6. **સંચાર અને સંપર્ક માધ્યમો દ્વારા શિક્ષણ :** દેશની જનતામાં જાગૃતે લાવવા અને તેમને સાક્ષર બનાવવા માટે લોકસંપર્ક અને સંચાર માધ્યમોનો ઉપયોગ કરવો જોઈએ જેમાં રેડિયો, દૂરદર્શન બંને સાધનો અત્યંત શક્તિશાળી સાબિત થઈ શકે છે. લોકોને સાક્ષર બનાવવાથી કાર્ય પૂરું થઈ જતું નથી સાથે સાથે તેમને શિક્ષણમાં રસ અને અભિરુચિ ઉત્પન્ન થાય તે માટે સર્વતોમુખી જ્ઞાનનો વિસ્તાર વધારવો જોઈએ. જેથી સાક્ષરતા ઉપરાંત જ્ઞાનવર્ધક બાબતો માટે સંપર્ક અને સંચાર માધ્યમો પ્રભાવી સાબિત થઈ શકે છે. રેડિયો, દૂરદર્શન અને ફિલ્મ દ્વારા એવા કાર્યક્રમો રજૂ કરવા જોઈએ.જે લોકોને જ્ઞાન મેળવવામાં રૂચિ પેદા કરી શકે.

7. **સ્ત્રી શિક્ષણ :** દેશમાં સ્ત્રી શિક્ષણ માટે વધુ ને વધુ શાળાઓ ખોલવી જોઈએ. કન્યા કેળવણીનો વ્યાપ વધે તે માટે કન્યા વિધાલયો ગ્રામ વિસ્તારમાં ખોલવા જોઈએ. કારણ કે ગ્રામીણ પ્રજા કન્યાને શાળામાં મોકલવામાં ખચકાટ અનુભવે છે. છોકરા સાથે સહશિક્ષણ આપતા નથી. મુસ્લિમ સમાજ પણ 10-12 વર્ષની છોકરી છોકરા સાથે શિક્ષણ મેળવે તે પસંદ કરતા નથી. જો છોકરીઓ માટે અલગ શાળા ખોલવામાં આવે તો સ્ત્રી શિક્ષણમાં વધારો થઈ શકે.

8. **મફત અને ફરજિયાત શિક્ષણ :** દેશમાં ઘણા કુટુંબો એવા છે કે જે પોતાના બાળકોને ભણાવી શકતાં નથી. કારણ કે ગરીબ છે. ગરીબીને લીધે અન્ન, વસ્ત્ર અને રહેઠાણની જરૂરિયાતો પૂરી કરી શકતાં નથી. તો બાળકને શિક્ષણ ક્યાંથી આપે. શિક્ષણનો ખર્ચ પરવડતો નથી. એટલે સરકારે મફત અને ફરજિયાત શિક્ષણની ઝુંબેશ શરુ કરી છે. 6 થી 14 વર્ષના તમામ બાળકો શાળામાં જાય તે માટે શિક્ષણ અને ભોજન નિઃશૂલ્ક બનાવવા જોઇએ. જ્ઞાન સાથે ગમ્મત મળે તેવો પ્રબંધ કરવો જોઈએ જેથી બાળકો શિક્ષણ પ્રત્યે રસ દાખવે અને શિક્ષણ પ્રત્યે આકર્ષિત થાય. સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ ઉપર ભાર મૂકવો જોઈએ અને તેનો અસરકારક અમલ કરવામાં આવે તો નિરક્ષરતાની સમસ્યા હળવી બને તો એનો ઉકેલ લાવી શકાય. શાળા,

કૉલેજ અને યુનિવર્સિટીમાં શિક્ષણ પાછળ કરવામાં આવતા ખર્ચમાંથી અમુક રકમ મફત અને ફરજિયાત શિક્ષણ માટે ફાળવવામાં આવે તો નિરક્ષરતાનો પ્રશ્ન હળવો બની શકે.

9. **અધવચ્ચે શાળા છોડી જતાં બાળકોની સંખ્યા ઘટાડવી :** દેશના ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં અનેક બાળકો શાળા શિક્ષણ પૂર્ણ કરવાને બદલે અધવચ્ચેથી છોડી દે છે. તેને લીધે ડ્રોપ આઉટ રેટ ઊંચો આવે છે. ખેતીના સમય દરમિયાન ખેડૂત કુટુંબો બાળકને શાળાએ મોકલતા નથી. કારણ કે મા-બાપ ખેતીના કામમાં રોકાયેલા હોય છે. એટલે મોટા બાળકોએ પૂરતું ધ્યાન અને નાના બાળકોની સંભાળ રાખવાની હોય છે. તેમાંય ખાસ કરીને છોકરીઓને ગૃહકાર્ય ઉપરાંત નાના ભાઈભાંડુની દેખરેખ રાખવાની હોય છે. એટલે શિક્ષણ માટે સમય મળતો નથી. છોકરીઓ શાળામાં ભરતી થાય તો પણ નિયમિત હાજરી આપતી નથી. તેને લીધે શાળા છોડી દે છે. આને કારણે શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતા આવી છે. એટલે કે પ્રથમ ધોરણમાં દાખલ થયેલા બાળકોમાંથી બહુ જ થોડા પ્રાથમિક શિક્ષણ પૂરું કરે છે.

10. **પછાતવર્ગ તરફ વિશેષ ધ્યાન આપવાની જરૂર :** ભારતમાં પછાત વર્ગના અનેક સમુદાયો આજે પણ જંગલો, પહાડો, અંતરિયાળ તથા દુર્ગમ વિસ્તારોમાં વસવાટ કરે છે. આવા વિસ્તારમાં રહેતાં લોકો સભ્ય સમાજની સંસ્કૃતિની તદ્દન નિરાળું જીવન જીવી રહ્યા છે. તેમનો ઉત્કર્ષ થાય તેવા પ્રયાસો સરકાર દ્વારા કરવામાં આવ્યા છે. છતાં પણ તેઓ આગળ આવ્યા નથી. તેમને આગળ લાવવા માટે સાક્ષર બનાવવાની જરૂર છે.

11. **શૈક્ષણિક સાહિત્યની રચના :** શિક્ષણનો પ્રચાર અને પ્રસાર થાય તે માટે ભારતની તમામ ભાષાઓમાં બાળકો માટે અને પ્રૌઢો માટે શિક્ષણ સાહિત્ય તૈયાર કરવાની જરૂર છે જેથી બાળકોને શું ભણવું છે ? શું શીખવાડવાનું છે ? કેવી રીતે શીખવવાનું છે તેનો ખ્યાલ આવી શકે. એ સાહિત્ય બાળકોને શિક્ષિત કરવામાં મદદરૂપ બની શકે. પ્રૌઢ શિક્ષણ માટે પણ ખાસ સાહિત્ય તૈયાર કરવાની જરૂર છે જેથી સાક્ષરતા અભિયાનમાં મદદરૂપ થાય.

12. **નવોદિત શાળાઓની આવશ્યકતા :** ગ્રામીણ અને શહેરી વિસ્તારની શાળાઓમાં અસમાનતા પ્રવર્તે છે તે દૂર કરવા માટે નવોદય શાળાની યોજના દાખલ કરવામાં આવી છે. તેનો લાભ ગરીબ પ્રજા સુધી પહોચે તેવા સક્રિય પ્રયાસો હાથ ધરવાની જરૂર છે આનાથી નિરક્ષરતા ઓછી થશે.

આ ઉપરાંત રોજગાર અને વ્યાવસાયલક્ષી શિક્ષણ, મધ્યાહ ભોજન, શિક્ષણ ખર્ચમાં વધારો, સામાજિક જાગૃતિ, સાક્ષરતા અભિયાન જેવા ઉપાયોનું આયોજન કરવામાં આવે અને શિક્ષણની સમસ્યા હળવી બની શકે તો નિરક્ષરતા દૂર થઈ શકે.

## 8. નિરક્ષરતા નિવારણના કાર્યક્રમો :

સ્વતંત્ર થયા પછી દેશની સરકારે નિરક્ષરતા નિવારણ માટે શક્ય એટલા પ્રયત્નો કર્યા છે. પરંતુ નિરક્ષરતાની સમસ્યા એટલી વિકટ અને વિશાળ છે કે તેને દૂર કરવા માટે જેટલા નાણાંની જરૂર છે તેટલા નાણાં ભારત જેવા ગરીબ અને વિકાસશીલ દેશ માટે અશક્ય છે. નિરક્ષરતા નિવારણ માટે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે છતાં દેશ સંપૂર્ણ સાક્ષર બન્યો નથી. દેશની સરકારે આ સમસ્યાને નાબૂદ કરવા માટે અનેક કાર્યક્રમોની રચના કરી છે. જેની વિગતો નીચે મુજબ છે.

### 1. રાષ્ટ્રીય પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમ (National Adult Education Programme)

આ કાર્યક્રમનો પ્રારંભ 2જી ઓક્ટોબર, 1978ના રોજ થયો. જેનો હેતુ 15થી 35 વર્ષની વયજૂથના લોકોને શિક્ષણ આપી સાક્ષરતા માટે પ્રોત્સાહેત કરવાના છે. આ કાર્યક્રમ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, કેન્દ્રશાસિત પ્રદશો, સ્વયંસેવી સંગઠનો, સ્વૈચ્છિક સંસ્થાઓ, શાળા, કૉલેજ, યુનિવર્સિટીઓ, યુવક કેન્દ્રોનો સહકારી પ્રયાસ છે. આ કાર્યક્રમ અંતર્ગત નિરક્ષર લોકોને સાક્ષર બનાવીને કલા કૌશલ્યો શીખવવા અને તેમનો વિકાસ કરવો તથા તેમને ઉચિત ન્યાય મળે તેવી રણનીતિ કાર્યાન્વિત કરવાનો સરકારના કાનુનો અને નીતિઓ વિષે જાગૃત

કરવાનો વિશેષ કરીને સ્ત્રીઓ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, સમાજના નબળા વર્ગોમાં શિક્ષણનો અભાવ છે તેના ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

સને 1990ને આંતરરાષ્ટ્રીય સાક્ષરતા વર્ષ તરીકે ઘોષણા કરવામાં આવી છે જેનો હેતુ સાક્ષરતાની જરૂરિયાત પ્રત્યે જાગૃતિ પેદા કરવાનો હતો. વિશ્વ સાક્ષરતા વર્ષનો પ્રારંભ 2 જાન્યુઆરી, 1990ના રોજ દિલ્હી ખાતે થયો હતો. તેમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થી સેવક સંઘોને સાક્ષરતાના સંદેશનો પ્રચાર કરવાનો અને વાસ્તવિક રીતે સાક્ષરતા પ્રદાન કરવાના મહાન લક્ષ્યને સિદ્ધ કરવા માટે પોતાની સામુહિક શક્તિનો ઉપયોગ કરવા માટેના આદેશો આપવામાં આવ્યા હતા.

**(2) ગ્રામીણ પ્રકાર્યવાદી સાક્ષરતા કાર્યક્રમ (Rural Functional Literacy Programme)**

આ કાર્યક્રમનો સંપૂર્ણ ખર્ચ કેન્દ્ર સરકારે ઉપાડે છે પરંતુ એનું સંચાલન કરવાની જવાબદારી રાજ્ય સરકારોની છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય લોકોમાં લખવા વાંચવાની ક્ષમતાને વિકસિત કરવાનો તથા શીખનાર લોકોમાં એની જાગૃતિ ઉત્પન્ન કરવાનો તથા એમને સરકાર દ્વારા કઈ કઈ યોજનાઓ કાર્યાન્વિત છે, વિવિધ સામાજિક, આર્થિક વિકાસની યોજનાઓથી એમને શું લાભ થશે તેની જાણકારી આપવાનો છે. આ કાર્યક્રમનો પ્રારંભ, 1986ના મે માસમાં થયો હતો તેમાં કૉલેજ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સામેલ કરવામાં આવ્યા હતા. એનું સૂત્ર હતું "Each One, Teach One" પ્રત્યેક વ્યક્તિ, એક વ્યક્તિને ભણાવે. 1990મા 4.5 લાખ સ્વયંસેવકો આ કાર્ય સાથે સંકળાયેલા હતા. જેમણે 4. 20 લાખ લોકોને ભણવા લખવાનું શીખવ્યું હતું.

આ કાર્યક્રમમાં શાળા, કૉલેજના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને સામેલ કર્યા હતાં. એમાં સફળતા માટેના સંશોધન અભ્યાસ માટે માપદંડો હતા. આ કાર્યક્રમની યોજના શીખનારની જરૂરિયાતો અને ભાષાઓને ધ્યાનમાં રાખીને બનાવી હતી. સરકારે પ્રૌઢ શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે 40 જિલ્લા કેન્દ્રો નક્કી કર્યા હતા. એની અસરનું મૂલ્યાંકન કર્યા પછી આ કાર્યક્રમથી ઓછામાં ઓછા સમયમાં સાક્ષરતાનો પ્રચાર કરવા માટ મોટા પાયે શરુ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના ચરણોમાં પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ અને સ્વયંસેવકોને તાલીમ આપીને તૈયાર કરે છે. આવા વિદ્યાર્થીઓ સ્વયંસેવકો જે ખરેખર સાક્ષરતા અભિયાનના કાર્યક્રમમાં રસ ધરાવે છે તે નક્કી કરીને આ વિદ્યાર્થીઓને સંગઠિત કરીને પ્રેરણા આપવી. 15 થી 35 વર્ષની વયજૂથ ધરાવતાં વ્યક્તિઓને ઓળખીને તેમની વચ્ચે સંબંધ સ્થાપિત કરવો, સ્વયંસેવિકાના કાર્યનું મોનિટરિંગ કરવું અને વિવિધ સંગઠનો વચ્ચે સુમેળભર્યા સંબંધો સ્થાપિત કરવાનો છે. સંસ્થાના પ્રતિનિધિઓ જ્યાં સ્વયંસેવકો સાક્ષરતાનું કાર્ય કરી રહ્યા છે ત્યાં જઈને શિક્ષણના લાભો, ચાર્ટ, પોસ્ટરો અને અન્ય સામગ્રીનો ઉપયોગ કરીને બતાવે છે. તેમની મુશ્કેલીઓ જાણી નિરક્ષરોને માટે પુસ્તકાલયો , વાંચનાલયો દ્વારા અનુસાક્ષરતાની પ્રવૃત્તિઓ કરે છે. જનસંપકના માધ્યમ દ્વારા કાર્યક્રમની સૂચના અને સમર્થન મળ્યું એના વ્યાપક પ્રભાવનું યુનિવર્સિટીના પ્રૌઢ અને નિરંતર શિક્ષણના વિભાગો દ્વારા મૂલ્યાંકન કરવું અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

**(3) રાષ્ટ્રીય સાક્ષરતા મિશન (National Literacy Mission)**

રાષ્ટ્રીય શિક્ષણના નિર્દેશો અને કાર્ય યોજનામાં વિચારવામાં આવેલ રણનીતિઓ અનુસાર સરકારે પ્રૌઢ શિક્ષણ ક્ષેત્રે એક વ્યાપક કાર્યક્રમ બનાવ્યો છે જેને રાષ્ટ્રીય સાક્ષરતા મિશનના નામે ઓળખવામાં આવે છે. આ કાર્યક્રમનો પ્રારંભ મે, 1988માં કર્યો એનું લક્ષ્ય ક્રિયાત્મક સાક્ષરતા 15થી 35 વર્ષની વયજૂથના આઠ કરો નિરક્ષરોને પ્રદાન કરવાનું હતું. ત્રણ કરોડને 1990 અને પાંચ કરોડને 1995 સુધીમાં સાક્ષર કરવાનું હતું. આ કાર્યક્રમમાં યુવાન સ્વયંસેવી સંસ્થાઓને સામેલ કર્યા. 1990માં 513 યોજનાઓ વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કાર્યાન્વિત કરી. આજે અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ આ કાર્ય સાથે સંકળાયેલી છે. આ ઉપરાંત

શ્રમિક વિદ્યાપીઠ અને 16 રાજ્ય સંશોધન કેન્દ્રો વિવિધ રાજ્યોમાં શ્રમિકોને શિક્ષણ આપવાનું અને કાર્યક્રમને ટેકનિકલ સંસાધનોની સહાયતા પ્રદાન કરવાનું છે. ગુજરાતમાં પણ આ કાર્યક્રમને સફળ બનાવવામાં અનેક સંસ્થાઓ કાર્ય કરી રહી છે. રાષ્ટ્રીય સાક્ષરતા મિશને નિરક્ષરતા નાબૂદીના અભિયાનને દેશના 285 જિલ્લાઓ સુધી પહોંચાડ્યું છે. સાક્ષરતાના વિવિધ કાર્યક્રમોને 58.07 કરોડ વ્યક્તિઓએ લાભ લીધો છે. (ભારત સરકાર : 1994-95)

**(4) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ**

દેશમાં 1979માં રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો દસ્તાવેજ રજૂ કર્યો તેમાં નિરક્ષરતા નિવારણ માટેના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને તેનુ અમલીકરણ કરવામાં આવ્યું જેમાં મફત ગણવેશ, પુસ્તકો અને શિષ્યવૃતિની જોગવાઈ કરવામાં આવી જેનો હેતુ શિક્ષણનો વ્યાપ વધારવાનો હતો.

લોકસભાએ 1986માં નવી શિક્ષણ નીતિને સ્વીકૃતિ આપી એમાં એક સમાન રાષ્ટ્રીય શિક્ષણ પ્રણાલી બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યોજેમાં પાઠ્યક્રમનું માળખું એવું બનાવવું કે જેથી સમગ્ર દેશમાં શિક્ષણના વિભિન્ન ચરણો દ્વારા યોગ્યતા અને સમાનતા સ્થાપિત થાય. સમાજ અને સંસ્કૃતિના પાયાને સુદઢ કરે અને સમતાવાદી, લોકશાહી અને ધર્મ નિરપેક્ષ સમાજ માટે જરૂરી મૂલ્ય વ્યવસ્થાને સ્થાપિત કરે. નવી નીતિની વિશેષ કાયવાહીમાં શિક્ષણમાં સમાનતા ઉપર ભાર મૂકવામાં આવ્યો. શૈક્ષણિક પરિવર્તન, અસમાનતા ઘટાડવી, પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ, પ્રૌઢ શિક્ષણ, વૈજ્ઞાનિક અને શિલ્પ વૈજ્ઞાનિક સંશોધનને રાષ્ટ્રીય જવાબદારી માનીને તેને માટે પર્યાપ્ત સંસાધનો ઉપલબ્ધ કરાવવામાં આવશે.

રાષ્ટ્રીય શિક્ષણ પ્રણાલીનો નિશ્ચય એવી અપેક્ષા રાખે છે કે એક નિશ્ચિત કક્ષા સુધી તમામ વિદ્યાર્થીઓ માટે નાતજાત અને લિંગભેદ વગર એક સમાન શિક્ષણ મળે. જે દેશના તમામ ભાગોમાં 10 + ૨ + 3ના સમાન ઢાંચાની કલ્પના કરે છે. પ્રથમ દસ વર્ષના ગાળામાં પ્રાથમિક શિક્ષણ માટે પાંચ વર્ષ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ માટે 3 વર્ષ અને હાઇસ્કૂલના ૨ વર્ષની જોગવાઈ હતી. પ્રાથમિક શિક્ષણ સંબંધે રાષ્ટ્રીય નીતિમાં એવો પ્રસતાવ રજૂ કર્યો કે જે બાળકોએ 1990 સુધીમાં 11 વર્ષ પૂરાં કર્યા હોય તેમને પાંચ વર્ષનું શિક્ષણ અનૌપચારિક રીતે પૂરું પાડવામાં આવશે એમાં 1995 સુધીમાં 14 વર્ષ સુધીની વય ધરાવતાં તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવામાં આવે એવી જોગવાઈ કરવામાં આવી.

નિરક્ષરતા નિવારણ માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં એવો પ્રસ્તાવ રાખવામાં આવ્યો કે, 15થી 35 વર્ષના વયજૂથમાં પ્રૌઢ શિક્ષણ અને નિરંતર શિક્ષણનો વિશાળ કાર્યક્રમ વિવિધ માધ્યમો દ્વારા કાર્યાન્વિત કરવામાં આવશે. વિવિધ માધ્યમોમાં નિરંતર શિક્ષણ માટે ગ્રામીણ ક્ષેત્રોમાં કેન્દ્રોની સ્થાપના, માલિકો અને સરકાર સંબંધિત સંગઠનો દ્વારા શ્રમિકોને શિક્ષણ, રેડિયો, દૂરદર્શન ફિલ્મોના વ્યાપક પ્રમાણમાં સામૂહિક શિક્ષણ માટે ઉપયોગ કરવો, શિક્ષણ મેળવનારાઓને જૂથમાં એકત્ર કરવા, દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમો અને સ્વ-શિક્ષણના આયોજનમાં સહકારનો સમાવેશ કરવામાં આવ્યા. આ કાર્ય યોજનાએ એવો નિર્ણય કર્યો કે, પ્રૌઢ શિક્ષણનો રાષ્ટ્રીય કાર્યક્રમ 1990 સુધી ચાર કરોડ અને 1995 સુધીમાં છ કરોડ લોકોને લાભાન્વિત કરી સાક્ષર બનાવશે. (આહુજા : 1994)

ડિસેમ્બર 1993માં યોજવામાં આવેલ ''સૌને માટે શિક્ષણ'' શિખર મંત્રણામાં વધુ વસતિ ધરાવતા નવ દેશોએ ભાગ લીધો હતો જેમાં બાંગ્લાદેશ , બ્રાઝિલ, ચીન, ઇજીપ્ત, ભારત, ઇન્ડોનેશિયા, મેક્સિકો, નાઇજીરિયા અંતે પાકિસ્તાને ભાગ લીધો અને ઐતિહાસિક નિવેદન ઉપર સહી કરી. જેમાં સને 2000 સુધીમાં સૌને માટે શિક્ષણનું ધ્યેય હાંસલ કરવા પર ભાર મૂકવામાં આવ્યો. આ નવ દેશોમાં 70 ટકા પુખ્ત વયના નિરક્ષરો છે. આ નવ દેશોએ રાષ્ટ્રીય સ્તરે વિકાસ, જીવનધોરણમાં સુધારણા, અયોગ્યતા અને વસતિ વૃદ્ધિ પર નિયંત્રણ તથા

આંતરરાષ્ટ્રીય સ્તરે સહિષ્ણુતા, સદ્‌ભાવ અને શાંતિ સ્થાપવા માટે સોને માટે શિક્ષણનું લક્ષ્ય પ્રાપ્ત કરવું જરૂરી છે. પ્રજાની પ્રાથમિક શિક્ષણની જરૂરિયાત જલદીથી પૂરી કરવા માટેની જવાબદારી લીધી. આ શિખર મંત્રણામાં વિચાર વિમર્શ કર્યા બાદ પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવા તથા બાળકો, યુવાનો, પ્રૌઢો માટે શિક્ષણની તક વિસ્તારવા ઉપર ભાર મૂક્યો હતો. (પટેલ મફતભાઈ : 1998)

**(5) જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ (District Primary Education Programme - DPEP)**

આ કાર્યક્રમને 1993માં સૈદ્ધાંતિક મંજૂરી મળી અને 1994માં આયોજન પંચે એક કેન્દ્ર પુરસ્કૃત યોજના તરીકે મંજૂરી આપી. આસામ, હરિયાણા, મધ્યપ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ અને કેરળ એમ સાત રાજ્યોના 4ર જિલ્લાઓમાં જિલ્લા પ્રોજેક્ટો તૈયાર કરીને આ યોજનાનો અમલ કરવામાં આવ્યો. આ યોજના અંતર્ગત શૈક્ષણિક રીતે પછાત જિલ્લાઓ જ્યાં માંહેલા સાક્ષરતાનો આંક રાષ્ટ્રીય સાક્ષરતા કરતા નીચો હોય તથા જે જિલ્લામાં પ્રાથમિક શિક્ષણની વધતી જતી માંગનું સંપૂર્ણ સાક્ષરતા અભિયાન ઝુંબેશનું(TLC : Total Literacy Campaign) સફળતાપૂર્વક સંચાલન થતું હોય તેવા જિલ્લાઓ પસંદ કરવામાં આવ્યા. આ જિલ્લામાં આયોજન પ્રક્રિયા સઘન છે અને સહભાગીતા વધુ છે. તેમાં સિદ્ધાંત અને પ્રયોગનો સમન્વય થયેલો છે. રાષ્ટ્રીય શિક્ષણ સંશોધન અને તાલીમ પરિષદ (NCERT) શૈક્ષણિક આયોજન અને વહીવટની રાષ્ટ્રીય સંસ્થા (IIM) જેવી સંસ્થાઓ સહાયક બની છે. આ સંસ્થાઓ દ્વારા વિકસાવવામાં આવી રહેલી શિક્ષણ અને સંચાલન સંબંધી અનેક વિભાવનાઓએ જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમના આયોજનથી પ્રક્રિયાઓની અનેક તકો પૂરી પાડી છે. આયોજન પ્રક્રિયાના ભાગરૂપે નવીન કેડી કંડારે એવા અભ્યાસો પૂરા પાડ્યાં છે.

ઉચ્ચત્તમ ધ્યેય, આયોજન પ્રક્રિયા અને તેની સઘનતા તથા ક્ષમતાલક્ષી ઘડતર ઉપર આ કાર્યક્રમમાં વધુ ભાર મૂકવામાં આવ્યો છે, વિકાસલક્ષી સહકાર ક્ષેત્રો સાકાર થતી એક નવી તરાહ છે જે સાતત્ય, સમાનતા અને સ્થાનિક સમાજની સામેલગીરી ઉપર ભાર મૂકે છે તથા શૈક્ષણિક ક્ષેત્રે સહાયરૂપ બને છે. આ કાર્યક્રમ દ્વારા પ્રાથમિક શિક્ષણના વિકાસ માટે શાળાઓને ભૌતિક સુવિધાઓથી સુસજ્જ કરવી, ગુણવત્તા સુધારવી, બાળકની ક્ષમતાઓનો વિકાસ કરીને શ્રેઠ ઘડતર કરવું અને બાળકોને ઉન્નત જીવન જીવવા માટે સક્ષમ બનાવવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. (ભારત સરકારઃ 1995)

આંતરરાષ્ટ્રીય વિકાસ સંસ્થા (IDA) દ્વારા 1995- 96ના વર્ષ દરમિયાન ગુજરાતની DPEP જૂન '૯૫થી મંજૂરી આપવામાં આવી છે. રાજ્યના બનાસકાંઠા, પંચમહાલ અને ડાંગ એમ ત્રણ જિલ્લાઓમાં આ કાર્યક્રમ અમલી બનાવાયો છે. હવે આ કાર્યક્રમ રાજ્યના તમામ જિલ્લામાં કાર્યાન્વિત થયો છે. આ ઉપરાંત સર્વ શિક્ષા અભિયાન, મધ્યાહ્ન ભોજન યોજના, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાં સાક્ષરતાના પ્રસાર માટે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય , નવોદય વિદ્યાલય સંગઠન અલ્પ સંખ્યક શિક્ષણની યોજના અમલી બનાવી છે.

**(9) સ્વૈચ્છિક સંગઠનો દ્વારા પ્રયાસો**

નિરક્ષરતાની વિશાળ સમસ્યાનો ઉકેલ એકલી સરકાર લાવી શકે નહીં. નિરક્ષરતાને નાબૂદ કરવી હોય તો સરકારના પ્રયત્નો અને સ્વૈચ્છિક સંગઠનોના સહિયારા સઘન પ્રયાસોની જરૂર છે. સરકારની નાણાંકીય સહાયથી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા નિરક્ષર વ્યક્તિઓને ઓળખીને સાક્ષર બનાવવામાં પ્રેરકરૂપે કામ કરી શકે છે.

વિદેશની પણ કેટલીક સંસ્થાઓ નિરક્ષરતા નિવારણ માટે કાર્ય કરે છે જેમાં કેનેડાની સંસ્થા (Wrold Literacy of Caneda) પ્રૌઢ શિક્ષણ ક્ષેત્રે કામ કરે છે. આ સંસ્થાએ ભારતમાં 26 સાક્ષરતા યોજનાઓ માટે સહાયતા પૂરી પાડી છે. બીજી સંસ્થા (South Asian

Partnership) મહિલા પ્રૌઢ શિક્ષણ માટે કાર્ય કરે છે. આ સંસ્થાએ બિહાર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ જેવા પછાત રાજ્યોમાં મહિલા પ્રૌઢ શિક્ષણની યોજનાઓ કાર્યાન્વિત કરી છે. આ સંસ્થા 36 સ્વૈચ્છિક સંગઠનોના સહયોગથી વિકાસના કાર્ય સાથે સંકળાયેલી છે અને સને 2000 સુધીમાં 10 લાખ સ્ત્રીઓ (1 મિલિયન) સાક્ષર બનશે તેવી આશા રાખવામાં આવે છે.

પ્રૌઢ શિક્ષણની સાથે બાળ શિક્ષણ પણ મહત્ત્વપૂર્ણ પાયાની જરૂરિયાત છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ''14 વર્ષ સુધીના તમામ બાળકોને સંતોષકારક ગુણવત્તાવાળું પ્રાથમિક શિક્ષણ વિના મૂલ્યે ફરજિયાતપણે પૂરું પાડવું.'' એવી જાહેરાત કરવામાં આવી છે અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણને મહત્ત્વ આપવામાં આવ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારે અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ અને નવી શૈક્ષણિક સંસ્થાઓ ખોલી છે. પરંતુ બધા બાળકોનો સમાવેશ થાય તેમાં થતો નથી. અપૂરતી સંખ્યાને પહોંચી વળવા 'ઓપરેશન બ્લેક બોર્ડ' (Operation Black Board) યોજના અમલમાં મૂકી છે. જેમાં પ્રત્યેક ગામડામાં પ્રાથમિક શાળા ખોલવાનું ધ્યેય રાખ્યું છે. પરંતુ હજુ પણ ઘણા ગામડાઓમાં પ્રાથમિક શિક્ષણ માટે શાળાની સુવિધા નથી, નાણાંકીય તંગીને કારણે હજારો શાળામાં પૂરતા શૈક્ષણિક સાધનો નથી. પરિણામે બાળકો શાળામાં જતા નથી. પરિણામે સાક્ષરતા આંક ઊંચો આવતો નથી.

શિક્ષણને મૂળભૂત અધિકાર આપીને સાર્વત્રિક બનાવવું હોય તો સરકાર અને સ્વૈચ્છિક સંગઠનોએ જાહેર જનતા જનાર્દનના સાથ સહકારથી નિરક્ષરતા નિવારણનું કાર્ય કરવું પડશે.

**(7) વિદ્યાર્થી શક્તિનો ઉપયોગ**

સાક્ષરતા અભિયાનમાં દેશના યુવાન અને બેકાર વિદ્યાર્થીઓને સાંકળવામાં આવે તો તેઓ નિષ્ક્રિયતામાંથી બહાર આવે. દેશના કેટલાંક રાજ્યોમાં નિરક્ષરતાનું પ્રમાણ વધુ છે ત્યાં પ્રાયોગિક ધોરણે વિદ્યાર્થીઓની સેવા લેવામાં આવે અને તેને તબીબી અને ઇજનેરી વિદ્યાશાખામાં પ્રવેશ મેળવવાના ધોરણોમાં છૂટછાટ આપવામાં આવે તો આ સમસ્યાનું કંઈક અંશે નિરાકરણ લાવી શકાય. યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ એક નમૂનારૂપે આ કાર્ય કરે તો સાક્ષરતા અભિયાનો સફળ બને. દેશના બેકાર યુવાનોને જ્યાં સુધી બીજી નોકરી કે કામ ન મળે ત્યાં સુધી તેમને પ્રૌઢ શિક્ષણના વર્ગો ચલાવવાનું કાર્ય સોંપવું જોઈએ. અને તેના બદલામાં માનદ્ વેતન અથવા આર્થિક વળતર આપવું જોઈએ. તો દેશના યુવાનોની બેરોજગારીની સમસ્યા હળવી બને. આવા કાર્યક્રમોનું સમયબદ્ધ આયોજન કરવામાં આવે તો વેકેશન દરમિયાન તેમની શક્તિનો ઉપયોગ સાક્ષરતા અભિયાનમાં કરી શકાય. વિદ્યાર્થીઓને આ કાર્ય માટે યોગ્ય તાલીમ આપીને તૈયાર કરવાની આવશ્યકતા છે. જે વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક સાક્ષરતા અભિયાનનું કાર્ય કરે તેમને પ્રવેશમાં છૂટછાટ આપવી જોઈએ. અને પરીક્ષા પાસ કરવામાં તેના ગુણાંક બોનસરૂપે આપવામાં આવે તો તેએ વિશ્વાસપૂર્ણ અને ભરોસાપાત્ર કરવામાં પૂરી શક્તિ અને નિષ્ઠાનો ઉપયોગ કરી શકે તેમ છે. શિક્ષકો અને પ્રાધ્યાપકોએ પણ વિદ્યાર્થીઓને આવા કાર્યો કરવા પ્રોત્સાહિત કરવા જોઈએ.

નિરક્ષરતા નાબૂદી એ પડકારરૂપ કાર્ય છે. એમાં શીખવનારા, શીખનારાઓનો સમન્વય જરૂરી છે. આ કાર્યને સંપૂર્ણ નિષ્ઠાથી અને જનતા જનાદનનો સહયોગ લઈને કરવામાં આવે તો નિરક્ષરતા નાબૂદ કરી શકાય. જો કે, સરકારના અથાગ પ્રયત્નો અને સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રયાસોથી નિરક્ષરતાની ટકાવારી દિનપ્રદિન ઘટતી જાય છે પરંતુ સંપૂર્ણ સો ટકા સાક્ષરતા સિદ્ધ કરવાને માટે હજુ ઘણી યાત્રા કરવાની છે.

ભારતના વસતિ ગણતરીના વર્ષ 2001ના અહેવાલ અનુસાર સાક્ષરની ટકાવારી 65.38 છે પુરુષોમાં સાક્ષરતાનું પ્રમાણ 75.85 ટકા તથા સ્ત્રીઓમાં 54.16 ટકા છે. કેરળમાં સાક્ષરતાની ટકાવારી સૌથી વધુ 90.92 છે ત્યાર પછીના સને 2001ની વસતિ ગણતરી અનુસાર દેશમાં સાક્ષર લોકોની કુલ સંખ્યા 56,67,14,995 છે. ગ્રામીણ વિસ્તારોમાં સાક્ષરતા દર 59 4 ટકા છે. દેશનો કુલ સાક્ષરતા દર 65.36 છે.

2001ની વસતિ ગણતરી પ્રમાણે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 60 ટકાથી વધુ પુરુષો સાક્ષર છે. મહિલાઓમાં સાક્ષરતા દર 50 ટકા કરતા ઓછો હોય તેવા રાજ્યોમાં રાજસ્થાન, અરૂણાચલ પ્રદેશ, દાદરા અને નગર હવેલી, ઉત્તરપ્રદેશ, જમ્મુ, કાશ્મીર, ઝારખંડ અને બિહારનો સમાવેશ થાય છે.

ભારતમાં કુલ નિરક્ષરોની સંખ્યા 29,6૨,08,952 છે. આમાંથી 10,66,54,066 પુરુષો તથા 18,95,54,886 સ્ત્રીઓ છે. નિરક્ષરોની વસતિ ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ , મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં સર્વાધિક છે. આજ સુધીનો અનુભવ એવું બતાવે છે કે કેન્દ્ર સરકાર પોતાના પ્રયત્નોમાં નિરક્ષરતા દૂર કરી શકી નથી. આ કાર્યમાં સ્વૈચ્છિક સંગઠનોનો સહયોગ લેવો જરૂરી છે.

નિરક્ષરતાનું નિવારણ કરવા માટે દેશમાં પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમનો ઉત્સાહપૂર્વક શુભારંભ કર્યો કેટલાંક સારા પરિણામો પણ આવ્યાં પરંતુ આ માધ્યમથી ઇચ્છિત લક્ષ્યોની પૂર્તિ ન થઈ શકી એનું મુખ્ય કારણ એ છે કે આ કાર્યક્રમને સમાન્ય જનતાનો સહયોગ મળ્યો નહીં.

આ ઉપરાંત બાળકોના શિક્ષણ પર ભાર મૂક્યો છે. આ હેતુ માટે શાળામાં બાળકોને મફત ભોજન, કપડાં, પુસ્તકો વગેરે આપવામાં આવે છે. સ્ત્રી શિક્ષણને વધારવા માટે રાજ્યોમાં અલગ શૈક્ષણિક સંસ્થાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. સ્ત્રી શિક્ષણ કેન્દ્રોને આર્થિક સહાયતા પ્રદાન કરવા તથા સ્ત્રી શિક્ષણ પણ વિચાર વિમર્શ કરવા માટે અનેક કાર્યક્રમોનું આયોજન અને સંચાલન કરવામાં આવી રહ્યું છે. અનેક શૈક્ષણિક યોજનાઓ શરુ કરીને તેનો અમલ કરવામાં આવે છે. આ રીતે શિક્ષણનો પ્રચાર- પ્રસારની દષ્ટિએ ગુજરાતમાં ઘણું કરવામાં આવ્યું છે.

## ૯. સાક્ષરતા વધારવાના ઉપાયો

સાક્ષરતા વધારવા માટે નીચેના ઉપાયો અપનાવવાં જોઈએ.

(1) શિક્ષણનો પ્રચાર- પ્રસાર કરીને સાક્ષરતા વધારવી જોઈએ.

(2) નિઃશૂલ્ક શિક્ષણ આપવું જોઈએ.

(3) શિક્ષણને અનિવાર્ય બનાવવું જોઈએ.

(4) લોકોમાં શિક્ષણનો પ્રચાર પ્રસાર કરી શિક્ષણ પ્રત્યે રુચિ અને જાગૃતિ પેદા કરવી જોઈએ. ગામડાના લોકોને શિક્ષણનું મહત્ત્વ સમજાવવું જોઈએ.

(5) સ્ત્રી શિક્ષણનો પ્રચાર- પ્રસાર કરવો જોઈએ.

(6) વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા ગામડામાં શિક્ષણનો પ્રસાર કરવો જોઈએ.

(7) શિક્ષણ પદ્ધતિ રોજગારલક્ષી બનાવવી જોઈએ.

(8) બુનિયાદી શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણને પ્રોત્સાહન આપવું જોઈએ.

(9) મોબાઇલ પુસ્તકાલય અને વાંચનાલયની સંખ્યા વધારવી જોઇએ.

(10) મનોરંજન કાર્યક્રમો દ્વારા શિક્ષણના પ્રસારનું કામ કરવું જોઈએ.

(11) શિક્ષણની પ્રક્રિયામાં સ્ત્રીઓને સામેલ કરવી જોઈએ.

(12) ગ્રામીણ અને પછાત વર્ગની સ્ત્રીઓને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવી જોઈએ.

(13) લોકજાગૃતિ માટે સ્વૈચ્છિક સંસ્થાની મદદ લેવી જોઈએ

(14) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકો માટે ખાસ શાળાઓ શરુ કરવી જોઈએ.

(15) આદિવાસી વિસ્તારોમાં રહેતા લોકોને તેમની ભાષા કે બોલીમાં શિક્ષણ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

## (10) મહિલા સામખ્ય કાર્યક્રમ

આ કાર્યક્રમની શરુઆત 1989થી થઈ છે મહિલા સામાન્ય મહિલાઓને અધિકાર સંપન્ન બનાવવાનો સંબંધ એમના શિક્ષણ સાથે જોડાવાની દિશામાં સૌથી સફળ પ્રયાસ છે. આ કાર્યક્રમ 10 રાજ્યોના 60 જિલ્લાઓ અને 900થી વધુ ગામોમાં ચાલી રહ્યો છે. આ કાર્યક્રમ દ્વારા મહિલાઓનો પોતાના પ્રત્યેનો દષ્ટિકોણ તેમજ સમાજમાં એમની પરંપરાગત ભૂમિકામાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આમાં મહિલાઓ માટે એવું વાતાવરણ બનાવવામાં આવે છે કે તેઓ જ્ઞાન અને માહિતી પ્રાપ્ત કરવા માટે એમાં રસ લેતી થાય. આમાં મહિલાઓની સમાનતા પ્રાપ્ત કરવા માટે અને સંઘર્ષ માટે તૈયાર કરવામાં આવે છે. આ કાર્યક્રમ માટે 52 કરોડ રૂપિયા ખર્ચ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

ગુજરાતમાં આ કાર્યક્રમ કેટલાંક જિલ્લામાં કાર્યાન્વિત છે. જેમાં વડોદરા, રાજકોટ, પંચમહાલ, સાબરકાંઠા સુરેન્દ્રનગર તથા ડાંગનો સમાવેશ થાય છે. અમદાવાદ ખાતે મુખ્ય કચેરી કાર્યરત છે.

આ કાર્યક્રમ દ્વારા મહિલાઓને શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવીને સ્વનિર્ભર બનાવવાનો પ્રયાસ કરવામાં આવે છે આ ઉપરાંત કસ્તુરબા ગાંધી બાલિકા વિધ્યાલય દ્વારા કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે સંયુક્ત રાષ્ટ્ર સંઘની સંસ્થા "યુનેસ્કો" શિક્ષણ ક્ષેત્રમાં અનેક નવા પ્રયોગો કરી રહી છે. આ સંસ્થા અર્ધાવિકસિત અને પછાત દેશો માટે અનેક કાર્યક્રમો કરી ચૂકી છે.

સરકાર અને અન્ય તમામ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરની સંસ્થાઓ નિરક્ષરતાની સમસ્યાના નિરાકરણ માટે કૃત નિશ્ચયી છે. છતાં પણ હજૂ ઘણું કરવાનું બાકી છે. આજે આ ભીષણ સમસ્યાના સમાધાન માટે સંકલિત પ્રયાસોની અત્યંત આવશ્યકતા છે.

અધ્યેતાઓની જરૂરિયાતો અને સ્થાનિક પર્યાવરણને ધ્યાનમાં રાખીને અવૈધિક શિક્ષણના અભ્યાસક્રમનું માળખું તૈયારકરવામાં આવશે, જે માળખું મુખ્ય અભ્યાસક્રમના માળખાંની જેમ જ બધાં શૈક્ષણિક ધ્યેયોની પૂર્તતા કરતું હશે. ઉચ્ચ પ્રકારની ગુણવત્તા ધરાવતું શૈક્ષણિક સાહિત્ય તૈયાર કરવામાં આવશે અને આ સાહેત્ય અવેધિક શિક્ષણ લેનાર બધા જ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે આપવામાં આવશે. અવૈધિક શિક્ષણ પ્રણાલીમાં પણ રમતો, હરીફાઈઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને પ્રયાસોનો સમાવેશ થશે. (5.10)

અવૈધિક શિક્ષણકેન્દ્રોનું સંચાલન મહદંશે ખાનગી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા અને જિલ્લા પંચાયતો દ્વારા થશે. આ કેન્દ્રોમાં સંચાલનને માટેનાં જરૂરી નાણાં યોગ્ય પ્રમાણમાં અને સમયસર ફાળવવામાં આવશે. સરકાર આ શિક્ષણ પ્રણાલીને જીવંત રાખવા માટેની સર્વ જવાબદારીઓ સ્વીકારશે. (5.11)

આ રીતે આપણા દેશમાં નિરક્ષરતા નિવારવા સઘન પ્રયત્નો થઈ રહ્યા છે, પરતુ પ્રચંડ વસ્તીવધારાને લીધે નિરક્ષરતાની સમસ્યાના ઉકેલ માટે આપણા દેશમાં જોઈએ તેટલી સફળતા પ્રાપ્ત થઈ શકી નથી.

## (11) પ્રાથમિક શિક્ષણમાં પ્રાદેશિક અસમાનતાની સમસ્યા

આપણા દેશમાં ભૌગોલિક દષ્ટિએ ખૂબ જ અસમાનતા રહેલી છે. તેનો કેટલોક ભાગ મેદાનભૂમિ ધરાવતો છે, તો કેટલોક ભાગ રણપ્રદેશ છે. વળી તેનો કેટલોક ભાગ ડુંગરાળ કે પહાડી પ્રદેશ છે, તો કેટલોક ભાગ ગીચ જંગલોથી ઘેરાયેલો છે. દેશની ભૌગોલિક અસમાનતાની અસર તેના લોકોનાં જીવન, રીતરિવાજ , સંસ્કારિતા વગેરે પર પણ પડતી જોવામાં માવે છે. પ્રાદેશિક અસમાનતાની અસર પ્રાથમિક શિક્ષણ પર પણ પડે છે.

દેશમાં મફત, ફરજિયાત, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ સ્વીકારાતા ફરજિયાત શિક્ષણનો કાયદો કરવામાં આવ્યો. ફરજિયાત શિક્ષણનો કાયદો અમલમાં આવતાં શાળામાં બાળકોની હાજરી અને નોંધણી આપોઆપ વધશે, પણ આ ધારણા ભારતના બધા જ પ્રદેશોમાં સત્ય ઠરી નહિ. દેશના પછાત

વિસ્તારોમાં આ કાયદો સફળ-થઈ શક્યો નહીં. વળી બધાં રાજ્યોએ 6 થી 14 વર્ષની વયકક્ષા ધરાવતાં બાળકો માટે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કર્યું પણ નહે. કોઈ રાજ્યે 6 થી 11ની, તો કોઈ રાજ્યે 6 થી 11 વર્ષની વય માટે ફરજિયાત પ્રાથમિક શિક્ષણની જવાબદારી સ્વીકારી. આથી દેશમાં પ્રાથમિક શિક્ષણમાં શિક્ષણના સાર્વત્રિક ફરજિયાતપણા માટે પ્રાદેશિક અસમાનતાની સમસ્યા પેદા થઈ.

આ સમસ્યા પેદા થવાનું કારણ છે રાજ્યોની આર્થિક મર્યાદા. દરેક રાજ્ય પોતાની આર્થિક મર્યાદાને ખ્યાલમાં રાખી પ્રાથમિક શિક્ષણના ફરજિયાતપણાનો અમલ કરે છે. સમગ્ર દેશમાં એકસરખી વયકક્ષા માટે ફરજિયાતપણાનો અમલ કરવો હોય તો ગંજાવર ખર્ચ કરવો પડે. આ માટે રાજ્ય સરકારો એકલે હાથે તે ઉપાડી શકે નહિ. આથી કેન્દ્ર સરકારે સહભાગી બની રાજ્યોને જરૂરી નાણાંકીય સહાય કરવી જોઈએ.

આ સંદર્ભમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1980માં સ્વીકારવામાં આવ્યું છે કે "સમગ્ર દેશમાં શિક્ષણનો ફેલાવો કરવાના કાર્યક્રમો, અસામાનતા દૂર કરવાના કાર્યક્રમો, પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણના પ્રયાસો, પ્રૌઢશિક્ષણ કાર્યક્રમ અને વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રે સંશોધનોના કાર્યક્રમોના અમલીકરણ માટેનો મુખ્ય આધાર અને જવાબદારી સમગ્રપણે રાષ્ટ્રનાં રહેશે."

સમગ્ર દેશ પ્રાથમિક શિક્ષણમાં અસમાનતાની સમસ્યાના ઉકેલ માટે કટિબદ્ધ થયેલો જણાય છે, પરિણામે આ સમસ્યાનો ઉકેલ ટૂંક સમયમાં આવી જાય તેવી ઘણી શક્યતા રહેલી છે.

### (12) શિક્ષકોનાં રહેણાંકની સમસ્યા

દેશમાં 6 થી 14 વર્ષની વયકક્ષાનાં તમામ બાળકો માટે મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણની બાબત સ્વીકારાતા પ્રાથમિક શિક્ષણનો વિસ્તાર થયો. દૂર દૂરના અંતરિયાળ પ્રદેશોમાં, છૂટાં છૂટાં રહેઠાણ ધરાવતાં લોકો માટે, ડુંગરાળ પ્રદેશો કે જ્યાં માનવ વસવાટ હતો ત્યાં નાનામાં નાના ગામમાં પ્રાથમિક શાળા શરૂ થઈ. જ્યા જેવું મકાન મળ્યું ત્યાં શાળા શરૂ કરવામાં આવી. જે ગામની માગણી આવી ત્યાં શાળા તો શરૂ થઈ, પરતુ આ સાથે તે શાળામાં નિમાયેલાં શિક્ષકના રહેણાંકની સમસ્યા ઊભી થઈ. કેટલાંક ગામ તો તદ્દન કાચાં ઝૂંપડાં ધરાવતાં ગામ છે, ત્યાં શાળાને પોતાનું મકાન નથી. આવા ગામમાં શિક્ષકને માટે રહેવા યોગ્ય મકાન મળવું મુશ્કેલ બન્યું , રહેવા માટે યોગ્ય મકાનની સુવિધા પ્રાપ્ત ન થતા શિક્ષક ત્યાં મૂંઝાવા લાગ્યો, પરિણામે તેની શાળામાં હાજરી અનિયમિત બની. શિક્ષકની હાજરી અનિયમિત બનતાં બાળકોનું શિક્ષણકાર્ય ખોરંભે પડ્યું.

કેટલાંક ગામડાંઓમાં શિક્ષક માટે રહેણાંકની વ્યવસ્થા ન હોવાને લીધે તે દૂરના પ્રદેશમાં જ્યાં રહેણાંકની સુવિધા ઊભી થાયત્યાંથી પોતાની શાળાએ આવતો હોય છે, પરિણામે આવનજાવનમાં તે થાકી જતાં બાળકોના શિક્ષણકાર્યનું કામ ઉત્સાહથી કરતો નથી.

જે-તે ગામમાં શિક્ષકના રહેણાંકની સુવિધા ન હોય ત્યાં શિક્ષક તે ગામનો લોકસંપર્ક પણ કરી શકાતો નથી. આથી ફરજિયાત વયનાં બાળકોને શાળામાં દાખલ કરાવવામાં સફળ થઈ શક તો નથી.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986માં સ્વીકારવામાં આવ્યું છે કે દરેક ગામની શાળામાં મોટા કહી શકાય તેવા બે ઓરડાઓની સગવડ આપવામાં આવશે જે ઓરડાઓનો દરેક ઋતુમાં ઉપયોગ થઈ શકશે. આ ઉપરાંત દરેક પ્રાથમિક શાળામાં ઓછામાં ઓછા બે શિક્ષકો રાખવામાં આવશે, જેમાંથી એક મહિલા શિક્ષિકા અને એક પુરુષ શિક્ષક હશે. આ સાથે આપણને સૂચન કરવાનું મન થાય કે પ્રાથમિક શિક્ષણનો સારી રીતે વિકાસ કરવો હોય તો દરેક ગામને શાળાના મકાન ઉપરાંત બે શિક્ષક રહેવા માટે રહેણાંક પૂરાં પાડવાં જોઈશે.

શિક્ષકોને રહેણાંક પૂરાં પાડવામાં આવે તો શિક્ષકો જે-તે ગામમાં સ્થિર થઇ રહેશે. પરિણામે ફરજિયાત વયનાં શાળાએ આવતાં બાળકોની સંખ્યા વધશે. ધીમે ધીમે પ્રાથમિક શિક્ષણનું મફત, ફરજિયાત ને સાર્વત્રિકરણનું ધ્યેય સિદ્ધ થશે.

## ૧૩. પ્રાથમિક શિક્ષણનું સંચાલન – આનુષંગિક સમસ્યાઓ

**પ્રસ્તાવના**

ભારતીય રાજ્ય બંધારણની કલમ 45 માં જણાવ્યું છે કે, "સ્ટેટ બધાં બાળકોને 14 વર્ષની વયે પહોંચે ત્યાં સુધીમાં તેમને મફત અને ફરજિયાત શિક્ષણ આપવા પ્રયત્ન કરશે." અહી સ્ટેટ, ભારત સરકાર અને સંસદ, રાજ્ય સરકારો અને બધી સ્થાનિક તથા અન્ય સંસ્થાઓ કે જે ભારત સરકારના નિયમ હેઠળ હોય. પ્રાથમિક શિક્ષણની જવાબદારી રાજ્ય સરકારોની છે. કેન્દ્ર સરકાર તેમને આ જવાબદારી નિભાવવા માટે જરૂરી મદદપૂરી પાડે છે. રાજ્ય સરકારો પ્રાથમિક શિક્ષણની આ જવાબદારી જુદી જુદી સ્થાનિક સંસ્થાઓ જેવી કે મ્યુનિસિપલ કોર્પોરેશનો, શહેર સુધરાઈઓ તેમજ જિલ્લા પંચાયતો દ્વારા નિભાવે છે. આ માટે રાજ્ય સરકારો સ્થાનિક સંસ્થાઓને નાણાંકીય સહાય પૂરી પાડે છે.

### (2) કેન્દ્ર સરકારનું કાર્યક્ષેત્ર અને જવાબદારી

ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના જુદા જુદા વિભાગો પૈકી એક વિભાગ પ્રાથમિક શિક્ષણ અંગેની જવાબદારી ઉઠાવે છે. કેન્દ્ર સરકાર રાજ્ય બંધારણની 45મી કલમમાં આપેલા આદેશની પૂર્તિ માટે રાજ્યો, સ્થાનિક સંસ્થાઓ તથા ખાનગી સંસ્થાઓને માર્ગદર્શન તથા સલાહ આપે છે.

કેન્દ્ર સરકારનો પ્રાથમિક શિક્ષણ વિભાગ રાજ્યોની પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક તથા બુનિયાદી શિક્ષણ અંગેની યોજનાઓ, શિક્ષકોના પગાર, શિક્ષિત બેકારોને રાહત, લઘુમતીઓનાં બાળકો માટે શિક્ષણના માધ્યમનો પ્રશ્ન, ફરજિયાત શિક્ષણ, કન્યાઓનું શિક્ષણ, છાત્રાલયોની સગવડ, બાળકો માટેનું સાહિત્ય તૈયાર કરાવવું વગેરે જેવી પ્રાથમિક શિક્ષણને લગતી બાબતો અંગે સરકારને સલાહ આપવા કેન્દ્રીય સલાહકાર સમિતિ અને ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર એલિમેન્ટરી એજ્યુકેશન નામની બે મહત્ત્વની સમિતિઓ રાખે છે.

આપણા દેશમાં આ સમિતિઓની સલાહને લીધે પ્રાથમિક અને બુનિયાદી શિક્ષણક્ષેત્રે ઘણી પ્રગતિ થઈ છે. કેન્દ્ર સરકાર રાજ્યોને પ્રાથમિક શિક્ષણ અંગે જરૂરી સલાહ આપે, નાણાંકીય સહાય કરે અને જુદી જુદી યોજનાઓનું સંગઠન કરે છે. રાજ્યો અને કેન્દ્ર વચ્ચે જેટલી વધુ સમજૂતી હોય અને રાજ્ય સરકારો જેટલું વધુ સારું આયોજન કરે તેટલા પ્રમાણમાં પ્રાથમિક શિક્ષણમાં સુધારણા થતી હોય છે.

### (3) રાજ્ય સરકારોનું કાર્યક્ષેત્ર

શિક્ષણ અંગેની સંપૂર્ણ સત્તા અને જવાબદારી રાજ્ય સરકારો પાસે છે. દરેક રાજ્ય પોતાનું કાર્ય શિક્ષણ વિભાગ મારફતે કરે છે. શિક્ષણ વિભાગમાં શિક્ષણમંત્રી, નાયબ શિક્ષણમંત્રી, શિક્ષણનું સચિવાલય, શિક્ષણ કમિશનરની કચેરી તથા રાજ્ય સરકારને શિક્ષણનીતિ અંગે વખતોવખત સલાહ આપવા માટેનાં બિનસરકારી મંડળો અને સમિતિઓનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકારોની પ્રાથમિક શિક્ષણ અંગે નીચે જેવી કેટલીક જવાબદારીઓ છે. આ જવાબદારીઓના સંદર્ભમાં પ્રાથમિક શિક્ષણના સંચાલકને આનુષંગિક કેટલાંક પ્રશ્નો હલ કરવાના હોય છે.

- પ્રાથમિક શિક્ષણ માટે નાણાંકીય જોગવાઈ કરવી. રાજ્યના બજેટમાં પ્રાથમિક શિક્ષણ માટે ખર્ચ અંગેની જોગવાઈ કરવી. આ સમસ્યા ઘણાં રાજ્યોને મૂંઝવે છે.
- ફરજિયાત વયકક્ષાનાં જેમ બને તેમ વધુ બાળકોને પ્રાથમિક શાળામાં લાવવાની અને તે માટે પ્રાથમિક શિક્ષણ માટે જરૂરી કાયદો કરવાની તેમજ તેના અમલની જવાબદારી રાજ્ય સરકારોની છે.
- મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના સંદર્ભમાં નાનાં નાનાં ગામડાંઓમાં શાળાઓ સ્થાપવાની જરૂરિયાત ઊભી થઈ. આથી રાજ્યમાં શાળાઓની જોગવાઈ કરવાની સમસ્યા ઊભી થઈ.

- મફત, ફરજિયાત, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણને લીધે કન્યાઓના શિક્ષણની સમસ્યા પેદા થઈ. આ સંદર્ભમાં કન્યાઓના શિક્ષણ માટે પૂરી સગવડો ઊભી કરવાની જવાબદારી રાજ્યોને માથે આવી.
- પ્રાથમિક શિક્ષણનો વિસ્તાર અને વિકાસ થતાં રાજ્યોમાં તાલીમ પામેલાં વધુ શિક્ષકોની જરૂર ઊભી થઈ. પ્રાથમિક શાળાઓની તાલીમ પામેલાં પ્રાથમિક શિક્ષકોની જરૂરિયાત પૂરી પાડવાની જવાબદારી રાજ્યોને માથે આવી. પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપવાની જવાબદારી રાજ્યોની છે. રાજ્ય સરકાર જ આ શિક્ષકો માટે નોકરીની શરતો અને પગારધોરણ વગેરે બાબતો નક્કી કરે છે.
- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, વિચરતી જાતિ, ક્ષતિ ધરાવતાં બાળકો, લઘુમતીઓનાં વગેરેનાં બાળકો માટે પ્રાથમિક શિક્ષણ માટે જોગવાઈ કરવી.
- રાજ્યના પ્રાથમિક શિક્ષણ માટે અભ્યાસક્રમ રચવો તથા તેના સંદર્ભમાં પાઠ્યપુસ્તકો પ્રકાશિત કરવાની જવાબદારી રાજ્યોની છે.

1976ના બંધારણીય સુધારામાં એક દૂરંદેશીભર્યું પગલું સૂચવાયું છે. તેમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોની વચ્ચે શિક્ષણના ક્ષેત્ર માટેની જવાબદારીઓ નક્કી કરવામાં આવી છે. આમાં શિક્ષણ માટેની રાજ્ય સરકારોની જવાબદારી યથાવત્ રહે છે, જ્યારે કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય શિક્ષણ અને એકસૂત્રતા માટેના શિક્ષણની મજબૂતી માટે, શિક્ષણનું ધોરણ અને ગુણવત્તા જાળવવા માટે, દેશની શૈક્ષણિક જરૂરિયાતો જાણવા અને તેને પહોંચી વળવા (જેમાં માનવવિકાસ અને માનવશક્તિનો વિકાસ થાય) - ઉચ્ચ શિક્ષણ અને સંશોધનની જરૂરિયાતોને પૂરી પાડવા માટે અને સમગ્ર દેશમાં શિક્ષણના સ્તરને ઊંચો લાવવા માટેની તમામ જવાબદારીઓનું વહન કરશે.

પ્રાથમિક શિક્ષણ અંગેની જવાબદારી સ્થાનિક સંસ્થાઓને સોંપાઈ છે, છતાં પ્રાથમિક શિક્ષણ અંગેની રાજ્ય સરકારોની જવાબદારી ઘણી મોટી છે અને ઘણી મહત્ત્વની છે.

**(4) સ્થાનિક સંસ્થાઓની ભૂમિકા**

પ્રાથમિક શિક્ષણના સંચાલનમાં સ્થાનિક સંસ્થાઓ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની ભાગીદાર છે. સ્થાનિક સંસ્થાઓના સહકારથી જ દેશમાં પ્રાથમિક શિક્ષણનું કામ થાય છે. ભારતનાં બધાં રાજ્યોમાં આ બાબતમાં એકસરખી પરિસ્થિતિ નથી.

સ્થાનિક સંસ્થાઓ જેવી કે શહેર સુધરાઈઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન અને જિલ્લા પંચાયતો પ્રાથમિક શિક્ષણના વહીવટ માટે શિક્ષણ સમિતિઓ રચે છે. દરેક રાજયમાં પ્રાથમિક શિક્ષણના વહીવટની કેટલીક આંતરિક બાબતો વિશે ભિન્ન ભિન્ન વ્યવસ્થાઓ છે અને તેથી કેટલીક સમસ્યાઓ ઊભી થઈ છે. પ્રાથમિક શિક્ષણના સંચાલનમાં પ્રાથમિક શિક્ષકોની ભરતી તેમજ તેમની બદલીઓનો પ્રશ્ન પાયાનો છે. તેમાં થતી ગેરરીતિઓ અંગે અનેક ફરિયાદો થતી જોવા મળે છે.

**(5) સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા**

ભારતમાં શિક્ષણના વિકાસમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો ખૂબ જ મહત્ત્વનો છે. પ્રાથમિક શિક્ષણમાં સ્વૈચ્છિક સંસ્થાઓએ નોંધપાત્ર ભૂમિકા ભજવી છે. બંધારણની કલમ 45 પ્રમાણે દેશમાં દરેક બાળકને તે 14 વર્ષનું થાય ત્યાં સુધી તેને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાનું છે.

દેશમાં પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત અને સાર્વત્રિક કરાતાં, દેશને માથે એક મોટી જવાબદારી આવા પડી. આવડું મોટું કાર્ય કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારો પૂરું કરી શકે નહિ એટલે આવડા મોટા કાર્યમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો સહકાર આવશ્યક છે.

બંધારણની કલમ (30) 1પ્રમાણે સ્વૈચ્છિક સંસ્થાઓને શાળા સ્થાપવાની અને ફી લેવાની છૂટ મળેલી છે. આથી સ્વૈચ્છિક સંસ્થાઓ શાળાઓ સ્થાપે તો તેથી સરકારની જવાબદારી થોડી હળવી થાય તથા પ્રાથમિક શિક્ષણ અંગે સરકારનું ખર્ચ પણ થોડું ઘટે. સ્વૈચ્છિક સંસ્થાઓ શાળાઓ સ્થાપતાં

લોકોનો સહકાર મળી રહેતા પ્રાથમિક શિક્ષણનું ફરજિયાતપણું સહેલાઈથી અને જલદીથી દાખલ કરવામાં સહાય મળે છે.

દેશમાં હજુ બાળકોની મોટી સંખ્યા શાળાઓમાં લાવવાની છે. આથી સ્વૈચ્છિક સંસ્થાઓની સેવાઓ લેવાની જરૂર છે જ. સ્વૈચ્છિક સંસ્થાઓના સંચાલન અંગે રાજ્ય સરકારોનો અંકુશ રહે છે. આથી આવી સંસ્થાઓની કાર્યક્ષમતા જળવાઈ રહે છે. છતાં શિક્ષકોના શોષણને લગતી કેટલીક ગેરરીતિઓ થતી જોવા મળે છે.

**(6) પ્રાથમિક શિક્ષણ અંગે નાણાંકીય સમસ્યા**

પ્રાથમિક શિક્ષણને મફત, ફરજિયાત અને સાર્વત્રિક કરવા અને તેનો કાર્યક્ષમ અમલ કરવા માટે નાણાંકીય જવાબદારી મોટી રહે છે. બાળક સહેલાઈથી ચાલીને શાળાએ જઈ શકે એ રીતે સમગ્ર દેશમાં શાળાઓની જોગવાઈ કરવી, ગરીબ બાળકો, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિચરતી જાતિઓનાં બાળકો માટે પાઠ્યપુસ્તકો, ગણવેશ, લેખનસામગ્રી તથા મધ્યાહ્ન ભોજન વગેરે મફત આપવાનું, આ બધાં માટે નાણાં જોઈએ જ. એ જ પ્રમાણે શિક્ષકોની તાલીમ માટે તાલીમી સંસ્થાઓનાં મકાન બાંધવા, ઉદ્યોગ માટેનાં સાધનો વસાવવાં અને પ્રાથમિક ‘શિક્ષણનું ફરજિયાતપણું દાખલ કરવા માટે ઘણું મોટું ખર્ચ કરવું પડે તેમ છે. આ ખર્ચ ઘણું ભારે છે. આથી પ્રાથમિક શિક્ષણનું નાણાંકીય પાસું મજબૂત હોવું જોઈએ કે જેથી કરીને નાણાંના કારણે સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના કાર્યક્રમમાં અવરોધ આવે નહિ.

રાજ્ય બંધારણની 45મી ક્લમે સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણની જવાબદારી કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સંસ્થાઓ ઉપર મૂકેલ છે. આથી આ ત્રણેય ભાગીદારો નાણાંકીય જવાબદારી કેવી રીતે ઉપાડે છે તેના ઉપર પ્રાથમિક શિક્ષણના કાર્યક્રમની સફળતાનો આધાર રહે છે. આ ત્રણેયમાં સૌથી વિશેષ. જવાબદારી કેન્દ્ર સરકારની છે. જો કે સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનો 6 થી 14 વર્ષની વય જૂથનાં બાળકો માટે પ્રબંધ કરવો એ દેશ માટે એક અત્યંત ખર્ચાળ બાબત છે. આ ઉપરાંત પ્રાથમિક શિક્ષણમાં વાલીની ગરીબાઈ પણ એક મોટું અવરોધક બળ બની રહે છે.

આપણા દેશમાં નાણાંકીય સમસ્યાને લીધે સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના લક્ષ્યાંકોની સિદ્ધિ દૂર ને દૂર ધકેલાતી જાય છે. સ્વતંત્રતાને આટલાં બધાં વર્ષો વીત્યાં છતાં શિક્ષણનું ફરજિયાત સાર્વત્રિકરણ થઈ શક્યું નથી અને ક્યારે થશે તે ચોક્કસપણે કહી શકાય તેમ પણ નથી.

જેવાં મૂલ્યો કેળવાય તે પણ અનિવાર્ય છે. શિક્ષક એ વિદ્યાર્થી માટે પિતૃત્વ અને માતૃત્વનું સંગમતીર્થ છે. તેના સત્યના આગ્રહી બન્યા પછી જ વિદ્યાર્થીઓ સત્યના આગ્રહી બનશે. તેનામાં સ્વ પ્રત્યેની નિષ્ઠા હોવી જરૂરી છે. પોતાના વ્યવસાય માટેનો આદર અને શ્રદ્ધા હોવાં જરૂરી છે. હક્કો માટેની જાગુતિ અને ફરજપાલનની જવાબદારીની સભાનતા તેનામાં હોય તે પણ અનિવાર્ય છે. તે આદર્શોનું મૂર્તિમંત સ્વરૂપ હશે. તે સ્વમતનો આગ્રહી નહીં હોય. સત્યદર્શન માટેની ઉત્કંઠા, સત્યપાલન માટેનો આગ્રહ તેનામાં હશે. તે પોતાના મતો કે મંતવ્યોનું વિદ્યાર્થીઓમાં ગેરવાજબીપણે આરોપણ કરવાનો વિરોધી હશે. આનો ‘‘ભદ્રાં ક્રતવો યન્તુ વિશ્વતઃ’’ એ તેનો પ્રેરણામંત્ર હશે. આથી, તે મુક્ત માનસનો હિમાયતી હશે. તે સહાનુભૂતિશીલ અને સમર્પણશીલ હશે. તે વિશ્વશાંતિનો ચાહક અને માનવતાનો ઉપાસક હશે. તેનો ધર્મ એ માનવધમં હશે. ‘‘સ્વધર્મે નિધન શ્રેયઃ’ એ તેનો જીવનમંત્ર હશે. આમ, શિક્ષણ એ તેનો ધર્મ હશે, વિદ્યાર્થી તેનો આરાધ્યદેવ હશે અને માનવતા તેની ઉપાસના હશે.

**(14) નિરક્ષરતા નિવારણની આવશ્યકતા**

ઉત્તર : નિરક્ષરતા નિવારણની આવશ્યક્તા નીચે મુજબ છે.

(1) નિરક્ષર વ્યક્તિ એની આસપાસનાં માણસો, પક્ષીઓ બધાંને ઓળખી શકે છે, પરંતુ કાગળ પર લખેલું વાંચી શક્તી નથી. તે અંધ હોય તેવો અનુભવ કરે છે. લખેલું વાંચવા માટે તે લાચાર બની જાય છે.

(2) નિરક્ષર વ્યક્તિ લખેલું વાંચી નહિ શકવાથી તે અન્ય વ્યક્તિઓ સાથે સરળતાથી આદાનપ્રદાન કરી શક્તી નથી. દૂરની વ્યક્તિઓને પોતાના સંદેશાઓ કે ટપાલો લખીને મોક્લી શકતી નથી. તેને બીજા પર આધાર રાખવો પડે છે.

(3) નિરક્ષર વ્યક્તિ પુસ્તકો કે સામયિકોનું લખાણ વાંચી શક્તી નથી. અખબારોનું કે વર્તમાનપત્રોનું વાંચન કરી શક્તી નથી. તેથી તે કેટલીક્વાર વિશ્વના કે રાષ્ટ્રના સામાન્ય બનાવો કે પ્રવર્તમાન પ્રવાહોથી સામાન્‍ રીતે વાકેફ રહી શકતી નથી.

(4) નિરક્ષર વ્યક્તિ પુસ્તકોનું વાંચન કરી શક્તી નથી. તેથી તે પુસ્તકવાંચનનો લાભ કે આનંદ મેળવી શકતી નથી. તે વિશ્વના જ્ઞાનભંડારથી વંચિત રહી જાય છે. પુસ્તકો એ જ્ઞાનના કર્તા છે, જ્ઞાનના ખજાનાની ચાવી છે. નિરક્ષર માણસો તેનાથી વંચિત રહી જાય છે.

(5) પુસ્તકોના વાંચનથી સમયનો સદુપયોગ કરી શકાય છે. નિરક્ષર વ્યક્તિ સમયનો સદુપયોગ કરી શકતી નથી.

(6) નિરક્ષર વ્યક્તિ અન્ય સાક્ષર વ્યક્તિઓની તુલનામાં લઘુતાગ્રંથિ અનુભવે છે. તે લઘુતાગ્રંથિનો ભોગ બને છે.

(7) નિરક્ષર વ્યક્તિને સમાજમાં ઘણી બાબતોમાં છેતરાવાનો ભય રહે છે. તે સારી રીતે પોતાના હિસાબો લખી શકતી નથી, ગણતરી બરાબત કરી શક્તી નથી. આથી તે ઘણીવાર છેતરાઈ જાય છે.

(8) સમાજના અન્ય વ્યક્તિઓના સંપર્ક અને આદાન-પ્રદાન સાક્ષર વ્યક્તિઓ જેટલી સરળતાથી કરી શકે છે, નિરક્ષર વ્યક્તિઓ એટલી સરળતાથી કરી શક્તી નથી.

(9) નિરક્ષર વ્યક્તિઓની પાસે આરોગ્ય સાચવવાનું જ્ઞાન પણ હોતું નથી. પરિણામે તેઓ ઘણીવાર રોગોનો ભોગ બને છે. સ્વચ્છતા, સુઘડતા વગેરેનું મહત્ત્વ જલદી સમજી શકતી નથી.

(10) નિરક્ષર વ્યક્તિઓ સામે સમાજના મોટા વર્ગને - ખાસ કરીને સાક્ષરતાને વરેલાં લોકો પૂર્વગ્રહોથી જુએ છે. તેથી સમાજમાં તે પૂર્વગ્રહોનો ભોગ બને છે.

(11) નિરક્ષર વ્યક્તિઓ સાક્ષરતાયુક્ત ન હોવાથી તેમને સારી નોકરીઓ, સારા વ્યવસાયો પ્રાપ્ત થઈ શકતાં નથી. તેઓને બીજાની મજૂરી કરવી પડે છે. યોગ્ય પ્રમાણમાં આજીવિકા પ્રાપ્ત થતી નથી. આથી તેઓ ગરીબીનો ભોગ પણ બને છે.

(12) નિરક્ષરતાથી વ્યક્તિને સમાજમાં યોગ્ય માન-સન્માન પ્રાપ્ત થતાં નથી. આથી તેમનો આર્થિક અને સામાજિક મોભો નીચે ઊતરે છે.

(13) તેઓ આર્થિક રીતે કેટલીકવાર સંપન્ન ન હોવાથી તેમનાં પરિવાર કે બાળકોના વિકાસમાં પણ જોઈએ તેવું યોગદાન આપી શક્તી નથી. તેમનું જીવનધોરણ કેટલીક્વાર નીચે ઊતરે છે.

(14) નિરક્ષર વ્યક્તિ કદાચ આર્થિક રીતે સંપન્ન હોય તો પણ તે સાક્ષર વ્યક્તિઓની જેમ દષ્ટિ વિશાળ ન બનતાં નાણાંનો સદુપયોગ કરી શક્તી નથી. નાણાંનો દુર્વ્યય થતો અટકાવવા અને સુખી જીવન જીવવા માટે સાક્ષરતા - શિક્ષણ જરૂરી છે.

(15) સાક્ષરતા - શિક્ષણ એ લોકશાહીનો પ્રાણવાયુ છે. ભણેલાં કે શિક્ષણ પામેલાં લોકશાહીના આધારસ્તંભો છે. તે લોકશાહીનું મૂલ્ય જાણી - પિછાણી શકે છે. લોકશાહીમાં વ્યક્તિના અધિકારો અને ફરજો પ્રત્યે જાગૃત રહો શકે છે. ભણેલી વ્યક્તિને -સાક્ષરતા પામેલી વ્યક્તિને લોકશાહીમાં મતાધિકારનું મૂલ્ય સમજાય છે. નિરક્ષરતા એ મોટો અભિશાપ છે. નિરક્ષર લોકો મતાધિકારનું પૂરતું મૂલ્ય સમજતા નથી. તેથી રાષ્ટ્રના લોકશાહી વિકાસતંત્રમાં ભાગીદાર બની શકતાં નથી.

(16) વિકાસની યોજનાઓ કેવી હોય, કેવા પ્રકારના વ્યાવસાયો કરી શકાય, તે કેવી રીતે કરી શકાય, કોની મદદ અને માર્ગદર્શન મેળવી રાઝાય. આ બધું નિરક્ષરો સમજી શકતાં નથી.

તેઓ રાષ્ટ્રની વિવિધ યોજનાઓનો લાભ લઈ શકતાં નથી. આથી તેઓ રાષ્ટ્રના વિકાસમાં ભાગીદાર બની શકતાં નથી.

(17) આપણા દેશનો સૌથી મોટો પ્રશ્ન વસ્તીવધારાનો છે. એવું પ્રતિપાદિત થયું છે કે વસ્તી વધારાને અને નિરક્ષરતાને સીધો સંબંધ છે. શિક્ષિત સમાજ પોતાની મર્યાદાઓ અને ફરજ સમજે છે, જ્યારે નિરક્ષર સમાજ વસ્તીવધારાનાં જોખમો પ્રત્યે સંપૂર્ણ દુર્લક્ષ સેવી રહ્યો છે. નિરક્ષર સમાજને સાક્ષર બનાવી વસ્તીવધારાના અજગરને નાથવો જરૂરી છે. તેથી વસ્તીવધારાની મોટી સમસ્યાનો સામનો કરવા માટે અને નાના પરિવારમાં સુખી સમાજની રચના માટે નિરક્ષરતાનિવારણ અત્યંત જરૂરી છે.

(18) નિરક્ષરતા નિવારણથી વ્યક્તિ જ્ઞાન પ્રાપ્ત કરી તેનો જીવનમાં સદુપયોગ કરે. જ્ઞાનના ઉપયોગથી સ્વાવલંબી અને આત્મનિર્ભર બને. વ્યક્તિમાં સારા - નરસાનો વિવેક પેદા થાય, તે કુરિવાજો, અંધશ્રદ્ધા અને વહેમોને તિલાંજલિ આપે, જીવનમાં યોગ્ય વૈજ્ઞાનિક સમજ અને વૈજ્ઞાનિક વલણો વિકસાવીને નિરોગી અને નિરામય જીવન જીવી શકે, સાથે સાથે યોગ્ય વ્યવસાય દ્વારા જીવિકોપાર્જન મેળવી પોતાનું જીવનધોરણ અને જીવનશૈલીમાં સુધારો લાવે. લોકશાહીના એક નાગરિક તરીકે અધિકારોનું જતન કરી, ફરજોનું પાલન કરે. આમ થાય તો રાષ્ટ્રની માનવસંપત્તિના યોગ્ય વિકાસ દ્વારા રાષ્ટ્રનો આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને નૈતિક કે આધ્યાત્મિક વિકાસ શક્ય બને.

## ૧૫. નિરક્ષરતા નિવારણ ક્યારે થયું ગણાય ?

કોઈપણ વ્યક્તિને નીચે મુજબ વાંચતાં-લખતાં કે ગણતાં આવડે ત્યારે નિરક્ષરતા દૂર થઈ ગણાય.

(1) વ્યક્તિ મનગમતાં વિષયના લખાણને એક મિનિટમાં 30 શબ્દોની ઝડપથી બોલીને વાંચી શકે.

(2) સરળ ભાષામાં લખાયેલાં ફકરાને એક મિનિટના 35 શબ્દોની ઝડપથી વાંચી શકે.

(3) રસ્તાનાં નામો, જાહેરાતનું લખાણ, સાદી સૂચનાઓ તથા નવશિક્ષિતો માટેના સમાચારો જેવી બાબતોનું વાંચન કરી શકે.

(4) પોતાના અંગત કામકાજ માટેના સરળ પત્રો કે ચિઠ્ઠીઓ કે લખાણો વાંચી શકે.

**લેખન :**

(1) વ્યક્તિ જ્યારે એક મિનિટના 7 શબ્દોની ઝડપથી બીજાના લખાણની નકલ કરી શકે.

(2) કોઈ સરળ લખાણ લખાવે, તો વ્યક્તિ જાતે એક મિનિટના 5 શબ્દો ઝડપથી લખી શકે.

(3) વ્યક્તિ પોતે સીધી લીટીમાં અને બે શબ્દો વચ્ચે જરૂરી જગા રાખીને લખી શકે.

(4) પોતાના રોજબરોજના ઉપયોગના પત્રો, અરજીઓ અને નાનકડી ચિઠ્ઠીઓ લખી શકે.

**ગણન :**

(1) વ્યક્તિ જાતે 1 થી 100 સુધીના આંક વાંચી અને લખી શકે.

(2) વ્યક્તિ જાતે ત્રણ આંકડાવાળા સાદા સરવાળા, બાદબાકી કરી શકે.

(3) વ્યક્તિ જાતે બે આંકડાના ગુણાકાર-ભાગાકાર કરી શકે.

(4) વ્યક્તિ જાતે તોલમાપનાં કાટલાં ઓળખી અને વાપરી શકે, લંબાઈ – પહોળાઈ માપી શકે. રૂપિયાની નોટ કે સિક્કા તથા પૈસાના સિક્કા ઓળખી શકે.

(5) વ્યક્તિને જમીનનું માપ લેતાં તથા ઘડિયાળ જોતાં આવડે.

વાંચન, લેખન અને ગણનમાં આટલી સિદ્ધિઓ જો પ્રાપ્ત થાય તો વ્યક્તિ નિરક્ષરતામાંથી મુક્ત થઈ છે અથવા વ્યક્તિનું નિરક્ષરતા નિવારણ થયું છે તેમ કહી શકાય.

## ૧૬. નિરક્ષરતા નિવારણને અવરોધતા પરિબળો :

ઉત્તર : નિરક્ષરતા નિવારણને અવરોધતા પરિબળો જણાવો.

(1) સામાન્ય જનસમૂહમાં કેટલીકવાર ઘણો મોટો જનસમૂહ નિરક્ષર જોવા મળે છે. આવા નિરક્ષર લોકો કેટલાંક વ્યવસાયો હસ્તગત કરીને કે ખેતીવાડી, ઢોરઉછેર દ્વારા જીવનનિર્વાહ ચલાવે છે. આથી ભણીને શું કામ છે ? એવી વ્યાપક માન્યતાં તેમનામાં ઘર કરી ગયેલી હોય છે.

(2) પુરૂષો સામાન્ય રીતે પોતાના વ્યવસાયમાં કે પ્રવૃત્તિમાં વ્યસ્ત હોય છે. તેમને નિરક્ષરતા દૂર કરવાનું ગમે પણ વ્યસ્તતાને લીધે તેઓ સમય ફાળવી શકતાં નથી.

(3) નિરક્ષરતામાં પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ ઊંચું હોય છે. સ્ત્રીઓ ઘરકામ કરે છે, રસોઈ બનાવે છે, ઢોરઉછેર અને ખેતીવાડીમાં ધ્યાન આપતી હોય છે. તેમને ભણવું - અક્ષરજ્ઞાન મેળવવું જરૂરી લાગતું નથી.

(4) કેટલીકવાર મોટી ઉંમરનાં સ્ત્રીપુરુષોને અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરવામાં શરમ અને સંકોચનો અનુભવ થાય છે.

(5) પરંપરાગત માન્યતા અનુસાર છોકરીને ભણાવીને શું કામ છે ? આવી ભ્રામક માન્યતાને લીધે છોકરીઓને કાં તો શિક્ષણ આપતા નથી અથવા અધવચ્ચેથી અભ્યાસ છોડી દે છે. દીકરી તો પારકી થાપણ, ચૂલો ફૂંક્વો અને બાળકો સાચવવાનું જ એમનું કામ છે એ વિચારથી ભણાવતાં નથી.

(6) સમાજમાં કેટલાંક એવા સાક્ષરો અને એવાં સ્થાપિત હિતો હોય છે કે જે અમુક ખાસ જાતિઓને કે માણસોની પાસે મજૂરી કરાવે- છે, તેમનું શોષણ કરે છે, તેમને ગેરમાર્ગે દોરીને અક્ષરજ્ઞાન આપતાં નથી.

(7) કેટલીકવાર માતા-પિતાની અત્યંત ગરીબ હાલત નાનાં બાળકોને નાનપણથી જ મજૂરી કરવા પ્રેરે છે. આવાં બાળકો પાસે કામ કરાવીને તેમની આર્થિક સ્થિતિ સુધારવાની કોશિશ કરે છે. આવી બાળમજૂરી પણ નિરક્ષરતા — નિવારણમાં અવરોધરૂપ બને છે.

(8) આ માટે સાક્ષરતા અભિયાનના કાર્યક્રમો યોજવા પડે. આ કાર્યક્રમમાં જેઓ સામેલ છે એટલે કે જે લોકો નિરક્ષર છે તેમને સાક્ષર બનાવવા. બીજો વર્ગ નિરક્ષર લોકોને સાક્ષર બનાવવાના કાર્યક્રમમાં જોડાઈ શકે તેવો સાક્ષર વર્ગ છે કે જેમણે નિરક્ષરોને સાક્ષરતા અભિયાનમાં સામેલ કરવાના છે.

પરંતુ, નિરક્ષરતા નિવારણ માટે નિરક્ષર લોકોમાં જાગુતિ નથી અને સાક્ષર વર્ગ આ નિરક્ષર વર્ગ તરફની પોતાની ફરજોની ઉપેક્ષા કરે છે. નિરક્ષરોની નિરક્ષરતા દૂર કરવા માટે પોતાના પડોશી નિરક્ષરોને અથવા પોતાના વિસ્તારના નિરક્ષરોને ભણાવવાં જોઈએ તેવી જાગૃતિ પણ ભણેલાં લોકોમાં હજી સુધી આવી નથી. તેઓ આવી જનસેવા દ્વારા દેશસેવા કરવા તૈયાર નથી. આથી રાષ્ટ્રની નિરક્ષરતા ઝડપથી નાબૂદ થતી નથી.

(9) અવિરત વસતીવધારો પણ નિરક્ષરતા નિવારણમાં અવરોધક નીવડે છે. વસતીવધારા માટે આપણી સામાજિક અને ધાર્મિક માન્યતાઓ પણ જવાબદાર છે. વસ્તી વધારાને લીધે શિક્ષણની સુવિધાઓ ઓછી થતી જાય, નિરક્ષરોની સંખ્યા વધતી જાય, પરિવારની આર્થિક સ્થિતિ કંગાળ થતી જાય આથી બાળકો શાળામાં જઈ શકે નહિ, કમાણીમાં જોડાવું પડે. વધારો અને નિરક્ષરતા એક જ સિક્કાની બે બાજુઓ છે. નિરક્ષરતાને લીધે વસ્તી વધે છે, વસતીવધારાને લીધે નિરક્ષરતામાં વૃદ્ધિ થાય છે.

**(2) સરકારી તંત્ર :**

નિરક્ષરતા નિવારણ માટે સાક્ષરતા અભિયાન ચલાવવું પડે. લોકશાહીમાં શિક્ષણ એ વ્યક્તિનો જન્મસિદ્ધ અધિકાર છે. નિરક્ષરતા નિવારણ માટે સરકારી વહીવટતંત્ર અને જનસમુદાયની ભાગીદારી હોવી જરૂરી છે. પરંતુ,

(1) નિરક્ષરતા નિવારણ માટે સરકારીતંત્ર કે વહીવટી તંત્રમાં ખાસ કાર્યક્રમો અને તેમના અમલીકરણની યોજનાઓ હોય છે. સરકારી તંત્રે ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવવી જોઈએ. જિલ્લાના કલેક્ટરથી માંડીને ગ્રામસેવક, તલાટી વગેરેની જવાબદારી હોય છે. કેટલીકવાર આ અધિકારીઓ સ્વેચ્છાએ નિષ્ઠાપૂર્વક કામ કરતા નથી. "કરવા ખાતર કામ' કરે છે. તેમનામાં પ્રતિબદ્ધતાનો અભાવ જોવા મળે છે. શિક્ષણ ખાતું પણ નિરક્ષરતા નિવારણ માટે ઉપેક્ષા સેવતું હોય તેવું કેટલીકવાર જોવા મળે છે.

(2) આ ઉપરાંત આ કાયંક્રમમાં સંલગ્ન એવા નિષ્ઠાવાન અધિકારીઓની બદલીઓ વારંવાર થતી હોય છે. આથી આવા કાર્યક્રમમાં ઝડપ આવતી નથી.

(3) નિરક્ષરતા નિવારણ માટે – સાક્ષરતા અભિયાનને સમજીને કાર્યક્રમો સફળ રીતે પ્રયોજી શકે તે માટે સરકારી અધિકારીઓને તાલી તાલીમનો પણ અભાવ જોવા મળે છે.

(3) સાક્ષરતા સાહિત્ય : સાક્ષરતા અભિયાનના કાર્યક્રમમાં ત્રીજું અવરોધક પરિબળ તેમના માટેનું સાહિત્ય છે.

(1) નિરક્ષર લોકોમાં કેટલાંક પરિપક્વ ઉમરના, જીવનના વ્યવસાયમાં જોડાયેલા લોકો હોય છે. આ લોકો પાસે અનુભવ, ભાષાનું ભંડોળ, મૌખિક અભિવ્યક્તિની આવડત હોય છે. તેથી આવા લોકો માટે તેમને સાક્ષર બનાવવા માટે તેમની કક્ષાને વયને ધ્યાનમાં રાખી નિરક્ષરતા દૂર કરવાનું સાહિત્ય રચવું જોઈએ. આમ તો કેન્દ્ર સરકારે આવું સાહિત્ય પ્રાદેશિક ભાષાઓમાં તૈયાર કરવાનું જણાવ્યું છે. રાજ્ય સરકારો આ દિશામાં પ્રયત્નશીલ છે, છતાં જોઈએ તેવું સાહિત્ય સર્જાયું નથી.

(2) જે તે પ્રાદેશિક ભાષામાં વિવિધ બોલીઓ હોય છે. રાજ્ય સરકારે આવું સાહિત્ય તૈયાર કરવામાં જે તે વિસ્તારની, જે તે લોકોની બોલીઓ, શબ્દભંડોળનો, સંસ્કૃતિનો ખ્યાલ રાખી સાહિત્ય સર્જવું જોઈએ. માત્ર શિષ્ટ ભાષામાં જ સાહિત્ય સર્જાય તો કેટલાંક પ્રાદેશિક વિસ્તારોના જનસમુદાયને તે અનુકૂળ આવતું નથી, તેથી તેઓ તેની ઉપેક્ષા કરે છે.

**સારાંશ :**

- નિરક્ષરતા એ બહુ મોટી સમસ્યા છે. નિરક્ષરતાએ અનેક સામાજિક આર્થિક દુષણોને જન્મ આપ્યો છે. નિરક્ષરતાને કારણે માનવીનો જોઈએ તેવો વિકાસ થતો નથી. વિજ્ઞાન અને સ્વાસ્થ્યના નિયમોથી અપરિચિત અને અજ્ઞાની બને છે, પરિણામે અંધવિશ્વાસ અને રૂઢીવાદીતાનો જન્મ થાય છે.
- શેઠ, શાહુકારના શોષણનો ભોગ બને છે. નિરક્ષર માનવી પશુ સમાન છે. શિક્ષણ દ્વારા જ સભ્યતા ને સંસ્કૃતિનો વિકાસ અને સમાજની પ્રગતિ થાય છે. જો માનવીએ પોતાનો સર્વાંગી વિકાસ કરવો હોય અને જીવન સત્ર ઊંચું લાવવું હોય તો શિક્ષણ અનિવાર્ય છે.
- પ્રત્યેક સમાજ સાક્ષરતાના મહત્ત્વને સમજે છે. ઘણો ભાગે વિકસિત દેશોમાં સાક્ષરતાનું પ્રમાણ ઊંચું હોય છે. જ્યારેભારત અને અન્ય વિકાસશીલ દેશોમાં અને અર્ધવિકસિત દેશોમાં સાક્ષરતાનું પ્રમાણ નીચું છે. આઝાદી પૂર્વે ભારતના વિકાસમાં નિરક્ષરતા બાધક બની હતી. આઝાદી પછી ધીમે ધીમે શિક્ષણનો પ્રચાર અને પ્રસાર થતા નિરક્ષરતાનું પ્રમાણ ઘટ્યું છે. પરંતુ હજુ સંપૂર્ણ સો ટકા સાક્ષરતા સિદ્ધ થઇ નથી.
- નિરક્ષરતાના કારણો જાનને તે અન્તેના ઉપાયો હાથ ધરવા જોઈએ. અમુક સમયના અંતરે તેનું મૂલ્યાંકન થતું રહેવું જોઈએ, તો જ સુધારો લાવી શકાય.

**(18) એકમ સ્વાધ્યાય : (Unit Exercises)**

(1) નિરક્ષરતાનો અર્થ જણાવો.

(2) નિરક્ષર વ્યક્તિની લાક્ષણિકતાઓ જણાવો.

(3) નિરક્ષરતાના કારણો જણાવો.

(4) નિરક્ષરતાની અસરો જણાવો.

(5) નિરક્ષરતા નિવારણના ઉપાયો જણાવો.

(6) નિરક્ષરતા નિવારણના કાર્યક્રમો જણાવો.

(7) સાક્ષરતા વધારવાના ઉપયો જણાવો.

(8) મહિલા સામર્થ્ય કાર્યક્રમ જણાવો.

(9) નિરક્ષરતા નિવારણની આવશ્યકતા જણાવો.

(10) નિરક્ષરતા નિવારણ ક્યારે થયું ગણાય ?

(11) નિરક્ષરતા નિવારણને અવરોધતા પરિબળો જણાવો.

**(19) તમારી પ્રગતિ ચકાસો.**

**તમારો ઉત્તર આપેલ જવાબમાં લખો.**

(1) નિરક્ષરતાનો અર્થ જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(2) નિરક્ષર વ્યક્તિની લાક્ષણિકતાઓ જણાવો. (કોઈપણ બે)

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(3) નિરક્ષરતાના કોઈપણ બે કારણો જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(4) નિરક્ષરતા નિવારવાના કોઈ પણ બે ઉપાયો જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

..........................................................................

..........................................................................

(5) નિરક્ષરતા નિવારણના કોઈ પણ બે કાર્યક્રમ જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(6) સાક્ષરતા વધારવાના કોઈ પણ બે ઉપાયો જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(7) નિરક્ષરતા નિવારણની કોઈ પણ બે આવશ્યકતા જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(8) નિરક્ષરતા નિવારણ ક્યારે થયું ગણાય ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(9) નિરક્ષરતા નિવારણને અવરોધતા કોઈપણ બે પરિબળો જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## (20) સૂચિત વાંચન સામગ્રી (Suggest Readings)

(1) દવે હર્ષિદા એચ :સામાજિક સમસ્યાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(2) રાવલ નટુભાઈ વિ. : વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષક, નીરવ પ્રકાશન, અમદાવાદ.

(3) ભારતીય સમાજમાં સ્ત્રીઓની સમસ્યાઓ અને ઉપાયો (Problems and Solutions of Women in Indian Society)

## એકમ 6 ભારતીય સમાજમા સ્ત્રીઓની સમસ્યાઓ અને ઉપાયો

### : રૂપરેખા :

**(1) પ્રસ્તાવના**

**(2) ભારતીય સમાજમાં સ્ત્રી શિક્ષણ**

**(3) સ્ત્રી શિક્ષણનું મહત્ત્વ**

**(4) ભારતીય સમાજમાં સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ**

**(5) સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો**

**(6) ભારતીય સમાજમાં સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ**

**(7) ભારતીય સમાજમાં સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો**

**(8) ભારતીય સમાજમાં સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ**

**(9) ભારતીય સમાજમાં સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો.**

**(10) સ્ત્રીઓની સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો**

**(11) સારાંશ**

**(12) એકમ સ્વાધ્યાય**

**(13) તમારી પ્રગતિ ચકાસો**

**(14) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**(15) સૂચિત વાંચન સામગ્રી**

**ઉદ્દેશો :**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

(1) ભારતીય સમાજમાં સ્ત્રી શિક્ષણનું મહત્ત્વ સમજી શકશો.

(2) ભારતીય સમાજમાં સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ સમજી શકશો.

(3) સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો સમજી શકશો.

(4) ભારતીય સમાજમાં સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ સમજી શકશો.

(5) ભારતીય સમાજમાં સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો સમજી શકશો.

(6) ભારતીય સમાજમાં સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ સમજી શકશો.

(7) ભારતીય સમાજમાં સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો સમજી શકશો.

(8) સ્ત્રીઓની સમસ્યા દૂર કરવાના ઉપાયો સમજી શકશો.

### (1) પ્રસ્તાવના :

- ભારતે તેના બંધારણમાં સ્ત્રી કે પુરુષ લિંગભેદ વિના દરેકને મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ મળે એ આદર્શ સ્વીકાર્યો છે. આથી ફરજીયાત ઉંમરમાં આવતી દરેક કન્યા શિક્ષણ મેળવે જ એ જરૂરી છે. આપણા દેશમાં પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવામાં કન્યા કેળવણીની સમસ્યા દેશ માટે અતિ મહત્ત્વની સમસ્યા બની છે, કારણ કે દેશના ઘણા ભાગોમાં કન્યાઓને શાળાઓમાં મૂકવામાં આવતી જ નથી, તેઓનો શાળા પ્રવેશ ઇચ્છનીય ગણાતો નથી.

- આઝાદીની ચળવળથી દેશમાં આવેલી લોકજાગૃતિને લીધે કન્યા-કેળવણી તરફ ઝોક વધ્યો. કન્યા કેળવણી ક્ષેત્રે સક્રિય પ્રયત્નો પણ થયા, પરંતુ વિવિધ અવરોધોને કારણે કન્યા કેળવણીને જોઈએ તેટલો પ્રતિસાદ સાંપડ્યો નથી. પ્રાથમિક શિક્ષણને ફરજીયાત અને સાર્વત્રિક બનાવતા કન્યાઓના શિક્ષણનો પ્રશ્ન કેવી રીતે હલ કરવો એ એક વિકટ સમસ્યા બની રહી છે. આ કરવાને લીધે જ સ્ત્રી-શિક્ષણ પરની રાષ્ટ્રીય કમિટીએ સાર્વત્રીક પ્રાથમિક શિક્ષણના પ્રશ્નને છોકરીઓ માટે સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના પ્રશ્ન તરીકે ઓળખાવ્યો હતો.
- કન્યા કેળવણી માટે આઝાદી પછી સક્રિય પ્રયત્નો થયાં છે છતાં ભારતના રાજ્યોમાં કન્યા કેળવણીની સ્થિતિ એકસરખી નથી, ભારત ગામડાનો બનેલો દેશ છે. શહેરોના પ્રમાણમાં ગ્રામ પ્રદેશોમાં કન્યા-કેળવણી માટે ઓછી જાગૃતિ છે. સ્ત્રીશિક્ષણ માટે તેઓમાં એક પ્રકારની સૂગ છે. આને કારણે કન્યા કેળવણી ઝડપી બની નથી.
- પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ ન મેળવનાર કન્યા નિરપેક્ષ રહે છે. પ્રાથમિક શિક્ષણ પણ ન મેળવ્યું હોય તો માધ્યમિક શિક્ષણમાં પ્રવેશ ન મેળવી શકે તે બાબત નકારી ન શકાય તેવી બાબત છે. પ્રાથમિક શિક્ષણ વંચિત કન્યા માધ્યમિક શિક્ષણ સુધી પહોંચી શકતી નથી.
- પ્રાથમિક શિક્ષણ વંચિત કન્યા ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચી શકતી નથી.
- પ્રાથમિક શિક્ષણ ન મેળવનાર કન્યા મોટી ઉંમર સુધી શિક્ષણ ન મેળવવાને કારણે ઘણી બધી સમસ્યાઓનો સામનો કરવો પડે છે.
- કન્યા કેળવણી માટે સમસ્યાઓ, તેને દૂર કરવાના ઉપાયો વિષે માહિતી મેળવવા પ્રયત્ન કરીએ.
- કન્યા માટે આપણે સ્ત્રી શબ્દ વાપરીએ તો અયોગ્ય નહીં ગણાય,

**સ્ત્રી સમસ્યાનો અર્થ :**

- વેદકાલીન ભારતીય સમાજમાં સ્ત્રીઓ સમાન સ્થાન અને ગૌરવ ભોગવતી હતી. વિદેશીઓના આક્રમણ બાદ સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતાની શરૂઆત થઇ. પશ્ચિમ સંસ્કૃતિનું અનુકરણ થયા બાદ પુરુષો જે આધિપત્ય ભોગવે છે તે સ્ત્રીઓને મળતું નથી. સ્ત્રીઓના જીવન સંબંધી પરિસ્થિતિ લોકોનું ધ્યાન ખેંચે
- ટેકનોલોજી અને વિજ્ઞાનની હરણફાળને કારણે સમાજે તમામ ક્ષેત્રે પ્રગતિ કરી છે, પરંતુ સ્ત્રીની બાબતમાં પીછેહઠ કરી છે. બંધારણે સ્ત્રી-પુરુષના સમાન હક અને અધિકારો આપ્યાં છે. પ્રાથમિક શિક્ષણ મફત, ફરજીયાત અને સાર્વજનિક છે, પરંતુ તેનો વ્યાવહારિક અમલ થતો નથી.
- સ્ત્રી-પુરુષ સમાનતા જોવા મળતી નથી. અભ્યાસમાં પણ સ્ત્રી-પુરુષ વચ્ચે અસમાનતા જોવા મળે છે. વાસ્તવિક જીવનમાં સ્ત્રીઓને અનેક અસમાનતાઓ અને અન્યાયોનો ભોગ બનવું પડે છે.
- આપણી સંસ્કૃતિમાં જોવા મળતી કેટલીક પ્રથાઓ પણ આને માટે જવાબદાર છે. જે પીછે પુરુષો અને વડીલોની સર્વોપરી સત્તા, સંયુક્ત કુટુંબ પ્રથાને કારણે ઊભી થતી સમસ્યાઓ, બાળ લગ્નો, શિક્ષણનો અભાવ, બંધનકર્તા, રિતરસમોની વિપરીત અસર સ્ત્રીઓની જીવન પર પડતી હોય છે.
- માનવ એક સામાજિક પ્રાણી છે. સમાજમાં રહે છે. તે સમાજમાં જન્મે છે. સમાજમાં રહી માનવીનો વિકાસ થતો જેવા મળે છે અને સમાજમાં મૃત્યુ પામે છે. વર્તમાન સમયમાં માણસ જે સમાજમાં જીવી રહ્યો છે, તે સમાજમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરવા સતત પ્રયત્ન કરી રહ્યો છે.
- સમાજમાં જાતિ-જ્ઞાતિના ભેદભાવો ઉપર ઉપરથી દૂર થતા હોય તેમ છે, પરંતુ આંતરિક રીતે ભેદભાવો રખાતા હોય છે.

- આપણે જોઇ શકીએ છીએ કે ઘણાં લાંબા સમયથી મહિલાઓને 33% પ્રતિનિધિત્વ આપવાનો ખરડો પસાર થઇ શકતોં નથી. ખરેખર 50% પ્રતિનિધિત્વ આપવાનું હોય કારણ કે સ્ત્રી પુરુષ એક રથના બે પૈડા સમાન છે, છતાં સમાજમાં બંને વચ્ચે ભેદભાવ રખાય છે.
- આજે જોઇએ તો સ્ત્રીઓનું શોષણ થાય છે, તેવી જ રીતે અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકો પ્રત્યે સરકારે ઘણી જ યોજનાઓ અમલમાં મૂકી છે, છતાં છેવાડાના ગામડાંમાં હજુ અસ્પૃશ્યતાની સમસ્યા છે. જેનો સુધરેલા સ્થળોએ આંતરિક ભેદભાવો જોવા મળે છે. આમ ભારતીય સમાજમાં અનેક સમસ્યાઓ જેવા મળે છે.
- સ્ત્રીની જાતીયતા નિયંત્રણ પર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. કુટુંબની આબરૂ લેતી સ્ત્રીઓના કે ચારિત્ર્ય પર અવલંબે છે.
- સ્ત્રીઓને અંકુશમાં રાખવા પર ભાર અપાયો છે. સ્ત્રી-પુરુષના કાર્ય વિભાજનમાં સ્ત્રીનું કાર્યક્ષેત્ર ઘરની ગૃહિણી, માતા પત્ની તરીકેની કામગીરીઓમાં સમાપ્ત થઇ જાય છે
- જયારે પુરુષનું કાર્યતંત્ર ઘરબહારના સર્વ સમાજકારણ, રાજકારણ, અર્થકારણ અને જાહેરક્ષેત્રોમાં વ્યાપે છે. જ્ઞાતિ અને ધર્મ વ્યવસ્થા પણ તેના પર ભાર મૂકે છે. આમ સ્ત્રીપુરુષમાં સમાનતાની વાતો કરવા છતાં સ્ત્રીનો દરજ્જો હંમેશા નિમ્ન રહેવા પામ્યો છે.

## 2. ભારતીય સમાજમાં સ્ત્રી શિક્ષણ :

- પ્રાચીન ભારતમાં સ્ત્રી શિક્ષણને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું, વેદકાલીન અને ઉપનિષદકાળમાં કેટલીક ભરેલી સ્ત્રીઓનાં ઉદાહરણ જેવા મળે છે.મુસ્લિમ શાસનકાળ દરમિયાન પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યુ અને સ્ત્રીઓનો દરજ્જો નીચે ઉતરતો ગયો.
- સ્ત્રીઓના શિક્ષણ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હતો. ઓગણીસમી અને વીસમી સદીમાં સ્ત્રીઓની સ્થિતિમાં સુધારણા થઇ.
- ઇ.સ. 1982ના શિક્ષણપંચની ભલામણો ભણ મહિલાઓ માટે અલગ શાળાઓની શરૂઆત થઇ. આથી કેટલાંક ખાનગી સંચાલકોએ પણ કન્યા કેળવણીને ઉત્તેજન આપવા માટે કેટલાંક પગલાં ભર્યા. તેમણે કેટલીક શાળા-કૉલેજ શરૂ કરી હતી. આને કારણે સ્ત્રીઓની સમસ્યાઓ ઊભી થાય છે.
- સ્ત્રીઓના જીવન પર અસર કરતી વિપરીત પરિસ્થિતિઓ,
- ધોરણો, મૂલ્યો, માન્યતાઓ, અનિચ્છનીય ગણવામાં આવતી હોય તેમજ તેના નિવારણ માટે સામુહિક પગલાં લેવાના હોય તેવી પરિસ્થિતિને સ્ત્રીઓની સમસ્યાઓ કહેવાય છે.
- સ્ત્રીઓને સમસ્યાઓ એટલે પુરુષની તુલનામાં સ્ત્રીઓ કે નીચા સ્થાન અને દરજ્જાને સૂચિત કરતી સમસ્યાઓ, આવી સમસ્યાઓમાં સ્ત્રીઓનું ઓછુ પ્રમાણ, ભ્રુણ હત્યા, નિરક્ષરતા, અસમાનતા કૌટુંબિક સમસ્યાઓ માટે સાંસ્કૃતિક બાબતો અને ધ્યેયો સામજિક પરિવર્તન, સ્ત્રીનું વ્યક્તિત્વ પણ જવાબદાર હોય છે. આર્થિક પરાધીનતા, નિરક્ષરતા પણ સ્ત્રીની સમસ્યાનું કારણ બને છે. આમ, વિવિધ પરિસ્થિતિઓ સ્ત્રીની સમસ્યા માટે કારણભૂત બને છે.
- **સ્ત્રીઓની વિવિધ સામાજિક સમસ્યાઓ :**

1. દહેજ સમસ્યા
2. વેશ્યા સમસ્યા
3. સ્ત્રીઓની આત્મહત્યા
4. જાતીય સતામણી
5. મહિલાઓની વિરુદ્ધ થતી હિંસાઓ-અત્યાચારો

- અંગ્રેજોના આગમન પછી ભારતીય જીવન અને સંસ્કૃતિ પર અસર જોવા મળી. આમ તો વુડ ખરીતામાં પણ કન્યા કેળવણીમાં વિકાસ માટે અનુદાનની હિમાયત કરવામાં આવી હતી.
- ગાંધીજીના દક્ષિણ આફ્રિકામાંથી સ્વદેશ આગમન પછી તેમના જીવનદર્શનથી અને શિક્ષણ દર્શનની વ્યાપક અસરો જન્મવાથી તેમના રચનાત્મક કાર્યક્રમોને લીધે પણ કન્યા કેળવણીનો ભારતમાં વિકાસ થયો.
- ભારત જેવા લોકશાહી શાસન ધરાવતા દેશમાં કન્યા કેળવણીનું મહત્ત્વ સમજ શકાય તેવું છે. ઈ.સ.1950ની 26મી જાન્યુઆરીએ ભારત પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું છે.
- ભારતના બંધારણ પ્રમાણે ધર્મ, જતિ, લિંગ, વયકક્ષાના ભેદભાવ વગર ભારતમાં જન્મેલી 6 થી 14 વર્ષની વયજૂથના પ્રત્યેક બાળકને પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત આપવાનું નિશ્ચિત થયું છે.
- શિક્ષણના સાર્વત્રિકરણના પ્રયાસો પણ ચાલી રહ્યાં છે. આથી કન્યા કેળવણીને સારું એવું ઉત્તેજન મળી રહ્યું છે. કેન્દ્ર અને રાજય સરકારના પ્રયાસોથી કન્યા કેળવણીમાં વેગ આવ્યો છે. સ્ત્રીઓમાં જાગૃતિ પણ હવે વધતી નય છે. સમાજમાં સ્ત્રી શિક્ષણની જરૂરિયાત માટે પરિવર્તન થયું છે.

## 3. સ્ત્રી શિક્ષણનું મહત્ત્વ :

- કોઇ પણ રાષ્ટ્રના સામાજિક અને સાંસ્કૃતિક વિકાસમાં નારી મહત્ત્વનો ભાગ ભજવે છે. તે પુરુષની અર્ધાંગિની છે. આથી સમગ્ર પરિવારમાં ભાર વહન કરવાની જવાબદારી પરિવારમાં સ્ત્રીની હોય છે. તે પરિવારનું હલનચલન છે તેથી પરિવારમાં ને સ્ત્રી અશિક્ષિત હોય તો તે પરિવારની જવાબદારી બરાબર રીતે વહન કરી શક્તી નથી. આથી પરિવાર સારી રીતે ચલાવવા માટે સ્ત્રી શિક્ષણની જરૂર છે. જે નીચે મુજબની બાબતોથી સ્પષ્ટ થાય છે.

**(1) સમાજના કલ્યાણ માટે :**

સમાજમાં સ્ત્રીનું સ્થાન મહત્ત્વનું ગણવામાં આવે છે. ભારત જેવા દેશામાં સ્ત્રીને શક્તિ સ્વરૂપ ગણવામાં આવી છે, ત્યાં આ શક્તિ જો શિક્ષણ પામ્યા વિના શક્તિહીન બને તો તે પરિવાર અને સમાજનું કલ્યાણ કરી શકતાં નથી. સમાજ અને કુટુંબમાં સ્ત્રી પરિવારમાં વહન કરવાની જવાબદારી તેના શિરે છે.

**(2) બાળકોને સંસ્કાર આપવા :**

સમાજમાં બાળકોને સંસ્કાર આપવાનું કાર્ય સ્ત્રીઓ જ કરતી હોય છે. જે માતા શિક્ષણ પામીને સારા સંસ્કારો પ્રાપ્ત કર્યા હશે તો જ બાળકોને સારા સંસ્કાર આપી શકશે. માતાઓને શિક્ષણ આપવામાં અગ્રતાક્રમ આપો.

**(3) અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવા :**

ભારતીય સમાજમાં અશિક્ષિત સ્ત્રીઓ સમાજના અન્યાય, શોષણ અને અત્યાચારનો ભોગ બને છે. સ્ત્રીઓ ને શિક્ષિત હોય તો જાગૃત બની સમાજના અન્યાય અને શોષણનો વિરોધ કરે છે. સ્ત્રીઓને મળતા અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવા માટે સ્ત્રી શિક્ષણની જરૂર છે.

**(4) વહેમ અને અંધશ્રધ્ધા દૂર કરવા :**

સમાજમાં વહેમ અને અંધશ્રધ્ધાનું પ્રમાણ વધારે છે. શિક્ષણ લેવાથી સ્ત્રીઓ વહેમો, અંધશ્રધ્ધાઓ અને કુરિવાજેનો ભોગ બનતી નથી.

**(5) સ્ત્રી અને પુરૂષ સમાન :**

સમાજમાં સ્ત્રી અને પુરુષ સમાન ગણવામાં આવે છે. સ્ત્રી અને પુરુષ એક રથના બે સમાન પૈડા છે, તેમાંથી એક પૈડું જે અસમાન હોય, અશિક્ષિત હોય તો રથ બરાબર ખેંચી શકાતો નથી. આથી કન્યા કેળવણીની ખાસ જરૂરિયાત છે.

**(6) સન્માન અને આદર આપવાઃ**

જયાં સમાજમાં સ્ત્રીને સન્માન અને આદર આપવામાં આવે છે ત્યાં દેવોનો વાસ હોય છે. સ્ત્રીની નિષ્ઠા અને પ્રતિષ્ઠા એ સમાજનું અવલંબન છે. આથી સ્ત્રીને સન્માન અને આદરની અધિકારિણી બનાવવી હોય તો કન્યાઓને કેળવણી આપવાની તાતી જરૂરિયાત છે.

**(7) અન્યાય અને શોષણનો વિરોધ કરવા :**

- સમાજમાં સ્ત્રીઓનું શોષણ થઇ રહેલ છે. સ્ત્રીઓના શારીરિક શોષણ અને જાતીય શોષણની સમસ્યાઓ જેવી કે વેશ્યા વ્યવસાય અને દેવાદાસી પ્રથા સ્ત્રીઓ સામેના અત્યાચારો થઇ રહેલ છે. સ્ત્રીઓની મારપીટ, આત્મહત્યા, હિંસા વગેરે થાય છે. શિક્ષિત સ્ત્રી હોય તે અન્યાય અને શોષણનો વિરોધ કરી શકે તે માટે સ્ત્રી શિક્ષણની જરૂર છે.
- કોઈપણ રાષ્ટ્રના સામાજિક અને સાંસ્કૃતિક અને સાંસ્કૃતિક ઉત્થાનમાં નારી મહત્ત્વનો ભાગ ભજવે છે. તે પુરુષની સહધર્મચારિણી છે. તે પુરુષની અર્ધાંગિની છે. આથી સમગ્ર પરિવારનો ભાર વહન કરવાની જવાબદારી પરિવારમાં સ્ત્રીની હોય છે. તે પરિવારનું હલનચલન છે તેથી પરિવારમાં જે સ્ત્રી અથવા માતા અશિક્ષિત હોય તો તે પરિવારની જવાબદારી બરાબર વહન કરી શક્તી નથી.
- ભારત જેવા દેશમાં સ્ત્રીને શક્તિ સ્વરૂપ ગણવામાં આવી છે, ત્યાં આ શક્તિ જે શિક્ષણ પામ્યા વિના શક્તિહીન બને તો તે પરિવાર અને સમાજનું કલ્યાણ કરી શકતી નથી.
- નારી જે શિક્ષણ પામેલી હશે તો તે કુટુંબ અને સમાજ તેમજ રાષ્ટ્રને તારે છે. અશિક્ષિત નારી કુટુંબ અને સમાજને કયારેક ડૂબાડે છે.

## 4. ભારતીય સમાજમાં સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ :

ભારતીય સમાજમાં સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ નીચે મુજબ છે.

**(1) બાળ લગ્ન :**

સ્ત્રીઓની અસલમાતીને કારણે દીકરી સાપનો ભારો, આ માન્યતાને કારણે તેના લગ્ન ઘણી નાની ઉંમરે કરવામાં આવે છે. બાળલગ્ન એ નાની ઉંમરે કરવામાં આવે છે. બાળલગ્ન એ સ્ત્રીઓની સામાજિક સમસ્યા જેવા મળે છે.

**(2) જાતીય શોષણ :**

સ્ત્રીઓના શારીરિક શોષણ અને જાતીય શોષણની સમસ્યાઓ જેવી કે વેશ્યા વ્યવસાય અને દેવદાસી પ્રથા વગેરે જેવી જાતીય શોષણને લગતી સમસ્યાઓ જેવા મળે છે.

**(3) અત્યાચાર :**

સ્ત્રીઓ સામેના અત્યારની સમસ્યાઓ જેવી કે સ્ત્રીઓની મારપીટ, આત્મહત્યા, હિંસા વગેરે.

**(4) બળાત્કાર :**

સમાજમાં સ્ત્રીઓને ફક્ત જાતીય વ્યવહારનું સાધન સમજી લેવામાં આવે છે. કેટલાંક પુરુષો સ્ત્રીઓ સાથે સંમતિ વિના, ધાકધમકીથી બળજબરીથી જાતીય વ્યવહાર કરતાં હોય છે. કેટલીક વાર મજબૂરીનો લાભ લઈને જાતીય વ્યવહાર કરતા હોય છે. અસલામતી સમાજમાં પ્રર્વતતી જેવા મળે છે.

**(5) બહુ પત્ની લગ્ન :**

ઘણાં પુરુષો એક કરતાં વધુ પત્ની સાથે જીવન જીવતાં હોય છે. ખાસ કરીને મુસ્લિમોમાં આ પ્રકારની છૂટ વધુ જેવા મળે છે. સમાજમાં ઘણાં પુરુષો એકપત્ની વ્રત પાળતા નથી.

**(6) છૂટા છેડાના પ્રશ્નો :**

સ્ત્રી-પુરુષ એકબીજાં સાથે અનુકૂલન સાધવામાં નિષ્ફળ જાય તો છૂટાછેડા લેવાનો પ્રશ્ન ઊભો થાય છે. ઘણીવાર સ્ત્રી કે પુરુષ અન્ય સાથે પ્રેમ હોવાથી, માબાપની ઈચ્છા પ્રમાણે લગ્ન થતાં હોવાથી, અંતે છૂટાછેડા લેવાનો પ્રશ્ન ઊભો થાય છે. 1955ના હિંદુ મેરેજ એક્ટ અનુસારકેટલીક શરતોને આધીન સ્ત્રીને પણ છૂટાછેડા લેવાનો અધિકાર મળે છે.

**(7) સ્ત્રી પુરુષ અસમાનતા :**

સમાજમાં સ્ત્રીને પુરુષની સમકક્ષ ગણવામાં આવતી નથી તેને બીજાં દરજ્જાની ગણવામાં આવે છે. તેનું સ્થાન પણ પુરુષ પછી ગણાય છે.

**(8) સ્ત્રી વસ્તીમાં ઘટાડો :**

જાતિ પરીક્ષણમાં, ગર્ભપાત, દહેજ અને દીકરી સાપનો ભારો જેવી માન્યતાને કારણે સ્ત્રી વસ્તીમાં ઘટાડો થઈ રહ્યો છે, જે સમાજ માટે અયોગ્ય ઘટના બની રહેશે.પુરુષને વધુ મહત્ત્વ આપવામાં આવે છે.

**(9) લગ્ન કરવાનો હક :**

કન્યાઓનું ક્યાં લગ્ન કરવું તે નક્કી કરવાનું કાર્ય મા-બાપ કરે છે. માબાપ પસંદ કરેલ છોકરા સાથે કન્યાએ લગ્ન કરવા પડે છે. જે સ્ત્રી દૂર નોકરી કરવા જય તો તેને એકલું રહેવું પડે છે. આવવા-જવાના ઘણાં પ્રશ્નો રહે છે. કેટલીકવાર સ્ત્રીને ઘરની નજીક નોકરી મળે તો કરવા દેવાય છે. બીજી બાબત એ છે કે સ્ત્રીઓ પતિ કે નોકરી એમાંથી એકની પસંદગી કરવાની રહે છે.

**(10) સ્ત્રીનો સમાજમાં દરજ્જો :**

સમાજમાં સ્ત્રીનો દરજ્જો બીજે ગણવામાં અવે છે. સ્ત્રી પુરુષ સમોવડી નથી તેમ માનવમાં આવે છે. આમાં સ્ત્રીઓ પણ કારણભૂત છે. તેને ઘર સંભાળવાનું રહે છે. કેટલીક સ્ત્રીઓ નોકરી કરતી હોવા છતાં તેના ખાતામાંથી પૈસા ઉપાડવાનું કાર્ય પુરુષ કરતા હોય છે. ત્યારે સ્ત્રી દરજ્જો નીચો રહે તે સ્વાભાવિક છે.

## ૫. સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ દુર કરવાના ઉપાયો

સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો નીચે મુજબ છે.

**(1) દહેજ પ્રથા નિવારણઃ**

દહેજ પ્રથા નિવારણ માટે સામાજિક સુધારકોના પ્રયાસો પણ પ્રસંશનીય છે. આ ઉપરાંત આ પ્રથાના નિવારણ માટે 1961, 1983 તેમજ 1984ના દહેજ પ્રતિબંધક ધારાઓએ દહેજ લેવા-આપવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

**(2) બાળલગ્ન પ્રતિબંધક ધારો :**

બાળલગ્ન પ્રતિબંધક ધારો પણ અસ્તિત્વમાં છે. તેનો અમલ કરવામાં આવે છે. બાળ લગ્ન કરનારને બંને પક્ષે કડકમાં કડક સન કરવામાં આવે. નીતિનિયમો કડક બનાવવામાં આવે.

**(3) કાનૂની શિક્ષણ કાર્યક્રમ :**

શિક્ષણ દ્વારા સ્ત્રીઓમાં જાગૃતિ આવે તે માટે કાનૂની શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવી જોઇએ. કાનૂની શિક્ષણ આપવાથી સ્ત્રીઓમાં જાગૃતિ આવશે તો પ્રશ્નો ઓછા ઊભા થશે.

**(4) સ્ત્રી શિક્ષણમાં વધારો કરવો :**

સ્ત્રી શિક્ષણમાં વધારો થાય તે માટે જાગૃતિ લાવવી તેમજ તેમને વધુ સગવડો મળી રહે તેવી વ્યવસ્થા કરવી. સ્ત્રી શિક્ષણ વધે તો સ્ત્રીઓ વિશેષ જાગૃતિ થાય અને તે સમાજમાં પોતાની છાપ ઊભી કરીને સ્થાન મેળવી શકે. હાલમાં શિક્ષણમાં વધારો કરવા માટે સ્ત્રીઓને શિક્ષણ ફીમાંથી મુક્તિ આપી છે.

**(5) સ્ત્રી મંડળ ઊભું કરવું (મહિલા મંડળ)**

સ્ત્રીઓમાં વધુ જાગૃતિ આવે તે માટે મહિલા મંડળ ઊભું કરવામાં આવે. આ મહિલા મંડળ દ્વારા સ્ત્રીઓના પ્રશ્ન હલ કરવામાં આવે, તેમજ સ્ત્રીઓના પ્રશ્નો અંગે વધુ જાગૃતિ આવે તેવા કાર્યક્રમો યોજવા જોઈએ. વક્તાઓને બોલાવી પ્રવચનો ગોઠવવામાં આવે.

**(6) કુરિવાજો વિરુધ્ધ ફાયદા :**

સમાજમાં વર્તમાન કુરિવાજે વિરુધ્ધ ફાયદા હોવા જોઇએ. દહેજ પ્રથા, બાળલગ્ન બહુ પત્ની લગ્ન, બળાત્કાર, શોષણ વગેરે અંગે કાયદાઓ બનાવવા જોઇએ. કાયદાઓ બનાવી તેનો અમલ થાય તેવા પ્રયત્નો કરવા.

**(7) સમાજમાં જાગૃતિનો ફેલાવો :**

સ્ત્રીઓમાં શિક્ષણ, રક્ષણ અને કુરિવાજે સંદર્ભે સમાજમાં જાગૃતિ આવે તેવો ફેલાવો કે પ્રચાર કરવો. ફિલ્મ બતાવવી, પ્રવચન ગોઠવવાં વગેરે.

**(8) સ્ત્રી સન્માન માટેની પ્રવૃત્તિઓ :**

- સમાજમાં સ્ત્રી સન્માન થાય તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું. મહિલા મંડળ આ પ્રકારની પ્રવૃત્તિઓમાં વધુ રસ લે, સામાજિક સંસ્થાઓ પણ આ પ્રકારની પ્રવૃત્તિઓમાં વધુ રસ લે તેવું આયોજન વિચારવું જોઇએ.
- સ્ત્રી સારુ કાર્ય કરે તે તેનું નહેરમાં સન્માન કરવું. દા.ત. સ્ત્રી પોતાની લાયકાતમાં સુધારો કરે તો સન્માન કરવું. અધ્યાપક બને, આચાર્ય બને, કોઈ સારું સ્થાનપ્રાપ્ત કરે તો સન્માન કરવું જોઈએ.
- અન્ય સ્ત્રીઓને આગળ આવવાની પ્રેરણા મળે.

**(9) આંતર જ્ઞાતિય લગ્નને પ્રોત્સાહન :**

કોઈ સ્ત્રી સમાજમાં અન્ય જ્ઞાતિના પુરુષ સાથે લગ્ન કરે તો તેનું સમાજમાંથી પ્રોત્સાહન આપવું જોઈએ.માબાપ તરફથી પરવાનગી આપવી જોઈએ. સ્ત્રીને પોતાના પસંદગીના લગ્ન કરવાની છૂટ આપવી.

**(10) વિધવાઓને પુનઃ લગ્ન કરવાની છૂટ આપવી :**

સમાજમાં કોઈ સ્ત્રી વિધવા બને તો તેને ફરી વખત લગ્ન કરવાની છૂટ આપવી જોઈએ.

**(11) કુટુંબ અદાલતોની શરૂઆત :**

- સમાજમાં કુટુંબ અદાલતોની શરૂઆત કરવી. સ્ત્રીઓના પ્રશ્નો, છૂટાછેડાના પ્રશ્ન હલ કરવા પ્રયત્ન કરવો.
- સ્ત્રીઓના પ્રશ્નો ઓછા થાય તેવા પ્રયત્નો કરવા. સ્ત્રી શોષણ થાય તે માટે વધુ તકેદારી રાખવી.
- બાળલગ્ન પ્રતિબંધક ધારો પણ અસ્તિત્વમાં છે. આ ઉપરાંત વર્તમાન કાયદાઓની અસકારક્તા માટે કાનૂની સહાય યોજવા, કાનૂની શિક્ષણ કાર્યક્રમ, કુટુંબ અદાલતો પણ છૂટાછેડા વગેરે જેવા પ્રશ્નો હલ કરી આપે છે. વિધવાઓનું પુનઃ લગ્ન કાયદા દ્વારા શક્ય બનાવ્યું છે. તેમજ સ્વ પસંદગીના આંતર જ્ઞાતીય લગ્નોને પ્રોત્સાહન આપવામાં આવે.
- જો કે આ બધા માટે સમાજમાં જાગૃતિ લાવવાની આવશ્યકતા છે. અખબારો, રેડિયો તેમજ દૂરદર્શન જેવા માધ્યમો પણ સ્ત્રીઓના દરજ્જાને સુધારવા માટે યથા યોગ્ય પ્રદાન કરી શકે તેમ છે.
- લગ્ન અને કુટુંબ બ્યૂરો જીવન સાથી શોધવામાં મદદ કરી શકે તેમ છે.
- વેશ્યા વ્યવસાય તેમજ દેવદાસી પ્રથાનો અંત લાવવા માટેની કાનૂની જોગવાઈઓ છે.

- સ્ત્રીઓ પરના શોષણ, અત્યાચાર તેમજ હિંસા કે આત્મહત્યા રોકવા માટે પણ ફોજદારી કાયદાઓનો આશ્રય લઇ શકાય તેમ છે.

## 6. ભારતીય સમાજમાં સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ :

ભારતીય સમાજમાં સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ નીચે મુજબ છે.

### (1) ઘર અને શાળા વચ્ચે વધુ અંતર :

ઘર અને શાળા વચ્ચે વધુ અંતર હોવાથી વાલીઓ પોતાની છોકરીઓને શાળામાં મોકલવાનું પસંદ કરતાં નથી. છોકરીઓને શાળાએ ચાલીને જવું પડે છે. છોકરીઓને શાળાએ એકલા મોકલવાનું વાલી પસંદ કરતાં નથી.

### (2) સંયુકત શિક્ષણ

શાળામાં છોકરા-છોકરીઓ સાથે અભ્યાસ કરે છે. મોટાભાગની શાળામાં બંનેનું શિક્ષણ સાથે ચાલે છે. વાલીઓ સંયુક્ત શિક્ષણ પસંદ કરતા નથી. છોકરીઓના કેટલાંક પ્રશ્નો ઊભા થાય છે.

### (3) શાળામાં અલગ અલગ લેડીઝ રૂમનો અભાવ

શાળામાં અલગ અલગ લેડીઝ રૂમનો અભાવ જેવા મળે છે. છોકરીઓ માટે કેટલીક શારીરિક સમસ્યાઓ હોય છે. અલગ લેડીઝ રૂમ ન હોવાથી મુશ્કેલી ઊભી થાય છે. શાળાની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી અલગ રૂમનો અભાવ જેવા મળે છે.

### (4) સ્ત્રી શિક્ષકનો અભાવ :

શાળામાં શિક્ષણ કાર્ય માટે સ્ત્રી શિક્ષકનું પ્રમાણ ઓછું જેવા મળે છે. પુરુષ શિક્ષક પાસે છોકરીઓ અભ્યાસ કરે તેવું વાલીઓ પસંદ કરતાં નથી. છોકરીઓના કેટલાંક પ્રશ્નો હોય તે પુરુષ શિક્ષક પાસે રજૂ ન કરી શકે.

### (5) કન્યાઓ માટે વિશિષ્ટ પ્રકારના અભ્યાસક્રમનો અભાવ

શાળાઓમાં કન્યાઓ માટે વિશિષ્ટ પ્રકારનો અલગ અભ્યાસક્રમ હોય તેવું જેવા મળતું નથી. છોકરાઓ અને છોકરીઓ માટે એકજ પ્રકારનો અભ્યાસક્રમ છે. છોકરી જયારે વાસ્તવિક જીવનમાં જાય ત્યારે હાલનો અભ્યાસક્રમ ખાસ ઉપયોગી બનતો નથી.

### (6) છોકરા-છોકરી વચ્ચે ભેદભાવ :

કુટુંબમાં છોકરા-છોકરીઓના શિક્ષણમાં ભેદભાવ રાખવામાં આવે છે. છોકરાના શિક્ષણ પ્રત્યે વિશેષ ધ્યાન રાખવામાં આવે છે. વિશેષ ખર્ચ કરવામાં આવે છે. છોકરાની સરખામણીએ છોકરીઓના શિક્ષણ પ્રત્યે ઓછો રસ, ઓછું ખર્ચ, ઓછું ધ્યાન રાખવામાં આવે છે.

### (7) રૂઢીચુસ્ત માનસ :

વાલીઓનું માનસ રૂઢિચુસ્ત જોવા મળે છે. છોકરીઓને વધારે શિક્ષણ આપવાનું પસંદ કરતાં નથી. છોકરી 18 વર્ષની થાય કે તરત જ લગ્ન કરી નાખવાનું પસંદ વાલીઓ કરે છે. છોકરી પાછળ ખર્ચ કરવામાં આવે તો મેરેજ પછી બીજાને આવક મળે તેવી માન્યતા ધરાવે છે. દહેજ પ્રથા, જ્ઞાતિ પ્રથા વગેરે જેવા મળે છે.

### (8) છોકરીઓ પ્રત્યેની માન્યતાઓ

છોકરીઓ વિષે સમાજમાં કેટલીક માન્યતાઓ જેવા મળે છે તેથી શિક્ષણમાંથી બાકાત રાખે છે. ''દીકરીને ગાય દોરે ત્યાં જાય'. 'દીકરી સાપનો ભારો, ડોસો કુંવારો મરે પણ ડોસી કુંવારી ન મરે.' 'દીકરી પારકી થાપણ' વગેરે માન્યતાઓ સ્ત્રીઓને શિક્ષણમાં પછાત રાખે છે. છોકરી મોટી થતાં જ વાલીઓને ચિંતા થાય છે. કુદરતી શારીરિક રચનામાં પણ સ્ત્રી જુદાપણું છે. છોકરીઓના કેટલાંક પ્રશ્નો હોય છે. આ બધાં કારણોસર વાલીઓ સ્ત્રીઓને શિક્ષણ આપવામાં પાછા પડે છે.

**(9) નબળી આર્થિક પરિસ્થિતિ :**

વાલીઓની નબળી આર્થિક પરિસ્થતિ હોવાથી વાલીઓ છોકરીઓને ઘરકામ કે છૂટક મજૂરી માટે મોકલી દે છે. એટલે છોકરીને શિક્ષણ આપવાનું પસંદ કરતાં નથી.

**(10) સ્ત્રી શિક્ષણ અંગે અજાગૃકતા :**

સ્ત્રીઓના શિક્ષણ માટે સમાજમાં જગૃતિનો અભાવ જ્ઞવા મળે છે. છોકરીના લગ્નની ચિંતા નથી. દીકરીઓને કૌટુંબિક જવાબદારીઓ વધુ પ્રમાણમાં સોંપવામાં આવે છે. અભણ અને રૂઢિચુસ્ત વાલીઓ દીકરીઓને છૂટક મજૂરી કરાવે છે. વાલીઓની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી સ્ત્રી શિક્ષણ માટે કોઇ વિચારણા થતી નથી.

**(11) શૈક્ષણિક સગવડતાઓનો અભાવ :**

સ્ત્રીઓ માટે અલગ શાળા-કૉલેજોનું પ્રમાણ ઓછું છે, તે ઉપરાંત છાત્રાલયોની વ્યવસ્થા પણ ઓછી જોવાં મળે છે. કુટુંબમાં પણ શૈક્ષણિક સગવડ ઓછી મળે છે.

## 7. ભારતીય સમાજમાં સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો :

ભારતીય સમાજમાં સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો નીચે મુજબ છે.

**(1) વાલી જાગૃતિ :**

કન્યાઓના શિક્ષણ માટે વાલીઓને વધુ જાગૃત કરવાની જરૂર છે. કન્યાઓને કેળવણીથી શું લાભ થશે તેની સમજ આપવી. સમાજમાં કેવા પરિવર્તન આવી રહેલ છે તેમાં સ્ત્રીની ભૂમિકા કેવી હશે તેની સમજ આપવી. વાલીઓમાં જાગૃતિમાં વધારો થતા કન્યાઓના શિક્ષણમાં વધારો થશે.

**(2) પ્રચાર માધ્યમનો ઉપયોગ**

પ્રચાર માધ્યમનો ઉપયોગ કરી સ્ત્રીઓની કેળવણીમાં વધારો થાય તેવી વ્યવસ્થાનું આયોજન કરવું. સમાજમાં કેવા પરિવર્તન થઇ રહેલ છે. સ્ત્રીઓનો શિક્ષણ આપવામાં આવે તો સમાજમાં કેવો ફાળો આપી શકે વગેરે અંગે પ્રચાર કરવો.

**(3) વાલી સંપર્ક :**

વાલી સંપર્ક સાધી તેમને કન્યા કેળવણીનું મૂલ્ય સમજાવવું જોઇએ. સમાજમાં પરિવર્તન અંગે, કન્યાની ભૂમિકા, આર્થિક બાબતો, બાળ ઉછેર વગેરે સમજ આપવી જોઇએ.

**(4) ઉચ્ચ સ્થાને પહોંચેલી મહિલાઓના ઉદાહરાણ :**

સમાજમાં કેળવણી મેળવવાને કારણે ઉચ્ચ સ્થાને પહોંચેલી મહિલાઓના ઉદાહરણ વાલીઓને સંપર્ક દ્વારા, ફિલ્મ દ્વારા, અન્ય મધ્યમનો ઉપયોગ કરી સમજ આપવી. ઉચ્ચ સ્થાને કાર્ય કરેલ મહિલાઓના નામ આપી માહિતી આપવી. દા.ત. રાજકીય ક્ષેત્રે, શિક્ષણક્ષેત્રે, ન્યાયક્ષેત્રે તેમજ અન્ય વ્યવસાયમાં સંકળાયેલ મહિલાઓના ઉદાહરણો આપવા.

**(5) આર્થિક મદદ :**

વાલીઓ આર્થિક મદદ નબળી હોવાને લીધે ભણાવતા ન હોય તો વાલીઓને આર્થિક મદદ કરવી જોઇએ. કન્યાઓને ફી, ગણવેશ, પાઠ્યપુસ્તકો તેમજ અન્ય શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ કરાવવી જોઇએ.

**(6) સ્ત્રી શિક્ષકની નિમણૂંક :**

પ્રાથમિક શાળાઓમાં ખાસ કરીને કન્યાઓ હોય ત્યાં શિક્ષિકાઓની નિમણૂંક કરવી જોઈએ કે જેથી તે કન્યાઓને સારી રીતે સમજી શકે.

**(7) બાળ લગ્નનો અટકાવવા :**

સમાજમાં બાળલગ્નો થતાં હોય તે અટકાવવાં જોઇએ. કાયદાકીય જોગવાઇ કડક બનાવી. બાળ લગ્ન ન થાય તે માટે કડક જેગવાઇ કરવી.

**(8) કન્યા માટે અલગ શાળા :**

કન્યા માટે અલગ શાળાની વધુ પ્રમાણમાં જેગવાઇ થાય તેવું આયોજન કરવું. આ બાબતે વાલીઓને સમજ આપવી.

**(9) કન્યા માટે અલગ છાત્રાલય :**

કન્યા માટે અલગ શાળાની સાથે સાથે અલગ છાત્રાલયની વ્યવસ્થા કરવી જોઇએ. સરકાર દ્વારા નવાં નવાં છાત્રાલય ઊભા થાય તેવું આયોજન કરવું.

**(10) કન્યા માટે અલગ અભ્યાસક્રમ :**

કન્યાની જરૂરિયાતને ધ્યાનમાં રાખી અલગ અભ્યાસક્રમ દાખલ કરવો જોઈએ. પોતાને જેમાં રસ હોય તે અભ્યાસક્રમમાં દાખલ થઇ શકે. દા.ત. કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય વગેરે ગૃહસુશોભન, ગૃહકલા, બાળ ઉછેર, ખોરાક અને પોષણ, ગૃહવિજ્ઞાન, ભરત, ગૂંથણ, સીવણ, નર્સિંગ, શિક્ષણ વગેરે જેવાં અભ્યાસક્રમો શરૂ કરવા.

**(11) રહેઠાણની નજીક શાળા :**

કન્યાઓ માટે રહેઠાણની નજીક વધુ શાળા ઊભી થાય તેવું આયોજન કરવું. સરકારને પણ આ અંગે રજૂઆત કરવી.

**(12) અલગ આરોગ્યની સગવડ :**

શાળામાં કે નજીકના વિસ્તારમાં કન્યાઓ માટે આરોગ્યની સગવડ મળી રહે તેવી વ્યવસ્થા કરવી. કન્યા માટે જે શારીરિક તકલીફ પડે ત્યારે તરત જ સગવડ મળી રહે તે જરૂરી છે.

**(13) સ્થાનિક જરૂરિયાત પ્રમાણે શાળાનો સમય :**

શાળાનો સમય સ્થાનિક જરૂરિયાતને ધ્યાનમાં રાખી રાખવો જોઇએ. કન્યાઓ વધુ પ્રમાણમાં શાળામાં આવે તેવો સમય પસંદ કરવો. આ માટે વાલી સંપર્ક કરવો.

**(14) શાળામાં સલામતીનું વાતાવરણ :**

કન્યાઓ માટે શાળામાં કે શાળા બહાર સલામતીનું વાતાવરણ ઊભું થાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. વાલીઓ ચિંતામાંથી મુક્ત રહે તે જરૂરી છે.

**(15) ખંડ સમયના શિક્ષણની સગવડ :**

કન્યાઓ ઘરકામમાં રોકાયેલી હોય છે. ત્યારે તેઓને નવરાશના સમયે શિક્ષણ મેળવી શકે તેવી ખંડ સમયની શિક્ષણની સગવડ ઊભી કરવી જોઇએ.

**(16) સ્ત્રી જાગૃતિ :**

સ્ત્રી શિક્ષણ માટે સ્ત્રીઓમાં જ જાગૃતિ લાવવી જરૂરી છે. માતાઓ પોતાની દીકરીઓ માટે શિક્ષણ આપવા આગળ આવે તો દીકરીઓને શિક્ષણ મળે.

**(17) ખંડ સમયની નોકરીની સગવડ**

શિક્ષણ મેળવ્યા પછી કન્યાઓને તરત જ ખંડ સમયની નોકરી મળી જાય તેવી સગવડ ગોઠવવી જોઇએ. નોકરીમાં કન્યાઓનું પ્રમાણ વધે તેવા પ્રયત્નો કરવા.જો આવા ઉપાયો યોજવામાં આવે તો કન્યાઓના શિક્ષણમાં અપેક્ષિત સિધ્ધિઓ મેળવી શકાય.

## 8. ભારતીય સમાજમાં સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ :

ભારતીય સમાજમાં સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ નીચે મુજબ છે.

**(1) નબળી આર્થિક પરિસ્થિતિ :**

ભારતમાં કેટલાંક લોકો અત્યંત ગરીબ હાલતમાં જીવે છે, તેથી તેઓ કન્યાઓને શાળામાં મોકલતાં નથી.

**(2) આર્થિક વળતરનો અભાવ :**

છોકરા કરતાં છોકરીના શિક્ષણ પાછળ ખર્ચેલા નાણાંનું આર્થિક વળતર મળતું નથી. એવી માન્યતાને લીધે બાળાઓને શાળામાં મોકલતાં નથી.

**(3) આર્થિક મદદરૂપ :**

છોકરી ઘરકામ અને મજૂરી કરીને મા-બાપને મદદરૂપ થાય છે, તેથી શાળાએ જઇ શક્તી નથી. વાલીઓની આર્થિક સ્થિતિ નબળી છે. છોકરી આર્થિક રીતે મદદરૂપ થતી હોવાથી શાળાએ મોકલવાનું પસંદ કરતાં નથી.

**(4) વારસાહક :**

સ્ત્રીઓને વારસાહક છે છતાં મળતો નથી. વારસામાં પુત્રને પ્રાધાન્ય મળે છે. સ્ત્રીને પારકી થાપણ ગણવામાં આવે છે. તેથી તે સાસરે જય છે ત્યાં તે પુરુષના હકમાં તેણે રહેવું પડે છે. સ્ત્રી-પુરુષની જેમ મિલક્ત મેળવી શક્તી નથી, ધારણા કરી શક્તી નથી કે વેચી શક્તી નથી. વારસાની બાબતમાં પુત્ર-પુત્રી વચ્ચે ભેદભાવ રખાય છે.

**(5) વ્યવસાય પસંદગી :**

- સ્ત્રીઓ માટે મર્યાદિત વ્યવસાય છે. અમુક જ વ્યવસાય સ્ત્રીઓ પસંદ કરે છે. અમુક વ્યવસાય સ્ત્રીઓ પસંદ કરતી નથી.
- સ્ત્રીઓ શિક્ષિકા, નર્સ, કારકુન, તબીબી, સહકારી અમલદાર, પોલીસ સુરક્ષાદળોમાં વગેરેમાં કાર્ય કરતી જોવા મળે છે. આ સિવાયના અન્ય ક્ષેત્રોમાં પણ સ્ત્રીઓએ પગપેસારો કરવા માંડયા છે. છતાં હજુ પણ કેટલાંક વ્યવસાયો તરફ સ્ત્રીઓની રુચિ નથી.
- વ્યવસાય પસંદગીમાં પિતા-પતિનો ફાળો રહે છે. પત્નીના વ્યવસાય પસંદ કરવાના અધિકારને સ્વીકારવામાં આવ્યો નથી. કેટલીક જ્ઞાતિઓની સ્ત્રીને વ્યવસાય કરવા દેવાતો નથી. વ્યવસાય કરવા કન્યાઓને પતિ દૂર મોકવલા પસંદ કરતા નથી.

**(6) રોજગારી ક્ષેત્રે શોષણ :**

સ્ત્રીઓનું રોજગારીક્ષેત્રે શોષણ થતું જેવા મળે છે. સ્ત્રીઓના કામના પ્રકારો, રજા, વેતન, લાભો, કામના કલાકો વગેરે બાબતમાં ભેદભાવ રખાય છે. કામના સ્થળે શોષણ થતું હોય છે. વધુ કામ કરાવવું અને ઓછો લાભ આપવો વગેરે બાબત આપણે જોઇએ છીએ.

**(7) સ્ત્રી પરાધીનતા :**

સ્ત્રીઓ આર્થિક ક્ષેત્રે પકડ ધરાવતી નથી. કેટલીક વ્યવસાય કરતી સ્ત્રીઓ પણ આર્થિક બાબતોઅંગે પતિ પર આધારિત હોય છે. આર્થિક બાબતો અંગે જ્ઞાન હોતું નથી. આથી આર્થિક સત્તા પુરુષના હાથમાં રહે છે.

## 9. ભારતીય સમાજમાં સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો :

ભારતીય સમાજમાં સ્ત્રીઓની આર્થક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો નીચે મુજબ છે.

**(1) વ્યવસાય માટે લોન :**

સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ જેવા મળે છે. અભ્યાસ બાદ વ્યવસાય કરવા માટે લોનની વ્યવસ્થા કરવામાં આવે. લોન ઓછા વ્યાજ દરે આપવામાં આવે.

**(2) સ્ત્રી વ્યવસાયને ઉત્તેજન :**

સ્ત્રીઓ વ્યવસાય ક્ષેત્રે આગળ આવે તે માટે પ્રોત્સાહન આપવું જઇએ. સ્ત્રીઓમાં જાગૃતિ માટેના પ્રયાસો પણ કરવા જોઇએ. સ્ત્રીઓને પોતાનો અભ્યાસક્રમ પૂરો કરે કે તરત જ વ્યવસાય મળી જય તેવી વ્યવસ્થા કરવી.

**(3) વ્યવસાયક્ષેત્રે શોષણ વિરોધી કાયદા :**

વ્યવસાયના સ્થળે સ્ત્રીઓનું શોષણ ન થાય તે માટે કાયદાઓ ઘડીને તેનું ચુસ્ત રીતે અમલીકરણ કરવું જોઇએ.

**(4) મહિલા મંડળ :**

મહિલા મંડળે સ્ત્રીઓને આર્થિક સધ્ધરતા માટે પ્રયાસો કરવાં જોઇએ. કયા વ્યવસાયમાં જરૂરિયાત છે, કેવા શિક્ષણ કે તાલીમની જરૂર છે તેની માહિતી મહિલા મંડળ દ્વારા આપવામાં આવે.

**(5) જનજાગૃતિ લાવવી :**

સમાજમાં સ્ત્રીઓ પણ આર્થિક રીતે આગળ વધે તે માટે જનજાગૃતિ લાવવાની જરૂર છે.

**(6) સ્ત્રી શિક્ષણનો વ્યાપ વધારવો :**

સ્ત્રીઓ શિક્ષણ મેળવતી થાય તેમજ આર્થિક સમસ્યાઓ દૂર થાય તે માટે પ્રયત્નો કરવા જોઇએ. સ્ત્રીઓ માટે શિક્ષણમાં જે સમસ્યાઓ છે તે દૂર કરી શિક્ષણનો વ્યાપ વધારવા પ્રયત્ન કરવો.

**(7) કાયદાનું રક્ષણ :**

સ્ત્રીઓને આર્થિક ક્ષેત્રે પગભર કરવા ઘણાં કાયદાઓ ઘડાયેલાં છે, પણ સ્ત્રીઓ તે પ્રત્યે જાગૃત થાય તે જરૂરી છે. કાયદા દ્વારા તેનું રક્ષણ મળે તેવી વ્યવસ્થા કરવી.

**(8) સ્ત્રીમાં જાગૃતિ લાવવી :**

સ્ત્રીઓ સમાજમાં આર્થિક ક્ષેત્રે આગળ વધે તે માટે જનજાગૃતિ લાવવાની જરૂર છે. સ્ત્રીઓ આર્થિક રીતે પગભર કઇ રીતે થઇ શકે તે માટે સ્ત્રીઓમાં જાગૃતિ લાવવી જોઇએ.

**(9) સહકારી સંસ્થાનો સહકાર :**

સ્ત્રીઓ આર્થિક પગભર બનાવવા માટે સરકારે પ્રયાસો કરવા જોઇએ. કેટલીક યોજના એવી ઘડાય કે જેથી સ્ત્રીઓ આગળ આવી શકે. વધુમાં વધુ સ્ત્રીઓ તેનો લાભ લઇ શકે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઇએ.

## 10. સ્ત્રીઓની સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો :

- ભારતીય બંધારણમાં કન્યાઓને શિક્ષણમાં સમાન તકો આપવામાં આવી છે. છતાં હજી પણ કન્યા કેળવણી ક્ષેત્રે હજ ઘણું કરવાનું બાકી છે. જે કે ભારતના વિવિધ પ્રદેશોમાં રહેતી બહુવિધ પ્રજાઓને વિશિષ્ટ સમસ્યા હોય છે. છતાં આ અંગે ગંભીર ઉપાયોની વિચારણા કરવી જોઈએ.
- સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ, શિક્ષણ વિષયક સમસ્યાઓ, આર્થિક સમસ્યાઓ આ ત્રણેય પ્રકારની સમસ્યાઓને દૂર કરવાના ઉપાયો નીચે મુજબ છે.

**(1) સામાજિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો :**

(1) દહેજ પ્રથા નિવારણ

(2) બાળલગ્ન પ્રતિબંધક ધારો

(3) કાનૂની શિક્ષણ કાર્યક્રમ

(4) સ્ત્રી શિક્ષણમાં વધારો કરવો

(5) મહિલા મંડળ ઊભું કરવું

(6) કુરિવાજો વિરુધ્ધ કાયદા

(7) સમાજમાં જાગૃતિનો ફેલાવો

(8) સ્ત્રી સન્માન માટેની પ્રવૃત્તિઓ

(9) આંતરજ્ઞાતિય લગ્નને પ્રોત્સાહન

(10) વિધવાઓને પુનઃ લગ્ન કરવાની છૂટ આપવી

(11) કુટુંબ અદાલતોની શરૂઆત

**(2) સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો.**

(1) વાલી જાગૃતિ

(2) પ્રચાર માધ્યમનો ઉપયોગ

(3) વાલી સંપર્ક

(4) ઉચ્ચ સ્થાને પહોંચેલી મહિલાઓના ઉદાહરણ

(5) આર્થિક મદદ

(6) સ્ત્રી શિક્ષણની નિમણૂંક

(7) બાળલગ્નો અટકાવવા

(8) કન્યા માટે અલગ શાળા

(9) કન્યા માટે અલગ છાત્રાલય

(10) કન્યા માટે અલગ અભ્યાસક્રમ

(11) રહેઠાણની નજીક શાખા

(12) અલગ આરોગ્યની સગવડ

(13) સ્થાનિક જરૂરિયાત પ્રમાણે શાળાનો સમય

(14) શાળામાં સલામતીનું વાતાવરણ

(15) સ્ત્રી જાગૃતિ

(16) ખંડ સમયની નોકરીની સગવડ

**(3) સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો :**

(1) વ્યવસાય માટે લોન

(2) સ્ત્રી વ્યવસાયને ઉત્તેજન

(3) વ્યવસાય ક્ષેત્રે શોષણ વિરોધી કાયદા

(4) મહિલા મંડળ

(5) જનજગૃતિ લાવવી

(6) સ્ત્રી શિક્ષણનો વ્યાપ વધારવો

(7) કાયદાનું રક્ષણ

(8) સ્ત્રીમાં જાગૃતિ લાવવી

(9) સહકારી સંસ્થાનો સહકાર

## 11. સારાંશ

- મૂળ "સ્ત્રી" શબ્દ સ્તૃ ધાતુ પરથી આવ્યો છે. સ્તૃ એટલે વિસ્તારવું ફેલાવવું. સ્ત્રી દ્વારા કુટુંબનો વિસ્તાર અને વ્યાપકતા વધે છે. સ્ત્રીઓ પાસે જ સમાજ વિવિધ અપેક્ષા રાખે છે. આમ સ્ત્રીઓ કુટુંબ જીવનની મહત્ત્વની ધરી છે. કુટુંબની તમામ બાબતો અને વિકાસમાં તેમનું યોગદાન મહામુલું છે.
- આપણી પરંપરાગત સમાજ વ્યવસ્થામાં તથા આચાર, વિચાર અને વ્યવહારમાં લૈંગિક ભેદભાવ જોવા મળતો હતો. સ્ત્રી પુરુષ અસમાનતા સાર્વત્રિક હતી. સ્ત્રીઓ બંધનયુક્ત જીવન જીવતી હતી.
- સ્ત્રી—પુરુષ સમાનતા સ્થાપવા પર ભાર મૂકવામાં આવ્યો છે, પરંતુ વ્યવહારમાં આ બાબત જોવા મળતી નથી. સ્ત્રીના સામાજિક સ્થાનમાં પરિવર્તન આવ્યું છે, પરંતુ વાસ્તવિકતા વચ્ચે વિશાળ અંતર છે. કેટલીક રૂઢિગત પરંપરાઓ સ્ત્રીના માર્ગમાં અવરોધક બને છે. જેનો સ્ત્રીઓને સામનો કરવો પડે છે. પરિણામે પુરુષ સમોવડી બની શકતી નથી.
- અસમાનતા અન્યાય, અવરોધ, નિયંત્રણ, આત્મ સન્માનનો અભાવ, લિંગભેદ, સત્તાની તાબેદારીની પરંપરા, ઉદ્યોગીકરણ, શહેરીકરણ, કાનૂનીકરણ,
- સંપર્ક માધ્યમો, શિક્ષણ જેવાં પરિબળોને લીધે સમાનતા, સ્વતંત્રતા, સામજિક ન્યાય, વ્યક્તિનું ગૌરવ અને લોકશાહીના નૂતન મૂલ્યો અને ધોરણો, જેવા પરિબળો અને સમાયોજન સાધીને અવનવાં તત્ત્વોને સમાવી લઈને પરિવર્તન લાવવાની ભૂમિકાએ સ્ત્રી સમાનતાની દિશામાં પરિવર્તન આણ્યું છે. તો બીજી તરફ પુરાતન પરંપરાઓ તેમાં અવરોધ પેદા કરી મૂળભૂત સામાજિક રચનાને ટકાવી રાખવાની ભૂમિકા ભજવે છે, આને કારણે સ્ત્રીઓની સમસ્યાઓ પેદા થાય છે.

## (12) એકમ સ્વાધ્યાય (Unit Exercises)

1. સ્ત્રી શિક્ષણનું મહત્ત્વ જણાવો.
2. ભારતીય સમાજમાં સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ જણાવો.
3. સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો જણાવો.
4. ભારતીય સમાજમાં સ્ત્રીઓની શિક્ષણ વિષયક સસ્યાઓ જણાવો.
5. સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો જણાવો.
6. ભારતીય સમાજમાં સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ જણાવો.
7. સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો જણાવો.

## (13) તમારી પ્રગતિ ચકાસો.

**બહુવિકલ્પો પ્રશ્નો**

8. આપેલ વિધાનની નીચે જગાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

(1) સ્ત્રી શિક્ષણની શા માટે જરૂર છે ?

(1) સમાજના કલ્યાણ માટે (2) પાડોશીના કલ્યાણ માટે

(3) વિદ્યાર્થીના કલ્યાણ માટે (4) વહેમ અને અંધ શ્રધ્ધા ઊભી કરવા

(2) ભારતીય સમાજમાં સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ કઈ છે ?

(1) બાળલગ્ન (૨) સ્ત્રી પુરુષ સમાનતા

(3) એકજ પત્ની (4) સ્ત્રી વસ્તીમાં વધારો

(3) ભારતીય સમાજમાં સ્ત્રીઓની સામાજિક સમસ્યાની કઈ બાબત વિસંગત છે ?

(1) બહુ પત્ની લગ્ન (૨) સ્ત્રી વસ્તીમાં ઘટાડો

(3) સ્ત્રી પુરુષ અસમાનતા (4) સ્ત્રી પુરુષ સમાનતા

(4) સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયોમાં નીચેનામાંથી કયો છે ?

(1) જ્ઞાતિ લગ્ન (૨) દહેજ પ્રથા નિવારણ

(3) વિધવાને પુનઃ લગ્ન માટે નિયંત્રણ (4) કુરિવાજેમાં છૂટછાટ

(5) સ્ત્રીઓની સામાજિક સમસ્યા દૂર કરવા માટે કઈ બાબત વિસંગત છે ?

(1) મહિલા મંડળ (૨) બાળલગ્ન પ્રતિબંધક ધારો

(3) જ્ઞાતિમાં જ લગ્ન (4) કાનૂની, શિક્ષણ કાર્યક્રમ

(6) સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યા કઇ છે ?

(1) સ્ત્રી શિક્ષણ પ્રત્યે જગૃતતા (૨) અલગ શિક્ષણ

(3) ઘર અને શાળા વચ્ચે અંતર (4)છોકરા છોકરી વચ્ચે સમાનતા

(7) સ્ત્રીઓની શિક્ષાગ વિષયક સમસ્યામાં કઈ બાબત વિસંગત છે ?

(1) સંયુક્ત શિક્ષણ (૨) સ્ત્રી શિક્ષકનો અભાવ

(3) છોકરા-છોકરી વચ્ચે ભેદભાવ (4) શાળામાં અલગ લેડીઝ રૂમ

(8) સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યા દૂર કરવા માટે કયો ઉપાય કરી શકાય ?

(1) રહેઠાણથી દૂર શાળા (૨) મિશ્ર શિક્ષકની નિમણૂંક

(3) વાલી સંપર્ક (4) નિશ્ચિત શાળાનો સમય

(9) સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યા દૂર કરવા માટે કઇ બાબત વિસંગત છે ?

(1) વાલીમાં જાગૃતિ (૨) વાલી સંપર્ક

(3) આર્થિક મદદ (4) બાળ લગ્નો પર ભાર

(10) સ્ત્રીઓની આથિક સમસ્યા કઇ છે ?

(1) સ્ત્રી સ્વતંત્રતા (૨) રોજગારી ક્ષેત્રે શોષણ

(3) આર્થિક વળતર (4)સાર્વત્રિક વ્યવસાય

(11) સ્ત્રીઓની આર્થિક સમસ્યા માટે કઇ બાબત વિસંગત છે?

(1) રોજગારીક્ષેત્રે શોષણ (૨) સ્ત્રી પરાધીનતા

(3) વારસાહક (4) સાર્વત્ચિક વ્યવસાય

(12) સ્ત્રીઓની આર્થિક સમસ્યા દૂર કરવા શું કરી શકાય ?

(1) સ્ત્રી વ્યવસાયને ઉત્તેજન (૨) સ્ત્રી શિક્ષણ મર્યાદિત કરવું.

(3) પુરુષ જાગૃતિ લાવવી (4)વ્યવસાય ક્ષેત્રે શોષણ

(13) સ્ત્રીઓની આર્થિક સમસ્યા દૂર કરવા માટે કઈ બાબત વિસંગત છે ?

(1) સ્ત્રી વ્યવસાયને ઉત્તેજન (૨) મહિલા મંડળ

(3) સ્ત્રી શિક્ષણનો વ્યાપ ઘટાડવો (4)કાયદાનું રક્ષણ

**(14) તમારી પ્રગતિ ચકાસો :**

1. સમાજના કલ્યાણ માટે

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

2. બાળલગ્ન

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

3. સ્ત્રી પુરુષ સમાનતા

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

4. દહેજ પ્રથા નિવારણ

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

5. જ્ઞાતિમાં જ લગ્ન

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

6. ઘર અને શાળા વચ્ચે અંતર

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

7. શાળામાં અલગ લેડીઝ રૂમ

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

8. વાલી સંપર્ક

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

9. બાળલગ્નો પર ભાર

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

10. રોજગારી ક્ષેત્રે શોષણ

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

11. સાર્વત્રિક વ્યવસાય

.....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

12. સ્ત્રી વ્યવસાયને ઉત્તેજન

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

13. સ્ત્રી શિક્ષણનો વ્યાપ ઘટાડવો

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

## (15) સૂચિત વાંચન સામગ્રી : (Suggested Readings)


(1) પટેલ સી. કે. : પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ, ગુર્જર પ્રકાશન, અમદાવાદ.

(2) દવે હર્ષિદા એચ. : સામાજિક સમસ્યાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(3) બારૈયા વી. વી. : ભારતીય સમાજની સમસ્યાઓ અને શિક્ષણ ચિંતકો, પ્રતીક પ્રકાશન, અમદાવાદ.

(4) રાવલ નટુભાઈ વી. : કેળવણીની તાત્ત્વિક અને સમાજ શાસ્ત્રીય આધાર શીલાઓ, નીરવ પ્રકાશન, અમદાવાદ.

# એકમ 7 ભારતમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ (Development of Secondary Education in India)

## : રૂપરેખા :

1. પ્રસ્તાવના
2. માધ્યમિક શિક્ષણ
   a. પ્રસ્તાવના
   b. માધ્યમિક શાળા શિક્ષણ એટલે શું ?
   c. માધ્યમિક શિક્ષણના હેતુઓ
3. ભારતની પંચવર્ષીય યોજનાઓ
   a. આઝાદી બાદ પંચવર્ષીય યોજનાઓ
   b. પંચવર્ષીય યોજનાઓમાં આર્થિક ફાળવણી
   c. પંચવર્ષીય યોજનાઓ દરમિયાન માધ્યમિક શાળાઓની સંસ્થાઓની વૃદ્ધિ
   d. માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની વૃદ્ધિ
   e. કોઠારી પંચની દૃષ્ટિએ માધ્યમિક ક્ષેત્રે વિદ્યાર્થી ભરતી
4. માધ્યમિક શિક્ષણના વિકાસની સમસ્યાઓ
   a. માધ્યમિક શિક્ષણના સંપ્રમાણ વિસ્તરણનો અભાવ
   b. સમસ્યાઓનો ઉકેલ
   c. માધ્યમિક શિક્ષણ : પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણને જોડતો સેતુ
   d. પ્રાથમિક શિક્ષણની માધ્યમિક શિક્ષણ પરની અસરો
5. માધ્યમિક શિક્ષણની ઉચ્ચ કેળવણી પરની અસર
6. માધ્યમિક શિક્ષણનું સંચાલન કરતી વિવિધ સંસ્થાઓ (એજન્સી)
7. સારાંશ
8. એકમ સ્વાધ્યાય
9. તમારી પ્રગતિ ચકાસો
10. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
11. સૂચિત વાંચન સામગ્રી

---

ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ પછી તમે નીચેની બાબતો વિશે શક્તિમાન બનશો :

- ભારતની પંચવર્ષીય યોજનાઓ વિશે જાણી શકશો.
- પંચવર્ષીય યોજનાઓમાં આર્થિક ફાળવણી સમજી શકશો.
- પંચવર્ષીય યોજનાઓ દરમિયાન માધ્યમિક શાળાઓની સંસ્થાઓમાં વૃદ્ધિના આંકડાઓથી માહિતગાર થશો.
- માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની વૃધ્ધિની જાણકારી પ્રાપ્ત કરી શકશો.
- કોઠારી પંચની દૃષ્ટિએ માધ્યમિક ક્ષેત્રે વિદ્યાર્થી ભરતી વિશે જાણી શકશો.

- માધ્યમિક શિક્ષણના વિકાસની વિવિધ સમસ્યાઓ વર્ણવી શકશો.
- માધ્યમિક શિક્ષણના વિકાસની વિવિધ સમસ્યાઓના ઉકેલો સૂચવી શકશો.
- માધ્યમિક શિક્ષણની ઉચ્ચ કેળવણી પરની અસરો જાણી શકશો.

## 1. પ્રસ્તાવના (Introduction)

ભારતીય શિક્ષણના ઈતિહાસ પર દ્રષ્ટિપાત કરતાં સ્પષ્ટ જણાય છે કે, ઈ.સ. 1812 સુધી શિક્ષણની ઉપેક્ષા થઈ છે. સૌ પ્રથમ 1813 ના ચાર્ટર એકટમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ દર વર્ષે એક લાખ રૂપિયા ભારતીય શિક્ષણનાં વિકાસ અને સુધારણા માટે ખચેવા એવું ચાટેરની કલમ-43માં જણાવવામાં આવ્યું હતું. પરંતુ એ રકમ અંગ્રેજી, પ્રાચ્ય કે દેશી ભાષામાંથી કયા સાહિત્ય માટે ખર્ચવી તેનો ભારે વિવાદ જાગ્યો. છેક આ 1835માં મેકોલેની મિનીટ્સથી જ તેનો નિર્ણય આવ્યો.એટલે કે, અંગ્રેજી સાહિત્ય અને માધ્યમની શરૂઆત મેકોલેના નિર્ણયથી થઈ-આધુનિક અંગ્રેજી શિક્ષણનો પાયો એ રીતે ભારતમાં નંખાયો. 1839ની ઓક્લેન્ડની નોંધે એને સમર્થન આપ્યું. 1854માં વૂડનો ખરીતો ભારતીય શિક્ષણના ઈતિહાસનો મહત્ત્વનો દસ્તાવેજ બન્યો.તેની ભલામણોથી શિક્ષણ ખાતું અને અનુદાન પ્રથા અસ્તિત્વમાં આવી. શિક્ષકોની તાલીમ માટે અને યુનિવર્સિટીઓની સ્થાપના માટેની તેની ભલામણો ખૂબ જ પ્રશંસનીય હતી.પરિણામે 1857માં ભારતમાં સૌ પ્રથમ મુંબઈ, મદ્રાસ અને ક્લકત્તામાં ત્રણ યુનિવર્સિટીઓ સ્થપાઇ.

આઝાદી પહેલાં 1857 સુધી કોઈ જ પંચ નીમવાની જરૂર ન હતી કેમ કે ઈંગ્લેન્ડની પાર્લામેન્ટ દર વીસ વર્ષે ઈસ્ટ ઈન્ડિયા કંપનીને જે પટ્ટા આપતી તેમાં શિક્ષણ અંગેની કોઈ ભલામણ મૂકવામાં આવતી.પરતુ 1857 ના સ્વાતંત્ર્ય સંગ્રામ પછી ઈંગ્લેન્ડની પાર્લામેન્ટ ભારતનું રાજ્ય પોતાની સીધી દેખરેખ નીચે મૂક્યું. એટલે ઈંગ્લેન્ડની રાણી વિક્ટોરિયાના તાજ નીચે ભારત આવ્યું .રાણી વિક્ટોરિયાનો ઢંઢેરો જાણીતો છે.એટલે 1857 પછી ભારતીય શિક્ષણના ઈતિહાસમાં ત્રણ મહત્ત્વના પંચ નિમાયા,જેમણે ભારતીય શિક્ષણની સ્થિતિ સુધારવા જરૂરી ભલામણો કરી :

(1) ભારતીય શિક્ષણ પંચ (હંટર કમિશન): 1882 પ્રાથમિક શિક્ષણ માટેની જ મહત્ત્વની ભલામણો કરી.

(2) ભારતીય વિદ્યાપીઠપંચ (રેલે કમિશન): 1902 ઉચ્ચ શિક્ષણ માટેની ભલામણો કરી,જેનાથી યુનિવર્સિટી ધારો અસ્તિત્વમાં આવ્યો.

(3) કલકત્તા વિદ્યાપીઠપંચ (સેડલર કમિશન): 1917 ઉચ્ચ શિક્ષણ માટેની વિકાસલક્ષી ભલામણો કરી, જેનાથી યુનિવર્સિટી માટેની ગ્રાન્ટની નીતિ ઉદાર બની.

આમ જોતાં આઝાદી પહેલાંનાં ત્રણે પંચોમાંથી એકેય પંચ માધ્યમિક શિક્ષણ અંગેનું ન હતું, એ એક કમનસીબી જ ગણાય!

ત્રણ પંચો ઉપરાંત શિક્ષણના ઈતિહાસમાં નીચેની ધટનાઓ પણ ધ્યાન ખેંચે તેવી છે :

(1) 1921માં C.A.B.E. (કેન્દ્રીય શિક્ષણ સલાહકાર બોર્ડ)ની સ્થાપના થઈ.

(2) 1929માં હાર્ટોગ કમિટીએ અપવ્યય અને સ્થગિતતા પર સૌ પ્રથમ ધ્યાન દોર્યું.

(3) 1953માં પ્રાંતિક સ્વરાજય મળ્યું.

(4) 1935માં એબટ-વૂડ રિપોર્ટે સામાન્ય અને ટેકનિકલ શિક્ષણ અંગેની સુંદર ભલામણો કરી, વળી આ જ વર્ષે બુનિયાદી શિક્ષણનો વિચાર દેશ સમક્ષ ગાંધીજીએ મૂકયો.

(5) 1944માં સાર્જેન્ટ રિપોર્ટમાં વીસ વિશેનું શિક્ષણનું સુંદર આયોજન રજૂ થયું. આ બધું છતાં, માધ્યમિક શિક્ષણ તો અણમાનીતા દીકરા જેવું જ રહ્યું. તેની સાંખ્યિક વૃધ્ધિ નીચેના કોઠા પરથી સ્પષ્ટ થાય છે :

**ભારતમાં આઝાદી પહેલાં માધ્યમિક શિક્ષણનો વિકાસ**

| ક્રમ | વર્ષ | માધ્યમિક શાળાઓ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| 1 | 1854-55 | 284 | 33,801 |
| 2 | 1870-71 | 3023 | 1,24,802 |
| 3 | 1881-82 | 3561 | 2,15,077 |
| 4 | 1901-02 | 5493 | 6,23,000 |
| 5 | 1921-22 | 8987 | 12,39,000 |
| 6 | 1936-37 | 14414 | 24,96,000 |
| 7 | 1946-47 | 18140 | 39,74,000 |

ઉપર્યુક્ત આંકડાઓ પરથી માલૂમ પડે છે કે, આઝાદી પહેલાનાં 93 વર્ષના ગાળામાં કુલ 17856 માધ્યમિક શાળાઓ વધી છે ,એટલે સરેરાશ સમગ્ર ભારતમાં વાર્ષિક 192 માધ્યમિક શાળાઓ નવી શરૂ થઈ હતી એમ કહી શકાય.તે જ રીતે 93 વર્ષના ગાળામાં 39,40,199 વિદ્યાર્થીઓ માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરવા પ્રવેશ્યા, એટલે કે સરેરાશ દર વર્ષે 42 હજાર જેટલા નવા વિદ્યાર્થીઓ સમગ્ર દેશમાંથી માધ્યમિક શિક્ષણ લેવા દાખલ થયા, એમ કહી શકાય. આવા વિશાળભારતમાં સાંખ્યિક વૃધ્ધિ જરાયે સંતોષજનક ન હતી. માધ્યમિક શાળાઓ યંત્રવત અને ચીલાચાલુ વિદ્યાર્થીઓ કૉલેજો માટે ઉત્પન્ન કરતી હતી. માધ્યમિક શિક્ષણનું માધ્યમ પણ અંગ્રેજી હતું. તેમાં ટેકનિકલ કે વ્યાવસાયિક વિષયોને પૂરતું સ્થાન અપાયું ન હતું. 1945ના અખિલ ભારતીય નઈ તાલીમ સંમેલનમાં સમગ્ર નઈ તાલીમનો વિચાર રજૂ થયો હતો. પરિણામે ભારતના સૌ પ્રથમ બે ઉત્તર બુનિયાદી વિદ્યાલયો (Post Basic Schools) 1947 માં પ્રાયોગિક ધોરણે સેવાગ્રામ અને બિહારના કુમારબાગમાં શરૂ થઈ ચૂક્યાં હતાં.

આમ જોતાં 1947 માં આપણને આઝાદી પ્રાપ્ત થઇ ત્યારે અંગ્રેજોના દોઢસો વર્ષના શાસનને અંતે 18,140 માધ્યમિક શાળાઓ અને 39 લાખ 74 હજાર વિદ્યાર્થીઓ વારસામાં મળ્યાં હતાં. બ્રિટીશ શાસન દરમિયાન માધ્યમિક શિક્ષણની પ્રગતિ સાંખ્યિક કે ગુણાત્મક બંનેમાં કોઈ જ રીતે સંતોષજનક ન હતી, તે તો માત્ર કારકુનો પેદા કરનાર કારખાનું જ હતી.

**(2) માધ્યમિક શિક્ષણ :**

**(1) પ્રસ્તાવના :**

- બ્રિટીશ શાસન દરમિયાન માધ્યમિક કેળવણીમાં 5 થી 7 મિડલ સ્કૂલના બંને ધોરણ 8 થી 11 હાઈસ્કૂલના ધોરણો હતાં. આમ હોવાનું કારણ એ હતું કે તે વખતે ધોરણ 1 થી 4 કે 5 પ્રાથમિક કેળવણીના ગણાતા અને તેનું શિક્ષણ પ્રાદેશિક ભાષામાં આપવામાં આવતું, જ્યારે ધોરણ 5 થી 7 મિડલ સ્કૂલના હતાં, તેનું શિક્ષણ ભારતીય ભાષાઓ દ્વારા કે અંગ્રેજી દ્વારા થતું, તેથી જ તે શાળાઓને અનુક્રમે વર્નાક્યુલર મિડલ સ્કૂલો અને અંગ્રેજી મિડલ સ્કૂલો કહેવામાં આવતી, તે કારણથી જ હજુ પણ મિડલ સ્કૂલ શબ્દ પ્રયોગ ચાલુ છે.
- બીજા અખિલ ભારતીય શૈક્ષણિક સર્વેક્ષણ (1965)માં થવા ધોરણ 5 થી 7/8 નો મિડલ સ્કૂલ તરીકે ઉલ્લેખ થયો છે. થવા ગુજરાત જેવાં કેટલાંક રાજ્યોમાં સાર્વત્રિક, મફત અને ફરજિયાત પ્રાથમિક કેળવણીની વયમર્યાદા બંધારણમાં 6 થી 14ની થઇ છે.
- તેથી મિડલ સ્કૂલના ધોરણ 5 થી 7 એ પ્રાથમિક કેળવણીના ઉપલા સ્તર બન્યાં છે.

આ સ્તરને સિનીયર બેઝીક થવા કહેવામાં આવી છે. આમ, માધ્યમિક કેળવણી 8 થી 11 ચાર-ચાર ધોરણોને આવરી લેતી બને, પણ ત્યારે પછી રાધાકૃષ્ણન યુનિવર્સિટી પંચે અને માધ્યમિક શિક્ષણ પંચે ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો એક નવો જ ખ્યાલ આપ્યો.

આથી માધ્યમિક શાળામાં ઉચ્ચતર કક્ષાના બે ધોરણો ઉમેરાયા. આ કક્ષાએ શિક્ષણનું ધોરણ અગાઉની ઇન્ટર મીડીએટ કૉલેજ કક્ષાનું થાય એવી અપેક્ષા હતી. 1966માં કોઠારી પંચે 1 થી 10 ધોરણની બનેલી સામાન્ય શિક્ષણવાળી શાળેય શિક્ષણની સંકલ્પના આપી.

આ રીતે કોઠારી પંચે શાળા-કેળવણીને Pre University તરીકે Treat કરીને ભલામણો કરી છે અને છતાંયે Proper Planning and Development of School-Curriculum ને લીધે આ સમગ્ર યુનિટને જુદાં-જુદાં ઉપવિભાગોમાં વહેંચી નાખ્યું.

- પૂર્વ પ્રાથમિક
- પ્રાથમિક (નિમ્ન અને ઉચ્ચ)
- માધ્યમિક (નિમ્ન અને ઉચ્ચ)

સામાન્ય દૃષ્ટિકોણ વાતો સમગ્ર શાળા-કેળવણી એક છે, તે રાખવામાં આવ્યો છે, તેવો ધોરણ-1 થી 10 ના શિક્ષણને સ્વયં સંપૂર્ણ બનાવ્યું. ધોરણ 11-12 ને ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણો બનાવવામાં આવ્યા છે. આજે ધોરણ 11 થી 12 ના સળંગ શિક્ષણનો ખ્યાલ ઉપસી રહ્યો છે, તેથી જ કહી શકાય કે આગામી વર્ષોમાં માધ્યમિક કેળવણીની કક્ષા એક જુદી કક્ષા ગણવાને બદલે શાળા શિક્ષણની કક્ષાનો અંતર્ગત ભાગ જ લેવાશે.

**(2) માધ્યમિક શિક્ષણ એટલે શું ?**

- અત્યારની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને માધ્યમિક શિક્ષણને નીચે પ્રમાણે વ્યાખ્યાયિત કરી શકાય :
- માધ્યમિક શિક્ષણ એટલે ધોરણ 8 થી 10 નું કે 14 થી 16 વર્ષની વયકક્ષાના બાળકોનું શિક્ષણ
- ધોરણ 8 થી 10 ધોરણના વિદ્યાર્થીઓને શિક્ષણ આપતી સંસ્થા છે.
- નવી જોગવાઈ પ્રમાણે

ધોરણ 9 થી 10 ધોરણના વિદ્યાર્થીઓને શિક્ષણ આપતી સંસ્થા છે, જેમાં વિદ્યાર્થીઓને નાગરિકતાના ગુણો, મૂલ્યો, જવાબદારી, રાષ્ટ્રીય એકતા, સહકારની ભાવના વગેરે બાબતો પર ભાર આપવામાં આવે છે.

**(3) માધ્યમિક શિક્ષણના હેતુઓ :**

માધ્યમિક શિક્ષણના હેતુઓ નીચે પ્રમાણે દર્શાવી શકાય :

(1) ધોરણ-10 સુધીના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનો પ્રબંધ કરવો.

(2) વ્યવાસાયિક શક્તિ ખીલવવા માટે પ્રયત્ન કરવો.

(3) વિદ્યાર્થીઓમાં સારા નાગરિકના ગુણો વિકસાવવા.

(4) વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ભાવના વિકસાવવી.

(5) વિદ્યાર્થીઓમાં ચારિત્ર્યનું નિર્માણ કરવું.

(6) વિદ્યાર્થીઓમાં વિવિધ કૌશલ્યો વિકસાવવા.

(7) વિદ્યાર્થીઓ પોતાની જવાબદારી ઉઠાવી શકે તેવા શક્તિમાન બનાવવા.

(8) વિદ્યાર્થીઓ મૂલ્યોનો વિકાસ કરવો.

(9) વિદ્યાર્થીઓમાં સામાજિક સમાનતાની ભાવના વિકસાવવી.

## 3. ભારતની પંચવર્ષીય યોજનાઓ :

**(1) આઝાદી બાદ પંચવર્ષીય યોજનાઓ :**

આપણો દેશ 1947 ની 15મી ઓગસ્ટે આઝાદ થયો. આપણે બંધારણ ઘડીને 1950ની જાન્યુઆરીની 26મી એ અમલી બનાવ્યું, એટલે 1950માં આપણે દેશની સિકલ બદલવા આઝાદ ભારતને આબાદ બનાવવા પાર્લામેન્ટે રાષ્ટ્રીય આયોજન પંચની રચના કરી, પરિણામે આપણે છ પંચવર્ષીય યોજનાઓ પૂર્ણ કરી શક્યા છીએ :

- સને 1951 થી 1956 માં પ્રથમ પંચવર્ષીય યોજના.
- સને 1956 થી 1961માં બીજી પંચવર્ષીય યોજના.
- સને 1961 થી 1966માં ત્રીજી પંચવર્ષીય યોજના.
- સને 1966 થી 1969 દરમિયાન ત્રણ વાર્ષિક યોજનાઓ ઘડવામાં આવી.
- સને 1969 થી 1974માં ચોથી પંચવર્ષીય યોજના.
- સને 1974 થી 1979માં પાંચમી પંચવર્ષીય યોજના.
- સને 1979 થી 1980 સુધીની વાર્ષિક યોજના.
- સને 1980 થી 1985 સુધીની છઠ્ઠી પંચવર્ષીય યોજના.
- સને 1985 થી 1990 સુધીની સાતમી પંચવર્ષીય યોજના.

આમ આપણે ત્રણ યોજનાઓ તો સરળતાથી પાર કરી શક્યા હતાં, પરંતુ ચોથી યોજના જે 1966 થી કરી શકયા. કારણ કે, 1962 ના ચીન સાથેના વિગ્રહ અને 1865-66ના પાકિસ્તાન સાથેના ઘર્ષણને કારણે દેશમાં આર્થિક તંત્રમાં કટોકટી ઊભી થઈ. ઓછું હોય તેમ આફત પણ ભળી. 1965 થી 1967 દરમિયાન દેશમાં સતત બે વર્ષ કૃષિ ઉત્પાદનમાં ઘટાડો થયો. 1966માં રૂપિયાનું અવમૂલ્યન થયું. પરિણામે 1966 થી 1969 દરમિયાન આર્થિક આયોજનની ફેરવિચારણા કરીને વાર્ષિક યોજનાઓ બનાવી; એટલે ત્રણ વર્ષ સુધીનું વચગાળાનું આયોજન કરવું પડયું. ત્યાર બાદ 1979-80માં એક વાર્ષિક યોજના થઈ. પછીથી 1980 થી 85 છઠ્ઠી અને 1985 થી 1990 સુધીની સાતમી યોજના અમલી બની છે.

પંચવર્ષીય યોજનાના આયોજન અને અમલ સાથે આઝાદી બાદ ભારતીય ઈતિહાસના શિક્ષણમાં સીમાચિન્હરૂપ નીચેનાં ત્રણ પંચો નિમાયાં જેમણે ખૂબ અગત્યની ભલામણ કરી :

(1) ભારતીય વિદ્યાપીઠપંચ (રાધાકૃષ્ણનપંચ) : 1948-49 જેણે ઉચ્ચ શિક્ષણનાં ધ્યેયો, ત્રિવર્ષી-ડિગ્રી કોર્સ, સામાન્ય શિક્ષણ, ગ્રામ-વિદ્યાપીઠ અને ઉચ્ચ શિક્ષણના માધ્યમ તરીકે પ્રાદેશિક-માતૃભાષા માધ્યમ બનાવવાની ભલામણો કરી.

(2) માધ્યમિક શિક્ષણપંચ (મુદ્દલિયાર કમિશન) : 1952-53 શિક્ષણના સમગ્ર ઈતિહાસમાં ભારતમાં માધ્યમિક શિક્ષણ અંગેનુ આ પ્રથમ પંચ ગણાય, જેણે માધ્યમિક શિક્ષણના હેતુઓ, ટેકનિકલ શિક્ષણ, અભ્યાસક્રમ-પરીક્ષા-સુધારણા, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, વિવિધલક્ષી માધ્યમિક શાળાઓની હિમાયત કરી.

(3) રાષ્ટ્રીય શિક્ષણપંચ (કોઠારી કમિશન) : 1964-66 આઝાદી બાદ રાષ્ટ્રીય સમસ્યાઓનો સંદર્ભમાં શિક્ષણનો સૌ પ્રથમ વિચાર થયો. 16 વિદ્વાનોનીઆંતરરાષ્ટ્રીય ટીમે 9000 વ્યક્તિઓના ઈન્ટરવ્યૂ લઈને 2400 લેખિત નોંધો પ્રાપ્ત કરીને 673 પૃષ્ઠનો 19 પ્રકરણોમાં વહેંચાયેલો દળદાર અહેવાલ દેશ સમક્ષ મૂક્યો. એ અહેવાલનું પાનદીઠ, રૂ.2,250/-અને શબ્દદીઠ ગણીએ તો રૂ.2.50 પૈ. થી વધુ ખર્ચે છે. ભારતીય શિક્ષણના ઈતિહાસમાં આ અહેવાલે ખૂબ જ દૂરંદેશીભરી 20 વર્ષની યોજના આપી છે. એની ભલામણોથી જ આપણે ત્યાં શિક્ષણની 10+2+3 ની નવી તરાહ અસ્તિત્વમાં આવી.

**1. પંચવર્ષીય યોજનાઓમાં આર્થિક ફાળવણી :**

આઝાદી પહેલાં શિક્ષણ પાછળ ખાસ નાણાં સરકાર દ્વારા ખર્ચાયા ન હતા. આઝાદી બાદ આપણે 1951-52 થી પંચવર્ષીય યોજનાઓ અમલી બનાવી. છ યોજનાઓ પૂર્ણ થઈ. સાતમી યોજના (1985 થી 1990)અસ્તિત્વમાં છે. આપણે છ યોજના દરમ્યાન કેટલાં નાણાં કયાં ખર્ચાયા તે જોઈશું.

આ પંચો ઉપરાંત 1977માં શ્રી ઈશ્વરભાઈ કમિટીનો અહેવાલ અને કાર્ય-અધ્યયન (Learn-

ing to Do) અને ડો.આદિસેશિયાહ રાષ્ટ્રીય સમીક્ષા સમિતિનો અહેવાલ પણ શિક્ષણ-જગત સમક્ષ નવા ઉન્મેષો લઈને આવ્યો છે. ભારત સરકારે 16 ફેબ્રુઆરી, 1983 ના રોજ બે રાષ્ટ્રીય શિક્ષકપંચોની નિમણૂંક કરી છે. જેમા એક પંચના અધ્યક્ષે પ્રો.ડી.પી ચટ્ટોપાધ્યાય અને બીજા પંચના અધ્યક્ષ પ્રો.રઈસ અહમદ છે. બંને પંચોના સભ્ય સચિવ તરીકે શ્રી કિરીટ જોષી છે, જેઓ ભારત સરકારના શિક્ષણ મંત્રાલયમાં વિશિષ્ટ સચિવ છે. પ્રથમ પંચ શાળા શિક્ષણ અંગે અને બીજુ પંચ ઉચ્ચ શિક્ષણ અંગે ભલામણો કરશે. બંને પંચના મળીને 40 સભ્યો છે. બંને પંચોએ પોતપોતાની કાર્યપ્રણાલી નક્કી કરી છે. ફેબ્રુઆરી 84માં પંચોએ કેટલીક ભલામણો પ્રગટ કરી છે, પરંતુ આખરી રિપોર્ટ જુલાઈ, 1984માં પ્રગટ થશે. આ બંને પંચોને શિક્ષક અધ્યાપકોના પગાર અંગે ભલામણ કરવાનું સોપ્યું નથી એ વિશિષ્ટ વાત છે.

આમ, પંચવર્ષીય યોજનાઓના ઘડતર સાથે આઝાદી બાદ ત્રણ પંચો અને બે સમિતિઓ અને બે શિક્ષકો માટેનાં રાષ્ટ્રીય પંચોએ શિક્ષણ-વિકાસ માટે અમૂલ્ય ભલામણો કરી છે.

| ક્રમ | યોજના | યોજના વર્ષ | શિક્ષણ પાછળ ખર્ચાયેલ કુલ રકમ રૂ. | | પ્રાથમિક શિક્ષણ પાછળ ખર્ચાયેલ રકમ રૂ. | | માધ્યમિક શિક્ષણ પાછળ ખર્ચાયેલ રકમ રૂ. | | ઉચ્ચ શિક્ષણ પાછળ ખર્ચાયેલ રકમ રૂ. | | સમાજશિક્ષણ, સાંસ્કૃતિક, ટેકનીકલ અને અન્ય શિક્ષણ પાછળ ખર્ચાયેલ રકમ રૂ. | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કરોડમાં | બજેટના ટકા | કરોડમાં | બજેટના ટકા | કરોડમાં | બજેટના ટકા | કરોડમાં | બજેટના ટકા | કરોડમાં | બજેટના ટકા |
| 1 | પ્રથમ | 1951-1956 | 169.60 | 7 | 93.00 | 54.83 | 21.90 | 12.91 | 15.47 | 9.12 | 39.23 | 23.14 |
| 2 | બીજી | 1956-1961 | 307.00 | 7 | 89.00 | 28.99 | 52.53 | 17.11 | 46.30 | 15.08 | 119.17 | 38.82 |
| 3 | ત્રીજી | 1961-1966 | 569.00 | 7 | 209.00 | 36.73 | 88.00 | 15.47 | 82.00 | 14.41 | 190.00 | 33.39 |
| 4 | વાર્ષિક ત્રણ યોજનાઓ | 1966-1969 | 290.95 | — | 64.70 | 22.24 | 64.17 | 22.06 | 82.23 | 28.26 | 79.85 | 27.44 |
| 5 | ચોથી | 1969-1974 | 786.00 | 3 | 239.00 | 30.41 | 140.00 | 17.81 | 195.00 | 24.81 | 212.00 | 26.97 |
| 6 | પાંચમી | 1974-1979 | 1285.00 | 4 | 410.00 | 31.91 | 250.00 | 19.46 | 292.00 | 22.72 | 333.00 | 25.91 |
| 7 | વાર્ષિક યોજના | 1979-1980 | 262.96 | — | 118.33 | 45.00 | 36.82 | 14.00 | 36.82 | 14.00 | 70.99 | 27.00 |
| 8 | છઠ્ઠિ યોજના | 1980-1985 | 25223.70 | 2.6 | 1034.00 | 45.32 | 402.00 | 13.49 | 399.00 | 13.34 | 688.70 | 27.85 |
| 9 | કુલ | છ યોજનામાં | 6194.21 | — | 2257.03 | 36.44 | 1055.42 | 17.04 | 1148.82 | 18.54 | 1732.94 | 27.98 |
| 10 | સાતમી | 1985-1990 | 8573.09 | — | 1830.45 | 21.35 | 2387.65 | 27.85 | 2387.65 | 27.85 | 1967.34 | 22.94 |

(2) India : Publications Division, Ministry of Infromation and Broadcasting, Government of India : 1975 to 1985

(3) શાહ અને દેસાઈ નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ : ગુડકમ્પેનિઅન્સ-વડોદરા :જુલાઈ-1987 પૂ. 27(અહી આપેલ આંકડા-સાતમી યોજનાના લક્ષ્યાંકો છે. તેમાં ફેરફારને અવકાશ છે).

નિષ્કર્ષ : છ પંચવર્ષીય યોજનાઓ આપણે પુર્ણ કરી છે. છ યોજનાના 34 વર્ષ દરમિયાન આપણા દેશે શિક્ષણ પાછળ શી જોગવાઇઓ (આર્થિક) કરી છે તે ઉપર્યુક્ત કોઠા પરના તારણથી જોઈએ.

(1) છ એ યોજના દરમિયા સમગ્ર શિક્ષણ પાછળ 6194.21 કરોડ રૂપિયા ખર્ચાયા છે. જેમાંના 17ટકા (17.04) જેટલાં નાણાં 1055.42 કરોડ રૂપિયા માધ્યમિક શિક્ષણ પાછળ વપરાયા છે.

(2) છ એ યોજના દરમિયાન સૌથી વધુ રકમ પ્રાથમિક શિક્ષણ પાછળ 36.44 ટકા (2257.03 કરોડ રૂપિયા) અને સૌથી ઓછી રકમ માધ્યમિક શિક્ષણ પાછળ ખર્ચાયા છે. સૌથી વધુ નાણાં પ્રાથમિક શિક્ષણ પાછળ પછી માધ્યમિક શિક્ષણ પાછળ ખર્ચાવા જોઈએ જે બન્યું નથી.

(3) પ્રથમ યોજનામાં સમગ્ર બજેટના 7 ટકા નાણાં શિક્ષણ પાછળ ફાળવાયાં હતા. છઠ્ઠી યોજનામાં તે ઘટીને 2.6 ટકા થઇ ગયાં છે. આમ પ્રથમ યોજનાથી છઠ્ઠી યોજના દરમિયાન નાણાં વધુ ખર્ચાયા છે પણ ટકાવારી ઓછી થતી ગઇ છે. ખરેખર તો સમગ્ર બજેટના 10 ટકા નાણાં શિક્ષણ પાછળ ફાળવવાં જોઇએ.

(4) તે જ રીતે પ્રથમ યોજના પછી માધ્યમિક શિક્ષણ પાછળની રકમ વધતી ગઈ છે. પરંતુ સમગ્ર શિક્ષણના બજેટના પ્રથમ યોજનામાં ૫૫ ટકા (54.83 ટકા) નાણાં માધ્યમિક શિક્ષણ પાછળ ફાળવ્યા હતાં. જ્યારે છઠ્ઠી યોજનામાં તે નાણાં ઘટીને 45 ટકા (45.32 ટકા) થઇ ગયાં છે.

(5) પ્રથમ યોજના કરતાં છઠ્ઠી યોજનામાં માધ્યમિક શિક્ષણ પાછળ લગભગ 18 ગણા (18.35 ગણા) નાણાં ખર્ચાયા છે. વળી 34 વર્ષ દરમ્યાન દર વર્ષે માધ્યમિક શિક્ષણ પાછળ 11.18 કરોડ નાણાં ખર્ચાયા છે.

(6) સાતમી યોજનાના લક્ષ્યાંકમાં માધ્યમિક શિક્ષણ પાછળ 2387.65 કરોડ રૂપિયા (27.85 ટકા) ખર્ચવાની જોગવાઇ છે. સાતમી યોજનામાં જે નાણાં ફાળવ્યાં છે તે અત્યાર સુધી છ એ યોજનાઓના સરવાળા કરતાં બમણી છે. એટલે યોજનાના આયોજકોએ માધ્યમિક શિક્ષણના વિકાસની અપેક્ષાઓ પણ સાતમી યોજનામાં આ પ્રમાણે રાખી છે.

- માધ્યમિક શિક્ષણની સુવિધાઓ વધારવી.
- ગણિત-વિજ્ઞાન તથા કાર્યાનુભવ જેવા વિષયોને મહત્ત્વ આપવું જેમાં ''દૂરશિક્ષણ'નો પણ સમાવેશ કરવો.
- સ્થાનિક સંસ્થાઓને ઉત્તેજન આપવું.
- પછાત વિસ્તારોને શહેરો જેવી સગવડ આપવી.
- માધ્યમિક શિક્ષણ સમગ્ર દેશમાં મફત કરવામાં આવે.
- માધ્યમિક શિક્ષણનું વ્યાવસાયીકરણ, પ્રાપ્ત સામગ્રીનો ગુરુત્તમ ઉપયોગ, અદ્યતન પ્રયોગશાળા નિર્માણ, પૂરતું નિરીક્ષણ અને સમાજસેવાના કાર્યક્રમો ઉપર ભાર આપણે ઇચ્છિએ કે, સાતમી યોજનાની આ આશાઓ ફળીભૂત થાય.

(7) પંચવર્ષીય યોજનાઓ દરમિયાન શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણ 1:25 નું રહેલું છે. સમગ્ર શિક્ષણ પાછળ ભારતમાં વિદ્યાર્થીદીઠ સરેરાશ 12 રૂપિયાનો ખર્ચ (1995-96)થયો હતો. તે જ વખતે વિશ્વના અન્ય દેશો કરતાં આપણે કેટલો ઓછો ખર્ચ કરતા હતા તે જાણવા જેવું છે.

| | |
|---|---|
| (1) અમેરિકા- 1,175 રૂ. | (3) ઈંગ્લેન્ડ-518 રૂ. |
| (2) રશિયા-938 રૂ. | (4) ફ્રાન્સ-245 રૂ. |

ગુજરાત એ વખતે શિક્ષણ પાછળ વ્યક્તિદીઠ સરેરાશ ખર્ચ રૂ.16 કરતુ હતું. પણ વિશ્વના આંકડાને આંબવા હજુ આપણે કેટલી મંઝિલ કાપવી બાકી છે ? કોઠારીપંચે સૂચવ્યું છે કે, 1985-86 સુધીમાં સમગ્ર શિક્ષણ પાછળ વ્યક્તિદીઠ વાર્ષિક સરેરાશ ખર્ચ રૂ. 54 થવો જોઈએ.

વળી, જુદા જુદા દેશોમાં શિક્ષણ પાછળ થતું સરાસરી ખર્ચ, કુલ રાષ્ટ્રીય આવકના કેટલા ટકા છે, તે જાણવું રસપ્રદ થઇ પડશે.

**કુલ રાષ્ટ્રીય આવકની ટકાવારીમાં**

| | | |
|---|---|---|
| 1. | અમેરિકા | 5.8 |
| 2. | બ્રિટન | 5.8 |
| 3. | કેનેડા | 8.2 |
| 4. | ભારત | 2.4 |
| 5. | ઈરાક | 6.7 |
| 6. | તાઈવાન ચીન | 3.3 |
| 7. | જોર્ડન | 7.0 |
| 8. | ફિલિપાઈન્સ | 4.6 |
| 9. | મલેશિયા | 6.4 |
| 10. | સિંગાપુર | 3.1 |
| 11. | થાઈલેન્ડ | 3.1 |
| 12. | સિરિયા | 9.1 |
| 13. | કેનિયા | 5.3 |
| 14. | ઝાંબિયા | 5.6 |
| 15. | યુગાન્ડા | 5.2 |
| 16. | ચીલી | 5.4 |

ઉપર્યુક્ત આંકડા જોતાં સ્પષ્ટ થાય છે કે, ભારત પોતાની રાષ્ટ્રીય આવકના ૨.૫ ટકા શિક્ષણ પાછળ ખર્ચે છે,જે વિશ્વના 16 દેશોની તુલનામાં ઓછામાં ઓછું પ્રમાણ છે. આપણા દેશ કરતાં નાના દેશો પણ વધુ રકમ ખર્ચે છે.

1955-66માં ભારતમાં રાષ્ટ્રીય આવકના 2.9 ટકા નાણાં ખર્ચાયાં હતા. તે વધારીને 1985-86 માં 6 ટકા કરવાનું કોઠારીપંચે યોગ્યરીતે જ સૂચન કર્યું છે.

માધ્યમિક શિક્ષણ પાછળ સરેરાશ વિદ્યાર્થીદીઠ પંચવર્ષીય યોજનાઓના ગાળા દરમિયાન જે ખર્ચ થયું છે તે નીચે મુજબ છે.

| | |
|---|---|
| પ્રથમ યોજના દરમિયાન સરેરાશ વિદ્યાર્થી દીઠ ખર્ચ | 73 |
| બીજી યોજના દરમિયાન સરેરાશ વિદ્યાર્થી દીઠ ખર્ચ | 89 |
| ત્રીજી યોજના દરમિયાન સરેરાશ વિદ્યાર્થી દીઠ ખર્ચ | 107 |
| ચોથી યોજના દરમિયાન સરેરાશ વિદ્યાર્થી દીઠ ખર્ચ | 206 |
| પાંચમી યોજના દરમિયાન સરેરાશ વિદ્યાર્થી દીઠ ખર્ચ | 244 |

આ રકમ નિમ્ન માધ્યમિક શાળામાં સામાન્ય પ્રવાહમાં ભણતા વિદ્યાર્થીઓ માટે જ ખર્ચી છે. વ્યાવસાયિક શિક્ષણનો એમાં સમાવેશ થયો નથી. કોઠારીપંચે (વિદ્યાર્થીદીઠ માધ્યમિક શિક્ષણ પાછળનું વાર્ષિક સરેકાશ ખર્ચ રૂ.443.71985-86 સુધીમાં કરવાની ભલામણ કરી છે.)

### 3. પંચવર્ષીય યોજનાઓ દરમિયાન માધ્યમિક શાળાઓની સંસ્થાઓમાં વૃદ્ધિ :

પાંચ પંચવર્ષીય યોજનાઓ દરમિયાન માધ્યમિક શાળાઓમાં ઠીક ઠીક વૃદ્ધિ થયેલી જોવા મળે છે. આપણે મિડલ અને માધ્યમિક-ઉચ્ચ માધ્યમિક શાળાઓની સંખ્યા કઈ રીતે વૃદ્ધિ પામી છે, તે જોઈએ.

| ક્રમ | યોજના અને વર્ષ | મિડલ/સિનિયર બેઝીક સ્કૂલની સંખ્યા | માધ્યમિક શાળાઓની સંખ્યા | | | માધ્યમિક શાળાઓમાં વધારો કે ઘટાડો |
|---|---|---|---|---|---|---|
| | | | માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઆ | વિવિધલક્ષી માધ્યમિક શાળાઓ | કુલ માધ્યમિક શાળાઓ | |
| ૧ | આઝાદી સમયે ૧૯૪૭ | -- | 5300 | - | 5300 | -- |
| ૨ | પ્રથમ યોજના પ્રારંભે ૧૯૫૦-૫૧ | 13,596 | 7,288 | - | 7,288 | +1,988 |
| ૩ | પ્રથમ યોજનાને અંતે ૧૯૫૫-૫૬ | 21,730 | 10,838 | 255 | 11,093 | +3,805 |
| ૪ | બીજી યોજનાને અંતે૧૯૬૦-૬૧ | 49,663 | 17,257 | 2,155 | 19,372 | +8,279 |
| ૫ | ત્રીજી યોજનાને અંતે ૧૯૬૫-૬૬ | 75,798 | 27,477 | 2,386 | 29,863 | +10,491 |
| ૬ | ત્રણ વાર્ષિક યોજનાને અંતે ૧૯૬૬-૬૯ | 88,567 | 34,773 | 2,625 | 38,398 | +8,353 |
| ૭ | ચોથી યોજનાને અંતે ૧૯૭૩-૭૪ | 97,356 | 40,127 | 2,612 | 42,739 | +4,341 |
| ૮ | પાંચમી યોજનાને અંતે ૧૯૭૯-૭૯ | 1,10,902 | 46,874 | - | 46,874 | +4,135 |
| ૯ | વાર્ષિક યોજનાને અંતે ૧૯૭૯-૮૦ | 1,14,720 | 52,279 | - | 52,279 | +5,405 |
| ૧૦ | છઠ્ઠી યોજનાને અંતે ૧૯૮૪-૮૫ | 1,40,000 | 60,000 | - | 60,000 | +7,721 |
| ૧૧ | છ યોજનાને અંતે એકંદર | 7,12,332 | 2,97,973 | 9,993 | 3,07,906 | |

ઉપર્યુક્ત સારણી ઉપરથી છ પંચવર્ષીય યોજનાઓ એટલે કે, 34 વર્ષ દરમિયાન માધ્યમિક શાળાઓની વૃદ્ધિનું ચિત્ર આ પ્રમાણે કહી શકાય.

1. પ્રથમ યોજનાની શરૂઆતમાં 13,596 મિડલ સ્કૂલ હતી તે વધીને છઠ્ઠી યોજનાને અંતે 1,40,000 થઇ. અર્થાત્ 34 વર્ષમાં 1,26,404 નવી મિડલ સ્કૂલ શરૂ થઈ. એટલે કે, દર વર્ષે 3,718(3717.76) જેટલી નવી મિડલ સ્કૂલ આ દેશમાં શરૂ થઇ. બીજી રીતે કહીએ તો છ એ યોજના દરમિયાન મિડલ સ્કૂલની વૃદ્ધે દસગણી થઈ.

2. આઝાદી પ્રાપ્ત થઇ ત્યારે આ દેશમાં 5300 માધ્યમિક શાળાઓ હતી. છઠ્ઠી યોજનાને અંતે તે વધીને 10,000 થઈ એટલે કે, આઝાદી બાદ 38 વર્ષ દરમિયાન 54,700 નવી માધ્યમિક શાળાઓ વધી. દરવર્ષે 1440 (1439.47) નવી માધ્યમિક શાળાઓ આઝાદી બાદ આ દેશમાં શરૂ થઇ. બીજી રીતે કહીએ તો આઝાદી પછી માધ્યમિક શાળાઓમાં 11 ગણી વૃદ્ધિ થઇ છે.

3. છ એ પંચવર્ષીય યોજનાઓ દરમિયાન 52,712 નવી માધ્યમિક શાળાઓ 34 વર્ષ દરમિયાન શરૂ થઇ. અર્થાત્ દર વર્ષે દેશમાં પંચવર્ષીય યોજનાઓ દરમિયાન 1550 નવી માધ્યમિક શાળાઓ ખુલી. એટલે કે આઝાદી બાદ પંચવર્ષીય યોજનાઓ દરમિયાન માધ્યમિક શાળાઓની વૃદ્ધિ 8 ગણી થઇ.

4. આપણા દેશમાં પાંચ માઈલના વિસ્તારમાં એક માધ્યમિક શાળા અથવા 5000ની વસતિએ એક માધ્યમિક શાળાનો લક્ષ્યાંક છે. આપણે 1985 ની દેશની વસતિ 70 કરોડ ગણીએ તો એકંદરે જોઈએ. તેની જગ્યાએ 90,000 માધ્યમિક શાળાઓ વિદ્યમાન છે. એટલે કે દેશમાં

80,000 નવી માધ્યમિક શાળાઓની જરૂર છે એમ કહી શકાય.

આમ, નવી માધ્યમિક શાળાઓ શરૂ થાય તો જ દેશના માધ્યમિક શિક્ષણનો યોગ્ય બાળકો શિક્ષણ પ્રાપ્ત કરી શકે. છઠ્ઠી યોજનાને અંતે દેશનાં 14 થી 17 વર્ષની ઉંમરના માધ્યમિક શિક્ષણને યોગ્ય કુલ બાળકોમાંથી લગભગ 33% માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ છે. બાકીના 67% ને સમાવવા નવી માધ્યમિક શાળાઓની જરૂર રહેશે.

5. નવી માધ્યમિક શાળાઓ શરૂ કરતી વખતે તે વધુ ખર્ચાળ ન બને અને કાર્યક્ષમતાની ઊંચી ટોચ પર ટકી શકે એ બસે બાબતો પર ધ્યાન આપવું જોઈએ. કોઠારી શિક્ષણપંચે (1964-96) માધ્યમિક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યાની દષ્ટિએ સ્થિતિ અસંતોષકારક છે, એવું પોતાના અભ્યાસ પરથી સૂચવ્યું છે. પંચે 9 રાજ્યોના 39 જિલ્લાઓમાં માધ્યમિક શાળાઓ સંખ્યાના પ્રમાણમાં કેવી રીતે વિસ્તરી છે, તે દૃશવ્યું છે. તેનો નિષ્કર્ષ આવો છે.

- 100 થી ઓછા વિદ્યાર્થીઓવાળી 295.6 ટકા શાળાઓ હતી. આથી સૌથી વધુ શાળાઓ 45.1 ટકા જેટલી રાજસ્થાનમાં આવેલી હતી.
- 100 થી 1309 વિદ્યાર્થીઓવાળી શાળાઓ 11.7 ટકા શાળાઓ હતી, તેમાં સૌથી વધુ 21.4 ટકા રાજસ્થાનમાં હતી.
- 140 થી 179 સંખ્યાવાળી 9.1 ટકા શાળાઓ હતી, જેમાં 21.2 ટકા પંજાબમાં હતી.
- 180 થી 239 સંખ્યાવાળી 8.9 ટકા શાળાઓ હતી, જેમાં 16.6 ટકા સૌથી વધુ ઓરિસ્સામાં હતી.
- ર40 થી 319 સંખ્યાવાળી 10.3 ટકા શાળાઓ હતી, જેમાં 13.1 ટકા મૈસુરમાં સૌથી વધુ હતી.
- 320 થી 399 સંખ્યાવાળી 9.00 ટકા શાળાઓ હતી, જેમાં સૌથી વધુ 12.8 ટકા કેરાલામાં હતી.
- 400 થી 479 સંખ્યાવાળી 8.2 ટકા શાળાઓ હતી.
- 480 થી 519 સંખ્યાવાળી 3.5 ટકા શાળાઓ હતી.
- પર0 થી ઉપરની સંખ્યાવાળી શાળાઓનું પ્રમાણ 12.7 ટકા હતું. પંચે નોંધ્યું છે કે, માધ્યમિક શાળાઓનું સ્થાનિકરણ તેમની વિદ્યાર્થી સંખ્યાની દષ્ટિએ ઘણું અસંતોષકારક છે. કોઠારીપંચે તેને સુધારવા માટેની ભલામણો કરી છે, તે ઘણી જ અસરકારક છે. આપણે હવે પછીના આયોજનમાં આ ભલામણોને પાયાની ગણીએ એ મહત્ત્વનું છે. ભલામણો આ પ્રમાણેની છે.
- નાની અને ખચળ શાળાઓની સંખ્યા બને એટલી ઓછી કરવા પ્રયત્ન થવો જોઇએ.
- નવી માધ્યમિક શાળાને માન્યતા આપતાં પહેલાં સ્થાનિક વિસ્તારમાંથી તે પૂરતી સંખ્યામાં વિદ્યાર્થીઓને આકર્ષી શકશે કે નહિ તેની કેળવણી ખાતાએ ખાતરી કરવી જોઇએ. નહિ તો પાંચેક વર્ષમાં શાળામાં સંખ્યા અમુક સ્તરે વધીને પહોચવી જોઈએ.
- શાળા 10 થી 15 હજારની વસ્તીવાળા પ થી 7 માઇલના વિસ્તારમાંથી વિદ્યાર્થીઓ મેળવી શકે એમ હોવું જોઈએ.

કોઠારીપંચની ભલામણોની દષ્ટિએ જ્યાં શાળાઓની જરૂરિયાત છે, ત્યાં શાળાઓ મળે અને જ્યાં જરૂર નથી ત્યાં અનાવશ્યક ગુણવત્તાના ધોરણને નેવે મૂકીને માધ્યમિક શાળા ન ખોલવાની વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે. વળી, જે શાળાઓ છે તેની સુધારણા થાય અને તે વધુ સમૃદ્ધ બને એ પણ જરૂરી છે. નવી માધ્યમિક શાળાની સ્થાનિક જરૂરિયાત જોઈને મંજૂરી આપવી જોઈએ નહીં કે રાજકીય દષ્ટિએ.

હવે માધ્યમિક શાળાઓની વૃદ્ધિ સાથે તાલીમી સંસ્થાઓ અને શિક્ષકોની સંખ્યામાં થયેલી વૃદ્ધિ જોઈએ .

7. જુઓ. નેશનલ એજ્યુકેશનનો રિપોર્ટ (1964-66), 1966 પૃ. 180

8. એજન. પૃ.180

### 3.3.4 માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની વૃદ્ધિ :

માધ્યમિક શાળાઓની સંખ્યા વધવાની સાથે, માધ્યમિક શિક્ષકો અને તાલીમની સગવડો પણ વધેલી જણાય છે. પણ એ બધાનું મૂળ માધ્યમિક શાળામાં વધેલા વિદ્યાર્થીઓ છે. આપણે મિડલ અને સિનિયર બુનિયાદી શાળાઓ તથા માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક કક્ષાએ પંચવર્ષીય યોજનામાં થયેલી વિદ્યાર્થીઓની વૃદ્ધિ જોઇશું.

**મિડલ અને માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થી ભરતી**

| ક્રમ | યોજના અને વર્ષ | યોજનાનું વર્ષ | 11 થી 14 વર્ષની ઉંમરના, ધો-6 થી 8ના બાળકોની ભરતી | | 14 થી 17 વર્ષની ઉંમરના, ધો-9 થી 12ના બાળકોની ભરતી | |
|---|---|---|---|---|---|---|
| | | | સંખ્યા લાખમાં | ટકા | સંખ્યા લાખમાં | ટકા |
| 1 | આઝાદી સમયે | 1947 | — | — | 8.7 | 3.8 |
| 2 | પ્રથમ યોજના પ્રારંભે | 1950-51 | 31.2 | 12.7 | 12.2 | 5.3 |
| 3 | પ્રથમ યોજનાને અંતે | 1955-56 | 42.9 | 16.5 | 18.8 | 7.4 |
| 4 | બીજી યોજનાને અંતે | 1960-61 | 67 | 22.5 | 28.9 | 10.6 |
| 5 | ત્રીજી યોજનાને અંતે | 1965-66 | 105.3 | 30.8 | 50.4 | 16.2 |
| 6 | ત્રણ વાર્ષિક યોજનાને અંતે | 1973-74 | 134.4 | 34.2 | 72.8 | 20.0 |
| 7 | ચોથી યોજનાને અંતે | 1973-74 | 146.9 | 35.6 | 74.8 | 20.0 |
| 8 | પાંચમી યોજનાને અંતે | 1979-79 | 181.1 | 38.0 | 90.8 | 20.6 |
| 9 | વાર્ષિક યોજનાને અંતે | 1979-80 | 195.5 | 40.2 | 96.7 | 21.1 |
| 10 | છઠ્ઠી યોજનાને અંતે | 1984-85 | 263.2 | 51.0 | 168.0 | 33.0 |

ઉપર્યુક્ત સારણી ઉપરથી પંચવર્ષીય યોજનાનાં 34 વર્ષ દરમિયાન થયેલી વિદ્યાર્થી ભરતી આ મુજબ છે.

1. પ્રથમ યોજનાની શરૂઆતમાં ધો.6 થી 8માં મિડલસ્કૂલમાં ભણતાં બાળકોની સંખ્યા 31.2 લાખ હતી. તે વધીને છ યોજનાને અંતે 263.2 લાખ થઈ. અથતિ 34 વર્ષમાં 232 લાખ નવા વિદ્યાર્થી પ્રવેશ્યા. એટલે કે દર વર્ષે આશરે 7 લાખ (9.8ર લાખ) નવા વિદ્યાર્થીઓની ભરતી મિડલસ્કૂલ કક્ષાએ થઇ એટલે કે, યોજનાઓ દરમિયાન વિદ્યાર્થી ભરતી આઠગણી (8.4 ગણી) થઈ કહેવાય.

2. આઝાદી સમયે દેશની માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા- 8.7 લાખ હતી. 14 થી 17 વર્ષની ઉમરના આ દેશનાં તમામ બાળકોમાંથી આ સંખ્યા માત્ર 3.8 ટકા હતી. છઠ્ઠી યોજનાને અંતે 38 વર્ષ બાદ એ બાળકોની સંખ્યા 1498.00 લાખ થઈ ગઈ છે. અર્થાત આઝાદી બાદ 38 વર્ષ દરમ્યાન દેશની માધ્યમિક શાળાઓમાં 159.3 લાખ બાળકો નિશાળમાં નવા આવ્યાં એટલે કે, દર વર્ષે લગભગ 4 લાખ નવાં બાળકો માધ્યમિક શાળામાં ઉમેરાયા. એનો અર્થ એ થયો કે, 19 ગણી વૃદ્ધિ માધ્યમિક શાળાના બાળકોમાં થઇ.

3. યોજનાઓ દરમિયાનની વૃદ્ધિ જોઇએ તો પ્રથમ યોજના વખતે માધ્યમિક શાળાઓમાં આ દેશનાં 14 થી 17 વર્ષની ઉમરનાં કુલ બાળકોમાંથી 5.3 ટકા બાળકો એટલે કે 12.2 લાખ બાળકો ભણતાં હતાં. છઠ્ઠી યોજનાને અંતે એ સંખ્યા વધીને 198.0 લાખ થઇ છે. એટલે કે 34 વર્ષમાં કુલ 155.8 લાખ નવાં બાળકો માધ્યમિક શાળામાં દાખલ થયા. અર્થાત્ દર વર્ષે 4.58 લાખ નવાં બાળકોની ભરતી થઈ. પંચવર્ષીય યોજના દરમિયાન માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થી ભરતી લગભગ 14 ગણી 13.77થઈ એક કહેવાય. છઠ્ઠી યોજનાને અંતે દેશનાં 14 થી 17 વર્ષની ઉમરનાં તમામ બાળકોમાંથી 33 ટકાને હજુ માધ્યમિક શાળા બતાવાઈ છે. 97 ટકા હજુ માધ્યમિક શાળાની બહાર છે. તેમનું માધ્યમિક શિક્ષણ કેવી રીતે ક્યારે થશે એ સવાલ છે.

આમ તો દેશનાં 6 થી 14 વર્ષના તમામ બાળકો માટે સાર્વત્રિક શિક્ષણ અનિવાર્ય છે. પણ માધ્યમિક શિક્ષણ બધાને માટે અનિવાર્ય નથી. આ તબક્કે વિસ્તરણને બદલે તેમને વ્યાવસાયિક પ્રવાહોમાં કેમ વાળવાં એ દેશનો પ્રાણ પ્રશ્ન છે. માધ્યમિક શિક્ષણમાં માત્ર અટકાવીને આપણે દેશનું ભલું નહીં કરી શકીએ. આપણે છઠ્ઠી યોજનાને અંતે કદાચ 26 ટકા વિદ્યાર્થીઓને માધ્યમિક શાળામાં પવેશ આપીશું તે ચિત્ર અન્ય દેશોની તુલનામાં ઘણું પાછળ છે. 1967-98માં આપણે માંડ 20ટકા વિદ્યાર્થીઓને માધ્યમિક શાળા દેખાડી હતી, તે સમયે દુનિયાના અન્ય દેશોની શી સ્થિતિ હતી તે જોવા જેવી છે.

| સ્થાન | ટકા | સ્થાન | ટકા |
|---|---|---|---|
| 1. ઉત્તર અમેરિકા | 92 | 5.એશિયા | 30 |
| 2. યુરોપ રશિયા | 65 | 6. આરબ રાજ્યો | 25 |
| 3. ઓશેનિયા (ઓસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડ) | 60 | 7. | |
| 4. લેટિન અમેરિકા | 35 | 8. ભારત | 20 |

આ આંકડા પરથી સ્પષ્ટ જણાય છે કે, આફ્રિકા સિવાયના તમામ દેશો કરતાં આપણે પાછળ છીએ.

## 5. કોઠારીપંચની દૃષ્ટિએ માધ્યમિક ક્ષેત્રે વિદ્યાર્થી ભરતી

માધ્યમિક શિક્ષણમાં વિદ્યાર્થી ભરતીનું ચિત્ર જોતાં પહેલાં તેને માટે આગામી વર્ષોમાં શું કરવું જોઇશે તે જોઈએ.

(1) માધ્યમિક ક્ષેત્રે વિસ્તરણ-વિદ્યાર્થી ભરતી રાષ્ટ્રને હવે પછીનાં વર્ષોમાં કેટલા અને કેવા પ્રકારના સુશિક્ષિત માનવબળની જરૂરિયાત છે તેના અંદાજ પ્રમાણે નિયંત્રિત કરવી રહેશે. (૨) આ ક્ષેત્રે અત્યાર સુધીમાં ધંધાકીય શિક્ષણનો વિકાસ ખૂબ પાંગળો રહ્યો છે. તેથી ધંધાકીય શિક્ષણને વધુ વેગ આપવો રહેશે. નિમ્ન માધ્યમિક કક્ષાએ ધંધાકીય શિક્ષણ લેતા વિદ્યાર્થીઓનું પ્રમાણ ઓછામાં ઓછું 20 ટકા અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ 50 ટકા બનાવવું જરૂરી રહેશે. (4)શૈક્ષણિક તકની સમાનતાનો આદર્શ સિદ્ધ કરવા માટે ખૂબ બહોળા પ્રમાણમાં શિષ્યવૃતિઓની સુવિધા કરવી રહેશે. (4)તેજસ્વી વિદ્યાર્થીઓ કેવળ વિષય જ્ઞાનમાં નહિ પણ ઇતર શક્તિઓમાં પણની ખોજ કરવી રહેશે અને તેમની નિસર્ગદત્ત શક્તિઓ પાંગરે એવી અધ્યયનસામગ્રી તેમને પૂરી પાડવી રહેશે.

કોઠારીપંચે પોતાના અહેવાલમાં માધ્યમિક શિક્ષણની અપેક્ષિત ભરતીનું જે ચિત્ર આપ્યું છે. તે જોવાથી આપણને સ્પષ્ટ ખ્યાલ આવશે કે અપેક્ષા કરતાં આપણે કેટલા આગળ વધ્યા છીએ યા પાછળ રહ્યા છીએ.

| ક્રમ | ધોરણ/વર્ષ ધો.8 થી 10 | વિદ્યાર્થી ભરતી (હજારમાં) | | કુલ | વયજૂથની કુલ વસ્તીના ટકા | | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | | છોકરાઓ | છોકરીઓ | | છોકરાઓ | છોકરીઓ | |
| 1 | 1950-51 | 1304 | 204 | 1508 | 10.9 | 1.8 | 6.5 |
| 2 | 1955-56 | 1965 | 406 | 2371 | 14.9 | 3.3 | 9.3 |
| 3 | 1960-61 | 2941 | 741 | 3682 | 20.4 | 5.4 | 13.1 |
| 4 | 1965-66 | 4707 | 1420 | 5127 | 28.7 | 9.1 | 19.1 |
| 5 | 1970-71 | 6559 | 2259 | 8818 | 34.2 | 12.2 | 23.4 |
| 6 | 1975-76 | 9104 | 3581 | 12685 | 40.8 | 16.9 | 29.1 |
| 7 | 1980-81 | 12256 | 5285 | 17541 | 49.1 | 22.6 | 36.3 |
| 8 | 1985-86 | 16526 | 7842 | 24368 | 60.4 | 30.6 | 46.0 |
| | | | | ધો.11-12 | | | |
| 1 | 1950-51 | 245 | 37 | 282 | 3.3 | 0.5 | 1.9 |
| 2 | 1955-56 | 431 | 71 | 502 | 5.2 | 0.9 | 3.1 |
| 3 | 1960-61 | 717 | 132 | 849 | 8.0 | 1.6 | 4.9 |
| 4 | 1965-66 | 1172 | 226 | 1398 | 11.5 | 2.3 | 7.0 |
| 5 | 1970-71 | 1696 | 391 | 2087 | 14.6 | 3.5 | 9.2 |
| 6 | 1975-76 | 2351 | 638 | 2989 | 17.0 | 4.8 | 11.0 |
| 7 | 1980-81 | 3422 | 1089 | 4512 | 21.7 | 7.4 | 14.8 |
| 8 | 1985-86 | 5004 | 1869 | 6873 | 28.8 | 14.4 | 20.4 |

**16. Reprot of the Education Commission (1964-65, P.167)**

કોઠારીપંચે દર્શાવેલ ઉપર્યુક્ત કોઠા પરથી માધ્યમિક ક્ષેત્રે વિદ્યાર્થી ભરતીનો ખ્યાલ આવે છે. r™B™{ kàbr{ f þkæ ky ku(ધો.8 થી 10)માં 1950-51 પરમાં લગભગ 15 લાખ વિદ્યાર્થીઓનો અંદાજ છે. જે સંખ્યા વધીને 1985-89માં આશરે 2.44 કરોડ જેટલી થશે. એટલે કે લગભગ 16 ગણી વિદ્યાર્થી ભરતી થશે. વળી કોઠારીપંચની ધારણા મુજબ 1985-86માં તોયે 46 ટકા જ બાળકો શિક્ષણ પ્રાપ્ત કરશે. (પરંતુ આ ધારણાઓ ખોટી પડી છે. 1980-81માં તો હજુ 96.7 લાખ બાળકો અને 21.1 ટકા જ માધ્યમિક શાળામાં આવ્યાં છે તે પણ ઉચ્ચ માધ્યમિક સાથે તો કોઠારીપંચના લક્ષ્યાંકે પહોંચવા તો હજુ બે પંચવર્ષીય યોજનાઓ સુધી મથવું પડશે.)

ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં 1950-51માં લગભગ 3 લાખ વિદ્યાર્થીઓ હતાં. તેમાંથી વધીને 1985-86માં લગભગ 69 લાખ થશે, એટલે કે સંખ્યાની વૃદ્ધિ 23 ગણી થશે.

કૉઠારીપંચે વિદ્યાર્થી ભરતીમાં નિયંત્રણ મૂકવા માટે નીચેની બાબતો તરફ ધ્યાન દોર્યું છે.

(1) નવી માધ્યમિક શાળાઓની સ્થાપના પૂર્વ-આયોજનથી કરવી જોઇએ. (૨) શાળાઓમાં શિક્ષણનું ધોરણ સાચવી રાખવું અને તેમાં જેટલી જગ્યાઓ હોય તેટલા પ્રમાણમાં જ નવા વિદ્યાર્થીઓ દાખલ કરવા. (3)જ્યાં જગ્યાઓ થોડી હોય ત્યાં ગુણવત્તાને ધોરણે વિદ્યાર્થીઓની પ્રવેશને માટે ગોઠવણી કરવી. (4)દરેક માધ્યમિક શાળા નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપતી વખતે શક્તિ, સિદ્ધિ અને બુદ્ધિમાં ઉત્તમ વિદ્યાર્થીઓને જ પસંદ કરે. ધો. 8 થી 10 માં વિદ્યાર્થીઓનું પ્રવેશનિયંત્રણ 'સ્વ-પસંદગી' અને ''સજાવટ''ને ધોરણે કરવું જોઇએ.

17. આ આંકડા અને અગાઉ દર્શાવેલ આંકડા વચ્ચે ફરક હોવાનું કારણ એ છે કેઆમાં ધો.8 થી 10 અને ધો.11-12ના આંકડા આપ્યા છે, જ્યારે અગાઉના આંકડામાં 6 થી 8 અને ધો.9 થી 11-12ના આંકડા આપેલા છે. પણ ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ વિદ્યાર્થી પ્રવેશનું નિયંત્રણ ધોરણ વધારે કડક હોવું જોઇએ. પ્રવેશ નિયંત્રણની આધારશિલાઓ આવી હોઈ શકે.

- ધો.10ને અંતે જાહેર પરીક્ષામાં વિદ્યાર્થીએ મેળવેલ ગુણ ધ્યાનમાં લેવા.
- બોર્ડર લાઇન કિસ્સામાં શાળામાં વિદ્યાર્થીનો સર્વાંગીણ રેકર્ડ જોવો.
- પરીક્ષાઓમાં જે શક્તિ કે કૌશલ્યોની કસોટી ન થતી હોય તેના વિશેની પ્રમાણભૂત માહિતીને ધ્યાનમાં લેવી.
- તેજસ્વી-પ્રતિભાસંપન્ન વિદ્યાર્થીઓની બાબતમાં અમુક વિષય-ગણિત કે ભાષામાં તેમની સિદ્ધ ઊંચી ન હોય તો તેમની અન્ય પ્રગતિ કે સિદ્ધિને લક્ષમાં લઈ જરૂરી છૂટછાટ મૂકવી.

(1) જૂની માધ્યમિક શાળાઓનું દઢીકરણ કરીને અને તેને નવી માધ્યમિક શાળાઓના સ્થળનું આયોજન કરીને, તેમાં શિક્ષણનું ધોરણ જાળવી રાખવા પ્રયત્ન કરવો (૨) દરેક જિલ્લાએ આગામી 10 વર્ષ માટે માધ્યમિક શિક્ષણનાં વિકાસ માટે પ્લાન બનાવવા પર હવે ધ્યાન કેન્દ્રિત કરવું (3)માધ્યમિક શિક્ષણનું ધંધાકીય વિસ્તરણ કરવું.

**નિષ્કર્ષ:**

આમ, સમગ્ર રીતે જોતં ભારતની છ એ પંચવર્ષીય યોજનાઓના 34 વર્ષ દરમિયાનઃ

- શિક્ષણ પાછળ આપણે 6194.21 કરોડ રૂપિયા ખર્ચ્યા જેમાંથી 17 ટકા નાણાં 1055.42 કરોડ રૂપિયા માધ્યમિક શિક્ષણ પાછળ વાપર્યા. દર વર્ષે 11 કરોડ (11.18 કરોડ) રૂપિયા ખર્ચ્યા.
- દર વર્ષે 1550 નવી માધ્યમિક શાળાઓ શરૂ થઇ એટલે કે આઠગણી સંખ્યા વધી.
- દર વર્ષે ૨7 હજાર જેટલા (26638) નવા શિક્ષકો વધ્યા. જે આઠગણો વધારો ગણાય.
- દર વર્ષે માધ્યમિક શાળામાં 4 લાખ નવાં બાળકો આવ્યાં, જે 19 ગણી વૃદ્ધિ ગણાય. આટલી પ્રગતિ છતાં હજુ દેશમાં :-
- સમગ્ર બજેટના ૨.4 ટકા નાણાં જ શિક્ષણ પાછળ ફાળવાય છે. માધ્યમિક શિક્ષણ પાછળ સમગ્ર શિક્ષણ બજેટનાં 17 ટકા નાણાંજ ફાળવાય છે.
- હજુ દેશમાં માધ્યમિક શિક્ષકોમાંથી 15 ટકા જેટલા શિક્ષકો બિનતાલીમી છે.
- હજુ દેશનાં 11 થી 14 વર્ષની ઉમરના તમામ બાળકોમાંથી 51 ટકા જ મિડલ સ્કૂલમાં આવ્યા છે, એટલે કે 49 ટકાએ હજુ મિડલ સ્કૂલ જોઇ નથી.
- હજુ દેશમાં 14 થી 17 વર્ષની ઉમરના માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શિક્ષણને યોગ્ય તમામ બાળકોમાંથી 33 ટકા જ માધ્યમિક શિક્ષણને યોગ્ય બન્યા છે. બાકીના 67 ટકા તો હજુ માધ્યમિક શિક્ષણથી અલિપ્ત છે. આ છે આપણા દેશનું માધ્યમિક શિક્ષણનું ચિત્ર.

આપણે અહી માધ્યમિક શિક્ષણનાં વિસ્તરણનું સાંખ્યિક ચિત્ર જોયું. દેશના અનેક પ્રશ્નોને પરિણામે તેનું વિસ્તારણ ભલે સંતોષજનક ન હોય છતાં ઠીક ઠીક થયું છે. પરંતુ તેમાંથી અનેક સમસ્યાઓ ગુણવત્તાને લગતી પણ ઊભી થઈ છે. આપણે દેશના માધ્યમિક શિક્ષણના વિકાસની સમસ્યાઓ તરફ એક દષ્ટિપાત કરી લઈએ.

## 4. માધ્યમિક શિક્ષણના વિકાસની સમસ્યાઓ :

### (1) માધ્યમિક શિક્ષણના સપ્રમાણ વિસ્તરણનો અભાવ :

માધ્યમિક શાળાઓ દેશની વસ્તીના પ્રમાણમાં આજે છે, તેના કરતાં બમણી જરૂર છે. તે ઉપરાંત આજે જે શાળાઓ છે તેનું સંપ્રમાણ વિસ્તરણ નથી. ગ્રામ વિસ્તારોમાં શહેરી વિસ્તારોની તુલનામાં ઓછી માધ્યમિક શાળાઓ છે. વળી, ગ્રામવિસ્તારોમાં પણ આદિવાસી વિસ્તારોમાં ખૂબ ઓછી માધ્યમિક શાળાઓ છે. એટલે કે, જ્યાં સમૃદ્ધ વિસ્તારો છે ત્યાં જરૂર કરતાં વધુ શાળાઓ છે અને જ્યાં જરૂર છે તેવા ગ્રામ તથા વનવાસી વિસ્તારોમાં ઓછી શાળાઓ છે. પરિણામે સમાજનો એક નિમ્ન સ્તર માધ્યમિક શિક્ષણથી વંચિત રહી જાય છે. આમે દેશનાં 14 થી 17 વર્ષની ઉંમરનાં માધ્યમિક શિક્ષણને યોગ્ય એકંદર બાળકોમાંથી 33 ટકા જેટલાં

બાળકો જ માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરે છે. 67 ટકા બાળકો તો માધ્યમિક શિક્ષણથી અલિપ્ત જ છે. વસ્તીની દષ્ટિએ હજુ દેશમાં બીજી 76 હજાર જેટલી માધ્યમિક શાળાઓની જરૂર છે, જે ગ્રામ વનવાસી વિસ્તારમાં સ્થાપવી જોઈએ.

1. માધ્યમિક શિક્ષણનું વ્યાવસાયીકરણ થયું નથી : શિક્ષણની નવી તરાહ 10+2+3 જ્યારે અમલમાં મૂકી ત્યારે એમાં માનવામાં આવેલું કે નિમ્ન માધ્યમિક કક્ષાએ કુલ વિદ્યાર્થીઓના 20 ટકા અને ધો.10 ને અંતે 50 ટકા જેટલા વિદ્યાર્થીઓ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોમાં જશે. પરંતુ આ હેતુ સિદ્ધ થયો નથી. વિદ્યાર્થીઓનો મોટા ભાગનો પ્રવાહ વિદ્યાકીય વિષયો ધરાવતા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ તરફ વળ્યો છે. ધો. 10ને અંતે વ્યાવસાયલક્ષી અભ્યાસક્રમો માટેની સુવિધાઓ ઊભી કરવામાં અને એ દિશામાં વિદ્યાર્થીઓ આકર્ષવામાં નિષ્ફળતા મળી છે.

   સને 1982-83 સુધીમાં 4-2ના સ્તરે વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓની સંખ્યા દર વર્ષે ફક્ત 60,000 સુધી પહોચી હતી. ઉચ્ચત્તર માધ્યમિક તબક્કે લગભગ 8.50 લાખ વિદ્યાર્થીઓ 1982-83 માં અભ્યાસ કરતા હતા. તેમાંથી માત્ર 60 હજાર જ વ્યાવસાયલક્ષી અભ્યાસક્રમોમાં ગયા, જે કેટલું શરમજનક ચિત્ર છે.

   એ જ રીતે હાયર સેકન્ડરી પ્રવાહ પસાર કરનાર વિદ્યાર્થીઓમાંથી 80 ટકા કૉલેજો અને યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવે છે. આમાંના ફક્ત 20 ટકા જ ધંધાદારી કે ટેકનિક્લ સંસ્થાઓમાં જઇ શકે છે.

2. માધ્યમિક શિક્ષણ માત્ર પુસ્તકિયું બની ગયું છે : માધ્યમિક શિક્ષણને અંતે વિદ્યાર્થી કોઇ વ્યવસાય માટે ક્ષમતા પ્રાપ્ત કરી શકતોં નથી. માધ્યમિક શિક્ષણને ધંધાકીય બનાવવાના સક્ષમ પ્રયાસો થયા નથી, પરિણામે વિદ્યાર્થીઓની આંધળી દોટ વિદ્યાકીય વિષયો તરફ છે. શિક્ષણની નવી નીતિ-1986ના ''શિક્ષણનો પડકાર' પુસ્તિકામાં પણ સ્પષ્ટ જણાવ્યું છે કે ' શિક્ષણની આ સપાટીએ સૌથી વધુ અસ્વસ્થ કરી મૂકે એવી બાબત એ છે કે, 8 અથવા 10 અથવા તો 12 વર્ષના શિક્ષણ પછી પણ વિદ્યાર્થીઓની ગણનાપાત્ર સંખ્યાને તેમના ભૌતિક, સાંસ્કૃતિ અથવા સામાજિક-આર્થિક પર્યાવરણને સમજવાની અથવા પોતાની મેળે વિચારવાની શક્તિ પ્રાપ્ત થતી નથી. તેઓ રોજગારના બજારમાં પૂરતા વિશ્વાસ અથવા યોગ્યતા વ્યાવસાયિક કુશળતા સાથે દાખલ થતા નથી'. આમ, પુસ્તકિયા શિક્ષણને કારણે જવાબદાર અને વિચારવાન-વ્યવસાય અભિમુખ કિશોર-કિશોરીઓ માધ્યમિક શિક્ષણમાંથી પ્રાપ્ત થતાં નથી.

3. વિવિધલક્ષી શાળાઓનો નૂતન પ્રયોગ બંધ કર્યો છે : 1952-53ના માધ્યમિક શિક્ષણ પંચે (મુદલિયાર પંચ) વિવિધલક્ષી માધ્યમિક શાળાઓની ભલામણ કરી હતી. પરિણામે પ્રથમ યોજનાને અંતે દેશમાં 225 વિવિધલક્ષી શાળાઓ શરૂ થઇ હતી. આ શાળાઓ વધીને ચોથી યોજનાને અંતે 2612 સુધી પહોંચી. પણ 1994-66 ના રાષ્ટ્રીય શિક્ષણપંચે (કોઠારી પંચે) વિવિધલક્ષી શાળાઓ બંધ કરવાની ભલામણ કરતાં તે શાળાઓ પાંચમી યોજના પછી બંધ પડી. ખરેખર તો વ્યાવસાયલક્ષી શિક્ષણનો પાયો નાખવા માટે વિવિધલક્ષી શાળાઓ અત્યંત ઉપયોગી હતી. તેના અમલીકરણનો અભિગમ બદલીને તે ચાલુ રાખી હોત તો ઘણો સારો પ્રયોગ હતો.

4. માધ્યમિક શિક્ષણનો વ્યાપ વધ્યો છે, પણ ગુણવત્તા ઘટી છે : માધ્યમિક શિક્ષણની સાંખ્યિક વૃદ્ધિ અવશ્ય થઈ છે. તેનાં પરિણામે તેનો વ્યાપ વધ્યો છે. પ્રથમ યોજના વખતે 1950-51માં માધ્યમિક શિક્ષણને યોગ્ય દેશના તમામ બાળકોમાંથી 5.3 ટકા જ માધ્યમિક શિક્ષણ પ્રામ કરતાં હતા. 1983-84માં તે વધીને 32.5 ટકાની થઇ છે. અર્થાત્ માધ્યમિક શિક્ષણ લેનાર બાળકોની, તેમને શિક્ષણ આપનાર સંસ્થાઓ, શિક્ષકોની સંખ્યા આઝાદી બાદ ઉત્તરોત્તર વધી છે. તેમ છતાં ગુણવત્તા ઘટી છે. કેમ કે વ્યાપ વધે તેમ માધ્યમિક શાળા માટે આવશ્યક મકાનો, ફિચર, પ્રયોગશાળા, વિશિષ્ટ ખંડો, સમૃદ્ધ પુસ્તકાલય, રમત-ગમતનાં ક્રિડાંગણ, દ્રશ્ય-શ્રાવ્ય સાધનો વગેરેની સગવડો પણ વધવી જોઈએ. તે ન વધે તો આપોઆપ શિક્ષણની

ગુણવત્તા કથળે. સાથે સાથે શિક્ષકોનીસજ્જતા પણ વધવી જોઇએ. એમ ન થતાં શિક્ષણની ગુણવત્તા ઘટવા પામી છે.

સને 1978ના અખિલ ભારતીય શિક્ષણ સર્વે અનુસાર 27 ટકા માધ્યમિક શાળાઓ અને 10 ટકા ઉચ્ચતર માધ્યમિક શાળઆઓ પાસે જાજરૂ-મુતરડીની પણ સગવડ નથી. જ્યાં જીવનની કુદરતી હાજતો માટેની સુવિધા પણ ન હોય ત્યાં અન્ય શૈક્ષણિક ભૌતિક સાધનો તો ક્યાંથી હોય?

આમ, શિક્ષણના વ્યાપ સાથે શાળાની ભૌતિક સગવડો, શિક્ષકની સજ્જતા, વિદ્યાર્થી-શિક્ષક પ્રમાણ જેવી બાબતો તરફ ધ્યાન ન આપવાને કારણે સાંખ્યિક વૃદ્ધિ છતાં ગુણવત્તા ઘટી છે. એમ કહી શકાય.

5. સમગ્ર દશમાં ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ તબક્કો સ્થિર થયો નથી : કોઠારી પંચે સૂચિત 10+2+3 ની નવી તરેહ હજુ સમગ્ર દેશમાં અમલી બની નથી. દેશનાં 32 રાજ્યો (કેન્દ્રશાસિત સાથે)માંથી 26 રાજ્યો (કેન્દ્રશાસિત સહિત)માં આ નવી તરેહ અમલી બની છે. હજુ 6 રાજ્યો (કેન્દ્રશાસિત પ્રદેશો સહિત) હજુ એનો અમલ થયો નથી. અર્થાત્ કે શિક્ષણની નવી તરેહ સમગ્ર દેશમાં એકસરખી અને સ્થિર ગોઠવાઇ નથી. જે રાજ્યોએ અમલ કર્યો છે, તેમાં પણ + ૨નો (ઉચ્ચ માધ્યમિક) તબક્કો કેટલાંક રાજ્યોએ માધ્યમિક શાળા સાથે સળંગ એકમ તરીકે રાખ્યો છે. તો કેટલાંક રાજ્યોએ જુનિયર કૉલેજો સ્વરૂપે રાખેલ છે. જે યુનિવર્સિટી શિક્ષણ સાથે જોડાયેલ છે. આમ નવી તરેહ હજુ સ્થિર બની નથી. ત્યાં 1986 ની શિક્ષણની નવી નીતિ નવી જ તરેહ 5+3+2+2+3 વગેરે આવે છે.

6. માધ્યમિક શિક્ષણમાં સમાજોપયોગી ઉત્પાદક શ્રમકાર્ય નિષ્ફળ ગયું છે : ગાંધીજીએ પાયાની કેળવણીમાં દર્શાવેલ ઉદ્યોગ હાથ શિક્ષણ અને કોઠારી પંચે દર્શાવેલ ''કાર્યાનુભવ' નિષ્ફળ ગયાં પછી શ્રી ઈશ્વરભાઈ કમિટીએ આપેલ ''સમાજોપયોગી ઉત્પાદક શ્રમકાર્ય' ને આપણે અમલી બનાવવાના હતા. પણ તે કરી શક્યા નથી. તેનો સહૃદયતાપૂર્વક સ્વીકાર જ થયો નથી. આ માટેના પ્રયોગો-પ્રયત્નો છૂટાછવાયા અવશ્ય થયા છે પણ એક યા બીજા કારણસર તેને ધારી સફળતા મળી નથી. ગુજરાતમાં તો ''જીવનપયોગી પ્રવૃત્તિને નામે નામનો જ કાર્યક્રમ બની ગયો છે.

7. તાલીમી કૉલેજોની ક્ષમતામાં ઘટાડો થયો છે : દેશમાં તાલીમી કૉલેજોની સંખ્યા અવશ્ય વધી છે. પણ તાલીમ લઇને બહાર પડતા શિક્ષકોની સજ્જતામાં વધારો થયો નથી. તાલીમી કૉલેજોની ક્ષમતામાં ઘટાડો થયો છે. આ કૉલેજો શાળાઓથી અલિપ્ત રહી છે. વળી તાલીમી કૉલેજો અભ્યાસક્રમો, કાર્યક્રમો, પ્રાયોગિક કાર્ય વગેરે વાસ્તવિક્તા સાથે કદમ મિલાવી શકતાં નથી. તાલીમી કૉલેજોના કાર્યક્રમોની નવેસરથી વિચારણા કરવાની જરૂર છે.

8. માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ દાખલ કરેલી સ્વાધ્યાય પદ્ધતિ નિષ્ફળ ગઈ છે :માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષણ લેતાં વિદ્યાર્થીઓમાં સ્વ-અધ્યયનની ટેવ પડે તે માટેના કાર્યક્રમ સ્વરૂપ સ્વાધ્યાય પદ્ધતિ અમલી બનાવી હતી. તે માટે કેટલાંક રાજ્યોના પાઠ્યપુસ્તક મંડળોએ સ્વાધ્યાય પદ્ધતિ માટે સ્વાધ્યાયપોથીઓનું પ્રકાશન કર્યું હતું પણ તેનો અમલ બરાબર ન થતાં સ્વાધ્યાયપોથીઓ પર ધૂળ ચડી ગઈ છે. ખરેખર માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ સ્વાધ્યાય અને નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિનો અમલ કરવાનું ઇશ્વરભાઇ કમિટીએ પણ સૂચન કર્યું હતું. પરંતુ તેનો સાચો હૃદયપૂર્વક અમલ થયો જ નથી.

9. શિક્ષકો માટેના સેવાકાલીન કાર્યક્રમો અપૂરતા અને બિનકાર્યક્ષમ છે : સેવા બદાવતા શિક્ષકોને સેવાકાલીન તાલીમ મળી રહે તે માટેના કાર્યક્રમો શિક્ષક પ્રશિક્ષણબોર્ડ, રાજ્ય શિક્ષણભવન, એન.સી.ઈ-આર.ટી., ટ્રેનિંગ કૉલેજો અને કેળવણી ખાતા દ્વારા અવારનવાર યોજાતાં હોય છે. પણ તે પૂરતાં નથી. નવો અભ્યાસક્રમ આવે ત્યારે એવા કાર્યક્રમો યુદ્ધના ધોરણે યોજાય છે. પછી તે તરફ કોઈ જોતું જ નથી. ખરેખર તો વિષયવસ્તુ, પદ્ધતિઓ, પ્રવિધિઓ,

એજ્યુકેશનલ ટેક્નોલોજી, નવીન પ્રવાહો, નવ-વિચાર પરિવર્તન માટેના સેવાકાલીન કાર્યક્રમ નિયમિત યોજવાં જોઈએ. જેથી આપણાં શિક્ષકો તાજા અને અદ્યતન રહે. તેમની વ્યાવસાયિક સજ્જતા સમૃદ્ધ બને. ખરેખર તો આ માટે દરેક રાજ્યમાં એક સેવાકાલીન તાલીમની સંસ્થા જ હોવી જોઈએ યા દરેક ટ્રેનિંગ કૉલેજોને સેવાવિસ્તરણ કેન્દ્ર આપીને તે કામ તેમને સોંપવું જોઇએ.

કેટલીક જગ્યાએ નિરંતર શિક્ષણ અને સેવાવિસ્તરણનાં કેન્દ્રો હતાં તે બંધ થયા છે, ચાલે છે તે પૂરતાં કાર્યક્ષમ નથી.

10. વારંવાર બદલાતી શિક્ષણની નીતિને કારણે કોઈ સ્થિર પ્રયોગો-પરિણામો પ્રાપ્ત થયાં નથી : શિક્ષણની નીતિ વારંવાર બદલાયા કરે છે. આપણા દેશે આઝાદી બાદ તરત જ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ નક્કી કરી દેવી જોઈતી હતી. પણ છેક એકવીસ વર્ષ બાદ સૌ પ્રથમ 1968માં રાષ્ટ્રીય શિક્ષણનીતિ આપણે જાહેર કરી. જેને 10+2+3 ની નવી તરેહને નામે ઓળખી પણ તેનો સંપૂર્ણ અમલ આખા દેશમાં એકસરખો ન થયો. કાર્યાનુભવ, સમાજોપયોગી ઉત્પાદકશ્રમકાર્ય, જીવનપયોગી પ્રવૃત્તિઓ જેવા અલ્પજીવી પ્રયોગો કર્યા તે નિષ્ફળ જતાં ગયા ત્યાં વળી 1986ની શિક્ષણની નવી નીતિ આવી પડે છે. આમ, સ્થિરતાપૂર્વક પ્રયોગને અવકાશ ઓછો રહ્યો છે.

11. માધ્યમિક શિક્ષણ ચીલાચાલુ અને અપરિવર્તનશીલ બની ગયું છે : મહ્અંશે માધ્યમિક શિક્ષણનો કાર્યક્રમ ચીલાચાલુ, પુસ્તકિયો, ઘરેડબદ્ધ અને માત્ર વિદ્યાકીય બની ગયો છે. તેમાં નવતર પ્રયોગો, સંશોધનો ક્રિયાત્મક સંશોધન, નૂતન પ્રવાહો, વિજ્ઞાન-ટેકનોલોજીનો ઉપયોગ, નવવિચાર પરિવર્તન જેવા કાર્યક્રમોની પૂરતી અજમાયશ જ થઈ નથી. પરિણામે તે ચીલાચાલુ અને અપરિવર્તનશીલ બની ગયો છે.

12. અભ્યાસક્રમોમાં આડેધડ-ઉતાવળિયા ફેરફારો કર્યા છે : માધ્યમિક શિક્ષણના અભ્યાસક્રમોમાં નવીનતા દાખલ કરવા નવો અભ્યાસક્રમ અમલી બનાવ્યો પણ પૂરતી તૈયારી, શિક્ષકોની સજ્જતા અને પૂરતાં સાધનો વિના તે લગભગ નિષ્ફળ નીવડ્યો. આડેધડ અને ઉતાવળે થયેલી અભ્યાસક્રમની સુધારણાએ વિપરીત અસર કરી ગઇ. તે શિક્ષકો અને વિદ્યાર્થીઓ બંને માટે મૂંઝવણરૂપ બની ગયો. અભ્યાસક્રમ આધુનિક બનાવવાના લોભમાં ને લૌભમાં આપણે કમ્પ્યૂટર ગણિત (નવું ગણિત) દાખલ કર્યું. પણ તે લગભગ નિષ્ફળ ગયું. કેટલાંય વિષયોમાં મહત્ત્વાકાંક્ષી અભ્યાસક્રમ મૂકી દીધો. પછી ઉહાપોહ થતાં અમુક પ્રકરણ રદ કરવા માંડ્યા. તેથી તેની અસરકારકતા ન રહી.

વળી, અભ્યાસક્રમ બદલાય પણ તેનો વાહક શિક્ષક ન બદલાય ત્યાં સુધી તેનો શો અર્થ ? હળ બદલાય પણ હળપતિ ન બદલાય, મંદિરનો જીર્ણોદ્ધાર થાય પણ પૂજારી ન બદલાય ? જેવો ખેલ થયો.

13. શાળાઓમાં સર્વાંગી વિકાસ માટેની ઓછી તકો મળે છે : માધ્યમિક શાળાઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અને નેતૃત્વની લોકશાહીની તાલીમ માટેની સંસ્થાઓ છે. એટલે માત્ર જાહેર પરીક્ષાઓના પરિણામો ઉપરથી શાળાનું મૂલ્યાંકન ન થવું જોઇએ. શાળા બાળકોનાં સર્વાંગી વિકાસ માટે કઈ કઇ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ કરે છે, તે પણ જોવું જોઇએ. આજે શાળાઓમાંથી એ પ્રવૃત્તિઓ ભૂંસાતી જાય છે. વિષયમંડળોની પ્રવૃત્તિઓ, વિવિધ સાંસ્કૃતિક સાહિત્યિક કાર્યક્રમો, અભિવ્યક્તિ માટેના કાર્યક્રમો, વિવિધ સ્પર્ધાઓ, વિશિષ્ટ દિનોની ઉજવણી, પ્રવાસો-પર્યટનો, પ્રાર્થના સંમેલનો, ભીતપત્રો, શાળા સામયિકોનું પ્રકાશન જેવી પ્રવૃત્તિઓથી શાળાઓ ધમધમતી હોવી જોઇએ, પણ આજે તેમાં ઓટ દેખાય છે. શિક્ષકોનો રસ પણ આવી પ્રવૃત્તિઓ તરફ ઓછો થતો જાય છે.

14. જાહેર પરીક્ષાઓ, શિક્ષકોની ભરતીઓમાં ગેરરીતિઓ આચરાય છે : એસ. એસ. સી. અને

એચ. એસ. સી. જેવી જાહેર પરીક્ષાઓની પ્રમાણભૂતતા ઉપર શંકા જાગી છે. તેમાં ગેરરીતિઓ આચરાતી જણાઈ છે. મૂલ્યાંકનકારો-મોડરેટરો-પ્રાશ્નિકો-ગેરરીતિઓ આચરતા જોવા મળે છે. તેમની બેદરકારીઓ પણ વધતી ચાલી છે. પરીક્ષાની જે ગંભીરતા હોવી જોઈએ તે જણાતી નથી. પરિણામે બાળકો, વાલીઓ અને પ્રતિભાસંપન્ન વિદ્યાર્થીઓનો જાહેર પરીક્ષાઓમાંથી વિશ્વાસ ઊઠતો જાય છે. કેટલીક ગેરરીતિઓમાં તો શિક્ષક-પ્રશિક્ષકો જવાબદાર ઠર્યા છે.

વળી, માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોની ભરતીમાં ખુલ્લેઆમ પૈસા લેવાય છે. તેનો આંકડો વધતો જાય છે. પટાવાળાથી પ્રિન્સિપાલ સુધીનાની ભરતીમાં સંચાલક મંડળો અથવા જિલ્લા શિક્ષણાધિકારીઓ અથવા બંને સાથે મળીને (સહકારી મંડળી દ્વારા) શિક્ષકોને વેચાતા લે છે. આવા વેચાયેલા શિક્ષકો શું શિક્ષણ આપી શકવાના ? સરવાળે તેની અસર શિક્ષણની ગુણવત્તા અને ભાવિ પેઢીના ઘડતર પર જ પડવાની.

15. નવી માધ્યમિક શાળાઓ શરૂ કરવા અંગેની કાર્યવાહી વિસ્તરણ માટે ખતરનાક છે : દેશમાં હજુ નવી માધ્યમિક શાળાઓની જરૂર છે. પણ ગુજરાત રાજ્યમાં માધ્યમિક શિક્ષણ બોર્ડે નવી શાળાઓ શરૂ કરવા અંગેના જે નવા નિયમો બનાવ્યા છે, તે ખતરનાક છે. તેનાથી કોઈ નવી માધ્યમિક શાળા શરૂ થઇ શકશે નહીં. વળી થશે તો ભ્રષ્ટાચાર દ્વારા. સરકારે એવું ઠરાવ્યું છે કે, ચાલુ માધ્યમિક શાળાથી દસ કિ.મી.થી ઓછા અંતરમાં શરૂ થતી માધ્યમિક શાળાને શરૂ થવાના પાંચ વર્ષ સુધી કોઇ ગ્રાન્ટ આપવામાં આવશે નહીં અને તેને નિયત ધોરણ કરતાં વધુ ફી પણ લેવા-દેવામાં આવશે નહીં. પણ જો દસ કિ.મી.થી વધુ અંતરમાં આવી માધ્યમિક શાળા શરૂ થશે તો તેવી નવી માધ્યમિક શાળાને શરૂ થવાના પ્રથમ પાંચ વર્ષ સુધી ૨૫ ટકાની મયદામાં એડહોક ગ્રાન્ટ આપવામાં આવશે.

બીજું માધ્યમિક શિક્ષણ બોર્ડના નવી શાળા શરૂ કરવાના નવા નિયમો અનુસાર શાળા પાસે 3 લાખનું ભંડોળ હોય અને તે રૂ.1000/-રજિસ્ટ્રેશન ફી તથા રૂ.100/- ફોર્મ ભરે તો જ તેને મંજૂરી મળે.

મહારાષ્ટ્ર રાજ્યે રાજ્યમાં કોઈ નવી માધ્યમિક શાળા શરૂ ન કરવાનો નિર્ણય લીધો હતો.

આ બધી બાબતોથી સ્પષ્ટ થાય છે કે, માધ્યમિક શિક્ષણના વિકાસમાં આ બધી શરતો અવરોધરૂપ છે. હજુ દેશમાં જ્યાં આવશ્યકતા છે ત્યાં સર્વેક્ષણ કરીને આવા કોઈ નિયમો વિના માધ્યમિક શાળાઓ શરૂ થવા દેવી જોઈએ યા સરકારે કરવી જોઈએ.

16. બિનસરકારી માધ્યમિક શાળાના કેળવણી મંડળોને હવે રસ રહ્યો નથી : બિનસરકારી માધ્યમિક શાળાઓના સંચાલક મંડળો પાસેથી માધ્યમિક શિક્ષણ બોર્ડે ધીમે ધીમે કેટલીયે સત્તાઓ લઈ લીધી છે. પરિણામે તેમને હવે દાન આપવામાં, ઉઘરાવવામાં કે વિકાસનાં કાર્યોમાં રસ રહ્યાં નથી. સરકારની ગ્રાન્ટ ઉપર જ શાળાઓ નભે છે.

17. ટ્યુશનપ્રથા ટ્યૂશનક્લાસ અને ગાઈડોનું સામ્રાજ્ય વધી રહ્યું છે : માધ્યમિક શિક્ષણમાં શિક્ષકો દ્વારા થતી ટ્યુશનની બદી અનેક ગેરરીતિઓ આચરવા તરફ વળી છે. ટ્યુશન ક્લાસો બિલાડીના ટોપની જેમ ઊગી નીકળે છે. તેમાં વિદ્યાર્થીઓ સ્વૈચ્છાએ હોશે હોશે જાય છે. ગાઇડોની માયાજાળે મૂળ પાઠ્યપુસ્તકોનું મહત્ત્વ સત્ત્વહીન બનાવી દીધું છે. હવે તો શિક્ષકો પણ ગાઇડો વાંચીને ભણાવતાં થયાં છે. પરિણામે સમગ્ર માધ્યમિક શિક્ષણ પરીક્ષાલક્ષી અને ટૂંકમાર્ગી બની ગયું છે. તેમાંથી જ પરીક્ષામાં ચોરીઓનું દૂષણ વધ્યું છે.

18. વાલીઓ માધ્યમિક શિક્ષણ પ્રત્યે ઉપેક્ષા સેવે છેઃ વાલીઓએ પોતાના બાળકો શું ભણે છે ? કેવું ભણે છે ? વિકસે છે કે કેમ ? તે જોવું જોઇએ. પણ જોતાં નથી. દરેક શાળામાં વાલીમંડળ હોવું જોઇએ. 217 પણ હોવું જોઇએ. એટલે કે પેરેન્ટ, ટીચર્સ એન્ડ પ્યુપલ્સ કમિટી, જેમાં વાલી, શિક્ષક અને વિદ્યાર્થીનો સમન્વય થાય. વાલી સંમેલનો દર સત્રે થવા જોઈએ તે પણ

થતાં નથી. પરિણામે કેટલીક શાળાના શિક્ષણકાર્યની નબળાઇ તરફ આંગળી ચીંધી શકાતી નથી.

19. શાળાના આચાર્યની સ્થિતિ દ્રૌપદી કરતાંયે બદતર બની ગઇ છે : શાળાના આચાર્યને શિક્ષકો, વિદ્યાર્થીઓ, સંચાલકમંડળ, સરકાર, વાલીઓએ ચારે બાજુથી ઘેરી લીધા છે- બધા તેનું વસ્ત્રાહરણ કરે છે. તેથી તો કેટલીક મોટી માધ્યમિક શાળાઓમાં આચાર્યો ટકતા નથી. શાળાના આચાર્યને જે સ્વતંત્રતા અને સરળતા વહીવટ તથા વિદ્યાકીય બાબતો માટે જોઈએ તે નથી.વળી વહીવટ એટલો બધો વધી ગયો છે કે, તે વિધાકીય બાબતોમાં લક્ષ જ આપી શકતોં નથી.

શિક્ષકમંડળો અને તેની સલામતીએ કેટલાંક માથાભારે શિક્ષકોને રક્ષણ આપ્યું છે. છાશવારે હડતાલનું શસ્ત્ર દેખાડી શિક્ષણને ખોરંભે ચડાવી દે છે. આ સંજોગોમાં આચાર્ય માટે આયોજન અને સંચાલન દોહ્યલું બની ગયું છે.

**3.4.2 સમસ્યાઓનો ઉકેલ :**

નીચે મુજબના ઉકેલ હોઈ શકે : (1) માધ્યમિક શિક્ષણનું સપ્રમાણ વિસ્તરણ કરવું (૨) વિદ્યાકીય શિક્ષણ તરફની દોટ ખાળવી, માપબંધી કરવી. (3) ધંધાકીય માધ્યમિક શિક્ષણ તરફનું આકર્ષણ વધારવું, સગવડો વધારવી. (4) ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને સક્ષમ બનાવવી. (5) માધ્યમિક શિક્ષકોની તાલીમને સબળ બનાવવી, તેને વાસ્તવિકતા સાથે જોડવી. તાલીમી કૉલેજોની ગુણવત્તા વધારવી. (6)વિદ્યાર્થીઓની માધ્યમિક શિક્ષણ તરફની આંધળી દોટ રોકીને તેમને યોગ્ય માર્ગે વાળવા. (7) માધ્યમિક શિક્ષણની ગુણવત્તાનું ધોરણ ઊંચું લાવવું તે માટે સગવડો વધારવી. (8) માધ્યમિક કક્ષાએ ઈશ્વરભાઇ કમિટીની ભલામણો અનુસારનું શિક્ષણનું માળખું ગોઠવવું પડશે. સમાજોપયોગી ઉત્પાદનકાર્યને સફળ બનાવવા ભગીરથ પુરુષાર્થ કરવો પડશે. તે માટે વધારાની નાણાંકીય જોગવાઈઓ પણ કરવી પડશે. ઉદ્યોગ અને કાર્યાનુભવના જની દશા સ. ઉ.શ્ર.ની ન થાય તે માટે ચેતવું પડશે.(થઈ ગઇ છે ?) (9) સમગ્ર રાજ્યના તાલીમ પામેલા શિક્ષકોની નોંધણી થવી જોઈએ. તેમની ગુણવત્તાને ધોરણે ભરતી થવી જોઈએ . પૈસાનું દૂષણ કોઈપણ ભોગે દૂર થવું જોઈએ. તે માટે કાયદા દ્વારા સજાની જોગવાઇ થવી જોઈએ. (10) ટ્યુશનની બદી કાયદાથી દૂર કરવી જોઈએ. (11) ગાઇડો પણ કાયદાથી બંધ કરવી જોઈએ. (12)સ્વાધ્યાયપોથીઓને બદલે દરેક શિક્ષક જ સ્વાધ્યાય તૈયાર કરે, લીથો કરે તેવી વ્યવસ્થા થવી જોઈએ. તે માટેનું ખર્ચ માન્ય થવું જોઈએ. (13) પાઠ્યપુસ્તકો, શિક્ષક નિદર્શિની અને અભ્યાસપોથીઓની ગુણવત્તા વધવી જોઈએ. (14)માધ્યમિક શાળા છોડી ગયેલા પુનઃ પ્રવેશ ઇચ્છે તો તેમના માટે અવૈધિક શિક્ષણ-સગવડો ઊભી કરવી પડશે. (15) શિક્ષકો અને વિદ્યાર્થીઓ સ્વ-અધ્યયનની પ્રવૃત્તિઓ કરે તે માટેની ભૌતિક પરિસ્થિતિઓ સુધારવી જોઈએ. યોગ્ય રીતે આયોજિત મકાનો, પૂરતા અવકાશવાળા વર્ગખંડો, શૈક્ષણિક ઉપકરણો, વિજ્ઞાનનાં સાધનો , સમાજોપયોગી ઉત્પાદક શ્રમકાર્ય અને મનોરંજનની પ્રવૃત્તિઓ માટેની સગવડો શાળામાં વધારવી પડશે. સમૃદ્ધ પુસ્તકાલયો સંદર્ભગ્રંથોથી સજ્જ કરવાં પડશે. (16)શિક્ષકો માટે સેવાન્તગંત કાર્યક્રમો અને નિરંતર શિક્ષણના કાર્યક્રમની તક વધારવી પડશે. આ માટે દરેક બી. એડ. કૉલેજ સાથે સેવા વિસ્તરણ યોજના આપવી જોઈએ. ગુજરાતમં અલિયાબાડા અને મોડાસાની માધ્યમિક તાલીમી કૉલેજોને મળેલા નિરંતર શિક્ષણના કાર્યક્રમોને વધુ વિસ્તૃત કરવા પડશે. બધી જ કૉલેજોને એવા કાર્યક્રમો આપવા પડશે. સરકાર દરેક બી. એડ. કૉલેજોને નિરંતર શિક્ષણકેન્દ્ર આપવાનું ગંભીરતાપૂર્વક વિચારી રહી છે. તેનો અમલ વહેલી તરે કરવો જોઈએ. (17) માધ્યમિક શાળાઓમાં પ્રયોગકાર્ય અને મૌલિક સર્જનાત્મક કાર્ય માટેનું પર્યાવરણ ઊભું કરવું પડશે. (18) ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણનું વ્યાવસાયીકરણ કરવું પડશે. તે માટે ડૉ. આદિસેશિયાહ રાષ્ટ્રીય સમીક્ષા સમિતિએ કરેલ ભલામણો અનુસાર ''અધ્યયન અને કાર્યશીલ સમાજનો અભિગમ' અપનાવવો પડશે. તેનો અહેવાલ ''કાર્ય-અધ્યયન'નો અભ્યાસ કરી સમગ્ર દેશમાં ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણને સાચા અર્થમાં માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ વચ્ચેનો સેતુ બનાવવો પડશે. (19)માધ્યમિક શિક્ષકો વિધાકીય રીતે સજ્જ બને તે માટે તેમને પુસ્તકો-સામયિકો વસાવવા માટે સરકારે 50 ટકા રકમ આપવી જોઇએ. આ રીતે અંગત લાઈબ્રેરી વસાવવાનું પ્રોત્સાહન

પુરું પાડવું જોઈએ. (20) શિક્ષકોનાં વાંચન, લેખનકાર્ય સંશોધનકાર્ય અને પ્રયોગકાર્ય વિકસે તે માટે દર પાંચ વર્ષે તેમના કાર્યનું મૂલ્યાંકન કરવું જોઇએ. નવીન પ્રવાહો નવતર પ્રયોગથી તેમને સજ્જ બનાવવા જોઈએ. સરકારે શિક્ષકો માટેનાં બે 'રાષ્ટ્રીય શિક્ષક પંચો' નિમ્યાં છે. જે વધુ ઉપયોગી થશે. (21) શિક્ષકો માટે દર પાંચ વર્ષે સમગ્ર ભારતમાં પ્રવાસ કરવાનો ફ્રી પાસ મળવો જોઇએ. (અત્યારે દર ચાર વર્ષનાં બ્લોકમાં આપવાનું ચાલુ જ છે. મેડિકલ ભથ્થું પણ અપાય છે. પણ તેનો દુરૂપયોગ થાય છે. ટિકિટ જ આપવી જોઈએ.) આવા તો અનેક માર્ગો-ઉપાયો માધ્યમિક શિક્ષણના વિકાસ માટે સૂચવી શકાય.

**3. માધ્યમિક શિક્ષણ :**

પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણને જોડતો સેતુ : માધ્યમિક શિક્ષણના તબક્કાને એક સમયે શિક્ષણની સૌથી નબળી કડી તરીકે ગણવામાં આવેલ. પણ હવે આજે શિક્ષણની સૌથી ઓછી નબળી કડી તરીકે કદાચ માધ્યમિક કક્ષાને ગણાવી શકાય. પ્રાથમિક તબક્કાની ઘોર અવગણના ત્રીસ-ત્રીસ વર્ષો સુધી થઇ હોવાને પરિણામે પ્રાથમિક તબક્કાનું શિક્ષણ ખરા અર્થમાં મફત, ફરજિયાત અને સાર્વત્રિક નથી બની શક્યું. કદાચ એ સારું બન્યું હોત તો કંઈક આશ્વાસન મળત પણ તેમ બન્યું નથી અને યુનિવર્સિટીઓમાં જે રીતે શિક્ષણ થાય છે તે જોતાં પણ નિરાશા ઉપજે છે. શિક્ષણનાં પ્રાથમિક અને માધ્યમિક તૃતીય (ઉચ્ચ શિક્ષણ) તબક્કા આટલા નબળા હોય ત્યારે એને જોડતી કડી સબળ શી રીતે હોઇ શકે ? આ માટે માધ્યમિક શ્રિક્ષણના પ્રશ્નોને આપણે સમગ્ર સંદર્ભમાં જોવા જોઇએ. એ દષ્ટિએ સ્વરાજ્ય પછીનાં પ્રથમ પચ્ચીસ વર્ષોમાં આકાર પામેલી નીચેની ત્રણ હકીક્તો ધ્યાનમાં રાખવી પડશે.

0 થી ૫ ધોરણમાં ભણતાં વિદ્યાર્થીઓની સંખ્યામાં 250 ટકાનો વધારો થયો.

- 6 થી 8 ધોરણમાં ભણતાં વિદ્યાર્થીઓની સંખ્યામાં 950 ટકાનો વધારો થયો.
- 9 થી 11 ધોરણમાં ભણતાં વિદ્યાર્થીઓની સંખ્યામાં 900 ટકાનો વધારો થયો.

મફત, ફરજિયાત અને સાર્વત્રિક શિક્ષણનો અંશતઃ અમલ થયો હોવા છતાં વિદ્યાર્થીઓના આવા ભરાવાને પરિણામે ગુણવત્તાનાં ધોરણો પર તેની જબરી અસર થઇ તેમ છતાં શિક્ષણનાં વ્યાપ અને શિક્ષણનાં ધોરણો સુધારવાનાં શ્રેણીબદ્ધ પગલાંઓ લેવામાં આવી રહ્યાં છે. શિક્ષણની સર્વમાન્ય નીતિઓ અમલ થઇ શકે એ માટે વિવિધ પંચોની ભલામણો દ્વારા સમયે સમયે યોગ્ય ફેરફારો પણ કરતા રહ્યાં છે.

મુદ્દાલિયાર કમિશને 1954માં વિવિધલક્ષી શાળાઓનું સૂચન કરેલું. માધ્યમિક શિક્ષણને અર્થપૂર્ણ બનાવવાની દિશામાં આ સૂચનનું ઘણું મહત્ત્વ હતું. પરતુ નવમાં ધોરણને અંતે વિષયની પસંદગી માટેની વિદ્યાર્થીઓની પરિપક્વતા પૂરતી ન લાગી. કોઠારીપંચે (1994) પોતાના રિપોર્ટમાં અને એ પછી લોક્સભાએ પસાર કરેલા નેશનલ એજ્યુકેશન પોલિસી રેસોલ્યુશન (1968) માં શિક્ષણ માટે 10+2+3 ની તરેહ સૂચવવામાં આવી. સમગ્ર દેશમાં શિક્ષણના માળખામાં એકસૂત્રતા લાવવા માટેની યોગ્ય ભલામણ હતી. સમગ્ર માધ્યમિક તબક્કાને કાર્યાનુભવની પાસે વ્યવસાયલક્ષી વળાંક આપવાનો મહત્ત્વના હેતુઓની પાછળ હતો. પણ એ હેતુ બર ન આવ્યો. કદાચ એના મૂળમાં સમાજમાં પ્રવર્તમાન મૂલ્યો જવાબદાર ગણાવી શકાય.

ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ પણ ઘણા પ્રશ્નો ઊભા કર્યાં. આ તબક્કો શાળા સાથે ન જોડાય અને કૉલેજ સાથે જોડાય તો એની પાછળનો મૂળભૂત હેતુ માર્યો જાય એમ પણ બને અને નવી તરાહનો મનોવૈજ્ઞાનિક સંદર્ભ પણ જોખમાય. બીજી તરફ આ તબક્કો શાળાઓ સાથે જોડવાથી વર્ગવાર વિદ્યાર્થીઓની સંખ્યાના, યોગ્ય લાયકાતવાળા અને જે તે વિષયો શીખવી શકે તેવા તાલીમ પામેલાં સંખ્યાધિન અને સંખ્યાધિક પ્રાધ્યાપકોનાં, ગુણવત્તાનાં ધોરણોની જાળવણીના, સાધન સજ્જતાનાં તેમજ અધ્યાપક તાલીમના અનેક પ્રશ્ને એક સામટા ઊભા થયા છે. સાથે સાથે રાજ્યોની આર્થિક મુશ્કેલીની મૂંઝવણ ઊભી જ છે. તે વચ્ચે ઉચ્ચત્તર માધ્યમિકના પ્રશ્નો સતત વધતા જ ગયા છે.

ગુજરાતમાં કન્યા કેળવણી અને પછી સમગ્ર માધ્યમિક કેળવણી મફત કરવાનું ઉતાવળિયું પગલું તત્કાલીન સરકારે લીધું તેનાં બે મહત્ત્વનાં પરિણામો આવ્યા :

1. પ્રાથમિક શિક્ષણને મફત અને સાર્વત્રિક બનાવવા માટેનાં આર્થિક સાધનો ટાંચા પડતાં હતા. ત્યાં આ નવો ભાર આપવાથી આર્થિક ખેંચ વધુને વધુ ઘેરી બનતી ગઇ.
2. પરિણામે ઉચ્ચતર માધ્યમિકની નવી તરાહને મળતી જોઇતી આર્થિક સહાય સરકાર પૂરતા પ્રમાણમાં આપી શકી નહીં.

નવી તરાહને પરિણામે લોકોમાં શિક્ષણની ભૂખ જાગી. ગ્રામ્ય વિસ્તારોમાં માધ્યમિક શાળાઓ અને કૉલેજો ઊભી થવા માંડી એ પછી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ શરૂ કરવા સામાજિક રાજકીય દબાણો શરૂ થયાં આને કારણે પ્રાથમિક શિક્ષણ સાવંત્રિક બને તે પહેલાં જ માધ્યમિક શિક્ષણ અને કૉલેજ શિક્ષણનું વિસ્તરણ વધવા માંડ્યું અને સરકાર આર્થિક સહાય કરવામાં નિષ્ફળ ગઇ.

આ દરમિયાન જનતા સરકારની રચના થઇ. એ પછી શિક્ષણમાં ત્રણ મહત્ત્વની ઘટનાઓ બની. (1) 10 વર્ષના શાળેય અભ્યાસક્રમ માટે કેન્દ્ર સરકારે નીમેલી ઇશ્વરભાઇ સમિતિએ અહેવાલ બહાર પડ્યો. (૨) ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ શિક્ષણના વ્યવસાયીકરણ માટે નીમેલી ડૉ. આદિસેશીઆહ સમિતિનો અહેવાલ બહાર પડ્યો. (3)ઉચ્ચ શિક્ષણને ધ્યાનમાં રાખીને રાજકોટમાં મળેલી કુલપતિઓની ગોષ્ઠિને આધારે યુ.જી.સી.ની નીતિવિષયક પુસ્તિકા બહાર પડી.

ઇશ્વરભાઇ સમિતિએ સમાજોપયોગી ઉત્પાદકકાર્યને પર્ણ વિષયનો દરજ્જો આપ્યો, ભાષા અંગેની કોઠારીપંચની ભલામણોને માગંદર્શક ગણવાનું, ભણતરનો ભાર હળવો થાય તે દષ્ટિએ પાઠ્યપુસ્તકો અંગે, વિષયોની સંખ્યા અંગે, પાઠ્યક્રમ અંગે અને નિરીક્ષિત અભ્યાસકાર્ય અંગે, અનેકવિધ સૂચનો કર્યા છે. પણ આમાં પણ વિદ્યાર્થીઓના ભારણનો વિચાર કરવામાં આવ્યો નથી. એક યા બીજા કારણોસર માધ્યમિક શિક્ષણના તબક્કે એક સાથે ઘણી બધી ભાષાઓ શીખવવાનો લોભ આપણે જતો કરી શકતાં નથી. સમયપત્રકના લગભગ 50 ટકા જેટલા તાસ ભાષાઓ શીખવવામાં જાય છે. દશ વર્ષોના શાળેય અભ્યાસક્રમમાં માતૃભાષા આઠ વર્ષ માટે હિન્દી બે કે ત્રણ વર્ષ માટે, અંગ્રેજી ત્રણ કે ચાર વર્ષ માટે અને સંસ્કૃત બે વર્ષ માટે, શીખવ્યા પછી નવ અને દસમા ધોરણમાં એક કે બે ભાષાઓ વિકલ્પે વિદ્યાર્થીઓ પસંદ કરે એવું ગોઠવીને એક્સાથે બધી ભાષાઓ શીખવી પડે એવું આયોજન જરૂર થઇ શકે. વિજ્ઞાન અને ગણિતના અભ્યાસક્રમો ભારે બનતા રહે તે સાથે એમને માટે વધારે તાસ ફાળવી શકાય એ માટે ભાષાશિક્ષણમાં આવું બુદ્ધિગમ્ય સ્ટેગરિંગ (Rational Staggering) જરૂરી અને શક્ય છે.

શિક્ષણનો પ્રાથમિક તબક્કો વર્ષોની ઘોર ઉપેક્ષાને કારણે અને તૃતીય તબક્કો (ઉચ્ચ શિક્ષણનો) હેતુવિહીન વિસ્તાર તથા ગુણવત્તાનાં ધોરણો અંગેની આપણી લાપરવાહીના કારણે કંતાઈ ગયેલો હોય ત્યારે હજી માધ્યમિક તબક્કે જે કંઇ ચાલે છે તે થોડુંક સારું જણાય છે અને તેને કારણે માધ્યમિક તબક્કાને શિક્ષણની સૌથી ઓછી નબળી કડી તરીકે ગણાવી શકાય.

પ્રાથમિક શિક્ષણનો પાયો જો મજબૂત હોય તો માધ્યમિક શિક્ષણ મેળવવામાં કોઈ મુશ્કેલી ન નડે પણ ઉપર જણાવ્યું તે પ્રમાણે અભ્યાસક્રમનું ભારણ વિદ્યાર્થીઓ અને તેમના શિક્ષણને હતાશ બનાવે છે. માધ્યમિક શિક્ષણને જો પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણને જોડતો સેતુ બનાવવો હશે તો તેના અભ્યાસક્રમો શિક્ષણ પદ્ધતિઓ અને અન્ય શૈક્ષણિક કાર્યક્રમો પ્રાથમિક શિક્ષણના અનુસંધાનમાં યોજવા પડશે.

સમગ્ર શિક્ષણની દષ્ટિએ રાષ્ટ્રીય કક્ષાએ ડોકાયા કરતું પરિવર્તન અમલીકરણ પામે તો જ શિક્ષણના ક્ષેત્રમાં પ્રવર્તતા ગોટાળામાંથી માધ્યમિક શિક્ષણમુક્ત થશે અને નીચલા અને ઉપલા બન્ને તબક્કાને જોડતો મજબૂત સેતુ સાબિત થશે.

## 4. પ્રાથમિક શિક્ષણની માધ્યમિક શિક્ષણ પરની અસરો :

માધ્યમિક શિક્ષણ એ પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણને જોડતો સેતુ છે. પણ આ સેતુનો પાયો મજબૂત છે કે નહિ તે જોવાનો પ્રયાસ કરીએ. પ્રાથમિક શિક્ષણની કેવી અસરો માધ્યમિક શિક્ષણને કઈ કઈ રીતે થાય છે તે જોઈએ :

- પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત અને સાર્વત્રિક બનવાને કારણે વિદ્યાર્થી સંખ્યામાં સતત વધારો થતો રહ્યો છે. આ વિસ્તરણની અસર માધ્યમિક શિક્ષણ પર પડી. પરિણામે ઢંગધડા વગરનું પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરીને બહુ મોટી સંખ્યા માધ્યમિક શિક્ષણને ઉંબરે આવીને ઊભી. માધ્યમિક શિક્ષણનાં ગુણવત્તાનાં ધોરણો કથળવામાં આ બાબતે મહત્ત્વનો ભાગ ભજવ્યો.
- ધોરણ 7ને અંતે જાહેર પરીક્ષા લેવાનો નિર્ણય અનેક વિરોધો વચ્ચે લેવાયો છે, એની શી અસર થાય છે એ જોવાનું રહ્યું ત્યાં સુધી તો બધા જ બાળકો માધ્યમિક શિક્ષણમાં પ્રવેશ મેળવે જ છે, એની અસર પણ માધ્યમિક શિક્ષણ પર પડી.
- પ્રાથમિક શિક્ષણનું ગુણવત્તાનું ધોરણ સતત કથળતું જાય છે, નવો અભ્યાસક્રમ આવ્યો છે, પરંતુ એને યોગ્ય શિક્ષકો, સાધનો, સગવડોનો અભાવ છે.
- અભ્યાસક્રમ નવો આવ્યો છે પણ શિક્ષકો એના એ જ છે. જના અભિગમવાળા શિક્ષકોને કસોટીએ ચડાવનાર અભ્યાસક્રમ બાળકો કઇ રીતે આત્મસાત્ કરી શકે?
- પ્રાથમિક શાળાઓને પૂરતી ભૌતિક સુવિધાઓ નથી મળી શકી ઘણી પ્રાથમિક શાળાઓ, સાધનવિહોણી, ક્યાંક તો મકાનવિહોણી શાળાઓ છે.
- આ દેશમાં હજુયે એક શિક્ષકવાળી શાળાઓ 40% જેટલી છે. શિક્ષકદીઠ વિદ્યાર્થીનું પ્રમાણ લગભગ 36 જટલું છે, અપવ્યયનું પ્રમાણ લગભગ 80 ટકા જેટલું છે.
- સમગ્ર દેશમાં હજી પ્રાથમિક શિક્ષણની એક સમાન તરાહ નથી.
- પ્રાથમિક શિક્ષકોનાં પગારધોરણો હજુએ આશાસ્પદ નથી. (દેસાઇ પંચે થોડોક દિલાસો આપ્યો છે. તેમ છતાં ઊંચી ગુણવત્તા ધરાવતી વ્યક્તિઓને પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે આકર્ષી શકી નથી.)
- નવી પ્રવિધિઓ, પ્રયુક્તિઓ, પદ્ધતિઓનો અભાવ, પરીક્ષા પદ્ધતિ પણ ખામી ભરેલી,
- અભ્યાસક્રમ હજુય વ્યાવહારિક અને જીવનલક્ષી તથા વૈવિધ્યલક્ષી નથી.
- હજુ પ્રાથમિક શાળામાં તાલીમ પામેલા સ્નાતક આચાર્યો અને વિજ્ઞાન-ગણિતના શિક્ષકો નથી.
- આપણાં તાલીમ અધ્યાપન મંદિરો વાસ્તવમાં કોઇ સઘન તાલીમ નથી આપી શખતાં. તાલીમનું સુંદર પર્યાવરણ હજુ ખૂબ ઓછાં અધ્યાપનોમાં જોવા મળે છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોના તાલીમી કાર્યક્રમોમાં, તેનાં અભ્યાસક્રમોમાં એકરૂપતા જળવાતી નથી. વાસ્તવિક અભ્યાસક્રમો સાથે તાલીમી અભ્યાસક્રમોનો મેળ નથી.
- શિક્ષક નિદર્શનીનો અભાવ છે તો અપૂર્ણ છે.
- ગામડાના શિક્ષકોને પોતાના જ ગામમાં યા આજુબાજુ મૂકયા હોવાથી તેમનું પૂરું ધ્યાન ઘરકામમાં આપે છે. ખંડ સમયનું ધ્યાન જ શાળામાં હોય છે. શિક્ષણ સમિતિઓ અને જિલ્લા પંચાયતોના હાથમાં સંચાલન હોવાથી અનેક પ્રકારનાં વિઘ્નો ઊભા થાય છે. બદલીઓમાં પણ શિક્ષકોનું શોષણ થાય છે. પ્રાથમિક શિક્ષણમાં ખાનગી સાહસોનો પણ ફાળો હોવાથી ઘણા વહીવટી અને શૈક્ષણિક પ્રશ્નો ઊભા થાય છે. સરકાર અને ખાનગી સાહસો સંચાલિત પ્રાથમિક શાળાઓના શિક્ષણના ગુણવત્તાના ધોરણોમાં ફેર જોવા મળે છે.
- સતત વધતી રહેલી વસતિને પરિણામે શિક્ષણમાં માધ્યમિક અને ભૌતિક સુવિધાઓ જેટલા પ્રમાણમાં મળવી જોઇએ તે મળી શકી નથી.

- પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત અને સાર્વત્રિક હોવાને કારણે પૂરતી માનવીય અને ભૌતિક સગવડોની પ્રાપ્તિના અભાવની અસર પ્રાથમિક શિક્ષણને ભોગવવી પડી. તેની અસર માધ્યમિક શિક્ષણ પર પણ પડી.

- ફરજિયાત કન્યાકેળવણી, પછાતવર્ગોની શિક્ષણ પ્રત્યેની ઉદાસીનતા, નબળી આર્થિક પરિસ્થિતિ, પછાત અને ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષક-શિક્ષિકાઓની ભરતી કરવામાં નડતી મુશ્કેલીઓ વગેરે બાબતો પણ પ્રાથમિક શિક્ષણના વિકાસમાં રૂંધી રહી છે.

- પ્રાથમિક શિક્ષણમાં ઉદ્યોગ ઠીક ઠીક વગોવાયો છે. ઉદ્યોગનું વિકૃતિકરણ હદ વટાવી ગયું છે.

  આમ ઉપરોક્ત બાબતોને કારણે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા કથળતી રહી છે અને તેની અસર માધ્યમિક શિક્ષણ પર પણ પડી.

### 3.5 માધ્યમિક શિક્ષણની ઉચ્ચ કેળવણી પરની અસરો?

જેમ પ્રાથમિક શિક્ષણની અસરોએ માધ્યમિક શિક્ષણનાં ગુણવત્તાનાં ધોરણો નીચે લઈ જવામાં કારણરૂપ બન્યા તેમ માધ્યમિક શિક્ષણની કેટલીક સમસ્યાઓને કારણે તેની અસર ઉચ્ચ શિક્ષણ ઉપર પણ થવા પામી. આગળ આપણે જોઇ ગયા તે પ્રમાણે માધ્યમિક શિક્ષણની કક્ષા શિક્ષણની બધી કક્ષાઓમાં મહત્ત્વની કેન્દ્રવર્તી કડી છે. તે પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણને જોડનાર સેતુ છે. આ કડી જેટલી મજબૂત તેટલા પ્રમાણમાં પ્રાથમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા રહેવાની આથી પણ માધ્યમિક શિક્ષણની કેટલીક મહત્ત્વની સમસ્યાઓ જોઇશું :

- માધ્યમિક શિક્ષણમાં વિદ્યાર્થી ભરતીનો સરેરાશ વાર્ષિક વૃદ્ધિદર 10 ટકા જેટલો જ રહ્યો છે જે ચિંતાજનક હોવાને કારણે કોઠારીપંચે તેને 7 ટકા જેટલો સખવાનું સૂચન કર્યું. માધ્યમિક ક્ષેત્રના આ વિસ્તરણને લીધે ઉચ્ચ શિક્ષણમાં પણ વિદ્યાર્થી પ્રવેશનો ઘસારો વધતો ગયો અને માત્ર શિક્ષિત બેકારોની સમસ્યા ઘેરી બની.

- એ જ રીતે ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનું વિસ્તરણ પણ ઘણું વધ્યું. વાર્ષિક 11.3 ટકાના વધારા સામે સરેરાશ 8.3 ટકાનો વાર્ષિક વધારો જ કોઠારીપંચે સૂચવેલો. આમ, આ વિસ્તરણની અસર પણ ઘણી બધી રીતે શૈક્ષણિક વહીવટ ઉપર પડી અને તેમાંથી ઘણાં પ્રશ્નો ઉપસ્થિત થયા. માધ્યમિક કક્ષાએ વિવિધલક્ષી અભ્યાસક્રમો અને વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોની જોગવાઈ કરવા છતાં મોટાભાગની શાળાઓમાં એ દાખલ થઇ શક્યો નહિ. મોટાભાગની શાળાઓ ચીલાચાલુ શિક્ષણ આપતી શાળાઓ જ રહી. એની અસર પણ ઉચ્ચ શિક્ષણ પર પડી. માત્ર સામાન્ય પ્રકારના એકેડેમિક અભ્યાસક્રમો જે માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં અપનાવાઇ રહ્યાં છે. તેને કારણે શિક્ષિત બેકારોની સંખ્યામાં વધારો થતો જ રહ્યો છે. આની અસર પણ ઉચ્ચ શિક્ષણનાં ગુણવત્તાના ધોરણો પર થવા પામી છે.

- માધ્યમિક કક્ષાએ શિક્ષણનાં ધંધાકીયકરણમાં અને ઉચ્ચ શિક્ષણમાં ધંધાકીયકરણમાં જે એકરૂપતા હોવી જોઈએ તે ન હોવાને કારણે માધ્યમિક કક્ષાએ મેળવેલા વ્યવસાયી અનુભવો ઉચ્ચ શિક્ષણમાં મદદરૂપ બનતા નથી.

- માધ્યમિક કક્ષાએ વિવિધ વિષયો માટે યોગ્ય લાયકાત ધરાવતાં શિક્ષકોની સંખ્યા મર્યાદિત હોવાને કારણે તેની અસર ઉચ્ચ શિક્ષણનાં ગુણવત્તાનાં ધોરણો પર પડે છે.

- માધ્યમિક શ:ળાનો વિદ્યાર્થી જ્યારે ઉચ્ચ શિક્ષણ માટે કૉલેજમાં પ્રવેશ મેળવે છે ત્યારે તેમની સામે કોઈ નિશ્ચિત ધ્યેય હોતું નથી. એનું કારણ એ છે કે માધ્યમિક કક્ષાએ વિદ્યાર્થીઓને મધ્યમ કક્ષાની નંતાગીરી પૂરી પાડવામાં બહુ ઓછી સફળતા મેળવી શક્યા છીએ.

- માધ્યમિક શાળાઓ કે કૉલેજો વિવિધ ઉદ્યોગો સાથે સંબંધ જોડી શક્યા નથી, એને લીધે શિક્ષણનું વ્યાવસાયી મૂલ્ય ઘટતું ગયું છે.

- માધ્યમિક શિક્ષણક્ષેત્ર ખાનગી સાહસના પ્રાબલ્યને કારણે શિક્ષકોનું શોષણ, શાળાની અપૂરતી

ભૌતિક સવલતો, શાળાના આંતરિક વહીવટમાં અનેક પ્રકારની ગેરરીતિઓ તેમજ શૈક્ષણિક સાધનોની સુવિધા અંગેના પ્રશ્નોની અસર ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પણ થઈ છે.

- પ્રાથમિક શિક્ષણની જેમ માધ્યમિક શિક્ષણમાં પણ સ્થગિતતા અને અપવ્યયનું સારું એવું પ્રમાણ જોવા મળે છે અને તેની અસરો ઉચ્ચ શિક્ષણ પર થતી જોવા મળે છે.
- આ ઉપરાંત માધ્યમિક શિક્ષણના અભ્યાસક્રમની ખામીઓ શિક્ષણના વ્યાવસાયીકરણની જરૂર, અંગ્રેજી શિક્ષણ અંગેની આપણી નીતિ, માધ્યમિક કક્ષાએ અનુદાન આપવા અંગેની સરકારી નીતિ-આમ વિવિધ બાબતોને કારણે માધ્યમિક શિક્ષણનીગુણવત્તા પર ઘેરી અસર થઈ છે અને ઉચ્ચ શિક્ષણને પણ એ સ્પર્શી ગઈ છે.

**(6) માધ્યમિક શિક્ષણનું સંચાલન કરતી વિવિધ સંસ્થાઓ (એજન્સીઝ)**

માધ્યમિક શિક્ષણ કક્ષાએ તેનું સંચાલકીય અને વહીવટી માળખું જોતાં માધ્યમિક શિક્ષણનું સંચાલન કરતી શિક્ષણસંસ્થાઓના પ્રકાર નીચે પ્રમાણે પાડી શકાય :

(1) કેન્દ્ર અથવા રાજ્ય સરકાર દ્વારા સંચાલિત શાળાઓ

(2) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા સંચાલિત શાળાઓ

(3) ખાનગી સાહસ દ્વારા સંચાલિત શાળાઓ જેમાં

a. ટ્રસ્ટ દ્વારા સંચાલિત શાળાઓ

b. ખાનગી મેનેજમેન્ટ દ્વારા સંચાલિત શાળાઓ

c. મિશનરીઓ દ્વારા ચાલતી શાળાઓ

**વિવિધ સંસ્થાઓનું વિસ્તરણ :**

આઝાદી મળ્યા પછી માધ્યમિક શિક્ષણક્ષેત્રે ઉપર ત્રણ પ્રકારની સંસ્થાઓ (એજન્સીઝ) દ્વારા ચાલતી શાળાઓનું વિસ્તરણ નીચેના કોઠા દ્વારા જોઈ શકાય છે.

**માધ્યમિક શાળાઓનું સંચાલન કરતી સંસ્થાઓનું વિસ્તરણ**

| **વર્ષ** | **1950-51 (ટકામાં)** | **1955-56 (ટકામાં)** | **1960-61 (ટકામાં)** | **1965-66 (ટકામાં)** | **1973-78 (ટકામાં)** |
|---|---|---|---|---|---|
| સરકાર સંચાલિત | 14.8 | 14.9 | 18.8 | 20.4 | 21.5 |
| સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા સંચાલિત | 11.3 | 12.0 | 12.0 | 12.0 | 11.0 |
| ખાનગી સાહસો દ્વારા સંચાલિત | 73.7 | 72.2 | 69.2 | 68.4 | 67.5 |
| **કુલ માધ્યમિક શાળાઓ** | **100** | **100** | **100** | **100** | **100** |

**મહત્ત્વના તારણો :**

ઉપરોક્ત કોઠાનો અભ્યાસ કરતાં માધ્યમિક કક્ષાએ કાર્ય કરતી વિવિધ સંસ્થાઓની નીચેની બાબતો ધ્યાનમાં આવે છે :

1. ખાનગી સંચાલન હેઠળની માધ્યમિક શાળાઓની ટકાવારી ઘટતી હોવા છતાં પણ લગભગ 68 ટકાથી વધુ શાળાઓનું સંચાલન તેને હસ્તક રહ્યું છે.
2. સરકાર દ્વારા સંચાલિત શાળાઓની ટકાવારી નીચી હોવા છતાં તેમાં સતત વધારો થતો રહ્યો છે. 1950-51માં સરકાર સંચાલિત માધ્યમિક શાળાઓ 21.5 ટકા જેટલી બને છે.
3. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા સંચાલિત માધ્યમિક શાળાઓની ટકાવારી કાયમી સાવ

ઓછી રહે છે. આમ છતાં 1950-51થી 1955-56ના સમયગાળામાં થોડો ફેરફાર દેખાયો છે. પરંતુ ઉત્તરોતર ટકાવારીમાં થતો ધીમો ઘટાડો નોંધપાત્ર બાબત છે.

4. માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની સંખ્યામાં થતો સતત વધારો ધ્યાન ખેંચે તેવી બાબત છે. આ સંખ્યાનો વધારો એ શિક્ષણ પ્રત્યેની જાગૃતિનું સીધું પરિણામ દર્શાવે છે. નીચલી કક્ષાએ આવો એકધારો વધારો દૃષ્ટિગોચર થતો નથી તેથી એ સ્પષ્ટ થાય છે કે તેમાં કાર્ય કરતાં વિવિધ દબાણ જૂથો માધ્યમિક શિક્ષણને પૂર્ણ બનાવવા ગતિમાન રહ્યાં છે.

## 7. સારાંશ

પ્રસ્તુત એકમમાં આપણે માધ્યમિક શિક્ષણને કેન્દ્રસ્થાને રાખીને, આઝાદી બાદ પંચવર્ષીય યોજનાઓ, તેમાં આર્થિક ફાળવણી અને પંચવર્ષીય યોજનાઓ દરમિયાન માધ્યમિક શાળાઓની સંસ્થાઓમાં થયેલાં વૃદ્ધિની વિગતે ચર્ચા કરી. કોઠારી પંચની દૃષ્ટિએ માધ્યમિક ક્ષેત્રે વિદ્યાર્થી ભરતી, વિકાસની સમસ્યાઓ અને તેના ઉકેલો વિશે પણ ઊંડાણથી અભ્યાસ કર્યો, તે સાથે માધ્યમિક શિક્ષણ એ પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણને જોડતો સેતુ છે તેની ચર્ચા કરી પરસ્પર એકબીજા પરની અસરનો અભ્યાસ કર્યો અને એકમનાં અંતભાગમાં શાળા સંકુલની પણ માહિતી મેળવી. આ તમામ બાબતો માધ્યમિક શિક્ષણના વિકાસને સીધી રીતે સ્પર્શે છે.

## 8. એકમ સ્વાધ્યાય :

1. માધ્યમિક શિક્ષણ એટલે શું ?
2. માધ્યમિક શિક્ષણના હેતુઓ જણાવો.
3. માધ્યમિક શાળાના વિકાસની સમસ્યાઓ જણાવો.
4. માધ્યમિક શિક્ષણની ઉચ્ચ કેળવણી પરની અસરો જણાવો.
5. માધ્યમિક શિક્ષણનું સંચાલન કરતી વિવિધ સંસ્થાઓ જણાવો.

**તમારી પ્રગતિ ચકાસો**

નોંધ : (1)તમારા ઉત્તરો આપેલ જગ્યામાં લખો.

(2) તમારા ઉત્તરોને વિભાગના અંતમાં આપેલ ઉત્તરો સાથે સરખાવો.

**(1) નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો :**

1. ભારતમાં સૌ પ્રથમ 1857માં યુનિવર્સિટીઓની રચના થઇ હતી. ☐
2. પ્રથમ પંચવર્ષીય યોજના 1961 થી 1966 દરમિયાન હતી. ☐
3. રાષ્ટ્રીય શિક્ષણપંચને કોઠારી કમિશન પણ કહે છે. ☐
4. શિક્ષણની નવી નીતિ 1976માં અમલમાં આવી. ☐

**(2) ખાલી જગ્યા પૂરો.**

1. પ્રાથમિક અને ઉચ્ચત્તર પ્રાથમિક શિક્ષણને જોડતો સેતુ ......................... છે.
2. મુદાલિયાર કમિશન ઈ. સ. ................... માં રચાયું.
3. સમાજોપયોગી ઉત્પાદક શ્રમકાર્યની ભલામણ .................. સમિતિએ કરી હતી.

**(3) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

(1) માધ્યમિક શિક્ષણના વિકાસની કોઈપણ બે સમસ્યાઓ જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

.................................................................

.................................................................

(2) પ્રાથમિક શિક્ષણની માધ્યમિક શિક્ષણ પરની કોઈપણ બે મહત્ત્વની અસરો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

**(10) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : (Answer to check your progress)**

(1) ખરા-ખોટા વિધાનોના જવાબો :

1. ખોટું 2. ખોટું

3. ખોટું 4. ખોટું

(2) ખાલી જગ્યા પુરા

(1) માધ્યમિક શિક્ષણ

(2) મુદ્દલિયર પંચ 1952-53 માં રચાયું

(3) કોઠારી પંચ

(3) માધ્યમિક શિક્ષણના વિકાસની કોઈપણ બે સમસ્યાઓ જણાવો.

(1) માધ્યમિક શિક્ષણનું વ્યાવસાયીકરણ થતું નથી.

(2) માધ્યમિક શિક્ષણનો વ્યાપ વધ્યો છે, પરંતુ ગુણવત્તા ઘટી છે.

(4) પ્રાથમિક શિક્ષણની માધ્યમિક શિક્ષણ પરની કોઈપણ બે મહત્ત્વની અસરો જણાવો.

(1) પ્રાથમિક શિક્ષણનું ગુણવત્તાનું ધોરણ કથળતું જાય છે.

(2) અભ્યાસક્રમ હજુય વ્યવસાયિક અને જીવનલક્ષી તથા વૈવિધ્યલક્ષી નથી.

## 3.8 સૂચિત વાંચન સામગ્રી

(1) દેસાઈ ધનવંત અને પટેલી પી. જે. (1966)"ભારતીય શિક્ષણના વર્તમાન પ્રશ્નો" એ. આર. શેઠની કંપની, મુંબઈ-2.

(2) શાસ્ત્રી જયેન્દ્ર દવે અને અન્યો (1992)"ભારતીય શિક્ષણના નૂતન પ્રવાહો અને સમસ્યાઓ" બી. એસ. શાહ પ્રકાશન, અમદાવાદ-1.

(3) શાહ સી. સી. (1988), કેળવણી દર્શન, જીવનભારતી મંડળ, સુરત-1

(4) પટેલ મોતીભાઈ એમ. તથા અન્ય : શાળા પ્રબંધ, બી. એસ. શાહ પ્રકાશન, અમદાવાદ.

એકમ 8

# શાળા સંકુલ (School Complex)

## : રૂપરેખા :

(1) પ્રસ્તાવના

(2) શાળા સંકુલનો અર્થ

(3) શાળા સંકુલના લક્ષણો

(4) શાળા સંકુલના હેતુઓ

(5) શાળા સંકુલની પ્રવૃત્તિઓ

(6) શાળા સંકુલની મર્યાદાઓ

(7) સંકુલની સજ્જતા

(8) શાળા સંકુલ શિક્ષકો માટે અગત્ય

(9) સારાંશ

(10) એકમ સ્વાધ્યાય

(11) તમારી પ્રગતિ ચકાસો

(12) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

(13) સૂચિત વાંચન સામગ્રી

**ઉદ્દેશો (Objectives)**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે :

(1) શાળા સંકુલનો અર્થ સમજી શકશો.

(2) શાળા સંકુલના લક્ષણો સમજી શકશો.

(3) શાળા સંકુલના હેતુઓ સમજી શકશો.

(4) શાળા સંકુલની મર્યાદાઓ સમજી શકશો.

(5) શાળા સંકુલની સજ્જતા સમજી શકશો.

## 1. પ્રસ્તાવના

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986 અને તેના અમલીકરણ કાર્યક્રમમાં સ્પષ્ટ દર્શાવેલ છે કે શિક્ષણની વ્યવસ્થા અને આયોજનની પદ્ધતિમાં આમુલ પરિવર્તનને ઊંચી અગ્રતા આપવી જરૂરી છે. સ્થાનિક કક્ષાએ અસરકારક અમલીકરણ તંત્રની વિચારણા કરતી વખતે અમલીકરણ કાર્યક્રમમાં શાળા સંકુલના વિકાસ પર ખાસ ભાર મુકેલ છે.

આજે સમગ્ર દેશમાં 7,35,785 જેટલી શાળાઓ છે. જેમાં 5,29,392 પ્રાથમિક શાળાઓ 1,38,687 ઉચ્ચ પ્રાથમિક શાળાઓ, 53,208 માધ્યમિક શાળાઓ અને 15,498 ઉચ્ચતર માધ્યમિક શાળાઓ છે. શાળાઓની સંખ્યા કૂદકેને ભૂસકે વધતી જાય છે. 1978 થી 1986 શાળાઓમાં 16.03 ટકા જેટલી વૃદ્ધિ થઈ છે શાળાઓ વધવા સાથે શાળાઓના એકબીજા સાથેનો જીવન સંપર્ક ઓછો થતો હોય તેવું માલુમ પડે છે શાળાઓ શાળાઓ વચ્ચે આજે જાણે કે પોષણની જડબેસલાક દીવાલો ખડી થતી હોય તેવું ભાસે છે.

ઉચ્ચતર માધ્યમિક શાળા પોતાના જ કેમ્પસની માધ્યમિક શાળા સાથે માધ્યમિક શાળા પોતાના

જ વિસ્તારની ઉચ્ચ પ્રાથમિક શાળા સાથે અને ઉચ્ચ પ્રાથમિક શાળાપોતાના સંકુલની પ્રાથમિક શાળા સાથે કોઈ નાતો ન રાખે તે કેમ શાળા શાળા વચ્ચેની આ દિવાલો એવી જળ બનતી જાય છે કે માધ્યમિક શાળાના કાર્યકરો પ્રાથમિક શાળાના શિક્ષકો કરતાં પોતાની જાતને ઊંચી ગણે એ જ ક્રમ ઉચ્ચ શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ વચ્ચે ચાલતો હોય તેવું જોવા મળે છે. ખરેખર તો શિક્ષણના કોઇપણ વિભાગમાં કામ કરતા શિક્ષકો એક જ પંથના સાપથી યોગ છે બધા જ શિક્ષકો એક જ જેને ભરેલા છે. સંજોગો અનુસાર શાળામાં જુદાં જુદાં વિભાગમાં શિક્ષણમાં કાર્ય કરે છે. (કોઈ પણ પ્રાથમિકમાં, કોઈ માધ્યમિકમાં તો વળી કોઇ ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરે છે) શિક્ષણ સંસ્થાઓ વચ્ચે વધતું જતું અંતર આખરે તો સમગ્ર શિક્ષણની ઇમારતને નુકસાન કરે છે. આમે શિક્ષણનો સાચો ખ્યાલ સમગ્ર તાના શિક્ષણનો છે. પછી તેને ટુકડા કરીને કઈ રીતે સિદ્ધ કરી શકાય.

પ્રાથમિક શાળાની નજીક ખૂબ સુંદર માધ્યમિક શાળા હોય તેની પાસે સમૃદ્ધ પુસ્તકાલય રમત ગમતનું મેદાન હોય પ્રયોગશાળા તાલીમ સ્નાતક અનુસ્નાતક આચાર્ય વગેરે હોય છતાં પેલી પ્રાથમિક શાળા અને તેનો કોઈ લાભ ન મળે, એટલું જ નહીં પણ માધ્યમિક શાળા ગુરુતાગ્રંથિની અને પ્રાથમિક શાળા લઘુતા ગ્રંથિથી પીડાય પરિણામે માનવ શક્તિનો કેટલો બધો વ્યય ગણાય, તેમજ શાળાઓની સંખ્યા દિવસે દિવસે વધવાને કારણે શિક્ષણની ગુણવત્તાના ધોરણો નીચે જતા ગયા છે તેના પરિણામે વહીવટ સંચાલન માર્ગદર્શન અને નિરીક્ષણ કાર્યોમાં પણ મુશ્કેલીઓ સર્જાતી ગઈ છે.

આ બંને પરિણામો શિક્ષણ જગત માટે નુકશાન કરતા છે આ ની પરિસ્થિતિ દૂર કરીને માધ્યમિક શાળાઓની પ્રાથમિક શાળાઓનું એક શૈક્ષણિક સંકુલ બનાવવાનો વિચાર રાષ્ટ્રીય શિક્ષણ પંચે આપ્યો પંચે શાળાઓના વચ્ચેના જીવંત અને તાજગી ભર્યા સંબંધો સચવાઈ રહે તે માટે સમૃદ્ધ માધ્યમિક શાળાની સાધન સામગ્રી વિશિષ્ટ માનવ શક્તિ અને વિશિષ્ટ કૌશલ્યો ધરાવતી વ્યક્તિઓનો લાભ તે વિસ્તારની પ્રાથમિક શાળાઓને મળે. આમ પરસ્પર પ્રેમ અને સહકારના પાયા પર રચાયેલો આ સામૂહિક શાળા સંકુલ શિક્ષણ યાત્રામાં સહ વિકાસના ઉદ્ધાર શિક્ષણ સોપાનો સર કરે એવી ઉદાત સંકલ્પના કોઠારી પંચે રજૂ કરી છે. દેશમાં કેટલીક જગ્યાએ માધ્યમિક શાળાઓ પોતાની આસપાસની પ્રાથમિક શાળાઓ સાથે જીવન સંપર્ક રાખી સેવા વિસ્તરણનું સુંદર કાર્ય કરે છે. કોઠારી પંચે આ સંકલ્પના રજૂ કરી તે પહેલા પણ આવા અનૌપચારિક શાળા સંકુલો તો ઉત્સાહિત દ્રષ્ટિવાન આચાર્યના નેતૃત્વ નીચે દેશમાં ક્યાંક ક્યાંક ચાલતા જ હતા.

શિક્ષણની વિવિધ કક્ષાના તબક્કાને સાંકળતી કડીઓને સાધવાનો પ્રયાસ શિક્ષણમાં ભાવાત્મક એકતા લાવે છે. આપણા દેશની આર્થિક સમસ્યાની દ્રષ્ટિએ આપણે શૈક્ષણિક સંસ્થાઓને સાધન સંપન્ન બનાવી શક્યા નથી. કેટલીક સંસ્થાઓ આર્થિક ભૌતિક સુવિધામાં સધ્ધર હોય છે. આવી સંસ્થાઓ ઓછા સાધનો વાળી સંસ્થાઓના વિકાસમાં પૂરક બની શકે, આપણા દેશની સરકારે પણ આ અંગે વિચાર્યું છે, તે યોગ્ય છે શિક્ષણ નીતિ 1986ના અનુસંધાનમાં શાળા સંકુલ પર વધુ ભાર મૂકવામાં આવેલો છે, દેખરેખ રાખનારને નિરીક્ષણ કરનારા અધિકારીઓ અપૂરતી સંખ્યામાં હોવાને કારણે હાલની પરિસ્થિતિમાં તેઓ તેમના કાર્યમાં અસરકારક રીતે પહોંચી વળતા નથી. તેમની થોડી ભૂમિકા અને કાર્યો શાળા સંકુલ સંભાળશે.

## 2. શાળા સંકુલ એટલે શું (Meaning of school complex)

સારા સંકુલને પ્રવર્તમાન શૈક્ષણિક માળખાની જરૂરી નવરચના છે. શૈક્ષણિક ધોરણ સુધારવા માટે શાળા સંકુલોમાં જોડાયેલી શૈક્ષણિક સંસ્થાઓ તેમના સંચાલક મંડળો (ગ્રાન્ટ મેળવતા કે ન મેળવતા સરકારી સ્થાનિક સંસ્થાઓ, પંચાયત હસ્તકની સંસ્થાઓ કે ખાનગી સંસ્થાઓના મંડળો) અને સ્થાનિક વિસ્તાર (ગ્રામ્ય કે શહેરી)ની અપેક્ષા સિવાય નિમ્ન કક્ષાની સંસ્થાઓ.

દાખલા તરીકે પ્રાથમિક શાળાઓ તેમના નજીકના વિસ્તારમાં આવેલી ઉચ્ચ શાળાઓ સાથે માનવ અને ભૌતિક (એટલે કે પુસ્તકાલય વિજ્ઞાન પ્રયોગશાળાઓ કાર્ય શિબિરના સાધનો શૈક્ષણિક સાધનો રમત ગમતના સાધનો) બંને સંપત્તિના સ્ત્રોતોમાં ભાગ લેવા અને માર્ગદર્શન મેળવવા માટે સંકળાય છે.

"શાળામાં અધ્યયન અધ્યાપન પ્રક્રિયાની સુધારણાના હેતુ માટે હકારાત્મક સંચાલક વર્તન પરિવર્તન લાવવા માટે પ્રયત્ન એટલે જ શાળાસંકુલ". સામાન્ય સમજ પ્રમાણે શાળા સંકુલ બે શબ્દોનો સમૂહ છે. શાળા અને સંકુલ શાળાઓના સંકુલને સામાજિક શબ્દો છે. શાળાનો અર્થ શૈક્ષણિક સંસ્થા અને સંકુલનો અર્થ સમૂહ. ટૂંકમાં શાળા સંકુલ એટલે શૈક્ષણિક સંસ્થાનો સમૂહ. આસપાસની પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક વગેરેનો સમૂહ તે શાળા સંકુલ. બીજી રીતે કહીએ તો શિક્ષણની વિવિધ સંસ્થાઓના એક જૂથની રચના તે શાળા સંકુલ.

એક સ્થાન ઉપર પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક વગેરેને તાલીમી કૉલેજોના પારસ્પરિક સહયોગથી શિક્ષણ આપવાની વ્યવસ્થા કરે તો તે શાળા સંકુલ ગણાય. આવો સમૂહ પારસ પરીક્ષા યોગિક શૈક્ષણિક નેતૃત્વ પૂરું પાડે, માર્ગદર્શન આપે. આમ સહયોગ, નેતૃત્વ અને નિર્દેશન એ શાળા સંકુલના પ્રાણ છે.

**કોઠારી શિક્ષણ પંચ**

શાળા સંકુલની વ્યાખ્યા સ્પષ્ટ કરતાં કોઠાની શિક્ષણ પંચ નોંધે છે કે "એક માધ્યમિક શાળાની આસપાસ બનેલ શાળાઓનો સામૂહિક શૈક્ષણિક સુધારા અને વિકાસના એક નાનામાં નાના પ્રાપ્ય એકમ જે છે જેને શાળા સંકુલ કહેવામાં આવે છે."

સામાન્ય રીતે ગ્રામ વિસ્તારમાં પાંચેક દસ મહિના વિસ્તારમાં એક માધ્યમિક શાળા, ચાર કે પાંચ ઉચ્ચમાં પ્રાથમિક શાળાઓ અને દસથી વીસ નિમ્ન પ્રાથમિક શાળાઓ મળી એક સંકુલ રચાય. આ શાળા સંકુલમાં માધ્યમિક શાળા એક કેન્દ્ર શાળા (Lead schools) બને. આ સંકુલના બધા મળીને 80 થી 100 જેટલા શિક્ષકોનું એક જૂથ બંને આ નાનકડું છતાં સંચાલન યોગ્ય જૂથ બને. આ નાનું નિયંત્રિણ સામાન્યના સંબંધોથી કાર્ય કરે. આ તાલીમ પામેલું એક જ જેને ભરેલું શિક્ષણજૂથ શિક્ષણની કાયાપલટ કરવા માટે મચી પડશે.

"The group ro schools built around a secondary school as the minimum viable unit of education refrom and development is termed as school complex the commission says it is possible to provide certain facilities and equipment which cannot be provided separately to each school's jointly fro all schools in complex."

"હેતુઓને સિદ્ધિ અર્થે સહ ચિંતન માટે ભેગો થયેલો હેતુલક્ષી સમૂહ તે શાળા સંકુલ"

ટૂંકમાં શિક્ષણનું કામ કરનારી વિવિધ તેની જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે અંતર સંસ્થા સહયોગની પરિસ્થિતિ ઉભી કરવી એટલે શાળા સંકુલની રચના કરવી એમ કહેવાય.

આ સંકુલ પરસ્પર પ્રેમ અને સહકારના પાયા પર એક પરિવારની ભાવનાથી રચાયેલું હોવું જોઈએ, તો જ તેની મૂળ ભાવના જળવાઈ રહે. આ શાળા સંકુલમાં જે માનવ શક્તિ હોય તેનું મહત્ત્વ ઉપયોગ ઉપયોગ શિક્ષણના કાર્યમાં કરી શકાય. તેવી નેતૃત્વશક્તિ માધ્યમિક શાળાના આચાર્યોમાં હોવી જોઈએ. આ કામ વિશાળ હૃદયવાળા અને ઊંડી સૂઝ વાળા આચાર્ય જ કરી શકે.

## 3. શાળા સંકુલના લક્ષણો (Characteristics of school complex)

શાળા સંકુલના લક્ષણ નીચે પ્રમાણે છે :

(1) માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાની આસપાસ શાળા સંકુલ ઊભું કરવામાં આવે છે.

(2) શૈક્ષણિક સુધારણા અથવા વિકાસના એક એકમ તરીકે તેને ગણવામાં આવે છે

(3) તેમાં બધા જ વિભાગોની શાળાઓનો સમાવેશ થતો હોય છે.

(4) શિક્ષણ અને મૂલ્યાંકનની વધુ સારી પદ્ધતિઓના અમલ માટે તેમજ એક વર્ગમાંથી આગળના વર્ગમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે એક એકમ તરીકે તેનો ઉપયોગ કરવામાં આવે છે.

(5) તે શિક્ષણ વિભાગ દ્વારા તૈયાર કરાયેલા ચોક્કસ કાર્ય કરશે તથા તેમાં સમાવિષ્ટ અલગ અલગ શાળાઓની સાથે કામ પાર પાડશે.

(6) શાળા સંકુલની વળી સંસ્થા માધ્યમિક શાળાના આચાર્ય જે તે વિસ્તારની બધી શાળાઓ માટે કામનું આયોજન કરશે અને માર્ગદર્શન આપશે.

(7) પ્રત્યેક શાળા સંકુલની મુખ્ય શાળાના આચાર્યશ્રીના નેતાગીરી હેઠળ એક સમિતિ બનશે અને અન્ય સંસ્થાઓના વડાઓ તેના સભ્યો રહેશે.

(8) શાળા સંકુલ દ્વારા શિક્ષણનું સત્ર ઊંચું લાવવાનો પ્રયત્ન કરશે.

## 4. શાળા સંકુલના હેતુઓ : (Objectives of School Complex)

શાળા સંકુલના હેતુઓ નીચ પ્રમાણે છે :

1. શાળા સંકુલ દ્વારા શિક્ષકોને એમના જ પ્રશ્નો ઉકેલવા માટે શક્તિમાન બનાવવાં.
2. શાળા સંકુલ શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓને તેઓને સામનો કરવા પડતા શિક્ષણના પ્રશ્નો સમજવા શક્તિમાન બનાવવા અને તેવા પ્રશ્નોનો સામનો કરવામાં પણ મદદરૂપ બનવું.
3. સંસ્થાના માળખામાં પરિવર્તનશીલતા લાવવા શિક્ષણની ગુણવત્તા અને સુસંગતતા વધારવા શિક્ષકો અગ્રભાગ ભજવે તે માટે અધિકારોનું કેન્દ્રીયકરણ કરવું. પરિણામે નિરીક્ષણ, વ્યવસ્થા, સંચાલન, સમસ્યાઓ વગેરે સરળતાથી હલ થઇ શકે.
4. શિક્ષકોની વ્યવસાયિક સજ્જતા વિકસે તે માટે શિક્ષિકાના પરિસંવાદ અને ઓપ વર્ગો દ્વારા શિક્ષકોને સાંકળવા.
5. એક શાળા અને બીજી શાળા વચ્ચે જે અંતર પડી ગયું હોય તે દૂર કરવા મદદરૂપ થવું.
6. શિક્ષકોને સાથે મળીને કામ કરવા અને શિક્ષણ સુધારણાની તેઓની જવાબદારીઓ વહેંચી લેવા પ્રેરણા આપવી.
7. શાળા સંકુલમાંથી પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓને શોધી કાઢવા અને તેમને યોગ્ય માર્ગદર્શન તથા સહાય કરવાં.
8. શાળા સંકુલમાં ભાગ લેતી શાળાઓમાં જોવ મળતી અપૂર્ણતાઓને દૂર કરી શિક્ષણના સત્ર સુધારણામાં મદદરૂપ બનવું.
9. જુદાં જુદાં વિષયો માટે અભ્યાસજૂથ કે વિષય સમિતિઓ રચી તે દ્વારા તે વિષયના શૈક્ષણિક કાર્યક્રમને અસરકારક બનાવવા માર્ગો વિચારવા.
10. શાળા સંકુલ દ્વારા પરિવારની ભાવના વિકસાવવી.
11. શૈક્ષણિક સાધનો, પુસ્તકાલય સામગ્રી અને અધ્યાપનની સુવિધાઓનો વિનિમય દ્વારા મહત્તમ ઉપયોગ કરવો.
12. શાળા સંકુલ દ્વારા અસરકારક રીતે સુધારી શકાય તેવા શાળા વહીવટના કાર્યક્ષેત્રને ઓળખવા.
13. શૈક્ષણિક સમસ્યાઓના ઉકેલ માટે નાના શૈક્ષણિક સંશોધન હાથ ધરવા.
14. શિક્ષકો અને વિદ્યાર્થીઓને સામૂહિક અને સરકારી જીવનની તાલીમ આપવી.
15. સામૂહિક વિકાસ માટેની ભૂમિકા ઊભી કરવી.
16. શિક્ષણના નવીન પ્રવાહો અને પ્રયોગોને વર્ગમાં પ્રયોગવાની તક ઊભી કરવી.

આ હેતુઓ માત્ર દિશા સૂચક છે, જે તે વિસ્તારની જરૂરિયાતો પ્રમાણે તેમાં પરિવર્તન લાવી શકાય. શાળા સંકુલ દ્વારા ઉપર મુજબના હેતુઓ ધ્યાનમાં રાખીને શાળાઓ વચ્ચે સરકાર યુક્ત વાતાવરણ ઉભું કરવામાં આવે તો શાળાઓ પાસેના મર્યાદિત સાધનોના કાર્યક્ષમ ઉપયોગથી ઘણું બધું સારું થઇ શકે. તેમજ શિક્ષણક્ષેત્રે ઊભા થતા પડકારોના સતત સામનો કરવામાં શાળા સંકુલ ઉત્તમ માધ્યમ તરીકે કાર્ય કરી શકે તેમ છે.

આમ, શાળા સંકુલ એ આજના શિક્ષણ વિસ્ફોટના યુગની માંગ છે, વિશેષ કરીને ગરીબ દેશના ઓછા સાધનો અને સંપત્તિને અપવ્યયથી બચાવવા માટે શાળા સંકુલ એક ખૂબ ઉત્તમ માર્ગ બતાવે છે. એને અનુસરવાથી આપણી શાળાઓની ભૌતિક અને માનવીય સુવિધાઓ વધુ સઘનતાથી ખપમાં લાવી શકાશે, તેનો મહત્તમ ઉપયોગ થઇ શકશે.

## 5. શાળા સંકુલની પ્રવૃત્તિઓ (Activities of School Complex)

શાળા સંકુલ દ્વારા મોટા પ્રમાણમાં પ્રવૃત્તિઓનું આયોજન થઇ શકે. અધ્યયન અને અધ્યાપનની ગુણવત્તા સુધારવા માટે જુદાં-જુદાં સંકુલો જુદી જુદી પ્રવૃત્તિઓ કરી શકે. દરેક સંકુલ તેના પ્રશ્નો અને જરૂરિયાતો પ્રમાણે પ્રવૃત્તિઓને અગ્રતાક્રમ આપી શકે. શાળા સંકુલના હેતુઓ સિદ્ધ કરવા એક સુઆયોજિત પ્રવૃત્તિઓ આવશયક છે. આવી માર્ગદર્શન પ્રવૃત્તિઓ નીચે રજૂ કરી છે.

**(1) વાર્ષિક આયોજન :**

શાળા સંકુલ દ્વારા વર્ષ દરમ્યાન કઈ કઈ પ્રવૃત્તિઓ થઇ શકે તેમ છે. આગળના વર્ષ દરમ્યાન કઈ કઈ પ્રવૃત્તિઓ થઇ તેની સફળતા અને નિષ્ફળતા વિચારવી, તેમજ નવા વર્ષથી નવી કઈ કઈ પ્રવૃત્તિઓ ઉમેરવા જેવી છે તેનું વાર્ષિક આયોજન તૈયાર કરવું તેમજ ક્યારે કઈ પ્રવૃત્તિ કરવી તેનું આયોજન પણ વિચારવું જોઈએ.

**(2) શૈક્ષણિક આયોજન :**

સંકુલ દ્વારા વર્ષ દરમ્યાન શૈક્ષણિક આયોજન વિચારવું જોઈએ, તેમાં નીચેના જેવી બાબતો થઇ શકે : નિદર્શન પાઠ, વિષય વસ્તુની ચર્ચા, વિવિધ પદ્ધતિઓના ઉપયોગો, સ્વાધ્યાય રચના, પ્રયોગ વગેરે.

**(3) વિદ્યાર્થીનું કક્ષા પ્રમાણે વર્ગીકરણ :**

વિદ્યાર્થીનું કક્ષા પ્રમાણે વર્ગીકરણ કરવા સંકુલ મહત્ત્વનો ફાળો આપી શકે તેમ છે, સંકુલ દ્વારા વિવિધ પ્રકારની બુદ્ધિ કસોટીઓ, ગણિતની કસોટીઓ આપી વિદ્યાર્થીનું કક્ષા પ્રમાણે વર્ગીકરણ થઇ શકે. વર્ગીકરણ થતાં દરેક કક્ષાના વિદ્યાર્થીનું તેમની પ્રગતિ માટે ઘણી સરળતા થાય છે.

**(4) મંદ અને તેજસ્વી વિદ્યાર્થીઓને આગળ વધવાની તકો ઊભી કરવી :**

શાળા સંકુલની વ્યવસ્થાને કારણે ''લાંબા સાથે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય.'' એ ન્યાયે તેજસ્વી વિદ્યાર્થી સાથે મંદ વિદ્યાર્થી ખેંચાતો અટકે છે. તેજ રીતે મંદ વિદ્યાર્થીને પણ વર્ગીકરણ થતાં એની જ બુદ્ધિ કક્ષાના વિદ્યાર્થીની સાથે ભણવાનું મળે છે, આમ મંદ અને તેજસ્વી વિદ્યાર્થીઓને અભ્યાસમાં આગળ વધવાની તક ઊભી થાય છે.

**(5) વ્યાખ્યાન માળાઓનું આયોજન :**

વર્ષની શરૂઆતમાં જ સંકુલની શાળાઓના શિક્ષકોને સજ્જ કરનારી વ્યાખ્યાન માળાનું આયોજન શાળા સંકુલ કરે તે પ્રમાણે જે તે વિષયના અનુભવી શિક્ષકોના જૂથ વચ્ચે બેસી વાર્તાલાપો કરે.

દા.ત. અસરકારક શિક્ષણ પદ્ધતિઓ, વિષય વસ્તુ અંગેના વાર્તાલાપો, દશ્ય-શ્રાવ્ય સાધનો અને તેનો ઉપયોગની સમજનો સમસ્યા ઉકેલ માટે જરૂરી વાર્તાલાપો તેમજ વિદ્યાર્થીઓ સમક્ષ અનુભવી વ્યક્તિઓનું પ્રવચન ગોઠવી શકાય.

**(6) શૈક્ષણિક સેમિનાર :**

શાળા સંકુલના પરિવારના સભ્યો ભેગા થઇ શૈક્ષણિક સેમિનારનું આયોજન કરી શકે. તેમાં તેજસ્વી વિદ્યાર્થીઓનું અધ્યયન, મંદ વિદ્યાર્થીઓનું અધ્યયન, ગૃહકાર્યમાં નિયમિતતા લાવવા દશ્ય-શ્રાવ્ય સાધનો બનાવવા, વાપરવા અને નિદર્શન અંગે વિદ્યાર્થીઓની વિવિધ સમસ્યાઓ વગેરે બાબતો ઉપર શૈક્ષણિક સેમિનારનું આયોજન હાથ ધરી શકાય.

**(7) કેન્દ્રીય પ્રયોગ શાળાની મુલાકાત :**

બધી પ્રાથમિક શાળાઓને વિજ્ઞાન શિક્ષણ માટે પ્રયોગ શાળા નથી. ધોરણ 5, 6, 7 માટેના પ્રયોગો માટે આવી મધ્યસ્થ પ્રયોગશાળા સંકુલને કારણે મળી શકે. આ પ્રયોગશાળા પ્રયોગોનું આયોજન કરે. તાલીમ પામેલાં વિજ્ઞાન શિક્ષકોનો પ્રાથમિક શાળાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓને લાભ મળે. પ્રયોગ ઉપરાંત અન્ય દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો પરિચય મેળવવાનું પણ શક્ય બને છે.

**(8) શૈક્ષણિક સાધનોનો વિનિમય :**

શાળા સંકુલમાં વિવિધ શૈક્ષણિક સાધનો વસાવવામાં આવે. જે સભ્ય શાળા પાસે ઓછા શૈક્ષણિક સાધનો હોય તે શાળાને સંકુલ દ્વારા સાધનો પૂરા પાડવામાં આવે. જરૂરી શૈક્ષણિક સાધનો માટે એક બીજી સંસ્થાઓ વચ્ચે આપલે થવાને કારણે જે તે સંસ્થામાં ખૂટતાં સાધનો મળી શકે છે.

**(9) ફિલ્મ શોનું આયોજન :**

માત્ર વ્યાખ્યાનના માધ્યમથી જ ન શીખવતાં કેટલીક બાબતમાં સંકુલ ફિલ્મ શોનું આયોજન પણ કરી શકે.

દા.ત. વિજ્ઞાનને લગતી ફિલ્મ, ભૂગોળને લગતી ફિલ્મ, આદર્શ નાગરિકતાના લક્ષણો, રાષ્ટ્રીય સેવા યોજના વિશેની ફિલ્મો વગેરે બાબતો મ7ાટે ફિલ્મ શો નું આયોજન સંકુલ દ્વારા વિચારી શકાય.

**(10) વિવિધ મંડળોની રચના :**

દરેક શાળામાં વિવિધ મંડળોની રચના કરવા માટે રસ વધવા માંડ્યો છે, સંકુલની બધીજ શિક્ષણ સંસ્થાઓ વિવિધ મંડળમાં જોડાય, તેની પ્રવૃત્તિઓમાં સક્રિય બની લાભ લઇ શકે તેવું આયોજન સંકુલ કરે તો એ તે વિષયમાં વધુ રસપ્રદ અને અસરકારક બની શકે છે.

દા.ત. વિજ્ઞાન મંડળ, સાહિત્ય મંડળ, સમાજ વિદ્યામંડળ, ગણિત મંડળ, તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળા સાથે હોય તો અર્થશાસ્ત્ર મંડળ એકાઉન્ટ મંડળ, વાણિજ્ય વ્યવસ્થા મંડળ વગેરે મંડળો રચી શકાય.

**(11) કેન્દ્રીય વ્યાયામ મંડળ :**

બધી શાળા પાસે રમતગમત માટેનું પૂરતું મેદાન હોતું નથી. સંકુલની એકાદ શાળા મોટું મેદાન ધરાવતી હોય જેનો કેન્દ્રીય વ્યાયામ શાળા તરીકે ઉપયોગ કરવાનું ગોઠવી શકાય. સંકુલની બધી જ શાળાઓ કેન્દ્રીય વ્યાયામ શાળાઓ ઉપયોગ કરી શકે એ પ્રમાણેનું આયોજન શાળા સંકુલ કરે. આ કેન્દ્રીય વ્યાયામ શાળામાં વિવિધ રમતગમતની સ્પર્ધાનું આયોજન કરવામાં આવે, તેમજ વ્યાયામ શિક્ષકનો પ્રાથમિક શાળાને લાભ પણ મળી શકે.

**(12) સાંસ્કૃતિક કાર્યક્રમો :**

શાળા સંકુલ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે, જેમાં રમતોત્સવનું આયોજન કરવામાં આવે, ભાગ લેનાર વિજેતા વિદ્યાર્થીઓને ઇનામો, પ્રમાણપત્રો, પ્રોત્સાહન વગેરે આપી શકાય.

**રમતોત્સવ :** સંકુલની શાળાઓના બધા જ વિદ્યાર્થીઓ માટે ડિસેમ્બર કે જાન્યુઆરી માસમાં અનુકૂળતાએ વાર્ષિકોત્સવ યોજી શકાય.

વાર્ષિકોત્સવની ઉજવણી પ્રસંગે નીચે મુજબના કાર્યક્રમો ગોઠવી શકાય : વકતૃત્વ સ્પર્ધા, અને આનંદ બજાર, સુલેખન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, હસ્તલિખિત અંક સ્પર્ધા, ગીત સ્પર્ધા, દેશ ભક્તિ ગીત સ્પર્ધા, સમૂહગાન સ્પર્ધા, સમૂહ નૃત્ય સ્પર્ધા, એકાંકી સ્પર્ધા, વેશભૂષા સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, નાટક સ્પર્ધા વગેરે.

આવી સ્પર્ધાઓ તંદુરસ્ત રીતે યોજાય તો તે સંકુલની શાળાના વિદ્યાર્થીઓના સામાજિક વિકાસમાં ઘણો મોટો ફાળો આપી શકે. આ કાર્યક્રમમાં વાલીઓને પણ સામેલ કરી શકાય. આવા કાર્યક્રમો દ્વારા વિવિધ શાળાઓના વિશિષ્ટ શક્તિઓ ધરાવતા વિદ્યાર્થીઓથી અન્ય, વિદ્યાર્થીઓ શિક્ષકો અને વાલીઓ પરિચિત થઇ શકે અને તેમના વિકાસ માટે વિશેષ કાર્યક્રમો અંગે વિચારી શકે.

**(13) વાલી સંપર્ક કાર્યક્રમ :**

શાળા સંકુલની શાળાઓ વાલી સંપર્ક કાર્યક્રમનું આયોજન કરી શકે. વાલી સંપર્ક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની સમસ્યાઓ, શાળાના પ્રશ્નો વગેરે અંગે વિચારણા હાથ ધરી શકાય.

**(14) પ્રદર્શન ગોઠવવા :**

શાળા સંકુલની શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રકારના પ્રદર્શનો ગોઠવવા, વિશેષ કરીને વિજ્ઞાન, હસ્તકલા, ભૂગોળ, પ્રાદેશિક, સંસ્કૃતિ, વ્યાવસાયિક માર્ગદર્શન વગેરેના પ્રદર્શનો ગોઠવવા ઉપયોગી છે.

**(15) શાળા સંકુલનું મેગેઝીન તૈયાર કરવું :**

શાળા સંકુલ દ્વારા વર્ષ દરમ્યાન થયેલ કાર્યક્રમો અંગે મેગેઝીન તૈયાર કરવામાં આવે જેથી તે અંગેની માહિતી અન્ય શાળાઓને પહોંચે.

**(16) સન્માન કાર્યક્રમ :**

શાળા સંકુલની શાળાઓમાં વિવિધ ક્ષેત્રે વિદ્યાર્થીઓએ કરેલ પ્રગતિ જાહેરમાં વિદ્યાર્થીઓનું તેમજ શિક્ષકોએ કરેલ પ્રગતિ અંગે સન્માન અંગેનો કાર્યક્રમ ગોઠવવામાં આવે, જેથી અન્ય શાળાઓને તેમજ વિદ્યાર્થીઓને અને શિક્ષકોને જરૂરી પ્રેરણા અને પ્રોત્સાહન મળી રહે.

**(17) સમાજ ઉપયોગી ઉત્પાદક કાર્યનું આયોજન :**

શાળા સંકુલની શાળાઓ માટે સમૂહમાં સમાજ ઉપયોગી ઉત્પાદક કાર્યનું આયોજન કરવામાં આવે.

**(18) મૂલ્યાંકન પદ્ધતિનું આયોજન :**

શાળા સંકુલને એકમ ગણીને, તેમાં મૂલ્યાંકનની અદ્યતન પદ્ધતિઓ દાખલ કરી શકાય. આજે મૂલ્યાંકમાં સતત અને સર્વાંગી મૂલ્યાંકનનો વિચાર શાળા સંકુલમાં અજમાવવા જેવો છે. વડોદરા જિલ્લામાં આવા પ્રયોગો થયાં છે. આ માટેના જ્ઞાનસૂત્રો, કાર્યશિબિરો યોજી શકાય, જેમાં જે તે વિષયના તજ્જ્ઞોને બોલાવીને માર્ગદર્શન મેળવી શકાય. એકમ આયોજન મુજબ દરેક જૂથમાં વેકેશન પડે તે પહેલા વિષયવાર આયોજન વર્કશોપ યોજીને કરી શકાય, કેટલાંક સ્વાધ્યાયો તૈયાર કરી શકાય, જરૂર જણાય ત્યાં શિક્ષણની કૉલેજોની સહાય લઇ શકાય.

**(19) આધુનિક શૈક્ષણિક સાધનોનો ઉપયોગ :**

કેટલાંક શૈક્ષણિક સાધનો અને સુવિધાઓ શાળાસંકુલમાં પ્રાપ્ત કરવામાં આવે. જેનો ઉપયોગ શાળા સંકુલની તમામ શાળાઓ કરી શકે, દા.ત. ફિલ્મ પ્રોજેક્ટર, એપિડાયોસ્કોપ, સ્લાઇડ પ્રોજેક્ટર, ઓવરહેડ પ્રોજેક્ટર, ટીવી, વીસીઆર વગેરે દરેક શાળા વસાવી ન શકે પણ શાળા સંકુલ વસાવી શકે.

**(20) સંસ્થાકીય આયોજન :**

સંકુલની શાળાના આચાર્યો ભેગા મળી સમગ્ર શાળા સંકુલના શૈક્ષણિક વિકાસની રૂપરેખા તૈયાર કરે. બને તો સંસ્થાકીય આયોજન પણ કરી શકે. દરેક શાળા-શાળાજૂથ પોતાનું આયોજન તૈયાર કરે. આમ, સમગ્ર શાળા સંકુલ લાંબા અને ટૂંકા ગાળાનું સંસ્થાકીય આયોજન પણ કરી શકે.

**(21) રેલી આયોજન :**

શાળા સંકુલ વર્ષમાં એકાદ બે વાર સમૂહમાં પોતાના વિદ્યાર્થીઓની સુંદર રેલી યોજી શકે.

**(22) અવેજી શિક્ષકની વ્યવસ્થા :**

રજા ઉપર ઉતરનાર શિક્ષકની અવેજી વ્યવસ્થા પણ સંકુલ દ્વારા થઇ શકે, અલબત્ત લાંબા ગાળાની રજા ઉપર હોય તો શક્ય બને.

આ ઉપરાંત શાળા સંકુલમાં એક સારું સંગ્રહાલય ઊભું કરી શકાય. જેમાં જે તે પ્રદેશની વિશિષ્ટ સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ હોય. એજ રીતે સંકુલમાં એક સારો ભૂગોળ ખંડ, પ્રદર્શન ખંડ, વિજ્ઞાન ખંડ, વાણિજ્ય ખંડ પણ હોય.

શાળા સંકુલોને, જિલ્લા શિક્ષણાધિકારીની પૂર્વ સંમતિથી અભ્યાસક્રમમાં ઘટતા ફેરફાર કરવાની છૂટ આપી શકાય, લાંબા ગાળે શાળા સંકુલ સ્વાયત્ત બને તેવા પ્રયાસ કરી શકાય.

## 6. શાળા સંકુલની મર્યાદાઓ (Limitation of School Complex)

શાળા સંકુલની પ્રવૃત્તિ શાળાના વિકાસને પોષક છે, પરંતુ છેલ્લા કેટલાંક વર્ષોથી સંકુલ કાર્યક્રમોના અવલોકનથી પ્રતીત થયું છે, તે આધારે કેટલીક મર્યાદાઓનો ઉલ્લેખ જરૂરી બન્યો છે. :

- માધ્યમિક શાળાના શિક્ષકો જેઓ આ કાર્યક્રમ માટે વધુ સક્રિય બની કાર્ય કરે છે. તેમના કાર્યભારનો વિચાર કરી, ભવિષ્યમાં આ કાર્યભાર તેમના શૈક્ષણિક કાર્યબોજમાં ગણાય તેવી વ્યવસ્થા વિચારવી જોઈએ.
- શાળા સંકુલની મધ્યસ્થ શાળાએ આવા કાર્યક્રમો માટે વધુ આર્થિક બોજને વહન કરવા નિભાવ ગ્રાન્ટમાં અલગ વ્યવસ્થા નથી હોતી. આવી આર્થિક સુવિધા શાળા સંકુલ કાર્યક્ષેત્રને વધુ ચેતનવંતુ બનાવશે.
- પ્રાથમિક ક્ષેત્રના નિરીક્ષકો અને ઉચ્ચ અધિકારીઓમાં આ પ્રવૃત્તિ માટે રસની ઉણપ જોવા મળે છે. પરિણામે પ્રાથમિક શિક્ષકો તરફથી પણ તેમાં ઉદાસીનતા જોવા મળે છે. આમ, શાળા સંકુલની મધ્યસ્થ શાળાના પ્રયત્નોને સંપૂર્ણ સફળતા મળતી નથી.
- શાળા સંકુલના કાર્યક્ષેત્રમાં જે શાળાઓ સંકળાયેલી છે, તેના માટે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી તરફથી પ્રેરણા કે પ્રોત્સાહન ઓછા પ્રમાણમાં મળી રહે છે. અધિકારીઓ માત્ર અધિકારીઓ તરીકે જ વર્તતા જોવા મળે છે.
- શાળા સંકુલના કાર્યક્રમો ગોઠવવા સમય અંગેની અગવડો ઊભી થાય છે. આ અંગે સમયપત્રકમાં ફેરફાર કરવાનું કાર્ય મુશ્કેલ બને છે.
- શાળા સંકુલના કાર્યક્રમનું સંચાલન કરી શકે તેવા ઉત્સાહી શિક્ષકોનો અભાવ જોવા મળે છે.
- સહકારી પ્રવૃત્તિઓમાં સૌનું કામ એ કોઈનું નહીં એમ બનવાનો સંભવ પણ નકારી શકાય એમ નથી.
- રૂઢિચુસ્ત આચાર્ય અને પ્રગતિશીલ શિક્ષક વચ્ચે શિક્ષણ આપવાની પદ્ધતિઓ વિષે મતભેદ ઊભા થાય ત્યારે જો રૂઢિચુસ્ત આચાર્ય નક્કી બની જાય તો પ્રગતિશીલ શિક્ષકોને સહન કરવું પડે.
- શાળા સંકુલની નેતાગીરી સંભાળનાર વડા અને સભ્યો પરંપરાગત શિક્ષણમાં માનતા હોય તો જૂથ શિક્ષણમાં ક્રાંતિ લાવી શકાતી નથી, તે એક બંધિયાર શિક્ષણ બની જાય છે.
- શાળા સંકુલ એક ખર્ચાળ એકમ છે.

**(10) એકમ સ્વાધ્યાય :**

1. શાળા સંકુલ એટલે શું ? તેના લક્ષણો ટૂંકમાં જણાવો.
2. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986માં સંદર્ભમાં શાળાસંકુલની સંકલ્પના જણાવો.
3. શાળા સંકુલ ક્યાં ક્યાં હેતુઓ ધ્યાનમાં રાખી સ્થાપવામાં આવે છે ?
4. શાળા સંકુલ દ્વારા શાળામાં કેવા પ્રકારના કાર્યક્રમોનું આયોજન થઈ શકે ?
5. શાળા સંકુલનું આયોજન તમે કઈ રીતે કરશો ?
6. શાળા સંકુલની રચના તમે કઈ રીતે કરશો ?
7. શાળા સંકુલની મર્યાદાઓ ટૂંકમાં જણાવો.
8. શાળા સંકુલ શિક્ષકો માટે કઈ રીતે ઉપયોગી પુરવાર થશે ?
9. તમારા વિસ્તારમાં શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે શાળા સંકુલના માળખામાં રહીને પ્રાથમિક શાળા, મિડલ સ્કૂલ અને માધ્યમિક શાળાના શૈક્ષણિક સરકાર માટે કાર્ય યોજના તૈયાર કરો.
10. તમારી શાળા સંકુલમાંથી શાળાઓની ભૌતિક સુવિધાઓનો ઉપયોજનના માર્ગો સૂચવો.

**(7) સંકુલની સજ્જતાઃ**

- આ સંકુલ પાસે એકાદ સારું પુસ્તકાલય સારું પ્રોજેક્ટર, એકાદ સારી અદ્યતન પ્રયોગશાળા અને નવીનતમ શૈક્ષણિક ઉપકરણો હોય. આ બધું એક સમૃદ્ધ માધ્યમિક શાળામાં વસાવી શકાય. જેનો લાભ સંકુલની તમામ પ્રાથમિક શાળાઓ અને નિમ્ન પ્રાથમિક શાળાઓ મળીને શૈક્ષણિક પરિવર્તન, નવવિચાર અને વિકાસના કાર્યક્રમો હાથ ધરી શકે.
- આ શાળા સંકુલ પરસ્પર સંબંધ-વ્યવસ્થા અને સંચાલનની દૃષ્ટિએ એમ બે કક્ષાએ હારમાળારૂપે ગોઠવી શકાય. પ્રથમ હારમાં દરેક ઉચ્ચત્તર પ્રાથમિક શાળા સાથે 4 થી 7 નિમ્ન પ્રાથમિક શાળાનો સંબંધ જોડી શકાય. એટલે કે આ શાળાસંકુલમાં ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓ હોય અને નિમ્ન પ્રાથમિક શાળાઓ હોય તો દરેકની સાથે પાંચ નિમ્ન પ્રાથમિક શાળાઓ જોડતાં પાંચ નિમ્ન પ્રાથમિક શાળાઓ અને એક ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓ એક એવાં પાંચ જેટલા જુથો રચી શકાય. આ થયો એક શૈક્ષણિક વિદ્યાશાખાનો સંકુલ અહીં ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના આચાર્ય નિમ્ન પ્રાથમિક શાળામાં સેવાવિસ્તરણ કાર્ય કરશે. આવા દરેક નાનકડા જૂથની એક સમિતિ બનશે. એ સમિતિમાં ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના આચાર્યો અધ્યક્ષ રહેશે. તેમના જૂથની પાંચ નિમ્ન પ્રાથમિક શાળાના આચાર્યો એ સમિતિના સભ્યો રહેશે. આવી પાંચ જેટલી શાળાસંકુલ સમિત્તિઓ બનશે. તેઓ આયોજન અને વિકાસના કાર્યક્રમો હાથ ધરશે.

  આ જ પ્રમાણે કૉલેજો પોતાના વિસ્તારમાં આવેલા ૫ થી 7 માધ્યમિક શાળા સંકુલોનું એક સમગ્ર એકમ બનાવીને પોતાની સાથે સાંકળી લે. આમ, નિમ્ન પ્રાથમિક કક્ષાથી માંડીને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ સાથે એકસૂત્રે બંધાશે અને શિક્ષણમાં નવીનતમ પ્રવાહો, સંશોધનો, વિકાસના કાર્યક્રમો અને તેનું આયોજન અને સંકલન કરવામાં ખૂબ ઉપયોગી સાબિત થશે.

  બીજી હારમાં પણ શાળાસંકુલ સમિતિ બનશે. માધ્યમિક શાળાના આચાર્ય આ સમિતિના અધ્યક્ષ બનશે. આ સમિતિમાં પાંચ ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના આચાર્યો, વીસ જેટલી નિમ્ન પ્રાથમિક શાળાઓના આચાર્યો સભ્યો તરીકે રહેશે. આ મુખ્ય શાળાસંકુલ સમિતિ ગણાશે. જે સમગ્ર સંકુલ માટેના આયોજન કાર્યક્રમો અને માર્ગદર્શનનું કાર્ય કરશે. આ મુખ્ય સમિતિ ઉચ્ચત્તર પ્રાથમિક શાળાસંકુલ સમિતિને માર્ગદર્શન આપશે. નિમ્ન પ્રાથમિક શાળાઓ તેની સાથે જોડાયેલી જ હશે એટલે આપોઆપ દરેક કાર્યક્રમ છેક નીચે સુધી વિસ્તરશે. વળી, આયોજન નીચલી અને ઉપલી બંને કક્ષાએ થશે, જેથી સ્થાનિક પરિસ્થિતિ અનુસાર તેમાં વિવિધતા રહેશે.

આ જ પ્રમાણે માધ્યમિક શાળાના સંકુલોનું ત્રીજું વર્તુળ બનશે. આ માધ્યમિક શાળાસંકુલ સમિતિના અધ્યક્ષ તરીકે કૉલેજના આચાર્ય રહેશે અને પાંચ કે સાત માધ્યમિક શાળાઓના આચાર્યો અને 15 થી 20 જેટલી ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના આચાર્યો તેના સભ્યો તરીકે રહેશે. આ રીતે ઉચ્ચ શિક્ષણ કક્ષા'' નિમ્નતર પ્રાથમિક શાળાકક્ષા સાથે જીવંત સંપર્ક બની રહેશે.

આવા પ્રકારની શાળા સંકુલની રચનાથી શાળાઓના જૂથને તેમજ નિરીક્ષણ માટેની જવાબદાર વ્યક્તિઓને સામાન્ય માગંદર્શનના કાર્યક્રમના વિકાસ માટે પૂર્ણ સ્વતંત્રતા રહેશે. શાળાઓ-કૉલેજો વચ્ચે ઊંચ-નીચના જે વર્ગભેદો રચાયા છે તે દૂર થશે. જિલ્લા શિક્ષણાધિકારી દરેક શાળાસંકુલને એક એકમ ગણીને કેટલાંક અધિકારો અને જવાબદારીઓ આપશે પરિણામે અધિકારોનું પણ વિકેન્દ્રીકરણ થશે.

**(8) શાળા સંકુલ શિક્ષકો માટે અગત્ય :**

- સ્થાનિક કક્ષાએ, શાળા-સંકુલો શાળા શિક્ષણના સુધારેલાં આયોજન અને વહીવટમાં દોરવણી આપે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. વૈધિક રીતે તે વિસ્તારના શિક્ષણની ગુણવત્તા ઊંચી લઇ જવા પર ભાર આપવાનો રહેશે. શિક્ષકો માટે કેટલાંક અગત્યના મુદ્દાઓ નીચે પ્રમાણે છે.

1. શાળા સંકુલ શિક્ષકોના વ્યક્તિગત રોજીંદા શૈક્ષણિક પ્રશ્નો હલ કરવામાં મદદ કરશે.
2. શાળાના શિક્ષકોના એકબીજાંના વિચારોની આપલે કરવામાં મદદરૂપ થશે.
3. શિક્ષણની ગુણવત્તા સુધારવામાં શિક્ષકને મદદરૂપ થશે. દા.ત. વર્કશોપ સેમિનાર, ફિલ્મ શો, નિદર્શન પાઠો વગેરે.
4. શાળા સંકુલ દ્વારા શાળામાં વિજ્ઞાન, સમાજોપયોગી ઉત્પાદક કાર્ય વગેરેનું પ્રદર્શન યોજવાનું શક્ય બનાવશે.
5. શાળાઓના શિક્ષકો અનુભવના આદાન-પ્રદાન માટે ટેકો પૂરો પાડવા માટે શક્તિમાન બનશે.
6. સ્થાનિક કક્ષાએ નવા વિચારો, સંશોધન અને પ્રયોગોમાં સહભાગી થવા અને શિક્ષકોમાં શૈક્ષણિક નેતૃત્વ બહાર લાવવામાં મદદરૂપ થશે.
7. શાળા સંકુલ દ્વારા શિક્ષકોને ઉપયોગી પ્રવચનો ગોઠવશે.
8. શાળાના વહીવટી પ્રશ્નોની ચર્ચા થઇ શકશે.
9. શૈક્ષણિક વાતાવરણ સુધારવામાં શિક્ષકોને મદદરૂપ થશે.
10. પરીક્ષાઓના સંચાલનમાં આચાર્યને શિક્ષકો મદદરૂપ થશે અને શક્તિમાન બનાવશે.
11. કોઈ શિક્ષક રજા પર જાય ત્યારે અવેજી શિક્ષકની વ્યવસ્થા થઇ શકશે.

**સારાંશ : (Let us Sum up)**

- રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986 અને તેના અમલીકરણ કાર્યક્રમમાં સ્પષ્ટ દર્શાવેલ છે કે શિક્ષણની વ્યવસ્થા અને આયોજન પદ્ધતિમાં આમૂલ પરિવર્તનને ઊંચી અગ્રતા આપવી જરૂરી છે. સ્થાનિક કક્ષાએ અસરકારક અમલીકરણ કરવા તંત્રની વિચારણા કરતી વખતે, અમલીકરણ કાર્યક્રમમાં શાળા સંકુલના વિકાસ પર ખાસ ભાર મૂકેલ છે.
- કોઠારી શિક્ષણ પંચ જણાવ્યા પ્રમાણે :
- શાળા સંકુલની વ્યાખ્યા સ્પષ્ટ કરતાં કોઠારી શિક્ષણ પંચ નોંધે છે કે ''એક માધ્યમિક શાળાની આસપાસ બનેલ શાળાઓનો સમૂહ કે જે શૈક્ષણિક સુધારણા અને વિકાસના એક નાનામાં નાના પ્રાપ્ય એકમ છે જેને શાળા સંકુલ કહેવામાં આવે છે.''

- શાળા સંકુલ દ્વારા શિક્ષકોને એમના જ પ્રશ્નો ઉકેલવા માટે શક્તિમાન બનાવવા.
- શિક્ષણની ગુણવત્તા સુધારવા પ્રયત્નો થઇ શકે.
- શાળામાં શાળા સંકુલ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરીને શાળા સંકુલને વેગવાન બનાવી શકાય છે.

---

**(11) તમારી પ્રગતિ ચકાસો :**

---

**(1) નીચેના વિધાનો ખરાં કે ખોટાં તે જણાવો.**

1. શાળા સંકુલનો હેતુ શાળાની શિસ્ત સુધારવાનો છે. ☐
2. પ્રાથમિક વિભાગનો જ શાળા સંકુલમાં સમાવેશ કરવામાં આવે છે. ☐
3. શાળા સંકુલનું હેતુ ગુણવત્તા સુધારવાનો છે. ☐
4. શાળા સંકુલમાં સાપ્તાહિક આયોજન કરવામાં આવે છે. ☐
5. શાળા સંકુલમાં વાલીનો સંપર્ક સાધવામાં આવતો નથી. ☐
6. શાળા સંકુલ માટે અલગ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. ☐

**(2) શાળા સંકુલ એટલે શું ?**

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

**(3) શાળા સંકુલ એટલે શું ?**

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

**(4) શાળા સંકુલના કોઈપણ બે હેતુ જણાવો.**

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

**(5) શાળા સંકુલની કોઈપણ બે મર્યાદા જણાવો.**

........................................................................
........................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**(6) શાળા સંકુલના કોઈપણ બે લક્ષણ જણાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## (12) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : (Answer to check your progress)

**(1) ખરાં ખોટા વિધાનોના જવાબો.**

(1) ખોટું છે.

(2) ખોટું છે.

(3) સાચું છે.

(4) ખોટું છે.

(5) ખોટું છે.

(6) ખોટું છે.

**(2) શાળા સંકુલ એટલે**

**"હેતુઓની સિદ્ધિ અર્થે સહચિંતન માટે ભેગો થયેલો હેતુલક્ષી સમૂહ તે શાળા સંકુલ."**

**(3) શાળા સંકુલના બે હેતુઓ :**

(1) શિક્ષકોના પ્રશ્નો ઉકેલવા માટે શક્તિમાન બનાવવા.

(2) શાળા સંકુલ દ્વારા પરિવારની ભાવના વિકસાવવી.

**(4) શાળા સંકુલની બે મર્યાદા :**

(1) જિલ્લા શિક્ષણ અધિકારી તરફથી કોઈ પણ પ્રેરણા-પ્રોત્સાહન મળતી નથી.

(2) કાર્યક્રમ માટે સમય પત્રકમાં ફેરફાર કરવો પડે છે.

## (13) સૂચિત વાંચન સામગ્રી (Suggested Reading)


(1) બારૈયા વી. વી. : શિક્ષણમાં વર્તમાન પ્રવાહો, પ્રતીક પ્રકાશન, આણંદ.

(2) જોષી મૂળ શંકર એલ. : શાળા સંકુલ, સેવા વિસ્તરણ કેન્દ્ર, મોડાસા.

(3) શાસ્ત્રી જયેન્દ્ર દવે તથા અન્ય : માધ્યમિક શાળા પ્રશાસન અને સંગઠન, બી.એસ. શાહ પ્રકાશન, અમદાવાદ.

(4) રાજ્ય શિક્ષણ ભવન : તજજ્ઞો માટે સાહિત્ય, રાજ્ય શિક્ષણ ભવન, અમદાવાદ.

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ES-121
# ભારતમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનો વિકાસ

વિભાગ

# 3

## ભારતમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ

એકમ-9 ભારતમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ - ૨

એકમ-10 છેવાડાના બાળકો માટે નીતિ વિષયક માળખાની રચના

એકમ-11 બાળકનો સામાજિક વિકાસ

એકમ-12 માધ્યમિક શિક્ષણમાં વિવિધ સંસ્થાઓનો ફાળો

**ES-121, ભારતમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનો વિકાસ (વિભાગ-3)**


| **લેખક** | |
|---|---|
| **ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ |
| **પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. દિવ્યેશભાઈ એમ. પટેલ** | વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-150-9**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-121 ભારતમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનો વિકાસ

### વિભાગ-1 : ભારતમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ અને સમસ્યાઓ-1

1. ભારતમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ
2. પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ-1
3. પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ-2
4. પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ-3

### વિભાગ-2 : ભારતમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ અને સમસ્યાઓ-2

5. પ્રાથમિક શિક્ષણની અન્ય સમસ્યાઓ
6. ભારતીય સમાજમાં સ્ત્રીઓની સમસ્યાઓ અને ઉપાયો
7. ભારતમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ-1
8. શાળા સંકુલ

### વિભાગ-3 : ભારતમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ

9. ભારતમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ-2
10. છેવાડાના બાળકો માટે નીતિ વિષયક માળખાની રચના
11. બાળકનો સામાજિક વિકાસ
12. માધ્યમિક શિક્ષણમાં વિવિધ સંસ્થાઓનો ફાળો

### વિભાગ-4 : ભારતીય સમાજમાં શિક્ષણનું માળખું

13. પ્રાથમિક શિક્ષણ સુધારણામાં વિવિધ સંસ્થાઓનો ફાળો
14. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
15. વર્તમાન શિક્ષણનું માળખું
16. રાષ્ટ્રીય અભ્યાસરૂપનું માળખું

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાંથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાંથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાંથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

એકમ 9

# ભારતમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ - 2

## : રૂપરેખા :

9.1 પ્રસ્તાવના

9.2 માધ્યમિક શિક્ષણનું રાષ્ટ્રીયકરણ

9.2.1 રાષ્ટ્રીયકરણ એટલે શું ?

9.2.2 રાષ્ટ્રીયકરણના લક્ષણો

9.2.3 રાષ્ટ્રીયકરણના લાભ

9.2.4 રાષ્ટ્રીયકરણની મર્યાદાઓ

9.2.5 રાષ્ટ્રીયકરણની સમસ્યાઓ

9.3 માધ્યમિક શિક્ષણનું વ્યવસાયીકરણ

9.3.1 ભૂમિકા

9.3.2 વ્યવસાયીલક્ષી શિક્ષણના હેતુઓ

9.3.3 વ્યવસાયિક શિક્ષણમાટેની સમસ્યાઓ

9.3.4 સૂચનો

9.3.5 ભલામણો

9.3.6 નિમ્ન અને ઉચ્ચતર માધ્યમિક કક્ષા

9.3.7 માધ્યમિક શિક્ષણમાં અપવ્યય - કારણો

9.3.8 માધ્યમિક શિક્ષણમાં સ્થગિતતા - કારણો, ઉપાયો

9.4 માધ્યમિક શિક્ષણની અનુદાન અને ભાષાનીતિ

9.4.1 માધ્યમિક શિક્ષણની અનુદાન નીતિ

9.4.2 ઈશ્વરભાઈ સમિતિએ સૂચવેલ અનુદાની નીતિના ગુણ દોષ

9.4.3 માધ્યમિક શિક્ષણમાં ભાષાનીતિ

9.4.4 કોઠારી પંચ અને ત્રિ-ભાષી સૂત્ર

9.4.5 ભાષાકીય નીતિના પ્રશ્નોના ઉકેલો

9.5 કોઠારી પંચની ભલામણ અનુસાર ત્રિભાષા સૂત્ર :

9.6 ગુજરાત સરકારની ભાષા શિક્ષણ નીતિ :

9.7 કોઠારી પંચે સૂચવેલી ભાષાકીય નીતિમાંથી ઊભી થયેલી સમસ્યાઓ

9.8 ભાષા નીતિની સમસ્યાના ઉકેલ માટે વ્યવસ્થા

9.9 સારાંશ

9.10 એકમ સ્વાધ્યાય

9.11 તમારી પ્રગતિ ચકાસો

9.12 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

9.13 સૂચિત વાંચન સામગ્રી

◆ **ઉદ્દેશો :**

આ એકમનો અભ્યાસ કર્યા પછી, તમે નીચે જણાવેલ બાબતો માટે શક્તિમાન બનશો :

(1) માધ્યમિક શિક્ષણના રાષ્ટ્રીયકરણ વિશે જાણી શકશો.

(2) માધ્યમિક શિક્ષણના શૈક્ષણિક અને સામાજિક લાભોની ચર્ચા કરી શકશો.

(3) રાષ્ટ્રીયકરણની આર્થિક અને વહીવટી મર્યાદાઓ વર્ણવી શકશો.

(4) વ્યવસાયલક્ષી શિક્ષણના હેતુઓ પ્રસ્થાપિત કરી શકશો.

(5) માધ્યમિક શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતા વિશે સમજ કેળવી શકશો.

(6) માધ્યમિક શિક્ષણની અનુદાન અને ભાષાનીતિની ચર્ચા કરી શકશો.

(7) ઈશ્વરભાઈ સમિતિએ સૂચવેલ અનુદાનની નીતિના ગુણદોષ જણાવી શકશો.

(8) ભાષાકીય નીતિના પ્રશ્નોના ઉકેલ માર્ગો વર્ણવી શકશો.

(9) રાષ્ટીકરણના લક્ષણો સમજી શકશો.

(10) રાષ્ટ્રીયકરણના લાભ સમજી શકશો.

(11) રાષ્ટ્રીયકરણની મર્યાદા સમજી શકશો.

(12) રાષ્ટ્રીયકરણની સમસ્યા સમજી શકશો.

## 9.1 પ્રસ્તાવના

- ખાનગી સાહસો દ્વારા ચાલતી માધ્યમિક શિક્ષણ સંસ્થાઓની મર્યાદાઓ અને સમસ્યાઓ ઉકેલવા રાજ્ય સરકારો પ્રવૃત્ત હોવાં છતાં ખાનગી સંચાલકોની લાગવગ, શેહ-શરમ અને સરકાર ઉપરના વર્ચસ્વને કારણે ઘણીવાર શિક્ષણ પરનું સરકારનું નિયંત્રણ અસરકારક બનતું નથી. આ સંજોગોમાં શિક્ષક સંઘો માધ્યમિક શિક્ષણના રાષ્ટ્રીકરણની ચર્ચા અનિવાર્ય થઈ પડી છે, તે સાથે કોઠારી શિક્ષણ પંચે માધ્યમિક શિક્ષણના વ્યવસાયીકરણ પર ભાર મૂક્યો હોવાંથી તેની ચર્ચા પણ અસ્થાને નથી. માધ્યમિક શિક્ષણના વિકાસની ચર્ચામાં અપવ્યય - સ્થગિતતા, અનુદાન નીતિ ભાષાનીતિ પણ મહત્ત્વના પરિબળો હોવાંથી પ્રસ્તુત એકમોને કુલ પાંચ પેટા એકમોમાં વિભાજિત કરીને ઉપરોક્ત મુદ્દાઓની વિગતે ચર્ચા કરી છે.

- બ્રિટિશ શાસન કાળમાં સરકારની સીધી દેખરેખ નીચે શિક્ષણનું સંચાલન થયું હતું. આઝાદી પ્રાપ્તિ કર્યા પછી તેમાં મહત્ત્વના ફેરફારો થયા છે. આપણા બંધારણના 45માં અનુચ્છેદમાં 7 થી 14 વયજૂથમાં તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણની પાટથી જોગવાઈ કરવામાં આવી ત્યારથી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની જવાબદારી રાજ્ય સરકારો પર આવી.

- આ જવાબદારી આસાનીથી વહન થઈ શકે એ માટે માધ્યમિક શિક્ષણની સીધી જવાબદારમાંથી રાજ્ય સરકારોએ તેની વિશેષ જવાબદારી ખાનગી સાહસો પર નાખી દીધી અને બ્રિટિશ કાળથી ચાલી આવતી અનુદાન પ્રથાની નીતિ ચાલુ રાખી માધ્યમિક કક્ષાએ કાર્ય કરતી તમામ સંસ્થાઓના વહીવટમાં રાજ્યોએ આડઉતરો હિસ્સો આપવાનું ચાલુ રાખ્યું.

- માધ્યમિક કક્ષાએ અનુદાન આપવું, સંસ્થાઓનું નિરીક્ષણ કરવું, નિયંત્રણ કરવું, જરૂરી સલાહસૂચનો આપવાં અને નવી શાળાઓ શરુ કરવા માટેની મંજૂરી આપવી. આવાં કાર્યો પોતાને હસ્તક રાખવાની નીતિ સરકારે અપનાવી.

- સમયની માંગ અને સંજોગો પ્રમાણે રાજ્ય સરકારે પોતાની નીતિમાં મહત્ત્વના ફેરફારો કરીને માધ્યમિક શિક્ષણના વિકાસમાં અને તેથી ગુણવત્તા સુધારવામાં પોતાનો મહત્ત્વનો ફાળો આપ્યો.

- ખાનગી સંચાલકો દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં લોકોનું શોષણ વધતું જોવા મળે છે. વધુ ફીનું ધોરણ, શિક્ષકોના પગારમાં શોષણ વગેરે બાબતોને ધ્યાનમાં રાખી શિક્ષણનું રાષ્ટ્રીય કરવા કરવાની જરૂરીયાત ઊભી થઈ.

## 9.2 માધ્યમિક શિક્ષણનું રાષ્ટ્રીયકરણ

- **પ્રસ્તાવના**

- ખાનગી સાહસો દ્વારા ચાલતી માધ્યમિક શિક્ષણ સંસ્થાઓની મર્યાદાઓ અને સમસ્યાઓના ઉકેલ માર્ગમાં રાજ્ય સરકારો પ્રવૃત હવો છતાં ખાનગી સંચાલકોની લાગવગ, શેર-શરમ અને સરકારના ઉપરના વર્ચસ્વને કારણો ઘણીવાર શિક્ષણપરનું સરકારનું નિયંત્રણ અસરકારક બનતું નથી. આ સંજોગોમાં શિક્ષણ સંઘો માધ્યમિક શિક્ષણના રાષ્ટ્રીયકરણની જોરદાર હિમાયત કરતા અન્ય છે.
- સરકાર માધ્યમિક શિક્ષણના વહીવટમાં 353 નિયંત્રણો મૂકે છે, પરંતુ તેનો અસરકારક અમલ થતો નથી. ખાનગી શાળાઓમાં ફી નું ધોરણ નક્કી કરવામાં આવ્યું છે, છતાં પણ કેટલીક શાળાઓ ફીનું ધોરણ નક્કી થયેલ હોવાં છતાં વધુ ફી શાળાઓ દ્વારા લેવામાં આવે છે. પ્રવેશ વખતે વાલી અને બાળકોનું ઈન્ટરવ્યુ લેવામાં આવે છે. પ્રવેશ માટે ડોનેશન પણ લેવામાં આવે છે. ગુજરાતમાં નિયંત્રણ હોવાં છતાં વર્તમાન સમયમાં આ બધી બાબતો બનતી રહે છે.
- શાળાના સંચાલકો મનસ્વી રીતે શાળાઓનો વહીવટ અને સંચાલન કરે છે, સંચાલકોનું સરકાર પર વધુ વર્ચસ્વ હોવાંને કારણે સરકાર મૂંગા મોઢે વાલીઓના પ્રશ્નો સાંભળ્યા કરે છે.
- આવા સંજોગોમાં માધ્યમિક શિક્ષણનું રાષ્ટ્રીયકરણ કરવું ખૂબ જ જરૂરી છે, વાલીઓનું શોષણ થતું અટકાવવા માટે, માધ્યમિક શિક્ષણનું રાષ્ટ્રીયકરણ જરૂરી છે.?

### 9.2.1 રાષ્ટ્રીયકરણ એટલે શું ?

- વર્તમાન સમયમાં માધ્યમિક શાળાઓનો વહીવટ સરકાર આને સંચાલક મંડળ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવે છે. ખાનગી સંચાલકો દ્વારા વાલીઓનું વધુ શોષણ કરે છે.
- માધ્યમિક શિક્ષણનો વહીવટ અને સંચાલન સંપૂર્ણ રીતે સરકાર હસ્તક લેવામાં આવે તેને માધ્યમિક શિક્ષણનું રાષ્ટ્રીયકરણ કહે છે.
- માધ્યમિક શિક્ષણ અંગેનો સંપૂર્ણ નિર્ણયો સરકાર પોતાના હસ્તક લે તેને માધ્યમિક શિક્ષણનું રાષ્ટ્રીયકરણ કહે છે.
- માધ્યમિક શિક્ષણનું રાષ્ટ્રીયકરણ થતાં શાળા અંગેનો સંપૂર્ણ ખર્ચ સરકાર ભોગવે છે.
- શાળાનું ફીનું ધોરણ, કર્મચારીઓના પગાર, મકાન બાંધકામ, ભૌતિક સગવડતાઓ વગેરે અંગે સંપૂર્ણ નિર્ણય સરેરાશ પોતાના હસવતુ લે તે ને રાષ્ટ્રીય કરણ કહે છે.
- માધ્યમિક શિક્ષણનો વહીવટ સરકાર દ્વારા સરકારથી અને સરકારના કર્મચારીઓ ચાલતો વહીવટ એટલે રાષ્ટ્રીય કરવા.

### 9.2.2 રાષ્ટ્રીયકરણના લક્ષણો

રાષ્ટ્રીય કરણના લક્ષણો નીચે મુજબ જોવા મળે છે.

1. માધ્યમિક શિક્ષણનો વહીવટ સરકાર દ્વારા થાય છે.
2. માધ્યમિક શિક્ષણનો પ્રશ્નો અને સમસ્યાઓ ઉકેલ સરકાર દ્વારા લાવવામાં આવે છે.
3. માધ્યમિક શિક્ષણનો સંપૂર્ણ નિર્વાણમાં એક હથ્થુસત્તા હોય છે.
4. માધ્યમિક શિક્ષણની નિર્ણય પ્રક્રિયા એક માર્ગીય હોય છે.
5. માધ્યમિક શિક્ષણની સંપૂર્ણ ખર્ચની જવાબદારી સરકારની હોય છે.
6. માધ્યમિક શિક્ષણનો વહીવટ સરકાર વતી શિક્ષણમંત્રી, શિક્ષણ અધિકાર તથા તેના કર્મચારીઓ દ્વારા થતો જોવો મળે છે.
7. માધ્યમિક શિક્ષણની ભૌતિક સગવડતાની જવાબદારી સરકારની હોય છે.

8. માધ્યમિક શિક્ષણની સત્તા એકહથ્થું હોય છે. સરકારના સંપૂર્ણ નિર્ણયો શિક્ષણમંત્રી દ્વારા લેવામાં આવે છે.

**9.2.3 રાષ્ટ્રીયકરણના લાભ :**

(A) **આર્થિક લાભ :**

**1. સરકારને ઓછો ખર્ચ :**

ખાનગી સંચાલકો પોતાની માલિકીનાં મકાનો શાળાના નામે ભાડે રાખેલાં બતાવી નાણાં મેળવે છે. તે રાષ્ટ્રીયકરણ થતાં બંધ થાય છે અને સરકારને ખર્ચ થયો છે. આવે છે.

**2. ગુણવત્તાની જાળવણી :**

સૂચવેલ વિભાગોમાં માધ્યમિક શાળાઓ પૈસા ખર્ચે છે પરંતુ તે જે સાધનો ખરીદે છે તેની ગુણવત્તા અને કિંમતમાં માટે તફાવત જણાય છે. જો શાળાઓ સરકાર હસ્તક હોય તો બંને વચ્ચેનું પ્રમાણ જળવાઈ રહે. સાધનોની ખરીદીમાં ગુણવત્તા પણ જળવાઈ રહે, તેમજ યોગ્ય કિંમતી સાધનો સારી ગુણવત્તાવાળા રાષ્ટ્રીયકરણને લીધે ખરીદી શકાય.

**3. ભ્રષ્ટાચાર એટલે :**

રાષ્ટ્રીયકરણ થવાથી હિસાબી ગેર નીતિઓનું પ્રમાણ ઘટે છે અને તે રીતે બચત થાય છે. ખોટા બીલો બનાવીને નાણાં સંચાલકો ઉપાડે છે. વધુ પગાર બીલ પર સહી કરાવીને ઓછો પગાર આપવામાં આવે છે.

**4. મોટી ગ્રાન્ટની ફાળવણી :**

હાલમાં રાજ્ય સરકાર માધ્યમિક શાળાઓને 135 ટકા જેટલી મોટી ગ્રાંટ આપે છે અને શાળાનો મોટા ભાગનો બોજો ઉપાડતી હોવાંથી વહીવટ ખાનગી સંસ્થાઓ કહે તે નિરર્થક છે, રાષ્ટ્રીય થવાથી આ બાબત દૂર થશે.

**5. વધારાનો નાણાં બોજ ઓછો આવશે :**

પ્રોવિડંડફંડ, પેન્શન વગેરેનો વહીવટ હાલ રાજ્ય સરકારને હસ્તક જ છે, તો સમગ્ર વહીવટ રાજ્ય સરકાર રાખે તો વધારાનો નાણાં બોજ નહીં આવે, હાલમાં 135 ટકા સરકાર ગ્રાંટ આપે છે. ખર્ચ વધુ આવશે તેમ કહી શકાય નહીં. ખાસ કોઈ ફેર નહીં પડે.

**6. દબાણ દૂર થશે :**

જ્યારે શાળામાં શિક્ષક કે કર્મચારીની નિમણૂંક બઢતી કે ફેરબદલી કરવાની હોય ત્યારે સરકારી પ્રતિનિધિ બોલાવાય છે તેમ છતાં મોટે ભાગે ખાનગી સંચાલકોનાં દબાણ જૂથો જ અસરકારક રહે છે. ઘણીવાર રાજ્ય કે જિલ્લા કક્ષાના નિર્ણયોનો અનાદર પણ કરવામાં આવે છે. રાષ્ટ્રીયકરણ દ્વારા આ મર્યાદા દૂર થાય છે.

**7. શિક્ષકોનું શોષણ :**

હાલમાં ખાનગી સંચાલકોનું માધ્યમિક શાળા ઉપર સંપૂર્ણ નિયંત્રણ છે. શિક્ષકો પાસે વધુ કામ લઈ, ઓછો પગાર આપવામાં આવે છે. શિક્ષકોના હક્કો છીનવાઈ જાય છે અને તેમનું ખૂબ શોષણ થાય છે. શિક્ષકોનો સામાજિક મોભો જળવાતો નથી. રાષ્ટ્રીકરણ થાય તો શિક્ષકનો સામાજિક મોભો વધે અને તેના હક્કોનું રક્ષણ થાય.

(B) **શૈક્ષણિક અને સામાજિક લાભ :**

**1. ગુણવત્તામાં સુધારો :**

રાષ્ટ્રીયકરણ થવાથી લાયકાતવાળા શિક્ષકોની નિમણૂંક થવાથી ગુણવત્તામાં સતત સુધારો થતો જોવા મળશે. આધુનિક સાધનોનો ઉપયોગ થશે તેથી ગુણવત્તા સુધરશે.

**2. શાળા અને સહકારનો સીધો સંપર્ક :**

રાષ્ટ્રીયકરણ થવાથી શાળા અને સરકારના સીધો સહકાર સરળ બનશે, તેથી ખાનગી સાહસોની મર્યાદાઓ હળવી બનશે, તેની અસર શિખવાની ગુણવત્તા ઉપર થતાં શૈક્ષણિક ધોરણો જળવાશે.

**3. વ્યક્તિગત સંઘર્ષ અટકે :**

સંચાલકો સાથેના વ્યક્તિગત સંઘર્ષ અટકી જશે, તેથી સમય, શક્તિ અને નાણાંનો દુર્વ્યય થતો હશે તે અટકે છે.

**4. મુક્ત મને શિક્ષણ કાર્ય :**

શિક્ષણ ખાનગી સંચાલકોનાં સતત જાપ્તા અને દબાણ નીચે જીવતો ન હોવાંથી તે હળવાશથી અને પૂરતી રીતે શિક્ષણ કાર્ય કરશે. શિક્ષકને કોઈ ભય સાથે કાર્ય કરવું પડશે નહીં.

**5. શિક્ષણકાર્યમાં નવીનતા આવશે :**

તંત્રમાંથી નફાખોરીનું તત્ત્વ નાબૂદ થતાં નવી પદ્ધતિઓ અને નવા પ્રયોગોનો અમલ થઈ શકશે. શિક્ષણના પરિસંવાદો અને કાર્યશિબિરોમાં હિસ્સો લેવામાં નાણાંકીય મુશ્કેલીઓ દૂર થશે. આથી શિક્ષકો જાગૃત બની ઉત્સાહપૂર્વક શિક્ષણને આધુનિકતાનો ભોગ આપી શકશે. આથી શિક્ષણકાર્યમાં નવીનતા આવશે.

**6. શાળા-શાળા વચ્ચેની હરીફાઈનો અંત :**

- શાળા-શાળા વચ્ચેની હરીફાઈનો અંત આપશે. સંચાલન રાષ્ટ્રીય કરવા થવાથી સરકારના હસ્તક જશે.

**7. લાગવગશાહીનો અંત :**

યોગ્ય અને લાયકાતવાળા શિક્ષકોની નિમણૂંક થતાં લાગવગશાહી દૂર થશે. અને શિક્ષણ સંગીન બનશે. સગાવાદ પણ દૂર થશે. કુટુંબ વાદ પણ દૂર થશે. મેરીટ પ્રમાણે લાયકાતવાળા શિક્ષકોની નિમણૂંક થશે.

**8. સમાજ સેવાની પ્રવૃત્તિને પેગા :**

સમાજસેવા જેવી વિવિધ પ્રવૃત્તિમાં સરકારી સંસ્થાઓનો સહયોગ ઝડપી ગતિએ ઉપલબ્ધ બનશે. સમાજનું શોષણ અટકશે, આર્થિક ખર્ચનો બોજો ઓછો થશે. સરકાર સાથે સમાજનો વિશ્વાસ વધશે. સરકારના કાર્યમાં સમાજ મદદરૂપ થશે.

**9. સમાજની સ્થિતિમાં સુધારો :**

આર્થિક બોજ ઓછો થતાં સમાજની સ્થિતિમાં સુધારો થશે. વધારાનો બોજ વહન નહીં કરવો પડે. શિક્ષણ પાછળનો ખર્ચ ઓછો થતાં આર્થિક સ્થિતિમાં સુધારો થશે.

**10. સમાજ ચિંતા માંથી મુદત બનશે :**

સમાજ ચિંતામાંથી મુદત થશે, પ્રવેશના પ્રશ્નો, વાલી અને બાળકોના ઈન્ટરવ્યુના પ્રશ્નો વગેરેને કારણે વાલીઓને ચિંતા રહેશે, રાષ્ટ્રીય થવાથી આ પ્રશ્નનો અંત આવશે.

### 9.2.4 રાષ્ટ્રીયકરણની મર્યાદાઓ :

રાષ્ટ્રીયકરણ કરવાના કેટલાંક લાભ હોવાં છતા તેની કેટલીક મર્યાદાઓ પણ જોવા મળે છે. જે નીચે મુજબ દર્શાવી શકાય.

**(A) આર્થિક મર્યાદાઓ :**

**1. પગારમાં અચોક્કસતા :**

શિક્ષકો અને કર્મચારીઓના પગારમાં અચોક્કસતા આવશે. ચોક્કસ પગારમાં અમુક વર્ષ સુધી કાર્ય કરવું પડશે.

**2. સાધન સામગ્રીની ઓછી ગુણવત્તા :**

શાળા માટે ખરીદવામાં આવતી સાધન સામગ્રીની ગુણવત્તા બાબતમાં અધિકારોઓની પ્રમાણિકતા શંકાસ્પદ રહેશે. ખરીદીમાં પોતાને વધુ લાભ થાય તેવું વિચારશે.

**3. ભ્રષ્ટાચાર વધશે :**

શિક્ષકો અને કર્મચારીઓની નિમણૂંક, બઢતી કે ફેરબદલીમાં અહીં થવા મૂકવામાં આવતાં નાણાંકીય 'વજનો' ભાગ ભજવે તેવો સંભવ રહેશે.

**4. ભૌતિક સગવડતામાં ઘટાડો :**

શાળા સંચાલકોનો વહીવટ બંધ થતા,સરકાર હસ્તક વહીવટ જતા ભૌતિક સગવડતામાં ઘટાડો થશે. શાળા પાછળ ઓછું બજેટ ફાળવવામાં આવે છે. શાળાની સંખ્યામાં વધારો થતા ભૌતિક સગવડતા પાછળ કરવામાં આવતો ખર્ચ માં ઘટાડો થશે.

**(B) વહીવટી મર્યાદાઓ :**

**1. સમસ્યાના ઉકેલ માં વિલંબ :**

વહીવટનું કેન્દ્રીકરણ થશે તો પ્રશ્નોના વિકાસમાં ઢીલાશ આવશે. શાળા અંગેનો કોઈ નિર્ણય લેવો હોય તો વધુ સમય જશે.

**2. સરકારનું સરમુખત્યારશાહી વલણ :**

સંચાલકોની જે હુકમીમાંથી નીકળીને શાળાના શિક્ષણ અને કર્મચારી સરકારી સરમુખત્યાર શાહીના ભોગ બનશે.

**3. તુમારશાહીમાં પ્રશ્નો અટવાઈ જશે :**

સરકારી કામકાજની તુમારશાહીમાં પ્રશ્નો અટવાઈ જશે અને દબાણ થવાની અસર થવાનો પૂરતો સંભવ રહેશે.

**4. વહીવટીતંત્રમાં ઢીલાશ :**

શાળાઓનું વહીવટીતંત્ર અને વાતાવરણ થાય છે. શું, હોતી હૈ, ચાલતી હે ની ભાવનાવાળું બનતાં વાતાવરણમાંથી ચેતનતા અદૃશ્ય થશે.

**(C) શૈક્ષણિક અને સામાજિક મર્યાદાઓ :**

**1. કર્મચારીઓની અન્ય પ્રવૃત્તિ બંધ થશે :**

નિર્ધારિત સમયગાળાને ધ્યાનમાં રાખીને કામ કરતા કર્માચારીઓ બીજી પ્રવૃત્તિઓમાં સમય આપે તેવી શક્યતાઓ નહીં રહે.

**2. નવીનતા મંદ પડશે :**

સરકારી વાતાવરણમાં મોટા ભાગે ચોક્કસ સમય અને નિયમ મુજબ કાર્ય થાય છે. આવા સંજોગોમાં શિક્ષણક્ષેત્રે નૂતન અભિગમો, સંશોધનો અને પ્રયોગોનીગતિ મંદ પડી જશે. નવા પ્રયોગો શિક્ષણને લગતા અટકી જશે.

**3. પૂરતા સ્ટાફનો અભાવ :**

શિક્ષક કે કર્મચારીની બદલી, બઢતી કે નિયુક્તિ બાબતમાં ઢીલાશ આવશે અને શિક્ષણકાર્ય પર તેની માઠી અસર થશે.

**4. શિક્ષણની નિષ્ક્રિયતામાં વધારો :**

ચીલાચાલુ ક્રિયાકાંડ જેવું બની રહેશે. શિક્ષકમાં નવું કરવાનો ભાગ્યે જ ઉત્સાહ રહેશે, તે દર પ્રાપ્તિ અને પગાર મળે તેના અંગે વિચારતો થઈ જશે. ફરજ પાલન પ્રત્યે બેદરકાર અને ઉદાસીન બની જશે, તેની આળસ અને બેદરકારી વધી જશે. શિક્ષણકાર્યના નીતિનિયમોમાં જોવાં ફેલાતાં વિધાનોના વિકાસમાં અનેક મર્યાદાઓ આવશે.

**5. સમાજનો સહયોગ બંધ થશે :**

સમાજની ખાનગી સંસ્થાઓનો સહયોગ બંધ થશે અને તેમની સાધન સામગ્રીનો ઉપયોગ મર્યાદિત બનશે.

**6. અશિસ્તના પ્રશ્નો ઊભા થશે :**

સરકારી રીતે શિસ્ત ઉકેલવા જતાં અશિસ્તીના પ્રશ્નો ઘેરા બનશે. એક પ્રશ્નનો ઉકેલ આવતાં બીજો પ્રશ્ન ઊભો થશે. પ્રશ્ન ઉકેલવામાં ઘણીવાર ભેદભાવ થતો જોવા મળશે.

**7. ગુણવતા પર અસર :**

શિક્ષકની નિષ્ક્રિયતા, ઉત્સાહ વગેરે ઓછો થતા ગુણવતાપર અસર થશે. શિક્ષકના કાર્ય માં કોઈ ઉત્સાહ, તૈયારી, સાધન સામગ્રીનો ઉપયોગ વગેરેમાં નિષ્ક્રિયતા જોવા મળશે. વિદ્યાર્થીઓના ભાષા કૌશલ્ય, ગણન કૌશલ્ય વગેરે પર અસર થશે.

**8. પ્રોત્સાહનનો અભાવ :**

સારું પરિણામ લાવનાર શાળાને સરકાર તરફથી કોઈ પ્રોત્સાહન આપવામાં આવે તો ઉત્સાહમાં ઘટાડો થશે.

**9. અપૂરતા સાધન સામગ્રી :**

વધુ ગ્રાંટ ન ફાળવવાને કારણે પૂરતા પ્રમાણમાં સાધન સામગ્રી પ્રાપ્ત નહીં થાય.

**10. ભૌતિક સંગઠનમાં ઘટાડો :**

વધુ ગ્રાંટ ન ફાળવવાની કારણો શાળાનું મકાન, શૈક્ષણિક સાધનો પૂરતા પ્રમાણમાં જોવા નહીં મળે, પૂરતા વર્ગના ઓરડાનો અભાવ જોવા મળશે. શાળાના મકાનને સમારકામમાં વિલંબ વગેરે પ્રશ્નો ઊભા થશે.

**11. પૂરતા સ્ટાફનો અભાવ જોવા મળશે :**

વર્ગમાં વધારો, શિક્ષણની બદલી, શિક્ષણની નિવૃત્તિ વગેરેના કારણે પૂરતા પ્રમાણમાં ઝડપી સ્ટાફ નહીં મળે. સ્ટાફના અભાવે શિક્ષણ પર અસર થશે.

### 9.2.5 રાષ્ટ્રીયકરણની સમસ્યાઓ

શિક્ષણના રાષ્ટ્રીયકરણની સમસ્યા નીચે મુજબ દર્શાવી શકાય.

**(1) સમાજની ગતિમાં આવરોધક :**

કેળવણી એ સમાજઘડતરનું મહત્ત્વનું કાર્ય કરે છે સંસ્કારી અને સ્વસ્થ સમાજનું નિર્માણ કરવું હોય તો તે શુદ્ધ અને સર્વકાલીન મૂલ્યોના પાયા પર જ કરી શકાય. રાજ્ય સત્તા અને પક્ષપાત તેમાં ભળે તો આ મૂલ્યોને કલુષિત કરી નાખે છે. આ રાજ્યસત્તા પોતાના પક્ષના હેતુઓ અર્થે શૈક્ષણિક મૂલ્યો અને શિક્ષણની આખી તરાહને બદલી નાખવા પ્રયત્નશીલ સમાજની ગતિ માટે રાષ્ટ્રીય પરવાનગી નીતિ અવરોધક નીવડે છે. સમાજની કાર્ય કરવાની ગતિમાં અવરોધ આવશે.

**(2) સમાજના નિર્માણ કાર્યમાં અવરોધ :**

જનતાના, લોકશાહી રાજ્યમાં સમાજ નિર્માણનું કાર્ય જનતાએ જ કરવાનું રહેતું હોય છે. તેથી એ નિર્માણની પ્રક્રિયા અને તેનું સ્વરૂપ નક્કી કરવાનાં અધિકાર અને જવાબદારી જનતાનાં જ રહેવાં જોઈએ રાષ્ટ્રીય કરવા થતાં જનતાનો આ અધિકાર ઝૂંટવાઈ જશે.

**(3) આપખુદશાહી તંત્ર :**

રાષ્ટ્રીયકરણ થતાં માધ્યમિક શાળાઓ સરકારના હસ્તક આવવાથી આપખુદશાહી તંત્ર બનશે. શાળાનો વહીવટ એક જ વ્યક્તિ દ્વારા થશે તેથી આપખુદશાહી તંત્ર બનશે. શાળા અંગેના સંપૂર્ણ નિર્ણયો સરકાર દ્વારા લેવામાં આવશે.

**(4) વ્યક્તિત્ત્વના ઘડતરમાં અવરોધક :**

શિક્ષણની ફળશ્રુતિ બાળક શું શીખે છે તે નહીં થવા બાળક ભવિષ્યમાં કેવો નાગરિક બનશે, તેમાં છે. સ્વતંત્ર અને મુક્ત વાતાવરણમાં શ્રેષ્ઠ નાગરિકનું ઘડતર શક્ય છે. રાષ્ટ્રીયકરણ થતાં ત્યા સ્વાતંત્ર્ય રૂંધાઈ જશે.

**(5) નાગરિકના ઘડતરમાં અવરોધક :**

શાળામાં સ્વતંત્ર અને મુદત વાતાવરણમાં શ્રેષ્ઠ ભણતરનું ઘડતર શક્ય છે. સારા વાતવરણમાં બાળકનો સંપૂર્ણ વિકાસ શક્ય બને છે. લોકશાહી વાતાવરણમાં બાળકનો વિકાસ થાય છે. રાષ્ટ્રીયકરણ થતાં આ સ્વતંત્રતા રૂંધાઈ જશે. નાગરીકનું યોગ્ય ઘડતર કરવામાં અવરોધતું બનશે.

**(6) ભાવનાભર અસર :**

હાલ કેળવણી, સમાજ અને શિક્ષકો એકબીજાં સાથે સંકળાયેલો છે અને પરસ્પર આદરની લાગણી ધરાવે છે. વળી, કેળવણીએ સમાજ અને શિક્ષકોના સહયોગનું કાર્ય છે. એવી ભાવના ઉત્પન્ન થઈ છે તે રાષ્ટ્રીયકરણ થતાં કલુષિત બનશે.

**(7) શિક્ષણ પર અસર :**

રાષ્ટ્રીયકરણ થતાં શિક્ષણ સંસ્થાઓ કેળવણી અને સંસ્કારની સંસ્થાઓ મટી તત્કાલીન સરકારી તંત્રનું પરાધીન બનાવવાનું એક સબળ સાધન બની જશે, જેમ સરકારો બદલાશે તેમ શિક્ષણ પ્રત્યેનોતેનો અભિગમ બદલાશે અને શિક્ષણ મળશે.

**(8) સમાજ સંપર્ક અટકી જશે :**

શૈક્ષણિક સંસ્થાઓનું રાષ્ટ્રીયકરણ કરવાથી શિક્ષણ સમાજથી અલગ પડી જશે અને સમાજનો જીવંત સંપર્ક ગુમાવી બેસશે. આથી સમાજ સમાજ નિર્માણ કાર્યનો ભાગીદાર મટી જશે અને માત્ર સરકારીતંત્રનો વાચક બની રહેશે. સમાજ સાથેનો સંપર્ક ઓછો થઈ જશે.

**(9) તુમારશાહીનો પ્રવેશ :**

શિક્ષણમાં વહીવટી નીતિ ઉદાર અને લોકશાહી ઢબની હોય તો વાતાવરણ ભયમુદત હોવાંથી શિક્ષણ પ્રાણવાન, ગતિશીલ અને હેતુલક્ષી બની રહે છે. પરંતુ રાષ્ટ્રીયકરણ થતાં શિક્ષણના વહીવટમાં તુમારશાહી પ્રવેશ કરશે અને શિક્ષણકાર્ય જડ બની જશે.

**(10) કેળવણીનો વ્યાપ અટકી જશે :**

ઘણા સ્થળોએ લોકોએ કેળવણીનો આર્થિક બોજો પોતાના ખભા ઉપર ઉપાડી લઈ કેળવણીની સંસ્થાઓ સ્થાપી છે અને કેળવણીનો વ્યાપ ખૂબ વધ્યો છે. તેવી સ્થિતિમાં રાષ્ટ્રીયકરણ આ કેળવણીનાં વ્યાપને અવરોધતું બનશે.

**(11) પછાત વિસ્તારોની સંસ્થાઓ વિકાસ અટકી જશે :**

પછાત વિસ્તારની પ્રજાએ મહામુશ્કેલીએ ભંડોળ ઊભાં કરી કેળવણીનું કાર્ય ઉત્સાહથી ઉપાડ્યું છે. તેવા સંજોગોમાં રાષ્ટ્રીયકરણ આવતાં સરકાર પોતાના વહીવટની સુગમના અને આર્થિક ખોટ-નફાની દૃષ્ટિએ વિચારશો તેથી ત્યાના પ્રદેશોમાં ચાલતી સંસ્થાઓની પ્રગતિ ટૂંપાશે અને તેમના ઉત્સાહ પર પાણી ફરી વળશે.

**(12) શિક્ષણના પ્રશ્નો વધશે :**

રાષ્ટ્રીયકરણ થતાં તત્કાલીન સરકાર પોતાની રાજકીય વગ અને વેગ વધાવાની દૃષ્ટિથી જ શિક્ષણના પ્રશ્નો વિચારાશે, તેથી કેળવણીના વ્યાપની સમતુલા જોખમાશે. શિક્ષણના પ્રશ્નોમાં વધારો થશે.

**(13) સંચાલકો અને સરકાર વચ્ચે સંઘર્ષ વધશે :**

હાલમાં શિક્ષણ સંસ્થાઓનાં મકાનો મોટે ભાગે દાનમાં મળેલાં મકાનો છે. રાષ્ટ્રીયકરણ થતાં

આ મકાનો કેળવણી મંડળો સરકારને સોંપશે નહીં અને સોંપશે તો યોગ્ય વળતર લેશે. આટલી મિલકતો ખરીદવા જોઈતાં નાણાંની સગવડ સરકાર કરી શકશે નહીં. જો તે બંધારણ તોડી આપી ખાનગી મિલકતો સત્તાના જોરે આંચરી લેવાનો પ્રયત્ન કરે તો લોકશાહીનો મૃત્યુ ઘંટ વાગી જશે. સંચાલકો અને સરકાર વચ્ચે સંઘર્ષમાં વધારો થશે.

**(14) સારા નાગરીકો તૈયાર નહીં થાય :**

રાષ્ટ્રીયકરણ કરવાથી શિક્ષણનાં સાચા મૂલ્યોનો નાશ થશે અને સંસ્કાર નિર્માણનું રાષ્ટ્રીયકરણ કરી હોઈ જ ન શકે.

## 9.3 માધ્યમિક શિક્ષણનું વ્યવસાયીકરણ

### 9.3.1 ભૂમિકા

વ્યવસાયિક શિક્ષણને આપણે ત્યાં મોટે ભાગે તકનિકી શિક્ષણમાં પર્યાપ્ત માન્યું છે. તકનિકી શિક્ષણ એ તો વ્યવસાયિક શિક્ષણને ધંધાકીય શિક્ષણ પણ કહેવામાં આવે છે. આમ વ્યવસાયિક શિક્ષણમાં ટેકનિકલ, યંત્ર, કૃષિ, વાણિજ્ય, લલિતકલાઓ, ગૃહવિજ્ઞાન વગેરે વિષયોનો સમાવેશ થાય છે, એટલે કે, ધંધાકીય શિક્ષણમાં ટેકનિકલ હાઈસ્કૂલો, કૃષિ-વાણિજયની હાઈસ્કૂલો, વિવિધલક્ષી શાળાઓ, લલિતકલા અને શિક્ષણની ગૃહવિજ્ઞાનની શાળાઓ, ઉત્તર બુનિયાદીશાળાઓ, તમામ પ્રકારની શિક્ષણની તાલીમી સંસ્થાઓ (આઈ.ટી.આઈ), વૈદ્યકીય સ્વાસ્થ્ય સેવાઓની તાલીમી સંસ્થાઓ... વગેરેનો સમાવેશ થાય છે.

આમ વ્યવસાયિક શિક્ષણનો વ્યાપ વિશાળ છે. જીવનમાં જે જે કામો વ્યવસાયની પ્રતિષ્ઠા પામ્યાં છે તે બધાં એમાં આવરી લેવામાં આવ્યા છે.કોઠારી શિક્ષણપંચે વ્યવસાયિક શિક્ષણની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે :

×1 થી 3 વર્ષના સમયગાળા દરમિયાન પૂર્ણ થઈ શકે તેવા અંત્યબિંદુવાળા અનેકવિધ શિક્ષણક્રમો આ શિક્ષણ તબક્કે યોજવા જોઈએ આવા શિક્ષણક્રમોમાં પૂર્વ-પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષકો માટેના શિક્ષણક્રમો, ઔદ્યોગિક તાલીમી સંસ્થાઓ દ્વારા સંચાલિત દસમી શ્રેણીને અંતે પ્રવેશ આપી શકાય એવા શિક્ષણક્રમો, ખેતી અને ઉદ્યોગ માટે મધ્યમકક્ષાના કારીગરો તૈયાર કરવા માટેના શિક્ષણક્રમો, વૈદ્યકીય અને સ્વાસ્થ્ય સેવાઓ માટે સહાયક કર્મચારીઓ તૈયાર કરવાના શિક્ષણક્રમો, દફતરી કામ, ગૃહવિજ્ઞાનના શિક્ષણક્રમોનો સમાવેશ કરવો જોઈએ. આવાં શિક્ષણક્રમો જ માધ્યમિક શિક્ષણને મુખ્યત્વે શાંત બનાવી શકશે.×

ટૂંકમાં નીચે મુજબના એ કાર્યક્રમો હોય :

- આ શિક્ષણક્રમો 1 થી 3 વર્ષમાં પૂરાં થાય એવા સ્વયંપૂર્ણ હોવાં જોઈએ.
- આ તબક્કે પૂરાં થાય એવા તે શાન્ત (ટર્મિનલ) શિક્ષણક્રમો હોવાં જોઈએ.
- કોઈ એક ધંધા, રોજગાર, કામ (જોબ) માં પ્રત્યક્ષ કાર્યાનુભવ પૂરાં પાડી વિદ્યાર્થીને આવશ્યક જ્ઞાન-પ્રાવીણ્ય-કૌશલ્ય બક્ષે અને એ પૂરો કર્યા પછી તરત કામધંધો મેળવી આપે એવા તે હોવાં જોઈએ.
- જીવનવ્યવસાયોમાં જેટલું વૈવિધ્ય છે, એટલું જ વૈવિધ્ય આ વ્યવસાયી કાર્યક્રમોમાં પણ હોવું જોઈએ.

### 9.3.2 વ્યવસાયીલક્ષી શિક્ષણના હેતુઓ

(1) આપણા દેશના વિકસતા અર્થતંત્રમાં ઉદ્યોગ, વેપાર, પરિવહન, ખેતી તથા અન્ય ક્ષેત્રોમાં આવશ્યક કુશળ કારીગરો, કર્મચારીઓ તૈયાર કરવા.

(2) પ્રત્યેક તાલીમાર્થીને તેની પૂરી શક્તિઓ ખીલવવાની તક આપવી.

(3) જરૂરી કૌશલ્યનો સઘન વિકાસ એવી રીતે સાધવો, જેથી માનવબળનો શક્તિશાળીને સૂક્ષ્મ ઉપયોગ થઈ શકે તેમ જ સારું ને વધારે ઉત્પાદન થઈ શકે.

(4) વ્યવસાયિક શિક્ષણને માત્ર રોજગારીની તાલીમ ન બનાવી દેતાં પોતાના વ્યવસાયના વિશિષ્ટ વાતાવરણમાં રહીને પણ સારા નાહરિક જીવન માટે યુવક-યુવતીઓને તૈયાર કરે એવી રીતે તેનું નિર્માણ થવું જોઈએ.

(5) જે તે વ્યવસાયનાં ઓજારો, યંત્રો, સાધનસામગ્રી અને પ્રક્રિયાઓનો ઉપયોગ અને દેખભાળઅંગે, તાલીમાર્થીને આવશ્યક જ્ઞાન અને કૌશલ્યો મળવાં જોઈએ.

(6) તાલીમની યોજના અને વસ્તુ (કન્ટેન્ટસ) એવાં હોવાં જોઈએ કે તાલીમ પૂરી કર્યા પછી એની અંતિમ નીપજ કોઈ પણ લાભદાયક ધંધા રોજગારમાં યોગ્ય રોજગાર મેળવીને થવા સ્વતંત્રપણે કોઈ વેપાર-ઉદ્યોગ કરીને પોતાનો જીવનનિર્વાહ માટે નચિંત બની શકે.

અપેક્ષા એવી ચે કે અહીં એનું ઔપચારિક શિક્ષણ પૂરું થાય. અલબત્ત, ધંધા રોજગારમાં કામ કરતાં કરતાં પોતાની વ્યવસાયિક સજ્જતા વધારવાની ઘણી તકો તો તેને પૂરી પાડવી જોઈએ જ.

કોઠારી શિક્ષણપંચે આગામી 20 વર્ષમાં ધંધાકીય માધ્યમિક શિક્ષણના વિસ્તરણનો જે અંદાજ તૈયાર કર્યો છે. તે પ્રમાણે, આગામી 20 વર્ષમાં નીચલી માધ્યમિક કક્ષાએ ધંધાકીય શિક્ષણનું વિસ્તરણ કરી તેનું પ્રમાણ 20 ટકા કેટલું ઓછામાં ઓછું બનાવવું પડશે એટલે કે, નીચલી માધ્યમિક કક્ષાએ ભણતા કુલ વિદ્યાર્થીઓ પૈકી 20 ટકા ધંધાકીય અભ્યાસક્રમો શીખતા હોવોં જોઈએ. ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ આ પ્રમાણે 50 ટકા જેટલું ઊંચું બનતું રહેશે. આ પ્રમાણ ભૂતકાળના અપૂરતા ધંધાકીય શિક્ષણના વિકાસની તુલનામાં ઘણું ઊંચું લાગે છે, પણ વિદેશોની તુલનામાં તે એટલું ઊંચું નથી. આજે ય જાપાનમાં 60 ટકા અને પશ્ચિમ જર્મનીમાં 70 ટકા માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ ધંધાકીય શિક્ષણ મેળવી રહ્યાં છે.

| ક્રમ | વર્ષ | ધોરણ 8 થી 10 | | | | | | ધોરણ 11 થી 12 | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ધંધાકીય શિક્ષણમાં વિદ્યાર્થી ભરતી સંખ્યા હજારમાં | | | કુલ વિદ્યાર્થી ભરતીમાં ધંધાકીય શિક્ષણ લેતાં વિદ્યાર્થીઓના ટકા | | | ધંધાકીય શિક્ષણનાં વિદ્યાર્થી ભરતી સંખ્યા હજારમાં | | | કુલ વિદ્યાર્થી ભરતીમાં ધંધાકીય શિક્ષણ લેતાં વિદ્યાર્થીઓના ટકા | | |
| | | છોકરા | છોકરીઓ | કુલ | છોકરા | છોકરીઓ | કુલ | છોકરા | છોકરીઓ | કુલ | છોકરા | છોકરીઓ | કુલ |
| 1 | 1950-51 | 29 | 18 | 47 | 2.2 | 8.8 | 3.1 | 105 | 20 | 125 | 42.7 | 53.6 | 44.2 |
| 2 | 1955-56 | 39 | 32 | 71 | 2.0 | 7.9 | 3.0 | 179 | 35 | 214 | 41.6 | 49.4 | 42.7 |
| 3 | 1960-61 | 65 | 35 | 100 | 2.2 | 4.7 | 2.7 | 299 | 59 | 358 | 41.7 | 44.9 | 42.2 |
| 4 | 1965-66 | 90 | 47 | 137 | 1.9 | 3.3 | 2.2 | 477 | 87 | 564 | 40.7 | 38.5 | 40.3 |
| 5 | 1970-71 | 222 | 113 | 335 | 3.4 | 5.0 | 3.8 | 721 | 157 | 878 | 42.5 | 40.2 | 42.1 |
| 6 | 1975-76 | 546 | 272 | 818 | 6.0 | 7.6 | 6.4 | 1,089 | 284 | 1,373 | 36.3 | 44.5 | 45.9 |
| 7 | 1980-81 | 1,344 | 655 | 1,999 | 11.0 | 12.4 | 11.4 | 1,645 | 514 | 2,159 | 48.1 | 47.2 | 47.8 |
| 8 | 1985-86 | 3,305 | 1,568 | 4,873 | 20.0 | 20.0 | 20.0 | 2,502 | 934 | 3,436 | 50.0 | 50.0 | 50.0 |

ઉપયુક્ત વ્યવસાયિક શિક્ષણની શિક્ષણપંચે લાંબા ગાળાની સુંદર યોજના આપી છે. ઉપરાંત પંચ ધંધાકીય શિક્ષણની વ્યવસ્થા અને વિકાસ માટે.

**9.3.3 વ્યવસાયિક શિક્ષણમાટેની સમસ્યાઓ**

- વ્યવસાયિક શિક્ષણ માટેની કેટલીક સમસ્યાઓ નીચે પ્રમાણે છે.

**(1) તાલીમ પામેલાં શિક્ષકોનો અભાવ :**

- આ પ્રકારના શિક્ષણમાટે જરૂરી એવા તાલીમ પામેલાં શિક્ષકોનો અભાવ જોવા મળે છે. તાલીમ પામેલાં શિક્ષકો મળતાં નથી.

**(2) વ્યવસાય શિક્ષણની સમજનો અભાવ :**

- સમાજમાં આ પ્રકારના શિક્ષણ માટે હજી સાચી સમાજ કેળવાઈ નથી, પરિણામે આવા અભ્યાસરૂમમાં અપેક્ષા પ્રમાણેના વિદ્યાર્થીઓ જોડાતાં નથી.

**(3) ભૌતિક સગવડતાનો અભાવ :**

- આવા અભ્યાસક્રમો આપતી સંસ્થાઓમાં ભૌતિક સગવડતાઓની ઉણપ જોવા મળે છે. ભૌતિક સગવડતાને અભાવે વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો શરૂ થતાં નથી.

**(4) રૂચિપ્રમાણે અભ્યાસરૂમ નથી :**

- આ પ્રકારના અભ્યાસક્રમમાં આપણે વિદ્યાર્થીઓને વિકલ્પો આપી શકતા નથી. પરિણામે તેમની રૂચિ કે પસંદગીને અન્ય ન્યાય મળે છે.

**(5) ખાનગી સંસ્થાઓનો વિરોધ :**

- આ ક્ષેત્રે ખાનગી સંસ્થાઓ આવા અભ્યાસરૂમોની સફળતા માટે અવરોધરૂપ બને છે.

**(6) શિક્ષણના માધ્યમનો પ્રશ્ન :**

- સ્થાનિક ભાષાને ધ્યાનમાં રાખી અભ્યાસરૂમો શરૂ થતી નથી. આથી શિક્ષણના માધ્યમનો પ્રશ્ન થવા વિવાદાસ્પદ છે.

**(7) સ્થાનિક જરૂરિયાત પ્રમાણે અભ્યાસરૂમો નથી. :**

- સ્થાનિક જરૂરિયાતોને લક્ષમાં રાખવાનું કામ અ સંસ્થાઓએ નામું કર્યું હોય તેમ લાગતું નથી.

**(8) જૂના અભ્યાસરૂમો :**

- સમયની માંગ પ્રમાણે અભ્યાસરૂમોમાં વિશેષ ફેરફાર થયાં નથી. જૂના અભ્યાસરૂમો ચાલ્યા આવે છે.

**(9) શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતાનું વધુ પ્રમાણ :**

- આ શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતાના પ્રશ્નો થવા વધુ જોવા મળે છે.

**(10) વધુ ખર્ચ :**

- તાંત્રિક અને ધંધાકીય શિક્ષણ વ્યાવસાયિક શિક્ષણ પાછળ ખૂબ ખર્ચ કરવો પડે છે. તેથી તેનો આર્થિક પ્રશ્ન થવા મહત્ત્વનો છે.

**(11) નોકરી મેળવવાનો પ્રશ્ન :**

- અભ્યાસરૂમ પૂરો કર્યા પછી સરળતાથી કામ મળતું નથી.

**9.3.4 સૂચનો**

- વ્યાવસાયિક શિક્ષણ, તાંત્રિક અને ધંધાકીય શિક્ષણને હણી સમસ્યાઓ પાર કરવાની છે. આ શિક્ષણને ઘણી સમસ્યાઓ પાર કરવાની છે. આ પ્રકારના શિક્ષણના વિકાસ માટે કોઠારી શિક્ષણ પંચે નીચે પ્રમાણેની ભલામણો કરે છે.

(1) બધા જ પ્રકારના વ્યવસાયિક શિક્ષણમાં સામાન્ય શિક્ષણનો સમાવેશ કરવો જોઈએ.

(2) કારીગરોના કૌશલ્યો અને કાર્યક્ષમતા વિકસે તે માટે પ્રયાસ કરવાં જોઈએ.

(3) કારીગરોના વેતન ધોરણ સુધારવાં જોઈએ.

(4) પ્રેસ્ટીલ કાર્ય માટે વર્કશોપની વ્યવસ્થા કરવી જોઈએ.

(5) સંસ્થામાં ભૌતિક સગવડતાઓ પૂરતા પ્રમાણમાં પૂરી પાડવી જોઈએ.

(6) શિક્ષકોને જરૂરી તાલીમ આપવી. દા.ત. ગ્રીષ્મ વર્ગો, સેમિનાર, ઉપવર્ગો વગેરે.

(7) આ ક્ષેત્રે કામ કરતાં શિક્ષકો માટે સતત શિક્ષણના કાર્યક્રમો યોજવાં જોઈએ.

(8) શિક્ષકોના વ્યક્તિગત વિકાસ માટે તક પૂરી પાડવી. દા.ત. સંશોધન કાર્ય

(9) અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ ઘટાડવા યોગ્ય વિદ્યાર્થીઓને પસંદ કરવા.

(10) સ્થાનિક ઉદ્યોગોમાં પ્રાયોગિક અનુભવ મળે તેવી વ્યવસ્થા કરવી. આ માટે આર્થિક સહાય કરવી.

(11) પ્રાયોગિક કાર્ય પર વધુ ભાર આપવો.

(12) શિક્ષણનું માધ્યમ પ્રાદેશિક ભાષામાં આપવું.

(13) આ પ્રકારના શિક્ષણ ક્ષેત્રે શિક્ષકો આકર્ષાય તે માટે વેતન સુધારો તથા કાર્યપદ્ધતિમાં સુધારો લાવવો જરૂરી છે.

(14) શિક્ષણને ઉત્પાદક બનાવવું જોઈએ.

(15) સમાજની માંગ પ્રમાણે અભ્યાસરૂપો ઘટી તાલીમી કર્મચારીઓ તૈયાર કરવાં.

**9.3.5 ભલામણો**

- 1964-66માં નિમાયેલ કોઠારી શિક્ષણ પંચના આ પ્રકારના શિક્ષણ અંગે નીચે પ્રમાણોની ભલામણો કરી છે.

(1) આ પ્રકારના શિક્ષણના પ્રશિક્ષણ માટે વધુ સગવડતાઓ ઉભી કરવી જોઈએ.

(2) આ પ્રકારનું શિક્ષણ આપતી સંસ્થાઓમાં વ્યાવસાયિક પ્રાયોગિક કાર્યો ઉપર વધુ ભાર મૂકવો જોઈએ.

(3) આ પ્રકારનું શિક્ષણ વિદ્યાર્થીઓને વિશિષ્ટ નોકરીએ ધંધામાટે લાયક બનાવે તેવું હોવું જોઈએ.

(4) શાળાકક્ષાએ સ્વયં સંપૂર્ણ વ્યવસાયલક્ષી શિક્ષણ હોવું જોઈએ.

(5) વિદ્યાર્થીઓ માટે શાળા શિક્ષણ પુરું કરે પછી પત્ર વ્યવહારના અભ્યાસ રૂમમાં ટૂંકા ગાળાના અભ્યાસરૂમો, ટૂંકા અને ઘનિષ્ઠ અભ્યાસરૂમોની વ્યવસ્થા ઉભી કરવી જોઈએ.

(6) ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ શિક્ષણને વધુમાં વધુ વ્યાવસાયિક બનાવવું જોઈએ.

(7) વ્યાવસાયિક પ્રાયોગિક કાર્યને ઉત્પાદનલક્ષી બનાવવા પ્રયાસો કરવા જોઈએ.

(8) ઉચ્ચતર માધ્યમિક સ્તરે વાણીજ્ય અને ઔદ્યોગિક કાર્યોના વિભિન્ન અભ્યાસરૂપો રચાવા જોઈએ.

**9.3.6 નિમ્ન અને ઉચ્ચતર માધ્યમિક કક્ષા**

**નિમ્ન માધ્યમિક કક્ષા :**

- દેશના જુદાં જુદાં વિભાગોમાં ઔદ્યોગિક તાલીમસંસ્થાઓ આવેલી છે. આ સંસ્થાઓમાં પ્રાથમિક શિક્ષણ જેમણે પૂરું કર્યું હોય તેમને દાખલ કરવામાં આવે છે. જો તેમાં પ્રવેશની ઉંમર 14 વર્ષ બતાવવામાં આવે તો તેમાં પ્રાથમિક કક્ષાના ઘણા વિદ્યાર્થીઓને વાળી શકાશે.
- તકનિકી શાળાઓમાં ઉદ્યોગમાં વિવિધ પ્રકારની નોકરી (Job) ને માટે અભ્યાસક્રમો છે. તેમાંય કેટલાંક વિદ્યાર્થીઓને વાળી શકાશે.

- ધો.7 કે 8 પછી કુટુંબના વ્યવસાયોમાં જોડાઈ જતા કેટલાંક છોકરા-છોકરીઓ માટે અર્ધસમયની તાલીમની વ્યવસ્થા થઈ શકે. આ તાલીમથી તેમના કૌશલ્યોનો સ્તર ઊંચો લાવી શકાશે.
- ગામડાંની શાળાઓના મોટાભાગના છોકરાઓ પ્રાથમિક શિક્ષણ પૂરું કરી કુટુંબના ખેતરમાં કામ કરતા થઈ જાય છે. તેમનું કૃષિનું જ્ઞાન અદ્યતન બને અને તેમની ખેતીની ક્ષમતા પણ સંતોષકારક બને એ સારું તેમને માટેય ઉચ્ચતર કૃષિશિક્ષણ વ્યવસ્થા થઈ શકે.
- પ્રાથમિક શિક્ષણ પૂરું કરી ઘણી છોકરીઓ તરત જ થોડાં વર્ષ પછી પરણીને સંસારમાં પડી જાય છે. આવી બાળાઓને સામાન્ય શિક્ષણની સાથે ગૃહવિજ્ઞાનનું શિક્ષણ આપવું જોઈએ.

**ઉચ્ચ માધ્યમિક કક્ષા :**

- અઠવાડિયામાં અમુક દિવસે ઉદ્યોગમાં પ્રત્યક્ષ ધંધાકીય તાલીમને માટે નોકરી કરતાં યુવક-યુવતીઓ સારુ વ્યવસ્થા થઈ શકે.
- તેમને માટે પત્રવ્યવહાર દ્વારા ધંધાકીય શિક્ષણની પણ સુવિધા કરી શકાય.
- કૃષિવિષયક અને એન્જિનિયરિંગ પોલિટેકનિકોએ ટૂંકા ગાળાના અભ્યાસક્રમો યોજવા, જેથી નોકરી કરતાં તરુણોની કુશળતાઓ વધુ ઊંચા સ્તરની બનાવી શકાય.
- ધોરણ 10 પછી તાલીમ આપતી કેટલીક ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ જુદાં જુદાં રાજ્યોમાં આવી છે. આ સંસ્થાઓની સંખ્યા સારા પ્રમાણમાં વધારવી રહેશે.
- ધંધાકીય શિક્ષણ-અભ્યાસક્રમોનો વ્યાપ વધારવો રહેશે. તેમાં 6 માસથી માંડીને 3 વર્ષના ગાળાના સ્વાસ્થ, વ્યાપાર, વહીવટ, નાના ઉદ્યોગો, કામગીરી સેવાઓનાં ક્ષેત્રોમાં અભ્યાસક્રમો યોજવા રહેશે.
- રાજ્યોના કેળવણી ખાતામાં આવા વિવિધ પ્રકારના ધંધાકીય અભ્યાસક્રમોની ગોઠવણ કરવાને માટે અને તેના કાર્યક્ષમ સંચાલન માટે ખાસ વિભાગો ઊભા કરવા રહેશે.

  શિક્ષણપંચ નોંધે છે કે અત્યાર સુધી ધંધાકીય માધ્યમિક શિક્ષણનો પૂરતો વિકાસ ન સાધી શકાયો તે માટે સામાજિક અને સાંસ્કૃતિક પરિબળો ઉપરાંત રાજ્ય સરકારોની અને શાળાઓની આર્થિક મુશ્કેલીઓ પણ કારણભૂત હતાં. સામાન્ય શિક્ષણ કરતાં ધંધાકીય શિક્ષણ ઘણું ખર્ચાળ હોય છે, અને તેટલા માટે કેન્દ્ર સરકારની ગ્રાન્ટ અહીં અનિવાર્ય છે. અમેરિકામાં કેન્દ્રીય ગ્રાન્ટની મદદથી જ બહુધા ધંધાકીય શિક્ષણનો આટલો ઝડપી અને સંગીન વિકાસ સાધી શકાયો છે. ભારત સરકારે પણ આવી જ કામગીરી બજાવવી રહેશે.

કોઠારી શિક્ષણપંચે આપેલા આંકડા અનુસાર 1950-51માં માધ્યમિક કક્ષાએ (8 થી 10 ધોરણ) કુલ વિદ્યાર્થીઓમાંથી માત્ર 3.1 ટકાએ જ વ્યવસાયિક શિક્ષણને પસંદ કર્યું હતું. 1965-66 સુધીમાં એની ટકાવારી 20ની કરવાની છે. પરંતુ આપણે એ માટે કેટલા પ્રયાસો કર્યો ? લગભગ 7 ગણી ટકાવારી વધારવા કેટલો પુરુષાર્થ જોઈએ ? તે જ રીતે ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ 1950-51માં કુલ વિદ્યાર્થીઓના 44.2 ટકા વ્યવસાયિક શિક્ષણમાં પ્રવેશેલા હતા. તેમાં પણ 1970-71 સુધી સતત ઘટાડો જોવા મળે છે. પણ પંચની અપેક્ષા અનુસાર 1985-86માં એ પ્રમાણ 50 ટકાનું કરવાનું છે.

ધંધાકીય શિક્ષણનો વિકાસ અત્યાર સુધી એક વિષમ સમસ્યા બની રહ્યો છે. બ્રિટિશ રાજ્ય દરમિયાન સર્જાયેલ કેટલાંક અનિચ્છનીય પરંપરાઓ, વલણો અને મૂલ્યોને લીધે માધ્યમિક કક્ષાએ વિદ્યાર્થીઓની રુચી ધંધાકીય અભ્યાસક્રમોમાં કેળવી શકાઈ નથી. અગાઉની અત્યંત લોકપ્રિય અને જનસમાજના આદરને પામેલી સરકારી માધ્યમક શાળાઓને સ્વાતંત્ર્યોત્તર કાળમાં ધંધાકીય શાળાઓમાં ફેરવી નાંખતાં તેમનાં અગાઉના પ્રતિભા અને ગૌરવ થોડા સમયમાં ઘસાઈ ગયાં છે. જ્યાં વિદ્યાર્થી પ્રવેશને માટે પડાપડી હતી ત્યાં આજે વિદ્યાર્થીઓ મેળવવાનાં ફાંફાં છે; જ્યાં મોટરોની

હાર ખડી થતી ત્યાં આજે ભાગ્યે જ રડ્યું ખડ્યું કોઈ વાહન જોવામાં આવે છે. આથી સમાજનું વાલીઓનું અને વિદ્યાર્થીઓનું માનસ ધંધાકીય શિક્ષણ તરફ વાળવાનો સૌપ્રથમ પ્રયાસ કરવો. અલબત્ત, માધ્યમિક શાળાના વિદ્યાકીય અભ્યાસક્રમોમાં પ્રવેશનું નિયંત્રણ કડક બનતાં, વિદ્યાર્થી સમાજનો અમુક ભાગ ધંધાકીય સગવડ થતાં તે તરફ અંદાજિત પ્રમાણમાં વિદ્યાર્થીઓને વાળી શકશે, ખરેખર એવું નથી. ધંધાકીય શિક્ષણ તરફ સમાજમાં નવું દૃષ્ટિબિંદુ વિકસાવવું પડશે.

### 9.3.7 માધ્યમિક શિક્ષણમાં અપવ્યય - કારણો

અપવ્યય એટલે સમય, શક્તિ અને આર્થિક રીતે થતો બગાડ. આપણા દેશમાં અપવ્યય એ આજની કોઈ નવી ઘટના નથી. વર્ષોથી અપવ્યયના પ્રશ્નો આપણે ત્યાં હતા જ. પણ કોઈનુંય ધ્યાન આ તરફ ખેંચાયું ન હતું. જો બી વાવીએ અને ઊગે નહિ તો તેની પાછળ ખાતર, પાણી અને માવજતનો ખર્ચ કરવો શા કામનો ? એમ શિક્ષણનો પ્રારંભ થાય તે પૂર્ણ ન થાય ને અધવચ્ચેથી જ કોઈને કોઈ કારણે અટકી જાય તો તેની પાછળ થયેલ ખર્ચ, સમય અને શક્તિનો ખોટો બગાડ થાય કે અપવ્યય થાય. આપણાં દેશની ભીષણ આર્થિક ખેંચમાં આવો અપવ્યય શિક્ષણમાં થાય તે ન પોષાય. લોકશાહી દેશ માટે આવો અપવ્યય ભવિષ્યમાં ખતરો જ ઊભો કરે; તેથી પણ તે આપણને ન પોષાય.

ઈ.સ. 1957માં થયેલા એક અભ્યાસ મુજબ ગુજરાતના 11 જિલ્લાઓમાં 74.0 ટકાથી માંડીને 88.9 ટકા જેટલાં અપવ્યયની નોંધ લેવામાં આવી છે. આ અભ્યાસમાં પાંચમાં ધોરણમાં દાખલ થયેલાં જે 1,384 વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો તેમાંથી ફક્ત 273 19.7 ટકા જ વિદ્યાર્થીઓ 7 વર્ષને અંતે એસ. એસ. સી પરીક્ષા પાસ થયેલા હતા. આટલો મોટો બગાડ આપણા દેશના નબળા આર્થિકતંત્રને કઈ રીતે પોષાઈ શકે ? આજે પણ અપવ્યયય અને સ્થગિતતતાના પ્રશ્નો વણઉકલ્યા જ રહ્યા છે. તેથી નિરક્ષરતા નિવારણની ગમે તેટલી ઝુંબેશ શરૂ થાય તો પણ સફળ ન થાય. સરકારે બંધારણીય રીતે સ્વીકારેલ મફત અને ફરજિયાત શિક્ષણનો પૂર્ણતઃ અમલ ન થઈ શકે એ પણ સ્વાભાવિક છે. આ માટે દેશનો એક એક નાગરિક જાગૃત બને, અપવ્યય અને સ્થગિતતામાંથી લાંબા ગાળે આવતાં પરિણામોનો વિચાર કરે તો આ બધું અટકી શકે.

આઝાદી પહેલાં આપણે ત્યાં 15 થી 16 ટકા શિક્ષણ થતું અને આજે 38 વર્ષે આપણે 39 ટકા સુધી પહોંચ્યા છીએ. આ ગતિએ આપણા દેશમાં સો ટકા શિક્ષણને સાઠથી સિત્તેર વર્ષ લાગી જશે. છતાં અપવ્યયનો પ્રશ્ન તે વખતે પણ કેટલો હળવો થયો હશે એ તો શંકાસ્પદ મુદ્દો જ રહે છે. કેમ કે ભિન્ન ભિન્ન જાતિ, ધર્મ, ભૌગોલિક આબોહવામાં અપવ્યયના કારણો એકસરખાં નડતાં નથી ; તેમાં પણ ઘણી વિવિધતાઓ છે, જે આ પ્રમાણે છે :

અપવ્યયનાં કારણો :

- **આર્થિક કારણો :**

  સૌથી મોટું અને ગંભીર કારણ આર્થિક પછાતતાનું છે કેમ કે ગરીબ મા-બાપ કામ કરે તેટલી ઉંમર તથા બાળકને અધવચ્ચેથી ઉઠાડી લે છે અથવા નાનાં ભાઈ-ભાંડુને સાચવવા તેણે ઘેર રહેવું પડે યા કામે લાગવું પડે છે અને શાળા છોડવી પડે છે.

- **સામાજિક કારણો :**

(1) નાની ઉંમરના લગ્ન થઈ જવા (ખાસ કરીને કન્યાઓની બાબતમાં)

(2) સહશિક્ષણવાળી શાળામાં છોકરીને ભણવા મોકલવાની મા-બાપની અનિચ્છાથી છોકરીને ઉઠાડી લે છે.

(3) પિતાનું મરણ અને કુટુંબનું પોષણ કરવાની વિદ્યાર્થી પર આવી પડતી જવાબદારી.

(4) નજીકમાં કન્યાશાળા ન હોવી, મહિલા શિક્ષિકાનો અભાવ પણ લોકમાનસને નડતો હોય છે.

- **શૈક્ષણિક કારણો :**

(1) પ્રાથમિક શિક્ષણનો નબળો પાયો.

(2) શાળાના વાતાવરણમાં બાળકોને આકર્ષણ જોવા ન મળે.

(3) શિક્ષકો તથા આચાર્યોને સુમેળ ન હોય કે બાળકો પ્રત્યે સહાનુભૂતિ અને પ્રેમના વર્તાવનો અભાવ જોવા મળે.

(4) બાળકોની વધુ પડતી ઉપેક્ષા થતી હોય, તેમની વિવિધ, વિશિષ્ટ અભિયોગ્યતાને વિકસાવવાની તક ન મળતી હોય.

(5) વિદ્યાર્થીઓની અપૂરતી બુદ્ધિમત્તા અને વિદ્યાકીય શિક્ષણ માટે યોગ્ય વલણ, રુચિ અને શક્તિનો અભાવ.

(6) અંગ્રેજી-ગણિતશાસ્ત્રમાં વિદ્યાર્થી નબળો હોય-એક જ ધોરણમાં એકથી વધારે વાર નાપાસ થવું.

(7) શાળામાં યોગ્ય શિક્ષણપદ્ધતિઓ તથા શૈક્ષણિક ઉપકરણોની સમૃદ્ધિનો અભાવ, વર્ગમાં ખૂબ મોટી સંખ્યા, ખામીભરેલું સંચાલન.

(8) શાળાનો સમય બાળક ઘરકામમાં ઉપયોગી થઈ શકે તેવો અનુકૂળ ન હોય.

(9) પોતાનાં બાળકો, શિક્ષણ અને શાળા પ્રત્યે માતાપિતાની વધુ પડતી ઉદાસીનતા.

(10) શારીરિક રીતે અને માનસિક રીતે બાળકોની નાદુરસ્તીનું સાતત્ય રહ્યાં કરે તો બાળક ભણવાથી કંટાળી જાય છે.

(11) ઘરથી શાળા ઘણી દૂર હોવી-ખૂંબ ચાલીને જવું પડતું હોય.

(12) શાળામાં ઉત્સાહપ્રેરક સાંસ્કૃતિક કાર્યક્રમો, ઉત્સવ-ઉજવણી કે રમતોત્સવના કાર્યક્રમનો અભાવ.

(13) શાળાનું હવા, પ્રકાશ વગરનું બંધિયાર વાતાવરણ.

(14) નિત્ય સતત શોરબકોર અને કકળાટિયા વાતાવરણમાં શાળાનું અસ્તિત્ત્વ.

- **ઉપાયો :**

(1) પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની સુધારણા થવી જોઈએ.

(2) શાળાનો અભ્યાસક્રમ હળવો અને વિવિધલક્ષી બનાવવો.

(3) પ્રથમ સાત વર્ષનું શિક્ષણ મળ્યા પછી જે વિદ્યાર્થીઓ માધ્યમિક શાળામાં દાખલ થવાને યોગ્ય હોય તેમને જ દાખલ કરવા અને બીજાઓ માટે ધંધાકીય શાળાઓમાં જોગવાઈ કરવી.

(4) વિદ્યાર્થીઓના વ્યક્તિગત અને શૈક્ષણિક પ્રશ્નોમાં સલાહ અને માર્ગદર્શન મળી શકે એ માટે શાળાઓમાં કે શાળાઓના સ્થાનિક જૂથ માટે નિદર્શન સેવાઓની સુવિધાઓ ઊભી કરવી.

(5) આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિઓની સગવડ ઊભી કરવી.

(6) પરીક્ષા પદ્ધતિનો હાઉ દૂર કરવા પરિક્ષા પદ્ધતિની પુનર્રચના કરવી જોઈએ.

(7) કન્યાઓ માટે સ્વતંત્ર શાળાઓની સગવડ ઊભી કરવી, ગ્રામવિસ્તારોમાં જ નવી હાઈસ્કૂલોનું સ્થાનિકરણ થવું જોઈએ.

(8) શિક્ષકો પૂર્વતૈયારી વગર ભણાવવા ન જાય, આપેલ ગૃહકાર્ય નિયમિત જોઈ લે, વ્યક્તિગત માર્ગદર્શન આપે અને પોતાની શિક્ષણ પદ્ધતિમાં નિત્ય નાવીન્ય ખડું કરતા રહે, શૈક્ષણિક ઉપકરણોનો ઉપયોગ કરી વર્ગશિક્ષણને રસિક બનાવવાનો પ્રયત્ન કરે.

(9) માતા-પિતાની બાળકો પ્રત્યેની ઉદાસીનતા પણ બાળકોને નીરસ બનાવે છે. બાળકોના ભણતરમાંવાલી કે માતાપિતાએ પણ રસ લેવો જોઈએ. તેમની રસિકતા બાળકોમાં ઉત્સાહ પ્રેરે છે.

(10) વિદ્યાર્થીઓને માટે શાળામાં શિક્ષકો તરફથી સમજ, પ્રેમ અને સહાનુભૂતિથી ઉષ્માભર્યું વાતાવરણ સર્જાવું જોઈએ.

(11) વાલી-શિક્ષક સંઘની સ્થાપના દ્વારા વાલીઓનો સહકાર મેળવી શિક્ષકોએ જે તે વિદ્યાર્થીઓને યોગ્ય સહાનુભૂતિથી મદદ કરવી.

(12) શાળાના કાર્યક્રમોમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, હસ્ત વ્યવસાયની પ્રવૃત્તિઓ, રમત-ગમતમાં નિત્ય વિવિધતા, તહેવારો-મહાપુરુષોની જયંતીઓ કે પુણ્યતિથિઓની ઉજવણી, પ્રવાસ, પર્યટનો વગેરે પ્રવૃત્તિઓનું વૈવિધ્ય રહ્યાં કરે તો બાળકોનો શાળા સાથે તંદુરસ્ત સંબંધ જળવાઈ રહે. તેમનું મન, આવી પ્રવૃત્તિઓમાં રોકાઈ રહે; પરિણામે શાળા આકર્ષણનું કેન્દ્ર બની જાય.

(13) બાળકોની શારીરિક કે માનસિક નાદુરસ્તી તરફ પણ શિક્ષકનું ધ્યાન જવું જોઈએ અને રસ લઈ તેમને મદદરૂપ થવું જોઈએ.

(14) શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે શક્ય તેટલાં શૈક્ષણિક ઉપકરણોની સગવડ થવી જોઈએ. સાદાં ને બિન ખર્ચાળ સાધનોથી પણ કામ સારી રીતે ચલાવી શકાય.

**9.3.8 માધ્યમિક શિક્ષણમાં સ્થગિતતા - કારણો, ઉપાયો**

હાટૉગ કમિટિએ સ્થગિતતા અંગેની વ્યાખ્યા આપતાં કહ્યું છે, The retention of a child in a class for a period of more than one year - એટલે કે એકના એક ધોરણમાં વિદ્યાર્થીને એક કરતાં વધુ વર્ષ રાખી મૂકવો.

અપવ્યય અને સ્થગિતતા - આ બન્ને મુદ્દા એક સિક્કાની બે બાજુ જેવાં છે. ઘણા વખત પહેલાં સ્થગિતતા ઊભી થાય છે, અને પછી તેમાંથી અપવ્યયનાં કારણોમાં જણાવ્યા પ્રમાણે સીધો જ અપવ્યય શરૂ પણ થઈ જાય છે. માધ્યમિક શિક્ષણમાં દર વર્ષે સરાસરી 5 ટકા જેટલી સ્થગિતતા ઉદ્‌ભવે છે. કેટલાંક રાજ્યોમાં તો આ પ્રમાણે 60 થી 70 ટકા જેટલું ઊંચું છે, અને ખાનગી વિદ્યાર્થીઓના કિસ્સામાં તે 66.9 ટકા જેટલું ભારે છે.

માધ્યમિક કક્ષાએ સ્થગિતતા માટે નીચેનાં જેવાં કારણો જવાબદાર છે :

(1) એસ.એમ.સી. પરીક્ષામાં ખાનગી ઉમેદવાર તરીકે બેસનારાઓની મોટી સંખ્યા.

(2) બાળકની માનસિક અને બૌદ્ધિક કક્ષા કરતાં ભારે લાગતા વિષયોનો અભ્યાસક્રમ અને તેને માટે સમયપત્રકમાં વિષયોની અપૂરતી સમય ફાળવણી.

(3) વર્ગદીઠ વિદ્યાર્થીઓની વધુ સંખ્યા.

(4) શૈક્ષણિક ઉપકરણોનો અભાવ.

(5) અધ્યાપનનું નીચું ધોરણ.

(6) પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીઓનું અધકચરું શિક્ષણ.

(7) ખામીભરેલી આજની પરીક્ષા પદ્ધતિ.

(8) બાળકો પ્રત્યનો શિક્ષકમાં સંશોધનવૃત્તિનો અને નિત્ય સ્વાધ્યાયનો અભાવ.

(9) શિક્ષકોનો વધુ પડતો કઠોર વર્તાવ, વ્યંગાત્મક ભાષા કે કડવી વાણી.

(10) ઘરકામનો વધુ પડતો બોજો - નિત્ય ઘરકામ કરવા ન દે અને થાય તો ઉતાવળે જેમ તેમ કરવુ પડે જેથી પરિણામ પર અસર થયા વગર રહેતી નથી.

(11) ઘણી વખત પુસ્તકો કે લેખન - સામગ્રીનો અભાવ કે અપૂરતી સગવડ પણ બાળકોમાં નીરસતા ઊભી કરી દે છે.

(12) પોતાના બાળકોના અભ્યાસ પ્રત્યે માતાપિતાની બેદરકારી અથવા દુર્લક્ષ.

◆ **ઉપાયો :**

- ખાનગી ઉમેદવારોને એસ.એમ.સી. પરીક્ષામાં પ્રવેશ આપવા કડક નિયમો બનાવવા.
- ગણિત-વિજ્ઞાન-અંગ્રજી જેવા અઘરા લાગતા વિષયોને માટે વધુ તાસ ફાળવવા અને આ વિષયોનું શિક્ષણ ઘનિષ્ટ બનાવવું.
- વર્ગદીઠ વિદ્યાર્થીઓની સંખ્યા 40-50થી વધુ ન રાખવી.
- અભ્યાસક્રમ વિદ્યાર્થીઓની બૌદ્ધિક કક્ષાનુસાર હળવો, હેતુલક્ષી અને પ્રવૃત્તિમય બનાયો.
- વિદ્યાર્થીઓ પોતાનાં રસ, અભિરૂચિ અને વલણ પ્રમાણે વિષયો પસંદ કરી શકે તેવી અભ્યાસક્રમમાં જોગવાઈ કરવી જોઈએ.
- આજની આત્મલક્ષી પરીક્ષા પદ્ધતિમાંથી જલદી મુક્ત થવું જોઈએ અને પરીક્ષણ મૂલ્યાંકનની પદ્ધતિ વૈજ્ઞાનિક બનાવવી.
- માત્ર વાર્ષિક પરીક્ષાને બદલે વિદ્યાર્થીને વર્ષભરનું કાર્ય સામયિક પરીક્ષાઓ તથા સ્વાધ્યાય કાર્યને પણ તેમાં સામેલ કરવાં.
- શિક્ષણની પ્રવૃત્તિઓ - પદ્ધતિઓ વિદ્યાર્થીઓને શીખવાની તીવ્ર અભિપ્રેરણા સર્જાવે એવી પ્રેરક હોવી જોઈએ.
- માતાપિતા પોતાનાં બાળકોના અભ્યાસ માટે બેદરકારી સેવતાં હોય તો તેવાં વાલીને શિક્ષકે ઘેર જઈને સમજાવાં જોઈએ અને તેમના બાળકમાં રહેલ વિશિષ્ટ શક્તિની કદર તેમના વાલી સામે થવી જોઈએ અથવા બાળકોની શક્તિ નિહાળવા કેટલાંક કાર્યક્રમો યોજી આમંત્રણ આપવું જોઈએ.
- શિક્ષકઅભ્યાસુ ન હોય, સંશોધનવૃત્તિ વગરનો હોય તો તેવો શિક્ષક બાળકોને શી પ્રેરણા આપી શકે ? નિત્ય કાર્યશીલ અને અભ્યાસુ શિક્ષક જ બાળકોને ઘણું આપી શકે અથવા ઘણું લેતાં કરી શકે.
- શાળામાં શિક્ષકોનું બાળકો પ્રત્યેનું વલણ જો સહાનુભૂતિ અને પ્રેમભર્યું હોય - શિક્ષકોમાં અંદરોઅંદર ખૂબ મનમેળ હોય, શાળાના તમામ કામો એકતાથી થતાં હોય તો બાળકો પરસ્પર હૂંફભર્યો વાતાવરણને છોડવા જલદી તૈયાર થતાં નથી.
- પુસ્તકોની અગવડ પણ બાળકોને આગળ ધપતાં રોકે છે. તેથી વધુ પડતા ગરીબ બાળકો માટે બુક-બેન્કની વ્યવસ્થા શાળામાં ઊભી કરવી.
- સ્થગિતતા દૂર કરવા નાપાસ થયેલ માટે રજાઓ પૂરી થયે પરીક્ષા લેવાય અથવા શ્રેણીવિહીન ઘટક્યોજના હેઠળ શિક્ષણનું માળખું ગોઠવાય તો અપવ્યય અને સ્થગિતતા બન્ને ઓછા થાય.

## 9.4 માધ્યમિક શિક્ષણની અનુદાન અને ભાષાનીતિ

### 9.4.1 માધ્યમિક શિક્ષણની અનુદાન નીતિ

ભારતમાં મોગલ સમયમાં અકબરના વખતથી ગ્રાન્ટ ઈન એઈડનાં બીજ વવાયાં હતાં. ઔરંગઝેબે પુસ્તક પ્રકાશનો અંગે મદરેસાઓને મદદ કરવાની શરૂઆત કરી હતી અને તે માટે કેટલાંક નિયમો ઘડી કાઢ્યા હતા. ઈ.સ.1813ના ચાર્ટર એક્ટની કંપની સરકારે એક લાખ રૂપિયા ભારતીય લોકોની

શિક્ષણ માટે ખર્ચવાનું નક્કી કર્યું અને કેળવણીવિષયક કેટલાંક નિયમો નક્કી થયા. પણ ગ્રાન્ટ ઈન એઈડનાં ખરાં મૂળ તો 1854ના વૂડના ખરીતામાં રહેલા છે. વૂડના ખરીતાને પરિણામે પ્રાંતોમાં કેળવણી ખાતા અને ડાયરેક્ટર ઓફ પબ્લિક ઈન્સ્ટ્રક્શન'ની નિમણૂંક કરવામાં આવી. આમ ગ્રાન્ટ ઈન એઈડની શરૂઆત થઈ. પરંતુ ઈ.સ.1859માં સન 1903ના નવા ગ્રાન્ટ ઈન એઈડ કોડે શાળાઓને ખર્ચના અમુક ટકા ગ્રાન્ટ આપવાનું સ્વીકાર્યું. આપણા દેશમાં અંગ્રેજોના સમય દરમિયાન

માધ્યમિક શાળાઓને તેમના ખર્ચમાં હિસ્સો આપવાની જવાબદારી સરકારે સ્વીકારી. સરકારના આ હિસ્સાને અનુદાન કહેવામાં આવે છે.

માધ્યમિક શિક્ષણને ઉત્તેજન અને પ્રોત્સાહન આપવા માટે સરકાર પૂરેપૂરો પ્રયત્ન કરે છે. આ પરિસ્થિતિમાં સરકાર શાળાઓ પાસે કેટલાંક નિયમોનું પાલન કરવાની અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે. માધ્યમિક શાળાઓનું સંચાલન નિયમો પ્રમાણે વ્યવસ્થિત અને સરળ રીતે ચાલે તે માટે સરકારે કેટલાંક નિયમોનું પાલન કરવાની અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે. માધ્યમિક શાળાઓનું સંચાલન નિયમો પમાણે વ્યવસ્થિત અને સરળ રીતે ચાલે તે માટે સરકારે કેટલાંક નિયમો નક્કી કર્યા અને આ નિયમો નિયમો દ્વારા સરકારે માધ્યમક શિક્ષણક્ષેત્રની જવાબદારી ઉઠાવતાં ખાનગી સાહસ પર નિયંત્રણ મૂક્યું. ગ્રાન્ટ મેળવવા અંગે જે નિયમો સરકારે કર્યો તેને ગ્રાન્ટઈન એઈડ કોડ કહેવામાં આવે છે. એને બીજા શબ્દોમાં સરકારની અનુદાનનીતિ એમ પણ કહી શકાય. સરકાર અનુદાન આપવાની નીતિમાં સમયે સમયે પરિસ્થિતિ અને જરૂરિયાત પ્રમાણે જરૂરી ફેરફાર કરતી રહે છે, તે મુજબ આજ સુધીમાં ઘણા ફેરફાર કરવામાં આવ્યા છે. સન 1948માં ઘાટે-પરુલેકર કમિટીએ ગ્રાન્ટ ઈન એઈડ કોડમાં સુધારો કર્યો, આથી પગારના ધોરણો સુધર્યા. ત્યાર પછી ડૉ.લક્ષ્મણ સ્વામી મુદ્દાલિયરના પ્રમુખપણા હેઠળ માધ્યમિક શિક્ષણ સમિતિ દ્વારા ગ્રાન્ટ ઈ એઈડ કોડ સુધારા પામી વ્યવહારું બન્યો. આ કમિટિને એક જ કક્ષાના સરકારી અને માધ્યમિક શિક્ષકોના પગારની તુલનાત્મક તપાસ કરવાની જવાબદારી સોપવામાં આવી હતી. એ અનુસાર માધ્યમિક શિક્ષકોની સામાન્ય નોકરીની શરતો અંગે પણ વિચાન કરવામાં આવ્યો. આ પહેલાં સરકારે 1949માં ગ્રાંન્ટ ઈન એઈડ કોડના પુનઃઘડતર માટે એક એડહૉક કમિટી નીમી હતી. આ કમિટી દ્વારા તૈયાર થયેલો કોડ માત્ર માધ્યમિક શાળાઓ પૂરતો મર્યાદિત હતો. ત્યાર બાદ એડહોક કમિટી અને માધ્યમિક શિક્ષણપંચની ભલામણોને આધારે જે સુધારેલો કોડ 29-11-56માં અસ્તિત્ત્વમાં આવ્યો તે પ્રાથમિક શાળાઓ સિવાયની (કે જે મુંબઈ પ્રાથિક શિક્ષણના નિયમો સાથે સંકળાયેલી) વિવિધ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓની માન્યતા અને ગ્રાન્ટ સાથે સંબંધ ધરાવતો હતો. 1-5-60 માં અલગ ગુજરાત રાજયની રચના થઈ શ્રી.લાલભાઈ દેસાઈના અધ્યક્ષપદે રચાયેલી ઈન્ટિગ્રેશન કમિટી અને શ્રીમતી હંસાબહેન મહેતાના અધ્યક્ષપદે નિમાયેલ ગ્રાન્ટ ઈનએઈડ કોડ સમિતિ સહિત બધી સમિતિઓએ ગ્રાન્ટના દરોમાં ફેરફારો સૂચવ્યા. પણ પદ્ધતિનો મૂળ સિદ્ધાંત તેનો તે જ રાખ્યો. ગુજરાતરાજ્યે શ્રીમતી. હંસાબહેન મહેતાની સમિતિના આધારે જી.એ.સી. 1064 સી. શિક્ષણ કાતાનું તા.29મી નવેમ્બર, 1956નું સરકારી જાહેરનામું નં.જી. એ. 1060 ઈ. રદ્દ કરીને ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓ માટે સુધારેલો ગ્રાન્ટ નિયમસંગ્રહ રાજ્ય સરકારે મંજૂર રાખી લોકોની જાણ સુરુ પ્રસિદ્ધ કરેલો, જે ગ્રાન્ટ નિયમસંગ્રહનો અમલ તા.1લી એપ્રિલ, 1964થી ગુજરાત રાજ્યની શાળાઓમાં થયો. 1965 થી 1967 સુધીમાં ત્રણવાર સરકારી કર્મચારીઓને અપાતા મોંઘવારી ભથ્થાના દરમાં ક્રમિક સુધારો થવાને કારણે બિનસરકારી માધ્યમિક શાળાઓના શિક્ષકો અને અન્ય કર્મચારીઓને પણ લાભ આપવામાં આવ્યો. આને લીધે શાળાઓના સંચાલકો પર આર્થિક ભારણ વધ્યું. તેથી શાળાઓનું આર્થિક ભારણ ઓછું કરવા માટે ગ્રાન્ટ આપવાની પદ્ધતિમાં કંઈક ફેરફાર કરવા માટે ગુજરાત સરકારે તા. 26મી મે, 1967ના સરકારી ઠરાવ ક્રમાંક જી.એ.સી. 1067 જી.થી શ્રી.ઈશ્વરભાઈ જે. પટેલના અધ્યક્ષપણા નીચે એક સમિતિ નિયુક્તિ કરી. એ સમિતિની ભલામણોને આધારે ગ્રાન્ટ આપવાની પદ્ધતિમાં ધરખમ ફેરફારો થયા છે, જે સન 1967-70ના વર્ષથી અમલમાં આવ્યા છે. આ સમિતિએ સૂચવેલી અનુદાનની નીતિ

માધ્યમિક શિક્ષણના ઈતિહાસમાં શાળાઓને અપાતી સરકારી આર્થિક મદદ બાબતમાં સીમાચિન્હ સમી બની. તેની મુખ્ય ભલામણો નીચે પ્રમાણે હતી :

(1) માધ્યમિક શાળાની તમામ ફી સરકારને આપવી.

(2) સરકાર શાળાના શિક્ષકોના પગારની કુલ રકમ અંગે 100 ટકા ગ્રાન્ટ આપે.

(3) સરકાર શાળાનાં વિકાસકાર્યો અને નિભાવ ખર્ચ પેટે શિક્ષકોના પગારની રકમના 20 ટકા ગ્રાન્ટ (સહાયક) આપે. તે રકમમાંથી શાળામંડળ રમત-ગમતનાં સાધનો, બગીચો, પુસ્તકાલય, પ્રયોગશાળા અને શૈક્ષણિક સાધનો અંગેનું ખર્ચ કરી શકે.

### 9.4.2 ઈશ્વરભાઈ સમિતિએ સૂચવેલ અનુદાની નીતિના ગુણ દોષ

**ગુણ :**

(1) શિક્ષકોના વારંવાર થતા મોંઘવારી, ભથ્થાંવધારા, પગારવધારાને કારણે સંચાલક મંડળો જે આર્થિક મૂંઝવણ અનુભવતા તે મૂંઝવણ દૂર થઈ.

(2) આ પહેલાં સરકાર શાળાઓને 40 ટકાથી 50 ટકા ગ્રાન્ટ આપતી. તેનાથી પગાર સહિતના તમામ ખર્ચને પહોંચી વળવા શાળામંડળ આર્થિક તંગી અનુભવતું. તે આ ભલામણોને કારણે દૂર થઈ.

(3) પગારના 100 ટકા ગ્રાન્ટ ઉપરાંત શાળાના વિકાસ કાર્યક્રમ માટે સરકાર તે રકમના 20 ટકા જેટલી રકમ સહાયક ગ્રાન્ટ તરીકે આપે છે, તેમાંથી શૈક્ષણિ સાધનો, પ્રયોગશાળાનાં સાધનો, પુસ્તકો, શાળા મકાનનું વિસ્તરણ વગેરે માટે વાપરી શકે છે, પોતાના વિકાસ કાર્યક્રમો હાથ ધરી શકે.

**દોષ :**

(1) 100 ટકા પગાર ગ્રાન્ટ પર 20 ટકા સહાયક ગ્રાન્ટ સહાયક ગ્રાન્ટ સરકાર આપે તેથી મોટી શાળાને સહાયક ગ્રાન્ટ વધુ મળે જ્યારે નાની શાળાઓને તે રકમ ઓછી મળે.

(2) શહેર વિસ્તારની અને મોટી શાળાઓ પોતે સાધન સંપન્ન હોય; તેથી તે સહાયક ગ્રાન્ટની તે રકમ કયા વિકાસ કાર્યક્રમ પાછળ વાપરવી તે તેમને પ્રશ્ન હોય છે.

(3) નાની અને ગ્રામવિસ્તારની વિકસતી શાળાઓને તો પોતાના વિકાસ કાર્યક્રમ માટે શરૂઆતમાં ખૂબ નાણાંની જરૂર પડે. પણ તેમને પોતાના વિકાસ કાર્યક્રમ માટે પગાર ગ્રાન્ટની 20 ટકા જ રકમ મળે. જે મોટી શાળાઓના પ્રમાણમાં ખૂબ જ ઓછી હોય છે અને આ રકમ આવી શાળાઓ માટે ઓછી પડે.

(4) આર્થિક તંગીને કારણે નાના શાળાઓ પોતાનો વિકાસ કરી શકતી નથી. સંચાલક મંડળો પણ આવી નાની શાળાઓના વિકાસમાં આર્થિક કારણોસર રસ લેતા નથી.

### 9.4.3 માધ્યમિક શિક્ષણમાં ભાષાનીતિ

**ભૂમિકા :**

ભારત જેવા બહુભાષી દેશમાં ભાષાશિક્ષણના પ્રશ્ને સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી બહુ ઉગ્ર અને ચર્ચાસ્પદ સ્વરૂપ ધોરણ કર્યું છે. બંધારણે 14 ભાષાઓને રાષ્ટ્રભાષાઓ તરીકે વર્ણવી જુદી જુદી ભાષાઓના ભાષકોના ગૌરવને સંતોષવાનો પ્રયત્ન કર્યા છે. આમ છતાં આંતરરાજ્ય વ્યવહારને માટે કડીરૂપ ભાષાનો પ્રશ્ન પણ વિચારવાનો રહે છે. બહુ મોટી વસ્તી હિન્દી બોલે છે તથા સમજી શકે છે. આ કારણથી હિન્દી આ કડીરૂપ ભાષાનું સ્થાન લેશે એ નિશ્ચિત છે. સાથે સાથે વિકસતા જતા જ્ઞાનના સંપર્કમાં રહેવાને માટે અંગેજી ભાષાનું જ્ઞાન પણ આવશ્યક ગણાતું હોવાંથી અંગ્રેજી ભાષાનું શિક્ષણ પણ અપાય એ હિતાવહ છે. માતૃભાષા શિક્ષણના તમામ તબક્કાએ સ્વાભાવિક માધ્યમનું સ્થાન લેનાર હોવાંથી માતૃભાષાના શિક્ષણની અનિવાર્યતાનો કોઈ પ્રશ્ન જ નથી. આમ માતૃભાષા, હિન્દી અને અંગ્રેજીના શિક્ષણને આપણા શિક્ષણ માળખામાં સમાવવાનો અને તે માટે શિક્ષણનાં વર્ષોનો ફાળો ફાળવવાનો માથું દુઃખવે તેવો પ્રશ્ન ઉપસ્થિત થયો છે.

1956માં ઘ સેન્ટ્રલ એડવાઈઝરી બોર્ડ ઓફ એજ્યુકેશને આ પ્રશ્નની લાંબી ચર્ચાવિચારણાને અંતે ત્રિભાષીફોર્મ્યુલા શોધી કાઢીને અપનાવવાની હિમાયત કરી. એના પહેલાં 1952માં નિમાયેલા મુદ્દાલિયાર માધ્યમિક શિક્ષણ પંચે ભાષાના પ્રશ્ન અંગે દેશની જરૂરિયાત અને બંધારણમાં એ અંગેકરવામાં આવેલી નોંધને આધારે વિચાર્યો હતો. 1961માં જુદાં જુદાં રાજ્યોના મુખ્ય પ્રધાનોની પરિષદે ત્રિભાષી ફોર્મ્યુલા પર વિચાર-વિમર્શ કર્યા પછી મંજૂરીની મહોર મારી. આમ શિક્ષણના માળખામાં ત્રિભાષી સિદ્ધાંત અનુસાર હિન્દીભાષી પ્રદેશો અને બિનહિન્દીભાષી પ્રદેશો એવા બે

ભાગો પાડી નાખવામાં આવ્યા. બિનહિન્દીભાષી પ્રદેશોમાં માતૃભાષા (અથવા પ્રાદેશિક ભાષા), હિન્દી અને અંગ્રેજી એ ક્રમે ભાષાશિક્ષણનો પ્રબંધ કરવાની ભલામણ હતી. હિન્દીભાષી પ્રદેશોમાં હિન્દી (માતૃભાષા), અંગ્રેજી અને હિન્દી સિવાયની બીજી કોઈ પણ એક ભારતીય ભાષાના શિક્ષણનો પ્રબંધ કરવાની ભલામણ હતી.

આ ભલામણ નિર્ભેળપણે શૈક્ષણિક નહોતી પણ તેની પાછળ રાજકીય અને સામાજિક બળોની ગણતરી વિશેષ પ્રમાણમાં હતી. વ્યવહારમાં મુકાતાં આ સૂત્ર ઘણું અગવડભર્યું માલૂમ પડ્યું અને બહુ સફળ થઈ શક્યું નહિ. એક દલીલ એવી કરવામાં આવી કે આ સૂત્રને કારણે શિક્ષણક્રમમાં ભાષાશિક્ષણનો બોજો વધી જાય છે. હિન્દીભાષી વિસ્તારોમાં ત્રીજી ભાષા તરીકે બીજી કોઈ પણ ભારતીય ભાષાના શિક્ષણની વ્યવસ્થા ઝાઝા ઉપયોગ વિનાની લાગી અને તેથી હિન્દીભાષી વિસ્તારોમાં ત્રીજી ભારતીય ભાષા તરીકે સંસ્કૃત શિક્ષણ પર્યાપ્ત ગણવામાં આવ્યું. આ પ્રદેશોએ બહુ ખૂબીપૂર્વક કોઈ પણ ભારતીય ભાષાના સંદર્ભમાંથી આધુનિક ભારતીય ભાષાનો ઉદ્દેશ ઉડાવી દીધો. બિન હિન્દી ભાષી પ્રદેશોમાં તો સંસ્કૃત પણ ફરજિયાત રીતે શીખવાતી ભાષા હતી જ. આ સૂત્રનો અમલ નિષ્ઠાપૂર્વક ન થતો હોવાંથી એની પાછળ થતો નાણાંનો ખર્ચ નકામો નીવડ્યો અને ગુજરાત જેવા રાજ્યોમાં તો ભાષાશિક્ષણ નિમ્નતમ કક્ષાએ ઉતરી પડ્યું.

### 9.4.4 કોઠારી પંચ અને ત્રિ-ભાષી સૂત્ર

કેન્દ્ર સરકારે 1964ના જુલાઈ માસમાં ઉચ્ચકક્ષાના શિક્ષણપંચની નિમણૂંક કરી અને તેને ભાષાશિક્ષણનો પ્રશ્ન વિચારાણાર્થે સોપવામાં આવ્યો. આ પંચે ભાષાશિક્ષણના પ્રશ્નની લાંબી છણાવટ કરી કેટલીક ઉપયોગી ભલામણો કરી પંચે માતૃભાષા, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણેયની શિક્ષણના આવશ્યકતા સ્વીકારી પણ તેના શિક્ષણની વ્યવસ્થામાં આ મૂલ ફેરફાર સૂચવ્યો. હિન્દી આ દેશના આંતરરાજ્ય વ્યવહારની ભાષા થવાની છે અને તેથી તેનો ક્રમ માતૃભાષાથી બીજો જ હોઈ શકે. અંગ્રેજી ભાષા ઉચ્ચતર જ્ઞાનના સંપર્કમાં રહેવાને માટે જરૂરી હોઈ યુનિવર્સિટી શિક્ષણ પામનાર પ્રત્યેક વિદ્યાર્થીને તેનું જ્ઞાન આવશ્યક ગણાય.

ભાષાશિક્ષણની ગુણવત્તાનો આધાર કેવળ એ કેટલાં વર્ષો દરમિયાન શીખવાય છે તેના ઉપર નથી પરંતુ એ શીખવવાની પદ્ધતિ, જે શિક્ષકો એ શીખવે છે તેમની કાર્યક્ષમતા અને આવડત તેમ જ ભાષાશિક્ષણ માટેનાં આવશ્યક સાધનોની સુપ્રાપ્તિ ઉપર પણ અવલંબે છે. કોઈ એક ભાષા પ્રતિકૂળ સંજોગો અને અપૂરતા સાધનો દ્વારા ઘણાં વર્ષો દરમિયાન શીખવાતી હોય તો પણ ઝાઝાં ફળો લાવી શકે નહિ, જ્યારે સાનુકૂળ સંજોગો વચ્ચે એક ભાષા ટૂંકા સમય દરમિયાન સારા ફળો નીપજાવી શકે બીજી કે ત્રીજી ભાષાને શિક્ષણક્રમમાં વહેલી શરૂ કરવાની દલીલો થાય છે છતાં એ માટે પૂરતી યોગ્યતાવાળા શિક્ષકો મેળવવાનું કામ નાનુંસૂનું નથી.

**રાષ્ટ્રીય શિક્ષણપંચે સૂચવ્યું છે કે :**

ત્રણ ભાષાઓને ફરજિયાત રીતે શીખવવાનો યોગ્ય તબક્કો 'લોઅર સેકન્ડરી' (ધોરણ 8 થી 10)નો છે. આ તબક્કાએ ઓછા વિદ્યાર્થીઓ હોય અને ભાષાશિક્ષણની સગવડો પૂરતી હોવાંનો સંભવ હોવાંથી આ તબક્કો ઉચિત છે. માતૃભાષા સિવાયની બીજી બે ભાષાઓના શિક્ષણનો પ્રબંધ એવી રીતે કરવો જોઈએ કે એક ભાર્ષાહાયર પ્રાયમરી' કક્ષાએશીખવાય અને બીજી 'લોઅર સેકન્ડરી' કક્ષાએ શીખવાય. આમ થવાથી એક ભાષા ઉપર વિદ્યાર્થીનું ઠીક ઠીક પ્રભુત્વ આવ્યા પછી બીજી નવી ભાષામાં તેને પ્રવેશ કરાવી શકાય.

હિન્દી અને અંગ્રેજી શિક્ષણ કયા વર્ષથી કે કયા તબક્કાથી દાખલ કરવું તે અંગે કમિશન જણાવે છે કે આ પ્રશ્ન દરેક પ્રદેશના સંજોગો અને ભાષાની ઉપયોગિતા ઉપર અવલંબે છે. પરંતુ પંચ ભારપૂર્વક સૂચવે છે કે શિક્ષણના કોઈ પણ તબક્કાએ ચાર ભાષાઓનું શિક્ષણ ફરજિયાત હોવું ન જોઈએ. આમ છતાં ચાર કે વધારે ભાષા વૈકલ્પિક રીતે શીખવવાનો પ્રબંધ હોવો જોઈએ.

આ ઉપરાંત શિક્ષણપંચ ત્રિ-ભાષા સૂત્રમાં મૂલગામી ફેરફારો સૂચવી ત્રણ ભાષાના શિક્ષણની

એક નવી ઘણી વ્યવહારુ વ્યવસ્થાની ભલામણ કરે છે. તે મુજબ- (1) માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષા, (2) હિન્દી અથવા અંગ્રેજી, અને (3) કોઈ એક આધુનિક ભારતીય ભાષા અથવા પરદેશી ભાષા જે પહેલા અને બીજા વિભાગ કરતા જુદી હોય, તેમ જ બોધભાષા કરતાં જુદી હોય. (થોડુંક સ્પષ્ટીકરણ ગુજરાતના સંદર્ભમાં કરીએ તો) જો વિદ્યાર્થી માતૃભાષા કે પ્રાદેશિક ભાષા તરીકે ગુજરાતી શીખતો હોય તો બીજા વિભાગમાં એ હિન્દી અથવા અંગ્રેજી શીખી શકે અને જો બીજા વિભાગમાં હિન્દી કે અંગ્રેજી શીખ્યો હોય તો ત્રીજા વિભાગમાં અંગ્રેજી કે હિન્દી એ શીખે.

આ સૂત્રને અમલી બનાવવાની વ્યવસ્થા સૂચવતાં પંચ જણાવે છે કે લોઅર પ્રાયમરી કક્ષાએ એક માત્ર ભાષા શીખવાય અને તે વિદ્યાર્થીની માતૃભાષા હોય અથવા વિકલ્પે તેની પ્રાદેશિક ભાષા હોય. મોટા ભાગે તો ભાષાકીય લઘુમતીવાળા વિદ્યાર્થીઓ પ્રાદેશિક ભાષા શીખવાનું તેમના જ લાભમાં હોવાંથી પસંદ કરશે પણ તે શીખવા માટે તેને ફરજ ન પાડી શકાય અને તેની તેમની પોતાની માતૃભાષાનું શિક્ષણ મેળવવું હોય તો તેનો પ્રબંધ કરવાનો રહેશે. આવા વિદ્યાર્થીઓને પ્રાદેશિક ભાષાનું શિક્ષણ ત્રીજા ધોરણથી વૈકલ્પિક રીતે આપવાની પંચે ભલામણ કરી છે. પ્રાદેશિક ભાષા કે અંગ્રેજીનું શિક્ષણ આ ધારણથી ફરજિયાત કરવા તરફ પંચે નાપસંદગી દર્શાવી છે. હાયર પ્રાયમરી કક્ષાએ - (1) માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષા, (2) હિન્દી અથવા અંગ્રેજી હેસિયતમાં શીખવવાની ભલામણ પંચ કરે છે. પંચને લાગે છે કે હિન્દી અને બિનહિન્દીભાષી વિસ્તારના મોટા ભાગના વિદ્યાર્થીઓ સંભવતઃ અંગ્રેજીને બીજી ભાષા તરીકે પસંદ કરશે. લોઅર સેકેન્ડરી કક્ષાએ (ધોરણ 8 થી 10) ત્રણે ભાષાનું શિક્ષણ ફરજિયાત હોવું જોઈએ. જે વિદ્યાર્થીઓએ હાયર પ્રાયમરી કક્ષાએ હિન્દી સ્વીકારી હોય તેમને માટે હિન્દી (જે આ દેશની કડીરૂપ ભાષા છે) શીખવાનું અનિવાર્ય બનાવવું જોઈએ. મોટે ભાગે તો હિન્દીભાષીપ્રદેશોમાં વિદ્યાર્થીઓ હિન્દી, અંગ્રેજી અને તે સિવાયની બીજી આધુનિક ભાષા શીખશે અને તે સિવાયના પ્રદેશોમાં વિદ્યાર્થીઓ આધુનિક ભારતીય ભાષા હીન્દી અને અંગ્રેજી શીખશે. હિન્દીભાષી પ્રદેશોના વિદ્યાર્થીઓએ ત્રીજી ભાષા તરીકે કોઈ ભારતીય ભાષા પસંદ કરતી વખતે તેમની ઉપયોગિતા, પાડોશી વિસ્તારોની ભાષા વગેરેની ગણતા કરી પસંદગી કરવી જોઈએ. જેથી તે ભાષાનું શિક્ષણ તેમને માટે ઉપયોગી બની શકે.

ભાષાશિક્ષણની આ વ્યવસ્થા અનેક રીતે વ્યવહારુ અનેક રીતે વ્યવહારુ અને ઉપયોગી છે. હિન્દી અને અંગ્રેજી શિક્ષણમાંના મહત્ત્વ વિષે મતમતાંતરો રહ્યાં નથી, છતાં અંગ્રેજીનું શિક્ષણ ક્યારથી શરૂ કરવું એ વિષેનો મતભેદ રહ્યો છે. અને તે ઉગ્રતર પણ બન્યો છે. પરંતુ જો શિક્ષણપંચે કરેલી ભલામણો અપનાવવામાં આવે તો આ ઝગડો બહુ સહેલાઈથી ટાળી શકાય. જે વિદ્યાર્થીઓ પાંચમા ધોરણથી (હાયર પ્રાયમરી) અંગ્રેજી શીખવાની શરૂઆત કરે તે આઠમાં ધોરણથી (લૉઅર સેકેન્ડરી) હિન્દી શીખવાની શરૂઆત કરે. અને જે પાંચમાં ધોરણથી હિન્દી શીખે તે આઠમાથી અંગ્રેજી શીખે, માત્ર અંગ્રેજી અને હિન્દીના ઉચ્ચ અને નિમ્ન કક્ષાના અભ્યાસક્રમો રાખવાની વ્યવસ્થા કરવી પડે. ગુજરાતી ભાષાભાષીઓ માટે તો હિન્દી ચારેક વર્ષમાં સારી રીતે શીખવાનું કામ મુશ્કેલી નથી. આમ છતાં કોઠારીપંચે ભાષા અંગેની આ ભલામણોને એકસરખો આવકાર મળ્યો નથી. દેશના વિવિધ ભાગોમાં કેટલાંક કારણોસર મિશ્ર પ્રત્યાઘાતો પડ્યાં છે :

(1) બિનહિન્દી-ભાષી પ્રદેશોમાં હિન્દીનો ફેલાવો કરવાની સ્પષ્ટ વાત પંચે કરી હોવાં છતાં એ પ્રદેશોની શાળામાં અભ્યાસક્રમમાં હિન્દીને યોગ્ય સ્થાન આપ્યું નથી તેવી ટીકા હિન્દીના તરફદારોએ કરી છે.

(2) એ જ રીતે રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓમાં અંગ્રેજી ભાષાને માધ્યમ તરીકે ચાલું રાખવાનું સૂચવ્યું હોવાં છતાં શાળાએ અભ્યાસક્રમમાં અંગ્રેજી ભાષાના અભ્યાસને યોગ્ય સ્થાન નથી આપ્યું તેવી ટીકા અંગ્રેજીના હિમાયતીઓ કરે છે.

(3) સંસ્કૃત ભાષા પ્રત્યે પણ પંચે ઉદાસીનતા દર્શાવી છે તેવી ટીકા સંસ્કૃતના ચાહકોએ કરી છે.

(4) શિક્ષકો માટે પણ ઉચ્ચ સ્તરે અને નિમ્ન સ્તરે એક જ ભાષા ભણાવતી વખતે બેઉ કક્ષાનું પ્રમાણ જાળવવું મુશ્કેલ બનશે.

(5) પંચે સૂચવેલા ત્રિભાષીસુત્ર પ્રમાણે જુદાં જુદાં રાજ્યોમાં વિદ્યાર્થીઓની ભાષા અભ્યાસની પસંદગીનો ક્રમ જ્યારે બદલાય ત્યારે દરેક ભાષાનાં ઉચ્ચ સ્તરના અભ્યાસક્રમો તૈયાર કરવાનું કામ મુશ્કેલ બનવાનો સંભવ છે.

(6) અંગ્રેજીનું મહત્ત્વ દેશ અને દુનિયામાં વધુ છે. વ્યાપારક્ષેત્રે પણ તેનું મહત્ત્વ વધુ છે. પરિણામે નોકરી કરનાર વગેરે, ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાને વિશ્વનું અદ્યતન જ્ઞાન પ્રાપ્ત કરવાને પણ તેની ઘણી અગત્ય હોવાંથી પંચની આ નીતિમાં પણ નિરાશા જન્મે છે.

(7) પ્રાદેશિક ભાષા પર વધુ પડતો ઝોર મૂકવાને કારણે જ્ઞાનની ક્ષિતિજો તેમ જ વ્યવસાયનું કાર્યક્ષેત્ર મર્યાદિત બનવાનો સંભવ છે.

(8) ત્રિભાષી સૂત્ર દ્વારા રાષ્ટ્રીય એકતા સ્થાપવાનો હેતુ સિદ્ધ થવાને બદલે ઉત્તર અને દક્ષિણનાં રાજ્યોમાં વૈમનસ્ય ઊભું થયું છે.

(9) નિમ્ન માધ્યમિક કક્ષાએ ત્રણ ભાષાઓ ફરજિયાત શીખવાનું ભારણ પણ કેટલાંકને મતે વધારે જણાય છે.

### 9.4.5 ભાષાકીય નીતિના પ્રશ્નોના ઉકેલો

પંચની ભાષાકીય નીતિમાંથી ઉદ્‌ભવતા ઉપરોક્ત પ્રશ્નોના નિરાકરણ માટે નીચેના જેવાં સૂચનો પર વિચાર થવો જોઈએ :

- બિનહિન્દી-ભાષી પ્રદેશોમાં રાષ્ટ્રભાષા તરીકે બંધારણે સ્વીકારેલી હિન્દી ભાષા અંગે લોકમત કેળવવો જોઈએ.
- 1968ના રાષ્ટ્રીય શિક્ષણનીતિના ઠરાવ પ્રમાણે રાજ્ય સરકારોએ ત્રિભાષી સૂચના અમલ માટે જોરદાર પ્રયાસો કરવા જોઈએ. માધ્યમિક શિક્ષણકક્ષાએ ત્રીજી ભાષા તરીકે હિન્દીભાષી પ્રદેશોમાં આધુનિક ભારતીય ભાષા તરીકે બિનહિન્દી-ભાષી પ્રદેશની કોઈક ભાષાનો આગ્રહ રાખવો જોઈએ.
- અંગ્રેજી ભાષાને ક્યાં સુધી વહીવટની જોડિયા ભાષા તરીકે ચાલુ રાખવી છે તેની સ્પષ્ટતા કેન્દ્ર સરકારે કરવી જરૂરી છે.
- અંગ્રેજી ભાષાનું શિક્ષણ ફરજિયાત ન બનાવતાં વૈકલ્પિક રાખવું જોઈએ અને તેનું શિક્ષણકાર્ય સઘન રીતે કરવામાં આવે તેનો પ્રયાસ થવો જોઈએ. તેને પુસ્તકાલયની ભાષા તરીકે વિકસાવવી જોઈએ. વિવિધ વિષયોમાં ઉપયોગી એવા અંગ્રેજી ભાષામાં લખાયેલા ગ્રંથોના પ્રાદેશિક ભાષાઓમાં અનુવાદો થાય તેવી યોજના વિચારવી જોઈએ.
- સંસ્કૃત ભાષાને માતૃભાષાના અભ્યાસક્રમ સાથે જોડીને તેને પણ ત્રિભાષી સૂત્રમાં સમાવી લેવી જોઈએ.

## 9.5 કોઠારી પંચની ભલામણ અનુસાર ત્રિભાષા સૂત્ર :

**ત્રિભાષા સૂત્ર :** ભારત જેવા બહુભાષી દેશમાં ભાષાવાર રાજ્ય રચનાને કારણે દેશમાં હિંસક તોફાનો થયાં હતાં. આ વિવાદના પ્રત્યાઘાતો શિક્ષણક્ષેત્રે પણ પડ્યા હતા. ભાષાનો પ્રશ્ન રાજકરણનો પ્રશ્ન પણ બની ગયો હતો. આઝાદી પછી હિંદી આપણી રાષ્ટ્રભાષા બને અને દેશનો વ્યવહાર હિંદીમાં ચાલે તેવું આપણે સૈદ્ધાંતિક રીતે સ્વીકાર્યું હતું. પરંતુ ઉત્તરનાં રાજ્યોનું હિંદી ઝડપથી સ્વીકારવાના ઝનૂને દક્ષિણમાં હિંદી સામેનો વિવાદ ઉગ્ર બનાવ્યો. આ વિરોધ વચ્ચે સમાધાનકારી વલણ અપનાવવાની જરૂર હતી. 1956માં 'ધી સેન્ટ્રલ એડવાઈઝરી બોર્ડ ઓફ એજ્યુકેશને (CI.A.B.E.) ત્રિભાષી સૂત્ર ઘડી કાઢ્યું હતું. આ સૂત્ર અનુસાર દેશને હિંદી ભાષી અને બિનહિંદીભાષી વિસ્તારોમાં વહેંચવામાં આવ્યો. હિંદી ભાષી (1) હિન્દી, (2) અંગ્રેજી, (3) હિંદી સિવાયની અન્ય એક ભારતીય ભાષા જ્યારે બિનહિંદી ભાષી વિસ્તારોમાં (1)માતૃભાષા કે પ્રાદેશિક ભાષા, (2) હિંદી, (3) અંગ્રેજી શીખવવાની ભલામણ કરવામાં આવી. 1961માં ત્રિભાષી સૂત્ર અમલમાં મૂકાયું

પરંતુ વ્યવહારમાં તે અગવડભર્યું જણાતાં 1964માં નિયુક્ત થયેલાં કોઠારી શિક્ષણ પંચને ભાષાકીય નીતિની સમીક્ષા કરી નવું માળખું સૂચવવાનું જણાવવામાં આવ્યું હતું કોઠારી કમિશને ત્રિભાષી સૂત્રમાં મૂલગામી ફેરફારો કરીને ત્રણ ભાષા સૂત્ર-ત્રિભાષા સૂત્રની વ્યવસ્થા સૂચવી જે નીચે પ્રમાણે છે :

**(1) માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષા :**

- હિંદી અથવા અંગ્રેજી
- કોઈ એક ભારતીય ભાષા અથવા વિદેશી ભાષા જે (1) અને (2) કરતાં અલગ હોય તેમજ બોધભાષા કરતાં જુદી હોય.

કોઠારી શિક્ષણ પંચના જણાવ્યા પ્રમાણે ધો.8 થી 10 નિમ્નસ્તર માધ્યમિક શિક્ષણમાં ત્રણે ભાષાઓનું શિક્ષણ ફરજિયાત હોવું જોઈએ. પરંતુ ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ ત્રણે ભાષાઓ શીખવી ફરજિયાત નથી. આ કક્ષાએ વિદ્યાર્થી કોઈ એક ભારતીય ભાષા, કોઈ વિદેશી ભાષા અને વૈકલ્પિક રીતે પ્રાચીન એક ભાષા શીખે એવી અપેક્ષા રાખવામાં આવી છે.

**(2) ગુજરાતની ભાષાનીતિની સમીક્ષા :**

આ પહેલાં ગુજરાતમાં અંગ્રેજી ભાષાનું શિક્ષણ ધોરણ 8 થી શરૂ થતું હતું, પરંતુ માહિતી સંક્રાંતિ અને વૈશ્વિકીકરણના યુગમાં અંગ્રેજી ભાષાનું શિક્ષણ અનિવાર્ય બન્યું છે. અંગ્રેજી ભાષાના શિક્ષણ સિવાય કોઈપણ સંજોગોમાં વિશ્વની થઈ રહેલી પ્રગતિ અને રાષ્ટ્રનાં અન્ય રાજ્યોની થઈ રહેલી પ્રગતિ સાથે આપણે તાલ મિલાવી શકીએ તેમ નથી તેવું ગુજરાતની રાજ્ય સરકારોને મોડે મોડે પણ સમજાવા લાગ્યું છે. તેથી પહેલાં છઠ્ઠા ધોરણથી અંગ્રેજી ભાષાનું શિક્ષણ વૈકલ્પિક રીતે આપવાની છૂટ આપવામાં આવી હતી. તેને બદલે ધોરણ-5 થી અંગ્રેજી ભાષાનું શિક્ષણ હવે ફરજિયાત બનાવવામાં આવ્યું છે. જો કે પ્રાથમિક કક્ષાએ કાર્ય કરતા અંગ્રેજી શિક્ષણ લીધા સિવાયના બિનઅનુભવી અને બિનતાલીમી શિક્ષકો અંગ્રેજીના શિક્ષણને કેટલો ન્યાય આપી શકશે તે પ્રશ્ન વિચારણા માગી લે તેવો છે.

(1) ધોરણ 5 માં હિંદી ભાષાનું શિક્ષણ પણ ફરજિયાત બનાવવામાં આવ્યું છે.

(2) ધોરણ 6 માં સંસ્કૃત અથવા પ્રશિષ્ટ ભાષાનું શિક્ષણ આપવાની જોગવાઈ કરવામાં આવી છે,

આથી, પ્રાથમિક સ્તરે ધોરણ 5 થી 7 સુધીમાં વિદ્યાર્થીઓને માતૃભાષા (ગુજરાતી), હિંદી, અંગ્રેજી અને ધો.6 અને 7 થી સંસ્કૃત ભાષાનું શિક્ષણ પ્રાપ્ત થશે. આથી પ્રાથમિક કક્ષા પૂર્ણ થતા સુધીમાં વિદ્યાર્થીઓ આ ચાર ભાષાઓથી પરિચિત થઈ શકશે.

જો કે આ સ્તુત્ય પગલું છે. નાની ઉંમરમાં વિદ્યાર્થીઓની ગ્રહણશક્તિ તીવ્ર હોય છે અને તેથી તેઓ ભાષાઓ તો શીખી શકશે. પરંતુ, તેમના પર વિષયોનો બોજો પણ વધી જાય નહિ તેનો ખ્યાલ રાખવો પડશે અને આ બધી ભાષાઓના શિક્ષણ માટે તાલીમી, નિષ્ણાત અને અનુભવી શિક્ષકોનું આયોજન કરવાનું રહેશે.

## 9.6 ગુજરાત સરકારની ભાષા શિક્ષણ નીતિ :

પ્રવર્તમાન પરિસ્થિતિમાં નિમ્ન માધ્યમિક કક્ષાએ અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ ગુજરાત સરકારની ભાષાશિક્ષણ નીતિ નીચે પ્રમાણે છે.

- **નિમ્ન માધ્યમિક કક્ષા (ધો.8 થી 10) :**

- માતૃભાષા કે પ્રાદેશિક ભાષા
- ઉચ્ચસ્તરીય અથવા નિમ્નસ્તરીય હિન્દી કે અંગ્રેજી
- કોઈપણ એક ભારતીય ભાષા જે પહેલા અને બીજા વિભાગ કરતાં જુદી હોય
- વૈકલ્પિક ધોરણે ઉપરની ત્રણ ભાષાઓ ઉપરાંત પ્રશિષ્ટ ભાષા તરીકે સંસ્કૃત / પર્શિયન ભાષા શીખવવામાં આવે છે.

◆ **ઉચ્ચતર માધ્યમિક કક્ષા (ધોરણ 11 અને 12) :**

આ તબક્કે નીચે પ્રમાણે ભાષા શિક્ષણની ગોઠવણ કરવામાં આવી છે. આ તબક્કે ભાષાનો અભ્યાસ કરવાનો રહે છે.

- **સામાન્ય પ્રવાહ (General Stream)**

● પ્રથમ ભાષા તરીકે નીચેની ભાષાઓ પૈકી કોઈપણ એક ભાષાનો અભ્યાસ કરવાનો રહે છે. અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સિંધી, મરાઠી, ઉર્દુ

● બીજી ભાષા તરીકે નીચેનામાંથી કોઈપણ એક પ્રશિષ્ટ ભાષા જર્મન, ફ્રેન્ચ, સંસ્કૃત એરેબિક, પર્શિયન, પ્રાકૃત.

- વિજ્ઞાન પ્રવાહ (Science Stream) : આ પ્રવાહમાં બે ભાષાઓનો અભ્યાસ કરવાનો રહેશે.

● અંગ્રેજી, ગુજરાતી, હિંદી, સિંધી, મરાઠી અને ઉર્દૂ પૈકી કોઈ એક ઉચ્ચસ્તરીય ભાષા

● ગુજરાતી, હિંદી, અંગ્રેજી, મરાઠી, સિંધી કે ઉર્દૂ પૈકી કોઈ એક નિમ્નસ્તરીય ભાષા.

◆ **આનાથી હાલમાં નીચેની અસરો જન્મી છે. :**

- હાલમાં ધોરણ 8માં બે પ્રકારના વિદ્યાર્થીઓ આવે છે. જેઓએ પ્રાથમિક કક્ષાએ અંગ્રેજીનો અભ્યાસ કર્યો નથી અને જેમણે આ કક્ષાએ અંગ્રેજીનો અભ્યાસ કર્યો છે. આ બંને પ્રકારના વિદ્યાર્થીઓ માટે હાલમાં અંગ્રેજીનો અભ્યાસક્રમ એક સમાન છે, તેથી શિક્ષણમાં મુશ્કેલી પડે છે.

- નિમ્ન માધ્યમિક કક્ષાએ ધોરણ 8 થી 10માં ચાર ભાષાઓનું શિક્ષણ ફરજિયાત છે, જ્યારે ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ માત્ર બે જ ભાષાઓનું શિક્ષણ ફરજિયાત છે, આથી નાનાં બાળકો પર વધુ બોજ પડે છે.

- કોઠારી પંચની ભલામણ પ્રમાણે કોઈ કક્ષાએ ચાર ભાષાઓનો બોજ સૂચવવામાં આવ્યો નથી. ગુજરાતના વિદ્યાર્થીને ચાર ભાષાઓનો બોજ વહન કરવો પડે છે.

- ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ બે ભાષાઓ ફરજિયાતપણે શીખવાની છે. તેમાં સંસ્કૃતને વૈકલ્પિક સ્થાન મળ્યું છે જે યોગ્ય નથી. જે વિદ્યાર્થીએ ધોરણ 10 માં સંસ્કૃત રાખ્યું નથી તેમને માટે +2 પણ (સામાન્ય પ્રવાહમાં) સંસ્કૃત ભાષા શીખવી પડે તેવી બાબત વિચિત્ર જણાય છે.

- ધોરણ - 10 માં અંગ્રેજીને વૈકલ્પિક સ્થાન મળ્યું છે. અહીં અંગ્રેજી ફરજિયાત ન શીખનારને વિજ્ઞાન પ્રવાહ પસંદ કરે તો ફરજિયાત અંગ્રેજી શીખવું પડે છે.

- ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ માતૃભાષા કે પ્રાદેશિક ભાષા માટેનો ગુણભાર યોગ્ય રીતે ફાળવવામાં આવ્યો નથી.

જો કે હાલમાં ગુજરાત સરકારે પોતાની ભાષાનીતિમાં પરિવર્તન આણ્યું છે. તેથી ભવિષ્યમાં ધોરણ 8 થી 10 અને 11-12 ધોરણોમાં ભાષા નીતિની પુનઃ સમીક્ષા કરવી પડે તેવી પરિસ્થિતિ ઊભી થવા પામી છે. હાલમાં રાજ્ય સરકારે કરેલી વિચારણા મુજબ ધોરણ 8 થી 10માં ગણિત અને વિજ્ઞાન જેવા વિષયો અંગ્રેજી માધ્યમ દ્વારા શીખવવા તેવી ચર્ચા ચાલી રહી છે.

આ ઉપરથી એમ કહી શકાય કે અંગ્રેજી ભાષાના શિક્ષણનું મહત્ત્વ ગુજરાતમાં હવે વધવા લાગ્યું છે.

## 9.7 કોઠારી પંચે સૂચવેલી ભાષાકીય નીતિમાંથી ઊભી થયેલી સમસ્યાઓ

રાષ્ટ્રીય પંચ - કોઠારી પંચે સૂચવેલ ભાષાકીય નીતિમાંથી ઉદ્‌ભવતા પ્રશ્નો નીચે આપ્યા છે :

(1) અંગ્રેજી ભાષા પ્રત્યે ઓછું લક્ષ અપાય તેવી પરિસ્થિતિ ઉપસ્થિત થઈ છે. પરંતુ આજના સમયમાં નોકરી-ધંધામાં અંગ્રેજીનું મહત્ત્વ ઘટ્યું નથી. ફલતઃ નોકરી કરનાર વર્ગ આ અંગે વિરોધ નોંધાવે તે સ્વાભાવિક છે.

(2) પ્રાદેશિક ભાષાને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું હોવાંથી પ્રાદેશિકવાદ અને સંકુચિતવાદના આગમનનો મોટો ભય ઉપસ્થિત થાય છે.

(3) ભાષાની પસંદગી ત્રણ જૂથમાંથી કરવાની હોવાંથી ભિન્ન ભિન્ન રાજ્યોમાં ભાષાની પસંદગીનો ક્રમ બદલાય તે સ્વાભાવિક છે. આમ થતાં દરેક ભાષાને બે સ્તરે - ઉચ્ચતર અને નિમ્નતર - શીખવવી જરૂરી બને છે, અને એક ભાષાના બે અભ્યાસક્રમો રચવા પડે છે. આપણે એક સારો અભ્યાસક્રમ વિકસાવવામાં ઘણી મુશ્કેલીઓ અનુભવીએ છીએ ત્યારે બે અભ્યાસક્રમ વિકસાવવામાં શું પરિસ્થિતિ થાય ?

(4) ત્રીજી ભાષાની પસંદગીમાં કોઈ એક આધુનિક ભારતીય ભાષાની પસંદગી કરવામાં ઉત્તર ભારતના પ્રદેશોએ વફાદારી બતાવી નથી. તે વિસ્તારોમાં માતૃભાષ હિન્દી, બીજી અંગ્રેજી અને ત્રીજી ભાષા તરીકે ફારસી અને સંસ્કૃતને સ્થાન મળ્યું છે, પરંતુ કોઈ દક્ષિણની ભાષાને સ્થાન મળ્યું નથી. પંચે રાખેલી અપેક્ષા અહીં ફળીભૂત થઈ નથી.

(5) ત્રિ-ભાષીસૂત્રની સુધારણાથી રાષ્ટ્રીય સ્તરે એકતા સ્થપાશે એવી અપેક્ષા હતી, પરંતુ આવું થયું નથી અને ઉતતર અને દક્ષિણનાં રાજ્યો વચ્ચે વૈમનસ્ય ઊભું થયું છે.

(6) આ ભાષાકીય નીતિને પરિણામે વ્યાવસાયિક ક્ષેત્ર પ્રાદેશિક અને મર્યાદિત પણ બની જાય છે.

(7) દક્ષિણનાં રાજ્યો હિંદીનો વિરોધ કરે છે, અને ઉત્તરનાં રાજ્યો અંગ્રેજીનો વિરોધ કરે છે.

(8) ભાષાનીતિમાં પ્રાદેશિકતા આવતાં આપણું જ્ઞાન પણ મર્યાદિત બની જવાની સંભાવના છે.

(9) ભાષા શિક્ષકોને પણ ઉચ્ચસ્તરીય અને નિમ્નસ્તરીય એમ બે પ્રકારના અભ્યાસક્રમો શીખવવાનું હોવાંથી તેમાં સમતુલા જાળવણી કઠિન બની જશે.

(10) કોઠારી પંચે પ્રાપ્ય ભાષાનું મહત્ત્વ સ્વીકાર્યું છે છતાં તેનું સ્થાન ત્રિ-ભાષા સૂત્રમાં નથી, પરંતુ તેને વૈકલ્પિક ધોરણે આપવાની વાત કરી છે.

(11) નિમ્ન માધ્યમિક કક્ષાએ ત્રણ ભાષાઓનું ફરજિયાત શિક્ષણ કેટલાંકના મતે વધારે જણાય છે.

## 9.8 ભાષા નીતિની સમસ્યાના ઉકેલ માટે વ્યવસ્થા

- **પ્રશ્નોના ઉકેલ :**

ભાષાકીય નીતિને કારણે ઉપર જેવા કેટલાંક પ્રશ્નો ઉપસ્થિત થયા છે. આ પ્રશ્નોના ઉકેલ માટે નીચે કેટલાંક મુદ્દા રજૂ કર્યા છે.

(1) અંગ્રેજી ભાષાને પુસ્તકાલયની ભાષા તરીકે વિકસાવવી જોઈએ.

(2) અંગ્રેજી ભાષામાં લખાયેલાં વિવિધ જ્ઞાનક્ષેત્રનાં પુસ્તકોનો પ્રાદેશિક ભાષાઓમાં અનુવાદ કરાવવાની યોજના રાજ્ય કક્ષાએ હાથ ધરવી જોઈએ.

(3) રાજ્યોને માર્ગદર્શન મળી રહે તે માટે તેમને સૂચવ્યું છે કે, તેઓ વૈકલ્પિક રીતે ધોરણ V (5) માંથી અંગ્રેજી શિક્ષણ આપવા અંગે તેઓ વિચારી શકે.

(4) રાષ્ટ્રભાષાને સ્થાન મળે તે માટે લોકજાગૃતિના કાર્યક્રમો યોજી લોકમત કેળવવો જોઈએ, જેથી ઉત્તર અને દક્ષિણ ભારતમાં ભાષાકીય પ્રશ્નોનો ઉકેલ લાવી શકાય.

(5) નિમ્ન માધ્યમિક કક્ષાએ માત્ર બે જે ભાષા ફરજિયાત હોવી જરૂરી છે. આ સુવિધા ધોરણ VIII થી હોવી જોઈએ.

(6) ભાષાનીતિની સમીક્ષા માટે અલગ પંચની નિમણૂંક કરીને આ પ્રશ્નોના ઉકેલ તેમને સોંપવા જોઈએ.

(7) સંસ્કૃત ભાષાને માતૃભાષાના અભ્યાસક્રમ સાથે સાંકળીને ત્રિભાષા સૂત્રમાં સમાવી લેવી જોઈએ.

(8) અંગ્રેજીનું સ્થાન ફરજિયાત ન રાખતાં વૈકલ્પિક રાખવું જોઈએ અને પુસ્તકાલયની ભાષા તરીકે વિકસાવવી જોઈએ.

## 9.9 સારાંશ

પ્રસ્તુત એકમમાં આપણે ભારતમાં માધ્યમિક શિક્ષણના વિકાસની, રાષ્ટ્રીયકરણ, વ્યવસાયીકરણ, અપવ્યય-સ્થગિતતા, અનુદાનનીતિ અને ભાષાનીતિના સંદર્ભમાં ચર્ચા કરી. માધ્યમિક સ્તરે ધંધાકીય શિક્ષણની ચર્ચા Education Commission 1964-66 ના આધારે સારણીની મદદથી કરી. માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે અપવ્યય અને સ્થગિતતાના વિવિધ કારણોની ઉદાહરણ સહિત ચર્ચા કરી. એકમના અંત ભાગમાં ભાષાકીય નીતિના પ્રશ્નોના ઉકેલ માર્ગો પણ સૂચવવામાં આવ્યો છે.

- ખાનગી શાળાઓમાં વધુ પડતા શોષણને કારણે, વધુ ફીનું ધોરણ, આપખુદશાહી વલણ વગેરે બાબતોને લઈને શિક્ષણનું રાષ્ટ્રકરણ કરવાની ભલામણ કરવામાં આવી છે. ખાનગીકરણનો અંત અને શોષણ માંથી મુદત મેળવવાનો જ હેતુ રાષ્ટ્રીય કરણનો જોવા મળે છે.
- માધ્યમિક શાળાનો વહીવટ સરકાર હસ્તક લેવામાં આવે તેને રાષ્ટ્રીયકરણ કહેવામાં આવે છે.
- માધ્યમિક શાલાનો વહિવટ સરકાર દ્વારા થાય છે. જેનો સંપૂર્ણ નિર્ણય કરવાનો હક સરકાર પાસે એકહથ્થું હોય છે, તેમજ ભૌતિક સગવની જવાબદારી સરકારની હોય છે. સંપૂર્ણ નિર્ણયો શિક્ષણમંત્રી દ્વારા લેવામાં આવે છે.
- રાષ્ટ્રીયકરણ કરવાના કેટલાંક લાભ અને મર્યાદા થયા છે તેની ચર્ચા કરવામાં આવી છે.
- રાષ્ટ્રીયકરણ કરવાની કેટલીક સમસ્યાઓ પણ ઊભી થયેલી જોવા મળે છે.

## 9.10 એકમ સ્વાધ્યાય

(1) રાષ્ટ્રીકરણ એટલે શું ?

(2) રાષ્ટ્રીયકરણનાં લક્ષણો જણાવો.

(3) રાષ્ટ્રીયકરણના લાભ જણાવો.

(4) રાષ્ટ્રીયકરણની મર્યાદા જણાવો.

(5) રાષ્ટ્રીયકરણની સમસ્યાઓ જણાવો.

(6) માધ્યમિક શિક્ષણનું વ્યાવસાયિક શિક્ષણ માટેની સમસ્યાઓ જણાવો.

(7) વ્યાવસાયિક શિક્ષણના વિકાસ માટે કોઠારી શિક્ષણ પંચના સૂચનો જણાવો.

(8) વ્યાવસાયિક શિક્ષણના સંદર્ભમાં કોઠારી શિક્ષણ પંચની ભલામણો જણાવો.

(9) માધ્યમિક શિક્ષણની અનુદાન જાતિ જણાવો.

(10) ઈશ્વરભાઈ સમિતિએ સૂચવેલ અનુદાનની જાતિના ગુણદોષ જણાવો.

(11) કોઠારીપંચ અને ત્રિ-ભાષી સૂત્ર જણાવો.

(12) ભાષાકીય જાતિના પ્રશ્નોના ઉકેલો જણાવો.

## 9.11 તમારી પ્રગતિ ચકાસો

નોંધ : (અ) તમારા ઉત્તરો નીચે આપેલ જગ્યામાં લખો.

(બ) તમારા ઉત્તરોને વિભાગના અંતમાં આપેલ ઉત્તરો સાથે સરખાવો.

**(1) નીચેની ખાલી જગ્યા પૂરોં :**

(1) માધ્યમિક શિક્ષણનું રાષ્ટ્રીયકરણ થવાથી ....... ની ગેરરીતિઓનું પ્રમાણ ઘટે છે.

(2) હાલમાં રાજ્ય સરકાર માધ્યમિક શાળાઓને ........ ટકા જેટલી મોટી ગ્રાન્ટ આપે છે.

(3) કોઠારી શિક્ષણ પંચ અનુસાર 1950-51માં માધ્યમિક કક્ષાએ .......... ટકા વિદ્યાર્થીઓએ વ્યવસાયિક શિક્ષણ પસંદ કર્યું હતું.

**(2) નીચેના વિાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :**

(1) ખાનગી સંચાલકો પોતાની માલિકીનાં મકાનો શાળાના નામે ભાડે રાખેલાં બતાવી નાણાં મેળવે છે.

(2) રાષ્ટ્રીયકરણ કરવાથી શિક્ષણનાં સાચા મૂલ્યો જળવાશે.

(3) વ્યવસાયિક શિક્ષણમાં ટેકનિકલ, કૃષિ, વાણિજ્ય, વગેરે વિષયોનો સમાવેશ થાય છે.

(4) અપવ્યયનું સૌથી મોટું કારણ આર્થિક પછાતપણાનું છે.

**(3) નીચેના પ્રશ્નોનો ટૂંકમાં જવાબ આપો :**

(1) ઈશ્વરભાઈ સમિતિએ સૂચવેલ અનુદાનની નીતિનો એક ગુણ અને એક દોષ જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(2) માધ્યમિક શિક્ષણની રાષ્ટ્રીયકરણની એક શૈક્ષણિક અને એક સામાજિક મર્યાદા જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

**(4) બહુવિકલ્પ પ્રશ્નો :**

(1) વ્યવસાયી શિક્ષણમાં શિક્ષણનું માધ્યમ કઈ ભાષામાં હોવું જોઈએ.

(A) માતૃભાષા (B) હિન્દી

(C) પ્રાદેશિક ભાષા (D) અંગ્રેજી

(2) વ્યાવસાયિક શિક્ષણ અંગે ભલામણ નક્કી હોય તેવું પંચ રહ્યું છે ?

(A) રાધાકૃષ્ણન પંચ (B) કોઠારી પંચ

(C) ઈંટર કમિશન (D) માધ્યમિક શિક્ષણપંચ

(3) માધ્યમિક કક્ષાએ શા માટે ધંધાકીય શિક્ષણની આવશ્યકતા રહેલી છે ?

(A) અપવ્યય અને સ્થગિતા દૂર કરવા (B) આજીવિકા પૂરી પાડવા

(C) શૈક્ષણિક સિદ્ધિ વધારવા (D) સર્જનાત્મક કૌશલ્ય કેળવવા

(4) કોઠારી શિક્ષણ પંચે શિક્ષણના કયા તબક્કે વ્યાવસાયિક બનાવવાની ભલામણ કરી છે. ?

(A) પ્રાથમિક કક્ષાએ (B) માધ્યમિક કક્ષાએ

(C) ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ (D) ઉચ્ચ શિક્ષણમાં

## 9.12 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**એકમ - (1)**

પ્રશ્ન (1) નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટા તે જણાવો.

(1) સાચું (2) ખોટું (3) સાચું

પ્રશ્ન (2) ખાલી જગ્યા પૂરોં.

(1) 17 ટકા (2) 6 થી 14

પ્રશ્ન (3) જવાબ શોધો.

**એકમ - (2)**

પ્રશ્ન (1) જવાબ શોધો.

પ્રશ્ન (2) જવાબ શોધો.

પ્રશ્ન (3) નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટા તે જણાવો.

(1) સાચું (2) ખોટું (3) સાચું (4) ખોટું

પ્રશ્ન (4) ખાલી જગ્યા પૂરોં.

(1) 2419.96 લાખ

(2) 1986

(3) ઢેબર

**એકમ - (3)**

પ્રશ્ન (1) નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો.

(1) સાચું (2) ખોટું (3) સાચું (4) ખોટું

પ્રશ્ન (2) ખાલી જગ્યા પૂરોં.

(1) માધ્યમિક શિક્ષણ (2) 1954 (3) ઈશ્વરભાઈ

**એકમ - (4)**

પ્રશ્ન (1) નીચેની ખાલી જગ્યા પૂરોં

(1) હિસાબ (2)135 ટકા (3) 3.1 ટકા

પ્રશ્ન (2) નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં જે જણાવો

(1) સાચું (2) ખોટું (3) સાચું (4) સાચું

પ્રશ્ન (3) જવાબ શોધો.

(1) (C) પ્રાદેશિક ભાષા

(2) (C) ઈંટર કમિશન

(3) (A) અપવ્યય અને સ્થગિતતા દૂર કરવા

(4) (C) ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ

## 9.13 સૂચિત વાંચન સામગ્રી

(1) શાસ્ત્રી જયેન્દ્ર દવે અન્યો (1988) ''ભારતીય શિક્ષણના નૂતન પ્રવાહો અને સમસ્યાઓ'' બી.એસ.શાહ પ્રકાશન, અમદાવાદ-1

(2) દેસાઈ ધનવંત અને પટેલ પી.જે (1966) ''ભારતીય શિક્ષણના વર્તમાન પ્રશ્નો'' એ.આર.શેઠની કંપની, મુંબઈ-2

(3) શાહ. સી. સી (1988) ''કેળવણી દર્શન'' જીવન ભારતી મંડળ, સુરત-1

(4) શાહ ચંપકલાલ (1997) ''શિક્ષણ ચિંતન'' ડૉ.સી.ઝેડ.શાળા એજ્યુકેશન ટ્રસ્ટ, સુરત-1

(5) ડૉ.દેસાઈ ધનવંત (1969) ''અર્વાચીન ભારતીય કેળવણીનો વિકાસ'' પ્રાચ્ય મંદિર, મ.સ. યુનિવર્સિટી, વડોદરા.

(6) ડૉ.ઘાંચી દાઉદભાઈ (1976) ''માધ્યમિક ક્ષેત્રે નવી તરાહ'' સેવા વિસ્તરણ કેન્દ્ર, શ્રી.બી.ડી. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન, મોડાસા.

(7) મોતીભાઈ પટેલ અને શાસ્ત્રી (1982) ''ભારતીય શિક્ષણ પંચો પર એક દષ્ટિપાત'' પાર્શ્વ ટ્રેડર્સ, પ્રકાશ હાઈસ્કુલ કમ્પાઉન્ડમાં, રિલીફ રોડ, અમદાવાદ-1

(8) શાહ નીરવ પી. : શૈક્ષણિક વ્યવસ્થાપન અને શાળા સંગઠન, નીરવ પ્રકાશન, અમદાવાદ.

## એકમ 10

# છેવાડાના બાળકો માટે નીતિ વિષયક માળખાની રચના

## : રૂપરેખા :


**10.1** પ્રસ્તાવના

**10.2** સર્વ શિક્ષણ અભિયાન

- **10.2.1** પ્રસ્તાવના
- **10.2.2** સર્વ શિક્ષણ અભિયાન એટલે શું ?
- **10.2.3** સવ શિક્ષણ અભિયાનના હેતુઓ
- **10.2.4** સર્વ શિક્ષણ અભિયાનની પ્રવૃત્તિઓ
- **10.2.5** સર્વ શિક્ષણ અભિયાન દ્વારા શાળાને આપવામાં આવતી ગ્રાન્ટ
- **10.2.6** સર્વ શિક્ષણ અભિયાન અંતર્ગત શાળાએ માહિતી ભરવા માટેના ઓનલાઈન સોફ્ટવેર
- **10.2.7** સર્વ શિક્ષણ અભિયાન મિશન-પરિચય
- **10.2.8** સર્વ શિક્ષણ અભિયાન સંબંધી જોગવાઈ

**10.3** શાળા વ્યવસ્થાપન સમિતિ

- **10.3.1** શાળાકક્ષાએ શાળા વ્યવસ્થાપન સમિતીની રચના કરવી
- **10.3.2** શાળા વ્યવસ્થાપન સમિતિનું માળખું
- **10.3.3** શાળા વ્યવસ્થાપન સમિતિનાં સભ્યોની ભૂમિકા
- **10.3.4** શાળા વ્યવસ્થાપન સમિતિના કાર્યો અને ફરજો

**10.4** મધ્યાહ્ન ભોજન યોજના

- **10.4.1** પ્રસ્તાવના
- **10.4.2** હેતુઓ
- **10.4.3** મધ્યાહ્ન ભોજનનો અમલીકરણ વ્યવસ્થા
- **10.4.4** દૈનિક ખાદ્ય સામગ્રીના માપદંડ
- **10.4.5** એન.જી.ઓની કામગીરી
- **10.4.6** મધ્યાહ્ન ભોજન અમલવારી ઉપર દેખરેખ અને નિયંત્રણ

**10.5** શાળા પ્રવેશ ઉત્સવ

- **10.5.1** પ્રસ્તાવના
- **10.5.2** શાળા પ્રવેશ ઉત્સવના હેતુઓ
- **10.5.3** શાળા પ્રવેશોત્સવ એટલે શું ?
- **10.5.4** શાળા પ્રવેશ ઉત્સવનું મહત્ત્વ
- **10.5.5** આયોજન અને અમલીકરણ
- **10.5.6** શાળા પ્રવેશ ઉત્સવની ઉજવણી
- **10.5.7** શાળા પ્રવેશ ઉત્સવનાં લક્ષ્યાંકો

10.5.8 શાળા પ્રવેશ ઉત્સવ કાર્યક્રમની કાર્યસૂચિ

10.5.9 શાળા પ્રવેશ ઉત્સવ માટે કાર્યસૂચિ માટે અન્ય સૂચનાઓ

10.5.10 પ્રવેશ ઉત્સવ પ્રસંગના સૂત્રો

10.6 સારાંશ

10.7 એકમ સ્વાધ્યાય

10.8 તમારી પ્રગતી ચકાસો

10.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

10.10 સુચિત વાંચન સામગ્રી

- **ઉદ્દેશો :**

આ એકમનો અભ્યાસ કર્યા પછી, તમે નીચે જણાવેલ બાબતો માટે શક્તિમાન બનશો :

(1) સર્વ શિક્ષણ અભિયાન એટલે શું તે સમજી શકશો.

(2) સર્વ શિક્ષણ અભિયાનના હેતૂઓ સમજી શકશો.

(3) સર્વ શિક્ષણ અભિયાનની પ્રવૃત્તિઓ સમજી શકશો.

(4) સર્વ શિક્ષણ અભિયાન દ્વારા શાળાને આપવામાં આવતી ગ્રાન્ટ સમજી શકશો.

(5) સર્વ શિક્ષણ અભિયાન મિશનને સમજી શકશો.

(6) સર્વશિક્ષણ અભિયાન સંબંધી જોગવાઈ સમજી શકશો.

(7) શાળાકક્ષાએ શાળા વ્યવસ્થાપન સમિતિની રચના સમજી શકશો.

(8) શાળા વ્યવસ્થાપન સમિતિના કાર્યો અને ફરજો સમજી શકશો.

(9) મધ્યાહ્ન ભોજન યોજના સમજી શકશો.

(10) મધ્યાહ્ન ભોજન યોજનાના હેતુઓ સમજી શકશો.

## 10.1 પ્રસ્તાવના

- લોકશાહી શાસન પ્રણાલીમાં સમાનતા અને સામાજિક ન્યાયને સિદ્ધ કરવાના પ્રયત્નોને અગ્રતા આપવી જોઈએ. આવા સમાજનું નિર્માણ કરવા માટે ગુણવત્તાયુક્ત શિક્ષણનું સાર્વત્રિકરણ એ અનિવાર્ય બાબત છે.
- અદનાને અદનાને ગરીબમાં ગરીબને પાયાની જરૂરિયાતો હાંસલ કરવા માટે શિક્ષણને ટોચની અગ્રતા આપવા વૈશ્વિક યોજનાઓ હાથ ધરાય છે. શિક્ષણ લીધા વગર માણસ સાચા અર્થમાં માનવી બની શકતો નથી.
- રાજ્યના ગરીબ, પછાત અને છેવાડાના બાળકોના રક્ષણ માટે વિશેષ દરકાર લેવાવી જોઈએ. ભારતના રાજ્ય બંધારણમાં તે માટે વિશિષ્ટ જોગવાઈ કરવામાં આવી છે.
- રાજ્યના ચેવાડાના નબળા વર્ગોના લોકો ખાસ કરીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનાં શૈક્ષણિક અને આર્થિક હિતોની ઉન્તનતિ વિશેષ કાળજીથી કરશે અને સામાજિક અન્યાય તેમજ તમામ શોષણ માટે તેમનું રક્ષણ કરશે.
- ગુજરાત સરકારે શિક્ષણને અગ્રતા આપી છે. ગરીબ વિદ્યાર્થીઓને સ્નાતક સુધીનું શિક્ષણ મફત આપવામાં આવે છે. આમ છતાં છેવાડાના પછાત વર્ગમાં શિક્ષણનું પ્રમાણ નીચું છે. કન્યા કેળવણીનું પ્રમાણ સંતોષકારક નથી. બાળકો અધવચ્ચેથી શિક્ષણ છોડી દે છે, તેનું મુખ્ય કારણ આર્થિક હોય છે. સામાજિક કારણ પણ હોય છે અને રહેઠાણ વગેરેના કારણે શિક્ષણનું વાતાવરણ નથી હોતું.

- છેવાડાના વર્ગના બાળકોનાં શાળા પ્રવેશ પ્રમાણ ઘણું નીચું અને દરેક કક્ષાએ અપવ્યયનું પ્રમાણ વધારે છે. આ જાતિની કન્યાઓનો આ બાબતે પ્રશ્ન વધુ ગંભીર છે.
- આ દૃષ્ટિએ છેવાડાના બાળકોના શૈક્ષણિક વિકાસ પરત્વે સવિશેષ પદ્ધતિસર પ્રયત્નો હાથ ધરવા જરૂરી છે. કારણ કે વિવિધ આદિવાસી સૂથો તેમજ છેવાડાના બાળકોના જૂથો એમનાં આગવાં સાંસ્કૃતિક લક્ષણો ધરાવતાં હોય છે, તેમની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે છે.
- પ્રત્યેક જાતિ સામાન્ય રીતે તદ્દન પ્રાથમિક સ્તરે જીવતી હોય છે.
- તેમનું જીવન ધોરણ તદ્દન નીચું હોય છે.
- તેમની ધાર્મિક માન્યતાઓ આગવી હોય છે.
- તેઓ પોતાના જીવન નિર્વાહ માટે જમીન, ગોચર, જંગલો કે પર્વતો પર આધાર રાખે છે.
- ગરીબી, યોગો, નિરક્ષરતા, વહેમો વગેરે તેમની મર્યાદાઓ છે.
- તેમના કુટુંબોમાં પુરુષોની વડીલ શાહી, નૈતિક આચાર સંહિતા, પંચાયતોમાં વયોવૃદ્ધ પુરૂષોનું વર્ચસ્વ જોવા મળે છે.
- છેલ્લા દાયકાઓથી ભારતમાં સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય પરિવર્તનનો પવન ફૂંકાઈ રહ્યો છે. આમ છતાં છેવાડાના લોકોની સ્થિતિ કંગાળ અને નિરાશાજનક છે.

**10.2 સર્વ શિક્ષણ અભિયાન**

**10.2.1 પ્રસ્તાવના**

- દરેક બાળકને શિક્ષણ મેળવવાનો અધિકાર છે, તેવું બંધારણમાં નક્કી કરવામાં આવેલ છે.. કોઈ બાળક શિક્ષણથી વંચિત રહેવો ન જોઈએ.
- ભારતનું બંધારણ 1950માં અમલી બન્યું. બંધારણની કલમ 45માં ઈ.સ. 1960 સુધીમાં 6 થી 14 વર્ષ જૂથનાં તમામ બાળકો શાળામાં આવે અને કોઈ બાળક પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહે તે લક્ષ્ય સિદ્ધ કરવાનું હતું.
- કમનસીબે આજે ઈ.સ.2005માં પણ આ લક્ષ્ય સિદ્ધ થઈ શક્યું નથી. ત્યાર પછી આજે પણ આજ પરિસ્થિતિ જોવા મળે છે.
- લાખોની સંખ્યામાં આ વય જૂથનાં બાળકોએ શાળાનું પગથિયું પણ જોયું નથી.
- પ્રથમ આ વિષય રાજ્યનો ગણી, દરેક રાજ્યને જવાબદારી સોંપવામાં આવી હતી, પરંતુ બંધારણમાં સ્વીકારેલી આ બાબતમાંથી કેન્દ્ર સરકાર છટકી શકે નહી, એટલે હવે શિક્ષણ કેન્દ્ર અને રાજ્યની સંયુક્ત યાદીમાં મુકાયું છે.
- મફત સાર્વત્રિક અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણની જવાબદારી કેન્દ્ર સરકારની પણ છે, એટલે છેલ્લાં કેટલાંક વર્ષથી 6 થી 14 વર્ષની જૂથના તમામ બાળકોને શાળામાં લાવવાની ઝુંબેશ શરૂ થઈ છે. કેન્દ્ર સરકારે આ લક્ષ્યાંક સિદ્ધ કરવા સર્વ શિક્ષા અભિયાન શરૂ કર્યું છે.
- સામાજિક જાગૃતિ લાવવા ટીવી., રેડિયો જેવા સમૂહ માધ્યમોનો ઉપયોગ, સામયિકો વર્તમાનપત્રોમાં જાહેરાત દ્વારા ઝુંબેશ.
- પ્રવેશ ઉત્સવ, કાર્યક્રમો, વિદ્યાર્થીઓને સહાય, ફરતી શાળાઓ (Moving School), વૈકલ્પિક શાળાઓ વગેરે પ્રયાસો થાય છે.
- પ્રવેશ ઉત્સવ વખતે જોરદાર કાર્યક્રમ કરવામાં આવે છે, જાહેરાત પણ કરવામાં આવે છે.
- પ્રવેશ ઉત્સવ કાર્યક્રમ સફળ બને તે માટે દર વર્ષે માર્ચ માસમાં ગામનાં 6 થી 14 વર્ષની વય જૂથનાં શાળામાં પ્રવેશ યોગ્ય બાળકોની નોંધણી થાય છે.
- તેઓ શાળામાં આવે એટલું જ નથી, શાળામાં ટકી રહે, અપવ્યય અને સ્થગિતતા ન થાય એટલે કે અધવચ્ચે શાળા છોડીને ઊઠી ન જાય એ અંગે પ્રયાસો થાય છે.

- શાળામાં બાળકો ટકી રહે તેવો ઉત્સાહ કરવામાં આવે છે. બાળકને જરૂરી પ્રોત્સાહન પણ આપવામાં આવે છે.
- હજુ આપણા દેશમાં કન્યા કેળવણી સંતોષકારક નથી. એટલે 6 થી 14 વર્ષની વય જૂથની કન્યાઓ શાળામાં પ્રવેશે એવાં પ્રયાસો થાય છે. શાળા પ્રવેશ ઉત્સવ જેવા કાર્યક્રમો થાય છે.
- વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે પુસ્તકો, શાળાબેગ તથા ભણવામાં સાધનો ગણવેશ બાળકોને વિના મૂલ્યે અપાય છે.
- પ્રાથમિક શાળાઓ (સરકારી)માં ધો.1 થી 7નાં તમામ પુસ્તકો વિના મૂલ્યે અપાય છે.
- પછાત જ્ઞાતિ, આદિવાસી જાતિ અને આર્થિક સામાજિક પછાત જ્ઞાતિનાં બાળકોને વિશિષ્ટ શિષ્યવૃત્તિ અપાય છે.
- આદિવાસી વિસ્તારમાં આશ્રમ શાળાઓ કન્યા છાત્રાલયો વગેરેની સુવિધા અપાય છે.
- આમ પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણના હેતુથી ભારતમાં તમામ રાજ્યોમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સાથે મળી કાર્યક્રમ ચલાવે છે.

લોકશાહી પ્રક્રિયામાં શિક્ષણની ભૂમિકા અતિ મહત્ત્વની છે. શિક્ષણએ લોકશાહીના મૂલ્યો સ્થાપિત કરવા તથા દૃઢિભૂત કરવા માટેનું એક સશક્ત સાધન છે. ભારતના પ્રત્યેક નાગરિકને જીવન વિકાસ માટેના સમાન મૂળભૂત હક્કો ભોગવવાનો અધિકાર બંધારણ દ્વારા પ્રાપ્ત થાય છે.

સ્વતંત્ર્ય ભારતના બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતોની કલમ 45 મુજબ આપણે પ્રયાસો કરવાના હતા, જેથી 6 થી 14 વર્ષની વય જૂથના તમામ બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ મળે. સ્વતંત્રતા પછી તરત જ પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ માટે ઘણું બધુ કામ થયું છે. વર્ષ 1986થી નવી શિક્ષણ નીતિ અને ડી.પી.ઈ.પી. જેવી મહત્ત્વકાંક્ષી યોજનાઓ અને ત્યારબાદ વર્ષ 2001 થી સર્વ શિક્ષા અભિયાનના અમલ દેશવ્યાપી અને સાર્વત્રિક રીતે થયો.

આમ સર્વ શિક્ષા અભિયાન સમગ્ર ભારત દેશમાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ માટેનો કાર્યક્રમ છે. 6 થી 14 વર્ષના તમામ બાળકોને ગુણવત્તાલક્ષી પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવાના મુખ્ય આશય સાથે શરૂ થયેલ, આ કાર્યક્રમમાં કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારનું નાણાંકીય યોગદાન મળે છે. ગુજરાત રાજ્યમાં આ યોજનાઓ અમલ ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ દ્વારા કરવામાં આવેલ છે.

એસ.એસ.એ. કાર્યક્રમ બાળકોમાં માનવીય ક્ષમતાઓનો વિકાસ અર્થે જરૂરી તકો ઉભી કરવાની દિશામાં એક કદમ છે. અભિયાન સ્વરૂપે આ કાર્યક્રમમાં સમુદાયો દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ થાય તેવું પ્રયોજન છે.

### 10.2.2 સર્વ શિક્ષણ અભિયાન એટલે શું ?

- પ્રારંભિક શિક્ષણના સાર્વત્રિકરણ માટે ચોક્કસ સમય રેખાનો કાર્યક્રમ.
- સમગ્ર દેશમાં ગુણવત્તાયુક્ત પ્રારંભિક શિક્ષણની માંગનો પ્રતિભાવ.
- પ્રારંભિક શિક્ષણ દ્વારા સામાજિક ન્યાય માટેની તક ઉભી કરવાનો પ્રયાસ.
- પ્રારંભિક શિક્ષણ સંસ્થાઓના વહીવટ કે વ્યવસ્થાપન ક્ષેત્રે પાયાના સ્તરે સંસ્થાઓ પંચાયતી રાજ સંસ્થાઓ, શાળા વ્યવસ્થાપન સમિતિ, ગ્રામ્ય અને શહેરી ગરીબ વિસ્તારોની શિક્ષણ સમિતિઓ, સ્વાયત્ત સંસ્થાઓને અસરકારક રીતે સંલગ્ન કરવાનો પ્રયાસ.
- દેશભરમાં પ્રારંભિક શિક્ષણના સાર્વત્રિકરણ માટે રાજકીય સંકલ્પ.
- કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સરકાર વચ્ચેની ભાગીદારી.
- મૂળભૂત શિક્ષણ અંગે રાજ્યોના આગવા ખ્યાલ વિકસાવવા માટેની તકોનું નિર્માણ.

શૈક્ષિણિક મુદ્દાઓ :

સર્વશિક્ષા અભિયાન

- સર્વ શિક્ષા અભિયાનના હેતુઓ
- સર્વ શિક્ષા અભિયાનની પ્રવૃત્તિઓ
- સર્વ શિક્ષા અભિયાન દ્વારા શાળાને આપવામાં આવતી વિવિધ ગ્રાન્ટ.

### 10.2.3 સર્વ શિક્ષણ અભિયાનના હેતુઓ

- 6 થી 14 વર્ષની વય જૂથના તમામ બાળકોનું નામાંકન થાય.
- શાળા પ્રવેશ પામેલાં તમામ બાળકો આઠ ધોરણ સુધીનું ગુણવત્તાલક્ષી પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે.
- શાળા બહારના વૈકલ્પિક શિક્ષણના માધ્યમ દ્વારા સામાન્ય શાળામાં દાખલ થાય.
- પ્રાથમિક શિક્ષણમાં લોકભાગીદારી વધે.
- શાળા ઉપલબ્ધ ન હોય તેવા વિસ્તારોમાં નવી શાળાની સ્થાપના કરવી.
- શાળાઓમાં પૂરતી ભૌતિક સુવિધાઓ પૂરી પાડવી.
- શિક્ષકોની અછત હોય તેવી શાળાઓમાં વધારાના શિક્ષકોને મૂકવા.
- શિક્ષકોની સજ્જતા વધારવા માટે તાલીમ કાર્યક્રમ તથા અધ્યયન-અધ્યાપન સામગ્રી કલ્સ્ટર, બ્લોક અને જિલ્લા કક્ષાએ વિકસાવવી.
- કન્યાઓ તથા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને જીવન કૌશલ્ય આધારિત ગુણવત્તાલક્ષી શિક્ષણ પુરું પાડવું.

### 10.2.4 સર્વ શિક્ષણ અભિયાનની પ્રવૃત્તિઓ

- શાળા-બહારના બાળકો માટે વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા.
- વિકલાંગ બાળકોનું સંકલિત શિક્ષણ (Integrated Education)
- જેન્ડર એજ્યુકેશન
- નાણાં હિસાબનું આયોજન
- મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ (MIS)
- શાળા બાંધકામ (શાળાઓ ઓરડાઓ, શૌચાલય, મધ્યાહ્ન ભોજનનું રસોડું વગેરેનું બાંધકામ અને શાળા રીપેરીંગ)
- શિક્ષક તાલીમ અને સમુદાયના સભ્યોની તાલીમ
- લર્નિંગ ગેરંટી પ્રોગ્રામ.
- શાળા કક્ષાએ વિવિધ ગ્રાન્ટની ફાળવણી
- એન.પી.ઈ.જી.ઈ.એલ. (NPEGEL)
- કન્યા શિક્ષણને ઉત્તેજન આપવા માટે નિવાસી શાળા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV)
- શાળા બહારના બાળકો માટે વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા.

### 10.2.5 સર્વ શિક્ષણ અભિયાન દ્વારા શાળાને આપવામાં આવતી ગ્રાન્ટ

(1) વર્ગખંડ

(2) ડેટમ - આઠ બાળકો દીઠ

(3) કમ્પાઉન્ડ વૉલ

(4) શાળા વિકાસ

| | |
|---|---|
| (5) પીવાનું પાણી | (6) TLE Teaching Learning |
| (7) પ્રયોગશાળા | ધો. 8 Enhancement One time |
| (8) શૌચાલય વ્યવસ્થાપન | (9) પ્રજ્ઞા |
| (10) પ્રવેશોત્સવ | (11) વાંચન પૂર્વ |
| (12) પ્રાથમિક ચિકિત્સા | (13) સંકલિત ઉપચારાત્મક કાર્ય |
| (14) મૉડેલ શાળા | (15) વિશિષ્ટ તાલીમ વગેરે |
| (16) મરામત | (17) કન્યા શૌચાલય |

**ક્ષેત્ર કાર્ય :**

- SSA ની તાલુકા તથા જિલ્લા કક્ષાની કચેરીઓની મુલાકાત. વધુ માહિતી (www.ssa.nic.in)

**10.2.6 સર્વ શિક્ષણ અભિયાન અંતર્ગત શાળાએ માહિતી ભરવા માટેના ઓનલાઈન સોફ્ટવેર**

- ગુણોત્તર વેબસાઈટ
- નવા પાઠ્યપુસ્તકો ધો.6,7,8
- શાળામાં જ જતાં બાળકોની વિગત
- લોકોપયોગી માહિતી
- માઈગ્રેશન મોનિટરીંગ સીસ્ટમ
- સી.આર.સી. મોનિટરીંગ
- ચિલ્ડ્રન વીથ સ્પેશિયલ નીડસ (CWSN)
- રીક્રુટમેન્ટ
- એમ્પલોઈઝ મેનેજમેન્ટ એન્ડ પેરોલ
- સી.આર.સી. ઈન્ફોરમેશન એન્ડ રેસિલીટી સ્ટેટસ
- ઓનલાઈન સરક્યુલર્સ
- SSA Website
- BACAL - Biometric Attendance
- ટ્રાન્સપોર્ટેશન
- ગુણોત્સવ ડેટા એન્ટ્રી
- આધાર અને બલ્ડ ડાયસ
- નોટિફીકેશન રાઈટ ઓફ ચિલ્ડ્રન ફ્રી કમ્પલસરી એજ્યુકેશન એક્ટ 2012
- UDISE - School Directory
- શાળા બહારના બાળકો માટે Special Training
- DISE Updated file (School Data)
- Whole School Development Plant (WSDP)
- School information & Non Existent School
- Kasturba Gandhi Balika Vidyalaya Assessment

**10.2.7 સર્વ શિક્ષણ અભિયાન મિશન-પરિચય**

સર્વ શિક્ષા અભિયાન સમગ્ર ભારત દેશમાં પ્રાથમિક સાર્વત્રિકરણ માટેનો કાર્યક્રમ છે. 6 થી 14 વર્ષના તમામ બાળકોને ગુણવત્તાલક્ષી પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવાના આશય સાથે શરું થયેલાં આ કાર્યક્રમમાં કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારનું નાણાંકીય યોગદાન મળે છે. ગુજરાત રાજ્યમાં આ યોજનાનો અમલ ગુજરાત પ્રાથમિક પરિષદ દ્વારા કરવામાં આવે છે.

**મુખ્ય પ્રવૃત્તિઓ :**

- **પ્રવેશ (નામાંકન) હાજરી, સ્થાયીકરણ :**

પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ, સ્થાયીકરણ અને ગુણવત્તા સુધારણા માટે રાજ્ય સાથેની શાળાની આર્થિક ભાગીદારી સાથેના ભારત સરકારના મહત્ત્વકાંક્ષી કાર્યક્રમ ''સર્વ શિક્ષા અભિયાન'' નું અમલીકરણ સમગ્ર ગુજરાતમાં 2001 થી કરવામાં આવી રહ્યું છે. એસ.એસ.એ

અંતર્ગત દરેક બાળકનું શાળામાં નામાંકન, સ્થાયીકરણ કરે અને ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષક મેળવે તે માટે તમામ સ્તરે યથાયોગ્ય પ્રયાસ થાય છે.

- **કન્યા શિક્ષણ :**

સામાન્ય રીતે આપણા સમાજમાં કન્યાઓના શિક્ષણ પ્રત્યે દુર્લક્ષ સેવાતું હોય છે. ખાસ કરીને કેટલીક જ્ઞાતિઓમાં બાળલગ્ન પ્રથા પ્રચલિત છે તેના કારણે અથવા ઘરના કામકાજને લઈને નાના ભાઈબહેનને સાચવવાની કામગીરીને લઈને તેઓના શિક્ષણને છેલ્લી અગ્રિમતા (Priority) આપવામાં આવે છે.આવા કેટલાંક છુપા કારણોસર કન્યાઓના શિક્ષણનો દર કુમારો કરતા ઓછો જણાય છે. આથી કન્યાઓના વિકાસમાં તથા સમાજના વિકાસમાં આ બાબત બાધારૂપ બને છે. આ માટે કન્યાઓ જે સમુદાયમાંથી (Community) આવતી હોય તે સમુદાયને કન્યા શિક્ષણ પ્રત્યેની જાગૃતતાતેમજ ગંભીરતા હોવી જરૂરી છે. આવા સમુદાયોમાં જે કન્યાઓ થોડુંક પણ ઉદાહરણરૂપ શિક્ષણ મેળવીને કંઈક હોદ્દો હાંસલ કરી શકી છે તેને અન્ય સમુદાયના સભ્યો માટે રોલ મોડલ તરીકે પ્રસ્થાપિત કરવી જેથી સમુદાયમાં અન્ય સભ્યોને પોતાની કન્યાઓની ભણાવાની પ્રેરણા મળે.

- **શાળા પર્યાવરણ :**

શાળા પર્યાવરણમાં કેવળ ભૌતિક નહીં, પરંતુ ભાવાવરણ પણ એમાં સમાવેશ થાય છે. જે પૈકી ભૌતિક બાબતોમાં નીચેનાનો સમાવેશ થાય છે.

(1) શાળાનું મકાન, (2) વર્ગખંડ, (3) રમત માટેનું મેદાન, (4) શાળા સેનિટેશન/સ્વચ્છતા સંકુલ, (5) પીવાના પાણીની વ્યવસ્થા, (6) બાગબાની, (7) શાળા સફાઈ (8) શાળા વાતાવરણ

- **હિસાબી અને નાણાંકીય કામગીરી :**
- SMC ના તમામ સભ્યોએ હિસાબી દફતરને લગતી તમામ માહિતી ઉપર ધ્યાન આપવાનું રહેશે.
- સર્વ શિક્ષા અભિયાનના નાણાંકીય મેન્યુઅલ અનુસાર શાળા કક્ષાએ દરેક નાણાંકીય વર્ષ માટે નીચે મુજબનું હિસાબી દફક્ત નિભાવવાનું હોય છે.

(1) રોજમેળ
(2) ખાતાવહી
(3) વાઉચર ફાઈલ
(4) બિલ રજીસ્ટર
(5) ચેક ઈસ્યુ રજીસ્ટર
(6) બેંક સ્ટેટમેન્ટ/પાસબુક
(7) ડેડ સ્ટોક રજીસ્ટર
(8) સ્થાયી મિલકત રજીસ્ટર
(9) સ્ટોક રજીસ્ટર
(10) આવક-જાવક રજીસ્ટર
(11) ટી.એલ.એમ. રજીસ્ટર
(12) ખર્ચ પત્રક (પરિશિષ્ટ-8)
(13) બેંક સિલકમેળ (પરિશિષ્ટ-9)
(14) ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્ર (પરિશિષ્ટ - 10)
(15) ઠરાવબુક

- **ગુણવત્તાલક્ષી શિક્ષણ :**

**પ્રજ્ઞા અભિગમ**

વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે શાળા શિક્ષણમાં અનેકવિધ અભિગમોનો શિક્ષક ઉપયોગ કરતો રહ્યો છે, જે ક્યારેક શિક્ષક કેન્દ્રી, વર્ગખંડ કેન્દ્રી કે પાઠ્યપુસ્તક કેન્દ્રી હોય છે. સમગ્ર તથા વર્ગના તમામ બાળકોને કેન્દ્રમાં રાખીને, તેમની વૈયક્તિક ભિન્નતાઓને ધ્યાનમાં લઈને, તેમની ક્ષમતા-ગતિને આધારે શિક્ષણ આપવાનું હંમેશા મુશકેલ રહ્યું છે. શિક્ષણવિદો અને શિક્ષકો એવા અભિગમની શોધમાં હોય છે, જેમાં વર્ગના તમામ બાળકોને શિક્ષણ પ્રક્રિયામાં જોડી શકાય, તેમની શૈક્ષણિક સિદ્ધિઓનું અભિવ્યક્તિ માપન થઈ શકે. આ તમામ આવશ્યકતાને ઉપકારક અને એવો અભિગમ એટલે પ્રજ્ઞા

પ્રજ્ઞા એ જૂથ આધારિત પ્રવૃત્તિ જ્ઞાન મેળવવાનો એવો અભિગમ છે કે જેમાં સ્વનિર્મિત અધ્યયન સામગ્રીના નિર્માણ અને ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓ સહપાઠી શિક્ષણ વડે પોતાની ગતિ-ક્ષમતા અનુસાર આનંદ દાયી શિક્ષણ મેળવે છે અને મેળવેલ શિક્ષણનું વિદ્યાર્થીઓ તેમજ શિક્ષક મૂલ્યાંકન કરે છે. આ અભિગમની શૈક્ષણિક પ્રક્રિયા ભાર વગરના ભણતર સાથે સંકળાયેલી છે, જેથી વિદ્યાર્થી માટે આશીર્વાદરૂપ છે.

- **એડેપ્ટ્સ - શિક્ષક સમર્થન દ્વારા ઉત્કૃષ્ટ શૈક્ષણિક અભિવ્યક્તિ :**

શિક્ષણ વિભાગના વિવિધ પ્રયત્નોથી ગુજરાતમાં નામાંકન અને સ્થાયીકરણમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવી છે, ગુણવત્તા અભિવૃદ્ધિ માટે સર્ગગ્રાહી પ્રયત્નો ચાલુ છે. ગુણવત્તા માટેના પરિબળોમાં શિક્ષકોની ઉત્કૃષ્ટ અભિવ્યક્તિ (Performance) અત્યંત મહત્ત્વનું છે. તેના માટે કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલય અને યુનિસેફના સંયુક્ત ઉપક્રમે (Advancement of Educational Performance through Teacher Support) ADEPTS એડેપ્ટ્સ : શિક્ષક સમર્થન દ્વારા ઉત્કૃષ્ટ શૈક્ષણિક અભિવ્યક્તિ કાર્યક્રમ તૈયાર કરવામાં આવેલ છે.

- **વિકલાંગ બાળકો માટેનું સંકલિત શિક્ષણ (આઈડી) :**

વિકલાંગ બાળકોના શિક્ષણ અંગે ઘણા વર્ષોથી કાર્ય થઈ રહ્યું છે. આ શિક્ષણ વિકલાંગ બાળકોની વિશિષ્ટ શાળા (સ્પેશ્યલ સ્કૂલ) સુધી જ મર્યાદિત હતુ.

આ યોજનાની વિશેષતા એ છે કે વિકલાંગ બાળક તેના માતા-પિતા સાથે રહીને પોતાનાજ ગામ કે વિસ્તારની સામાન્ય શાળામાં બાળકો સાથે જ શિક્ષણ મેળવે છે.

ગાળની સામાન્ય શાળામાં સામાન્ય બાળકો સાથે રહીને વિકલાંગ બાળક શિક્ષણ મેળવે, જેમાં અંધ, અલ્પદૃષ્ટિ, બહેરા માનસિક, શાંતિ અને શારિરીક ક્ષતિવાળા તથા અન્ય વિકલાંગતા ધરાવતાં બાળકોનો સમાવેશ થાય છે.

**સંશોધન, મૂલ્યાકન અને મોનીટરીંગ - સુપરવિઝન**

- **સંશોધન**

શાળાના શિક્ષકો દ્વારા ક્રિયાત્મક સંશોધનની કામગીરી કરવામાં આવે છે.

- **મોનીટરીંગ અને સુપરવીઝન :**

સર્વ શિક્ષા અભિયાનના મોનિટરીંગ અને સુપરવિઝનના હેતુથી એનસીઈઆરટી અને દ્વારા NUEPA ફોર્મેટ્સ તૈયાર કરવામાં આવેલ છે. આ ફોર્મેટસનો ગુજરાતીમાં અનુવાદ કરવામાં આવેલ છે. શાળા કક્ષાએ SLF કલસ્ટર કક્ષાએ CLF તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ મોકલવામાં આવે છે. શાળા કક્ષાના ફોર્મેટમાં લોકસમુદાય દ્વારા માહિતી ભરવાની હોય છે. જિલ્લા કક્ષાના ફોર્મેટમાં એકત્રીકરણ કરી તમામ માહિતી બાબત સરકારને મોકલવામાં આવે છે.

- **સીઝનલ હોસ્ટેસ અને સપોર્ટ સ્કુલ :**

રાજ્યના અમુક ચોક્કસ વિસ્તારોમાં રોજી રોટી મેળવવા માટે (જેમ કે મીઠું પકવનાર અગિરાઓ, માછીમાર અને ઈંટોના ભઠ્ઠામાં કામ કરનાર મોસમી સ્થળાંતર કરનાર મજુરો) સિઝનલ સ્થળાંતર (માઈગ્રેશન) કરતા વાલીઓ સાથે તેમના બાળકો પણ સ્થળાંતર કરવું પડે છે, જેના કારણે બાળકોના અભ્યાસમાં વિક્ષેપ પડે છે. આવા બાળકોનું પ્રાથમિક શિક્ષણ અટકે નહી અને તેમનો અભ્યાસ ચાલુ રહે તે માટે આવા બાળકોના પ્રાથમિક શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કરવાના હેતુથી મોસમી છાત્રાલય (સિઝનલ હોસ્ટેલ) ની યોજના અમલમાં મુકવામાં આવી છે. રાજ્યમાં મોટાભાગે સપ્ટેમ્બર, ઓક્ટોબર માસમાં સ્થળાંતર થતું હોઈ આ સમય દરમિયાન NGO સ્થળાંતર કરતા બાળકોનો સર્વે કરે છે. આવાં બાળકો માટે સિઝનલ હોસ્ટેલની સુવિધા અને કામકાજના સ્થળે સપોર્ટ સ્કૂલની સુવિધા પૂરી પાડવાનો રાજ્ય સરકારનો ઉદ્દેશ છે.

- **શાળા બાંધકામ અને રીપેરીંગ :**

(1) શાળા વ્યવસ્થાપન સમિતિએ બે પ્રકારના માળખાકીય કામ કરવાના હોય છે.

(2) શાળા અને તેના વિભાગોની મરામતનું કામ.

(3) જુદાં જુદાં સિવિલ કામો જેવાં કે વર્ગખંડો, શૌચાલયો, પીવાના પાણીની સુવિધા, મધ્યાહ્ન ભોજન યોજના બાઉન્ડ્રી વૉલનું બાંધકામ.

(4) બાંધકામની પ્રક્રિયા હાથ ધરતા પહેલાં બેન્કમાં ખાતું ખોલાવવા માટે આ કચેરી દ્વારા કરવામાં આવેલા પરિપત્રમાં આપેલ સૂચનાઓ મુજબ ખાતું ખોલાવવું.

(5) બાંધકામ માટે એસએસએ કચેરી તરફથી પ્રથમ હપ્તાનાં નાણાં મળતા પહેલા આ અંગેના એમઓયુ કરવાના હોય છે.

(6) થયેલ કામના હિસાબો રાખવા, બીજા હપ્તાના નાણાં મેળવવા, નાણાં વપરાશ પ્રમાણપત્ર જેવા હિસાબો અંગેની પદ્ધતિઓ અને તેમાં અનુસરવાની કામગીરી કરવી.

(7) કામના બાંધકામ દરમયાન ટીઆરપી દ્વારા આ અંગે માર્ગદર્શન આપવામાં આવશે તેમના કામની ગુણવત્તા માટે થર્ડ પાર્ટી દ્વારા કામનું નિરીક્ષણ કરવામાં આવશે.

(8) કામપૂર્ણ થયા બાદ નિયમ નમૂનામાં કામ પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર આપવાનું હોય છે.

(9) શાળાનો સમગ્ર રીતે વિકાસ કરવાનો પ્લાન તૈયાર કરી અને જેમ જેમ નાણાંની ઉપલબ્ધિ થાય તે પ્રમાણે આ પ્લાનમાં સમાવિષ્ટ જુદી જુદી એક્ટીવીટી અગ્રિમતાના ધોરણે હાથ ધરવી.

(10) બાળકોને શાળાના જુદાં જુદાં એલીમેન્ટસ અને ખુલ્લી જગ્યાઓમાંથી સતત શિક્ષણ મળી રહે તે માટે આ વિભાગોને BALA તરીકે વિકસાવવા.

- **વૈકલ્પિક શિક્ષણ - સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ :**

સર્વ શિક્ષણ અભિયાન અંતર્ગત 6 થી 14 વયજૂથના શાળા બહારના બાળકોને વૈકલ્પિક શિક્ષણની જુદી જુદી યોજનાઓમાં સાંકળી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવામાં આવી રહ્યાં છે.

6 થી 14 વર્ષથી વય જૂથના દરેક બાળકોને પ્રાથમિક શિક્ષણ સાર્વત્રિકરણના ધ્યેય હેઠળ શાળામાં દાખલ કરાવી ગુણવત્તાવાળું શિક્ષણ પ્રાપ્ત કરવા પ્રેરે તેવું શીખવવાનું હોય છે, પરંતુ વિશિષ્ટ સંજોગોને કારણે બાળકો કેટલીક વખતે અધવચ્ચેથી શાળા છોડી દે છે અથવા તો શાળામાં દાખલ થતાં નથી. આવાં બાળકોને શિક્ષણના સામાન્ય પ્રવાહમાં સમાવી લેવા ખૂબ જ જરૂરી છે. જે બાળકો શાળા બહારના છે. તેમના માટે તેમની વયકક્ષાને ધ્યાનમાં લઈ એસએસએ માર્ગદર્શિકા અન્વયે તેમને જે તે ધોરણમાં દાખલ કરવામાં થાય છે.

Right to Education એક્ટ 2009 ની જોગવાઈ મુજબ રાજ્યમાં 6 થી 14 વયજૂથના બાળકો વયકક્ષા મુજબની ક્ષમતા સિદ્ધ કરી શિક્ષણના સામાન્ય પ્રવાહમાં જોડાય તે માટે સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ છે.

- **મધ્યાહ્ન ભોજન યોજના :**

ગુજરાત રાજ્ય મધ્યાહ્ન ભોજન યોજનાનો આરંભ વર્ષ 1984ના નવેમ્બર માસથી કરવામાં આવેલ. આમ, પ્રાથમિક શાળાના બાળકોને મધ્યાહ્ન ભોજન આપનાર ગુજરાત રાજ્ય દેશમાં પ્રથમ છે. મધ્યાહ્ન ભોજન યોજનાના મુખ્ય હેતુઓ નીચે મુજબ ગણાવી શકાય.

(1) પ્રાથમિક શાળામાં ભણતા બાળકોને મધ્યાહ્ન ભોજન આપવુ એ ગરીબી નિવારણ અંગેના રાજ્ય.

(2) આવી યોજનાના પરિણામે વિકાસશીલ વય જૂથના બાળકોનું પોષણ ધોરણ સારા એવા પ્રમાણમાં ઊંચું આવે છે.

(3) અધવચ્ચે શાળા છોડી જનાર રોકવા અને શાળાઓમાં સામાન્ય હાજરીમાં સુધારો કરવા ઉપરાંત મધ્યાહ્ન ભોજન યોજના વધારે વિદ્યાર્થીઓને શાળામાં આકર્ષી શકશે.

(4) આ યોજના સામાજિક અને રાષ્ટ્રીય એકતા સાધવાનું એક પગલું બની રહેશે.

- **શાળાકીય માહિતી અને તેનો ઉપયોગ :**

ભારત સરકારના માનવ સંશાધન અને વિકાસ વિભાગ (MHRD), નવી દિલ્હી દ્વારા સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે. જે સર્વ શિક્ષા અભિયાન મારફત વર્ષ 2001 થી કાર્યરત છે. આ સોફ્ટવેર સમગ્ર ભારત દેશની 13 લાખથી પણ વધુ તમામ પ્રકારની પ્રાથમિક શાળાઓની માહિતીનું એકત્રીકરણ કરવામાં આવે છે. જેમાં સરકારી શાળા, અનુદાનિત (ગ્રાન્ટેડ) શાળા, ખાનગીશાળા, સીબીએસસી. બોર્ડ સંચાલિત શાળા તેમજ અન્ય કોઈપણ શાળાઓનો સમાવેશ થાય છે. આ માહિતી દર વર્ષે DISE ફોર્મમાં જે તે વર્ષની 30મી સપ્ટેમ્બરની સ્થિતિએ એકત્રીત કરવામાં આવે છે. ફોર્મની ડેટા એન્ટ્રી સોફ્ટવેરમાં કરી તાલુકા જિલ્લા/રાજ્ય કક્ષાએ નેશનલ (રાષ્ટ્રીય) કક્ષાએ એકત્રિત કરવામાં આળે છે. નેશનલ કક્ષાએ NUEPA (National University of Education Planning and Administration) દ્વારા ડાયસ ડેટા એકત્રિત કરી તમામ પ્રકારની માહિતી (માનવ સંશાધન વિકાસ મંત્રાલય) ને રજુ કરવામાં આવે છે.

- **DISE અંગે SMC શાળા દ્વારા આપવાની માહિતી**

દર વર્ષે DISE ફોર્મમાં જે તે વર્ષની 30મી સપ્ટેમ્બરની સ્થિતિએ શાળાને લગતી તમામ માહિતી જે જેવી કે

- શાળાનું નામાંકન (ધોરણવાર/જાતિવાર/ઉમેદવાર)
- શિક્ષકોને લગતી તમામ માહિતી (નામ, ઉંમર, નોકરીમાં જોડાયા તારીખ, શૈક્ષણિક લાયકાત) વગેરે.
- મધ્યાહ્ન ભોજનને લગતી તમામ માહિતી
- બીઆરસી/સીઆરીસીએ વર્ષ દરમિયાન કરેલ શાળાની મુલાકાતોની માહિતી.
- શાળાને દર વર્ષ દરમિયાન મળેલ તેમજ વપરાયેલ તમામ નાણાંકીય ગ્રાન્ટની માહિતી.
- શાળાના બાળકોને મળતા લાભો જેવા કે મફત પાઠ્યપુસ્તક, ગણવેશ, અને વર્કબુકની માહિતી.
- શાળાની તમામ ભૌતિક માહિતી જેમ કે - શાળામાં ઓરડાઓની સંખ્યા, શાળાના ઓરડાઓની પરિસ્થિતિ, શાળામાં વીજળીકરણ માહિતી, શાળામાં બ્લેક બોર્ડની સંખ્યા, શાળામાં ટોઈલેટની સગવડ, પીવાના પાણીની સગવડ, રેમ્પની સંખ્યા, શાળાની હદની દિવાલ, કમ્પ્યુટરની સંખ્યા તેમજ તેની પરિસ્થિતિ વિશેની વિસ્તૃત માહિતી.
- વિકલાંગ બાળકોની લગતી તમામ માહિતી
- **વંચિત જુથમાં બાળકોનું શિક્ષણ :**

સર્વ શિક્ષા અભિયાનનાં મુખ્ય ધ્યેયો - નામાંકન, સ્થાયીકરણ અને ગુણવત્તામાં લક્ષિત પરિણામ મેળવવા પ્રોજેક્ટમાં કામગીરી કરવામાં આવે ચે. ટ્રાયબલ એજ્યુકેશન દ્વારા આદિવાસી બાળકોમાં જ્ઞાન, સમજ, રજુઆત, કૌશલ્યોની સિદ્ધિઓ પ્રાપ્ત કરી આત્મવિશ્વાસ કેળવવો જરૂરી છે. તેમજ શિક્ષકો દ્વારા તેમજ શિક્ષકો દ્વારા શાળામાં બાળકોને આ માટે શિક્ષણ આપવામાં આવે છે. શિક્ષકો અને સ્થાનિક પર્યાવરણમાંથી મળતી ચીજવસ્તુઓનો શિક્ષણ આપવામાં આવે છે. શિક્ષકો અને સ્થાનિક પર્યાવરણમાંથી મળતી ચીજવસ્તુઓનો શિક્ષણ કાર્યમાં ઉપયોગ કરવા તાલીમમાં માર્ગદર્શન આપવામાં આવે છે. બધાંજ બાળકોને શાળામાં પ્રવેશ અપાવવો. શાળામાં પ્રવેશ અપાવ્યા પછી તેઓને શાળામાં નિયમિત મોકલવા અનિયમિત બાળકોના વાલી સાથે કાઉન્સેલીંગ

કરવું. વાલીને શિક્ષણથી થતા ફાયદા-લાભની જાણકારી આપવી. સરકારની યોજનાઓ જેવી કે ગણવેશ, પાઠ્યપુસ્તકો, શિષ્યવૃત્તિ, મધ્યાહ્ન ભોજનથી વાલીઓનો વાકેફ કરવા.

બાળક શાળામાં નિયમિત આવશે તો જ આગળ ભણી શકશે. એક સારો નાગરિક તૈયાર કરી શકાશે. બાળકનો શિક્ષા મેળવવાનો અધિકાર હોવાંથી તેને તેનાથી વંચિત રાખવો હિતાવહ નથી.

SMCના સભ્યોને ગામના બધાજ બાળકોને શાળામાં પ્રવેશ અપાવવો અને ગુણવત્તાલક્ષી શિક્ષણ મેળવવા દરરોજ નિયમિત શાળામાં મોકલવા વાલીઓને જણાવવું જરૂરી છે.

### 10.2.8 સર્વ શિક્ષણ અભિયાન સંબંધી જોગવાઈ

### આર.ટી.ઈ. 2009 - શાળા વ્યવસ્થાપન સમિતિ

સ્વતંત્ર ભારતના બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતોની કલમ 45 મુજબ આપણે એવા પ્રયાસો કરવાના હતા, જેથી 6 થી 14 વર્ષના વયજૂથના તમામ બાળકો મફત પ્રાથમિક શિક્ષણ મળે. બંધારણ અમલમાં આવ્યું ત્યારથી દશ વર્ષના ગાળામાં આપણે આ કામ કરવાનું હતું. સ્વતંત્રતા પછી તરત જ આ અંગે ઘણું બધું કામ થયું છે. વર્ષ 1986ની નવી શિક્ષણનીતિ અને ત્યારબાદ ડીપીઈપી (જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ જેવી મહત્ત્વાકાંક્ષી યોજનાઓ વગેરેએ પણ આપણા પ્રયાસોમાં મદદ કરી. ત્યારબાદ 2001 થી સર્વ શિક્ષણ અભિયાનનો અમલ દેશ વ્યાપી અને સાર્વત્રિક રીતે થયો. આ યોજનાઓ અને કાર્યક્રમોના અમલ દરમિયાન એવું લાગ્યુ કે પ્રાથમિક શિક્ષણને બાળકનો મૂળભૂત અધિકાર ગણવામાં આવે તો રાજ્ય સરકારની લઈ શાળા અને સમુદાય સ્તરની તમામ સરકારી સંસ્થાઓ ઉપરાંત નાગરિક સમાજની સંસ્થાઓ પણ પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ માટે વધુ સક્રિય બને.

આમ બાળકના પ્રાથમિક શિક્ષણ માટે સામુહિક પ્રયાસ થાય અને જે તે કક્ષાએ જવાબદારી પણ સુનિશ્ચિત થાય એ માટે ''બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009'' સંસદ દ્વારા બનાવવામાં આવ્યો છે. આ કાયદાને ટૂંકમાં આર.ટી.ઈ. (રાઈટ ટુ એજ્યુકેશન) 2009 અથવા તો શિક્ષણના અધિકાર તરીકે ઓળખવામાં આવે છે.

શિક્ષણ અધિકાર કાયદા અંતર્ગત પ્રાથમિક શિક્ષણ માટે કેટલીક મહત્ત્વની જોગવાઈઓ કરવામાં આવી છે. આ જોગવાઈઓને આધારે રાજ્ય સરકારે અગત્યના ઠરાવો કર્યા છે. આ ઠરાવોની ટૂંકી વિગત આ મુજબ છે.

શાળામાં દાખલ કરેલ કોઈ પણ બાળકને પ્રારંભિક શિક્ષણ પૂરું થતાં સુધીમાં કોઈપણ ધોરણમાં રોકી શકાશે નહી. અથવા કાઢી મૂકાશે નહીં.

પહેલાં એવું થતું કે બાળક કોઈ એક ધોરણમાં એકાદ - બે વિષયમાં ચાર-પાંચ ગુણ ઓછા આવવાથી નાપાસ થાય તો બાળકે બધાજ વિષયો એક આખા વર્ષ માટે ફરીથી ભણવા પડે. આ ઠરાવને લીધે હવે બાળકોએ આ રીતે પોતાનો સમય બગાડવો નહીં પડે.

કોઈપણ કસોટી લેવાય એ બાળકને પાસ-નાપાસ કરવા નહીં, પરંતુ બાળકને શું અને કેટલું આવડે છે તે ચકાસવાનો છે.

કોઈપણ બાળકને શારીરિક શિક્ષા અથવા માનસિક કનડગત કે માનસિક ત્રાસ આપી શકાશે નહીં.

શિસ્તના પરંપરાગત ખ્યોલોથી દોરવાઈને શાળાઓમાં કેટલીવાર બાળકને સુધારવા માટે શારીરિક શિક્ષા કરવામાં આવે છે. આવી શિક્ષાથી બાળકનો વિકાસ થતો નથી, પરંતુ તેનો વિકાસ અટકે છે. એની સ્વતંત્ર વિચારશક્તિ કુંઠિત થાય છે. તેથી કાયદામાં શિક્ષા અંગે શિક્ષકને મનાઈ ફરમાવવામાં આવી છે.

શાળાઓમાં વર્ગખંડોમાં કેટલીવાર બાળકનું અપમાન થાય એ રીતે એની જ્ઞાતિના નામે કે પછી બાળક ભણવામાં નબળો હોય તો મૂર્ખ, નકામો વગેરે જેવાં અપમાનજનક શબ્દોથી એને

સંબોધવામાં આવે છે. આને લીધે પણ બાળકની સુષુપ્ત શક્તિઓ કુંઠિત થાય છે અને એનો વિકાસ રૂંધાય છે.

કોઈપણ શિક્ષક ખાનગી ટ્યુશન અથવા ખાનગી શિક્ષણની પ્રવૃત્તિ કરી શકશે નહીં.

કોઈપણ શિક્ષક અથવા વ્યક્તિ શાળામાં બાળકને દાખલ કરતી વખતે કોઈપણ પ્રકારની કેપિટેશન ફી વસુલ કરશે નહિ અને શાળામાં પ્રવેશ માટે બાળક અથવા તેના માતાપિતા-વાલીને તપાસ કે ઈન્ટરવ્યુમાંથી પસાર કરશે નહીં.

ઉપરોક્ત જોગવાઈનો અર્થ એ છે કે કોઈપણ શાળા વિદ્યાર્થીને પ્રવેશ આપતી વખતે કોઈપણ પ્રકારની કેપિટેશન ફી / સિક્યોરીટી ડિપોઝીટ, કોઈપણ પ્રકારનું દાન, શાળા દ્વારા નિયત કરેલી ફી ઉપરાંતની કોઈપણ પ્રકારની રકમ વાલી કે બાળક પાસેથી લઈ શકે નહીં.

કેટલીક ખાનગી શાળાઓ બાળકના પ્રવેશ માટેનું ફોર્મ આપવાનો પણ ઈન્કાર કરે છે. હવેથી કોઈપણ બાળકને પ્રવેશ માટેનું ફોર્મ ફરજિયાત રીતે આપવાનું છે અને પ્રવેશ ઈન્ટરવ્યુ પ્રથા ન હોવાંથી જેટલાં બાળકોને પ્રવેશ માટેની અરજીઓ આવી હોય તે પૈકી વહેલા તે પહેલાના ધોરણે અથવા ડ્રો કરીને પ્રવેશ આપવાનો રહેશે.

શૈક્ષણિક વર્ષ દરમ્યાન ધો 6 થી 8 માટે કામકાજના 220 દિવસ અને વર્ષ દીઠ ઓછામાં ઓછા 1000 કલાકનું શૈક્ષણિક કાર્ય કરવાનું રહેશે.

પ્રાથમિક શાળામાં દરેક શિક્ષકે અઠવાડિયાની 45 કલાકની કામગીરી કરવાની રહેશે. એટલે કે દિવસની શાળાઓમાં સોમથી શુક્ર દરમિયાન દરરોજ આઠ કલાક અને શનિવારે પાંચ કલાકની કામગીરી કરવાની રહેશે.

ઉપરોક્ત જોગવાઈઓનો હેતુ એ છે કે બાળક શાળામાં જેટલો સમય રોકાય તે સમય દરમિયાન એને પૂરતું ભણવાનું મળે.

વર્ગકાર્ય ઉપરાંત શાળા સમયમાં શિક્ષકે વર્ગશિક્ષણની તૈયારી, બાળકોની નોટબુક, સ્વાધ્યાય પોથી વિગેરે ચકાસવા જેવી કામગીરી કરવાની છે. આ સમય દરમિયાનમાં શિક્ષકે શાળામાં હાજર રહેવાનું છે.

## 10.3 શાળા વ્યવસ્થાપન સમિતિ

### 10.3.1 શાળા કક્ષાએ શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરવી

આ ઠરાવને ધ્યાનમાં લઈ સર્વ શિક્ષા અભિયાન દ્વારા આ અગાઉ રચના કરેલી ગ્રામશિક્ષણ સમિતિ અને ગ્રામ બાંધકામ સમિતિ નાબૂદ કરીને તેમને બદલે શાળા વ્યવસ્થાપન સમિતિ રચવાની થાય છે અને દર બે વર્ષે તેની પુનઃરચના કરવાની છે.

આ અગાઉ વીઈસીનું અસ્તિત્વ હતું, પરંતુ વીઈસીમાં એક જ વાલી પ્રતિનિધિ હતા. બાકીના મોટાભાગના સમુદાયનાં સભ્યો એવા હતાં. જેઓ હોદ્દાની રૂએ વીઈસીમાં સભ્ય હતા. જ્યારે એસ.એમ.સી.માં 75% પ્રતિનિધિત્વ વાલીઓનું હોઈ, એસ.એમ.સી. સાચા અર્થમાં શાળાની કામગીરીમાં રસ લેતી થાય એવો મુખ્ય આશય છે.

શાળાની જાળવણી, ઓરડાઓનું બાંધકામ તેમજ રિપેરીંગ જેવા કાર્યો ઉપરાંત મધ્યાહ્ન ભોજન પર દેખરેખ અને નિયંત્રણ તથા અન્ય શાળાકીય કામગીરીમાં સમુદાયની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે આ સમિતિની રચના કરવામાં આવી છે.

### 10.3.2 શાળા વ્યવસ્થાપન સમિતિનું માળખું


શાળા વ્યવસ્થાપન સમિતિ કુલ બાર (12) સભ્યોની બનશે. જેમાં 75% (9) સભ્યો શાળામાં અભ્યાસ કરવા બાળકોના માતા - પિતા કે વાલીઓમાંથી હશે. જેમાં વંચિત જૂથ અને નબળા વિભાગના બાળકોના માતા-પિતા કે વાલીઓને પ્રમાણસર પ્રતિનિધિત્વ આપવાનું રહેશે. 50%

મહિલા સભ્યો રહેશે. બાકી રહેલ 25% સભ્ય સંખ્યામાં નીચેની વ્યક્તિઓની સમાવેશ કરવાનો રહેશે.

- એક સભ્ય સ્થાનિક સત્તાતંત્ર (ગ્રામ પંચાયત, નગર શિક્ષણ સમિતિ) નક્કી કરે તેવા સ્થાનિક સત્તાતંત્રના ચૂંટાયેલા સભ્ય.
- એક સભ્ય સ્થાનિક શિક્ષણવિદો / શાળાના બાળકોમાંથી સમિતિમાં સમાવિષ્ટ માતા-પિતા નક્કી કરે તે.
- સ્થાનિક કડિયો (ગામમાં કડિયો ન હોય તો બાજુના ગામનો કડિયો) આ સભ્યની નિયુક્ત શાળા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષશ્રીએ કરવાની રહેશે.

શાળા વ્યવસ્થાપન સમિતિ પોતાના રોજિંદા વહીવટ ચલાવવા માટે સમિતિમાં માતા-પિતા તરીકે સમાવિષ્ટ સભ્યોમાંથી અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની પસંદગી કરશે. શાળાના આચાર્ય અથવા જ્યાં શાળામાં આચાર્ય ન હોય ત્યાં શાળાના શ્રેયાન શિક્ષક, હોદ્દાની રૂએ શાળા વ્યવસ્થાપન સમિતિના સચિવ બનશે. એસ.એમ. સી. ની બેઠક દર ત્રણ મહિને બોલાવવાની છે. બેઠક બોલાવવાનું અને એ અંગેનું નોંધ રાખવાનું કામ સભ્ય સચિવ કરશે.

### 10.3.3 શાળા વ્યવસ્થાપન સમિતિનાં સભ્યોની ભૂમિકા




### 10.3.4 શાળા વ્યવસ્થાપન સમિતિના કાર્યો અને ફરજો

(1) શાળાની કામગીરી ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખશે.

- ગામની શાળાની દેખરેખ રાખવી
- શાળામાં બાળકો અને શિક્ષકોની હાજરી અંગે ધ્યાન રાખવું.
- શિક્ષકો સાથે ચર્ચા કરી એમની મૂંઝવણો અને સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ બનવું.

(2) શાળા વિકાસ યોજના તૈયાર કરી તેની ભલામણ કરશે.

- ગામની શાળાનું આગામી સમયનું વિઝન વિચારવું અમુક વર્ષો પછી ગામની શાળા કેવી હશે એ અંગે આયોજન કરવું. દાખલા તરીકે આગામી વર્ષ દરમિયાન શાળાના દરેક ધોરણમાં વર્ગ પુસ્તકાલય હશે.

- શાળા આગામી વર્ષે કઈ પ્રવૃત્તિઓ ક્યારે અને કેવી રીતે કરવાની છે તેનું આયોજન કરવું. જેમ કે શિક્ષકદિનની ઉજવણી, સ્વયં શિક્ષણદિનની ઉજવણી કરવી, 26 જાન્યુઆરી ગણતંત્ર દિવસે શાળામાં પ્રદર્શન રાખવું. આગામી વેકેશનમાં બાળકો માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવું વગેરે.
- શાળાની ભૌતિક સુવિધાઓ માટે પણ આયોજન કરવું જેમકે ઓરડાનું બાંધકામ અથવા રિપેરીંગ કે રંગરોગાનનું કામ વેકેશન દરમ્યાન કરવું જેથી બાળકોનો અભ્યાસ ન બગડે.
- સમગ્રયતા શાળાની શૈક્ષણિક અને ભૌતિક બાબતોનું આયોજન કરવું, જેથી શાળાની પ્રત્યેક વસ્તુઓ, સંસાધનો બાળકના વિકાસના ઉપયોગી બને.

(3) રાજ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્ર અથવા બીજાં કોઈ સ્ત્રોતમાંથી મળેલ ગ્રાન્ટના ઉપયોગ/વપરાશ ઉપર દેખરેખ નિયંત્રણ રાખશે.

- સર્વ શિક્ષા અભિયાન દ્વારા અને અન્ય વિભાગો દ્વારા શાળાના વિકાસ માટે અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે વિવિધ પ્રકારની ગ્રાન્ટ મળે છે. આ ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ થાય એનું ધ્યાન રાખવું.
- કોઈપણ પ્રકારની ગ્રાન્ટ કયા હેતુ માટે કોના દ્વારા અને કેવી રીતે વાપરવાની છે તેની વિગતવાર ચર્ચા કરવા માટે એસ એમસી ની બેઠક બોલાવવી આ બેઠકમાં નક્કી થયા મુજબ ગ્રાન્ટનો સમયસર ઉપયોગ થાય તેની દેખરેખ રાખવી.

(4) શાળાની પડોશ (નજીક) ના વિસ્તારની જનતાને સરળ અને રચનાત્મક શૈલીથી આરટીઈ એક્ટ 2009 અન્વયે બાળકોને પ્રાપ્ત થયેલ અધિકારો અંગે સમજણ આપશે. અને રાજ્ય સરકાર સ્થાનિક સત્તાતંત્ર શાળા, માતા-પિતા અને વાલીઓની ફરજો અંગેની સમજણ આપશે.

- એસ.એમ.સી. ના સભ્ય તરીકે આપણે શાળા અને ગામ વચ્ચે સેતુ બનવાનું છે.
- શિક્ષણના અધિકાર કાયદા વિશે આપણે ગામ લોકોને જણાવવાનું છે.
- ગામના અન્ય પ્રસંગે, મહોત્સવો કે ગ્રામ સભામાં પણ શિક્ષણના અધિકાર વિશે ચર્ચા કરવી.
- જે વાલીઓના બાળકો શાળાએ નથી આવતાં એમને સમજાવીને તેઓ બાળકોને શાળાએ મોકલે તે માટે પ્રોત્સાહિત કરવા.
- ગામના પ્રાથમિક શિક્ષણના વિકાસ માટે ગ્રામ પંચાયત/નગરપાલિકા, સહકારી મંડળી વગેરેમાંથી પણ જરૂરી સહકાર મળી રહે તે માટે પ્રયાસ કરવા.

(5) આરટીઈ એક્ટ 2009 ની કલમ 24ની પેટા કલમ (ક) અને (ગ) અને કલમ 28ની અમલવારી સુનિશ્ચિત કરશે.

- શિક્ષણના અધિકારના કાયદા મુજબ સોમની શુક્રવાર દરમ્યાન શાળાના કામના કલાકો આઠ કલાક છે. અને શનિવારે પાંચ કલાક છે. ધોરણ 1 થી 5 દરરોજ ઓછામાં ઓછું 4 કલાક અને ધોરણ 6 થી 8 માં ઓછામાં ઓછું 5 કલાક શૈક્ષણિક કાર્ય (વર્ગકાર્ય) ચાલવું જોઈએ. એસ.એમ.સી. ના સભ્ય તરીકે આપણે આ બાબતની કાળજી રાખવી.
- શિક્ષકો શાળા સમય દરમ્યાન શાળામાં પૂરો સમય હાજર રહે તેનું ધ્યાન રાખવું.
- વાર્ષિક શૈક્ષણિ આયોજન મુજબ શિક્ષક અભ્યાસક્રમ ચલાવે અને પૂર્ણ કરે તેની કાળજી રાખવી.
- જરૂર જણાશે તો અંગે શાળાના આચાર્ય સાથે વ્યક્તિગત ચર્ચા કરવી.
- એસ.એમ.સી.ની બેઠકમાં શિક્ષકોની હાજરી, તેનું શૈક્ષણિક કાર્ય અભ્યાસક્રમ વગેરે મુદ્દાઓની પણ ચર્ચા કરવી.

(6) આરટી ઈ એક્ટ 2009 ની કલમ 27માં નિર્દિષ્ટ બોજો સિવાયની અન્ય બિન-શૈક્ષણિક બોજો શિક્ષકોને સોંપવામાં આવે નહિ તે દેખરેખ-નિયંત્રણ રાખશે.

- શિક્ષકોને વસ્તી ગણતરી, ચૂંટણી અને આપત્તિ રાહ કાર્ય સિવાયની કોઈપણ બિનશૈક્ષણિક કામગીરી કરવાની નથી.
- જો શાળાના શિક્ષકો અન્ય બિનશૈક્ષણિક કામગીરીને લીધે બાળકોના શિક્ષણ કાર્ય માટે પૂરતો સમય ન આપી શકતા હોય તો તે અંગે આચાર્ય સાથે ચર્ચા કરવી.
- બાળકોના શિક્ષણના ભોગે શિક્ષક બિનશૈક્ષણિક કામગીરીને લીધે બાળકોના શિક્ષણ કાર્ય માટે પૂરતો સમય ન આપી શકતા હોય તો તે અંગે આચાર્ય સાથે ચર્ચા કરવી.
- જરૂર જણાય ત્યારે ઉપલી કચેરી (તાલુકા કેળવણી નિરીક્ષક, જિલ્લા શિક્ષણ અધિકારી) નું પણ ધ્યાન દોરવું.

(7) શાળાની નજીકના વિસ્તારનાં તમામ બાળકો નામાંકન અને નિયમિત હાજરી સુનિશ્ચિત કરવી.

- ગામના તમામ બાળકો સારી રીતે પ્રાથમિક શિક્ષણ લે તે જોવાની જવાબદારી એસ.એમ.સી. ની પણ છે, જો બાળક નિયમિત શાળામાં ન આવે તો તે સારી રીતે ભણી ન શકે.
- જો કોઈ બાળક વારંવાર ગેરહાજર રહેતું હોય તો. એના ઘરે જઈ વાલીને સમજાવવા.
- ફળિયાના મોટાં બાળકો નાનાં બાળકો અનિયમિત આવતા હોય તો એસ.એમ.સી.ના ચાર પાંચ સભ્યો સાથે જઈને એ વિસ્તારમાં જઈએ અને વાલીઓ સાથે મીટીંગ કરીને તેમને સમજાવો.

(8) બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણ અભિનિયમ 2009ની અનુસૂચિતમાં નિર્દિષ્ટ શાળા માટેના ધોરણો અને માપદંડ જળવાય તે માટે દેખરેખ અને નિયંત્રણ રાખશે.

- શિક્ષણના અદિકાર કાયદા મુજબ ધોરણ 1 થી 5 માં 60 બાળકો હોય તો બે શિક્ષક, 61 થી 90 બાળકો હોય તો ત્રણ શિક્ષકો, એકાણુ થી એકસો વીસ બાળકો હોય તો ચાર શિક્ષકો, એક્સો એકવીસથી એકસો પચાસ બાળકો હોય તો પાંચ શિક્ષકો હોવાં જોઈએ.

  એકવીસ થી એકસો પચાસ બાળકો હોય તો પાંચ શિક્ષકો હોવાં જોઈએ. એકસો પચાસથી વધુ બાળકો હોય તો પાંચ શિક્ષકો ઉપરાંત એક આચાર્ય હોવાં જોઈએ. વિદ્યાર્થીદીઠ શિક્ષકનો ગુણોત્તર 400:1 થી વધવો ન જોઈએ.
- આજ રીતે ધોરણ 6 થી 8 માં પ્રત્યેક રૂપ બાળક દીઠ એક શિક્ષક હોવોં જોઈએ, જેમાં એક શિક્ષણ ગણિત-વિજ્ઞાન, એક શિક્ષક સામાજિક વિજ્ઞાન અને એક શિક્ષક ભાષાઓ માટે હોવોં જોઈએ.
- દરેક શિક્ષક માટે ઓછામાં ઓછો એક વર્ગખંડ હોવોં જોઈએ. છોકરાઓ અને છોકરીઓ માટે અલગ અલગ શૌચાલયની સુવિધા હોવી જોઈએ. પીવાના પાણીની સગવડ હોવી જોઈએ. મેદાનની વ્યવસ્થા હોવી જોઈએ. દરેક શાળામાં પુસ્તકાલયની સુવિધા હોવી જોઈએ.
- શાળામાં શિક્ષક માટે દર અઠવાડિયે કામકાજના ઓછામાં ઓછા 45 કલાક થવા જોઈએ.
- શાળા માટેના ઉપરોક્ત ધોરણ અને માપદંડો આપણી શાળામાં સંતોષાય એ માટેના પ્રયત્ન કરવા. ખૂટતી બાબતો શાળા વિકાસ યોજનામાં સામેલ કરવી અને એના અમલ માટે તકોદારી રાખવી.

(9) બાળકો શિક્ષણના અધિકારના ઉલ્લંઘન ખાસ કરીને બાળકને શારીરિક શિક્ષા અને માનસિક કનડગત, પ્રવેશ નિષેધ કરવો અને આરટીઈ એક્ટ 2009 ની કલમ-3 (2)માં નિર્દિષ્ટ મળાવપાત્ર નાણાંકીય સહાય સમયસર ન ચૂકવાય જેવી બાબતે સ્થાનિક સત્તાતંત્રના ધ્યાને લાવવી.

- શાળામાં કોઈપણ બાળકને શારીરિક શિક્ષા ન થાય તેની તકેદારી રાખવી.
- જો ક્યારેક કોઈ શિક્ષક બાળકને શારિરીક શિક્ષા કશે તો તરતજ આચાર્યનું ધ્યાન દોરવું.
- જે બાળકોને કોઈક યોજના અંતર્ગત નાણાંકીય સહાય યા શિષ્યવૃત્તિ મળવાપાત્ર હોય તો એને એ મળે જ એની તકેદારી રાખવી. આ માટે સમયસર ફોર્મ ભરી દેવું દેવું અને જે તે જગ્યાએ એ ફોર્મ મોકલી આપવું અને શાળાને નાણાં મળી જાય કે તરત જ આવા બાળકોના વાલીને બોલાવીને એને મળવાપાત્ર નાણાંકીય સહાય ચૂકવાઈ જાય તેવી વ્યવસ્થા કરવી.
- એસએમસી ની બેઠકમાં શિષ્યવૃત્તિ અને અન્ય નાણાંકીય સહાય અંગે ચર્ચા કરી સમયસર ફાળવણી થાય તેવું આયોજન કરવું.

(10) આરટીઈ એક્ટ 2009ની કલમ 4 ની જોગવાઈઓના અમલીકરણ માટે પ્રવેશ વંચિત રહેલ અથવા જેમણે પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરેલ જ હોય તેવા બાળકો માટેની જરૂરિયાતો નક્કી કરવા યોજના તૈયાર કરવી.

- શાળા કક્ષાએ થતા અનેક પ્રયત્નો છતાં પણ કેટલાંક બાળકો શાળાએ આવી શકતા નથી આવા બાળકો શા માટે શાળાએ નથી આવી શકતા તેના કારણો જાણે અને તેમની કોઈ સવિશેષ જરૂરિયાત હોય તો તે પણ ઓળખવી.
- જે બાળકો ક્યારેય શાળાએ ગયાં નથી અથવા તો અધવચ્ચેથી ભણવાનું છોડી દીધું હોય એ બાળકોને તેમની ઉંમર મુજબના ધોરણમાં પ્રવેશ આપવાની વ્યવસ્થા કરવી. આવાં બાળકો શાળા સાથે આત્મીયતા કેળવી શકે અને પોતાના દોરણના વર્ગકાર્યને સમજી શકે એટલા માટે સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ અંતર્ગત વર્ગ આયોજન કરવું.

(11) વિકલાંગ બાળકોની ઓળખ અને તેમના નામાંકન તથા ભણવા માટેની સવલતો બાબત દેખરેખ નિયંત્રણ રાખવું અને તેઓ પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે તે માટે તેમની ભાગીદારી સુનિશ્ચિત કરવી.

- આપણા ગામના વિકલાંગ બાળકોને પણ ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણ મળવું જોઈએ.
- વિકલાંગ બાળકને આપણા ગામની સામાન્ય બાળકો સાથે જ ભણવાનો હક છે. આવું થાય તો તે મોટું થઈને સમાજ સાથે સંવાદિતા સ્થાયી શકે અને એકલતા જ અનુભવે.
- વિકલાંગ બાળકો સામાન્ય શાળામાં ભણી શકે તે માટે એમને સર્વ શિક્ષા અભિયાન અને અન્ય કાયમ અંતર્ગત વિશિષ્ટ લાભ આપવામાં આવે છે. આ લાભ જે તે બાળક સુધી પહોંચે તેની તકેદારી રાખવી. જેમ કે સાંભળવાની તકલીફ હોય એવા બાળકને શ્રવણયંત્ર, આંખની ખામી હોય તો તેને ચશ્મા, ચાલી ન શકતું હોય તો. તેને વ્હીલચેર વગેરે સુવિધાઓ આપવામાં આવે છે. શાળાનાં વિકલાંગ બાળકો માટે ખાસ તાલીમબદ્ધ શિક્ષક (રિસોર્સ ટીચર)ની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. આ શિક્ષક પોતાની શાળા મુલાકાત દરમ્યાન વિકલાંગ બાળક અને તેના વાલીને મળે તેની કાળજી રાખવી.

(12) શાળામાં બાળકો માટે મધ્યાહ્ન ભોજન અમલવારી ઉપર દેખરેખ નિયંત્રણ કરવું.

- બાળકોને દરરોજ શાળામા ગરમ (તાજું) જમવાનું મળે તેની કાળજી રાખવી.
- જે તે દિવસના મેનુમાં દર્શાવ્યા મુજબની વાનગી બાળકોને મળે તેની તકેદારી રાખવી.
- દરરોજ કેટલા બાળકો આ યોજનાનો લાભ લે છે તેની ગણતરી કરવી. જો કોઈ બાળકો શાળામાં ન જમતાં હોય તો તેના વાલીઓને અને બાળકોને સમજાવવા.
- ભોજન લેતાં બાળકોની સારી હાજરી મધ્યાહ્ન ભોજન સંચાલક રજીસ્ટરમાં નોંધાય તેની તકેદારી રાખવી.
- અવારનવાર શાળામાં જઈને મધ્યાહ્ન ભોજન અંતર્ગત તૈયાર થતું ભોજન કરીને ચકાસવું જરૂર જણાય તો સંચાલકને સૂચના આપવી.

- બાળકો જમતાં પહેલા સારી રીતે હાથ સાફ કરે તેની જ ખાતરી કરવી.
- બધા જ બાળકો કોઈપણ જાતના નાત-જાત, જ્ઞાતિ, ધર્મ, લિંગ, આર્થિકસ્તર, શૈક્ષણિકસ્તર વગેરેના ભેદભાવ વગર એકસાથે બંસીને ભોજન લે તેવી તકેદારી રાખવી. મધ્યાહ્ન ભોજનનો એક હેતુ એ પણ છે કે બાળકોમાં સમાનતા અને સંવાદિતાની ભાવના વિકસે.

(13) શાળાના આવક અને ખર્ચના વાર્ષિક હિસાબો તૈયાર કરવા.

(14) અધિનિયમ અંતર્ગત અને ફરજો બજાવવા માટે શાળા વ્યવસ્થાપન સમિતિને મળનાર નાણાં માટે અલાયદા હિસાબો જાળવવા અને તે દરેક વર્ષે ઓડિટ માટે બતાવવાના રહેશે.

(15) ઉપર ક્રમ 13 અને 14 મા નિદિષ્ટ કરેલ હિસાબો શાળા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ/ઉપાધ્યક્ષ/અને સભ્ય સચિવે સહી કરીને તૈયાર કર્યાના એક માસમાં સત્તાતંત્રને રજૂ કરવાના રહેશે.

(16) લોકભાગીદારીથી શાળાના મકાનોના નિર્માણ, નિભાવ અને દુરસ્તીના કામો હાથ ધરવા અને તેના પર નિરીક્ષણ / દેખરેખ રાખવી.

- શાળા બાંધકામ, રિપેરિંગ, જાળવણી વગેરે માટે સર્વ શિક્ષા અભિયાન, શિક્ષણ વિભાગ અને અન્ય સરકારી સ્ત્રોતમાંથી નાણાં મળતાં હોય છે. આ ઉપરાંત સમૂદાયમાંથી પણ ોઈક દાતા તરફ દાન મળતું હોય છે. આ તમામ નાણાંનો સદુપયોગ થાય તે રીતે વાપરવા, શાળાના બાંધકામ અને રિપેરિંગ સંબંધી કામગીરીમાં નિયમિત રીતે દેખરેખ રાખવી.
- બાંધકામ સંબંધી બાબતો માટે એસએમસીના સભ્ય ન હોય તે પણ જાણકાર હોય તેવા લોકોની પણ મદદ લેવી. જેથી વધુ ગુણવત્તાયુક્ત કામ થાય.

(17) શાળા વિકાસ / સુધારણા કાર્યક્રમમાં મળતાં નાણાંકીય ભંડોળનો યોગ્ય ઉપયોગ થાય, માલ સામાન ખરીદી સ્પર્ધાત્મક ભાવો મંગાવીને સૌથી ઓછા ભાવ ધરાવતા વેપારી પાસેથી ગુણવત્તાયુક્ત અને કરકસરભરી રીતે શાળાની જરૂરિયાત મુજબ અને યોજનાની માર્ગદર્શિકા મુજબ શાળાના હેતુ માટે જ થાય તે જોવાનું રહેશે.

- શાળાના વિકાસ માટે સર્વ શિક્ષા અભિયાન દ્વારા દર વર્ષે નિયત રકમ મળે છે. આ રકમ ઉપરાંત ઓરડા, શૌચાલય, મધ્યાહ્ન ભોજન શેડ વગેરે માટે પણ જરૂરિયાત મુજબની અલગ ગ્રાન્ટ મળતી હોય છે.
- બાંધકામને લગતી સામગ્રી / માલસામાન સારી ગુણવત્તાવાળી હોય તે જરૂરી છે. સારી ગુણવત્તાવાળો માલસામાન યોગ્ય કિંમતે મળી રહે તે માટે નજીકના સ્ત્રોતો પાસેથી ભાવ મંગાવીને સૌથી ઓછા (સ્પર્ધાત્મક) ભાવથી માલસામાન ખરીદવો.
- બાંધકામ સંબંધી ટેકનિકલ અને નાણાંકીય ખર્ચ અંગેની બાબતો માટે એસ એસ એ દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકાનું પાલન કરવું.

(18) રાજ્ય સરકાર અથવા નિયામક (પ્રાથમિક શિક્ષણ) અથવા સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટ (સર્વ શિક્ષા અભિયાન) અથવા જિલ્લા / નગર શિક્ષણ સમિત દ્વારા નિયત કરવામાં આવે તેવા બીજાં કાર્યો કરશે.

- એસ.એમ.સી.ની રચના આરટીઈ કાયદા મુજબ કરવામાં આવી છે. આરટીઈ અંતર્ગત ઘણીબધી કામગીરી સર્વ શિક્ષા અભિયાન તેમજ પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા કરવામાં આવે છે. ગામના તમામ બાળકો શાળામાં દાખલ થાય અને આઠ ધોરણ સુધીનું પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે એ માટે જરૂરી તમામ કાર્યક્રમો માટે રાજ્ય કક્ષાએ આ બે કચેરીઓ તેમજ જિલ્લા શિક્ષણ સમિતિ નગર શિક્ષણ સમિતિ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. આ બધી પ્રવૃત્તિઓમાં સહભાગી થવું.

(19) મધ્યાહ્ન ભોજનમાં બાળકોને ગુણવત્તાયુક્ત પોષક આહાર આપવાના, બાળકોની હાજરી (સ્થાયીકરણ) વધારવાના અને બાળકોમાં એકતા અને સંવાદિતાની ભાવના જળવાય તેવા શુભ આશયથી ચાલતી આ યોજના છે, જેની દેખરેખ રાખવી.

## 10.4 મધ્યાહ્ન ભોજન યોજના

### 10.4.1 પ્રસ્તાવના

- સર્વ શિક્ષણ અભિયાનના ભાગરૂપે મધ્યાહ્ન ભોજન યોજનાનો અમલ કરવાનું વિચારવામાં આવ્યું છે.
- બાળકો શાળાએ જુદાં જુદાં વિસ્તારમાંથી આવે છે. તેઓની આર્થિક પરિસ્થિતિ નબળી જોવા મળે છે. તેઓને બે ટાઈમ ભોજન પણ મળતું નથી. શાળાએ ભૂખ્યા પેટે આવે છે. શાળામાં ભૂખ્યા પેટે આવે ત્યારે શિક્ષણમાં ધ્યાન કેન્દ્રીત કઈ રીતે કરી શકે ?
- ભૂખ્યા બાળકો અભ્યાસમાં ધ્યાન કેન્દ્રીત ન કરી શકવાને કારણે શાળા છોડી ને ઘેર જતા રહે છે. તેઓની હાજરી અનિયમિત બની જાય છે. તેથી અધવચ્ચેથી શાળા છોડી દે છે.
- આવું ન બને એટલે માટે પ્રાથમિક વિભાગમાં ફરજિયાત રીતે મધ્યાહ્ન ભોજન યોજનાનો અમલ કરવામાં આવેલ છે.
- બધાજ બાળકોને રીશેષના સમયે ભોજન આપવામાં આવે છે. ખાસ કરીને સરકારી શાળા પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવેલ છે.
- મધ્યાહ્ન ભોજન યોજનાને કારણે બાળકોની હાજરીનું પ્રમાણ વધી ગયું છે. આ એક સારી બાબત ગણી શકાય.
- મધ્યાહ્ન ભોજન યોજનામાં એક મર્યાદાઓ છે. ખોરાક હલકી ગુણવત્તાવાળો આપવામાં આવે છે.
- નોબેલ પ્રાઈઝ વિજેતા પ્રો.આમર્ત્ય સેન કહે છે. ''પ્રાથમિક શિક્ષણની સદ્ધરતા વિના સમાજની કરોડરજ્જુ સ્થિર ન રહે, રાષ્ટ્ર ક્યારેય પ્રગતિ ન કરી શકે.'' સાર્વત્રિક અને વૈશ્વિકરણ સંદર્ભમાં માત્ર વ્યાપ પૂરતો નથી. તેમા ગુણવત્તા અને જરૂરિયાત પણ ઉમેરવા જોઈએ. અહી ગુણવત્તા અને જરૂરિયાત શબ્દ મધ્યાહ્ન ભોજનમાં અક્ષરશઃ લાગુ પડે છે.

ભારત દેશ વસ્તીની દષ્ટિએ વિશ્વમાં બીજા નંબરનું સ્થાન ધરાવે છે. જેમ વસ્તી વધારે તેમ તેમની રહેવાની, જમવાની, વ્યવસાયની વગેરે સમસ્યાઓ પણ ગંભીર રીતે વિસ્તરતી હોય છે. આમ પણ ભારત દેશ એ ગામડાઓનો બનેલો દેશ છે. મોટા ભાગના લોકો ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે. આપણા દેશના 40% વિદ્યાર્થીઓ જુદાં જુદાં સામાજિક અને આર્થિક ક્ષેત્રે કહેવાતા નબળા વર્ગોમાંથી આવે છે. ભારતના બંધારણમાં આર્ટિકલ-39 મુજબ રાજ્યમાં રહેતા તમામ લોકો માટે આરોગ્ય અને તંદુરસ્તી માટેની જોગવાઈ કરવાની રહે છે. સામાજિક અને રાષ્ટ્રીય એકતાના મુખ્ય સંદેશ સાથે ભારતમાં સૌ પ્રથમ 1982માં તામિલનાડુમાં મધ્યાહ્ન ભોજન આપવાની શરૂઆત કરવામાં આવી, જ્યારે ગુજરાતમાં તેની શરૂઆત 19 મી નવેમ્બર 1984થી કરવામાં આવી નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર મધ્યાહ્ન ભોજન યોજનાને ફરજિયાતપણે વર્ષમાં ઓછામાં ઓછા 200 દિવસ બાળકોને ભોજન આપવાનું નક્કી કરવામાં આવ્યું. જે અંતર્ગત સરકાર હસ્તકની પ્રાથમિક શાળાઓમાં આ યોજના શરૂ કરવામાં આવી. નેશનલ પ્રોગ્રામ ઓફ ન્યુટ્રિશન સ્કીમ ઓફ એજ્યુકેશન હેઠળ આ યોજના કાર્યરત છે.

### 10.4.2 હેતુઓ

- કુપોષણની સમસ્યાઓનો ઉકેલ લાવવો.
- વિદ્યાર્થીઓના આરોગ્ય અને પોષણ મૂલ્યોમાં વધારો કરવો.
- ગરીબ બાળકોને શાળામાં આવા પ્રોત્સાહન આપવું.

- બાળકોના ડ્રોપઆઉટ દરમાં ઘટાડો કરી હાજરીમાં વધારો કરવો.
- બાલ્યાવસ્થાથી જ બાળકોમાં સામાજિક અને રાષ્ટ્રીય એકતાનું જોડાણ કરવું.
- ગ્રામ્ય કક્ષાએ રોજગારીની તકો પૂરી પાડવી.
- પરોક્ષ રીતે રાજ્ય તેમજ રાષ્ટ્રમાંથી ગરીબી દૂર કરવી.
- છેલ્લી NP NSPE ગાઈડ લાઈન મુજબ પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ કરવું.

**વિષયવસ્તુ :**

**10.4.3 મધ્યાહ્ન ભોજનના અમલીકરણની વ્યવસ્થા**

ગુજરાત રાજ્યના સંદર્ભમાં મધ્યાહ્ન યોજનાનું અમલીકરણ શિક્ષણ વિભાગના નેજા હેઠળ કમિશ્નર ઓફ સ્કૂલ્સની કચેરી દ્વારા કરવામાં આવે છે. મધ્યાહ્ન ભોજન યોજનાની રાજ્ય સ્તરથી શરૂ કરી શાળા સુધીની અમલીકરણ સાંકળ નીચે મુજબ છે :-

શિક્ષણ ખાતું
↓
કમિશ્નર

| ↓ | ↓ |
|---|---|
| જોઈન્ટ કમિશ્નર | કલેક્ટર/મ્યુનિ.કમિશ્નર |
| ↓ | ↓ |
| આસિ.કમિશ્નર (અમલીકરણ) | ડેપ્યુટી કલેક્ટર/ડેપ્યુટી મ્યુનિ.કમિશ્નર |
| ↓ | ↓ |
| મામલતદાર | નાયબ મામલતદાર (વહી.) |
| ↓ | નાયબ મામલતદાર (એકા.) |
| એકાઉન્ટ ઓફિસર | ↓ |
| ↓ | નાયબ મામલતદાર (ઈન્સ્પે.) |
| રીસર્ચ ઓફિસર | નાયબ મામલતદાર (એકા..) |
| ↓ | ↓ |
| નાયબ મામલતદાર | નાયબ જિલ્લા પ્રા.શિક્ષણ અધિકારી |
| ↓ | ↓ |
| | સંચાલક (શાળા) |

**10.4.4 દૈનિક ખાદ્ય સામગ્રીના માપદંડ :**

**નોંધ :** ધો.1 થી 5 માં દૈનિક 450 ગ્રામ કેલરી તથા 15 ગ્રામ પ્રોટીન મળવું જોઈએ.

ધો.6 થી 8માં દૈનિક 750 ગ્રામ કેલરી તથા 20 ગ્રામ પ્રોટીન મળવું જોઈએ.

| ક્રમ | વસ્તુ | ધો 1 થી 5 પ્રાથમિક | ધો.6 થી 8 ઉચ્ચ પ્રાથમિક |
|---|---|---|---|
| 1 | અનાજ (ઘઉં, ચોખા) | 100 ગ્રામ / 50 ગ્રામ | 150 ગ્રામ |
| 2 | દાળ-કઠોળ | 20 ગ્રામ | 30 ગ્રામ |
| 3 | શાકભાજી | 50 ગ્રામ | 75 ગ્રામ |
| 4 | ખાદ્યતેલ | 10 ગ્રામ | 10 ગ્રામ |
| 5 | મીઠું અને મરી મસાલા | જરૂરિયાત મુજબ | જરૂરિયાત મુજબ |
| | કુલ | 180 ગ્રામ | 265 ગ્રામ |

ફુડ ગ્રેઈન ફ્લો ચાર્ટ

↓

ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા

↓

ગુજરાત રાજ્ય પુરવઠા નિગમ

↓

જિલ્લા ગોડાઉન

↓

તાલુકા ગોડાઉન

↓

એફ.પી.એસ.

↓

એમ.ડી.એસ. સેન્ટર

↓

સંચાલક

**10.4.5 એન.જી.ઓની કામગીરી**

- અક્ષયપાત્ર, પશ્ચિમ અમદાવાદ, ગાંધીનગર જીલ્લાના ત્રણ તાલુકા, વડોદરા તથા સુરત શહેર
- સ્ત્રી શક્તિ, પૂર્વ અમદાવાદ અને વધારાના ત્રણ તાલુકા
- નાયક ફાઉન્ડેશન નવસારી જિલ્લો.

**મોનિટરીંગ અને ઈવેલ્યુએશન રીપોર્ટ :**

- શંગુઈન મેનેજમેન્ટ સર્વિસ પ્રા.લિ. અમદાવાદ.
- સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈકોનોમિક એન્ડ સોશિયલ રીસર્ચ
- ધી મહારાજ સયાજીરાવ ગાયકવાડ યુનિ. વડોદરા.

**10.4.6 મધ્યાહ્ન ભોજન અમલવારી ઉપર દેખરેખ અને નિયંત્રણ**

- બાળકોને દરરોજ શાળામાં ગરમ (તાજું) જમવાનું મળે તેની કાળજી રાખવી.
- જે તે દિવસના મેનુમાં દર્શાવ્યા મુજબની વાનગી બાળકોને મળે તેની ખાતરી કરવી.
- જે તે દિવસના મેનુમાં દર્શાવ્યા મુજબ દરેક વસ્તુઓ કઠોળ, શાકભાજી અને તેલ વાપરવામાં આવે તે સુનિશ્ચિત કરવું.
- મધ્યાહ્ન ભોજન સંચાલક દ્વારા વાપરવામાં આવતી ભોજન સામગ્રી પોષક અને ગુણવત્તાયુક્ત હોય તેની ખાતરી કરવી.
- દરેક બાળકને તેઓની જરૂરિયાત પ્રમાણે પૂરતા પ્રમાણમાં ભોજન આપવામાં આવે.
- જો સંચાલક, રસોઈયા કે મદદનીશ આ યોજનાના અમલમાં યોગ્ય કાળજી ન લેતાં હોય તો તેમનો સમજાવવા.
- યોજનાને નુકસાન કરનાર જે તે સંચાલક, રસોઈયા કે મદદનીશને દૂર કરી તેમના સ્થાને નવી વ્યક્તિની નિમણૂંક કરવી.

**વિચારો અને ચર્ચા કરો (જૂથ કાર્ય) :**

- મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત આપના અભિપ્રાયો વ્યક્ત કરો.
- મધ્યાહ્ન ભોજનની આવશ્યકતા અને અનિવાર્યતા જણાવો.
- મધ્યાહ્ન ભોજનની શિક્ષણની ગુણવત્તા પર થતી અસરની ચર્ચા કરો.
- તમારી શાળામાં ચાલતી મધ્યાહ્ન ભોજન યોજનાની ગુણવત્તા જાળવી રાખવા તમારું આયોજન સ્પષ્ટ કરો.

**સંદર્ભ :**

- શિક્ષણનો અધિકાર (શાળા વ્યવસ્થાપન સમિતિ) GCERT દ્વારા પ્રકાશિત મોડ્યુલ.

## 10.5 શાળા પ્રવેશ ઉત્સવ

### 10.5.1 પ્રસ્તાવના

પ્રાથમિક શિક્ષણને ગતિશીલ બનાવવા માટે 100% નામાંકન 100% સ્થાયીકરણ અને શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે ‘શાળા પ્રવેશોત્સવ’ અસરકારક કાર્યક્રમ છે. 1998-99ના વર્ષથી શાળા-પ્રવેશોત્સવ નામનો નવતર કાર્યક્રમ 100% નામાંકનનો લક્ષ્યાંક સિદ્ધ થાય તે માટે અમલમાં મૂકવામાં આવ્યો.

કોઈપણ નાગરિક માટે શિક્ષણ મેળવવાનો ભારતનો બંધારણનો મૂળભૂત અધિકાર છે. (Right to Education) રાજ્યના કોઈપણ વિસ્તારનું, કોઈપણ બાળક, કોઈપણ શાળામાં 6 થી 14 વર્ષની ઉંમરે પ્રવેશ મેળવી શકે. કોઈપણ બાળકના આથી વંચિત ના રહે તેવી સરકારશ્રીનો અડગ નિર્ધાર છે. ધર્મ, જાતિ અને આર્થિક સ્થિરતા ભેદભાવ પર સમાનતાના ધોરણે શિક્ષણ આપવાનો ઉદ્દેશ છે. 2002-03 શૈક્ષણિક વર્ષથી શાળા-પ્રવેશોત્સવ, કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. સમગ્ર કાર્યક્રમમાં તમામ સ્તરેથી અધિકારશ્રીઓ તથા પદાધિકારીશ્રીઓ કન્યા કેળવણી પ્રવેશોત્સવ માટે સામાજિક સેવાની ભાવનાથી સક્રિય રીતે જોડાય છે.

નવીન દાખલ થયેલ બાળકોને તે દિવસે શાળામાં પ્રવેશ આપવામાં આવે છે. તેમજ શાળા છોડી ગયેલ બાળકોને શાળામાં પુનઃપ્રવેશ આપવાની કામગીરી પણ કરવામાં આવે છે. સરકારની અનેકવિધ યોજનાઓની જાણકારી અને દિન-પ્રતિદિન ઘટતા જતા સ્ત્રી-પુરૂષના અપ્રમાણસર જન્મદરના ગુણોત્તરને પ્રમાણસર કરવા માટે સ્ત્રી ભ્રૂણ હત્યા અને બેટી બચાવો વિશે જાગૃતિ લાવવા માટેના પ્રયત્નો પણ કરવામાં આવે છે. કન્યા કેળવણીના વિકાસાર્થે તેમજ શૈક્ષણિક ગુણવત્તામાં સુધારો લાવવા માટે આ કાર્યક્રમની છેલ્લા દસ વર્ષથી શિક્ષણયાત્રાને સમાજના દરેક સ્તરના લોકોએ સહર્ષ સ્વીકાર્યો છે. સ્થાનિક નાગરિકોના રચનાત્મક સહકારથી અભૂતપૂર્વ સફળતા મળેલ છે.

કન્યા કેળવણી મહોત્સવ એ આપણા સૌનો કાર્યક્રમ છે. શાળામાં ભણતા બાળકોને આત્મવિશ્વાસ, હૂંફ અને પ્રેરણા અર્પે છે. સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ કેળવવામાં પૂરક બને છે.

### 10.5.2 શાળા પ્રવેશ ઉત્સવના હેતુઓ

**હેતુઓ :**

- શાળામાં 100% નામાંકન થાય.
- બાળકોનો શાળા પ્રત્યેનો ડર દૂર થાય.
- ગામમાં શૈક્ષણિક વાતાવરણનું નિર્માણ થાય.
- વાલીઓ શિક્ષણાભિમૂખ અને શાળાની વિવિધ પ્રવૃત્તિઓથી વાકેફ થાય.
- ગામના લોકો શિક્ષણમાં રસ લેતા થાય.
- શિક્ષકો બાળકો સાથે આત્મીયતા કેળવે.

**શૈક્ષણિક મુદ્દાઓ :**

- શાળા પ્રવેશોત્સવ એટલે શું ?
- શાળા પ્રવેશોત્સવનું મહત્ત્વ.
- શાળા પ્રવેશોત્સવનું આયોજન-અમલીકરણ.
- શાળા પ્રવેશોત્સવની ઉજવણી.
- શાળા પ્રવેશોત્સવની લોકભાગીદારી.

### 10.5.3 શાળા પ્રવેશોત્સવ એટલે શું ?

શાળા પ્રવેશોત્સવ એટલે ગામડાના 6 થી 14 વર્ષના તમામ બાળકોને શાળામાં પ્રવેશ આપવાનો કાર્યક્રમ. 'શિક્ષણને સંસ્કારોથી સુવાસિત કરવાનો કાર્યક્રમ' કોઈપણ વિસ્તારનું કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટેનો ઉત્સવ. બાળકોનો, બાળકો માટે, બાળકો દ્વારા ઉજવાતો કાર્યક્રમ.

ગામની બધી જ દીકરીઓ શાળામાં પ્રવશ મેળવીને પ્રાથમિક શિક્ષણ લઈને પોતાનું જીવન ગુણવત્તા યુક્ત બનાવે. ગામની દીકરીઓ શિક્ષણથી વંચિત ના રહે તે માટેનો ઉત્સવ એટલે 'કન્યા કેળવણી મહોત્સવ'.

### 10.5.4 શાળા પ્રવેશ ઉત્સવનું મહત્ત્વ

**મહત્ત્વ :**

(1) પ્રાથમિક શિક્ષણને ગતિશીલ ભનાવવા 100% નામાંકન સ્થાયીકરણ માટેનો અસરકારક કાર્યક્રમ છે.

(2) બાળકોનો શાળા અને શિક્ષક પ્રત્યેના ડર દૂર થાય છે.

(3) બાળકો શાળાભિમુખ બને છે.

(4) રાજ્યના તમામ જિલ્લામાં તમામ આંતરિયાળ ગામોમાં સાક્ષરતાનું પ્રમાણ ઓછું હોય ત્યાં ઢોલ, નારા, ઊંટગાડી સાથે રેલી કાઢીને ગામમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવી શકાય છે.

(5) વાલીઓ શાળામાં યોજાતી પ્રવૃત્તિઓમાં સહભાગી બને છે.

(6) શાળામાં પ્રવેશ મેળવીને દિકરીઓ 'વિદ્યાલક્ષ્મી બોન્ડ' નો લાભ મેળવે છે.

(7) શાળા છોડી ગયેલ બાળકોને પણ શાળામાં પુનઃપ્રવેશ આપવામાં આવે છે.

(8) સ્ત્રી-પૂરૂષના અપ્રમાણસર જન્મદરના ગુણોત્તરને પ્રમાણસર કરવા સ્ત્રી-ભ્રૂણહત્યા અને બેટી બચાવો વિશે સામાજિક જાગૃતિ લાવવામાં અસરકારક નીવડે છે.

(9) ધર્મ, જાતિ અને આર્થિક સ્થિતિના ભેદભાવ વગર સમાનતાના ધોરણે શિક્ષણ મેળવી શકે છે.

### 10.5.5 આયોજન અને અમલીકરણ

- દરેક ગામમાં શાળાના આચાર્ય, ગામના આગેવાનો સી.આર.સી. કો.ઓર્ડિનેટર તથા શિક્ષકોએ એસ.એમ.સીના સભ્યે સાથે રહીને આયોજન કરવું.
- શાળામાં પ્રવેશપાત્ર 6 થી 14 વર્ષની વય જૂથના બાળકોની યાદી બનાવવી.
- શાળામાંથી અધવચ્ચે શાળા છોડી ગયેલ બાળકોને શાળા-પ્રવેશ આપવા આયોજન કરવું.
- આંગણવાડી કાર્યકર્તાઓનો સહયોગ મેળવવો.
- ગામમાં તેમજ ગામથી દૂર અંતરિયાળ વિસ્તારોાં રહેતાલોકોનો સંપર્ક કરી શાળા પ્રવેશ માટે તૈયાર કરવા.

- બાળકોને પાટી-પેન, નોટબુકો, રમકડાં જેવી ભેટ તથા મીઠાઈ આપી શકે તે માટે અગાઉથી સંપર્ક કરી દાતાઓ તૈયાર કરવા.
- સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ સરકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ, શિક્ષણ સાથે સંકળાયેલ વ્યક્તિઓને શિક્ષકોની સાથે રહીને ડોર ટુ ડોર સંપર્ક કરી પ્રવેશપાત્ર કન્યાઓના નામાંકન કરી શાળા પ્રવેશ કરાવવો.
- શાળામાં સ્થાયીકરણ થાય તેવું આનંદમયી વાતાવરણ નિર્માણ કરવું.
- વિદ્યાલક્ષી યોજના, મધ્યાહ્ન ભોજન, શિષ્યવૃત્તિ, મફત પાઠ્યપુસ્તક વગેરે જેવી વિવિધ યોજનાઓથી વાલીઓને વાકેફ કરવા.
- ગણિત-વિજ્ઞાન પ્રદર્શન, બાલમેળો, રમતોત્સવ જેવી પ્રવૃત્તિઓથી વાલીઓને માહિતગાર કરવા.
- પ્રચાર-પ્રસાર માટે ગામમાં અને શાળાના પ્રવેશદ્વાર પાસે શાળા-પ્રવેશોત્સવનું બેનર લગાવવું.
- શાળા પ્રવેશ મેળવવા પાત્ર કોઈપણ બાળક વંચિત ન રહે તેની કાળજી રાખવી.

### 10.5.6 શાળા પ્રવેશ ઉત્સવની ઉજવણી

- શાળા પ્રવેશોત્સવના દિવસે શણગારેલું બળદગાડું, ઊંટગાડી, ઘોડાગાડી તેમજ સ્થાનિક સંગીતના સાધનો સાથે રેલી કાઢવી.
- નવા દાખલ થતાં બાળકોને શણગારેલ વાહનોમાં બેસાડી સરઘસના રૂપમાં શાળામાં લાવવા.
- શાળામાં બાળકોને કંકુ-તિલક કરી, ટોપી પહેરાવીને સ્વાગત કરવું.
- શાળામાં બધાંજ બાળકોને ચોકલેટ, બિસ્કીટ કે મીઠાઈની વહેંચણી કરવી.
- શાળામાં રંગોળી પૂરવી, બેનર લગાવવું.
- શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવું.
- શાળામાં મફત પાઠ્ય-પુસ્તકોનું વિતરણ કરવું.
- ગામમાં લોકસહકારથી અથવા દાતાઓ તરફથી મળેલ સ્કૂલ બેગ, પાટી પેનનું વિતરણ કરવું.
- શાળામાં સુશોભન કરીને શાળાને શણગારવી.
- ગામમાં વાલી ભાઈ-બહેનોને આમંત્રણ આપીને બોલાવવા.
- બાળકોને બાળગીતો, બાળવાર્તા જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરાવીને આત્મીયતા કેળવવા પ્રયાસ કરવો.
- શાળામાં નામાંકન થયેલ બાળકોની યાદી બનાવવી.

### 10.5.7 શાળા પ્રવેશ ઉત્સવનાં લક્ષ્યાંકો

શાળા પ્રવેશ ઉત્સવના લક્ષ્યાંકો નીચે મુજબ છે.

(1) આંગણવાડીમાં બાળકોનું 100% નામાંકન કરવું.

(2) ધોરણ-1 માં 100% નામાંકન કરવું.

(3) ધોરણ-1 થી 8માં ડ્રોપ આઉટ થયેલ બાળકોનું પુનઃ નામાંકન કરવું.

(4) ધોરણ - 8ના બાળકોનું ધોરણ-9માં 100% નામાંકન કરવું.

(5) ડ્રોપ આઉટ થયેલ બાળકોના વાલી સાથે મુલાકાત કરવી.

(6) ડ્રોપ આઉટ થવા માટેના કારણો જાણી સૂચનો મેળવવા.

**10.5.8 શાળા પ્રવેશ ઉત્સવ કાર્યક્રમની કાર્યસૂચિ**

શાળા પ્રવેશ ઉત્સવની કાર્યસૂચિ નીચે મુજબ છે.

(1) 'મનુષ્ય ગૌરવ ગાન-મનુષ્ય તુ બડા મહાન હૈ.'

(2) રાષ્ટ્રભક્તિ ગીતનું ગાન

(3) યોગ્ય પરિભય નિદર્શન-સ્ટેજ પર ગ્રુપ દ્વારા રજૂઆત.

(4) આંગણવાડીમાં દાતાઓ દ્વારા મળેલ રમકડાંઓનું અર્પણ

(5) વિદ્યાલક્ષ્મી બોન્ડ, ચેક અર્પણ, શિષ્યવૃત્તિ, ગણવેશ સહાય, અને પાઠ્યપુસ્તક વગેરેનું વિતરણ.

(6) ધો. 3 થી 8 માં શ્રેષ્ઠ વિદ્યાર્થીઓનું પુસ્તક દ્વારા સન્માન.

(7) વાહન વ્યવસ્થા દ્વારા આવેલ બાળકોનું વાહન સાથે સ્વાગત.

(8) અમૃત વચન -

સ્વચ્છતા અભિયાન, બેટીબચાવો, પાણી બચાવો અને વૃક્ષારોપણ વિષય પર બે વિદ્યાર્થીઓનું વકતવ્ય.

(9) મુખ્ય મહેમાનનું સંબધોધન

(10) વૃક્ષારોપણ (સરગવા, ફળના છોડ) - વિદ્યાર્થી / વાલી દ્વારા

(11) તમામ શાળામાં 8 થી 10 જૂન દરમ્યાન સફાઈ અભિયાન હાથ ધરવાનું રહેશે જેની સમીક્ષા પ્રવેશ ઉત્સવ દરમ્યાન કરવામાં આવશે.

**10.5.9 શાળા પ્રવેશ ઉત્સવ માટે કાર્યસૂચિ માટે અન્ય સૂચનાઓ**

(1) સી.આર.સી. એ. ધો.8 ના વિદ્યાર્થીઓ ધો.9 માં કઈ શાળામાં પ્રવેશ મેળવે છે તેની માહિતી તૈયાર કરવાની રહેશે.

(2) બાળકોને સુખડી સાથે કેળુ, ચીકુ, સફરજન જેવા ફળો આપી શકાય તે માટે ધ્યાન રાખવું.

(3) ''મનુષ્ય ગૌરવગાન'' સંગીત વૃંદ અને અભિનય સાથે રજૂ કરવું.

(4) યોગ્ય પરિચય નિદર્શનમાં દશ-પંદર બાળકો દ્વારા અને અલગ સ્ટેજ પર પ્રદર્શિત કરવું.

(5) પદાધિકારી, અધિકારીશ્રીઓ, પ્રવેશ પામતાં બાળકોનું કંકુ, ચંદન, તિલક, ગુલાબ, પાંદડીથી સ્વાગત કરવું નહી.

(6) પ્રવેશ પામતા બાળકોના ડ્રેસ પર માત્ર તેમના નામનું બેઈઝ લગાવવું.

(7) પ્રવેશપાત્ર બાળકોના મસ્તક પર કશું પહેરાવવું નહી.

(8) વિદ્યાર્થીઓને આપવાના પાઠ્યપુસ્તકો પર નામ લખવા કે સ્ટીકર લગાવવાના રહેશે.

**10.5.10 પ્રવેશ ઉત્સવ પ્રસંગના સૂત્રો**

- ''આપણા પ્રયત્નો થકી વાતાવરણ પલટાવીએ, બાળકોના ભાવિને સાથે મળી શણગારીએ.''
- ''દેહ માસુમ હો ભલે, તાકાત એની ભવ્ય છે. બાળકોના ભાગ્યના દ્વારે ટકોરો મારીએ.''
- ''ચાલોને ! આપણે નિજ જાત પર ઉપકાર કરીએ, ચમનનાં આ ફૂલોનો પ્રેમથી સત્કાર કરીએ.''
- ''હોય તિમિર, ત્યાં ટમટમતું એક ફાનસ થઈએ, માણસનો અવતાર મળ્યો છે, માણસ થઈએ''

- ''આજનું ભણતર આવતી કાલનું ભવિષ્ય છે.''
- ''શિક્ષણ એ મારું સ્વાભિમાન.''

## 10.6 સારાંશ

- પ્રાથમિક શિક્ષણ માટે મફત, સાર્વગિક અને ફરજિયાત બંધારણમાં જોગવાઈ કરવામાં આવી છે. 6 થી 14 વર્ષના બાળકોને ફરજિયાત શિક્ષણ આપવું. આ બાળકોને શાળાએ આવે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી.
- આ બાબતની જવાબદારી કેન્દ્ર સરકારે સ્વીકારી છે. રાજ્ય સરકાર સંયક્ત યાદીમાં મુકવામાં આવેલ છે.
- વિદ્યાર્થીઓ શાળાાં આવે તે માટે જાહેરાત ટી.વી. કાર્યક્રમ, વર્તમાન પેપરમાં જાહેરાત, રેડિયો, સમૂહ માધ્યમોનો ઉપયોગ કરીને ઝૂંબેશ શરૂ કરી.
- આ માટે સરકારે શાળા પ્રવેશ ઉત્સવ કાર્યક્રમ, વગેરે બાબતો ધ્યાનમાં રાખી શિક્ષણના સાર્વત્રિકરણ થાય તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. આ પ્રકારના શિક્ષણને સર્વશિક્ષણ અભિયાનના નામે ઓળખવામાં આવે છે.
- સર્વશિક્ષણ અભિયાન માટે શાળામાં કેટલાંક કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે, તેમજ શાળા માટે ગ્રાંટની વ્યવસ્થા કરવામાં આવી છે.
- સર્વ શિક્ષણ અભિયાનને વેગવાન બનાવવા માટે શાળામાં મધ્યાહ્ન ભોજનની વ્યવસ્થા ગોઠવવામાં આપેલ છે.
- વાલીઓની આર્થિક પરિસ્થિતિ નબળી છે. બે ટાઈમનું ખાવાનું થવા મળતું નથી, તે બાબત ધ્યાનમાં રાખી શાળામાં મધ્યાહ્ન યોજના અમલમાં મૂકી છે જેથી બાળકો શાળામાં આવતા થાય.
- મધ્યાહ્ન ભોજન યોજનાને કારણો અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ પણ ઓછું કરવાનો હેતુ છે.
- શાળા વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ આવે તે માટે શાળા પ્રવેશ ઉત્સવ વર્ષની શરૂઆતમાં ઉજવવામાં આવે છે. ઉત્સવ જેવો કાર્યક્રમ ગોઠવવામાં આવે છે. સાંસ્કૃતિક કાર્યક્રમ પણ સાથે રાખવામાં આવે છે.

## 10.7 એકમ સ્વાધ્યાય

(1) સર્વ શિક્ષણ અભિયાન એટલે શું ?

(2) સર્વ શિક્ષણ અભિયાનના હેતુઓ જણાવો.

(3) સર્વ શિક્ષણ અભિયાનની પ્રવૃત્તિઓ જણાવો.

(4) સર્વ શિક્ષણ અભિયાન દ્વારા શાળાને આપવામાં આવતી ગ્રાન્ટ જણાવો.

(5) સર્વશિક્ષણ અભિયાન સંબંધી જોગવાઈ જણાવો.

(6) શાળા વ્યવસ્થાપન સમિતિની રચના જણાવો.

(7) શાળા વ્યવસ્થાપન સમિતિના કાર્યો અને ફરજો જણાવો.

(8) શાળા વ્યવસ્થાપન સમિતિનું માળખું જણાવો.

(9) મધ્યાહ્ન ભોજન યોજનાના હેતુઓ જણાવો.

(10) મધ્યાહ્ન ભોજન યોજનાનું અમલીકરણ વ્યવસ્થા જણાવો.

(11) દૈનિક ખાદ્ય સામગ્રીના માપદંડ જણાવો.

(12) એન.જી.ઓ.ની કામગીરી જણાવો.

(13) શાળા પ્રવેશ ઉત્સાવના હેતુઓ જણાવો.

(14) શાળા પ્રવેશ ઉત્સવ એટલે શું ?

(15) શાળા પ્રવેશ ઉત્સવનું મહત્ત્વ જણાવો.

(16) શાળા પ્રવેશ ઉત્સવનું આયોજન અને અમલીકરણ જણાવો.

## 10.8 તમારી પ્રગતી ચકાસો

◆ **બહુ વિકલ્પ પ્રશ્નો :**

● આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

(1) સર્વ શિક્ષા અભિયાનમાં બંધારણમાં કઈ ઉંમર નક્કી કરવામાં આવે છે.

(A) 6 થી 14 વર્ષ (B) 7 થી 12 વર્ષ

(C) 1 થી 6 વર્ષ (D) 12 થી 18 વર્ષ

(2) સર્વ શિક્ષા અભિયાન કઈ બાબત પર ભાર મૂકે છે.

(A) શિક્ષણ (B) સમાજ

(C) શાળા (D) મંડળ

(3) મધ્યાહ્ન ભોજન યોજના કેમ અમલી બની ?

(A) બાળકોને શાળામાં લાવવા (B) બાળક અભ્યાસ કરે તે માટે

(C) બાળકોને ઘરમાં લાવવા (D) બાળક શાળા છોડે તે માટે

(4) રાષ્ટ્રીય જ્ઞાન પંચ ક્યારે અમલમાં આવ્યું ?

(A) 13-6-2005 (B) 15-8-1950

(C) 26-1-1947 (D) 26-1-1948

(5) રાષ્ટ્રીય જ્ઞાન પંચની કઈ ભલામણ કરવામાં આવી છે ?

(A) ભાષા શિક્ષણ (B) સમાજ વિદ્યા

(C) વિજ્ઞાન શિક્ષણ (D) ચિત્રકળા

(6) રાષ્ટ્રીય જ્ઞાન પંચની કઈ ભલામણમાં કઈ બાબતોનો સમાવેશ કરવામાં આવેલ નથી ?

(A) સાક્ષરતા અભિયાન (B) ગ્રંથાલયનો વિકાસ

(C) ભાષા શિક્ષણ (D) ગણિતનો વિકાસ

(7) શાળા પ્રવેશ ઉત્સવ કાર્યક્રમ કયા વર્ષથી ઉજવવામાં આવે છે ?

(A) 2002-2003 (B) 2004-2005

(C) 2003-2004 (D) 2005-2006

(8) શાળા પ્રવેશ ઉત્સવ કાર્યક્રમ એટલે શું ?

(A) 6 થી 14 વર્ષના તમામ બાળકોને પ્રવેશ

(B) 8 થી 14 વર્ષના તમામ બાળકોને પ્રવેશ

(C) 10 થી 14 વર્ષના તમામ બાળકોને પ્રવેશ

(D) 12 થી 18 વર્ષના તમામ બાળકોને પ્રવેશ

(9) શાળા પ્રવેશ ઉત્સવ કાર્યક્રમ એટલે શું ?

(A) શિક્ષણથી વંચિત ન રહે તે માટેનો ઉત્સવ

(B) કન્યા ઊઠી ન જાય તે માટેનો ઉત્સવ

(C) વાલીને પ્રોત્સાહન આપવાનો કાર્યક્રમ

(D) શાળાને પ્રોત્સાહન આપવાનો કાર્યક્રમ

(10) શાળા પ્રવેશ ઉત્સવની ઉજવી શા માટે કરવામાં આવે છે ?

(A) બાળકોને શાળાનો ડર દૂર કરવા

(B) સમાજનો ડર દૂર કરવા

(C) આચાર્યનો ડર દૂર કરવા

(D) વાલીને બાળકનો સાચવણીમાંથી મુક્ત કરવા

(11) શાળા પ્રવેશ શા વમાટે ઉજવવામાં આવે છે. ?

(A) ગામમાં શૈક્ષણિક વાતાવરણ ઊભું કરવા

(B) કુટુંબમાં શૈક્ષણિક વાતાવરણ ઊભું કરવા

(C) પાડોશમાં શૈક્ષણિક વાતાવરણ ઊભું કરવા

(D) સગામાં શૈક્ષણિક વાતાવરણ ઊભું કરવા

(12) શાળા પ્રવેશ ઉજવણી વખતે બાબતોને શું આપવામાં આવે છે ?

(A) અભ્યાસ સામગ્રી (B) ઘરની સામગ્રી

(C) રોકડ નાણાં (D) સર્ટિફિકેટ

(13) શાળા પ્રવેશ ઉજવણી સમયે બાળક શાળામાં પ્રવેશ મેળવે કે તરત જ પ્રથમ શું કરવામાં આવે છે ?

(A) કંકુ તિલકથી સ્વાગત (B) વાલીનું સ્વાગત

(C) અભ્યાસ સામગ્રી આપવી (D) મંડળનું સ્વાગત

(14) રાષ્ટ્રીય જ્ઞાન પંચનો કયો હેતુ હતો ?

(A) જ્ઞાનના નવા જ પ્રકારના સ્વરૂપોનું સર્જન

(B) જ્ઞાનના જૂના પ્રકારના સ્વરૂપોનું સર્જન

(C) ગણિત-વિજ્ઞાનનો વિકાસ કરવો.

(D) ચિત્રકળાનો વિકાસ કરવો.

## 10.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

- **બહુવિકલ્પ પ્રશ્નોના સાચા જવાબો**

(1) (A) 6 થી 14 વર્ષ

(2) (A) શિક્ષણ

(3) (A) બાળકોને શાળામાં લાવવા

(4) (A) 13-6-2005

(5) (A) ભાષા શિક્ષણ

(6) (D) ગણિતનો વિકાસ

(7) (A) 2002-2003

(8) (A) 6 થી 14 વર્ષના તમામ બાળકોને પ્રવેશ

(9) (A) શિક્ષણથી વંચિત ન રહે તે માટેનો ઉત્સવ

(10) (A) બાળકોને શાળાનો ડર દૂર કરવા

(11) (A) ગામમાં શૈક્ષણિક વાતાવરણ ઊભું કરવું

(12) (A) અભ્યાસ સામગ્રી

(13) (A) કંકુ તિલકથી સ્વાગત

(14) (A) જ્ઞાનના નવાં જ પ્રકારના સ્વરૂપોનું સર્જન

## 10.10 સુચિત વાંચન સામગ્રી


(1) બારૈયા વી.વી : સમકાલીન ભારત અને શિક્ષણ
તથા અન્ય પ્રતીક પ્રકાશન, અમદાવાદ

એકમ 11

# બાળકનો સામાજિક વિકાસ

## : રૂપરેખા :


**11.1 સામાજિકીકરણ (Socialization)**

**11.1.1 પ્રસ્તાવના**

**11.1.2 સામાજિકીકરણ એટલે શું ?**

**11.1.3 સામાજિકીકરણની વ્યાખ્યાઓ**

**11.1.4 સામાજિકીકરણની પ્રક્રિયાના લક્ષણો**

**11.1.5 બાળકના સામાજિકીકરણને અસર કરતાં પરિબળો**

**11.1.6 સામાજિકીકરણના પ્રકારો**

**1. પ્રાથમિક સામાજિકીકરણ**

**2. ગૌણ સામાજિકીકરણ**

**11.1.7 સામાજિકીકરણની પ્રક્રિયાના અંતર્ગત ઘટકો**

**11.2 ભારતીય સંસ્કૃતિમાં બાળકનો પ્રવેશ**

**11.2.1 પ્રસ્તાવના**

**11.2.2 સંસ્કૃતિ એટલે શું ?**

**11.2.3 ભારતીય સંસ્કૃતિના લક્ષણો**

**11.2.4 સંસ્કૃતિના પ્રકારો**

**11.2.5 ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં શાળાકીય પ્રવૃત્તિઓ**

**11.2.6 સંસ્કૃતિના વિકાસ માટે શિક્ષણની ભૂમિકા**

**11.2.7 સમાજ જીવન પર સંસ્કૃતિની અસર**

**11.3 સારાંશ**

**11.4 એકમ સ્વાધ્યાય**

**11.5 તમારી પ્રગતિ ચકાસો**

**11.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**11.7 સૂચિત વાંચન સામગ્રી**


---

**ઉદ્દેશો :**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે .....

(1) સામાજિકીકરણનો અર્થ સમજી શકશો.

(2) સામાજિકીકરણની વ્યાખ્યા સમજી શકશો.

(3) સામાજિકીકરણ પ્રક્રિયાના લક્ષણો સમજી શકશો.

(4) બાળકના સામાજિકીકરણને અસર કરતાં પરિબળો સમજી શકશોૌ.

(5) સામાજિકીકરણના પ્રકારો સમજી શકશો.

(6) સામાજિકીકરણની પ્રક્રિયા અંતર્ગત ઘટકો સમજી શકશો.

(7) સંસ્કૃતિનો અર્થ સમજી શકશો.

(8) ભારતીય સંસ્કૃતિના લક્ષણો સમજી શકશો.

(9) સંસ્કૃતિના પ્રકારો સમજી શકશો.

(10) ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં શાળાકીય પ્રવૃત્તિઓ સમજી શકશો.

(11) સંસ્કૃતિના વિકાસ માટે શિક્ષણની ભૂમિકાની ચર્ચા કરી શકશો.

(12) સમાજ જીવન પર સંસ્કૃતિની અસર સમજી શકશો.

## 11.1 સામાજિકીકરણ (Socialization)

### 11.1.1 પ્રસ્તાવના

- માણસ એક સામાજિક પ્રાણી છે. તે સમાજમાં જન્મ લે છે, તેનો સમાજમાં વિકાસ થાય છે અને સમાજમાં મૃત્યુ પામે છે. તેનો વ્યક્તિગત વિકાસ એ સાચા અર્થમાં સામાજિક વિકાસ હોય છે.
- મનુષ્યનો જન્મ થાય છે ત્યારે તેમનામાં કોઇ ખાસ સમજ હોતી નથી, એટલે કે પશુ જેવો હોય છે, ધીમે ધીમે તે બાળ મોટું થતું જાય તેમ તેમ તેને પશુતા તરફથી માનવતા તરફ લઇ જાય છે.
- મનુષ્યનો વ્યક્તિગત વિકાસ માટે સામાજિક પર્યાવરણ જરૂરી છે. સમાજના વાતાવરણની પર રહીને બાળક વિકાસ સાધી શકતું નથી.
- મનુષ્યને પશુ સાથે રહે તો તેમનામાં પશુના લક્ષણો જોવા મળે છે. બાળકના ઉછેરમાં સામાજિકીકરણ ન થવાને પરિણામે તેને માનવની ભાષા, આદતો પ્રાપ્ત ન થઈ શકે. તે માત્ર પશુની જેમ મોટી ઉંમરે પણ વર્તન કરવા લાગ્યું.
- આનો અર્થ સ્પષ્ટ છે કે માનવીનો વિકાસ, સમાજની વ્યક્તિઓના સંસર્ગ વિના, સમાજના વાતાવરણ વિના વ્યક્તિનો સામાજિક વિકાસ સંભવિત નથી.
- વ્યક્તિ સમાજમાં રહીને જ વ્યક્તિ સામાજિકતા કેળવે છે. તેમનામાં સામાજિક ગુણોનો વિકાસ સમાજમાં રહીને જ થાય છે. સામાજિક મૂલ્યો, રીત-રિવાજ, રહેણી કરણી, મૂલ્યો વગેરેનું શિક્ષણ સમાજ અને સમાજના સભ્યો દ્વારા તે પ્રાપ્ત કરે છે. આથી તે સામાજિક બને છે.
- બાળકનો જન્મ થાય ત્યારે તે સામાજિક કે અસામાજિક હોતું નથી. બાળકનો જેમ જેમ વિકાસ થાય છે તેમ તેમ સમાજના વિવિધ સભ્યોના સંપર્કમાં આવે છે.
- પ્રથમ માતાના સંપર્કમાં આવે છે, ત્યારબાદ કટુંબના સભ્યોના સંપર્કમાં આવે છે. પ્રથમ બોલતાં શીખે છે. મા... બા.... માસી...... કાકા.... કાકી ધીમે ધીમે એક શબ્દ, પછી બે શબ્દ પછી ત્રણ શબ્દ બોલે છે.
- પ્રથમ માતાનો પ્રેમ, મમતા અને માર્ગદર્શન મેળવે છે. પછી ધીમે ધીમે કુટુંબના સભ્યો પાસેથી શીખે છે. પ્રથમ સમાજનું સભ્યપદ પ્રાપ્ત થાય છે.
- પછી શાળામાં પ્રવેશ મેળવે છે. ત્યાં તેના મિત્રો બને છે, શિક્ષકોના સંસર્ગ, સમાજના વિવિધ વર્ગો, સગાંસંબંધીઓ વગેરેના સંપર્કમાં આવે છે.
- વિવિધ વર્ગોનાં સંપર્કમાં આવતાં તેનું સામાજિકીકરણ થાય છે. આ પ્રકારના સામાજિકીકરણ સિવાય તે સમાજનો સફળતાપૂર્વક સભ્ય બની શકતો નથી.
- આ પ્રકારના સામાજિકીકરણથી વ્યક્તિની સામાજિક જરૂરિયાતો, સલામતી, સામાજિક સ્વીકૃતિ, પ્રેમ, મમતા વગેરે મેળવે છે. આ રીતે વ્યક્તિનું સામાજિકીકરણ થતાં તે સમાજનો એક સભ્ય નાગરિક બને છે.

### 11.1.2 સામાજિકીકરણ એટલે શું ?

- સમાજની રચના કરવા માટે માન્ય સબંધો અતિ આવશ્યક છે. આ સબંધો માનવીના બાળકપણાથી શરૂ થાય છે અને માનવીના જીવનના અંત સુધી ચાલુ રહે છે. આ સબંધોની વિકસતી પ્રક્રિયાને સામાજિકીકરણ કહેવામાં આવે છે.
- આ પ્રક્રિયામાં બાળમાનસનું સામાજિક વ્યક્તિ તરીકે ઘડતર થાય છે. વર્તન, લાગણીઓની સામાજિક રીતો શીખે છે. સામાજિક અને સાંસ્કૃતિ સંદર્ભમાં અન્ય લોકોના અનુકરણ દ્વારા તે પોતાના 'સ્વ' તથા 'મન'નો વિકાસ સાધે છે.
- આ સંદર્ભમાં સામાજિકીકરણની વ્યાખ્યા આ પ્રમાણે રજૂ કરી શકીએ.

  ×સામાજિકીકરણ એક એવી આંતરક્રિયાની પ્રક્રિયા છે જેના દ્વારા વ્યક્તિ ટેવો, કૌશલ્યો, માન્યતાઓ અને વિવેક બુદ્ધિ શીખે છે, જે સામાજિક સમૂહો તથા સંપ્રદાયોમાં અસરકારક ભાગ લેવા માટે આવશ્યક ગણવામાં આવે છે.×
- આ પ્રક્રયામાં સમાજ તેનાં સત્યોના સામાજિકીકરણ માટેની એક એજન્સી તરીકે કામ કરે છે. સામાજિકીકરણ વિના સમાજ તેની મેળે ચાલુ રહી શકે નહીં, અથવા સંસ્કૃતિ અસ્તિત્ત્વ ધરાવી શકે નહીં, તેથી માનવ સબંધોમાંથી ઉદ્‌ભવેલ સામાજિકીકરણની પ્રક્રિયા દ્વારા માનવી અને સમાજ એકબીજાના પૂરક બને છે.

### 11.1.3 સામાજિકીકરણની વ્યાખ્યાઓ

સામાજિકીકરણની વ્યાખ્યાઓ નીચે પ્રમાણે આપી શકાય.

1. સામાજિકીકરણ એ, ×બાળકો જે સમાજમાં જન્મ આપે છે, તે સમાજમાં યોગ્ય રીતે અનુકૂલન સાધી શકે તે રીતે તૈયાર કરવાની પ્રક્રિયા છે.×

   "Socialization is the process of preparing the children to fit well in the society in which they are born."
2. સામાજિકીકરણ એટલે સમાજના રિવાજો, પરંપરાઓ, કાનૂનો, સંસ્કૃતિનાં અન્ય લક્ષણો કૌશલ્યો અને અન્ય આવશ્યક આદતો જે વ્યક્તિ સમાજના ક્રિયાશીલ સભ્ય બનવા માટે સમાજમાંથી શીખે છે અને સમાજના અન્ય સભ્યો સાથે તાદાત્મ્ય સાધી અનુકૂલન સાધે છે.

   ટૂંકમાં સામાજિકીકરણની પ્રક્રિયા સામાજિક આંતરક્રિયા અને સામાજિક કર્તવ્યોનો અંતર્ગત ભાગ છે.

   આમ, સામાજિકીકરણ એટલે ....

1. સામાજિક સભાનતા વિકાસ
2. સમાજને ઈષ્ટ અને અપેક્ષિત તેવા વર્તન-પરિવર્તનની પ્રક્રિયા
3. સામાજિકીકરણ એટલે સમાજના સારા નાગરિક તરીકે સભ્ય બનવા માટેના કેટલાંક સામાજિક ગુણો જેવાં કે સહકાર, સહાનુભૂતિ, પ્રેમ, એકતા, સહિષ્ણુતા વગેરેનો વિકાસ
4. સમાજના આવિષ્કાર મૂલ્યોનો વિકાસ
5. હકારાત્મક સામાજિક ચારિત્ર્યનું નિર્માણ કરવું
6. સામાજિક પરિસ્થિતિ સાથે અનુકૂલ સાધવાની પ્રક્રિયા
7. વિવેચનાત્મક સરણનો આવિષ્કાર, ન્યાયયુક્ત નિર્ણય પ્રક્રિયાનો વિકાસ
8. સામાજિકીકરણ એટલે જે તે સમાજનાં સાંસ્કૃતિક ઘટકોનું જેવા કે સામાજિક મૂલ્યો, આદર્શો, માન્યતાઓ, રૂઢિ રિવાજો, કાનૂનો વગેરેનો આવિષ્કાર કરી સમાજના સારા નાગરિક તરીકે સભ્ય બનાવવાની પ્રક્રિયા.

આમ, સામાજિકીકરણની પ્રક્રિયા વ્યક્તિમાં સારા નાગરિક તરીકે સામાજિક ગુણો અને નૈતિક મૂલ્યોનું આવિષ્કાર કરી વ્યક્તિમાં સામાજિક સમાનતા અને સામાજિક જવાબદારીઓનો વિકાસ સાધી વ્યક્તિને સમાજના અન્ય સભ્યો સાથે અનુકૂલન સાધવા પ્રેરે છે. સમાજનો એક સારો નાગરિક બને, બીજાને મદદરૂપ થાય તેવી ભાવનાનો વિકાસ કરવાની પ્રક્રિયા.

### 11.1.4 સામાજિકીકરણની પ્રક્રિયાના લક્ષણો

બાળકનો જન્મ થાય છે ત્યારથી ધીમે ધીમે સતત રીતે તેનું સામાજિકીકરણ થતું જ રહે છે. તેના વ્યક્તિત્ત્વ વિકાસમાં સામાજિકીકરણની પ્રક્રિયા મહત્ત્વનો ભાગ ભજવે છે. સામાજિકીકરણ કરવાની પ્રક્રિયાના મહત્ત્વના લક્ષણો નીચે મુજબ જેવા છે.

**(1) અનુકૂલન પ્રક્રિયા :**

સામાજિકીરણ કરવાની પ્રક્રિયા વ્યક્તિત્ત્વના અનુકૂલનની પ્રક્રિયા છે. સમાજમાં બાળકને અન્ય સાથે અનુકૂલન સાધવા માટેનો વ્યવહાર હોય છે. દરેકની સાથે યોગ્ય વ્યવહાર કરી અનુકૂલન કઈ રીતે સાધી શકાય તે બાબત પર ભાર મૂકવામાં આવે છે.

**(2) સતત પ્રક્રિયા :**

બાળકનો જન્મ થાય ત્યારથી મૃત્યુ સુધી સામાજિકીકરણની પ્રક્રિયા સતત રીતે ચાલુ હોય છે. કુટુંબમાં, સમાજમાં, મિત્રો સાથે સગાવલહાલાં સાથે વગેરે સાથે સામાજિકીકરણની પ્રક્રિયા રહે છે.

**(3) આંતરક્રિયા :**

સામાજિકીકરણની પ્રક્રિયામાં આંતરક્રિયા મહત્ત્વનો ભાજ ભજવે છે. કોઈની સાથે વ્યવહાર કરવામાં ન આવે તો સામાજિકીકરણ થતું નથી.

– કોઇ વ્યક્તિને એક રૂમમાં પૂરી દેવામાં આવે તો આંતરક્રિયા થતી નથી, તેથી તેમનો વિકાસ થશે નહીં. એટલે સામાજિકીકરણ માટે આંતરક્રિયા સતત ચાલુ રહે છે.

**(4) કાયમી પ્રક્રિયા :**

સામાજિકીકરણની પ્રક્રિયા બાળકનો જન્મ થાય છે ત્યારથી મૃત્યુ સુધી સતત રીતે ચાલુ રહે છે. તેથી કહી શકાય કે સામાજિકરણની પ્રક્રિયા કાયમી અને સતત ચાલુ રહે છે.

**(5) સભાનતાપૂર્વક પ્રક્રિયા :**

સામાજિકીકરણની પ્રક્રિયા સભાનતાપૂર્વકની પ્રક્રિયા છે. તે જાગૃત અવસ્થા પ્રક્રિયા થાય છે. બાળક ઊંઘી જાય તો સામાજિક પ્રક્રિયા થતી નથી. બાળક અનાયાસે સભાનતાપૂર્વક પ્રક્રિયા કરે છે.

**(6) સારા નાગરિક બનવાની પ્રક્રિયા :**

સામાજિકરણની પ્રક્રિયા એક સારા નાગરિક બનવાની પ્રક્રિયા છે. એક સારી વ્યક્તિ બનવા માટે શાળા અને કુટુંબમાંથી વ્યવહાર શીખવવામાં આવે છે.

**(7) વિકાસની પ્રક્રિયા :**

સામાજિકરણની પ્રક્રિયા એ સતત વિકાસની પ્રક્રિયા છે. બાળકનો સતત વિકાસ થતો રહે છે.

**(8) અપેક્ષિત વર્તન પરિવર્તનની પ્રક્રિયા :**

સામાજિકીકરણની પ્રક્રિયા અપેક્ષિત વર્તન પરિવર્તન કરવાની પ્રક્રિયા છે.

દા.ત. બાળક સારી રીતે બોલી શકે, યોગ્ય વ્યવહાર કરી શકશે, સમાજના સભ્યોને ઓળખી શકશે.

**(9) સામાજિકરણના વિકાસની પ્રક્રિયા :**

બાળકના જન્મની સાથે ધીમે ધીમે સામાજિક ગુણનો વિકાસ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. માતાની ઓળખ, કુટુંબના સભ્યોની ઓળખ, સમાજના સભ્યોની ઓળખ વગેરે. કુટુંબ સાથેનો વ્યવહાર, પ્રેમ, મમતા વગેરે શીખે છે.

### 11.1.5 બાળકના સામાજિકીકરણને અસર કરતાં પરિબળો

- વ્યક્તિના જીવનમાં બાળપણથી શરૂ કરી તેના અંત સુધી અનેક એજન્સીઓ તેનું સામાજિકીકરણ કરે છે. બાળકના સામાજિકીકરણને અસર કરતા પરિબળો નીચે મુજબ છે.

**1. કુટુંબ :**

- વિશ્વની તમામ સંસ્કૃતિઓમાં કુટુંબ સામાજિકીકરણનું પાયાનું કામ કરે છે. બાળકનો જન્મ થાય છે ત્યારથી કુટુંબમાં રહે છે. કુટુંબમાં સમય વિતાવે છે. બાળકના કુટુંબના સભ્યો સાથે લોહીના સબંધો છે. જન્મતાંની સાથે જ સમાજના વિવિધ સભ્યોના સંપર્કમાં આવે છે. સૌ પહેલાં માતા, પિતા, ભાઈ-બહેન તથા કુટુંબના સભ્યોના સંપર્કમાં આવે છે.
- કુટુંબમાં રહી બાળકનો સામાજિક વિકાસ થાય છે. મોટાભાગની સંસ્કૃતિઓમાં કુટુંબમાં માતાની ભૂમિકા સામાજિકીકરણની પ્રક્રિયામાં મુખ્ય ભાગ ભજવે છે. ક્યારેક માતા પોતે જ ઘરની મુખ્ય વ્યક્તિ કે વડા હોય ત્યારે સ્ત્રી ઉપર બાળકના વિકાસની અનેકવિધ જવાબદારી આવે છે.
- જો કે આધુનિક સમયમાં ઘરની બહાર કામ કરવા જતી સ્ત્રીઓની આ સંદર્ભમાં ભૂમિકામાં ભૂતકાળ કરતાં પરિવર્તન આવેલું જોવા મળે છે.
- કુટુંબમાં કઈ સંસ્કૃતિનો અને આર્થિક વર્ગનો ભાગ છે તેના ઉપર સામાજિકરણ કરવાની પ્રક્રિયાના સ્વરૂપનો આધાર રહે છે.
- દા.ત. રૂઢિચુસ્ત કુટુંબમાં થતો બાળકનો ઉછેર કે પછી ગરીબ આર્થિક પરિસ્થિતિમાં થતા બાળકના ઉછેરમાં તફાવતો જોઈ શકાય છે.
- કુટુંબ સામાજિકીકરણની પ્રક્રિયામાં પાયાની ભૂમિકા ભજવે છે. પૈસાદાર કુટુંબમાં થતાં બાળકનો ઉછેર, શહેરમાં થતો બાળકનો ઉછેર, ગામડામાં થતો બાળકનો ઉછેર, શિક્ષણ પામેલ કુટુંબમાં થતો બાળકનો ઉછેર, અભણ કુટુંબમાં થતો બાળકનો ઉછેર, મજૂરના કુટુંબમાં થતો બાળકનો વિકાસ વગેરે વિકાસમાં તફાવતા જોવા મળે છે.
- બાળકને કુટુંબ કેવું મળેલ છે, માતા-પિતા કેવા છે ? પ્રેમાળ, સ્નેહ, મમતા વગેરે છે. તેની અસર બાળક પર થાય છે. સંઘર્ષમય કુટુંબમાં અને પ્રેમાળ કુટુંબમાં થતો બાળકના સામાજિકીકરણની પ્રક્રિયા પર અસર કરે છે.
- કુટુંબનું વાતાવરણ કેવું છે ? લોકશાહી, આપખુદશાહી વગેરે અસર કરે છે.

**2. શાળા**

- શાળાએ ઔપચારિક વ્યવસ્થા છે. તેમાં ચોક્કસ પાઠ્યપુસ્તક હોય છે. ચોક્કસ માળખામાં રહી કાર્ય કરવાનું હોય છે. તેના સંદર્ભમાં વિદ્યાર્થીનું સામાજિકીકરણ થાય છે. શાળાના અનુભવે અને તાલીમ વિદ્યાર્થીને જ્ઞાન અને માહિતી આપે છે.
- શાળામાં બાળક પોતાની ભાવિ, કારકિર્દી બનાવવાના પાઠ શીખે છે. શિક્ષકો સાથે, મિત્રો સાથે વગેરે સાથે આંતરક્રિયા દ્વારા બાળકને માનવ સંબંધોના ભિન્ન પાસાંઓનો પરિચય કરાવે છે.
- શાળાનું વાતાવરણ શિક્ષકનો સ્વભાવ વગેરે બાબતે સામાજિકીકરણ કરવામાં અસર કરે છે. શાળાનું વાતાવરણ અશિષ્ટભર્યું હોય તો તેની અસર બાળક કે વિદ્યાર્થી પર થાય છે. સારું વાતાવરણ હોય તો સારો નાગરિક વિદ્યાર્થી બને.

- શાળામાં મિત્રો કેવા છે ? મિત્રોની અસર સામાજિકીકરણ થવામાં અગત્યનો ભાગ ભજવે છે. તોફાની મિત્રો, સારા મિત્રો વગેરેની અસર થાય છે.
- શિક્ષક આળસુ હોય તો સામાજિકીકરણ થવામાં અવરોધો આવે. શાળામાં સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું પ્રમાણ પણ સર કરે છે.

**3. મિત્રજૂથ :**

- બાળકના સામાજિકીકરણ પ્રક્રિયામાં મિત્રજૂથ અગત્યનો ભાગ ભજવે છે. શાળાના મિત્રો, શાળાના બહારના મિત્રો, બે પ્રકારના મિત્રો જોવા મળે છે.
- બાળક મિત્રો સાથે સતત આંતરક્રિયા કરે છે. મિત્રોની અસર બાળક પર થાય છે. મિત્રો સાથે આંતરક્રિયા કરવી, રમતો રમવી વગેરે સાથે વધુ સમય મિત્રો સાથે શરૂઆતમાં સમય વિતાવે છે.
- બાળકના મિત્રો કેવા છે ? પૈસાદાર, ગરીબ, ભણેલા માતા-પિતાના બાળકો, અભણ માતા-પિતાના બાળકો, શહેરી વિસ્તાર, ગ્રામ્ય વિસ્તાર વગેરે.
- કેવા માતા-પિતાના બાળકો છે તેની અસર બાળકો પર થાય.
- સંઘર્ષ વાતાવરણવાળા કુટુંબમાંથી આવતું બાલકે તેનો સ્વભાવ, વ્યવહાર, પ્રેમ, વાતચીત, શિસ્ત, વર્તન, નિયમો વગેરેમાં તફાવત હોય છે.
- બાળકને જેવા મિત્રો મળે તેવું સામાજિકીકરણ થાય છે. મિત્રો પાસેથી વાતચીત, વર્તન, વ્યવહાર, નિયમો, શિસ્ત, સહકાર, પ્રેમ વગેરે શીખે છે.
- અંગ્રેજીમાં Peer શબ્દનો અર્થ થાય છે ‘સમાન’
- બાળક તોફાનીવૃત્તિ કે સારો નાગરિક વગેરે રીતભાત મિત્રો પાસેથી શીખે છે.

**4. સમૂહ માધ્યમો**

- વર્તમાન સમયમાં સમૂહ માધ્યમોનો વિકાસ થયો છે. વર્તમાન સમયમાં ટેલિવિઝન અને ઈન્ટરનેટ જેવાં સાધનોએ માહિતી અને મનોરંજન કરવાની સેવા ઝડપી અને અસરકારક સગવડ પૂરી પાડે છે.
- સમૂહ માધ્યમો પ્રત્યાયનનાં માધ્યમો તરીકે જાણીએ છીએ. આપણા સૌના સામાજિકીકરણ માટે ખાસ મીડિયા અસરકારક ભૂમિકા રહી છે.
- વિવિધ પ્રકારની માહિતીનું પ્રસારણ કરી, બાળકના જ્ઞાનમાં વધારો કરે છે. સાથે સાથે આપણા મંતવ્યો, માન્યતાઓ, વિચારો, રીતરિવાજો વગેરેની ગાઢ અસર પાડે છે.
- અનેક અભ્યાસોએ દર્શાવ્યું છે કે બાળકો ટેલિવિઝનના કાર્યક્રમો સવિશેષ પ્રભાવિત થાય છે.
- અખબારનું માધ્યમ લખી-વાંચી શકે એવા લોકોને જ અસર કરી શકે છે, જ્યારે ટેલિવિઝન જેવાં દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો અભણ દૂરના વિસ્તારોમાં રહેતા લોકો એમ સૌ પર અસર પાડી શકે છે.
- માધ્યમો આપણને સમાજમાં રહેતા જુદાં જુદાં સમૂહો, સંસ્કૃતિઓ, સમસ્યાઓ, પ્રક્રિયાઓ વગેરે અંગે માહિતી અને સમજ પૂરાં પાડે છે. તે દ્વારા વ્યક્તિઓનું સામાજિકીકરણ થાય છે. તે દ્વારા વ્યક્તિઓનું સામાજિકીકરણ થાય છે, ઘડતર થાય છે.
- સમૂહ માધ્યમોની અસર બાળક પર પડે છે.

**5. વિવિધ સ્થળો :**

- કુટુંબ, શાળા, મિત્ર જૂથ, સમૂહ માધ્યમો જેવા સામાજિકીકરણના મહત્ત્વના પરિબળો ઉપરાંત કેટલાંક અન્ય પરિબળોથી આપણે પરિચિત થઈએ.

- કાર્ય સ્થળ એટલે કે વ્યવસાય કે નોકરી માટે ઘરની બહાર કારખાનું, ઓફિસ જેવાં પણ સામાજિકીકરણની પ્રક્રિયામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
- આધુનિક ઔદ્યોગિક સમાજમાં શિક્ષણ અને વિજ્ઞાનના વિકાસને કારણે ખાસ કરીને શહેરોમાં પુરુષો અને સ્ત્રીઓમાં સામાજિકીકરણ ઝડપથી થાય છે.

**સભ્યતા અને સંસ્કૃતિ :**

- સમય જતાં સમાજની સભ્યતા અને સંસ્કૃતિ તેના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. માનવી કેવા સમાજનો સભ્ય છે તેની અસર થાય છે. પૈસાદાર સમાજ, ગરીબ સમાજ તેમજ વિવિધ પછાત જાતિ વગેરેમાંથી કોનો સભ્ય છે તે સમજ પ્રમાણે અસર થાય છે.
- સંસ્કૃતિની પણ અસર સામાજિકીકરણ પર અસર થાય છે. બાળક કે માનવી કઈ સંસ્કૃતિમાંથી જન્મેલ છે. સામાજિકીકરણ કરવામાં સંસ્કૃતિ અસર કરે છે.

### 11.1.6 સામાજિકીકરણના પ્રકારો (Type of Socialization)

- સામાન્ય રીતે બાળકોના સામાજિકીકરણને બે વર્ગોમાં વહેંચી શકતાય છે. જે નીચે મુજબ દર્શાવી શકાય.

**1. પ્રાથમિક સામાજિકીકરણ (Primary Socialization) :**

- સામાન્ય રીતે શિક્ષણની અનૌપચારિક સંસ્થાઓ દ્વારા પ્રાથમિક સામાજિકીકરણની પ્રક્રિયા સંભવે છે. બાળકો અનાયાસે, પરોક્ષ રીતે કે સાહજિક રીતે પરિવારના સભ્યો, પડોશીઓ કે શેરીના બાળકો કે સભ્યો પાસેથી સામાજિકતાના પાઠ શીખે છે. તે સભ્યોના અનુકરણથી જે સામાજિક ગુણો ખીલવે છે તેને લીધે તેમનામાં સામાજિકતાનો વિકાસ થાય છે. આ બધું તદ્દન સાહજિક અને અનાયાસે થાય છે. આથી આને પ્રાથમિક સામાજિકીકરણની પ્રક્રિયા કહેવામાં આવે છે.
- બાળક કુટુંબમાંથી અનાયાસે ભાષા, બોલી વગેરે શીખે છે. પડોશીના બાળકો સાથે મળતાં તેમની પાસેથી હલનચલન, ભાષા, બોલી, પ્રેમ વગેરે બાબતો શીખે છે. શેરીના બાળકો પાસેથી અનુસરવાથી સામાજિક ગુણો વિકસે છે.
- આમ, બાળક અનાયાસે જન્મ પછી ધીમે ધીમે જેના સંપર્કમાં આવે છે તેની પાસેથી ઘણું બધુ શીખે છે.

**2. ગૌણ સામાજિકીકરણ (Secondary Socialization) :**

- શાળાઓ અને મહાશાળાઓમાં બાળકોનું ગૌણ સામાજિકીકરણ થાય છે, જે સામાજિકીકરણ ઔપચારિક સંસ્થાઓમાં ઔપચારિક શિક્ષણ દ્વારા થાય છે તે સામાજિકીકરણને ગૌણ સામાજિકીકરણ કહેવામાં આવે છે. આ રીતે થતી સામાજિકીકરણની પ્રક્રિયા સભાનપણે થતી હોય છે.
- શાળામાં શિક્ષણ દ્વારા બાળકનું સામાજિકીકરણ થાય છે. શાળામાં પ્રવેશ વખતે અન્ય મિત્રોના સંપર્કમાં આવે છે, તેમની સાથે આંતરક્રિયા થાય છે. શાળા સમય દરમિયાન તે બાળકોના સતત સંપર્કમાં રહે છે. તેમની પાસેથી બોલી, ભાષા, વ્યવહાર, પ્રેમ, અપેક્ષા વગેરે બાબતો શીખે છે.

### 11.1.7 સામાજિકીકરણની પ્રક્રિયાના અંતર્ગત ઘટકો (Factors involved in the process of socialization)

- સામાજિકીકરણની પ્રક્રિયામાં ખાસ કરીને નીચેના તત્ત્વોનો સમાવેશ કરવામાં આવે છે.

**1. સામાજિક સ્વીકૃતિ (Social Confirmity)**

- સામાજિક સ્વીકૃતિ એટલે સમાજના અપેક્ષિત ધારાધોરણો અને સાંસ્કૃતિક તરાહો અનુસારનું

વ્યક્તિનું સામાજિક વર્તન, વ્યક્તિ અપેક્ષિત સામાજિક મૂલ્યોના માપદંડ અને સાંસ્કૃતિક તરાહો અનુસાર વર્તન કરે અને સમાજમાં પ્રતિષ્ઠિત થાય તેને સામાજિક સ્વીકૃતિ કહેવામાં આવે છે.

- વ્યક્તિ જે કુટુંબમાં રહે છે તે કુટુંબના ધારાધોરણ નીતિનિયમો, સંસ્કાર, વર્તન વ્યવહાર વગેરે બાબતો કુટુંબ પ્રમાણે કરે છે. કુટુંબની સામાજિક બાબતો કુટુંબ પ્રમાણે શીખે છે.
- કુટુંબના ધારા ધોરણો પ્રમાણે વર્તન કરી તેનો સ્વીકાર કરે છે. વર્તન પણ કુટુંબ પ્રમાણે થાય છે.

**2. સામાજિક અનુકૂલન (Social Adjustment)**

- સામાજિકીકરણની પ્રક્રિયા એટલે સામાજિક અનુકૂલનની પ્રક્રિયા છે. અનુકૂલનની પ્રક્રિયા એટલે વ્યક્તિની વ્યક્તિ સાથે, વ્યક્તિની જૂથ સાથે અને જૂથની જૂથ સાથેની આંતરક્રિયાને આંતર વ્યવહાર સામાન્ય રીતે વ્યક્તિનો વ્યક્તિ સાથે કે જૂથ સાથેના આંતર વ્યવહારમાં સહકારિતાનું તત્ત્વ હોય છે.
- વ્યક્તિઓ કે જૂથો પરસ્પર સહકારક સાધી કાં તો અનુકૂલન સાધે છે, કે સંઘર્ષની પરિસ્થિતિમાં સમસ્યાઓનું સમાધાન શોધે છે. સહકાર ન હોય અને વિરોધ હોય તો પણ દરેકને અસંમતિ સાધવાનો પૂર્ણ અધિકાર છે. અન્યના વિચારો સાથે સહિષ્ણુતા કેળવીને પણ અનુકૂલન સાધી શકાય છે. સહકાર એ માનવ જાતિનો નિષ્કર્ષ છે, સ્પર્શે છે, સહકારથી શ્રેષ્ઠ અનુકૂલન સાધી શકાય છે. સહકાર દ્વારા શિસ્ત, સહિષ્ણુતા, સામાજિક સંવેદનશીલતાનો વિકાસ થાય છે.
- બાળકનો અન્ય વ્યક્તિના સંપર્કમાં આવતા સામાજિક અનુકૂલન સાધતાં શીખે છે. અનુકૂલન કેવી રીતે સાધી શકાય તે બાબત એકબીજાના સતત સંપર્કથી શીખે છે.

**3. સામાજિક બૌદ્ધિકતા (Social Intelligence)**

- સામાજિક બૌદ્ધિકતા એટલે સામાજિક પરિસ્થિતિ અને સમસ્યાઓનું તર્કબદ્ધ પરીક્ષણ અને વિશ્લેષણ, સારામાં સારો વિચાર શક્તિનો વિકાસ, સામાજિક શ્રેય માટેની નિર્ણય શક્તિ અને સામાજિક ન્યાય પ્રિયતા. આ બધા તત્ત્વોનો વિકાસ થાય તો સામાજિક અનુકૂલન સહેલાઈથી સાધીને સમાજના સંનિષ્ઠ સભ્ય બની શકાય છે.
- બાળક સમાજમાં રહીને સામાજિક બૌદ્ધિકતાનો વિકાસ કરે છે. સારી બાબતો સ્વીકારે છે.

**4. નૈતિક ચારિત્ર્ય**

- સામાજિકીકરણની પ્રક્રિયાનો આ અવિભાજ્ય અંશ છે. સમાજની નિરામયતા માટે વ્યક્તિમાં ઉચ્ચ ચારિત્ર્યનું ગુણોનો વિકાસ થવો જરૂરી છે. જો આમ થાય તો, સમાજ અને સંસ્કૃતિનું રહેવા થઈ શકે.
- આથી, વ્યક્તિના ઉચ્ચ પ્રકારના ચારિત્ર્યનો વિકાસ કરવો એ સામાજિકીકરણની પ્રક્રિયાનો એક ભાગ છે.
- આમ, જ્યારે વ્યક્તિને સામાજિક સ્વીકૃતિ મળે, વ્યક્તિ સામાજિક અનુકૂલન સાધે, સામાજિક સભાનતા વિકસાવવા સામાજિક પરિસ્થિતિઓનું યોગ્ય વિશ્લેષણ કરવાની બૌદ્ધિક ક્ષમતા દાખવે અને સમાજના સ્વાસ્થ્ય માટે ઉચ્ચ પ્રકારના ચારિત્ર્યિક ગુણોનો વિકાસ કરે ત્યારે સામાજિકીકરણની પ્રક્રિયા દ્વારા વ્યક્તિ સમાજની સંનિષ્ઠ સભ્ય બની શકે છે.

## 11.2 ભારતીય સંસ્કૃતિમાં બાળકનો પ્રવેશ

### 11.2.1 પ્રસ્તાવના

- વિશ્વની અન્ય સંસ્કૃતિમાં ભારતીય સંસ્કૃતિ અલગ તરી આવે છે. તેની આગવી ઓળખ છે, તેના ધારણો છે અને આગવાં મૂલ્યો છે. ભારતીય સંસ્કૃતિ પુરાતન નામે 'આર્ય સંસ્કૃતિ' તરીકે

ઓળખાય છે. આ આ સંસ્કૃતિના ચોક્કસ લક્ષણો છે. સંયુક્ત કુટુંબો ભારતીય સમાજ વ્યવસ્થામાં મહત્ત્વનો ભાવ ભજવે છે. એક જ છાપરા નીચે માતા-પિતા, બાળકો, કાકા-કાકી, દાદા-દાદી વગેરે રહેતા એ સંયુક્ત કુટુંબ એ નાનકડો સમાજ છે. સંયુક્ત કુટુંબમાં કૌટુંબિક પ્રણાલીઓ જાળવી રાખવામાં આવે છે. નૈતિક અને સામાજિક નિયમોનું ચુસ્તપણે અમલ કરવામાં આવે છે.

- ઔદ્યોગિકરણ તથા વિજ્ઞાન અને યંત્ર વિકાસના પરિણામે નવી પરિસ્થિતિનો સામનો કરવાનું ભારતના ભાગ્યમાં આવ્યું. જેને પરિણામે ઉદ્યોગો સ્થાપવા, સંસ્કૃતિની સમૃદ્ધિ વધી અને વિકાસ થયો.
- દરેક સમાજને પોતાની આગળી ઓળખ સંસ્કૃતિ હોય છે. સામાજિક વારસો અને પ્રણાલિકાઓ હોય છે. આ બધી બાબતો સમાજનો સંગ્રહ કરેલો વારસો દર્શાવે છે.
- બાળકનો જન્મ થાય કે તરત જ સમાજ તરફથી સાંસ્કૃતિક વારસો પ્રાપ્ત થાય છે. બાળક જે સમાજ કે જ્ઞાતિમાં જન્મે છે. જીવે છે અને મૃત્યુ પામે છે તે સમાજ તેને જન્મતાંની સાથે જ સામાજિક અને સાંસ્કૃતિક વારસો પ્રદાન કરે છે. આવા સાંસ્કૃતિક અને સામાજિક વારસાનું સમાજ દ્વારા રક્ષણ થાય છે. આથી બાળકની કેળવણીમાં સાંસ્કૃતિક વારસો મહત્ત્વનો ભાગ ભજવે છે.
- કોઈપણ રાષ્ટ્રને પોતાનો સાંસ્કૃતિક વારસો હોય છે. આ સાંસ્કૃતિક વારસો વ્યક્તિના સર્વાંગીણ વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સાંસ્કૃતિક વારસો એ જેને રાષ્ટ્ર માટે અમૂલ્ય ધન છે. આથી સાંસ્કૃતિક વારસાને સમજતાં પહેલાં 'સંસ્કૃતિ' ની સંકલ્પના બરાબર સમજી લેવી આવશ્યક બને છે.
- મનુષ્ય એક સામાજિક પ્રાણી છે અને તે સમાજથી અલગ રહી શકે નહીં. સમાજના અસ્તિત્ત્વને જાળવી રાખવા માટે મનુષ્યો સંગઠિત થાય છે અને દરેક નિશ્ચિત વ્યવસ્થાને સ્થાપિત કરે છે. આ નિશ્ચિત વ્યવસ્થાને સંસ્કૃતિ તરીકે ઓળખવામાં આવે છે.
- પ્રાચીન સમયમાં સંસ્કાર શબ્દનું પ્રયોજન થતું હતું. કોઇ એક વ્યક્તિમાં સંસ્કારનું આરોપણ સંસ્કાર કહેવાય, પરંતુ સામૂહિક ધોરણે તેને સંસ્કૃતિ કહેવામાં આવતી.
- સંસ્કૃતિમાં સમાજના

  રીત - રિવાજો

  પરંપરા

  નૈતિકતા

  કલા

  વિજ્ઞાન

  ધર્મ

  આર્થિક કે રાજકીય

  વ્યવસ્થાનો સમાવેશ થતો હતો. ટૂંકમાં સંસ્કૃતિ એટલે કોઈપણ સમાજમાં માનવને રહેવાની રીત.

### 11.2.2 સંસ્કૃતિ એટલે શું ? (Meaning of Culture)

- પરંપરાથી બંધાયેલો આચાર-વિચાર, વ્યવહાર, જીવનરીતિ, જીવનમૂલ્યો, ધોરણોનો સમાવેશ.
- સભ્યતા, રહેણી કરણી, રીતરિવાજો, જીવન સમૃદ્ધિ તેમાં આંતરિક ઘટકો છે.
- ભારતની એક વિશિષ્ટ સંસ્કૃતિ છે જે ભારતીય સંસ્કૃતિ આર્ય સંસ્કૃતિ તરીકે ઓળખાય છે. જે

ચાર બાબતો 'ગ' અક્ષરોથી સૂચિત છે. જે ગીતા, ગંગા, ગાય અને ગામ, જે ભારતીય સંસ્કૃતિના જે ઉદ્‌ગમ સ્થાનો છે. જે પવિત્ર અને પ્રાતઃ સ્મરણીય છે જે હિન્દુ ધર્મના ભગવાન શ્રીકૃષ્ણ સાથે સબંધિત છે.

- ભારતીય સંસ્કૃતિમાં ગીતા, ગંગા, ગાય અને ગામનું વિશેષ મહત્ત્વ છે, જેને પવિત્ર ગણવામાં આવે છે, જેના કેન્દ્રમાં શ્રીકૃષ્ણ છે, તેમનું હિન્દુ સંસ્કૃતિમાં માનવંતુ સ્થાન છે. તેઓ હિંદુ સંસ્કૃતિના ઈષ્ટદેવ છે.
- સંસ્કૃતિ એટલે સંસ્કાર વારસો
- સંસ્કૃતિ શબ્દ મૂળભૂત સંસ્કૃતિના શબ્દો પરથી આવ્યો છે.

  સંસ્કૃતિ શબ્દ સમ્ + કૃ ધાતુ પરથી આવેલો છે.

  સંસ્કૃતિ = સમ્યક + કૃતિ

  મૂળ ધાતુ મૂળ ધાતુ

  સમ્ + કૃ

  સંસ્કૃતિ = સપ્રમાણ, સારી કૃતિ

  = સમતાપૂર્વકનો વ્યવહાર

  એટલે કે સંસ્કૃતિએ સમાજના સભ્ય તરીકે વ્યક્તિ એ પ્રાપ્ત કરેલ સંસ્કારોનો વારસો છે.

- **વ્યાખ્યા (Concept of Culture)**

1. ×સંસ્કૃતિ એટલે કે કોઈપણ પ્રજાએ સ્વીકારેલી જીવનની ઉચ્ચ પદ્ધતિ×

   ***— પ્રો. સી. વી. રાવળ (પારિભાષિક કોશ - તત્ત્વજ્ઞાન)***

2. ×સંસ્કૃતિ એક પ્રતીકાત્મક, નિરંતર, સંગ્રહિત અને પ્રગતિશીલ પ્રક્રિયા છે.×

   ***— વ્હાઈટ***

   *"Culture is a symbolic continuous, cumulative and progressive process."*

   ***- White***

3. ×સંસ્કૃતિ એક જટિલ પૂર્ણતા છે, જેમાં જ્ઞાન, માન્યતા, કલા, જાતિ, નિયમ (વિધિ) રિવાજ અને સમાજના સભ્યના સંદર્ભમાં મનુષ્ય દ્વારા અર્જિત (પ્રાપ્ત કરેલ) અન્ય યોગ્યતાઓ અને આદતો સમાવિષ્ટ છે.×

   *"Culture is that complex whole which includes knowledge, belief, art, morals, Law, Custom and any other capabilities and habits aquired by a man as a member of society"*

4. ×સમાજની વ્યક્તિઓના પરિસ્થિતિ પ્રત્યેના પ્રતિભાવોની પરંપરામાંથી બંધાયેલું આચાર વિચારનું પોત એ સંસ્કૃતિ છે.×

   ***— કે. સી. વ્યાસ***

5. ×કોઇ વિશિષ્ટ સમયમાં વિશિષ્ટ સ્થળે નિવાસ કરનાર વિશિષ્ટ લોકોની જીવન વ્યતીત કરવાની પૂર્ણ જીવનશૈલીને સંસ્કૃતિ કહેવામાં આવે છે.×

   ***— જે. એસ. રસ્ક***

6. ×માનવ સર્જિત મૂલ્યાત્મક ઘટનાઓ એટલે સંસ્કૃતિ.× ***— મેકાઈ વેટ અને પેઈજ***

7. ×સમાજના સભ્ય તરીકે આપણે જે કંઇ વિચારીએ છીએ, જે કાંઇ કરીએ છીએ અને જે કાંઇ પારખીએ છીએ, તે સર્વના જટિલ એકમને સંસ્કૃતિ કહેવામાં આવે છે.×

   ***— રોબર્ટ બિસ્ટર્ડ***

8. ×મનને સંસ્કારિત કરતી બધી જ આચાર-વિચાર પરંપરાને સંસ્કૃતિ કહેવાય.×

*— મેકાઈવેટ*

9. ×જીવનશૈલી એ મારી દષ્ટિએ સંસ્કૃતિ છે.× *— ડૉ. રાધાકૃષ્ણન્*

10. ×સંસ્કૃતિમાં એવી બધી બાબતોનો સમાવેશ થાય છે કે જે એક પેઢીને વારસામાં હસ્તાંતરિત કરે છે. કોઈપણ રાષ્ટ્રની સંસ્કૃતિ તેનો સામાજિક વારસો છે.×

*— સદર લેન્ક અને વુડવર્થ*

11. ×સંસ્કૃતિ એ મૂર્ત અને અમૂર્ત એવી લોકોના એક જૂથ કે સમૂહની સિદ્ધિઓ છે જે એક પેઢીથી બીજી પેઢીમાં હસ્તાન્તરિત થાય છે અને વિરાસત તરીકે ઓળખાય છે.×

*— ઈન્દિરા ગાંધી*

12. ×લોકોનું એક જૂથ, એક રાજ્ય અથવા એક રાષ્ટ્રના સભ્યોની સામાજિક, બૌદ્ધિક, કલા, રાજ્ય વહીવટ અને ઔદ્યોગિક વિકાસ વિષયક સિદ્ધિઓનો સરવાળો તે તેની સંસ્કૃતિ×

*— કાકા કાલેલકર*

13. ×સંસ્કૃતિ એટલે તમામ સામાજિક પરંપરાઓ× *— લોવી*

14. ×સંસ્કૃતિમાં એવી બાબતોનો સમાવેશ થાય છે કે એક પેઢીને વારસામાં હસ્તાંતરિત કરે છે. કોઈપણ રાષ્ટ્રની સંસ્કૃતિ તેનો સામાજિક વારસો છે.×

*— સદર લેન્ડ અને વુડવર્થ*

15. ×સંસ્કૃતિ એ એવી જટિલ પૂર્ણતા છે કે જેમાં એક સમાજના સભ્ય માનવે સર્જિત કરેલા જ્ઞાન, માન્યતાઓ, કલા નૈતિકતા અને સમાજના સભ્ય તરીકે તરીકે માનવે પ્રાપ્ત કરેલી ક્ષમતાઓ અને ટેવોનો સમાવેશ થાય છે.×

*— ઈ. બી. જવલોર*

આમ, સંસ્કૃતિ એટલે ........

- એવી જટિલ પૂર્ણતા કે જેમાં પ્રજાનાં જ્ઞાન, માન્યતાઓ, કલા, નૈતિકતા, કાનૂનો અને રીતે રિવાજોનો સમાવેશ થાય છે.
- સમાજના સભ્ય તરીકે વ્યક્તિએ પ્રાપ્ત કરેલી શક્તિ અને ટેવોનો સમૂહ.
- સંસ્કૃતિ એક પેઢી બીજી પેઢીને હસ્તાંતરિત થાય છે.
- સંસ્કૃતિ એ સામાજિક વારસો છે.
- કોઈ એક ચોક્કસ સ્થાને કોઈ ચોક્કસ સમયમાં રહેલા લોકસમૂહની પૂર્ણ જીવન શૈલી.

આમ, ઉપરોક્ત પરિભાષાઓને આધારે સંસ્કૃતિના વિવિધ ખ્યાલ સ્પષ્ટ થાય છે. છતાં એમાં એક સામાન્ય તથ્ય એ છે કે માનવીએ સમાજના સભ્ય તરીકે ભૌતિક કે અભૌતિક સ્વરૂપમાં પ્રાપ્ત કર્યું તે સંસ્કૃતિ છે.

ટૂંકમાં સંસ્કૃતિ એટલે ........

- માનવે ઊભાં કરેલાં સિદ્ધિઓના સીમા ચિન્હો
- કાળની કેડી પર પૂર્વજોએ પાડેલાં પાદચિન્હો
- એવી જટિલ પૂર્ણતા કે જેમાં પ્રજાના જ્ઞાન, માન્યતાઓ, કલા, નૈતિકતા, કાનૂનો, રીતરિવાજો વગેરેનો સમાવેશ થાય છે.
- ચોક્કસ સ્થાને, ચોક્કસ સમયમાં રહેલા લોકસમૂહની પૂર્ણ જીવનશૈલી
- આપણા જીવન અને વિચારવાની રીતમાં, દૈનિક વ્યવહારમાં વ્યક્ત થતી આપણી પ્રકૃતિની અભિવ્યક્તિ.

- આમ, સંસ્કૃતિ એ સાધ્ય છે. માનવજીવન શૈલીમાં વર્તન-વ્યવહાર તથા પ્રકૃત્તિમાં વ્યક્ત થાય છે. તે શીખેલા અને શીખવવામાં આવેલા વર્તનની ઢબ છે. વળી, અવિરત ચાલુ રહેલી છતાં પરિવર્તન પામતી માનવ મૂલ્યોની સર્જનાત્મક વ્યવસ્થા છે.
- અંતમાં, વિભિન્ન સંસ્થાઓ, વર્તનની પદ્ધતિઓ, રિવાજ, નીતિ, મૂલ્યો, ધ્યેયો, વિચારો, કળા, સાહિત્ય, સંગીત, મનોરંજન, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, ધર્મ, વિચારણસરણી વગેરે અમૂર્ત અને સાધ્ય સ્વરૂપ માનવ ઘટનાઓ એટલે જ માનવીની સંસ્કૃતિ.

### 11.2.3 ભારતીય સંસ્કૃતિના લક્ષણો (Charateristics of India Culture)

ભારતીય સંસ્કૃતિના લક્ષણો નીચે મુજબ છે :

**(1) માનવજીવનની આગવી રીત :**

સંસ્કૃતિ અને માનવજીવન એકબીજા સાથે સંકળાયેલ છે. સંસ્કૃતિ માનવજીવનની નીપજ છે. તે સામાજિક આંતરક્રિયા અને અનુભવોમાંથી જન્મે છે. માનવી સમાજમાં રહી આંતરક્રિયા કરે છે, દરેક માનવકુળને આગવી સંસ્કૃતિ હોય છે.

**(2) આંતરક્રિયા :**

માનવી-માનવી આંતરક્રિયા સતત ચાલ્યા કરે છે. સંસ્કૃતિ જુના વ્યવહારો, રીતરિવાજો છોડી દે છે. આંતરક્રિયામાંથી જ વિચારોની આપ-લે થાય છે, તેમાંથી શીખવાની ક્રિયા ચાલ્યા કરે છે. સંસ્કૃતિમાં રીતભાતો સમાજમાંથી શીખે છે. સમાજમાંથી શીખેલ બાબતો પ્રમાણે સંસ્કૃતિ બંધાય છે.

**(3) પરિવર્તનશીલ :**

સંસ્કૃતિ એ પરિવર્તનશીલ છે. જે સમય બદલાતાં સંસ્કૃતિ બદલાય છે. સંસ્કૃતિ માનવ જીવનના વ્યવહારો, જીવનદર્શન, વિચારો સાથે સંકળાયેલ બાબત છે. માનવ વ્યવહારો, જીવનદર્શન અને વિચારો સતત પરિવર્તનશીલ છે. સમયનાં વહેણ સાથે માનવજીવન વિચારો-વ્યવહારો બદલાય છે, જેથી સંસ્કૃતિ પણ બદલાય છે. માનવ જીવનમાં ભરતી-ઓટ આવ્યા કરે છે, જેથી તે પરિવર્તનશીલ છે. સંસ્કૃતિમાં ઝડપી ફેરફારો જોવાતો નથી. આ ફેરફાર મંદ અને લાંબા ગાળાનું પરિણામ છે.

**(4) સંગ્રહશીલ :**

સંસ્કૃતિ એ સંગ્રહશીલ છે. સંસ્કૃતિ એ વિચારો, સાહિત્ય, રૂઢિઓનો અખૂટ ખજાનો છે. સંસ્કૃતિ વારસાનું જતન કરે છે. સંસ્કૃતિ એ એક વંશ વારસાનું પરિણામ નથી પણ અનેક વંશ, વારસો, રીતરિવાજોને પરિણામે ઉદ્‌ભવે છે. અનેક ગુણો વારસારૂપે પેઢી દર પેઢી ઉતરી આવે છે. સંસ્કૃતિમાં કેટલીક બાબતો લુપ્ત થાય છે, જ્યારે કેટલીક નવી બાબતો ઉદ્‌ભવે છે.

**(5) માનવસર્જિત સંસ્કૃતિ :**

સંસ્કૃતિ માનવ સર્જિત છે. સંસ્કૃતિના પાયામાં માનવ છે. બધા માનવથી સંસ્કૃતિ પોત બંધાય છે. સંસ્કૃતિનો નાનકડો એકમ માનવ છે. સંસ્કૃતિ માનવનું સર્જન છે. તેનો સર્જનહાર માનવ છે. અનેક વ્યક્તિઓ મળી સમાજ રચાય છે અને સમાજની સંસ્કૃતિનું સર્જન થાય છે. અનેક માનવનું સમગ્ર જીવનલક્ષી ચિત્રને સંસ્કૃતિ છે.

**(6) સંસ્કૃતિનો વિકાસ :**

સંસ્કૃતિનો વિકાસ થાય છે. સમયની સાથે સાથે રૂઢિઓ બદલાય છે. કેટલાંક વિચારો વૃદ્ધિ પામે છે. સંસ્કૃતિ જીવતા માનવ સાથે જોડાયેલી છે. નવી પેઢી સંસ્કૃતિના નવા સંસ્કારો ઉમેરે છે. નવા ફેરફારને જન્મ આપે છે. દિન પ્રતિદિન સંસ્કૃતિની વૃદ્ધિ થઇ વિકાસ પામે છે.

વિકાસ અવિરત ચાલ્યા કરે છે. જૂની રૂઢિઓ બદલાય છે, તેના સ્થાને નવા વિચારો અપનાવીને વૃદ્ધિ પામે છે.

**(7) સંસ્કૃતિનો ફેલાવો :**

સંસ્કૃતિનો ફેલાવો થાય છે, તેનો સંચાર થાય છે, તેનું પ્રસારણ થતું જ રહે છે. એક દેશની સંસ્કૃતિ, બીજા દેશમાં જાય છે. એક પ્રજા બીજી પ્રજાની રૂઢિઓ, રિવાજો, જીવનધોરણ અપનાવે છે. પરિણામે સંસ્કૃતિનો ફેલાવો થાય છે.

**(8) સંસ્કૃતિમાં ભિન્નતાનો ગુણ :**

દરેક સંસ્કૃતિમાં જુદાં જુદાં માનવોનો સમૂહ છે. જુદાં જુદાં માનવ પ્રમાણે સંસ્કૃતિ હોય છે. તે પ્રમાણે પોતાનું ઘડતર થાય છે, જેથી દરેક વ્યક્તિના સામાજિક ઢાંચા અનુસાર દરેક સમાજની સંસ્કૃતિ ભિન્ન હોય છે.

**(9) સર્વધર્મ સમભાવ :**

સંસ્કૃતિમાં સમાન ધર્મ ભાવના હોય છે. સંસ્કૃતિમાં અનેક ધર્મો સમાનભાવે સમાયેલાં હોય છે. કોઇ એકાદ ધર્મને પ્રાધાન્ય કે એકાદ ધર્મના લક્ષણને પ્રોત્સાહિત કરતું નથી, જેથી સંસ્કૃતિમાં સર્વધર્મ સમભાવ જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિ બિનસાંપ્રદાયિક છે. તે સર્વધર્મ સમભાવમાં માને છે.

**(10) સાર્વત્રિક સંસ્કૃતિ (વ્યાપક) :**

દરેક માણસની પોતાની આગવી સંસ્કૃતિ લઇને ફરે છે. તે બેધે જ ફરે છે, જેથી સમગ્ર વિશ્વના ખૂણે ખૂણામાં સંસ્કૃતિ ફેલાયેલી છે. જ્યાં જ્યાં માનવ છે ત્યાં ત્યાં સંસ્કૃતિ છે. માનવી સર્વત્ર હોવાંથી સંસ્કૃતિ પણ સાર્વત્રિક છે. કવિ નર્મદે કહ્યું છે કે 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં સદાકાળ ગુજરાત !'

**(11) સંસ્કૃતિ માનવ નિર્મિત છે.**

સંસ્કૃતિનો નાનકડો એકમ માનવ છે. સંસ્કૃતિનો સર્જનહાર માનવ છે. અનેક વ્યક્તિઓ મળીને સમાજ રચાય અને સમાજ દ્વારા તેની ક્રિયા વિધિ દ્વારા સંસ્કૃતિ સર્જાય છે.

**(12) સંસ્કૃતિ હસ્તાંતરિત કરી શકાય છે.**

સંસ્કૃતિ એટલે સામાજિક વારસાનું હસ્તાંતરિત તે એક પેઢીની બીજી પેઢી સુધી હસ્તાંતરિત કરી શકાય, જેમ કે આર્યોની સંસ્કૃતિ પેઢી દર પેઢી આજ સુધી ચાલી આવી છે.

**(13) સંસ્કૃતિ એ સામાજિક ગુણો અને મૂલ્યોનો સરવાળો**

કોઇ સમાજે અપનાવેલ ગુણો, તેના આદર્શો અને મૂલ્યોનો સરવાળો એટલે જ સંસ્કૃતિ, જેમ કે હિંદુ ધર્મમાં મૂર્તિ પૂજા, સંસ્કાર વિધિ જેવાં સામાજિક ગુણો સંસ્કૃતિ છે.

**(14) સંસ્કૃતિ સાતત્યપૂર્ણ :**

સંસ્કૃતિ ક્યાંય અટકતી નથી, તે સતત વહેતી સરિતા સમાન છે, તેમાં કેટલીક બાબતો વિલુપ્ત થાય તો કેટલીક નવી બાબતો ઉમેરાય છે.

**(15) શીખેલી વર્તન તરાહ :**

સંસ્કૃતિ એ માનવીની શીખેલી વર્તન તરાહ છે. માનવ માનવ વચ્ચે આદાન-પ્રદાન તથા વિચારોની આપ-લે ચાલતી જ રહેતી હોય છે, તેમાંથી શીખવાની ક્રિયા, વલણો, ધોરણો, રીતે રિવાજો સમાજમાંથી શીખવા પડે છે. વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેની રીતભાતો-વ્યવહારોની ઢબ અને તેણે સ્વીકારેલી કે અપનાવેલી વર્તણૂંક એ સંસ્કૃતિનાં શીખેલાં ઘટકો છે.

### 11.2.4 સંસ્કૃતિના પ્રકારો (Type of Culture)

સંસ્કૃતિના મુખ્ય પ્રકાર નીચે મુજબ છે :

**(1) ભૌતિક સંસ્કૃતિ :**

ભૌતિક સંસ્કૃતિ અંતર્ગત સ્થૂળ વસ્તુઓ કે પદાર્થોનો સમાવેશ થાય છે, જે મૂર્ત પદાર્થો કે વસ્તુઓનું માનવે નિર્માણ કર્યું છે. તે બધાનો ભૌતિક સંસ્કૃતિમાં સમાવેશ થાય છે. દા.ત. મકાનો, સડક, આભૂષણ, ઘડિયાળ, મશીન, ટાઇપ રાઇટર, રેડિયો, કપડાં વગેરે.

**(2) અભૌતિક સંસ્કૃતિ :**

અભૌતિક સંસ્કૃતિમાં એવી બાબતોનો સમાવેશ થાય છે કે અમૂર્ત અને સૂક્ષ્મ છે, જેનો વિકાસ માનવના સામૂહિક જીવનના પરિપાકરૂપે થાય છે. દા.ત. ધર્મ, ભાષા, કલા, સંગીત, સાહિત્ય રૂઢિઓ અને પરંપરાઓ પ્રણાલિકાઓ, રિવાજો, આચાર-વિચાર, સંસ્કાર, સંસ્થાઓ વગેરે.

### 11.2.5 ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં શાળાકીય પ્રવૃત્તિઓ

ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં શાળાકીય પ્રવૃત્તિઓ નીચે મુજબ છે.

1. શાળામાં સર્વધર્મની પ્રાર્થનાનું આયોજન કરવું.
2. ભારતના વિવિધ પ્રદેશોમાં પ્રવાસ-પર્યટનો ગોઠવી વિવિધ લોકોના જીવનની રહેણીકરણી, ભાષાઓ રીતે રિવાજો વગેરેની માહિતી મેળવી શકાય.
3. શાળામાં રાષ્ટ્રીય તેમજ ધાર્મિક તહેવારોની ઉજવણી કરવી.
4. શાળામાં અનુભવી વ્યક્તિઓની પ્રવચનો ગોઠવવામાં આવે.
5. બુલેટિન બોર્ડ પર સંસ્કૃતિને લગતી માહિતી મૂકવામાં આવે.
6. ટેકનોલોજીના માધ્યમથી જરૂરી માહિતી મેળવવામાં આવે. મેળવેલ માહિતી બુલેટિન બોર્ડ પર મૂકી શકાય.
7. જુદાં જુદાં વિસ્તારના લોકોની રહેણી-કરણીનો પ્રત્યક્ષ અનુભવ મળે તે માટે લોક મેળાઓનું આયોજન કરવું.
8. વિદ્યાર્થીઓમાં શોખ વધે તે માટે પ્રાચીન સમયની ટિકિટો, સિક્કાઓનો સંગ્રહ કરવાનો શોખ વધારવો જોઇએ.
9. ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધા ગોઠવવામાં આવે.
10. લલિત કળા, શિલ્પ કળા, સ્થાપત્યના ચિત્રો, એકત્ર કરી આલ્બમ તૈયાર કરાવી શકાય.
11. વર્ષ દરમિયાન કરેલ પ્રવૃત્તિના સંદર્ભમાં અહેવાલ લેખન અને હસ્તલિખિત અંક પ્રગટ કરાવી શકાય.
12. ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં કઠપૂતલી નિદર્શન કાર્યક્રમ ગોઠવવામાં આવે.
13. વિદ્યાર્થીઓ વિશેષ માહિતી મેળવી શકે તે માટે મ્યુઝિયમની મુલાકાત લઇ જવામાં આવે.
14. વિદ્યાર્થીઓને ઐતિહાસિક, ભૌગોલિક અને વૈજ્ઞાનિક સંસ્થાઓની મુલાકાત યોજી શકાય.
15. આપણા દેશના સમાજ સુધારકોના ફોટાનું પ્રદર્શન તેમજ તે અગેનું પ્રવચન ગોઠવી શકાય.

### 11.2.6 સંસ્કૃતિના વિકાસ માટે શિક્ષણની ભૂમિકા

સંસ્કૃતિના વિકાસ માટે શિક્ષકની ભૂમિકા નીચે મુજબ છે.

1. વિવિધ ધર્મોના વિદ્યાર્થીઓના પ્રત્યે સમભાવ રાખવો.
2. બિનસાંપ્રદાયિક વલણો કેળવવાં પ્રયત્નો કરવા. જ્ઞાતિ જ્ઞાતિ વચ્ચે વિદ્યાર્થીઓ વચ્ચે ભેદભાવ ઉભા ન થાય તે માટે પ્રયત્નો કરવા.

3. વિવિધ પ્રદેશોના સાંસ્કૃતિક વારસાનું અધ્યયન કરાવું, પ્રદેશો વિશે માહિતી આપવી.

4. સંસ્કૃતિના જતન માટે ધર્મગુરુઓના શાળામાં પ્રવચનો ગોઠવવાં.

5. શાળામાં ધાર્મિક પર્વની ઉજવણી કરવી. જે પર્વમાં વિવિધ ધર્મના લોકો ભાગ લે તેવું આયોજન કરવું.

6. વિવિધ ધર્મને લગતાં, ધાર્મિક ઉત્સવો ઉજવવા જોઇએ.

7. શાળામાં રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવી. 15મી ઓગષ્ટ અને 26 મી જાન્યુઆરી બંને પર્વની સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા ઉજવણી કરવી, જેમાં બધા જ ધર્મના લોકો ભાગ લે તેવું આયોજન વિચારવું.

8. શાળામાં વિદ્યાર્થીઓ રાષ્ટ્ર પ્રેમ વધે તેવા કાર્યક્રમો હાથ ધરવા.

9. સંસ્કૃતિનું જતન થાય તેમજ સંસ્કૃતિની માહિતી મળે તે માટે પ્રવાસનું આયોજન કરવું.

10. શાળામાં વર્ષ દરમિયાન વિવિધ ધાર્મિક પર્વની ઉજવણી કરવી.

11. દરેક ધર્મને લગતી માહિતી બુલેટીન બોર્ડ પર મૂકવી.

12. વિવિધ ધર્મના વિદ્યાર્થીઓ વચ્ચે પરસ્પર પ્રેમ વધે તે પ્રકારનું વાતાવરણ ઊભું થાય તેવા પ્રયત્નો કરવા.

13. પ્રાર્થના પ્રવચનમાં દરેક ધર્મના મહત્ત્વ વિશે માહિતી આપવી.

- કોઈપણ વ્યક્તિ ગમે તે ધર્મ કે કોમ યા જાતિ કે ભાષાની હોય તેના તરફ કોઇપણ પ્રકારનો પૂર્વગ્રહ રાખવો જોઈએ નહીં.
- ભારતીય સંસ્કૃતિના આગવાં અને વિશિષ્ટ અંગે સમા શિલ્પ, સ્થાપત્ય અને લલિત કળાઓનો અભ્યાસ કરવો જોઇએ.
- આંતર રાજ્ય સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં ભાગ લે તે માટે તૈયાર કરવા.
- બધા જ વિદ્યાર્થીઓ સાથે ભાઇચારો રાખી સમાન વ્યવહાર કરવો જોઇએ.

### 11.2.7 સમાજ જીવન પર સંસ્કૃતિની અસર

સમાજ જીવન પર સંસ્કૃતિની અસર વધુ જોવા મળે છે, જે નીચેના મુદ્દાઓથી સ્પષ્ટ થાય છે.

1. મનુષ્યનું માનવીકરણ
2. વ્યક્તિનું ઘડતર
3. માર્ગદર્શન
4. જીવનશૈલીનું ઘડતર
5. સામાજિક નિયંત્રણ
6. સામાજિક સાતત્ય

સંસ્કૃતિ પેઢી દર પેઢી સામાજિક વારસારૂપે અવિરતપણે ચાલી આવતી ઘટના છે. સાતત્યએ સંસ્કૃતિનું લક્ષણ છે.

## 11.3 સારાંશ

- બાળકનો જન્મ થાય કે તરત જ સામાજિક હોતું નથી, તેના કોઇ સમજ હોતી નથી. તે જેમ જેમ મોટો થાય છે તેને સમજ આપતી જાય છે. પ્રથમ મા-પિતાની ઓળખ થાય છે. તેમજ ત્યાર પછી ઘરના અન્ય સભ્યોની ઓળખ થાય છે.
- બાળકના જન્મથી મોટો થાય ત્યાં સુધી જે પ્રક્રિયા થાય છે તેને સામાજિકીકરણની પ્રક્રિયા કહેવામાં આવે છે.

- કુટુંબમાંથી આંતરક્રિયા, રીત રિવાજ વગેરે બાબતો શીખે છે, જેમ જેમ તે મોટા થાય છે તેમ તેમ અનુકૂલન થવાની પ્રક્રિયા શીખે છે.
- બાળક મોટું થતાં મિત્રો સાથે, શાળામાં પ્રવેશ વગેરે બાબતો શીખે છે. મિત્રો સાથે રમવું, બોલવાની રીત, વ્યવહાર, પ્રેમ, મતતા, લાગણી વગેરે બાબતો શીખે છે.
- બાળક તેના કુટુંબમાંથી, મિત્રવર્તુળ, શાળા, સગા સબંધી, સમૂહ માધ્યમો વગેરે પાસેથી ઘણું બધું શીખે છે.
- કુટુંબ, મિત્ર, શાળા વગેરે સારા મળે તો તેમાંથી ઘણું બધું શીખે છે. તે સારા ન હોય તો તેની અસર બાળક પર થાય છે.
- બાળક જે સમાજમાં રહે છે તે સમાજમાં ઘણુ બધું શીખે છે, સમાજના નીતિ નિયમો, ઘરના નીતિ નિયમો વગેરે બાબતો શીખે છે.
- બાળક જે જ્ઞાતિનું હોય જે ધર્મ પાળતા હોય તે પ્રમાણે તેનો વિકાસ થાય છે. જ્ઞાતિ પ્રમાણે લગ્ન કરવા, જ્ઞાતિ પ્રમાણે ધર્મ પાળવો, જ્ઞાતિના રીતરિવાજ પ્રમાણે કાર્ય કરવું, જ્ઞાતિને માન આપવું વગેરે બાબતો શીખે છે તે બધી બાળકોમાં સંસ્કૃતિનો સમાવેશ થાય છે.
- સંસ્કૃતિ એટલે કોઇપણ સમાજમાં માનવને રહેવાની રીત.
- બાળકને સમાજમાં રહેવાની રીત-ભાત તેના કુટુંબમાંથી શીખે છે. બધુ જ જ્ઞાતિ પ્રમાણે થાય છે.

## 11.4 એકમ સ્વાધ્યાય

1. સંસ્કૃતિ એટલે શું ? ભારતીય સંસ્કૃતિના લક્ષણો જણાવો.
2. સંસ્કૃતિના પ્રકારો જણાવો.
3. ભારતીય સંસ્કૃતિના વિકાસ માટે શાળાકીય પ્રવૃત્તિ જણાવો.
4. સંસ્કૃતિના વિકાસ માટે શિક્ષકની ભૂમિકા જણાવો.

## 11.5 તમારી પ્રગતિ ચકાસો

- **આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

(1) સંસ્કૃતિમાં શું સમાયેલ છે ?

(1) તાલીમ　(2) અપરિવર્તનશીલતા

(3) વ્યવહાર　(4) માનવીના અનુભવોનો સંચય

(2) સંસ્કૃતિમાં વધુ શું જોવા મળે છે ?

(1) પ્રેમ　(2) મૌન

(3) લાગણી　(4) આંતરક્રિયા

(3) સંસ્કૃતિમાં નીચેનામાંથી કઇ બાબત જોવા મળતી નથી ?

(1) પરિવર્તનશીલતા　(2) વિકાસ

(3) સંગ્રહશીલ　(4) સર્વધર્મ ભેદભાવ

(4) સંસ્કૃતિમાં શું જોવા મળે છે ?

(1) અપરિવર્તનશીલતા　(2) પરિવર્તનશીલતા

(3) અવિકાસ　(4) ભેદભાવ

(5) સંસ્કૃતિમાં શું થતું જોવા મળે છે ?

(1) ફેલાવો (2) આંતરક્રિયાનો અભાવ

(3) ફેલાવો અટકે (4) અપરિવર્તનશીલ

(6) ભૌતિક સંસ્કૃતિમાં કોનો સમાવેશ કરવામાં આવે છે ?

(1) ધર્મ, કલા, સંગીત (2) આચાર વિચાર

(3) રિવાજો (4) ઘડિયાળ, મશીન, આભૂષણ

(7) અભૌતિક સંસ્કૃતિમાં કોનો સમાવેશ કરવામાં આવે છે ?

(1) ઘડિયાળ, મશીન, આભૂષણ (2) મકાન

(3) રેડિયો, કપડાં (4) સડક

(8) ભારતીય સંસ્કૃતિના ફેલાવા માટે શાળામાં કઇ પ્રવૃત્તિ થઈ શકે ?

(1) સર્વધર્મ પ્રાર્થના (2) એકધર્મની પ્રાર્થના

(3) નેતાનો પરિચય આપવો (4) નેતાના ફોટા મૂકવા

(9) ભારતીય સંસ્કૃતિનું લક્ષણ નીચેનામાંથી કયું છે ?

(1) પરિવર્તનશીલ (2) અપરિપરિવર્તનશીલ

(3) એકધર્મ ભાવના (4) મર્યાદિત સંસ્કૃતિ

(10) ભારતીય સંસ્કૃતિના લક્ષણમાં કઇ બાબત વિસંગત છે ?

(1) સર્વધર્મ પ્રાર્થના (2) સંસ્કૃતિનો ફેલાવો

(3) માનવ સર્જન સંસ્કૃતિ (4) સંસ્કૃતિનો વિકાસ અટકે

(11) ભારતીય સંસ્કૃતિના ફેલાવા માટે વિસંગત બાબત કઇ છે ?

(1) ધાર્મિક તહેવારોની ઉજવણી (2) સર્વધર્મની પ્રાર્થના

(3) હસ્તલિખિત અંક તૈયાર કરવો (4) એકધર્મની પ્રાર્થના

(12) સંસ્કૃતિના વિકાસ માટે શાળામાં શિક્ષક શું કરી શકે ?

(1) હિન્દુ ધર્મનું પ્રવચન (2) એક જ ધર્મના પર્વની ઉજવણી

(3) ધાર્મિક પર્વની ઉજવણી (4) હિન્દુ ધર્મની પ્રાર્થના

(13) સંસ્કૃતિના વિકાસ માટે શાળામાં શિક્ષકની ભૂમિકા અંગે વિસંગત બાબત કઇ છે ?

(1) વિવિધ ધર્મની પ્રાર્થના (2) વિવિધ ધર્મના પ્રવચનો

(3) વિવિધ ધર્મના પર્વની ઉજવણી (4) એક જ ધર્મની ઉજવણી

(14) સામાજિકરણની પ્રક્રિયામાં નીચેનામાંથી કયું લક્ષણ જોવા મળે છે ?

(1) સતત પ્રક્રિયા (2) અપાનુકૂલનની પ્રક્રિયા

(3) ટૂંકા ગાળાની પ્રક્રિયા (4) મૌનની પ્રક્રિયા

(15) બાળકના સામાજિકરણને અસર કરતું પરિબળ કયું છે ?

(1) કુટુંબ (2) સગાવહાલાં

(3) ધર્મ (4) ભાષા

(16) શાળાએ સામાજિકરણ માટે કેવી સંસ્થા છે ?

(1) ઔપચારિક વ્યવસ્થા (2) અનૌપચારિક વ્યવસ્થા

(3) ટૂંકા ગાળાની સંસ્થા (4) લાંબા ગાળાની સંસ્થા

(17) બાળકના સામાજિકરણને અસર કરતાં પરિબળોમાં નીચેનામાંથી કયું પરિબળ નથી ?

(1) ઘર (2) મિત્ર વર્તુળ

(3) શાળા (4) સગા સબંધી

**મુદ્દાસર ઉત્તર આપો.**

1. સામાજિકીકરણ એટલે શું ?

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

2. સામાજિકીકરણના કોઇ પણ બે લક્ષણ જણાવો.

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

3. બાળકના સામાજિકીકરણ પર અસર કરતાં કોઇ પણ બે પરિબળ જણાવો.

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

4. સંસ્કૃતિ એટલે શું ?

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

5. સંસ્કૃતિના કોઇપણ બે લક્ષણ જણાવો.

............................................................................

............................................................................

............................................................................

............................................................................

..............................................................

..............................................................

## 11.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

- **બહુ વિકલ્પ પ્રશ્નોના સાચા ઉત્તરો :**

(1) માનવીના અનુભવોનો સંચય

(2) આંતરક્રિયા

(3) સર્વધર્મ ભેદભાવ

(4) પરિવર્તનશીલતા

(5) ફેલાવો

(6) ઘડિયાળ, મશીન, આભૂષણ

(7) ઘડિયાળ, મશીન, આભૂષણ

(8) સર્વધર્મ પ્રાર્થના

(9) પરિવર્તનશીલ

(10) સંસ્કૃતિનો વિકાસ અટકે

(11) એકધર્મની પ્રાર્થના

(12) ધાર્મિક પર્વની ઉજવણી

(13) એક જ ધર્મની ઉજવણી

(14) સતત પ્રક્રિયા

(15) કુટુંબ

(16) ઔપચારિક વ્યવસ્થા

(17) સગા સબંધી

## 11.7 સૂચિત વાંચન સામગ્રી


(1) બારૈયા વી. વી : સમકાલીન ભારત અને શિક્ષણ, પ્રતિક પ્રકાશન, આણંદ
તથા અન્ય

(2) બારૈયા વી. વી : વિકાસના ભારતમાં શિક્ષણ, પ્રતિક પ્રકાશન, આણંદ

(3) રાવલ નટુભાઈ વી : કેળવણીની તાત્ત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશીલાઓ, નીરવ પ્રકાશન, અમદાવાદ.

એકમ 12

# માધ્યમિક શિક્ષણમાં વિવિધ સંસ્થાઓનો ફાળો

**: રૂપરેખા :**

**12.1 પ્રસ્તાવના**

**12.2 માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણનું સંચાલન**

**12.3 માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણમાં વિવિધ સંસ્થાઓનો ફાળો**

**(1) કેન્દ્ર સરકારનો ફાળો**

**(2) રાજ્ય સરકારનો ફાળો**

**(3) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો ફાળો**

**(4) જાહેર ટ્રસ્ટોનો ફાળો**

**(5) લઘુમતી સંસ્થાઓનો ફાળો**

**(6) ખાનગી સાહસો દ્વારા સંચાલન**

**12.4 ગુણવત્તા સુધારણા માટે કામ કરતી સંસ્થાઓની માહિતી**

**12.5 પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાને અસર કરતાં પરિબળો અને ભલામણો**

**12.6 શિક્ષક તાલીમની સમસ્યા**

**1. પ્રસ્તાવના**

**2. શિક્ષકની તાલીમ**

**3. તાલીમી કૉલેજોની મર્યાદાઓ**

**4. તાલીમી કૉલેજો અને પ્રાથમિક શિક્ષણ સુધારણા**

**5. પ્રાથમિક શિક્ષણ અને નોકરી દરમિયાલ તાલીમ**

**12.7 શિક્ષક તાલીમની સમસ્યા નિવારવાના ઉપાયો**

**12.8 શિક્ષક તાલીમની સમસ્યા હલ કરવા લેવાયેલા પગલાં**

**12.9 સારાંશ**

**12.10 એકમ સ્વાધ્યાય**

**12.11 તમારી પ્રગતિ ચકાસો**

**12.12 સૂચિત વાંચન સામગ્રી**

---

ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે .....

(1) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણનું સંચાલન સમજી શકશો.

(2) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણામાં વિવિધ સંસ્થાઓનો ફાળો સમજી શકશો.

(3) ગુણવત્તા સુધારણામાં કેન્દ્ર સરકારનો ફાળો સમજી શકશો.

(4) રાજ્ય સરકારનો ફાળો સમજી શકશો.

(5) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો ફાળો સમજી શકશો.

(6) જાહેર ટ્રસ્ટોનો ફાળો સમજી શકશો.

(7) લઘુમતી સંસ્થાઓનો ફાળો સમજી શકશો.

(8) ખાનગી સાહસો દ્વારા સંચાલન સમજી શકશો.

(9) ગુણવત્તા સુધારણા માટે કામ કરતી સંસ્થાઓની માહિતી સમજી શકશો.

## 12.1 પ્રસ્તાવના

અંગ્રેજ શાસનકાળ દરમિયાન શિક્ષણનું સંચાલન સરકારની સીધી દેખરેખ નીચે થતું હતું. પ્રાથમિક શિક્ષણની સઘળી જવાબદારી સરકાર હસ્તક હતી, પરંતુ ધીરે ધીરે માધ્યમિક શિક્ષણની જવાબદારી ખાનગી સાહસોને સોંપવાને શરૂઆત કરી હતી. આ હકીકતનું સમર્થન આપણને હંટર કમિશન (1882) ના અહેવાલમાં મળે છે. હંટર કમિશને માધ્યમિક શિક્ષણના સંચાલનમાં ખાનગી સાહસોને પ્રોત્સાહિત કરવા સરકારને અનુરોધ કરતાં જણાવ્યું હતું કે -

"Secondary Education as far as possible, be provided on the grant-in-aid basis and that the government should withdraw as early as possible from the direct management of secondary schools."

આમ, આઝાદી પૂર્વે માધ્યમિક શિક્ષણની જવાબદારી સરકારની સાથે સાથે ખાનગી સાહસોએ ઉપાડેલ છે. ભારતીય શિક્ષણના ઇતિહાસમાં પ્રાચીન ભારત તરફ દૃષ્ટિ દોડાવતાં નીચેનું ચિત્ર જોવા મળે છે.

સમગ્ર શિક્ષણ વ્યવસ્થાનું દાયિત્વ અને નિયંત્રણ આચાર્યો અને વિદ્યાને હસ્તક રહેલું જણાય છે. ગુરુકુળ આશ્રમો અને વિશ્વવિદ્યાલયોને રાજ્ય તરફથી અનુદાન મળતું હતું. આમ છતાં, રાજા કે રાજ્યનો શિક્ષણ સંસ્થાના સંચાલન કે વ્યવસ્થા સાથે સબંધ રહેતો ન હતો.

આઝાદી પ્રાપ્ત કર્યા પછી 7 થી 14 વર્ષનાં તમામ બાળકોને મફત, ફરજિયાત અને સાર્વત્રિક શિક્ષણની બંધારણીય જોગવાઈ કરવામાં આવી, પરિણામે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની જવાબદારી રાજ્ય સરકારો પર આવી. રાજ્ય સરકારોએ પ્રાથમિક શિક્ષણની જવાબદારી પોતાના હસ્તક રાખી, પરંતુ માધ્યમિક શિક્ષણની જવાબારી અનુદાન પ્રથા ચાલુ રાખી વિવિધ સંસ્થાઓને સોંપવામાં આવી. રાજ્ય સરકારોએ શાળાઓને માન્યતા આપવાનું, અનુદાન આપવાનું, નિરીક્ષણ કરવાનું તથા નિયંત્રણ રાખવાનું કાર્ય પોતાના હસ્તક રાખી શિક્ષણની સીધી જવાબદારીમાંથી મુક્ત રહેવાનું મુનાસિબ માન્યું.

શિક્ષણ એ સહિયારું સાહસ છે. શિક્ષણની જવાબદારી વ્યાપક છે. શિક્ષક, વિદ્યાર્થી, સમાજ અને સરકારની વિશિષ્ટ જવાબદારી તેમાં સમાયેલી છે. શિક્ષણની વિકાસ માટે સમાજ અને સરકાર દ્વારા કેટલીક વિશિષ્ટ સંસ્થાઓને કાર્યાન્વિત કરવામાં આવી છે.

## 12.2 માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણનું સંચાલન

દેશમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણનું સંચાલન વિવિધ સંસ્થાઓ દ્વારા થાય છે. દેશના વિવિધ રાજ્યોમાં આ સંચાલનની પદ્ધતિ અલગ-અલગ છે. નીચેની સંસ્થાઓનું આ ક્ષેત્રે યોગદાન જોવા મળે છે.

1. કેન્દ્ર સરકાર દ્વારા સંચાલન
2. રાજ્ય સરકાર દ્વારા સંચાલન
3. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા સંચાલન
4. જાહેર ટ્રસ્ટો દ્વારા સંચાલન
5. લઘુમતી સંસ્થાઓ દ્વારા સંચાલન
6. ખાનગી સાહસો દ્વારા સંચાલન

આમ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણના સંચાલનમાં વિવિધ સંસ્થાઓ અને તેની શાખાઓ સંકળાયેલ છે. એક અહેવાલ પ્રમાણે લગભગ 68 થી 70 ટકા માધ્યમિક શાળાઓનું સંચાલન ખાનગી સાહસોને હસ્તક રહેલ છે. છેલ્લા બે દાયકામાં રાજ્ય સરકારના સમાજ ખાતા દ્વારા નિવાસી આશ્રમી શાળાઓની જવાબદારી નિભાવવામાં આવી રહી છે. સાથો સાથ લઘુમતી સંસ્થાઓ દ્વારા પણ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણની સંસ્થાઓ શરૂ થઈ રહી છે.

## 12.3 માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણમાં વિવિધ સંસ્થાઓનો ફાળો

શિક્ષણની સમગ્ર પ્રક્રિયા વિકસાવવામાં શાળાકીય કે સંસ્થાકીય વાતાવરણ અત્યંત જરૂરી છે. ઉત્તમ વાતાવરણના નિર્માણ માટે રાષ્ટ્રની અનેકવિધ સંસ્થાઓનું યોગદાન મળતું રહ્યું છે. શૈક્ષણિક સંસ્થા એ માત્ર ઈંટ-ચૂનાનું બનેલું ભવન હોતું નથી, પરંતુ તેનું પોતાનું એક આગવું વિશિષ્ટ વ્યક્તિત્ત્વ હોય છે. વિવિધ સંસ્થાઓ તેની સાથે સંકળાયેલ હોય છે. અહીં આપણે આ સંસ્થાઓની કામગીરી વિશે માહિતી મેળવીશું.

**(1) કેન્દ્ર સરકારનો ફાળો :**

શિક્ષણ અને નીતિ વિષયક નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા લેવાય છે. કેન્દ્ર સરકાર માધ્યમિક શિક્ષણની જવાબદારી બે રીતે સંભાળે છે. એક તો કેન્દ્ર સરકાર જુદાં જુદાં રાજ્યોમાં કેન્દ્રીય વિદ્યાલયો, સૈનિક શાળા અને નવોદય વિદ્યાલયોનું સંચાલન સંભાળે છે અને બીજું કેન્દ્ર સરકારનાં શિક્ષણ મંત્રાલયોની દેખરેખ નીચે ચાલતી નીચેની સંસ્થાઓ રાજ્ય સરકારોને શિક્ષણ વિષયક સલાહ આપે છે.

(1) શિક્ષણનું મધ્યસ્થ સલાહકાર બોર્ડ.

(2) માધ્યમિક શિક્ષણ માટે સેવા વિસ્તરણના કાર્યક્રમોનો વિભાગ.

(3) નેશનલ બોર્ડ ફોર ઑડિયો વિઝ્યુઅલ ઍજ્યુકેશન.

(4) સેન્ટ્રલ બોર્ડ ઑફ ફિઝિકલ ઍજ્યુકેશન રિક્રિએશન. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય 1954માં નીચેનાં બ્યુરોની સ્થાપના કરેલ છે.

(5) સેન્ટ્રલ બ્યુરો ઑફ ટેક્સ્ટબુક રિસર્ચ.

(6) સેન્ટ્રલ બ્યુરો ઑફ ઍજ્યુકેશન ઍન્ડ વૉકેશનલ ગાઈડન્સ.

કેન્દ્ર સરકારે માધ્યમિક શિક્ષણને વેગ મળે તથા માધ્યમિક શિક્ષણ વધુ સારું બને તે હેતુથી નીચેની સંસ્થાની સ્થાપના કરેલ છે.

(7) અખિલ હિંદ માધ્યમિક શિક્ષણ સમિતિ

(All India Council for Secondary Education)

આમ, કેન્દ્ર સરકાર માધ્યમિક શિક્ષણની પ્રત્યક્ષ જવાબદારી સંભાળે છે તથા વિવિધ સંસ્થાઓ દ્વારા નીચેની કામગીરી બજાવે છે.

- માધ્યમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા સેવા વિસ્તરણ કાર્યક્રમોનું આયોજન કરે છે.
- શિક્ષણનાં તમામ ક્ષેત્રોમાં સંશોધનને પ્રોત્સાહન આપે છે.
- શિક્ષણ વિષયક સંશોધન કાર્યો હાથ ધરવામાં આર્થિક સહાય કરે છે.
- શિક્ષણ-પ્રશિક્ષણ માટે પૂર્વ સેવા અને સેવાકાલીન તાલીમની વ્યવસ્થા કરે છે.

**(2) રાજ્ય સરકારનો ફાળો :**

માધ્યમિક શિક્ષણ રાજ્ય સરકારના સંપૂર્ણ નિયંત્રણ નીચે છે. માધ્યમિક શિક્ષણનું નિયંત્રણ રાજ્ય સરકારના શિક્ષણ મંત્રાલય, શિક્ષણ ખાતું અને માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા થાય છે. કેન્દ્ર સરકારની માફક રાજ્ય સરકાર પણ માધ્યમિક શિક્ષણની પ્રત્યક્ષ અને પરોક્ષ જવાબદારી સંભાળે છે.

રાજ્ય સરકાર શિક્ષણની નીતિ વિષયક બાબતોમાં નિર્ણય લે છે. માધ્યમિક શિક્ષણનો અભ્યાસક્રમ, અનુદાન નીતિ, પાઠ્યપુસ્તકો, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની માન્યતા તથા ભાષા શિક્ષણ અંગે નિર્ણયો લે છે. કેન્દ્ર સરકારનું શિક્ષણ વિષયક દિશાસૂચન હોવાં છતાં પ્રત્યેક રાજ્ય પોતપોતાની રીતે નીતિ ઘડે છે, પરિણામે બધાં રાજ્યોમાં શિક્ષણ અંગે એકસરખી નીતિનો અભાવ જોવા મળે છે.

રાજ્ય સરકાર શિક્ષણ વિષયક જે નીતિ ઘડે છે. તેને અમલમાં મૂકવાનું કાર્ય શિક્ષણખાતું કરે છે. રાજ્ય સરકાર રાજ્યમાં સ્થપાયેલી સરકારી શાળાઓનું અને સમાજ ખાતા દ્વારા સંચાલન થતી આશ્રમી શાળાઓનું સીધું સંચાલન કરે છે, જ્યારે અનુદાન લેનારી શાળાઓનું સંચાલન યોગ્ય રીતે થાય તે માટેની જવાબદારી સંભાળે છે. આ માટે રાજ્ય સરકારનું શિક્ષણખાતું નીચેની કામગીરી કરે છે :

- શિક્ષણના સરળ વહીવટ માટે હોદ્દેદારોની નિમણૂંક કરે છે, જેમાં શિક્ષણ નિયામક, નાયબ શિક્ષણ નિયામક તથા ઉપશિક્ષણ નિયામકોનો સમાવેશ થાય છે.
- માધ્યમિક શિક્ષણ, ટેકનિકલ શિક્ષણ તથા રાજ્ય વિભાગો માટે શિક્ષણ નિયામકની નિમણૂંક કરવામાં આવે છે.
- ઉપશિક્ષણ નિયામકોના મદદનીશો તરીકે દરેક જિલ્લામાં શિક્ષણાધિકારી મદદ કરવા મદદનીશ શિક્ષણ નિરીક્ષકો હોય છે.
- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વહીવટ અંગે માર્ગદર્શન પૂરું પાડે છે.
- માધ્યમિક શાળાઓને નિયમિત અનુદાન આપવાની વ્યવસ્થા કરે છે.
- નિયમિત સમયે માધ્યમિક શાળાઓનું વહીવટી અને શૈક્ષણિક નિરીક્ષણ કરે છે.
- માધ્યમિક શિક્ષણ બોર્ડની સૂચના અનુસાર પરીક્ષાની કામગીરી બજાવે છે.
- ટૂંકમાં, માધ્યમિક ક્ષેત્રે પ્રવેશ, શિક્ષણ, પરીક્ષણ અને પરિણામ સુધીની કામગીરી સંભાળે છે. આ ઉપરાંત રાજ્ય સરકાર સ્ત્રી શિક્ષણ, વ્યાયામ અને ઉદ્યોગ શિક્ષણની જવાબદારી પણ સંભાળે છે.

આ રીત રાજ્ય સરકાર દ્વારા શિક્ષણની ગુણવત્તામાં વધારો થાય તે માટે સતત પ્રયત્નશીલ રહે છે, ગુણવત્તા સુધારવા માટે સતત નિરીક્ષણ કરે છે, માર્ગદર્શન આપે છે. આખા વર્ષનું આયોજન શાળાઓને તૈયાર કરીને મોકલે છે. જિલ્લા પ્રમાણે બેસ્ટ શાળાનું નિરીક્ષણ કરી જરૂરી પ્રોત્સાહન આપવામાં આવે છે. બેસ્ટ શાળા શોધવાનું કાર્ય નિવૃત્ત આચાર્ય અને બી.એડ્. કૉલેજના અધ્યાપકોને સોંપવામાં આવે છે.

**(3) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો ફાળો :**

માધ્યમિક શિક્ષણની સંસ્થાઓની જવાબદારી સંભાળવામાં સરકાર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો પણ સહકાર મેળવે છે. બ્રિટિશકાલીન શાસનકાળમાં શહેરી વિસ્તારોમાં મ્યુનિસિપાલિટીઓએ જિલ્લા વિસ્તારોમાં જિલ્લા બોર્ડ માધ્યમિક શિક્ષણની શાળાઓનાં સંચાલકોમાં ફાળો આપેલ છે. આઝાદી પછી પણ આ પ્રણાલિકા જળવાઈ રહી છે. ઈ.સ. 1957માં 30.7 ટકા શાળાઓ જિલ્લા બોર્ડને હસ્તક હોવાંનું જણાય છે. જ્યારે 3.4 ટકા શાળાઓ મ્યુનિસિપાલિટી હસ્તક હોવાંનું જણાય છે. અલબત્ત ધીરે ધીરે આ પ્રમાણ ઘટતું જાય છે.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં શિક્ષણવિષયક એક સમિતિ હોય છે. આ સમિતિના સભ્યો શિક્ષણ પ્રત્યે જેટલા પ્રમાણમાં જાગૃતિ ધરાવતા હોય તેટલા પ્રમાણમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની ગુણવત્તા જળવાઈ રહે. આ સમિતિની રચના ટૂંકા સમયગાળા માટે થતી હોય છે. આથી સમિતિ

બદલાતાં શિક્ષણવિષયક નીતિમાં પરિવર્તન થાય છે. ટૂંકા ગાળામાં થતાં ફેરફારો શિક્ષણ માટે ક્યારેક હાનિકારક પુરવાર થતા હોય છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ મહદંશે આર્થિક તંગી અનુભવતી હોય છે, પરિણામે શૈક્ષણિક સંસ્થાઓને પૂરતી નાણાંકીય સહાય મળવામાં મુશ્કેલી અનુભવાય છે.

**(4) જાહેર ટ્રસ્ટોનો ફાળો :**

માધ્યમિક શિક્ષણની સંસ્થાઓનાં સંચાલમાં જાહેર ટ્રસ્ટોનો પણ ઘણો મોટો ફાળો રહેલ છે. જાહેર ટ્રસ્ટોની અંગત દેખરેખને કારણે રાજ્યની કેટલીક નમૂનારૂપ શાળાઓ કામગીરીનું ઉત્તમ ઉદાહરણ જોવા મળે છે. શિક્ષણનો વિકાસ કરવામાં હેતુને ધ્યાનમાં રાખી જાહેર ટ્રસ્ટો જવાબદારી ઉપાડે છે. જાહેર ટ્રસ્ટો શૈક્ષણિક સંસ્થાઓનાં મકાનો બાંધવામાં, જરૂરી સગવડતા વધારવા માટે જરૂરી દાન મેળવે છે. જાહેર ટ્રસ્ટોનું ઉત્તમ સંચાલન અને કામગીરીને કારણે લોકો આવા ટ્રસ્ટોને ઉદાર હાથે દાન આપે છે, માધ્યમિક શિક્ષણનું સ્તર સારું અને ગુણવત્તા યુક્ત બનાવવા માટે પ્રયત્નશીલ રહે છે.

ખાસ કરીને આવા ટ્રસ્ટો ગ્રામ્ય વિસ્તારમાં વિકાસ માટે ખાસ રસ લઈ દાન આપે છે. શહેરની શાળા સાથે હરિફાઈ કરતાં આવા ટ્રસ્ટો ખૂબ રસ લે છે. પોતાની શાળાની ગુણવત્તા સારી બને, પરિણામ સારું આવે તે માટે સતત દેખરેખ અને પ્રયત્નશીલ રહે છે.

**(5) લઘુમતી સંસ્થાઓનો ફાળો :**

જાહેર ટ્રસ્ટોમાં કેટલીક લઘુમતી સંસ્થાઓ માધ્યમિક શિક્ષણમાં વિકાસ થાય તે માટે પ્રયત્નશીલ છે. દિવસે દિવસે ભારતમાં વસતા તમામ લોકોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ આવેલ છે. ખાસ કરીને શહેરી વિસ્તારમાં વસવાટ કરી પ્રજા પોતાનાં બાળકોના શિક્ષણ માટે હરહંમેશ પ્રયત્નશીલ રહે છે. ભારતમાં વસવાટ કરતી લઘુમતી પ્રજા ખાસ કરીને મુસ્લિમ અને ખ્રિસ્તી પ્રજા પોતાના આચાર-વિચાર, રહેણી-કરણી અલગ જાળવી રાખવા ઉત્સુક હોય છે. આ પ્રજા પોતાની આગવી સંસ્થા ઊભી કરે છે. આવી સંસ્થા દ્વારા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષા સુધીના શિક્ષણની જવાબદારી સંભાળે છે. આવી સંસ્થાનો વિકાસ થાય તે માટે સંસ્થાના આગેવાનો સતત પ્રયત્નશીલ રહે છે. કેટલાંક સમયથી સરકારે લઘુમતી સંસ્થાઓને કેટલાંક વહીવટી નિયંત્રણોમાંથી મુક્ત કરેલ છે. સરકારે લઘુમતી સંસ્થા દ્વારા શરૂ થતી સંસ્થાઓને માન્યતા આપવામાં, શિક્ષકોની નિમણૂંક બાબતમાં તથા અનુદાન આપવાની બાબતમાં વિશેષ અગ્રતાક્રમ આપેલ છે. લઘુમતી સંસ્થાના આગેવાનો દ્વારા શિક્ષણના વિકાસ માટેના પ્રયાસ થઈ રહ્યા છે. પોતાની સંસ્થાનું પરિણામ સારું આવે તેમજ ગુણવત્તામાં વધારો થાય તે માટે પ્રયત્નો કરે છે.

**(6) ખાનગી સાહસો દ્વારા સંચાલન :**

આઝાદી પછી દેશની આર્થિક સ્થિતિ નબળી પડતી જાય છે. શિક્ષણની જવાબદારી ઉપાડવામાં સરકારનું ભારણ ઓછું થાય તે માટે શિક્ષણની જવાબદારી ઉપાડવા માટે ખાનગી સાહસોને સંચાલન કરવાનું કાર્ય સોંપેલ છે, પ્રાથમિક શિક્ષણની બંધારણીય જવાબદારી અદા કરવામાં ખર્ચ વધારે થતો હોવાંથી માધ્યમિક શિક્ષણની જવાબદારી ખાનગી સાહસોને સોંપવાનું યોગ્ય માનવામાં આવ્યું. અનુદાન આપવામાં યોગ્ય સમયે પરિવર્તન કરી ખાનગી સાહસોને પ્રોત્સાહન આપવામાં આવ્યું.

ઈશ્વરભાઈ પટેલ સમિતિની ભલામણ અનુસાર શાળાઓને પગારખર્ચના 100 ટકા તથા ઈતર ખર્ચ અને મકાનભાડા માટે અનુદાન કરે છે. આથી માધ્યમિક શિક્ષણનો તમામ ખર્ચ સરકારના શિરે જણાય છે. આમ છતાં માધ્યમિક શિક્ષણની સંસ્થાઓ સ્થાપવામાં અને તેના સંચાલનમાં ખાનગી સાહસોનો ફાળો રહ્યો છે. આપણા દેશમાં લગભગ 60 ટકા

શાળાઓનું સંચાલન ખાનગી સાહસોના હસ્તક રહેલું છે. આ ખાનગી સાહસોમાં નીચેની સંસ્થાઓનો સમાવેશ થાય છે :

(1) ધાર્મિક સંસ્થાઓ (2) રજિસ્ટર્ડ ટ્રસ્ટ શાળાઓ (3) સોસાયટી ઍક્ટ નીચે નોંધાયેલી શાળાઓ (4) વ્યક્તિગત મૅનેજમેન્ટ દ્વારા ચાલતી શાળાઓ.

વ્યક્તિગત મૅનેજમેન્ટની શાળાઓને તદ્દન ખાનગી શાળાઓ કે પ્રોપ્રાયટરી શાળાઓ તરીકે ઓળખવામાં આવે છે.

## 12.4 ગુણવત્તા સુધારણા માટે કામ કરતી સંસ્થાઓની માહિતી

ગુણવત્તા સુધારવા માટે સ્થાનિક સંસ્થાઓ કામ કરે છે, તેની સાથે સાથે કેટલીક રાષ્ટ્રીય કક્ષાએ અને રાજ્ય કક્ષાએ કામ કરી રહેલ છે. જેની માહિતી નીચે મુજબ જોવા મળે છે :

**(1) રાજ્ય કક્ષાએ કામ કરતી સંસ્થાઓ**

- (1) જિલ્લા શિક્ષણ તાલીમ ભવન (DIET)
- (2) જિલ્લા શિક્ષણ અધિકારી (DEO)
- (3) શિક્ષણ નિયામક (DE)
- (4) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT)
- (5) કૉલેજ ઑફ ટીચર ઍજ્યુકેશન (CTE)
- (6) પાઠ્યપુસ્તક મંડળ
- (7) માધ્યમિક શિક્ષણ બોર્ડ

(2) રાષ્ટ્રીય કક્ષાએ કામ કરતી સંસ્થાઓ

- (1) રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ માટેની રાષ્ટ્રીય પરિષદ (NCERT)
- (2) કેન્દ્રીય સલાહકાર બોર્ડ (CABE)
- (3) યુનિવર્સિટી અનુદાનપંચ (UGC)
- (4) શિક્ષક પ્રશિક્ષણની રાષ્ટ્રીય પરિષદ (NCTE)
- (5) શૈક્ષણિક આયોજન અને વહીવટ માટેની રાષ્ટ્રીય - નીપા (NIEPA)
- (6) શિક્ષણની વિશિષ્ટ અભ્યાસ માટેની સંસ્થા (IASE)
- (7) નેક-રાષ્ટ્રીય મૂલ્યાંકન અને પ્રત્યાયન પરિષદ (NAAC)

## 12.5 પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાને અસર કરતાં પરિબળો અને ભલામણો

◆ પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાને નીચેના પરિબળો અસર કરે છે.

(1) કેટલીક જાતિઓ ભટકતું જીવન ગાળે છે.

(2) કેટલાંક લોકો રોજી-રોટી માટે સ્થળાંતર કાર્યો કરે છે.

(3) રાજ્યમાં આદિવાસી વિસ્તારમાં આદિવાસી શિક્ષકોની અછત જોવા મળે છે.

(4) આદિવાસી વિસ્તારમાં વિવિધ બોલીઓ અને ભાષાઓ જોવા મળે છે.

(5) નિરક્ષરતાનું પ્રમાણ વધુ છે.

(6) ગ્રામ્ય વિસ્તારમાં અંધશ્રદ્ધા, વહેમો અને અજ્ઞાનતાનું પ્રમાણ વધું છે.

(7) વાલીની આર્થિક સ્થિતિ નબળી છે.

◆ ઉપરોક્ત પરિબળોનો અભ્યાસ કર્યા બાદ ભારત સરકારે 1961માં ઢેબરપંચની નિમણૂંક કરી તેની મુખ્ય ભલામણો નીચે પ્રમાણે છે.

(1) એક માઈલની અંદર પ્રાથમિક શાળાની સુવિધા કરવી.

(2) હોસ્ટેલવાળી આશ્રમ શાળાઓ સ્થાપવી.

(3) છાત્રાલયમાં તમામ વ્યવસ્થા મફત કરવી.

(4) આશ્રમ શાળાઓને સુસજ્જ અને સાધન સંપન્ન કરવી.

(5) ટેક્નિકલ શિક્ષણ પર વધુ ભાર મૂકવો.

(6) રહેઠાણનો પ્રબંધ કરવો.

(7) આદિવાસી સંસ્કૃતિના જાણકાર શિક્ષકોની નિમણૂંક કરવી.

(8) અંતરમાળ વિસ્તારમાં શિક્ષકોને ખાસ વધારાનું ભથ્થું આપવું.

(9) અંતરિયાળ, પછાત વિસ્તારમાં પ્રશિક્ષણ કેન્દ્રો સ્થાપવાં.

## 12.6 શિક્ષક તાલીમની સમસ્યા

### 12.6.1 પ્રસ્તાવના

પ્રાથમિક શિક્ષણ એટલે 6 થી 14 વર્ષની વયકક્ષાનાં બાળકોને પૂરું પાડવામાં આવતું 1 થી 7 કે 8 ધોરણ સુધીનું શિક્ષણ. શિક્ષણના સોપાનના પાયામાં પ્રાથમિક શિક્ષણ રહેલું છે. સમગ્ર શિક્ષણનો પાયો જ પ્રાથમિક શિક્ષણ ગણાય છે અને આથી જ પ્રાથમિક શિક્ષણ જેટલું સંગીન અને ક્ષમતાપૂર્ણ એટલી જ સમગ્ર શિક્ષણપ્રક્રિયાની ગુણવત્તા ઊંચી ગણાય. શિક્ષણની ગુણવત્તા ઊંચી લાવવા માટે પ્રાથમિક શિક્ષણને સંગીન બનાવવું પડશે. પ્રાથમિક શિક્ષણને સંગીન બનાવવું એ દેશ માટે ઘણી જ ગંભીર સમસ્યા છે, કારણ કે દેશમાં ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ સ્વીકારવામાં આવ્યું છે. આથી પ્રાથમિક શિક્ષણનું વિસ્તરણ થયું છે.

રાજ્ય બંધારણે મફત, ફરજિયાત, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનો આદેશ આપ્યો, કારણ કે લોકશાહી દેશના પ્રત્યેક નાગરિકે ઓછામાં ઓછું પ્રાથમિક શિક્ષણ તો લેવું જ જોઈએ. એથી વધારે શિક્ષણ એ મેળવી શકે તો તે વધુ ઉત્તમ ગણાય, પરંતુ લોકશાહીનો કોઈ પણ નાગરિક પ્રાથમિક શિક્ષણથી વંચિત રહેવો જોઈએ નહિ.

પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રીકરણ કરાતા વધુ ને વધુ શાળાઓ ખોલવાની જરૂરિયાત ઊભી થઈ. વધુ ને વધુ શાળાઓ શરૂ થતાં શિક્ષકોની જરૂરિયાત પણ ઊભી થઈ. શરૂઆતમાં તો આપણા દેશમાં માત્રા શાળાંત પરીક્ષા પાસ કરેલા તાલીમ મેળવ્યા વિનાના શિક્ષકોની ભરતી કરવામાં આવી. આથી પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા ઓછી થઈ.

પ્રાથમિક શાળામાં જોડાતું બાળક એક કૂમળા છોડ જેવું છે. તેને જે રીતે વાળીએ તે રીતે વાળી શકાય છે. તેને આપણે ધારીએ તેવું બનાવી શકીએ છીએ, પરંતુ આ બધાનો આધાર શિક્ષક પર છે. આ માટે તાલીમ પામેલાં ઉત્તમ શિક્ષકોની જરૂર છે. પ્રાથમિક કક્ષાએ યોગ્ય તાલીમ પામેલાં શિક્ષકો મેળવવા એ એક મહત્ત્વની સમસ્યા છે.

### 12.6.2 શિક્ષકની તાલીમ

પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રીકરણ થતાં પ્રાથમિક કક્ષાએ તાલીમ પામેલાં શિક્ષકો મેળવવાનો પ્રશ્ન વિકટ છે. પ્રાથમિક કક્ષાએ બાળકોના યોગ્ય શિક્ષણ માટે સંખ્યાબંધ તાલીમ પામેલાં શિક્ષક ભાઈઓ તથા બહેનોની જરૂર છે. આ માટે 40 થી 50 વિદ્યાર્થીઓએ એક તાલીમ પામેલો શિક્ષક એ રીતે વધારાના શિક્ષણની તાલીમની વ્યવસ્થા કરવાની રહે તે સ્વાભાવિક છે. આ માટે નીચેના આપેલા પગલાં અમલમાં મૂકવાં જોઈએ.

- તાલીમી શિક્ષકોની ખોટ પૂરી કરવા નવી તાલીમી કૉલેજો શરૂ કરવી જોઈએ.
- તાલીમી કૉલેજોને અદ્યતન શૈક્ષણિક સુવિધાઓથી સજ્જ કરવી જોઈએ.
- તાલીમી કૉલેજોમાં યોગ્ય લાયકાત ધરાવતા પ્રશિક્ષકો નીમવા જોઈએ.

- તાલીમ સંસ્થાઓ પૈકી 70 ટકા જેટલી સંસ્થાઓ ગ્રામ વિસ્તારોમાં હોય એ ઈચ્છનીય છે.

મહિલા શિક્ષકોને તાલીમ માટે ઉદાર ભથ્થાં કે એના જેવી ઈતર સહાય આપવી જોઈએ.

શિક્ષણનું સાર્વત્રિકરણ કરાતાં શરૂઆતમાં શાળાંત પરીક્ષા પસાર કરી હોય તેવા બિનતાલીમી શિક્ષકોની ભરતી કરવામાં આવી હતી. ત્યાર બાદ આ શિક્ષકોને તાલીમી કૉલેજોમાં તાલીમ લેવા માટે ભરતી કરવામાં આવતી હતી. આ સમયે શિક્ષકને સરકાર તરફથી તાલીમી ભથ્થું આપવામાં આવતું હતું. ધીમે ધીમે બિનતાલીમી શિક્ષકોની ભરતી બંધ થઈ ગઈ છે. સાથે સાથે શાળાંત શિક્ષકોની નિમણૂક કરવાની પ્રથા પણ બંધ થઈ છે. હવે તો એસ.એમ.સી. પછી બે વર્ષની તાલીમ મેળવેલી હોય તેવા શિક્ષકોની જ ભરતી કરવામાં આવે છે. આથી પ્રાથમિક શિક્ષણમાં તાલીમ પામેલાં શિક્ષકોનું પ્રમાણ વધ્યું છે.

પ્રાથમિક શિક્ષકો તરીકે જોડાવા ઈચ્છતી વ્યક્તિઓને તાલીમ આપવાનું કાર્ય પ્રાથમિક શિક્ષક તાલીમી કૉલેજો કરે છે. તાલીમ માટે આવતા શિક્ષકોને સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક એમ બે પ્રકારનું કાર્ય કરવાનું હોય છે. તાલીમીઓ માટે છાત્રાલય નિવાસ ફરજિયાત હોય છે. પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક ક્ષમતા ધરાવતી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ આપવાનું હોય છે. એની પ્રત્યક્ષ તાલીમ આ તાલીમી કૉલેજોમાં આપવામાં આવે છે.

તાલીમ દરમિયાન વર્ષમાં એક અઠવાડિયું સતત શિક્ષણ આપવા માટે ગ્રામ વિસ્તારોમાં જવાનું હોય છે. તાલીમાર્થીઓ ગામડાની શાળામાં વાસ્તવિક વાતાવરણમાં શિક્ષણકાર્ય કરે છે. પ્રાતઃકાળે તેમજ સાયંકાળે પ્રાર્થના, ધૂન વગેરે સમૂહમાં કરે છે. રાત્રે ભજન, લોકગીતો યોજે છે. સફાઈ, પ્રદર્શન, ઉજાણી, નજીકમાં પર્યટન, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લેવા બાળકોને પ્રોત્સાહિત કરે છે. આ રીતે શાળાનાં બાળકોમાં રહેલી શક્તિઓને વિકસાવે છે.

**12.6.3 તાલીમી કૉલેજોની મર્યાદાઓ**

પ્રાથમિક શિક્ષકોની તાલીમ અંગેનું કાર્ય તાલીમી કૉલેજો કરે છે, પરંતુ આ તાલીમી કૉલેજોની નીચે આપેલી કેટલીક મર્યાદાઓ પણ જોવા મળે છે.

- તાલીમી કૉલેજો દ્વારા શિક્ષકની તાલીમમાં સૈદ્ધાંતિક શિક્ષણ પર વધુ પડતો ભાર મૂકવામાં આવે છે, જ્યારે પ્રાયોગિક કાર્ય અને પ્રત્યક્ષ શિક્ષણ પર અપૂરતું ધ્યાન આપવામાં આવતું હોય છે.
- પ્રાથમિક શિક્ષણમાં તાલીમી કૉલેજોમાં તાલીમી શિક્ષકના શિક્ષણ પાઠોમાં પદ્ધતિની અને વિચારોની જડતા તેમજ એક જાતનું ઘરેડપણું જોવા મળે છે. તેમાં કોઈ નવીનતા જણાતી નથી.
- તાલીમી કૉલેજોમાં અધ્યેતાકેન્દ્રી કેટલીક પદ્ધતીઓ કે પ્રવૃત્તિ પદ્ધતિઓ, સમવાય શૈક્ષણિક અનુભવો વગેરેની કેવળ વાતો જ થાય છે, પરંતુ તાલીમાર્થીઓને તેને પ્રત્યક્ષ રૂપે અમલમાં મૂકવાની તક મળતી નથી. તાલીમી કૉલેજોમાં આ રીતે પ્રત્યક્ષ કાર્યતાલીમ પૂરતા પ્રમાણમાં મળતી નથી.
- તાલીમી કૉલેજોમાં તાલીમાર્થી શિક્ષક અન્ય તાલીમાર્થી શિક્ષકોના શિક્ષણ પાઠોનું નિરીક્ષણ કરે છે. તેમ છતાં તેમને નિષ્ણાત શિક્ષકોના શિક્ષણ પાઠોનું નિરીક્ષણ કરવાની જોઈતી સગવડ હોતી નથી.
- ઘણી તાલીમી કૉલેજોમાં પૂરતો અધ્યાપકગણ નથી.
- તાલીમ લીધા પછી પણ શિક્ષક તરીકેની તાત્કાલિક નોકરી મળતી નથી. આથી શિક્ષકો હતાશ બને છે.
- તાલીમ પામેલાં શિક્ષકોના વિશેષ શિક્ષણની સુવિધા હોય તેવું જણાતું નથી.
- કેટલીક તાલીમી કૉલેજોને તેમની પ્રાયોગિક શાળા પણ હોતી નથી. વળી નવી ક્રિયાત્મક

પદ્ધતિઓનો ઉપયોગ કરી શકાય એવું મકાન, ખંડો, ફર્નિચરની સુવિધા પણ ઘણી ઓછી તાલીમી કૉલેજોમાં હોય છે.

- તાલીમી કૉલેજોમાં પ્રાથમિક શિક્ષકોની તાલીમમાં સતત શિક્ષણ માટે ગ્રામ વિસ્તારોમાં કામ કરવા પર ભાર મૂકવામાં આવે છે. છતાં ગ્રામ જનતાનો પૂરતો સહકાર તાલીમાર્થી શિક્ષકોને મળતો નથી.

**12.6.4 તાલીમી કૉલેજો અને પ્રાથમિક શિક્ષણ સુધારણા**

દેશમાં મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનો પ્રસાર થઈ રહ્યો છે. દેશના પછાત અને જંગલના અંદરના ભાગોમાં વસતા આદિવાસીઓ સુધી શાળાઓ પહોંચી છે. પરિણામે શાળાઓ વધી, શાળાએ આવતાં બાળકોની સંખ્યા વધી, શિક્ષકોની સંખ્યા વધી. આમ, પ્રાથમિક શિક્ષણનો પ્રસાર વધ્યો પરંતુ તેની ગુણવત્તા ઘટતી જાય છે. પ્રાથમિક શિક્ષણ એ તો પાયાનું શિક્ષણ છે. રાષ્ટ્ર અને સમાજની જરૂરિયાતને પોષે એવું ગુણવત્તાવાળું પાયાનું શિક્ષણ છે. ગુણવત્તા વિહોણો પ્રસાર ફળદાયી બનતો નથી. આથી પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા જરૂરી કાર્યક્રમો હાથ ધરવા જોઈએ.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986ના સંદર્ભમાં સમગ્ર રાષ્ટ્રમાં એકસરખો ઊંચી ગુણવત્તા ધરાવતો અભ્યાસક્રમ ધોરણ 1 થી 12 સુધી અમલમાં મૂકવામાં આવ્યો છે. અભ્યાસક્રમ સુધરે એ અગત્યની બાબત છે, પરંતુ એકલો અભ્યાસક્રમ સુધારવાથી શિક્ષણનું સ્તર ઊંચું આવે નહિ. અભ્યાસક્રમને અમલમાં મૂકનારા શિક્ષકોની યોગ્યતા પણ વિચારવી પડશે. આ માટે તાલીમી કૉલેજોની જરૂરિયાતો સમજવી પડશે. તાલીમી કૉલેજોમાં જરૂરી લાયકાત ધરાવતા પૂરતા અધ્યાપકો અને પૂરતી શૈક્ષણિક સુવિધાઓ હશે તો તેઓ પ્રાથમિક શિક્ષકની તાલીમ ઉપરાંત પ્રાથમિક શિક્ષણની સુધારણા અંગે પણ ઉત્તમ કાર્ય કરી શકશે.

પ્રાથમિક શાળાઓમાં તાલીમ પામેલાં શિક્ષકો શિક્ષણનું કાર્ય કરતા હોય તો શિક્ષણનું સ્તર ઊંચું આવે. છતાં પ્રાથમિક શિક્ષણનું સ્તર જોઈએ તેટલું ઊંચું આવ્યું હોય તેવું જણાતું નથી. દિન-પ્રતિદિન અસ્તર નીચું ઉતરતું જ જાય છે એવી સાર્વત્રિક ફરિયાદો પણ સાંભળવા મળે છે. આ માટે મહત્ત્વનું કારણ પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રીકરણ છે. આ ઉપરાંત આ માટે નીચે જેવાં કેટલાંક કારણો પણ જવાબદાર હોવાંનું જણાય છે :

- તાલીમ પામેલાં શિક્ષકો નોકરી દરમિયાન વિશેષ વાંચન કે ઈતર વાંચનની વિમુખ રહેતા હોય છે.
- તાલીમી કૉલેજોમાં તાલીમ દરમિયાન મેળવેલ પ્રાયોગિક તાલીમનો ઉપયોગ શિક્ષકો વ્યવસાયમાં જોડાયા પછી ભાગ્યે જ કરતા જણાય છે.
- નવું જાણવાની અને શીખવાની તેમની જિજ્ઞાસાવૃત્તિનો મોટા ભાગના શિક્ષકોમાં નાશ થયો હોય છે.
- પ્રાથમિક શિક્ષકો એક સાથે અનેક ધંધાઓ પણ કરતા હોવોંથી શિક્ષણના વ્યવસાયને યોગ્ય ન્યાય આપી શકતા નથી.

આ સંદર્ભમાં પ્રાથમિક શિક્ષકોને સાચી દિશા પૂરી પાડી પ્રાથમિક શિક્ષણની સુધારણા કરવાનું કાર્ય તાલીમી કૉલેજોએ કરવાનું હોય છે. તાલીમી કૉલેજો સેવા વિસ્તરણ કેન્દ્ર તરીકે પ્રાથમિક શિક્ષણ સુધારવામાં અગત્યનો ફાળો આપે છે. પોતાની આજુબાજુના દસ કિલોમીટર વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાઓને વિસ્તરણ કાર્યક્રમ દ્વારા પ્રાથમિક શિક્ષણક્ષેત્રે સુધારણા માટે મહત્ત્વનો ફાળો આપી શકે છે. ઘણી ખરી તાલીમી સંસ્થાઓ તેની આજુબાજુના શિક્ષકોને સેવા વિસ્તરણ કાર્યક્રમો દ્વારા નવીન પ્રવાહોની વાકેફ રાખે છે.

તાલીમી કૉલેજો આજુબાજુની પ્રાથમિક શાળાઓ માટે એક નવું કેન્દ્ર બની રહે છે કે જ્યાંથી

પ્રાથમિક શાળાના શિક્ષકો અને આચાર્યો જરૂર હોય તેવાં પુસ્તકો, શૈક્ષણિક સાધનો વગેરે શાળાના ઉપયોગ માટે અવારનવાર મેળવે છે. આ રીતે તાલીમી કૉલેજોના સંપર્કમાં રહી પોતાની જાતને અદ્યતન રાખી શકે છે.

તાલીમી કૉલેજોમાં સહશિક્ષણ જેવી પ્રવૃત્તિઓ કે કાર્યશિબિરો, પરિસંવાદો, કેળવણીકારોનાં પ્રવચનો, પ્રદર્શનો, જ્ઞાનવર્ધક શિબિરો વગેરે યોજવામાં આવે છે. આ વખતે આજુબાજુની પ્રાથમિક શાળાના શિક્ષકો અને આચાર્યોને નિમંત્રવામાં આવે છે. આ રીતે તેઓના જ્ઞાનને સંવર્ધિત કરી પ્રાથમિક શિક્ષણની સુધારણાનું કાર્ય તાલીમી કૉલેજો કરે છે.

### 12.6.5 પ્રાથમિક શિક્ષણ અને નોકરી દરમિયાન તાલીમ

નોકરી દરમિયાનની પ્રાથમિક શિક્ષકની તાલીમને પોતાની એક સીધી ફરજ તરીકે સરકારે સ્વીકારી નથી. આથી નોકરી દરમિયાન તાલીમનો પ્રશ્ન હજુ સુધી ગંભીરતાથી વિચારાયો નથી.

નીચે જેવાં હેતુઓને અનુલક્ષી નોકરી દરમિયાન શિક્ષકોને તાલીમ આપવાની ખાસ જરૂર છેઃ-

- પ્રાથમિક શિક્ષણમાં થતા નવા પ્રયોગો અને પદ્ધતિઓથી શિક્ષક વાકેફ રહે.
- તાલીમ દરમિયાન મેળવેલી વ્યવસાયમાં પડ્યા પછી ભૂલાઈ ગયેલી બાબતો તાજી થાય.
- પ્રત્યક્ષ અનુભવ દ્વારા નક્કર માર્ગદર્શન મેળવે.
- વિવિધ શૈક્ષણિક સાધનો, અધ્યેતાકેન્દ્રી શિક્ષણપદ્ધતિઓ અને પ્રવિધિઓના ઉપયોગનું જ્ઞાન મેળવે.
- પ્રાથમિક શિક્ષણની વિવિધ સમસ્યાઓ અંગે વિચારોની આપ-લે કરવાની તક મળે અને આવા અનુભવ દ્વારા પોતાનો આત્મવિશ્વાસ કેળવે.
- વિદ્યાર્થી, શિક્ષણ, શાળા, સમાજ વગેરે તરફના તેના માનસિક વલણમાં આરોગ્યપ્રદ પરિવર્તન આવે.
- સેવાકાલીન તાલીમથી શિક્ષકનું દષ્ટિબિંદુ વિશાળ બને છે અને કુપમંડૂકતા દૂર થઈ શિક્ષણના વ્યવસાય પ્રત્યે તંદુરસ્ત વલણ કેળવાય છે.

## 12.7 શિક્ષક તાલીમની સમસ્યા નિવારવાના ઉપાયો

દેશમાં પ્રાથમિક શિક્ષણનો પ્રસાર થતાં તાલીમ પામેલાં શિક્ષકો પૂરાં પાડવા માટે પ્રાથમિક શિક્ષક તાલીમી કૉલેજો શરૂ થઈ. આ તાલીમી કૉલેજોની અગાઉ જોઈ તેના જેવી કેટલીક મર્યાદાઓને લીધે શિક્ષકની તાલીમને લગતી કેટલીક સમસ્યાઓ ઊભી થઈ. આ સમસ્યાઓ નિવારવા માટે નીચે જેવા કેટલાંક ઉપાયો લેવા જોઈએ :

- દેશની તાલીમી કૉલેજોને શૈક્ષણિક સાધનોથી સુસજ્જ કરવી જેથી તેઓ તાલીમી શિક્ષકોને વિવિધ પ્રકારના શૈક્ષણિક અનુભવો પૂરાં પાડી શકે.
- તાલીમી કૉલેજોમાં નિમાતા અધ્યાપકો ઊંચી શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તે જરૂરી છે. ઊંચી શૈક્ષણિક લાયકાત ધરાવતા અધ્યાપકો જ તાલીમી શિક્ષકોને સાચું નેતૃત્વ પૂરું પાડી શકે.
- શૈક્ષણિક સંશોધન અને તાલીમની રાષ્ટ્રીય પરિષદે (NCERT) શિક્ષક તાલીમની સમસ્યા દૂર કરવા પરિસંવાદો, જૂથચર્ચા, શિબિરો યોજીને વિચાર-વિનિમયની તક પૂરી પાડી અસરકારક શિક્ષણ માટેના પ્રોજેક્ટ અમલમાં મૂકવાં જોઈએ.
- તાલીમી કૉલેજોએ પણ શિક્ષકની સઘન તાલીમ પર ભાર મૂકવો જોઈએ. આ કૉલેજોએ માત્ર સૈદ્ધાંતિક શિક્ષણ પર ભાર ન મૂકતાં તેમને પ્રત્યક્ષ અને પ્રાયોગિક શિક્ષણ પર ભાર મૂકવો જોઈએ.

- શિક્ષક તાલીમી કૉલેજોએ રૂઢિગત શિક્ષક તાલીમ પ્રણાલીને તિલાંજલી આપી દઈ વાસ્તવિક તાલીમ આપવી જોઈએ.
- પ્રાથમિક શિક્ષક બનવા માટે પ્રાથમિક શિક્ષકની તાલીમ લીધા પછી તાત્કાલિક નોકરી મળતી નથી. તાલીમાર્થીઓમાં પ્રવેશ મેળવવા માટે કે પ્રવેશ મેળવતી વખતે જેટલો ઉત્સાહ હોય છે. તેટલો ઉત્સાહ તાલીમ દરમિયાન રહેવા પામતો નથી. આથી પણ તેઓ પૂરતી તાલીમ મેળવતા નથી.
- શિક્ષકો માટેની તાલીમી કૉલેજોને લોકો તરફથી પૂરતી આર્થિક મદદ મળતી હોતી નથી. આથી નાણાંકીય તૂટને લીધે શિક્ષકની તાલીમમાં કચાશ કહેવા પામે છે. આ માટે સરકારે આવી કૉલેજોને પૂરતી નાણાંકીય મદદ કરવી જોઈએ.
- તાલીમી ક્ષેત્રે પ્રવેશેલા ધંધાદારી સંચાલકો દ્વારા ચલાવાતી કૉલેજો બંધ કરાવી દઈ કે તેમના પર ચોંપતી નજર રાખી શિક્ષકોની તાલીમમાં રહેવા પામતી કચાશ દૂર થાય તે માટે સરકારે સક્રિય રહેવું જોઈએ.

## 12.8 શિક્ષક તાલીમની સમસ્યા હલ કરવા લેવાયેલા પગલાં

મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ સ્વીકારાતા દેશમાં દૂર દૂરનાં ગામડાંઓમાં પ્રાથમિક શાળાઓ શરૂ થઈ. આ પ્રાથમિક શાળાઓ માટે શિક્ષકોની માંગ ઊભી થઈ. દેશમાં પ્રાથમિક શિક્ષકોની માંગને પહોંચી વળવા પ્રાથમિક શિક્ષકોની તાલીમ માટેની કૉલેજો બિલાડીના ટોપની માફક ફૂટી નીકળી. પ્રાથમિક શિક્ષણના વિસ્તરણ કાર્યક્રમ હેઠળ ઘણી લેભાગુ તાલીમી કૉલેજો પણ અસ્તિત્ત્વમાં આવી. આથી પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધરવાને બદલે નીચી ઊતરી. આથી સરકારે આવી સંસ્થાઓ સામે ત્રીજી યોજનાથી કડક હાથે કામ લેવા માંડ્યું હતું. જે સંસ્થાઓ ઊતરતી ગુણવત્તાની માલૂમ પડી હતી તેને ધીમે ધીમે બંધ કરવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. પરિણામે ઘણી સંસ્થાઓ બંધ કરાઈ. એ સમયે ગુજરાતમાં 80 જેટલી તાલીમી કૉલેજો હતી તે ઘટાડીને 35 કરવામાં આવી હતી.

સ્વતંત્રતા પછી ભારતમાં પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત અને સાર્વત્રિક બનાવાતા દેશમાં પ્રાથમિક શિક્ષણનું વિસ્તરણ થયું. આ માટેનું એક કારણ વસ્તીવધારો પણ ગણી શકાય, પરંતુ ગમે તેમ પણ દેશમાં પ્રાથમિક શાળાઓમાં અને પ્રાથમિક શિક્ષણ મેળવનારાઓમાં વધારો થયો. આના અનુસંધાનમાં શિક્ષકોની સંખ્યા પણ વધી. 'સંખ્યા વિરુદ્ધ ગુણવત્તા' એ સૂત્રાનુસાર સંખ્યા વધે તો ગુણવત્તા ઘટે જ. આથી ભારતમાં શિક્ષણના પ્રસાર સાથે શિક્ષણની ગુણવત્તાનું ધોરણ નીચું ગયું. આ નીચે ગયેલી શિક્ષણની ગુણવત્તાને સુધારવાના હેતુથી અર્થાત્ પ્રાથમિક શિક્ષણમાં સુધારણા કરવાના હેતુથી કેન્દ્ર સરકારે 1964માં પ્રત્યેક રાજયમાં રાજ્ય શિક્ષણ ભવનની સ્થાપના કરવાની એક યોજના ઘડી કાઢી. આ યોજના હેઠળ ગુજરાત સહિત બાર રાજ્યોમાં રાજ્ય શિક્ષણ ભવનો સ્થપાયાં.

રાજ્ય શિક્ષણ ભવનો રાજયના શિક્ષણ ખાતાની શૈક્ષણિક પાંખ છે શિક્ષણનો પ્રસાર થાય અને શિક્ષણની ગુણવત્તા સુધરે એ અંગે સમાજ અને શિક્ષકોને સાથે મળીને વિચારતા કરવાની તેમજ એ અંગે નક્કર કાર્યક્રમ ઘડી કાઢી તેનો અમલ કરવાની જવાબદારી રાજ્ય શિક્ષણ ભવનો બજાવે છે.

રાજ્ય શિક્ષણ ભવનો શિક્ષણના રોજિંદા પ્રશ્નોને વૈજ્ઞાનિક અભિગમ વાપરીને ઉકેલે એ બાબત પર ભાર મૂકે છે. આમ, રાજ્ય શિક્ષણ ભવન પ્રાથમિક શિક્ષણ સુધારણાની કાર્યવાહી કરે છે. આ ઉપરાંત તાલીમી કૉલેજોની તાલીમને લગતી સમસ્યાના ઉકેલ માટે તાલીમી કૉલેજોના કાર્યક્રમો, સેવા વિસ્તરણની પ્રવૃત્તિ, સામાન્ય શિક્ષણનો વિકાસ, બુનિયાદી શિક્ષણનો વિકાસ વગેરેમાં વિશેષ રસ લઈને તે અંગેના રાજ્યવ્યાપી કાર્યકમોનું આયોજન કરી આ કાર્યક્રમો નિયમિત રીતે યોજે છે.

રાષ્ટ્રીય શિક્ષણમનીતિ - 1986 શિક્ષક તાલીમની સમસ્યાના ઉકેલ સ્વરૂપે નોંધ્યું છે કે ''શિક્ષકોનું શિક્ષણ એ એક સતત પ્રક્રિયા છે અને પૂર્વ સેવા અને સેવાકાલીન શિક્ષણ એ એકબીજા સાથે સંલગ્ન છે. પ્રથમ પગલા રૂપે શિક્ષક પ્રશિક્ષણ પદ્ધતિને તલસ્પર્શી રીતે ચકાસવામાં આવશે.

શિક્ષક પ્રશિક્ષણના નવા કાર્યક્રમોમાં સતત શિક્ષણ અને આ શિક્ષણનીતિમાં જે-જે બાબતો પહોંચી વળવાની ક્ષમતા શિક્ષકોમાં કેળવાય તે બાબતે વધારે ધ્યાન આપવામાં આવશે.

ડિસ્ટ્રિક્ટ ઈન્સિટીટ્યૂટ ઑફ એજ્યુકેશન ઍન્ડ ટ્રેનિંગ (DIET)ની જિલ્લાવાર સ્થાપના કરવામાં આવશે અને પ્રાથમિક શિક્ષકોને અવૈધિક શિક્ષણ અને પ્રૌઢશિક્ષણમાં કઈ રીતે કામ કરવું તે માટેની પૂર્વ સેવાકાલીન તાલીમ આપવામાં આવશે.

DIET ની સ્થાપના થયેથી જે શૈક્ષણિક રીતે નીચા સ્તરની જણાય તેવી સંસ્થાઓને ક્રમશઃ બંધ કરવામાં આવશે.

કેટલીક પસંદ કરેલી ટિચર્સ ટ્રેનિંગ કૉલેજોને સ્ટેટ કાઉન્સિલ ઑફ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચની કામગીરી કરવા માટે વિકસાવવામાં આવશે. નેશનલ કાઉન્સિલ ઑફ ટિચર્સ એજ્યુકેશન (NCTE) ને શિક્ષક પ્રશિક્ષણની સંસ્થાઓના મૂલ્યાંકનને માટે અને અભ્યાસક્રમ અને શિક્ષણ પદ્ધતિઓ બાબતે માર્ગદર્શન આપવા માટે સાધન સંપન્ન રીતે સુસજ્જ કરવામાં આવશે. યુનિવર્સિટીના શિક્ષણ વિભાગો અને શિક્ષક-પ્રશિક્ષણની સંસ્થાઓ વચ્ચે આંતર જોડાણ કરવામાં આવશે.''

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986માં દર્શાવ્યા પ્રમાણે શિક્ષક તાલીમની સમસ્યાને હલ કરવા માટે જિલ્લા કક્ષાએ ડિસ્ટ્રિક્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ એજ્યુકેશન ઍન્ડ ટ્રેનિંગ (DIET) જિલ્લાવાર સ્થાપના કરવામાં આવી છે. આ સંસ્થાઓ રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986માં નિર્દેશિત કાર્યક્રમો કરવા માંડી છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986માં નિર્દેશ કર્યા મુજબ નેશનલ કાઉન્સિલ ઑફ ટીચર્સ એજ્યુકેશનનાં પ્રાદેશિક કેન્દ્રો સ્થાપીને તે પ્રાદેશિક કેન્દ્રમાં આવતી શિક્ષક પ્રશિક્ષણની સંસ્થાઓના મૂલ્યાંકનની કામગીરી સોંપવામાં આવી છે.

નેશનલ કાઉન્સિલ ઑફ ટીચર્સ એજ્યુકેશનની માન્યતા મેળવવાની દરેક શિક્ષકની તાલીમ સંસ્થાને ફરજ પાડવામાં આવી છે. જે સંસ્થા 15 માર્ચ, 1996 પહેલાં તેની માન્યતા મેળવવા જરૂરી પ્રવેશપત્ર અને રજિસ્ટ્રેશન ફી નહિ ભરે તેની માન્યતા આપોઆપ રદ થશે એવું ફરમાન બહાર પાડવામાં આવ્યું. અત્યાર સુધી આ નેશનલ કાઉન્સિલ ઑફ ટીચર્સ એજ્યુકેશન બિન કાર્યરત સંસ્થા હતી. તેને દેશમાં શિક્ષકની તાલીમ અને એ તાલીમ પૂરી પાડતી સંસ્થાઓના મૂલ્યાંકનની જબરદસ્ત કામગીરી સોંપવામાં આવી છે. આ સંસ્થા અસરકારક રીતે કામગીરી બજાવશે તો દેશમાં શિક્ષક તાલીમને લગતી સમસ્યા હલ થશે એમાં કાંઈ શંકા નથી. વળી શિક્ષક તાલીમને અસરકારક બનાવવાશે. સમગ્ર દેશની શિક્ષક તાલીમ સંસ્થાઓનો અભ્યાસક્રમ એકસરખો રહેશે. જોકે નેશનલ કાઉન્સિલ ઑફ ટીચર્સ એજ્યુકેશને તાલીમ કૉલેજો માટે જરૂરી એવી ભૌતિક સુવિધાઓ અંગે નક્કી કરેલાં ધોરણો ખૂબ જ ઊંચા છે. આથી દેશની બહુ ઓછી સંસ્થાઓ જ ધોરણો પ્રમાણેની હશે.

## 12.9 સારાંશ

- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના વિકાસ અને વિસ્તરણમાં વિવિધ સંસ્થાઓનો ફાળો મહત્ત્વનો રહેલ છે. ખાસ કરીને ખાનગી સાહસોનું મહત્ત્વનું પ્રદાન રહેલ છે. ખાનગી સાહસો સમાજની જરૂરિયાતને ધ્યાનમાં રાખી, સમાજનો સહકાર મેળવી શિક્ષણ ક્ષેત્રે વિકાસ માટે પ્રયત્ન કરેલ છે. સળપના પરિવર્તન સાથે ખાનગી સાહસોના સંચાલકોમાં ઘણા ચઢાવ ઉતાર આવ્યા છે. આવી સંસ્થાઓ શિક્ષણની ગુણવત્તામાં સતત વધારો થાય તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. ગુણવત્તા વધારવા માટે સમાજનું યોગદાન મેળવે છે, પરિણામ સારું આવે તે માટે પ્રયતેનશીલ રહે છે.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તામાં વધારો થાય તે માટે વિવિધ સંસ્થાઓ કાર્ય કરી રહેલ છે.

## 12.10 એકમ સ્વાધ્યાય

(1) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં વિવિધ સંસ્થાઓનો ફાળો જણાવો.

(2) ગુણવત્તા સુધારણા માટે કામ કરતી સંસ્થાઓની માહિતી જણાવો.

(3) શિક્ષક તાલીમની સમસ્યા નિવારણના ઉપાયો જણાવો.

(4) શિક્ષક તાલીમની સમસ્યાહલ કરવા લેવાયેલાં પગલાં જણાવો.

## 12.11 તમારી પ્રગતિ ચકાસો

તમારા જવાબ નીચે આપેલ જવાબમાં લખો :

(1) ગુણવત્તા સુધારવા માટે કાર્ય કરતી કોઈ પણ બે સંસ્થાઓના નામ જણાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

(2) પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાને અસર કરતાં કોઈ પણ બે પરિબળો જણાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

(3) ઢેબર પંચની ગુણવત્તા સુધારણા માટેની કોઈ પણ બે ભલામણ જણાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

## 12.12 સૂચિત વાંચન સામગ્રી


(1) બારૈયા વી.વી. : ગુણવત્તા સુધારવા માટેની સંસ્થાઓ ગૂર્જર સાહિત્ય ભવન અમદાવદ.

(2) રાવલ નટુભાઈ વી. : શૈક્ષણિક વ્યવસ્થાપન અને શાળા સંગઠન, નીરવ પ્રકાશન, અમદાવાદ.

(3) રાવલ નટુભાઈ વી. : શાળા વ્યવસ્થાપન અને શૈક્ષણિક સંગઠન, નીરવ પ્રકાશન, અમદાવાદ.

(4) મુખોપાધ્યાય મર્મર : શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપન ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ES-121
# ભારતમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનો વિકાસ

## વિભાગ
# 4

## ભારતીય સમાજમાં શિક્ષણનું માળખું


એકમ-13 પ્રાથમિક શિક્ષણ સુધારવામાં વિવિધ સંસ્થાઓનો ફાળો

એકમ-14 ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

એકમ-15 વર્તમાન શિક્ષણનું માળખું

એકમ-16 રાષ્ટ્રીય અભ્યાસરૂપનું માળખું

**ES-121, ભારતમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનો વિકાસ (વિભાગ-4)**


| **લેખક** | |
|---|---|
| **ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ |
| **પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. દિવ્યેશભાઈ એમ. પટેલ** | વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-151-6**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-121 ભારતમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનો વિકાસ

**વિભાગ-1 : ભારતમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ અને સમસ્યાઓ-1**

1. ભારતમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ
2. પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ-1
3. પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ-2
4. પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ-3

**વિભાગ-2 : ભારતમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ અને સમસ્યાઓ-2**

5. પ્રાથમિક શિક્ષણની અન્ય સમસ્યાઓ
6. ભારતીય સમાજમાં સ્ત્રીઓની સમસ્યાઓ અને ઉપાયો
7. ભારતમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ-1
8. શાળા સંકુલ

**વિભાગ-3 : ભારતમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ**

9. ભારતમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ-2
10. છેવાડાના બાળકો માટે નીતિ વિષયક માળખાની રચના
11. બાળકનો સામાજિક વિકાસ
12. માધ્યમિક શિક્ષણમાં વિવિધ સંસ્થાઓનો ફાળો

**વિભાગ-4 : ભારતીય સમાજમાં શિક્ષણનું માળખું**

13. પ્રાથમિક શિક્ષણ સુધારણામાં વિવિધ સંસ્થાઓનો ફાળો
14. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
15. વર્તમાન શિક્ષણનું માળખું
16. રાષ્ટ્રીય અભ્યાસરૂપનું માળખું

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

**દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.**

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

# એકમ 13 પ્રાથમિક શિક્ષણ સુધારવામાં વિવિધ સંસ્થાઓનો ફાળો

## : રૂપરેખા :

**13.1 ઉદ્દેશો**

**13.2 જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET)**

**13.2.1 પ્રસ્તાવના**

**13.2.2 જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું માળખું**

**13.2.3 જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના હેતુ**

**13.2.4 જિલ્લા તાલીમ ભવનની શાખાઓ**

**13.2.5 જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના કાર્યો**

**13.3 જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ**

**13.4 રાષ્ટ્રીય શૈક્ષણિ સંશોધન અને તાલીમ પરિષદ (NCERT)**

**13.4.1 પ્રસ્તાવના**

**13.4.2 પરિષદની સ્થાપના અને તેની રચના**

**13.4.3 પરિષદનું કાર્યક્ષેત્ર**

**13.4.4 શિક્ષણ વિભાગ**

**13.4.5 બંધારણ**

**13.4.6 ઉદ્દેશો**

**13.4.7 વિભાગો**

**13.4.8 પરિષદના કાર્યો**

**13.5 યુનિસેફ (UNICEF)**

**13.6 સારાંશ**

**13.7 એકમ સ્વાધ્યાય**

**13.8 તમારી પ્રગતિ ચકાસો**

**13.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**13.10 સૂચિત વાંચન સામગ્રી**

---

## 13.1 ઉદ્દેશો :

(1) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું માળખું સમજી શકશો.

(2) જિલ્લા શિક્ષણ અને તાલીમ જીવવના હેતુ સમજી શકશો.

(3) જિલ્લા તાલીમ ભવનની શાખાઓ સમજી શકશો.

(4) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં કાર્યો સમજી શકશો.

(5) જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ સમજી શકશે.

(6) રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદની રચના સમજી શકશો.

(7) NCERT નું કાર્યક્ષેત્ર સમજી શકશો.

(8) NCERT નો શિક્ષણ વિભાગ સમજી શકશો.

(9) NCERT નું બંધારણ સમજી શકશો.

(10) NCERT ના ઉદ્દેશો સમજી શકશો.

(11) NCERT ના વિભાગો સમજી શકશો.

(12) NCERT ના કાર્યો સમજી શકશો.

## 13.2 જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET)

### 13.2.1 પ્રસ્તાવના :

- જિલ્લા શિક્ષણ તાલીમ ભવન એ જિલ્લા કક્ષાએ કાર્ય કરતી સંસ્થા છે. શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે ખાસ તાલીમની જરૂર પડે છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક સુધારણા કરવાની ખાસ જરૂરિયાત ઊભી થઈ છે. જરૂરિયાત પ્રમાણે અભ્યાસક્રમમાં પરિવર્તનની સાથે જિલ્લા કક્ષાએ શિક્ષકોને તાલીમ આપવાની વ્યવસ્થા કરે છે.
- કેન્દ્ર કક્ષાએ, રાજ્ય કક્ષાએ પણ અભ્યાસક્રમમાં પરિવર્તન થાય ત્યારે શિક્ષકોને તાલીમ આપવાની વ્યવસ્થા કરે છે. કેન્દ્ર કક્ષાએ અને રાજ્ય કક્ષાએ પણ અભ્યાસક્રમમાં પરિવર્તન થાય ત્યારે શિક્ષકોને તાલીમ આપવાની વ્યવસ્થા એન.સી.ઈ.આર.ટી. અને જી.સી.ઈ. આર.ટી. કાર્ય કરે છે.
- પ્રાથમિક શિક્ષણમાં સંપૂર્ણ પરિવર્તન લાવવા માટે રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986થી અમલમાં આવી. નવી શિક્ષણનીતિમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે ખૂબ જ ભાર મૂકવામાં આવેલ છે.
- શિક્ષણની જરૂરી યોજનાનો અમલ કરવા માટે રાષ્ટ્રીય કક્ષાએ, રાજ્ય કક્ષાએ અને જિલ્લા કક્ષાએ જરૂરી અમલ માટે 1995માં શિક્ષણ તાલીમ ભવનની સ્થાપના કરવામાં આવી.
- જિલ્લા શિક્ષણ તાલીમ ભવન જિલ્લા કક્ષાએ શરૂ કરવામાં આવ્યાં. કેટલાંક જિલ્લામાં સરકારી બુનિયાદી અધ્યાપન મંદિરોમાંથી કોઈ એક અધ્યાપન મંદિરને પસંદ કરીને અપગ્રેડ કરી જિલ્લા શિક્ષણ તાલીમ ભવનનો દરજ્જો આપવામાં આવ્યો.
- વર્તમાન સમયમાં ગુજરાતમાં ત્રેવીસ (23) જિલ્લા શિક્ષણ તાલીમ ભવન કામ કરી રહ્યાં છે. જિલ્લામાં શિક્ષણનો વ્યાપ વધારવા, ગુણવત્તા સુધારવા વગેરે બાબતો માટે તાલીમ ભવનની જવાબદારી વધી છે.
- જિલ્લા ભવનોને વિવિધ શાળાઓમાં વિભાજિત કરીને શિક્ષકોને તાલીમ આપવાનું કાર્ય કરવાની જવાબદારી અદા કરી રહ્યું છે. આ ભવનો પ્રાથમિક શિક્ષણ માટે મહત્ત્વની કામગીરી કરી રહ્યાં છે. આ ભવનો જી.સી.ઈ.આર.ટી.ના જરૂરી માર્ગદર્શન પ્રમાણે સમગ્ર જિલ્લામાં પ્રાથમિક શિક્ષણને લગતાં કાર્યક્રમો કરી રહ્યાં છે.
- પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા કઈ રીતે સુધરે તેની સતત ચિંતા કરે છે. તે માટે પગલાંઓ લે છે, આયોજન કરે છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986ના ભાગ 9માં જણાવ્યું છે કે, ‘‘જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (District Institute of Education and Training DIET) ની જિલ્લાવાર સ્થાપના કરવામાં આવશે અને પ્રાથમિક શિક્ષકોને અવૈધિક શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણમાં કઈ રીતે કામ કરવું તે માટેની પૂર્વ સેવાકાલીન તાલીમ આપવામાં આવશે. ’’

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986 અનુસાર દરેક જિલ્લામાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સ્થાપવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986માં જણાવવામાં આવ્યું છે કે જિલ્લા

શિક્ષણ અને તાલીમ ભવન (DIET)ની સ્થાપના થયેથી જે શૈક્ષણિક રીતે નીચા સ્તરની જણાય તેવી સંસ્થાઓને ક્રમશઃ બંધ કરવામાં આવશે.

તેનું કાર્યક્ષેત્ર મુખ્યત્વે પ્રાથમિક શાળાઓ અને પ્રાથમિક શિક્ષકો છે, તેનાં કાર્યોના સામાન્ય રીતે નીચે ત્રણ વિભાગો પડે છે. (1) તાલીમ (2) સેવાવિસ્તરણ અને (3) ક્ષેત્ર મુલાકાતો અને સેવા. પ્રાથમિક શિક્ષકો અને આચાર્યો ઉપરાંત પ્રાથમિક સ્તરે કામ કરતાં અધ્યાપન મંદિરોના અધ્યાપકો અને આચાર્યો, કેળવણી નિરીક્ષકો વગેરેને કેળવણી અને શિક્ષણમાં આવતા નવવિચારો અને પરિવર્તન, ઉપસ્થિત થતાં નવા પ્રશ્નો, ઊભી થતી નવીન જવાબદારીઓ, યોજાતાં નવાં સંશોધનો વગેરેથી જાણકાર કરવા માટે અને તેમનાં જ્ઞાન, કૌશલ્ય, વલણ વગેરેનું ધોરણ ઊંચું રાખવા માટે રાજ્ય પરિષદના માર્ગદર્શન અને સહકારથી જિલ્લા ભવન ઓપવર્ગ, સેમિનાર, વર્કશોપ, ચર્ચાજૂથો, તાલીમવર્ગ વગેરે યોજે છે.

પ્રાથમિક શાળાઓનો અભ્યાસક્રમ જ્યારે બદલાય છે ત્યારે તે માટે પ્રાથમિક શિક્ષકોને તેમજ પ્રાથમિક અધ્યાપન મંદિરોના અધ્યાપકોને નવા અભ્યાસક્રમની સમજ, વિષયવસ્તુ અને શિક્ષણ પદ્ધતિમાં સેવા અંતર્ગત તાલીમ દ્વારા તૈયાર કરવામાં ખૂબ મહત્ત્વનો ફાળો આપે છે. તે પ્રત્યેક અધ્યાપન મંદિરને અદ્યતન અને ક્ષમતાભર્યું બનાવવા પ્રયત્ન કરે છે અને બને તેટલી પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારવાનાં પગલાં ભરવામાં સહાય અને માર્ગદર્શન આપે છે.

જિલ્લા ભવનો રાજ્ય પરિષદના નેતૃત્વ નીચે પ્રાથમિક શિક્ષણનાં તમામ પાસાં અને પ્રશ્નોમાં સંશોધન હાથ ધરે છે. આ સંશોધનોનો ઉદ્દેશ પણ વ્યાવહારિક હોય છે. તેનો મુખ્ય ઉદ્દેશ પ્રાથમિક સ્તરે પ્રત્યક્ષ શિક્ષણનું સ્તર ઊંચું લાવવાનો છે. આ સંશોધનો અભ્યાસક્રમ, શિક્ષણ પદ્ધતિઓ, બાળકોનાં વલણો, અભિરુચિ, કૌશલ્યોની સુધારણા, પરીક્ષા સુધારણા વગેરેને લગતાં હોય છે.

ગુજરાતનાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદને પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવાના ભાગરૂપ ક્ષમતાલક્ષી શિક્ષણ-પ્રાથમિક શિક્ષણમાં લઘુતમ અધ્યયન કક્ષા માટે પોતાના જિલ્લાના પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપવાની કામગીરી બજાવે છે.

નીરસ પ્રાથમિક શિક્ષણને રસમય બનાવવા, બાળકોમાં શિક્ષણ પ્રત્યે ભાવ કેળવવા, શાળામાં નિયમિત આવતા કરવા અને સો ટકા નોંધણીના લક્ષ્યાંકને સિદ્ધ કરવા બાળકને આનંદમય વાતાવરણમાં ભણાવવામાં આવે તે જરૂરી છે. ધોરણ-1 માં બાળક દાખલ થાય ત્યારે આનંદમય, મુક્ત અને ક્રિયાશીલ વાતાવરણ મળે એ માટે જિલ્લા ભવનો 'શાળા તત્પરતા કાર્યક્રમ' અંગેની પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપે છે.

### 13.2.2 જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું માળખું

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) ના આચાર્ય છે. તેઓ જિલ્લા ભવનની શૈક્ષણિક અને વહીવટી પાંખનું સંચાલન કરે છે. જિલ્લા ભવનોમાં આચાર્યો સાથે શૈક્ષણિક અને બિનશૈક્ષણિક મળી 45 જગ્યાઓ મંજુર કરવામાં આવી છે. તેની શૈક્ષણિક બાજુએ આચાર્ય ઉપરાંત સિનિયર વ્યાખ્યાતા સાત અને પંદર જુનિયર વ્યાખ્યાતા મળી કુલ 23 જગ્યાઓ તથા એક આંકડાશાસ્ત્રી અને બે ઉદ્યોગ શિક્ષકો તેમજ બિનશૈક્ષણિક જગ્યાઓમાં એક કાર્યાલય અધિક્ષક, એક ગ્રંથપાલ, એક હિસાબનીશ, એક મુખ્ય કારકુન, ત્રણ સિનિયર કારકુન, ચાર જુનિયર કારકુન, બે લેબ. આસિસ્ટન્ટ, એક સ્ટેનો વર્ગ 3 તથા પાંચ પટાવાળા મળી કુલ 19 જગ્યાઓ બિનશૈક્ષણિક કર્મચારીઓની મંજૂર કરવામાં આવી છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં તેમની કામગીરીના સરળ સંચાલન માટે નીચે જેવાં સાત શૈક્ષણિક વિભાગો કાર્યરત છે.

(1) પૂર્વકાલીન શિક્ષક-પ્રશિક્ષણ શાખા

(2) કાર્યાનુભવ

(3) જિલ્લા રિસોર્સ એકમ

(4) સેવાકાલીન કાર્યક્રમો, ક્ષેત્ર આંતરક્રિયા અને નવીનીકરણ સંકલન વિભાગ

(5) અભ્યાસક્રમ, સાધનસામગ્રી વિકાસ અને મૂલ્યાંકન શાખા.

(6) શૈક્ષણિક ટેક્નોલોજી વિભાગ

(7) આયોજન અને વ્યવસ્થા વિભાગ

જિલ્લા ભવનોની કામગીરીને અસરકારક બનાવવા માટે ઘટક રિસોર્સ કેન્દ્રો અને જૂથ રિસોર્સ કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં છે.

સમાજની સ્વૈચ્છિક સંસ્થાઓ, ધર્મના વડાઓ, સમાજસુધારકોનો ઉત્તમ સહયોગ મેળવી સાથે સાથે ગ્રામશિક્ષણ સમિતિ, માતૃશિક્ષક મંડળ અને પિતૃશિક્ષક મંડળના સંકલનથી શાળા અને સમાજ વચ્ચેનું અંતર ઘટતાં નામાંકન અને સ્થાયી કરવામાં નોંધપાત્ર સુધારો થયો છે. ડાયટ દ્વારા વિશિષ્ટ પ્રકારના તજ્જ્ઞો તૈયાર કરી શિક્ષકોને વિષયવસ્તુ સંદર્ભે ઉત્કૃષ્ટ પ્રશિક્ષણ અપાતાં હવે ગુણાત્મક સુધાર તરફ આગળ વધી રહ્યાં છે, જે DPEPનો પરિપાક કહી શકાય. બાળકોની સિદ્ધિ કક્ષામાં વધારો કરવામાં GCERTનો સંશોધનાત્મક દૃષ્ટિકોણ ફળદાયી સાબિત થયો છે.

### 13.2.3 જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના હેતુ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન નીચેના હેતુઓ ધ્યાનમાં રાખી કાર્ય કરે છે :

**(1) જરૂરી માર્ગદર્શન આપવું.**

- જિલ્લા કક્ષાના શિક્ષકોને તેમના શિક્ષણકાર્ય તેમજ વહીવટી કાર્યમાં જરૂરી માર્ગદર્શન આપવાનું કાર્ય કરવું.

**(2) જરૂરી સંશોધન હાથ ધરવા**

- શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે જિલ્લા કક્ષાએ કેટલાંક જરૂરી સંશોધન હાથ ધરે છે, કેટલાંક સર્વે પણ કરે છે.

**(3) શિક્ષણકાર્યની સુધારણા હાથ ધરવી**

- શિક્ષણકાર્યની સુધારણા હાથ ધરે છે. તે માટે વર્ગ કાર્ય વધુ અસરકારક બને તે માટે જરૂરી સંશોધન અને સર્વે પણ કરે છે. શિક્ષણકાર્ય સારું થાય તે માટે તાલીમના કાર્યક્રમ પણ હાથ ધરવા.

**(4) શિક્ષકોને પોતાના કાર્યમાં રસ લેતાં કરવાં**

- શિક્ષકોને પોતાના વ્યવસાય પ્રત્યે રસ વધે તે માટે જરૂરી આયોજન કરે છે, તેમજ તે માટે તાલીમ પણ ગોઠવવી.

**(5) નવા પ્રવાહોથી વાકેફ કરવા**

- શિક્ષણમાં આવતાં પરિવર્તનથી શિક્ષકો અને આચાર્યને વાકેફ કરવાનું કાર્ય કરવાનો હેતુ રહેલો છે.
- નવા પ્રવાહો કેવા કેવા આવી રહ્યાં છે તેની માહિતી આપવી.

**(6) અમીલકરણ**

- એન.સી.ઈ.આર.ટી. અને જી.સી.ઈ.આર.ટી.ના વિચારો અને કાર્યક્રમો જે સૂચવે તેનું અમલીકરણ કરવાનો હેતુ રહેલો છે.

**(7) જરૂરી શૈક્ષણિક સાધનો તૈયાર કરવા**

- જરૂરી શૈક્ષણિક સાધનો શિક્ષણ કાર્ય માટે તૈયાર કરવા, તેમજ સાધનો તૈયાર કરવા માટે શિક્ષકને તાલીમ આપવાની વ્યવસ્થા કરવી.

**(8) અભ્યાસક્રમની સુધારણા હાથ ધરવી**

- અભ્યાસક્રમમાં જરૂરી સુધારણા કરવાના હોય તો તે અંગેનું કાર્ય હાથ ધરવું, અભ્યાસક્રમમાં ફેરફાર થયા હોય તો તાલીમ આપવાનું કામ પણ કરે છે.

**(9) પછાત વિસ્તારનો અભ્યાસ કરવો**

- પછાત વિસ્તારમાં શિક્ષણની તકોથી વંચિત રહી ગયેલાં બાળકોના અભ્યાસો અને સર્વે હાથ ધરવા.
- શિક્ષણમાં વધુ રસ લેતાં કરવાં, પ્રયત્નો કરવા વગેરે.

**(10) વિવિધ સમિતિઓને મદદરૂપ થવું**

- જિલ્લા કક્ષાએ શિક્ષણ સમિતિઓને આયોજન અને અમલીકરણના કાર્ય માટે જરૂરી મદદરૂપ થવું અને તે અંગેનુ માર્ગદર્શન આપવું.

**13.2.4 જિલ્લા તાલીમ ભવનની શાખાઓ**

- જિલ્લા તાલીમ ભવનની નીચેની શાખાઓ જોવા મળે છે :

**(1) પૂર્વ સેવા શિક્ષણ શાખા**

- શિક્ષકોને તાલીમ આપવી
- તાલીમ ભવનની પ્રયોગશાળા

**(2) સેવાકાલીન શાખા**

- સેવાકાલીન શિક્ષકો માટે વાર્ષિક આયોજન, સંચાલન, પ્રવૃત્તિઓ, સંચાલન, માર્ગદર્શન

**(3) અભ્યાસક્રમ શાખા**

- અભ્યાસક્રમનું નિર્માણ કરવું, સુધારાવધારા કરવા.
- મૂલ્યાંકનના વિવિધ સાધનોની માહિતી
- પાઠ્યપુસ્તકની સમીક્ષા

**(4) શૈક્ષણિક ટેક્નોલૉજી શાખા**

- શૈક્ષણિક સાધનો તૈયાર કરવા, જાળવણી કરવી.
- દૃશ્ય-શ્રાવ્ય સાધનોના ઉપયોગની જાળવણી કરવી.
- જરૂરી સાધનો તૈયાર કરવાં.

**(5) કાર્યાનુભવ શાખા**

- કાર્યાનુભવ કાર્યક્રમની પ્રવૃત્તિઓ કરવી, આયોજન કરવું.
- તાલીમ આપવી.
- સમાજસેવાના કાર્યો કરવા.

**(6) જિલ્લા સંશોધન શાખા**

- ગુણવત્તા સુધારવા માટે જિલ્લા કક્ષાએ સંશોધન હાથ ધરવાં
- સર્વે કરવાં

**(7) આયોજન અને વ્યવસ્થાપન શાખા**

- તાલીમ ભવનના કાર્યક્રમોનું આયોજન અને વ્યવસ્થાપન કરવું.
- વાર્ષિક આયોજન કરવું.
- મૂલ્યાંકન રિપોર્ટ વર્ષના અંતે તૈયાર કરવો.

**(8) ગણિત-વિજ્ઞાન શાખા**

- તાલુકા જિલ્લા કક્ષાએ વિજ્ઞાન મેળાનું આયોજન
- ગણિત-વિજ્ઞાન સંબંધી માર્ગદર્શન આપવું.
- વિજ્ઞાનમંડળ અને ગણિતમંડળ ચલાવવા તેમજ તે અંગેનું જરૂરી માર્ગદર્શન આપવું.
- ગણિત-વિજ્ઞાન માટેની પ્રયોગશાળાનો વિકાસ કરવો.
- તાલીમ ભવનોમાં વિવિધ શાખાઓ આવેલ છે. આ શાખાઓ દ્વારા શિક્ષણની ગુણવત્તા વધે તેના ઉપર વધુ ભાર આપવામાં આવે છે.
- જિલ્લા કક્ષાએ શિક્ષણનો વ્યાપ વધે તેમજ નિરક્ષરતા ઘટાડવા જરૂરી તમામ કાર્યક્રમ હાથ ધરવા.

**13.2.5 જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના કાર્યો**

જિલ્લા શિક્ષણે તાલીમ ભવન દ્વારા નીચે મુજબના કાર્યો હાથ ધરવામાં આવે છે.

**(1) તાલીમ આપવાનું કાર્ય**

- જિલ્લામાં આવેલ તમામ કક્ષાના શિક્ષકોને જરૂરી તાલીમ આપવાનું કાર્ય હાથ ધરે છે.
- પૂર્વ સેવા અને અંતર્ગત સેવા આપતા શિક્ષકોનો પણ સમાવેશ કરે છે.

**(2) સંશોધન હાથ ધરવા**

- જરૂરી સંશોધન હાથ ધરે છે. શિક્ષણની ગુણવત્તા વધારવા માટે કેટલાંક સંશોધન કરે છે.

**(3) સહઅભ્યાસ પ્રવૃત્તિઓ હાથ ધરવી**

- જિલ્લા કક્ષાએ શિક્ષણકાર્યની સાથે સાથે વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ હાથ ધરે છે.
- જિલ્લા કક્ષાએ વિવિધ સ્પર્ધાઓ ગોઠવવી, તે માટે જરૂરી પ્રોત્સાહન આપવું.

**(4) સામયિકનું પ્રકાશન**

- તાલીમ ભવન પોતાનું સામયિક પ્રકાશન કરે છે.
- તેમાં સંશોધન, કાર્યક્રમો, સર્વે, શૈક્ષણિક સાધનો વગેરેની માહિતી મૂકકવામાં આવે છે.
- સામયિકનો વધુમાં વધુ ફેલાવો થાય તે માટે પ્રયત્નો કરે છે.

**(5) સતત સર્વગ્રાહી મૂલ્યાંકન કરવું**

- સતત સર્વગ્રાહી મૂલ્યાંકન હાથ ધરે છે. તે માટે મૂલ્યાંકનના વિવિધ સાધનોની માહિતી આપે છે.
- ધો. 1 થી 7ના વિદ્યાર્થીઓ માટે પ્રશ્નબૅન્ક તૈયાર કરે છે.

**(6) જરૂરી શૈક્ષણિક સાધનો તૈયાર કરવા**

- શિક્ષણકાર્ય કરવા માટે જરૂરી કેટલાંક શૈક્ષણિક સાધનો તૈયાર કરે છે.
- દશ્ય-શ્રાવ્ય માટેના સાધનો પણ તૈયાર કરે છે. દા.ત., સ્લાઈડ, સીડી વગેરે.

**(7) શાળાની માહિતીનું એકત્રીકરણ કરવું**

- શાળાની કેટલાંક માહિતીનું એકત્રીકરણ કરે છે. તેના આધારે આયોજન અને વ્યવસ્થાપન ગોઠવે છે.

**(8) ગણિત-વિજ્ઞાન મેળાનું આયોજન**

- જિલ્લા કક્ષાએ ગણિત વિજ્ઞાન મેળાનું આયોજન થાય તે માટે સતત પ્રયત્ન કરે છે.
- આ રીતે ગણિત-વિજ્ઞાનમાં રસ લેતાં કરે છે.
- ગણિત-વિજ્ઞાન મંડળ ચલાવવા આયોજન, પ્રવૃત્તિઓ અંગે માર્ગદર્શન આપે છે.

**(9) જી.સી.ઈ.આર.ટી.ને મદદરૂપ થવું**

- જી.સી.ઈ.આર.ટી. જે કાર્યક્રમ હાથ ધરે તેને મદદરૂપ થવું, માહિતી આપવી, તે માટે સર્વે કરવા વગેરે.

**(10) નૂતન પ્રવાહોથી માહિતગાર કરવા**

- શિક્ષકો અને આચાર્યોને નૂતન પ્રવાહોથી માહિતગાર કરવા, તે અંગેની તાલીમ આપવી, આયોજન કરવું વગેરે.

## 13.3 જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ

- સાક્ષરતા આંક જે જિલ્લામાં સ્ત્રી સાક્ષરતા આંક નીચો હોય તેવા જિલ્લાઓમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યરૂપને અમલમાં મુકે છે. ગુજરાતમાં પંચમહાલ, બનાસકાંઠા અને ડાંગ જિલ્લામાં નેધરલેન્ડ સરકાર, કેન્દ્ર સરકાર અને વર્લ્ડ બેંકની સહાયથી 1945માં આ યોજના અમલમાં મુકવામાં આવી.

- બીજા તબક્કાઓમાં સાંબરકાંઠા, સુરેન્દ્રનગર, કચ્છ, ભાવનગર અને જુનાગઢ જિલ્લામાં DPEP યોજના અમલમાં મુકવામાં આવી.

- DPEP નો અર્થ :

District Primury Education Programme અર્થાત્ જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ આ કાર્યક્ષમનો મુખ્ય ઉદ્દેશ પ્રાથમિક શાળાઓને શૈક્ષણિક સાધન સામગ્રી પુરી પાડવી, જેથી શિક્ષણની ગુણવત્તા સુધરે અને બાળકોની તુલનાઓનો વિકાસ થાય.

- આ પ્રોજેક્ટ દ્વારા પ્રત્યેક ગામમાં શિક્ષણ સમિતિની રચના કરવામાં આવે અને સમિતિ ગામના શિક્ષણના પ્રશ્નો હલ કરવા સમિતિની રજૂઆત કરે..

- સમિતિઓ સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણની સફળતા માટે પ્રયાસ કરે અને શિક્ષણને નડતી મુશ્કેલીઓ શિખવા ખાતાના સહકારથી હલ કરશે.

- આમ DPEP કાર્યક્રમ હેઠળ શિક્ષણ ગુણવત્તાસભર બને તે મેળે સહાય કરવાનો છે. DPEP દ્વારા ગામની પ્રાથમિક શાળામાં પીવાનાં પાણીની વ્યવસ્થા, જાજરૂ-મૂતરડીની વ્યવસ્થા, વર્ગખંડોની સુવિધા, પાઠ્યપુસ્તકો, ગણવેશ, કન્યાઓના શિક્ષણ માટે વિવિધ પ્રોત્સાહન આપવા. સ્કોલરશીપ યોજનાનો અમલ કરાવવો વગેરે કામ કરે છે.

## 13.4 રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (NCERT)

- પ્રસ્તાવના
- પરિષદની સ્થાપના અને તેની રચના
- પરિષદનું કાર્યક્ષેત્ર
- શિક્ષણ વિભાગ
- બંધારણ
- ઉદ્દેશો
- વિભાગો
- પરિષદના કાર્યો
- ઉપસંહાર

### 13.4.1 પ્રસ્તાવના

- નેશનલ કાઉન્સિલ ઑફ ઍજ્યુકેશન રીસર્ચ એન્ડ ટ્રેનિંગ જે ટૂંકમાં એન.સી.ઈ.આર.ટી.ના નામથી ઓળખવામાં આવે છે. રાષ્ટ્રીય કક્ષાએ ઉચ્ચ કક્ષાની સંશોધન અને તાલીમ આપતી સંસ્થા છે.

આ સંસ્થા શિક્ષણની ગુણવત્તા સુધારણા ઉપર ભાર મૂકે છે. શિક્ષણ સુધારણા માટે જુદી જુદી પ્રવૃત્તિઓ હાથ ધરે છે, તે માટે શિક્ષણક્ષેત્રે નવા નવા સંશોધનને ઉત્તેજન આપવું, સંશોધનનો યોગ્ય ઉપયોગ કરી શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે જરૂરી કાર્ય કરે છે.

આ સંસ્થાનું મુખ્ય મથક ન્યુ દિલ્હીમાં આવેલું છે. આ સંસ્થાનું કાર્યક્ષેત્ર કેળવણી અંગેના સંશોધન, તાલીમ અને સેવા વિસ્તરણના કાર્યક્રમો સુધીનાં અનેકવિધ કાર્યો સુધી વિસ્તરેલું છે. આ પરિષદ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ એમ ત્રણે સ્તરે કામ કરે છે.

પરિષદે પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે કાર્ય હાથ ધરતાં સમાજમાં આજ સુધી પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રને જે સૂગથી જોવામાં આવતું હતું, તે ભેદ રાષ્ટ્રકક્ષાએ દૂર કરી સર્વને આ તરછોડાયેલાં પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં રસ લેતાં અને કામ કરતાં કર્યાં છે.

આ પરિષદે પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ વચ્ચેનું અંતર ઓછું કરી તેમને એકબીજાની નજીક લાવી એકબીજામાં રસ લેતાં કર્યાં છે. તેણે પ્રાથમિક શિક્ષણ તરફ જોવાની દૃષ્ટિમાં ખૂબ જ સુધારો કર્યો છે.

**13.4.2 પરિષદની સ્થાપના અને તેની રચના**

1લી સપ્ટેમ્બર, 1961થી આ સંસ્થાનો ઉદ્ભવ થયો છે. ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના વિદ્યાકીય સલાહકાર તરીકે કાર્ય કરે છે.

આ પરિષદ ભારત સરકારના કેળવણી સલાહકાર યુ.જી.સી.ના અધ્યક્ષ, રાજ્ય સરકારોના પ્રતિનિધિઓ, દિલ્હી યુનિવર્સિટીના કુલપતિ તથા કેન્દ્ર સરકારે નીમેલા 12 થી વધુ નહીં એવા નિષ્ણાંતો વગેરે સભ્યોની બનેલી હોય છે.

આ પરિષદ સરકારની સહાય અને અસર નીચે કામ કરતી હોવા છતાં એક સ્વાયત્ત સંસ્થા છે. તેણે અભ્યાસક્રમ પુનઃરચના ક્ષેત્રે, શિક્ષક તાલીમક્ષેત્રે તેમજ શૈક્ષણિક સંશોધન ક્ષેત્રે સર્જનાત્મક નેતાગીરી લઈને કેટલીક પાયાની કામગીરી ઉત્તમ રીતે બજાવી છે. આ પરિષદનું રાષ્ટ્રીય મહત્ત્વ ઉન્નત અને વ્યાપક બન્યું છે.

**13.4.3 પરિષદનું કાર્યક્ષેત્ર**

રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદનું મુખ્ય કાર્યક્ષેત્ર શિક્ષણ વિષયક સંશોધન, તાલીમ અને સેવા વિસ્તરણ કાર્ય અંગેનું છે. પરિષદ શિક્ષણક્ષેત્રમાં સંશોધન, આર્થિક મદદ, શિક્ષણના કાર્યક્રમોમાં વેગ, બધા કાર્યક્રમોને એકબીજા સાથે સાંકળવા, સેવાપૂર્વ અને સેવા દરમિયાન તાલીમની વ્યવસ્થા, શિક્ષણક્ષેત્રમાં આકાર લેતી નવીન પદ્ધતિઓ અને પ્રવાહો વિશે માહિતી એકઠી કરવી અને શિક્ષણ સંસ્થાઓને તેનાથી પરિચિત રાખવી. અભ્યાસક્રમો ઘડવા અને સુધારવા, રાષ્ટ્રીય કક્ષાએ સર્વેક્ષણ કરવું, શિક્ષણ અંગેનાં સંશોધન કાર્ય કરવાં વગેરે કાર્યોનો સમાવેશ પરિષદના કાર્યક્ષેત્રમાં થાય છે.

આ ઉપરાંત પરિષદ ભારતીય શિક્ષણના તત્કાલીન પ્રશ્નોના સંશોધન પર તેમજ શિક્ષણકાર્યમાં રત એવા કાર્યકરોને મદદ કરવા તથા તેમને માર્ગદર્શન માટેનાં વ્યાવસાયિક પગલાં લેવા જેવા કાર્ય પર ખાસ ધ્યાન આપે છે.

આ પરિષદ દ્વારા સંચાલિત સંશોધનનાં પરિણામો અવારનવાર પ્રસિદ્ધ કરવાનું કામ પણ થાય છે.

પરિષદના કાર્યક્ષેત્રમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાની સુધારણા અને પ્રાથમિક શિક્ષકોની તાલીમના પ્રશ્નોમાં માર્ગદર્શન અને આર્થિક સહાય પૂરી પાડવાની બાબતોનો પણ સમાવેશ થાય છે.

આમ, આ સંસ્થા મુખ્યત્વે શિક્ષણ, તાલીમ, સંશોધન, સેવા વિસ્તરણ તેમજ શૈક્ષણિક પ્રકાશનો જેવી કામગીરી દ્વારા શિક્ષણ સુધારણાનું કાર્ય કરે છે.

**13.4.4 શિક્ષણ વિભાગ**

- કેન્દ્રના શિક્ષણ વિભાગને શિક્ષણની ખાસ કરીને શાળા સંબંધી શિક્ષણની નીતિ ઘડવામાં કાર્યક્રમો તૈયાર કરવામાં મદદરૂપ થાય છે.
- આ સંસ્થા ભારત સરકારના સીધા નિયંત્રણ હેઠળ કામ કરે છે.
- શાળા શિક્ષણના કાર્યક્રમો, ગુણવત્તા સુધારણાના કાર્યક્રમો, શિક્ષકની વ્યવસાયિક સજ્જતાના કાર્યક્રમો ઉપર આ સંસ્થા ભાર મૂકે છે.
- આ સંસ્થા દ્વારા સમગ્ર દેશમાં કાર્યક્રમો પહોંચાડી શકે તે માટે રાજ્યોને પણ તેનાં ક્ષેત્રીય કાર્યાલયો હોય છે.
- આ સંસ્થા દ્વારા શિક્ષણ સંબંધમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સંબંધો વિકસાવી તેમાં સહકારથી કાર્યક્રમોનું આયોજન કરે છે.

**13.4.5 બંધારણ**

| | | | |
|---|---|---|---|
| (1) | કેન્દ્રના શિક્ષણ પ્રધાન | = | 1 |
| (2) | રાજ્યોના શિક્ષણ પ્રધાનો | = | 1 |
| (3) | યુ.જી.સી.ના ચેરમેન | = | 1 |
| (4) | જુદી જુદી યુનિવર્સિટીઓમાંથી ચાર કુલપતિઓ | = | 4 |
| (5) | કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત સભ્યો<br>(જેમાં 4 શિક્ષકોનો સમાવેશ) | = | 12 |
| (6) | કાર્યક્રમ સલાહકાર સમિતિ | = | 6 સમિતિ |
| (7) | મૅનેજમેન્ટ કમિટી | = | 1 |

**13.4.6 ઉદ્દેશો**

આ સંસ્થાની સ્થાપના નીચેના ઉદ્દેશોને ધ્યાનમાં રાખી સ્થાપના કરવામાં આવી છે.

**(1) સંશોધન :**

- આ સંસ્થા દ્વારા શૈક્ષણિક સંશોધન કાર્યનું આયોજન, સંચાલન તેમજ જરૂરી પ્રોત્સાહન પૂરું પાડવું.
- શિક્ષણની ગુણવત્તા સુધારણાને લગતાં સંશોધન હાથ ધરે.

**(2) તાલીમ :**

- વિવિધ પ્રકારના શિક્ષકો માટે સેવાકાલીન તાલીમની જોગવાઈ કરવી.

**(3) સેવા વિસ્તરણ વિભાગો :**

- રાજ્ય સરકારની મદદથી સેવા વિસ્તરણ વિભાગો ચલાવવા.
- તેના માટે જરૂરી પ્રોત્સાહન તેમજ નાણાંકીય વ્યવસ્થા કરવી.

**(4) માહિતીનું એકત્રીકરણ :**

- શિક્ષણને લગતી માહિતી મેળવવી તેમજ તેનું વર્ગીકરણ કરવું.
- માહિતી મોટા ભાગે સંશોધનને લગતી તેમજ ગુણવત્તા સુધારણાને લગતી હોય છે. તેના આધારે માહિતી, જરૂરી વર્ગીકરણ કરી જરૂરી માર્ગદર્શન આપવું.

**(5) સમસ્યા ઉકેલ :**

- રાજ્યો પાસેથી શિક્ષણને લગતી માહિતી મેળવી, કેન્દ્ર સરકારને સમસ્યા ઉકેલવામાં મદદરૂપ થવું.

- તેમજ રાજ્ય સરકાર દ્વારા શિક્ષણના પ્રશ્નો અંગે જરૂરી સલાહ આપવી.

**(6) સાહિત્ય પ્રકાશન :**

- શિક્ષણને લગતી જરૂરી માહિતી ભેગી કરી તેનું વિશ્લેષણ કરી, જરૂરિયાત પ્રમાણે શૈક્ષણિક ઉદ્દેશો સિદ્ધ કરવા માટે જરૂરી સાહિત્યનું પ્રકાશન કરવું.

**(7) નવા પ્રયોગો હાથ ધરવા :**

- શિક્ષણક્ષેત્રને લગતા નવા નવા પ્રયોગો હાથ ધરવા. પ્રયોગો કરવા માટે જરૂરી પ્રોત્સાહન પૂરું પાડવું.

**(8) ક્ષેત્રીય મહાવિદ્યાલયની સ્થાપના (Regional College) :**

- ક્ષેત્રીય મહાવિદ્યાલયની સ્થાપના કરવી, તેનું સંચાલન કરવું.
- આ સંસ્થા એક આદર્શ કૉલેજ બને તે માટે પ્રયત્ન કરવા.

**(9) સવલતો પૂરી પાડવી :**

- શાળાના શિક્ષકો અંગેની તાલીમની અને નિર્દેશન અંગેની જરૂરિયાતોની સવલતો પૂરી પાડવી.

**(10) રાષ્ટ્રીય પ્રશ્નો અંગે માર્ગદર્શન :**

- રાષ્ટ્રના શૈક્ષણિક પ્રશ્નો અંગે આવશ્યક માર્ગદર્શન અને સૂચનો પૂરાં પાડવાં.
- રાષ્ટ્રીય કક્ષાએ શિક્ષણ મંત્રાલયને લગતાં કાર્યક્રમોમાં સહકાર આપવો.
- શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે કેટલાંક નવા નવા પ્રયોગો, સંશોધન વગેરે હાથ ધરવા

### 13.4.7 વિભાગો

- આ સંસ્થા દ્વારા જુદાં જુદાં કાર્યો કરવા માટે જુદાં જુદાં વિભાગો પોતાના કાર્યક્રમો અમલમાં મૂકે છે. જે નીચે મુજબ છે :

(1) માનસ શાસ્ત્રીય વિભાગ

(2) પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પ્રાથમિક શિક્ષણનો વિભાગ

(3) વિજ્ઞાન વિભાગ

(4) સમાજવિદ્યા અને માનવતાવાદી વિષયોનો વિભાગ

(5) શિક્ષકોની કેળવણીનો વિભાગ

(6) શૈક્ષણિક કેળવણીનો વિભાગ


(7) પાઠ્યપુસ્તકોનો વિભાગ

(8) કેળવણી વિષયક આંકડા એકઠા કરવા અને સર્વેક્ષણ

(9) પુસ્તકાલય-સેવા, દસ્તાવેજ અને માહિતી સેવા એકમ

### 13.4.8 પરિષદના કાર્યો

એન.સી.ઈ.આર.ટી. દ્વારા નીચેના કાર્યો હાથ ધરવામાં આવે છે.




**(1) શૈક્ષણિક સંશોધન :**

- આ સંસ્થા દ્વારા કેટલાંક સંશોધન હાથ ધરવામાં આવે છે.
- શિક્ષણના દરેક વિભાગમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે કેટલાંક સંશોધન હાથ ધરે છે.
- શાળા અને તાલીમી કૉલેજ દ્વારા પણ સંશોધન હાથ ધરવા માટે જરૂરી મદદ કરે છે.
- સંશોધન માટેના પ્રોજેક્ટ માટે પણ જરૂરી મદદ કરે છે.
- સારા સંશોધન માટે પ્રકાશનો માટે જરૂરી મદદ કરવામાં આવે છે.
- પેપર રીડીંગનો કાર્યક્રમ પણ ગોઠવે છે.

**(2) અભ્યાસક્રમ :**

- આ સંસ્થા દ્વારા જુદાં જુદાં કક્ષાના અભ્યાસક્રમો સુધારણાનું મહત્ત્વનું કાર્ય હાથ ધરે છે.
- સ્તાનક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો પણ ચલાવે છે, તેમજ કેટલાંક ડિપ્લોમા અભ્યાસક્રમો ચલાવે છે.
- આ પ્રકારના અભ્યાસક્રમો દેશની ચાર શિક્ષણની પ્રાદેશિક કૉલેજો દ્વારા (Regional College of Education) ચલાવવામાં આવે છે.
- વિશિષ્ટ અભ્યાસક્રમોનું સંચાલન કરવા ઉપરાંત સ્થાનિક, પ્રાદેશિક અને રાષ્ટ્રીય જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને શાળાકીય અભ્યાસક્રમોની સુધારણા હાથ ધરે છે તેમજ તૈયાર પણ કરે છે.

**(3) પાઠ્યપુસ્તકોનું પ્રકાશન :**

- રાષ્ટ્રીય જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય અભ્યાસક્રમ તૈયાર કરી તેને અનુરૂપ એવાં આદર્શ પાઠ્યપુસ્તકો અનુભવી વ્યક્તિઓ પાસે તૈયાર કરાવે છે.
- શાળા કક્ષાએ ચાલતા ગણિત અને વિજ્ઞાનના અભ્યાસક્રમો અને પાઠ્યપુસ્તકોમાં મહત્ત્વનું કાર્ય કરે છે.
- આ સંસ્થા દ્વારા તૈયાર થયેલાં પાઠ્યપુસ્તકોને આધારે દરેક રાજ્ય પોતાની જરૂરિયાત મુજબ પાઠયપુસ્તકો તૈયાર કરે છે.

**(4) પરીક્ષા સુધારણા :**

- આ સંસ્થા દ્વારા પરીક્ષણ અને મૂલ્યાંકન પદ્ધતિમાં જરૂરી સુધારણા લાવવા માટે પ્રયત્નો કરે છે.
- આ માટે જરૂરી સેમિનાર યોજી પ્રશ્નપત્ર સુધારણાનું કાર્ય કરે છે.
- પ્રશ્નપત્ર માટે બ્લ્યૂ પ્રિન્ટ તૈયાર કરવું, પ્રશ્નપત્રનું માળખું અનાત્મલક્ષી બનાવવા પ્રયત્ન કરે છે. પરીક્ષા પદ્ધતિમાં સુધારા વધારા કરે છે.

**(5) સર્વેક્ષણ :**

- આ સંસ્થા દ્વારા શિક્ષણક્ષેત્રે મોજણી માટે કેટલાંક કાર્યક્રમો હાથ ધરે છે.
- માધ્યમિક શાળાઓની સંખ્યા, અનુભવ, તાલીમ વગેરે જેવી બાબતોને ધ્યાનમાં રાખી પ્રશ્નાવલિ તૈયાર કરી મોજણી કરે છે.
- શિક્ષણ અને શિક્ષકની ગુણવત્તા સુધારણામાં આ પ્રકારની મોજણી અગત્યનો ભાગ ભજવે છે.
- આ માહિતીને આધારે દર વર્ષે પ્રકાશન કાર્ય હાથ ધરે છે.

**(6) વિજ્ઞાન-પ્રતિભાખોજ :**

- રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે વિજ્ઞાન અને ટેક્નોલોજીના શિક્ષણનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે.
- વિજ્ઞાન શિક્ષણ દેશના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.
- વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન શિક્ષણ પ્રત્યે રસ, રુચિ વધે તે માટે પ્રયત્નો કરવામાં આવે છે.
- વિજ્ઞાન-પ્રતિભા ખોજની પરીક્ષા પણ લેવામાં આવે છે.
- વિજ્ઞાન તરફનો વિદ્યાર્થીઓનો દૃષ્ટિકોણ બદલવા માટે સંપૂર્ણ પ્રયત્નો કરે છે.

**(7) નવીનીકરણ અને નવવિચાર :**

- શાળા શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે પ્રયોગો હાથ ધરે છે.
- શિક્ષણમાં નવા પ્રયોગો અને નવા વિચારો આવે તે માટે સતત પ્રયત્ન કરે છે.
- શાળા કક્ષાએ નવા પ્રયોગો કરવા માટે જરૂરી સહાયક અનુદાન આપે છે.

**(8) તાલીમી વ્યવસ્થા :**

- આ સંસ્થા દ્વારા શિક્ષણમાં ગુણવત્તા સુધારવા માટે તેમજ શિક્ષકની વ્યવસાયિક સજ્જતા વધારવા માટે કેટલાંક તાલીમી કાર્યક્રમો હાથ ધરે છે.
- ઍજ્યુકેશન ટેક્નોલોજી, કમ્પ્યુટર, શૈક્ષણિક અને વ્યવસાયી માર્ગદર્શન, શિક્ષક વ્યવસ્થાપન અને સંચાલન માટે શિક્ષકોને તાલીમ આપે છે.
- પરીક્ષણ અને મૂલ્યાંકન, વાંચન કૌશલ્ય, પ્રશ્નપત્રનું માળખું વગેરે માટે સેમિનાર, વર્કશોપ વગેરે માટે જરૂરી તાલીમી વ્યવસ્થા કરે છે.
- સી.ટી.ઈ. (કૉલેજ ઑફ ટીચર્સ ઍજ્યુકેશન) દ્વારા પણ શિક્ષકોને તાલીમ આપવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.
- જરૂરી તાલીમ માટે રાજ્ય શિક્ષક ભવન અને જી.સી.ઈ.આર.ટી.ની સ્થાપના કરેલ છે.
- આમ, આ સંસ્થા દ્વારા જુદાં જુદાં પ્રકારના કાર્યો હાથ ધરી શિક્ષણના પ્રસાર અને પ્રચારમાં, શિક્ષણની ગુણવત્તા સુધારણામાં, શિક્ષકની વ્યવસાયિક સજ્જતા વધારવા માટે તાલીમ આપવાનું મહત્ત્વનું કાર્ય કરે છે.

## 13.5 યુનિસેફ (UNICEF)

- યુનિસેફની સ્થાપના 1946 માં બીજા વિશ્વ યુદ્ધ દરમ્યાન ગરીબ દેશના બાળકોના આરોગ્ય અને તંદૂરસ્તીની જાળવણીમાં તાત્કાલિક સહાયભુત થવાના આશયથી થઈ હતી. 1953માં તેના દ્વારા બાળકોની પ્રવૃત્તિને કાયમી સ્વરૂપ આપવામાં આવ્યું. યુવાનો, માતાઓ અને કુટુંબ કલ્યાણ સુધી વિસ્તૃત બન્યું, તે પ્રાથમિક શાળામાં સાધનોની શીટનું વિતરણ કરે છે. પ્રાથમિક શાળાના બાળકોના સ્વાસ્થ્ય માટે પોષક આહાર અને દવાઓની મદદ કરે છે.

- પ્રાથમિક શાળાઓમાં પીવાનું શુદ્ધ પાણી મળી રહે, બાળકોને પોષક આહાર અને તેમજ રોગના રક્ષણ માટે પૂરતી દવાઓ મળે તે માટેની વ્યવસ્થા કરે છે તે ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં બાળકોને પરિસ્થિતિ મુજબ મદદ કરે છે.
- બાળવાડી, અવૈધિક શિક્ષણ વર્ગો ચલાવવા મદદ કરે છે. મહિલા મંડળ, યુવક મંડળ ચલાવવા મદદ કરે છે. યુનિસેફનું વડુ મથક પેરિસમાં આવેલું છે.
- ભારતમાં યુનિસેફનું મથક દિલ્લીમાં આવેલું છે. તે પ્રાથમિક શાળાના બાળકોના નામાંકન, સ્થાયીકરણ ગુણવત્તા માટે જરૂરી સાહિત્યના નિર્માણ, ભૌતિક સગવડો માટે મદદ કરે છે.

## 13.6 સારાંશ

- જિલ્લા શિક્ષણ તાલીમ ભવન જિલ્લા કક્ષાએ કાર્ય કરતી સંસ્થા છે. શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે ખાસ તાલીમની જરૂર પડે છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે અભ્યાસક્રમ અને પાઠ્ય પુસ્તકમાં સુધારવા કરવાની ખાસ જરૂરિયાત ઊભી થઈ છે. જરૂરીયાત પ્રમાણે અભ્યાસક્રમમાં પરિવર્તનની સાથે જિલ્લા કક્ષાએ શિક્ષકોને તાલીમ આપવાની વ્યવસ્થા કરે છે.
- કેન્દ્રકક્ષાએ, રાજ્ય કક્ષાએ પણ અભ્યાસક્રમમાં પરિવર્તન થાય ત્યારે, શિક્ષકોને તાલીમ આપવાની વ્યવસ્થા કરે છે. કેન્દ્ર કક્ષાએ અને રાજ્યકક્ષાએ અભ્યાસક્રમમાં પરિવર્તન થાય ત્યારે શિક્ષકોને તાલીમ આપવાની વ્યવસ્થા એન.સી.ઈ આર.ટી અને જી.સી.ઈ આર.ટી. કાર્ય કરે છે.
- પ્રાથમિક શિક્ષણમાં સંપૂર્ણ પરિવર્તન લાવવા માટે રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986 થી અમલમાં આવી. શિક્ષણનીતિમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે ખૂબજ ભાર મુકવામાં આવેલ છે.
- શિક્ષણની જરૂરી યોજનાનો અમલ કરવા માટે રાષ્ટ્રીય કક્ષાએ, રાજ્ય કક્ષાએ અને જિલ્લા કક્ષાએ 1995માં શિક્ષણ તાલીમ ભવનની સ્થાપના કરવામાં આવી.
- પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા કઈ રીતે સુધરે તેની સતત ચિંતા કરે છે, તે માટે પગલાઓ લે છે, આયોજન કરે છે.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની જિલ્લાવાર સ્થાપના કરવામાં આવેલ છે.
- નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ જે ટૂંકમાં એન.સી.ઈ.આર.ટી.ના નામથી ઓળખવામાં આવે છે. રાષ્ટ્રીય કક્ષાએ ઉચ્ચ કક્ષાની સંશોધન અને તાલીમ આપતી સંસ્થા છે. આ સંસ્થા શિક્ષણની ગુણવત્તા સુધારવા ઉપર ભાર મુકે છે. શિક્ષણ સુધારવા માટે જુદી જુદી પ્રવૃત્તિઓ હાથ ધરે છે. તે માટે શિક્ષણતંત્રે નવા નવા સંશોધનને ઉત્તેજન આપવું. સંશોધનનો યોગ્ય ઉપયોગ કરી શિક્ષણની ગુણવત્તાં સુધારવા માટે જરૂરી કાર્ય કરે છે. આ સંસ્થાનું મુખ્ય મથક ન્યુ દિલ્હીમાં આવેલું છે.

## 13.7 એકમ સ્વાધ્યાય

(1) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું માળખું જણાવો.

(2) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના હેતુ જણાવો.

(3) જિલ્લા તાલીમ ભવનની શાખાઓ જણાવો.

(4) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં કાર્યો જણાવો.

(5) રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદની રચના જણાવો.

(6) NCERT નું કાર્યક્ષેત્ર જણાવો.

(7) NCERT ના શિક્ષણના વિભાગો જણાવો.

(8) NCERT નું બંધારણ જણાવો.

(9) NCERT ના ઉદ્દેશો જણાવો.

(10) NCERT ના કાર્યો જણાવો.

(11) યુનિસેફ શું કામ કરે છે તે જણાવો.

## 13.8 તમારી પ્રગતિ ચકાસો

**તમારા ઉત્તરો નીચે આપેલ જગ્યામાં લખો.**

(1) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના કોઈ પણ બે હેતુઓ જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(2) જિલ્લા શિક્ષણ તાલીમ ભવનની કોઈ પણ બે શાખાઓ જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(3) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં કોઈ પણ બે કાર્યો જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(4) NCERT ના કોઈ પણ બે ઉદ્દેશો જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(5) NCERT ના કોઈપણ બે કાર્યો જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 13.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 13.10 સૂચિત વાંચન સામગ્રી (Suggested Readings)


(1) બારૈયા વી.વી., ગુણવત્તા સુધારણા માટેની સંસ્થાઓ, ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ.

(2) રાવલ નટુભાઈ પી. તથા અન્ય, શાળા વ્યવસ્થાપન અને શૈક્ષણિક સંગઠન, નીરવ પ્રકાશન, અમદાવાદ

(3) તલાટી જિતેષકુમાર તથા અન્ય, માધ્યમિક શિક્ષણની વિસ્તરતી ક્ષિતિઓ, પારિષેણ પ્રકાશન, અમદાવાદ.

(4) રાવલ નટુભાઈ વી. તથા અન્ય, શૈક્ષણિક વ્યવસ્થાપન અને સેવા સંગઠન, નીરવ પ્રકાશન, અમદાવાદ

એકમ 14

# ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

## : રૂપરેખા :

14.1 પ્રસ્તાવના

14.2 રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદનાં ઉદ્દેશો

14.3 રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદનાં કાર્યો

14.4 ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

14.5 જી.સી.ઈ.આર.ટી.નું માળખું

14.6 જી.સી.ઈ.આર.ટી.નાં હેતુઓ

14.7 જી.સી.ઈ.આર.ટી.નાં કાર્યો

14.8 જી.સી.ઈ.આર.ટી.એ હાથ ધરેલાં પ્રોજેક્ટ

14.9 જી.સી.ઈ.આર.ટી.ના સહકારની સંસ્થાઓ

14.10 જી.સી.ઈ.આર.ટી.ની સિદ્ધિ

14.11 શિક્ષણની ગુણવત્તા સુધારણા

- 14.11.1 પ્રસ્તાવના
- 14.11.2 ગુણવત્તા એટલે શું ?
- 14.11.3 ગુણવત્તાનાં લક્ષણો
- 14.11.4 ગુણવત્તાનું મહત્ત્વ
- 14.11.5 શિક્ષણમાં ગુણવત્તા વ્યવસ્થાપનનું કાર્યક્ષેત્ર
- 14.11.6 શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપન
- 14.11.7 શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપનની સફળતા માટેના સૂચનો
- 14.11.8 સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપનનો અમલ-સોપાન
- 14.11.9 શાળા શિક્ષણમાં ગુણવત્તા-સુધારણા
- 14.11.10 ગુજરાત સરકારે શિક્ષણની ગુણવત્તા સુધારવાના પગલાં

14.12 શિક્ષણના સ્તરની સુધારણા માટે કોઠારી કમિશને કરેલાં સૂચનો

14.13 માધ્યમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે ઓપરેશન બ્લેક બોર્ડ યોજના

- 14.13.1 પ્રસ્તાવના
- 14.13.2 અધ્યયન પ્રવૃત્તિઓ
- 14.13.3 પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે ઓપરેશન બ્લેક બોર્ડ યોજના

14.14 સારાંશ

14.15 એકમ સ્વાધ્યાય

14.16 તમારી પ્રગતિ ચકાસો :

14.17 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

14.18 સૂચિત વાંચન સામગ્રી

**ઉદ્દેશો :**

આ એકમનો અભ્યાસ કાર્યો પછી તમે :

(1) રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદનાં ઉદ્દેશો સમજી શકશો.

(2) રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદનાં કાર્યો સમજી શકશો.

(3) જી.સી.ઈ.આર.ટી.નું માળખું સમજી શકશો

(4) જી.સી.ઈ.આર.ટી.નાં હેતુઓ સમજી શકશો.

(5) જી.સી.ઈ.આર.ટી.એ હાથ ધરેલાં પ્રોજેક્ટ સમજી શકશો.

(6) જી.સી.ઈ.આર.ટી. ની સિદ્ધિ સમજી શકશો.

(7) જી.સી.ઈ. આર.ડી.ના કાર્યો સમજી શકશો.

## 14.1 પ્રસ્તાવના :

રાજ્ય શિક્ષણ ભવનને હાલમાં રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદનો ઉચ્ચ દરજ્જો આપવામાં આવ્યો છે. આપણા દેશમાં રાજ્ય બંધારણ અમલમાં આવતાં પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત અને સાર્વત્રિક બનાવવામાં આવ્યું છે. પરિણામે પ્રાથમિક શિક્ષણનો સારા પ્રમાણમાં પ્રસાર થયો. પ્રાથમિક કક્ષાએ ભણનારાં બાળકોની સંખ્યામાં ખૂબ જ વધારો થયો છે. પ્રાથમિક કક્ષાએ ભણનારાં બાળકોની સંખ્યામાં વધારો થતાં, આ બધાંને ભણાવવા શાળાઓની સંખ્યામાં પણ સારો એવો વધારો થયો છે. પ્રત્યેક શાળામાં ભણનારાં બાળકોની સંખ્યામાં પણ વધારો થયો છે. શિક્ષકોનું પ્રમાણ વધ્યું છે. સંખ્યા વધે તો ગુણવત્તા ઘટે એ સાવ સહજ બાબત છે. ભારતમાં પ્રાથમિક શિક્ષણના પ્રસાર સાથે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાનું ધોરણ નીચું જતું જણાયું. આથી પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાનું ધોરણ નીચું જતું અટકાવવા અને પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવાના હેતુથી દેશમાં રાજ્ય શિક્ષણ ભવનો અસ્તિત્વમાં આવ્યાં.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986નો અમલ કરવામાં આવતાં આ રાજ્ય શિક્ષણ ભવનોને રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ એવો ઊંચો દરજ્જો આપવામાં આવ્યો.

## 14.2 રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદનાં ઉદ્દેશો

દરેક રાજ્યમાં સ્થાપવામાં આવેલી રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ નીચેના ઉદ્દેશોને લક્ષમાં રાખીને કાર્ય કરે છે :

(1) રાજ્યમાં તમામ ક્ષેત્રે શિક્ષણની ગુણવત્તાનું ધોરણ ઊંચું લાવવા પ્રયત્નો કરવા.

(2) માનવજીવનનાં મૂલ્યોમાં થતાં પરિવર્તનોને ધ્યાનમાં લઈ શિક્ષણક્ષેત્રે પરિવર્તનો કરવા.

(3) વ્યાવસાયિક ક્ષમતાનું ધોરણ ઊંચું લાવવાને માટે પદ્ધતિઓ અંગે પ્રયોગો તથા સંશોધનો કરવાં.

(4) શિક્ષકો, આચાર્યો, નિરીક્ષકો વગેરે માટે જરૂરિયાત ઊભી થતાં જ્ઞાનસત્રો, કાર્યશિબિરો, પરિસંવાદો, સેમિનાર યોજવાં.

(5) શિક્ષકો માટે શિક્ષક અધ્યાપન પોથીઓ તથા સંદર્ભ-સાહિત્ય તૈયાર કરવું અને તેને પ્રસિદ્ધ કરવું.

(6) રાજ્યોની શાળાઓ માટેના અભ્યાસક્રમની યોગ્યતા વિચારવી તેમજ પોતાના રાજ્ય માટે નવા અભ્યાસક્રમની રચનામાં ફાળો આપવો.

(7) પાઠ્યપુસ્તકો અને શૈક્ષણિક સામગ્રીની ગુણવત્તા જળવાય તેવા પ્રયત્નો કરવાં.

(8) શૈક્ષણિક કાર્યોનું આયોજન કરવાની ક્ષમતા કેળવવી.

(9) નવો અભ્યાસક્રમ અમલમાં આવતાં શિક્ષકો માટે તાલીમ કાર્યક્રમો ગોઠવવાં.

## 14.3 રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદનાં કાર્યો

સ્વરાજ્ય પ્રાપ્તિ પછી દેશમાં પ્રાથમિક શિક્ષણનો વ્યાપ વધ્યો છે, છતાં પણ શૈક્ષણિક સુવિધાઓની સાથે સાથે પ્રાથમિક શિક્ષણમાં સંતોષકારક ગુણવત્તા પ્રાપ્ત થઈ નથી.

રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ તેના ઉદ્દેશોને ધ્યાનમાં લઈ પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ પોતાના કાર્યક્ષેત્રમાં નીચે મુજબનાં કાર્યો કરે છે.

**(1)** **ઘનિષ્ટ શિક્ષણ યોજના :** રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દરેક જિલ્લાને વિવિધ જૂથ કેન્દ્રોમાં વહેંચે છે. આ જૂથ કેન્દ્રોમાં વહેંચવાની કામગીરી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન કરે છે. દરેક કેન્દ્રોમાં તેની આસપાસના આઠ કિલોમીટરના વિસ્તારની પ્રાથમિક શાળાઓને આવરી લેવામાં આવે છે. આ જૂથ કેન્દ્રોમાં પ્રાથમિક શાળાના શિક્ષકોને એકઠા કરી તેમની સમક્ષ નમૂનાના પાઠ આપવા, પ્રયોગો બતાવવા, શૈક્ષણિક સાધનોનો અસરકારક ઉપયોગ બતાવવો, સરળ, સસ્તાં અને ઉપયોગી ઉપકરણો બનાવવાની રીત સમજાવવી અને માહિતી આપવી, આધુનિક પુસ્તકોની માહિતી આપવી તથા તેનું વાંચન કરવું, અભ્યાસક્રમના અમલ અંગે માર્ગદર્શન આપવું વગેરે કાર્યો કરવામાં આવે છે. આ રીતે રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ જુદાં જુદાં જિલ્લાઓના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા વિવિધ પ્રકારનાં ઘનિષ્ટ શિક્ષણ યોજનાનું કાર્ય કરે છે.

**(2)** **પરિસંવાદ - કાર્યશિબિર યોજવા :** શિક્ષણના નવા પ્રવાહોથી શિક્ષકો, આચાર્યો, પ્રાથમિક શિક્ષણાધિકારીઓ અને બીટ નિરીક્ષકોને વાકેફ રાખવા માટે રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ તેમના માટે વિવિધ કક્ષાએ પરિસંવાદો અને કાર્યશિબિરો યોજે છે. આ પરિસંવાદો અને કાર્યશિબિરો યોજવામાં, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન રાજ્ય પરિષદને મદદરૂપ બને છે. શિક્ષકો માટે સેમિનાર અને તાલીમ માટેનું આયોજન પણ કરે છે.

**(3)** **ઓપવર્ગો અને નવસંસ્કરણ વર્ગો યોજવા :** રાજ્યમાં જ્યારે જ્યારે નવો અભ્યાસક્રમ કે નવી કોઈ શિક્ષણ યોજના (દા.ત., M.L.L. (એમ.એલ.એલ.) કાર્યક્રમ) અમલમાં મૂકવામાં આવે ત્યારે પ્રાથમિક શાળાના શિક્ષકો, આચાર્યો, પ્રાથમિક શિક્ષણના નિરીક્ષકો તથા અધ્યાપન મંદિરોના અધ્યાપકોને તે માટે સુસજ્જ કરવાની જરૂરિયાત ઊભી થાય છે. આ બધાને સુસજ્જ કરવા માટે રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ તેમને તાલીમ આપવાની યોજના તૈયાર કરે છે. આ માટે જરૂરી ઓપવર્ગો અને નવ સંસ્કરણ વર્ગો યોજે છે. આ રીતે પરિષદ ઓપવર્ગો અને નવસંસ્કરણ વર્ગો યોજીને રાજ્યમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા સક્રિય કામગીરી બજાવે છે.

**(4)** **પ્રકાશન કાર્ય :** રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ પરિષદ (NCERT)એ રાષ્ટ્ર માટે કરેલાં પ્રકાશનોનું રાજ્યની શિક્ષણની ભાષામાં અનુવાદ કરી તેનું પ્રકાશન કરવાનું કાર્ય રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ કરે છે. આ ઉપરાંત શિક્ષકોને ઉપયોગી એવાં અન્ય પ્રકાશનો પણ બહાર પાડે છે. આ પ્રકાશનોને શિક્ષકો તેમજ શિક્ષણની સંસ્થાઓને વિનામૂલ્યે આપવામાં આવે છે. દેશમાં ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમનો અમલ થઈ રહ્યો છે. આ અભ્યાસક્રમ પ્રકાશિત કરવાનું કાર્ય રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ કરે છે.

**(5)** **સેવા વિસ્તરણ કેન્દ્રોને સહાય પૂરી પાડવી :** અધ્યાપન મંદિરો પ્રાથમિક શાળાની વાસ્તવિક પરિસ્થિતિથી વાકેફ રહે અને પ્રાથમિક શાળાએ અધ્યાપન મંદિરોમાં થતા અવનવા પ્રયોગોથી વાકેફ રહે તેવા હેતુથી પ્રાથમિક અધ્યાપન મંદિરોનાં સેવા વિસ્તરણ કેન્દ્રોને સહાય પૂરી પાડવાનું કાર્ય રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ કરે છે.

સેવા વિસ્તરણ કેન્દ્રોથી અધ્યાપન મંદિરો અને પ્રાથમિક શાળાઓ એકબીજાંના સંપર્કમાં રહે છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવને ઘનિષ્ઠ શિક્ષણ યોજના માટે રચેલાં જૂથ કેન્દ્રોમાં હાથ ધરાતા સર્વેક્ષણ અને સંશોધન પ્રોજેક્ટને પરિષદ મદદ કરે છે. વળી, આ કેન્દ્રોની પ્રાથમિક શાળાઓનાં સેવા વિસ્તરણ કેન્દ્રોને સાધન સંપન્ન બનાવવાનું કાર્ય રાજ્ય પરિષદ કરે છે. રાજ્ય પરિષદ જૂથ કેન્દ્રની પ્રાથમિક શિક્ષણ શાળાના સેવા વિસ્તરણ કેન્દ્ર મારફત સેમિનાર યોજવા શૈક્ષણિક સાધનો માટે જરૂરી સહાય પણ આપે છે.

**(6) ભાષા - સમૃદ્ધિ વધારવાનું કાર્ય :**

- શિક્ષકોમાં ભાષા-સમૃદ્ધિ વધે તે માટે રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ નીચે મુજબ પ્રયાસો હાથ ધરે છે.
- ભાષા-સમૃદ્ધિ વધારવા માટે પ્રાથમિક શાળાના શિક્ષકો, આચાર્યો, અધ્યાપન-મંદિરના અધ્યાપકો, પ્રાથમિક શિક્ષણાધિકારી, બીટ નિરીક્ષકો દ્વારા ટૂંકા ગાળાના વર્ગો ચલાવવામાં આવે છે. આ વખતે રાજ્ય પરિષદના શૈક્ષણિક સ્ટાફ દ્વારા પ્રવચનો તથા માર્ગદર્શન અપાય છે.
- રાજ્ય પરિષદના ઉપક્રમે પ્રાથમિક શાળાના શિક્ષકો અને અધ્યાપન મંદિરોના અધ્યાપકો દ્વારા ભાષાશુદ્ધિ અને ભાષા-સમૃદ્ધિ વધારતા કાર્યક્રમો યોજાય છે.
- રાજ્ય પરિષદ ભાષા-સમૃદ્ધિ કાર્યક્રમોનો પરિચય શિક્ષક સુધી કરાવવા માટે એકાદ સામયિક પણ પ્રકાશિત કરતું હોય છે. જેમ કે ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, અમદાવાદ 'જીવન શિક્ષણ' પ્રકાશિત કરી લેખો, કાવ્યો કે પુસ્તક-પરિચય છાપીને પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલી સંસ્થાઓ સુધી પહોંચાડે છે.
- આ ઉપરાંત રાજ્ય પરિષદ કવિ-સંમેલનો, લેખક સંમેલનો, નિબંધ હરીફાઈઓ અને જ્ઞાનવર્ધક સભાઓ યોજીને શિક્ષકોનું ભાષા ઉપર પ્રભુત્વ આવે તેવાં પ્રયત્નો કરે છે.

**(7) પરીક્ષા સુધારણાનું કાર્ય :** મૂલ્યાંકનની સંકલ્પનાથી પ્રાથમિક શિક્ષકો, આચાર્યો, અધ્યાપન-મંદિરના અધ્યાપકો અને આચાર્યોને અભિસ્થાપિત કરવાના પ્રયાસો રાજ્ય પરિષદ કરે છે. આ માટે રાજ્ય પરિષદ કાર્યશિબિરો યોજે છે.

મૂલ્યાંકનનો બદલાયેલો દૃષ્ટિકોણ સમજાવવા તેમજ અનાત્મલક્ષી કસોટીઓ રચવાની સૂઝ પૂરી પાડવા તથા કૌશલ્યો, રસ અને અભિરુચિના માપન અંગેની સૂઝ વિકસાવવા રાજ્ય પરિષદ વર્ગો યોજે છે.

રાજ્ય પરિષદ પરીક્ષા સુધારણાનું કાર્ય કરે છે. તે જૂની-પુરાણી યાદદાસ્ત પર આધારિત પરીક્ષા પદ્ધતિની સાથે બાળકનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરવાની યોજનાના અમલ માટે શિક્ષકોને તૈયાર કરે છે. શિક્ષકોએ સતત સર્વગ્રાહી મૂલ્યાંકન કઈ રીતે કરવું, તે માટે જરૂરી સાહિત્ય અને યોજના શિક્ષકોને પૂરાં પાડવાનું કામ રાજ્ય પરિષદ કરે છે.

**(8) અભ્યાસક્રમ રચનાનું કાર્ય :** રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ પોતાના રાજ્ય વિસ્તારનાં પ્રાથમિક શાળાનાં બાળકો માટે અદ્યતન વિષયવસ્તુ સમાવતા અભ્યાસક્રમની રચનાનું કાર્ય કરે છે. જરૂરિયાત ઊભી થતાં જૂના અભ્યાસક્રમને સ્થાને નવો અભ્યાસક્રમ ઘડવાનું કાર્ય રાજ્ય પરિષદ કરે છે. નવા અભ્યાસક્રમનાં સંદર્ભમાં તૈયાર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની શિક્ષક અધ્યાપનપોથીઓ તૈયાર કરે છે.

**(9) વિજ્ઞાન એકમ ચલાવવું :** રાજ્ય પરિષદ વિજ્ઞાન-સલાહકારોની મદદથી પ્રાથમિક શાળાઓમાં વિજ્ઞાન શિક્ષણ-સુધારણા માટે વિજ્ઞાન એકમ ચલાવવાનું કાર્ય કરે છે. વિજ્ઞાન શિક્ષણ સુધારણા કાર્યક્રમ અંતર્ગત રાજ્ય પરિષદનું વિજ્ઞાન એકમ પ્રાથમિક શાળાઓ માટે વિજ્ઞાનમેળાઓ યોજે છે. પ્રદર્શન ગોઠવવા અંગે જરૂરી પ્રોત્સાહન શાળાઓને પૂરું પાડવામાં આવે છે.

**(10) વસ્તીશિક્ષણ એકમ ચલાવવું :** વસ્તીવધારો એ વર્તમાન યુગનો પ્રાણ પ્રશ્ન છે. દુનિયા સામે તે પડકાર બનીને ઊભો છે. ભારત સામે ઘણાં વર્ષોથી ઊભી થયેલી સમસ્યા છે. વસ્તીવધારાને લીધે વિકાસની શક્યતાઓ ઓછી થતી જાય છે. વસ્તીવધારાની અસર અનેક ક્ષેત્રો પર થાય છે. વધુ પડતા વસ્તીવધારાને લીધે માનવજીવન કથળતું જાય છે. આર્થિક વિકાસ અને સમૃદ્ધિ દેશના દરેક માનવી સુધી પહોંચાડવાં હોય તો વસ્તીવધારાને અંકુશમાં લેવો પડે.

આ માટે શિક્ષણના દરેક તબક્કે વસ્તીશિક્ષણની સમજ વધતી જાય તે ખૂબ જ જરૂરી છે. વસ્તીવધારાનો પ્રશ્ન માનવમાત્ર માટે સમજ કેળવવાનો અને વસ્તીવધારા દ્વારા ઊભી થતી સમસ્યા માટે કાયમી ઉકેલ માટેના કાર્યક્રમને અમલી બનાવવાનો છે. વસ્તીવધારાની સમસ્યા અને તેની અસર સમજવા, વિચારવા અને અપનાવવા માટેનું શિક્ષણ તે વસ્તીશિક્ષણ.

વસ્તીવધારાના પ્રાણપ્રશ્ન ઉકેલ માટે આપણા દેશે વસ્તીનું નિયંત્રણ કરવાનું નક્કી કર્યું છે. આથી પ્રાથમિક શાળા કક્ષાએથી વસ્તીશિક્ષણ આપવાની વ્યવસ્થા કરવાનું જરૂરી બન્યું છે.

શાળા કક્ષાએ વસ્તીશિક્ષણ આપવા માટે રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદમાં વસ્તીશિક્ષણ એકમ ચલાવવામાં આવે છે. વસ્તીશિક્ષણ એકમ ચલાવીને રાજ્ય પરિષદ પ્રાથમિક શાળા કક્ષાએથી વસ્તીશિક્ષણ આપે છે. રાજ્ય પરિષદનું વસ્તીશિક્ષણ એકમ પ્રાથમિક શાળા કક્ષાએથી વસ્તીવધારાની ગંભીરતાનો ખ્યાલ પ્રાથમિક શાળાનાં બાળકો આપે છે અને તે દ્વારા વસ્તી નિયંત્રણ અંગેની સાચી સમજ બાળકોને આપે છે.

**(11) દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણ એકમ :** રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણ એકમ ચલાવવાનું કાર્ય પણ કરે છે. આ એકમ દ્વારા દૃશ્ય-શ્રાવ્ય સાધનોના નિદર્શન કાર્ય કરી દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો અસરકારક ઉપયોગ કેવી રીતે કરવો તે અંગેનું માર્ગદર્શન પ્રાથમિક શિક્ષકોને આપે છે.

રાજ્ય પરિષદ દૃશ્ય-શ્રાવ્ય એકમ દ્વારા પ્રાથમિક શિક્ષકોને ચેતનવંતા બનાવી તેમની મારફતે શિક્ષણને દૃઢ અને સંગીન બનાવે છે. આ રીતે દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણ એકમ દ્વારા પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા-સુધારણાના કાર્યક્રમમાં રાજ્ય પરિષદનો ફાળો અમૂલ્ય છે.

## 14.4 ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986નો અમલ કરવામાં આવતાં 1લી એપ્રિલ 1964થી ગુજરાતમાં સ્થાપવામાં આવેલાં રાજ્ય શિક્ષણ ભવનને ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જી.સી.ઈ.આર.ટી.) તરીકેનો ઉચ્ચ દરજ્જો આપવામાં આવ્યો. ગુજરાતના 19 જિલ્લાઓના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો (DIET) જી.સી.ઈ.આર.ટી.ના નેજા નીચે કાર્ય કરે છે.

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના માર્ગદર્શન નીચે કાર્ય કરતી સંસ્થા છે. જી.સી.ઈ.આર.ટી. તેના કાર્યક્ષેત્રમાં બધી પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ અને શિક્ષક - પ્રશિક્ષણ સંસ્થાઓને આવરી લે છે. આ પરિષદ ગુજરાતમાં પ્રાથમિક અને માધ્યમિકની શૈક્ષણિક પાંખ તરીકે કાર્ય કરે છે. જી.સી.ઈ.આર.ટી. ના નિષ્ણાતો દ્વારા શાળાઓ, શિક્ષણ વિભાગ અને શિક્ષણ મંત્રાલયના ક્ષેત્રમાં શિક્ષણની નીતિ અને કાર્યક્રમો ઘડવાનું અને અમલમાં મૂકવાનું કાર્ય થાય છે. તેને ગુજરાત સરકાર નાણાં પૂરા પાડે છે. ગુજરાતમાં પ્રાથમિક અને માધ્યમિક તેમજ શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે અસરકારક કાર્ય કરતી સંસ્થા છે. આ સંસ્થા ગુજરાત રાજ્યના શિક્ષણ સુધારણાના કાર્યક્રમોને ગતિશીલ બનાવી પ્રાથમિક અને માધ્યમિક કક્ષાના શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા વધારવાનો પ્રયાસ કરે છે.

આ સંસ્થા સૌપ્રથમ 1962માં અમદાવાદ ખાતે રાજ્ય શિક્ષણ ભવન (SIE) ની સ્થાપના થઈ. રાજ્ય શિક્ષણ ભવનની કામગીરીનું વિસ્તરણ કરી આ સંસ્થાને 1988માં રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ એવું નામ આપી અપગ્રેડ કરવામાં આવી. ગુજરાતમાં આ સંસ્થા ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT)ના નામે ઓળખાય છે.

આ સંસ્થા સ્વતંત્ર રીતે કાર્ય કરે છે. 1997થી આ સંસ્થા અમદાવાદથી ગાંધીનગર ખાતે સેક્ટર - 21માં સ્થાન ફેર કરવામાં આવેલ છે. આ સંસ્થાનું નવું મકાન સેક્ટર-12 ખાતે ઉદ્યોગભવન સામે આકાર લઈ રહ્યું છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની ગુણવત્તા સુધારણામાં સંશોધન અને તાલીમ મહત્ત્વનો ભાગ ભજવે છે. શિક્ષણમાં નવા નવા પ્રયોગો, વિચારો, મૂલ્યાંકન વગેરે દ્વારા નવું બળ આપવા પ્રયત્ન કરે છે. આ સંસ્થા હેઠળ હાલમાં 24 જિલ્લા શિક્ષણ તાલીમ ભવન કાર્યરત છે. આ સંસ્થા દ્વારા પૂર્વ સેવા શિક્ષક તાલીમ અને સેવાકાલીન તાલીમ કાર્યક્રમ કરે છે, આ સંસ્થા જિલ્લા શિક્ષણ તાલીમ ભવન જરૂરી પ્રેરણા હૂંફ અને શૈક્ષણિક માર્ગદર્શન આપવાનું કાર્ય કરે છે.

આ પરિષદ શાળા શિક્ષણમાં ગુણાત્મક સુધારો લાવવાના પ્રયત્નો કરવા વચનબદ્ધ પ્રવર્તમાન દિવસોના શિક્ષણના પડકારના યોગ્ય ઉકેલ શોધવાની દિશામાં પહેલ કરતી કેન્દ્ર સંસ્થા તેના વિવિધ વિભાગો અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા ગુણાત્મક સુધારો હાથ ધરે છે.

## 14.5 જી.સી.ઈ.આર.ટી.નું માળખું

જી.સી.ઈ.આર.ટી.ના વડા નિમાયકશ્રી છે. તેઓ પરિષદની શૈક્ષણિક તેમજ વહીવટી પાંખનો કારભાર ચલાવે છે. સચિવ વહીવટી તેમજ હિસાબી વિભાગોની દેખરેખ રાખે છે, તેની શૈક્ષણિક બાજુએ પ્રથમ વર્ગના 6 રીડર, બીજા વર્ગના 10 સંશોધન સહાયકો અને ત્રીજા વર્ગનો એક સંશોધન સાથી, જ્યારે વહીવટી બાજુએ એક હિસાબી અધિકારી, એક મુખ્ય કારકુન, બીજા કારકુનો અને શૈક્ષણિક બાજુએ બીજા 25 સભ્યો છે. આ રીતે ચોથા વર્ગ સાથે જી.સી.ઈ.આર.ટી.માં 73 સભ્યો છે.

જી.સી.ઈ.આર.ટી.ના સરળ અને અસરકારક કામગીરી બજાવવા માટે નીચે જેવાં નવ વિભાગો રચવામાં આવ્યા છે :

(1) અભ્યાસક્રમ અને મૂલ્યાંકન વિભાગ

(2) સંશોધન વિભાગ

(3) ભાષા વિભાગ

(4) વિજ્ઞાન અને ગણિત વિભાગ

(5) શિક્ષક-પ્રશિક્ષણ વિભાગ

(6) શિક્ષણનું વ્યવસાયીકરણ વિભાગ

(7) વસ્તીશિક્ષણ વિભાગ

(8) વહીવટી વિભાગ

(9) લઘુતમ અધ્યયન કક્ષા (MLL) વિભાગ

## 14.6 જી.સી.ઈ.આર.ટી.નાં હેતુઓ

જી.સી.ઈ.આર.ટી.નાં હેતુઓ નીચે મુજબનાં છે :

(1) બધા સ્તરે શિક્ષણની ગુણવત્તા સુધારવી.

(2) શૈક્ષણિક સંશોધનને પ્રોત્સાહન પૂરું પાડવું અને સંશોધન કાર્ય હાથ ધરવું.

(3) સમૃદ્ધ કાર્યક્રમો અને શિક્ષકો માટેના સેવાકાલીન કાર્યક્રમો ઘડી કાઢવા.

(4) જિલ્લા શિક્ષણ તાલીમ ભવનોને માર્ગદર્શન અને સહાય પૂરી પાડવી.

(5) શૈક્ષણિક સામગ્રી પ્રકાશિત કરવી.

(6) નવતર શૈક્ષણિક કાર્યક્રમોનું સંચાલન કરવું.

(7) જી.સી.ઈ.આર.ટી.ના હેતુઓની સિદ્ધિ માટે યુનિવર્સિટીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, શિક્ષકો, આચાર્યો અને સંગઠનો સાથે સંયુક્ત પ્રયત્નો કરવા.

(8) માનવ સંશોધન વિકાસ મંત્રાલય, રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ અને એન.સી.ઈ. આર.ટી. વગેરે દ્વારા સૂચવાયેલી શિક્ષણનીતિનો અમલ અને પ્રસાર કરવો.

## 14.7 જી.સી.ઈ.આર.ટી.નાં કાર્યો

જી.સી.ઈ.આર.ટી. દ્વારા નીચેના કાર્યો હાથ ધરવામાં આવે છે.

**(1) ગુણવત્તા સુધારણા કાર્યક્રમ :**

રાજ્યમાં પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ શિક્ષણની ગુણવત્તા ધીમે ધીમે ઘટતી જાય છે. આ સંસ્થા ઘટતી જતી ગુણવત્તામાં સુધારો થાય તેવા કાર્યક્રમો હાથ ધરે છે.

**(2) ક્રિયાત્મક સંશોધન કાર્ય :**

રાજ્યમાં પ્રાથમિક કક્ષા અને માધ્યમિક કક્ષાએ શિક્ષકોને શાળા કક્ષાએ તેમજ વર્ગ કક્ષાએ દરરોજ સમસ્યા ઉદ્‌ભવે છે. આ સમસ્યાના ઉકેલ માટે આ સંસ્થા ક્રિયાત્મક સંશોધન કાર્ય હાથ ધરે છે.

**(3) શૈક્ષણિક સાધનોની બનાવટ અને ઉપયોગ :**

શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવો જરૂરી છે. આ સંસ્થા દ્વારા શૈક્ષણિક સાધનોની બનાવટ અને ઉપયોગ કરવા અંગે માર્ગદર્શન કાર્ય હાથ ધરે છે. શૈક્ષણિક સાધનો બનાવવા અંગે શિક્ષકોને તાલીમ આપવી તેમજ તે અંગેનું માર્ગદર્શન આપે છે.

**(4) તાલીમ આપવાની વ્યવસ્થા :**

રાજ્યમાં પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ શિક્ષકો માટે સેવાકાલીન અને પૂર્વ સેવાકાલીન શિક્ષક માટે તાલીમ કાર્યક્રમ હાથ ધરે છે. અભ્યાસક્રમમાં ફેરફાર થતાં શિક્ષકોને તાલીમ આપવામાં આવે છે. આ તાલીમ ગુણવત્તા સુધારવાના ભાગરૂપે હોય છે. ખાસ કરીને પ્રાથમિક શિક્ષકો માટે વધુ ભાર મૂકવામાં આવે છે. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવાની ખાસ જરૂર પડે છે.

**(5) નવીનીકરણ કાર્યક્રમ :**

શિક્ષણક્ષેત્રે નવીનીકરણ આવે તેવા પ્રયોગો હાથ ધરે છે. શિક્ષણક્ષેત્રે નવા પ્રવાહોની માહિતી આપે છે. શિક્ષકો નવા શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરે તે માટે આગ્રહ રાખવામાં આવે છે.

**(6) વિવિધલક્ષી શિક્ષણકાર્ય :**

શિક્ષણકાર્ય વિવિધલક્ષી બને તેવો આગ્રહ રાખવામાં આવે છે. આ સંસ્થા વસ્તીશિક્ષણ, કમ્પ્યૂટર શિક્ષણ, પર્યાવરણ શિક્ષણ, દૂરવર્તી શિક્ષણ, તારુણશિક્ષણ, વિકલાંગ બાળકો માટેનું શિક્ષણ વગેરે કાર્યક્રમો, હાથ ધરે છે.

આ કાર્યક્રમો માટે બી.એડ્. કૉલેજો, માધ્યમિક શાળાઓ, અધ્યાપન મંદિરો વગેરે કરાવે છે.

**(7) પાઠ્યપુસ્તક પ્રકાશનમાં મદદરૂપ :**

ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળને પાઠ્યપુસ્તકના પ્રકાશનકાર્યમાં મદદરૂપ થાય છે. નવા તૈયાર થતા પાઠ્યપુસ્તકમાં જરૂરી સુધારાવધારા કરવા માટે પાઠ્યપુસ્તક મંડળને જરૂરી સૂચન કરે છે.

**(8) અભ્યાસક્રમની સમીક્ષા :**

રાજ્યમાં અભ્યાસક્રમની સમીક્ષા કરી, તેમાં સુધારાવધારા થાય તેવા કાર્યક્રમો હાથ ધરે છે. પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, પી.ટી.સી. કૉલેજ, સી.પી.એડ્. જેવી શૈક્ષણિક સંસ્થાઓના અભ્યાસક્રમની સમીક્ષા અને સુધારણા કરી પુનઃરચના કરી સુધારણાનું કામ કરે છે.

**(9) વિશિષ્ટ અભ્યાસક્રમોમાં તાલીમનું આયોજન :**

શારીરિક શિક્ષણ, ચિત્રકલા, સંગીત, યોગ સ્કાઉટ, એન.એસ.એસ. વગેરે અંગે તાલીમોનું આયોજન અને અમલીકરણનું કાર્ય હાથ ધરે છે.

**(10) આકાશવાણી દ્વારા કાર્યક્રમો :**

શિક્ષણને લગતા આકાશવાણી દ્વારા કાર્યક્રમો યોજે છે. ટી.વી.માં પણ કેટલાંક કાર્યક્રમો પ્રસારિત થાય તે માટે પ્રયત્ન કરે છે.

**(11) ગણિત-વિજ્ઞાન મંડળ :**

ગણિત - વિજ્ઞાન મંડળ દ્વારા વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. ગણિત - વિજ્ઞાનમાં ગુણવત્તામાં સુધારો થાય તે પ્રયત્નો આ મંડળ દ્વારા હાથ ધરવામાં આવે છે. ગણિત - વિજ્ઞાન પ્રદર્શન યોજવા, વિવિધ પ્રવૃત્તિઓ વગેરેમાં જરૂરી માર્ગદર્શન આપે છે.

**(12) શૈક્ષણિક સામગ્રીનું પ્રકાશન :**

શિક્ષણકાર્ય માટે જરૂરિયાત મુજબનું શૈક્ષણિક સામગ્રીનું પ્રકાશનકાર્ય હાથ ધરે છે. તેનો ઉપયોગ થાય તેવો આગ્રહ રાખવામાં આવે છે.

**(13) એન.સી.ઈ.આર.ટી.ને મદદરૂપ થવું :**

ગુણવત્તા સુધારવાનું કાર્ય એન.સી.ઈ.આર.ટી. કરે છે. આ સંસ્થાને શિક્ષણને લગતી માહિતી આપવી, નવા પ્રયોગો હાથ ધરવા, તાલીમ કાર્યક્રમ ગોઠવવામાં મદદરૂપ થવું વગેરે કાર્યો હાથ ધરે છે.

## 14.8 જી.સી.ઈ.આર.ટી.એ હાથ ધરેલા પ્રોજેક્ટ

જી.સી.ઈ.આર.ટી.એ પ્રાથમિક શિક્ષણ સુધારણા માટે નીચે જેવાં કેટલાંક પ્રોજેક્ટ પણ હાથ ધર્યા છે.

(1) એમએલએલ (MLL) પ્રાથમિક શિક્ષણમાં લઘુતમ અધ્યયન કક્ષા, ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમ પરિષદનો આ પ્રોજેક્ટ પ્રાથમિક શિક્ષણમાં ગુણાત્મક સુધારાનું અભિયાન છે.

(2) એસ.ઓ.પી.ટી (SOPT) પ્રાથમિક શિક્ષકો માટેનો ખાસ પૂર્વાભિમુખ (Orientation) કાર્યક્રમ.

(3) ડબલ્યુ. ઈ. (WE) કાર્યાનુભવ.

(4) પી.ઈ.પી. (PEP) વસ્તીશિક્ષણ કાર્યક્રમ.

પરિષદ આ પ્રોજેક્ટ તેના વસ્તીશિક્ષણ એકમ દ્વારા કાર્ય કરે છે.

## 14.9 જી.સી.ઈ.આર.ટી.ના સહકારની સંસ્થાઓ

જી.સી.ઈ.આર.ટી. રાજ્ય સરકારના નીચેનાં વિભાગો, સંગઠનો સાથે નજીકનો સાથ, સહકાર અને સંબંધ રાખીને પોતાનાં કાર્યો કરે છે :

(1) પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની નિયામક કચેરી, ગાંધીનગર.

(2) 10 + 2 ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, અમદાવાદ.

(3) માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

(4) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર.

(5) ગુજરાત રાજ્યનું શિક્ષણ સચિવાલય, ગાંધીનગર.

(6) વિવિધ જિલ્લાઓના પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણના તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.

(7) પ્રૌઢ શિક્ષણ અને અવૈધિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર.

(8) જિલ્લા કક્ષાની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુધરાઈ શાળા બોર્ડ, નગર પંચાયત શિક્ષણ સમિતિ વગેરે.

## 14.10 જી.સી.ઈ.આર.ટી.ની સિદ્ધિ

ગુજરાત રાજ્યના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાના શિક્ષકોને અને પૂર્વ પ્રાથમિક સંસ્થાના અધ્યાપકોને શિક્ષણક્ષેત્રે સેવાકાલીન અને પૂર્વ સેવાકાલીન તેમજ નવી બાબતો સંદર્ભે તાલીમ અને માર્ગદર્શન આપવાનું તેમજ શિક્ષણનાં જુદાં જુદાં પાસાંનો તલસ્પર્શી મૂલ્યાંકન અને અભ્યાસ કરાવી શિક્ષણકાર્યમાં આવતા અંતરાયો દૂર કરવા નાના પાયે સંશોધન કાર્ય કરી શિક્ષણ વિભાગને અને શિક્ષણ સાથે સંકળાયેલી સંસ્થા વ્યક્તિને જરૂરી માર્ગદર્શન સૂચનો અને વિગત પૂરી પાડવાનું કામ રાજ્ય કક્ષાની આ ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, રાયખડ, અમદાવાદ - 1 કરે છે. આ બધી બાબતોમાં પરિષદે નીચે જેવી સિદ્ધિ મેળવી છે :

(1) માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે 25000 ઉપરાંત શાળા સંકુલો રચીને તેમને દાખલારૂપ શાળાઓ (Sample Schools) બનાવી છે.

(2) એસ.ઓ.પી.ટી. (SOPT) કાર્યક્રમના નેજા નીચે 45 વર્ગોનું સંચાલન કરીને આશરે 2153 પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપવામાં આવી છે.

(3) પ્રાથમિક શિક્ષણમાં ગુણાત્મક સુધારના અભિયાનના ભાગરૂપે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે રાજ્ય પરિષદે તૈયાર કરેલા ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમ મંજૂર કરીને સને 1995ના જૂન માસથી ગુજરાતની તમામ પ્રાથમિક શાળાઓનાં ધોરણ-1 અને 2માં અને જૂન 1996થી ધોરણ 3 અને 4માં અમલમાં મૂક્યો છે. આ રીતે ગુજરાતની તમામ પ્રાથમિક શાળાઓનાં ધોરણ - 1 થી 4માં ક્ષમતાલક્ષી અભ્યાસક્રમનો કાર્યક્રમ અપનાવી બાળકોના શિક્ષણમાં થતો અપવ્યય અને સ્થગિતતા ઘટાડવાના તથા શિક્ષણની ગુણવત્તા વધારવાના ગુજરાત સરકારે કરેલા નિર્ણયને સફળ બનાવવામાં પરિષદે સિદ્ધિ મેળવી છે.

(4) પરિષદે ગુજરાતની પ્રાથમિક શાળાના ધોરણ-4 સુધીના ભાષા-ગુજરાતી, ગણિત અને પર્યાવરણ અભ્યાસ વિષયના ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમ પર આધારિત પાઠ્યપુસ્તકો ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા પ્રકાશિત કરાવ્યાં છે.

(5) ગુજરાતમાં ધોરણ - 1 થી 4 ના આશરે 48,000 પ્રાથમિક શિક્ષકો, 386 જેટલાં તાલીમ તજ્જ્ઞોને એમ.એલ.એલ. કાર્યક્રમ નીચે તાલીમ આપવામાં આવી. બધા જિલ્લાના અધિકારીઓને એમ.એલ.એલ. કાર્યક્રમથી પૂર્વાભિમુખ કરવા. આ સંબંધિત તાલીમી સાહિત્ય પણ તૈયાર કરવામાં આવ્યું અને તે દરેક તાલીમાર્થી અને સંસ્થાને પૂરું પડાયું.

(6) અભ્યાસક્રમ અને મૂલ્યાંકન એકમ દ્વારા 580 પ્રાથમિક શિક્ષકોને તાલીમ અપાઈ. ભાષા એકમ દ્વારા 650 શિક્ષકો, વિજ્ઞાન અને ગણિતમાં 600, પ્રાથમિક અધ્યાપન મંદિરના 280 જેટલાં અધ્યાપકો એમ.એલ.એલ. યોજના નીચેના સંશોધન એકમ દ્વારા પૂર્વાભિમુખ કરાયા. વસ્તીશિક્ષણ એકમ દ્વારા 800થી વધારે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકો, આચાર્યો અને બીજાઓને વસ્તીશિક્ષણ અંગે પૂર્વાભિમુખ કરવાની સિદ્ધિ મેળવી છે.

(7) રાજ્ય પરિષદે પોતાના કાર્યક્રમોમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે પ્રશંસનીય કામ કર્યું છે.

(8) પ્રાથમિક શિક્ષણક્ષેત્રે કામ કરતાં શિક્ષકો, આચાર્યો, નિરીક્ષકો, અધિકારીઓ વગેરેને નવીન પ્રવાહો અને નવાં સંશોધનોથી જાણકાર કરવા તેમના જ્ઞાન, કૌશલ્ય, વલણ વગેરેનું ધોરણ ઊંચું રાખવા માટે ઓપવર્ગો, સેમિનાર, વર્કશોપ, જૂથચર્ચા, તાલીમ વર્ગો વગેરે સફળતાપૂર્વક કામગીરી પરિષદ કરી રહી છે. આ માટે કેટલીક પસંદ કરેલી શિક્ષણની કૉલેજોનો પરિષદ સહકાર લે છે.

## 14.11 શિક્ષણની ગુણવત્તા સુધારણા

શિક્ષણનો વ્યાપ દિવસે દિવસે વધતો જાય છે, તેના લીધે શિક્ષણની દરેક કક્ષાએ જેવી કે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ કક્ષાએ શિક્ષણની ગુણવત્તાનો એક પડકાર શિક્ષણ સમક્ષ ઊભો થયો છે. વિશ્વકક્ષાએ અર્થતંત્રના વૈશ્વિકીકરણની સાથે સાથે એની વ્યાપક અસર શૈક્ષણિક, સામાજિક અને

સાંસ્કૃતિક સંસ્થાઓના વૈશ્વિકરણ ઉપર પણ થવા લાગી છે. પ્રવર્તમાન આંતરરાષ્ટ્રીય વિકાસાત્મક સ્પર્ધાના સંદર્ભે પણ 'ગુણવત્તા' એ આજના યુગનો એક મહામંત્ર બની રહેલ છે.

ગુણવત્તા દરેક ક્ષેત્રને સ્પર્શે છે, પરંતુ એ ઔદ્યોગિક ક્ષેત્રની પ્રચલિત પેદાશ છે. ઔદ્યોગિક પ્રક્રિયામાંથી બહાર પડતા ઉત્પાદનમાં, નીપજમાં, ગ્રાહકો ઊંચી ગુણવત્તાની અપેક્ષા રાખે છે. શિક્ષણની પ્રક્રિયામાંથી બહાર પડતા નાગરિકોમાં સમાજ ઊંચી ગુણવત્તાની અપેક્ષા રાખે છે.

ઉત્પાદનની ગુણવત્તાને તેના કેટલાંક લક્ષણો જેવાં કે વ્યવહારુતા, ટકાઉપણું, આકાર, કદ, રૂપ, રંગ, ડિઝાઈન, કિંમત વગેરેને આધારે મૂલવી શકાય. આ લક્ષણો પણ વ્યક્તિ-વ્યક્તિની પરિસ્થિતિના સંદર્ભે સાપેક્ષ છે. એમ કહી શકાય કે અહીં ગુણવત્તા ગ્રાહકના સાપેક્ષ દષ્ટિબિંદુ પર આધારિત છે. હા, ગુણવત્તા ચકાસવા માટે ચોક્કસ નિશ્ચિત સામાન્ય લક્ષણોનો પણ આધાર લઈ શકાય. ઔદ્યોગિક ક્ષેત્રની સરખામણીએ અન્ય સેવાનાં ક્ષેત્રો જેવાં કે તબીબી, પંચાયત, આરોગ્ય, શિક્ષણ, વહીવટ વગેરેમાં ગુણવત્તાને તેના કેટલાંક લક્ષણો જેવાં કે સૌજન્ય, શીલ, વિનય, શિષ્ટાચાર, વિવેક, સમયપાલન, સહકાર, માનવસંબંધ, ચોકસાઈ મૂલ્યો વગેરે સાથે સંબંધ છે. વળી, અહીં પણ ગ્રાહકનું દષ્ટિબિંદુ એ જ ગુણવત્તાનો આખરી શબ્દ છે. આ રીતે ઔદ્યોગિક તેમજ અન્ય સેવાનાં ક્ષેત્રો જેવાં કે તબીબી, પંચાયત, આરોગ્ય, શિક્ષણ, વહીવટ વગેરેમાં ગુણવત્તાને તેના કેટલાંક લક્ષણો જેવાં કે સૌજન્ય, શીલ, વિનય, શિષ્ટાચાર, વિવેક, સમયપાલન, સહકાર, માનવસંબંધ, ચોકસાઈ મૂલ્યો વગેરે સાથે સંબંધ છે. વળી, અહીં પણ ગ્રાહકનું દષ્ટિબિંદુ એ જ ગુણવત્તાનો આખરી શબ્દ છે. આ રીતે ઔદ્યોગિક તેમજ અન્ય સેવાનાં ક્ષેત્રો બંનેમાં ગુણવત્તાનો ખ્યાલ મહદ્અંશે સાપેક્ષ બની રહે છે.

આમ છતાં ગુણવત્તાની જાળવણી માટે વ્યાપક સ્વરૂપે કેટલાંક નિરપેક્ષ સામાન્ય માનદંડોને ગુણવત્તાના આધારો બનાવી શકાય છે. આ દષ્ટિએ ગુણવત્તાની બાબતે સાપેક્ષ અને નિરપેક્ષ બંને માપદંડોનું મહત્ત્વ પ્રસ્તુત બની રહે છે.

શિક્ષણ સેવાના ક્ષેત્રનો વિચાર કરીએ તો દરેક શિક્ષણસંસ્થા પોતાની પરિસ્થિતિ સંદર્ભે વિસ્તાર, કદ, સામાજિક, આર્થિક, વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યો, સુવિધાઓ વગેરે જેવી ઘણી બધી દષ્ટિએ આગવી છે.

શિક્ષિત વિદ્યાર્થી સમાજને આર્થિક, સામાજિક અને ઉત્પાદક રીતે કેટલો ઉપયોગી બને છે, તે પરથી અને સમાજ શિક્ષિત વિદ્યાર્થીની આશા, અપેક્ષા અને શ્રદ્ધાને કેટલી પોષે છે અને ખીલવે છે, તે પરથી માપી શકાય.

- સમાજની શાળા વિશેની છાપ, તેના આધારે ગુણવત્તા નક્કી કરે છે. સમાજની અપેક્ષાઓ, વિદ્યાર્થીઓની અપેક્ષા કેટલા અંશે શાળામાંથી બહાર પડતો વિદ્યાર્થી સંતોષે છે તેના પર ગુણવત્તા આધારિત છે.
- શિક્ષણ ગતિશીલ પ્રક્રિયા છે. સમાજ, રાષ્ટ્ર અને વિદ્યાર્થીની અપેક્ષાને ધ્યાનમાં રાખી શિક્ષણમાં સતત પરિવર્તન ચાલતું રહે છે. ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે શિક્ષણમાં પણ પરિવર્તન આવ્યું છે. લેનારને સંતોષ થાય અને આપનારને આનંદ મળે તે નીપજ, તે ઉત્પાદન ગુણવત્તાયુક્ત કહેવાય. આમ, ગુણવત્તા ગ્રાહક અને નીપજ બંનેને તાકે છે.

**14.11.1 પ્રસ્તાવના**

ઔદ્યોગિક પ્રક્રિયામાંથી બહાર પડતા ઉત્પાદનમાં, નીપજમાં, ગ્રાહકો ઊંચી ગુણવત્તાની અપેક્ષા રાખે છે. શિક્ષણની પ્રક્રિયામાંથી બહાર પડતા નાગરિકોમાં સમાજ ઊંચી ગુણવત્તાની અપેક્ષા રાખે છે.

શિક્ષિત વિદ્યાર્થી સમાજને આર્થિક, સામાજિક અને ઉત્પાદન રીતે કેટલો ઉપયોગી બને છે, તે પરથી અને સમાજ શિક્ષિત વિદ્યાર્થીની આશા, અપેક્ષા અને શ્રદ્ધા કેટલી પોષે છે અને ખીલવે છે તે પરથી માપી શકાય.

સમાજની શાળા વિશેની છાપ, તેના આધારે ગુણવત્તા નક્કી કરે છે. સમાજની અપેક્ષાએ,

વિદ્યાર્થીઓની અપેક્ષા કેટલા અંશે શાળામાંથી બહાર પડતો વિદ્યાર્થી સંતોષે છે તેના પર ગુણવત્તા આધારિત છે.

શિક્ષણ ગતિશીલ પ્રક્રિયા છે. સમાજ, રાષ્ટ્ર અને વિદ્યાર્થીની અપેક્ષાને ધ્યાનમાં રાખી શિક્ષણમાં સતત પરિવર્તન ચાલતું રહે છે. ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે શિક્ષણમાં પણ પરિવર્તન આવ્યું છે. લેનારને સંતોષ થાય અને આપનારને આનંદ મળે તે નીપજ, તે ઉત્પાદન ગુણવત્તાયુક્ત કહેવાય. આમ, ગુણવત્તા ગ્રાહક અને નીપજ બંનેને તાકે છે.

**14.11.2 ગુણવત્તા એટલે શું ?**

ગુણવત્તા માપી શકાય એવું પરિવર્તન છે, તે વિદ્યાર્થીઓ અને સમાજની અપેક્ષાઓને સંતોષીને, તેમની પૂર્તિને, તેમની ઉપયોગિતાને તાકે છે. તેમનો સંતોષ, સંસ્થા વિશેની છાપ, સંસ્થાનો પ્રભાવ અને સંસ્થાના વ્યક્તિત્વનું નિર્માણ કરે છે. શાળા માટે સમાજમાં વિશ્વાસ, શ્રદ્ધા અને ગૌરવની લાગણી જાગ્રત કરે છે.

- ગુણવત્તા એટલે કશુંક વિશેષ અસાધારણ.
- ગુણવત્તા એટલે સંપૂર્ણતા, સુસંગતતા.
- નાણાં માટેનું મૂલ્ય એ ગુણવત્તા.
- ગુણવત્તા એટલે ગુણાત્મક પરિવર્તન અથવા સતત સુધારણા.
- ગુણવત્તા એટલે ગ્રાહકોની અપેક્ષાઓને પહોંચી વળવું તે, પરંતુ શિક્ષણની ગુણવત્તા ગ્રાહકોની અપેક્ષાઓને પહોંચી વળવાં કરતાં પણ વિશેષ છે.
- ગુણવત્તા એવી બાબત છે કે ઉપભોક્તા કે ગ્રાહકના દૃષ્ટિબિંદુ હેતુ માટેની પાત્રતા પર આધાર રાખે છે.
- દા.ત., પેન-ગુણવત્તા ગુણધર્મોને આધારે નક્કી કરાય છે. ટકાઉપણું, સમારકામક્ષમતા, આકાર અને કદ, ડિઝાઈન, રંગ, કિંમત વગેરે.

ગુણવત્તામાં આકાર, રંગ, ટકાઉપણું, કિંમત ગમે તેવી હોય છે. શિક્ષણની ગુણવત્તા અંગે વિચારીએ તો કહી શકાય કે : ગુણવત્તા માપી શકાય એવું પરિવર્તન છે. તે વિદ્યાર્થીઓને, સમાજ, વાલીઓની અપેક્ષાઓની પૂર્તિ કરીને, તેમના સંતોષને, તેમની ઉપયોગિતાને તાકે છે, તેમનો સંતોષ, સંસ્થાની છાપ, સંસ્થાનો પ્રભાવ અને સંસ્થાના વ્યક્તિત્વનું નિર્માણ કરે છે અને સંસ્થા માટે સમાજમાં વિશ્વાસ, શ્રદ્ધા અને ગૌરવની લાગણી જાગ્રત કરે છે.

**સિ મૌરે :** ઉચ્ચ શિક્ષણનાં ગુણવત્તા સિદ્ધાંતો ગણાવતી વખતે નીચેની રૂપરેખા આપી :

ગુણવત્તા એટલે...

- ગ્રાહકની જરૂરિયાતોને પહોંચી વળવું.
- સતત સુધારણા
- દરેકની કામગીરીમાં વિભાજન
- નેતાગીરી
- તંત્રમાં માનવ સંસાધન વિકાસ
- ભય-નિવારણ
- કદર અને બક્ષિસ
- ટીમ કાર્ય
- માપન
- પદ્ધતિસરનો સમસ્યા ઉકેલ

### 14.11.3 ગુણવત્તાનાં લક્ષણો

શિક્ષણની ગુણવત્તા માટે નીચેના લક્ષણો જોવા મળે છે, જે નીચે મુજબ છે :

**(1) વિદ્યાર્થી કેન્દ્રી કાર્ય :**

શિક્ષણમાં વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખી કાર્ય હાથ ધરવામાં આવે છે. વિદ્યાર્થીની જરૂરિયાત કઈ છે, તેને ધ્યાનમાં રાખીને આયોજન વિચારવામાં આવે છે.

**(2) સમસ્યાનું સમાધાન :**

શિક્ષણની ગુણવત્તામાં સમસ્યાનું સમાધાન થાય તેના પર વધુ ભાર આપવામાં આવે છે. વિદ્યાર્થીઓના પ્રશ્નો કયાં છે ? તેને ધ્યાનમાં લઈ આયોજન વિચારવામાં આવે છે.

**(3) સહભાગીદારી :**

શિક્ષણની ગુણવત્તા વધારવામાં સહભાગીદારી જોવા મળે છે. વિદ્યાર્થી, શિક્ષક, વાલી, સમાજ વગેરે વ્યક્તિઓનો સહયોગ મેળવીને કાર્ય હાથ ધરવામાં આવે છે. બધાના સંયુક્ત પ્રયાસને પ્રાધાન્ય આપવામાં આવે છે.

**(4) પ્રોત્સાહન :**

શિક્ષણમાં સારું કાર્ય કરનારને જરૂરી પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે છે. શિક્ષણની સહભાગીદારીમાં સંકળાયેલ વ્યક્તિને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

**(5) લાંબા ગાળાનું આયોજન :**

શિક્ષણની ગુણવત્તા વધારવા માટે લાંબા ગાળાનું આયોજન વિચારવામાં આવે છે. લાંબા ગાળાના આયોજનને કારણે ગુણવત્તામાં વધારો થતો જોવા મળે છે.

**(6) યોગ્ય સાધનોનો ઉપયોગ :**

શિક્ષણની ગુણવત્તા વધારવા યોગ્ય સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. શિક્ષણમાં જે રીતે પરિવર્તન થાય છે તે રીતે સાધનોનો ઉપયોગ થતો જોવા મળે છે. આધુનિક ટેક્નોલૉજીના સાધનો પર ભાર મૂકવામાં આવે છે.

**(7) લોકશાહી વ્યવહાર :**

શિક્ષણના સહભાગી ભાગીદારમાં નેતા દ્વારા લોકશાહી વ્યવહાર થતો જોવા મળે છે. લોકશાહી વ્યવહારને કારણે દરેક વ્યક્તિ પોતાની જવાબદારી સમજીને કાર્ય કરે છે.

**(8) દરેકને સાંભળવાની તક :**

શિક્ષણ સાથે સંકળાયેલ વ્યક્તિને સાંભળવાની તક આપવામાં આવે છે. ગુણવત્તા વધારવા માટે દરેકના સૂચનો ધ્યાનમાં લઈ વિચારવામાં આવે છે. ચર્ચા થાય છે. લોકશાહી વ્યવહાર થતો જોવા મળે છે.

**(9) નિયમિતતા :**

શિક્ષણના દરેક ક્ષેત્રમાં નિયમિતતાના ગુણને સ્થાન આપવામાં આવે છે. દરેક વ્યક્તિ પોતાની જવાબદારી સમજીને કાર્ય કરે છે.

**(10) દરેકનો કાર્ય કરવા માટેનો ઉત્સાહ :**

દરેકનો કાર્ય કરવા માટેનો ઉત્સાહ જોવા મળે છે. પોતાની જવાબદારી સમજીને કાર્ય કરે છે. તેથી દરેકનો કાર્ય કરવા માટેનો ઉત્સાહ જોવા મળે છે. અંતે સારી ગુણવત્તામાં વધારો કરે છે.

**(11) અપેક્ષાઓ સંતોષાય :**

વિદ્યાર્થીઓ અને સમાજની કેટલીક અપેક્ષાઓ સાથે શિક્ષણ મેળવે છે. શિક્ષણ દ્વારા કેટલી અપેક્ષાઓ સંતોષાય છે તેના આધારે શિક્ષણ ગુણવત્તા નક્કી થાય છે. મહત્તમ અપેક્ષાઓ સંતોષવા માટે પ્રયત્નો હાથ ધરવામાં આવે છે.

**(12) જવાબદારીનું વિભાજન :**

દરેકને પોતાની શક્તિને ધ્યાનમાં રાખી કાર્યની જવાબદારીનું વિભાજન કરી નાખવામાં આવે છે. આથી દરેક વ્યક્તિ પોતાની જવાબદારી સ્પષ્ટ હોવાથી કાર્ય કરે છે.

**(13) નિશ્ચિત ધ્યેય :**

સારું પરિણામ મેળવવા માટે અગાઉથી નિશ્ચિત ધ્યેય નક્કી કરી દેવામાં આવે છે. નક્કી કરેલ ધ્યેયને ધ્યાનમાં રાખી કાર્યો થાય છે.

(14) સલાહ - સૂચનો પર ભાર :

સલાહ - સૂચનો પર ભાર મૂકવામાં આવે છે. કાર્ય માટે દરેકને બોલવાની, સાંભળવાની તક આપવામાં આવે છે.

**14.11.4 ગુણવત્તાનું મહત્ત્વ**

શિક્ષણમાં ગુણવત્તાનું મહત્ત્વ નીચે પ્રમાણે છે :

**(1) ગ્રાહકોનો સંતોષ મેળવવા :**

ગુણવત્તા સુધારવાનું મહત્ત્વ ગ્રાહકોનો સંતોષ મેળવવા માટેનો છે. ગ્રાહકોને વધુમાં વધુ સંતોષ થાય, શાળાના ગ્રાહક વિદ્યાર્થીઓ અને વાલીઓ છે.

**(2) શાળાની સારી છાપ ઊભી કરવા :**

શાળાની ગુણવત્તા સારી હોય તો શાળા વિશેની છાપ સારી ઊભી થાય, આવી શાળામાં પ્રવેશ મેળવવા માટે વધુ પ્રયત્નો થાય. આવી શાળાનું પરિણામ અને શિસ્ત પણ સારી હોય છે.

**(3) સારું પરિણામ મેળવવા :**

ગુણવત્તા સુધારવાનો હેતુ સારું પરિણામ મેળવવાનો છે. સામૂહિક પ્રયત્નો દ્વારા પરિણામ સારું મેળવવા માટે ગુણવત્તા જરૂરી છે.

**(4) ઉપલબ્ધ સાધનોનો યોગ્ય ઉપયોગ કરવા :**

શાળા પાસે જે ઉપલબ્ધ સાધનો છે તેનો મહત્તમ ઉપયોગ કરવા માટે ગુણવત્તા જરૂરી છે. શાળાની ગુણવત્તા સુધારવી હોય તો શાળાનાં ઉપલબ્ધ સાધનોનો યોગ્ય ઉપયોગ કરવો પડે.

**(5) શાળામાં નિયમિતતા લાવવા :**

શાળામાં ગુણવત્તા સુધારવી હોય તો શાળામાં નિયમિતતા લાવવી જરૂરી છે. શાળામાં નિયમિતતા લાવીને ગુણવત્તા સુધારી શકાય છે.

**(6) સમસ્યાનું સમાધાન કરવા :**

શાળામાં ગુણવત્તા લાવવી હોય તો, સમસ્યાની માહિતી મેળવીને તેનું સમાધાન કરવા પ્રયત્નો કરવા પડે. સમસ્યાનું સમાધાન કરી ગુણવત્તા સુધારી શકાય.

**(7) વિદ્યાર્થી કેન્દ્રી કાર્ય કરવા :**

ગુણવત્તા સુધારવા માટે શાળામાં વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શિક્ષણકાર્ય ગોઠવવું પડે. વિદ્યાર્થી પાસે જે વ્યક્તિ હોય તે બહાર લાવવા પ્રયત્ન કરવો પડે. વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખી કાર્યનું આયોજન થઈ શકે.

**(8) વિદ્યાર્થીઓને શિક્ષણકાર્યમાં ભાગીદાર બનાવવા :**

શિક્ષણકાર્યમાં વિદ્યાર્થીઓને ભાગીદાર બનાવીને ગુણવત્તામાં સુધારો કરી શકાય છે. વિદ્યાર્થીને ભાગીદાર બનાવાથી પોતાની શક્તિનો યોગ્ય ઉપયોગ કરી શકે.

**(9) દરેકનો કાર્ય માટે ઉત્સાહ ટકાવવા :**

ગુણવત્તા સુધારવામાં શાળાની દરેક વ્યક્તિનો હિસ્સો છે. દરેકને જરૂરી પ્રોત્સાહન પૂરું પાડી, ઉત્સાહને ટકાવી રાખવા માટે જરૂરી છે.

**(10) જવાબદારી પ્રમાણે કાર્ય થાય તે માટે :**

ગુણવત્તા સુધારણા માટે જવાબદારીનું વિભાજન કરવામાં આવે છે. જવાબદારીના વિભાજન પ્રમાણે કાર્ય થાય તે માટે ગુણવત્તા જરૂરી છે.

**(11) વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ કરવા :**

વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ કરવો જરૂરી છે. નૈતિક, ચારિત્ર્ય, માનસિક, સામાજિક અને સાંવેગિક વગેરેનો વિકાસ કરવો જરૂરી છે.

**(12) શાળામાં નવ વિચાર લાવવા :**

નાનાં બાળકોને નવી-નવી બાબતો, વસ્તુઓ ખૂબ ગમે છે. શિક્ષણમાં પણ આ વાત એટલી જ લાગુ પડે છે. વર્ગખંડના અધ્યાપન કાર્યમાં પણ વિવિધતા અને અવનવા પ્રયોગો કરાય તેમ સૌ કોઈ ઈચ્છે છે. ચીલાચાલુ સાધનો, પદ્ધતિઓ, કદરૂપી ભીંતો, જૂના વિચારોવાળા શિક્ષકો, જૂની શૈક્ષણિક પ્રણાલીઓ, વ્યવહારમાં નિરસતા, નિષ્ક્રિયતા, કંટાળો અને અસંતોષ જ આવે ને !

ઉપરની બાબતોથી બચવા અને વિદ્યાર્થીઓને શાળાએ આવવાનું ગમે, આવ્યા પછી વર્ગખંડમાં બેસવાનું ગમે, બેઠા પછી એકાગ્રતાથી અધ્યયન કરવાનું ગમે, નવા પ્રયોગો, નવાં સાધનો સાથે અધ્યયન કરવાનું ગમે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવું અનિવાર્ય છે.

**(13) શાળાની સહઅભ્યાસ પ્રવૃત્તિઓને વેગ આપવા :**

શાળાની સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન કરીને ગુણવત્તા સુધારવા વેગ આપી શકાય. શૈક્ષણિક પ્રવૃત્તિઓ, શારીરિક વિકાસસંબંધી પ્રવૃત્તિઓ, સામાજિક પ્રવૃત્તિઓ, પ્રકૃતિ સંબંધી પ્રવૃત્તિઓ, લલિતકલા સંબંધી પ્રવૃત્તિઓ, શોખ સંબંધી પ્રવૃત્તિઓ, ઉત્પાદન સંબંધી પ્રવૃત્તિઓ, કમ્પ્યુટર પ્રવૃત્તિ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વિશિષ્ટ પર્વો, દિનોની ઊજવણી વગેરે.

**(14) શિક્ષણકાર્ય સારું બનાવવા :**

શૈક્ષણિક સાધનોનો ઉપયોગ નહીં થાય, ત્યાં સુધી ગુણવત્તા નહીં આવે, તેઓને વિચાર કરતાં કરવામાં આવે તેવું આયોજન જ ગુણવત્તા લાવી શકશે. શિક્ષણ કાર્યનું આયોજન કરીને ગુણવત્તા સુધારી શકાય.

### 14.11.5 શિક્ષણમાં ગુણવત્તા વ્યવસ્થાપનનું કાર્યક્ષેત્ર

ગુણવત્તા શબ્દ બહુ પ્રચલિત અને ચર્ચાયેલ શબ્દ છે. આજે વિશ્વ બજારને કારણે ઊંચી ગુણવત્તા અનિવાર્ય બની ગયું છે. ઊંચી ગુણવત્તા ન હોય તો સ્પર્ધાની બહાર ફેંકાઈ જવાની શક્યતા છે.

આ બાબત શિક્ષણને લાગુ પડે છે. શિક્ષણની સંસ્થાઓ એમની પ્રવૃત્તિઓ, કામગીરીઓ અને કાર્યક્રમો, એમની પદ્ધતિઓ વગેરેની ગુણવત્તા ઊંચી રહે તે બાબત અનિવાર્ય બની ગયું છે. શાળામાં વ્યવસ્થાપનની ગુણવત્તા ઉત્તરોતર વધુને વધુ સારી બને તે અનિવાર્ય ગણાય છે.

જ્ઞાનના વિસ્ફોટને કારણે શિક્ષણની સંસ્થાઓ અસ્તિત્વના જંગમાં ટકવા અને પ્રવેશવા માટે ગુણવત્તાનું વ્યવસ્થાપન જરૂરી બની ગયું છે. જંગમાં ટકવા અને જંગને જીતવા એમણે ગુણવત્તાનું વ્યવસ્થાપન કરવા બધાં વાનાં કરવાં જોઈએ એ આજનો તકાદો છે.

શિક્ષણમાં ગુણવત્તાનો વિચાર કરતાં નીચેના ઘટકોનો સંદર્ભ લેવો જરૂરી છે. કોઈપણ શિક્ષણ સંસ્થાનું સઘળું કાર્યક્ષેત્ર એમાં સમાઈ જતું હોય છે.

- **શિક્ષણના ઘટકો :**

**(1) શાળાની ભૌતિક સગવડો :**

શિક્ષણની સંસ્થાઓમાં શૈક્ષણિક વાતાવરણ ઊભું કરવા, જાળવવા ભૌતિક સગવડો અનિવાર્ય બાબત બની ગઈ છે. શાળાનું મકાન અને ફર્નિચર શિક્ષણના વાતાવરણને પોષક, સ્વચ્છ તેમજ વપરાશને યોગ્ય હોય તે જરૂરી છે. શાળાનું મકાન તેમજ તેમાં સમાયેલી બાબતો મનને પસંદ પડે તેવી હોવી જોઈએ.

પ્રયોગશાળાનાં કબાટ, ટેબલ, શિક્ષકોની ખુરશીઓ આધુનિકતાને પોષક હોય, આંખને ગમે તેવી હોય, બેસવાથી આરામ મળે તેવું ફર્નિચર કામને વેગ આપે છે. આ બધાં ફર્નિચરનો ઉપયોગ કરવાથી ઈચ્છા થાય તેવાં હોય તો તેમાં કામ કરનારનો ઉત્સાહ ટકી રહે છે અને ત્યાં જવાનું, બેસવાનું અને કામ કરવાનું ગમે છે. ગંદકી, ધૂળ, કચરો, બાવાં, અંધારું હવે શાળામાં તજવા જોઈએ.

**(2) શાળાનું યોગ્ય વાતાવરણ :**

શાળાનું શૈક્ષણિક વાતાવરણ જ શિક્ષણની ગુણવત્તા જાળવવામાં અને લાવવામાં અગત્યનો ભાગ ભજવે છે. શાળાનાં યોગ્ય વાતાવરણમાં શાળા પરિવારનાં સભ્યો, એકબીજા સાથે હળીમળીને કાર્ય કરે, શાળા સાથે સંબંધ ધરાવતી વ્યક્તિઓ સાથે પણ યોગ્ય વ્યવહાર કરે. આચાર્ય એક કુટુંબના વડા જેવાં પિતાતુલ્ય લાગે, જ્યાં સૌની સમાનતાના ધોરણે સગવડો સચવાતી હોય, સૌની કાળજી લેવાતી હોય, જ્યાં પ્રેમપૂર્વક વાતાવરણ હોય, બાળકો સલામતી અનુભવતાં હોય, જ્યાં સંસ્કારનું સિંચન થતું હોય એવું વાતાવરણ ગુણવત્તાને પોષે છે.

**(3) શાળાનાં સમાજ સાથેના સંબંધો વિકસાવવા :**

શિક્ષણની ગુણવત્તાના વ્યવસ્થાપન માટે શાળાનાં સમાજ સાથેનાં સંબંધો વિકસાવવા એ અગત્યનું પરિબળ છે. શાળા અને સમાજ જેટલાં એકબીજાની નજીક હશે તેટલાં પ્રમાણમાં શાળાને સમાજ તરફથી મદદ મળી રહેશે, સમાજની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી શાળાનું વાતાવરણ ઊભું કરવામાં આવે. શાળાના કાર્યક્રમમાં સમાજની વ્યક્તિઓને બોલાવવામાં આવે. શાળામાં વાલી મંડળ, ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ ઊભું કરવામાં આવે તો શાળાને મદદરૂપ થઈ શકે. ભૂતપૂર્વ શિક્ષકો, આચાર્ય અને અન્ય કર્મચારીઓનો ઉપયોગ કરી શકાય.

શાળાના નામવાળી વ્યક્તિનો જન્મદિન, પુણ્યતિથિદિન ઉજવાય તેવું વ્યવસ્થાપન ગોઠવવું જોઈએ. તેઓ આ ધરતી ઉપર ન હોય તો તેમના વાલી વારસોને આ પ્રસંગે યાદ કરીને શાળામાં નિમંત્રીને તેઓના અતિથિપદે ઉજવણી થાય. આ કાર્યક્રમ સંસ્થાગત થવાં જોઈએ.

**(4) શાળા સાથે સંકળાયેલ માનવ સંસાધનનો સહયોગ :**

શાળા સાથે સંકળાયેલ વ્યક્તિઓ એ માનવ સંસાધન છે. દરેક વ્યક્તિઓ ગુણવત્તા વધારવા માટે સહયોગ આપતી હોય છે, તેમને તાલીમ આપી કાર્યક્ષમતા વધારવા પ્રયત્નો કરવાં જોઈએ. નેતાનો દરેક વ્યક્તિ સાથેનો વર્તન વ્યવહાર યોગ્ય હોવો જોઈએ. શાળાના વડાએ તેઓની સૂઝ વિકસે, કામમાં ચોકસાઈ આવે અને તમામ કામો જે-તે નિયત સમયે થાય, તેમનામાં વિશ્વાસ મૂકાય, તેઓનું લખાણ સ્પષ્ટ, પત્ર વ્યવહારની પણ એક આગવી ભાષા હોય છે. આ બધાં પાસાં વિકસે તો તેઓ પણ શાળા વ્યવસ્થાપનમાં અગ્રગણ્ય હિસ્સો આપી શકે.

**(5) વિદ્યાર્થીની માહિતીનું એકત્રીકરણ :**

વિદ્યાર્થી શાળામાં કંઈક આશા અને અરમાન લઈને પ્રવેશ મેળવે છે. સંસ્થાએ પ્રવેશ, પરીક્ષા અને પ્રમાણપત્ર વગેરે પરંપરાગત ત્રણ પ્રકારની કામગીરી કરવાની હોય છે. શાળા વર્ષ દરમિયાન થોડી પ્રવૃત્તિઓ કરે છે, પ્રમાણપત્રો આપે છે. આ ત્રણ બાબતો સંસ્થાગત થયેલી જોવા મળે છે. આ ત્રણેય પરિસ્થિતિમાં ગુણવત્તાના ધોરણો જળવાતા નથી. હવે આ પરિસ્થિતિ ચાલી શકે તેમ નથી. ગુણવત્તાની ચળવળ હવે શાળાઓએ ચલાવવી જોઈએ.

વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરવા માટે શાળાએ વિદ્યાર્થી વિશેની સંપૂર્ણ માહિતી ભેગી કરવી જોઈએ. વિદ્યાર્થી શાળામાં પ્રવેશ મેળવે ત્યારથી માહિતી ભેગી કરવી જોઈએ. વિષયની પસંદગી, રસ, વલણ, અભિરુચિ, ગમા-અણગમા વગેરે બાબતો જાણવી જોઈએ. તેઓનો સામાજિક-અસામાજિક સર્વે કરીને તેનો ઈતિહાસ જાણવો જોઈએ. વિદ્યાર્થી વિશેની માહિતી જાણ્યા વિના શિક્ષણકાર્ય થઈ શકે નહીં.

જેમ દર્દીને તપાસ્યા પછી જ ડૉક્ટર ઈલાજ શરૂ કરે છે તેમ શાળામાં આવેલાં તમામ બાળકોને શારીરિક, માનસિક, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક રીતે ઓળખવા પડે. તેની વિદ્યાર્થીવાર અને વર્ગવાર નોંધ રાખવી પડે.

જુદી જુદી મનોવૈજ્ઞાનિક કસોટીઓનો ઉપયોગ કરી માહિતી મેળવવી જોઈએ. વિદ્યાર્થીના કુટુંબ વિશેની માહિતી મેળવવી.

**(6) શાળાની શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન :**

શાળામાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન માસવાર કરવું જોઈએ. માસના અંતે તેનું મૂલ્યાંકન કરવું જોઈએ. આયોજન પ્રમાણે કાર્ય થયું કે કેમ તેની માહિતી મેળવવી. આવું આયોજન વર્ગવાર અને શિક્ષક દીઠ થઈ શકે. કેટલાંક શિક્ષકો આજે પણ પ્રમાણિકતાથી 35 મિનિટ કાર્ય કરે છે, તાસ પૂરો થયો છે તેની ખબર પણ પડતી નથી.

શિક્ષણકાર્ય દરમિયાન શિક્ષકે કેટલા પ્રશ્નો પૂછ્યા ? કયા સાધનો વાપર્યા ? વિદ્યાર્થીઓએ શિક્ષકને કોઈ પ્રશ્ન પૂછ્યો ? શિક્ષકે કોઈ પ્રશ્ન આપ્યો કે જેનો ઉત્તર પાઠ્યપુસ્તકમાં હોય ? શિક્ષકની પૂર્વ તૈયારી, વિદ્યાર્થી શિક્ષણકાર્યમાં જોડાયા ? વર્ગમાં કેટલા વિદ્યાર્થી હાજર હતા, કેટલા વિદ્યાર્થીઓ ગેરહાજર હતા વગેરે માહિતી મેળવવી પડે.

શિક્ષણકાર્ય વિદ્યાર્થી કેન્દ્રી બનવું જોઈએ. શિક્ષણકાર્યમાં વિદ્યાર્થી સામેલ નહીં થાય ત્યાં સુધી ગુણવત્તા નહીં આવે. તેઓને વિચાર કરતાં, કશુંક ચિંતન કરતાં કરવામાં આવે તેવું આયોજન જ ગુણવત્તા લાવી શકશે.

વિદ્યાર્થીઓને વર્ગમાં શૈક્ષણિક સાધનો પૂરા પાડીને કામ કરતાં કરવાના છે, વિદ્યાર્થીઓ શું કરે છે તેનું સતત મૂલ્યાંકન કરવું જોઈએ.

વર્ગમાં કવિ, લેખક, વૈજ્ઞાનિક, વ્યાકરણ, ઈતિહાસ, સાલ, ઘટનાઓ, સૂત્રો, શ્લોક, અંગ્રેજીના સ્પેલિંગ્સ, વાક્યપૂર્તિ, શબ્દ રમત વગેરેને લગતી વર્ગ કક્ષાએ સ્પર્ધા થાય. સમગ્ર વર્ગને બે ભાગમાં વહેંચવામાં આવે. આવું સતત ચાલતું રહે.

**(7) નવીનીકરણનો સ્વીકાર :**

શાળાના વિદ્યાર્થીઓને નવીનતા પ્રિય હોય છે. શિક્ષણકાર્યમાં, અભ્યાસક્રમમાં, પાઠ્યપુસ્તકમાં, શૈક્ષણિક પદ્ધતિઓ અને મૂલ્યાંકનમાં નાવીન્ય હોય. વર્ગખંડના શિક્ષણકાર્યમાં પણ વિવિધતા અને અવનવા પ્રયોગો હોય તેમ સૌ ઈચ્છા ધરાવે છે.

ચીલાચાલુ સાધનો, પદ્ધતિઓ, કદરૂપી ભીંતો, જૂના વિચારોવાળા શિક્ષકો, વર્ગવ્યવહારમાં નિરસતા, નિષ્ક્રિયતા, કંટાળો અને અસંતોષ જ વિદ્યાર્થીઓને આપે નહિ તો વિદ્યાર્થીઓને શાળાએ આવવાનું ગમે, આવ્યા પછી વર્ગખંડમાં બેસવાનું ગમે, બેઠા પછી ધ્યાનપૂર્વક અધ્યયન કરવાનું ગમે, નવા પ્રયોગો, નવાં સાધનો સાથે અધ્યયન કરવાનું ગમે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવું જરૂરી છે.

વર્ગમાં નવા નવા પ્રયોગો, વર્ગખંડની બેઠક વ્યવસ્થામાં પરિવર્તન, વર્ગખંડમાં ટેક્નોલૉજીનો ઉપયોગ થાય. દા.ત., વર્ગમાં કવિતા, વાર્તાની કૅસેટ સંભળાવાય.

વર્ગમાં જુદી જુદી પદ્ધતિઓનો ઉપયોગ. જુદાં જુદાં વિષયો જુદાં જુદાં વર્ગખંડમાં જ ભણાવાય. દા.ત., વિજ્ઞાનખંડ, ચિત્રકલાખંડ, સમાજિવદ્યાખંડ, ભાષાનો પ્રયોગશાળાખંડ, વ્યાયામખંડ વગેરે માટે સ્થાન ફેર થાય.

વર્ગમાં નવાનવા પ્રયોગો, નવી વાતો, નવા સાધનોનો ઉપયોગ ગુણવત્તામાં વધારો કરશે. વિષય પ્રમાણે જુદી જુદી પદ્ધતિઓનો ઉપયોગ કરવો.

**(8) સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન :**

શિક્ષણની ગુણવત્તા સુધારવામાં વર્ગશિક્ષણ ઉપરાંત સહઅભ્યાસ પ્રવૃત્તિઓને લગતા કાર્યક્રમો અગત્યના ગણાય છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કાર્યક્રમો અગત્યના ગણાય છે.

શાળાએ માસવાર, ઋતુવાર, વર્ગવાર, વિષયવાર, પ્રવૃત્તિઓનું કૅલેન્ડર બનાવવું જોઈએ. શાળાના ઉપલબ્ધ સાધનસામગ્રીને ધ્યાનમાં રાખી આયોજન વિચારવામાં આવે.

નીચેના જેવી સહભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન થઈ શકે.

- શૈક્ષણિક પ્રવૃત્તિઓ
- શારીરિક વિકાસસંબંધી પ્રવૃત્તિઓ
- નાગરિકતાના વિકાસની પ્રવૃત્તિઓ
- પ્રકૃતિ સંબંધી પ્રવૃત્તિઓ
- લલિતકલા સંબંધી પ્રવૃત્તિઓ
- શોખ સંબંધી પ્રવૃત્તિઓ
- ઉત્પાદન સંબંધી પ્રવૃત્તિઓ
- કમ્પ્યુટર પ્રવૃત્તિ
- સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ
- વિશિષ્ટ પર્વો, દિનોની ઊજવણી

શાળમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન, માર્ગદર્શન કાર્યક્રમ વગેરે અંગે વિચારણા કરી આયોજન કરવું. કાર્યક્રમો પૂરા કર્યા પછી તેનું મૂલ્યાંકન કરવું. ગુણવત્તા સુધારવા માટે સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન થાય તે જરૂરી છે.

**(9) શાળાનું ભવિષ્ય દર્શનનું આયોજન :**

શાળાઓએ આવતીકાલના નાગરિકો તૈયાર કરવાના છે, તેમને વર્તમાન, ભૂતકાળ અને ભવિષ્યકાળ કેવાં હશે તેની માહિતી ધ્યાનમાં રાખી આયોજન કરવું પડે. આવતીકાલનું ગુજરાત, ભારત અને વિશ્વ કેવું હશે ? તેના પ્રશ્નો કેવાં હશે ? કયા પ્રકારના પરિવર્તનો આવશે ? એ પરિવર્તનોને ઝીલવા કેવા શિક્ષણની, સાધનોની જરૂર હશે, કેવા શિક્ષકો જોઈએ ? વધતી વસ્તીના પ્રમાણમાં શાળાના મકાનની અને અન્ય ભૌતિક સ્થિતિ કેવી હશે તેનો વિચાર કરીને, તેનું આયોજન કરવું પડે. સારો આચાર્ય ભવિષ્યને ધ્યાનમાં રાખી આયોજન વિચારે છે.

સામાજિક, રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક, ધાર્મિક, પ્રાકૃતિક, શૈક્ષણિક, ભૌતિક, વૈજ્ઞાનિક, ભૌગોલિક પરિવર્તનોને જાણીને પોતાની તમામ શૈક્ષણિક અને વહીવટી વ્યવસ્થાઓ ગોઠવવી જોઈએ.

વસ્તીવધારો, ગરીબી, ભૂખમરો, ઔદ્યોગીકરણ, ખાનગીકરણ, વૈશ્વિકીકરણ વગેરેના સંદર્ભમાં પણ વિચારવું પડે. હવે આધુનિક ટેકનોલૉજીનો ઉપયોગ થઈ રહ્યોં છે ત્યારે કેવા પરિવર્તનો આવશે તેની માહિતી મેળવી આયોજન વિચારવું પડે.

**(10) શાળાનું માનવ વ્યવસ્થાનું આયોજન :**

શાળાની ગુણવત્તા સારી બનાવવા માટે આચાર્યે શાળામાં માનવ વ્યવસ્થાનું આયોજન કરવું પડે. આ વ્યવસ્થાપન અંગે આચાર્યની નેતાગીરી અતિ મહત્ત્વની છે. નેતાગીરીના ગુણો, લક્ષણો હોવાં જોઈએ. શાળામાં માનવ વ્યવસ્થાનું વ્યવસ્થાપન દરેકની શક્તિ, રસ, વલણ વગેરે બાબતો ધ્યાનમાં રાખી આયોજન વિચારવું પડે.

શાળા સાથે સંકળાયેલ વાલી, સમાજ, મંડળ વગેરે વ્યક્તિઓનો સહયોગ ક્યાં ? ક્યારે ? કેવી રીતે ? લેવો તેનું આયોજન વિચારવું પડે.

શાળાની કામગીરીની માહિતી વર્તમાનપત્રો પરિણામલક્ષી હોવાં જોઈએ. આચાર્યનું કાર્ય ચોક્કસ બાબતોને ધ્યાનમાં રાખી પરિણામલક્ષી હોવું જોઈએ.

શાળામાં માનવ સંબંધોનો વિકાસ થાય, દરેકનો યોગ્ય ઉપયોગ થાય તે બાબત ગુણવત્તા માટે મહત્ત્વની બની જાય છે.

**(11) વર્ગ વ્યવહાર :**

શિક્ષકનો વિદ્યાર્થી સાથેનો વર્ગવ્યવહાર, આચાર્ય સાથેનો વિદ્યાર્થીઓની હાજરીમાં શિક્ષકનો વ્યવહાર, આચાર્ય દ્વારા નિરીક્ષણ કાર્ય વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.

### 14.11.6 શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપન

શાળામાં સંપૂર્ણ વ્યવસ્થાપનનું ઉત્તમ ઉદાહરણ આપવા શિક્ષણની ગુરુકુળ પદ્ધતિ હતી. ગુરુકુળ એટલે ગુરુનો પરિવાર. આ તંત્રમાં વિદ્યાર્થીઓ પોતાના ગુરુ સાથે તેમના કુટુંબમાં અભ્યાસ પૂર્ણ થતાં સુધી રહેતાં અને શિક્ષણ પ્રાપ્ત કરતાં. જેમાં શિષ્યોનો સર્વાંગી વિકાસ થાય તે પર ભાર મૂકવામાં આવતો. શિષ્ય માટે સારી ગુણવત્તા અને દરેક શિષ્યને પોતાનું સર્વોત્તમ ધ્યેય સિદ્ધ કરવા માટે પડકાર ઊભો કરવા પર વિશેષ ઝોક આપવામાં આવતો.

ગુણવત્તા એ ગુરુકુળ પરંપરાની સંસ્કૃતિ હતી. દરેક શિષ્ય પોતાની શક્તિ, રસ અને રુચિ પ્રમાણે વિવિધ પ્રકારનું શિક્ષણ મેળવતો.

વૈશ્વિકરણની નવીન વ્યવસ્થામાં શિક્ષણ માટેનો નવોદિત પડકાર માત્ર સંખ્યાત્મક જ નથી, પરંતુ ગુણાત્મક પણ છે. શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા એક પ્રકાર છે. સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપન એક અભિગમ તરીકે સમગ્ર રીતે શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટે એક તક પૂરી પાડે છે.

### 14.11.7 શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપનની સફળતા માટેના સૂચનો

**(1) ચિંતનાત્મક તંત્ર :**

ચિંતનાત્મક તંત્ર શૈક્ષણિક સંસ્થામાં સૌથી અગત્યનું છે. વિદ્યાર્થી બૌદ્ધિક, માનસિક, ભૌતિક અને નૈતિક વિકાસની સર્વગ્રાહી નીપજ છે. તેથી ચિંતનાત્મક તંત્ર વિકસાવવું જરૂરી છે. દરેક સંસ્થા કેટલાંક વિભાગો અને ઘટકોની બનેલી હોય છે, જે તેમના કાર્યક્ષેત્રમાં આંતર સંબંધિત અને પરસ્પરાવલંબી હોય છે. સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપન માટેના શૈક્ષણિક આયોજન અમલીકરણ માટે શાળાનો સર્વગ્રાહી તંત્ર તરીકે વિચાર થાય તે આવશ્યક છે.

**(2) હકીકતના આધારે વ્યવસ્થાપન :**

શાળાના વિશિષ્ટ પ્રકારનાં લક્ષ્યાંકો કયા કયા છે ? તેના પર ભાર મૂકવો. શાળાની હકીકતોની ખાતરી કરવી અને હકીકતોના આધારે વ્યવસ્થાપન ગોઠવી નિર્ણયો લેવાં જરૂરી છે.

**(3) ટીમવર્ક :**

શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપન પર વધુ ભાર મૂકવામાં આવે છે, તેમાં સંપૂર્ણતા અને કાર્યશૈલી પર ભાર મૂકવામાં આવે છે. આથી શાળામાં ટીમવર્ક કાર્ય વિકસાવવું જરૂરી બને છે. ટીમવર્કના કાર્ય દ્વારા ગુણવત્તા સુધારી શકાય. ટીમવર્કનું આયોજન પણ થવું જોઈએ.

**(4) સહયોગી વ્યવસ્થાપન :**

શિક્ષણકાર્યમાં જોડાયેલી સહયોગી વ્યક્તિઓનો સહયોગ જરૂરી છે. શિક્ષણનું કેન્દ્ર વિદ્યાર્થી છે. વિદ્યાર્થીને વધુ સહયોગ પ્રાપ્ત થાય તે માટેનું વ્યવસ્થાપન ગોઠવવું જોઈએ.

**(5) માનવ સંસાધન :**

TQM શૈક્ષણિક સંસ્થાના સ્ટાફના ખભા પર ટકી રહે છે. તેથી સંસ્થાની વ્યક્તિઓના વિકાસની સતત આવશ્યકતા રહે છે. ગુણવત્તા સુધારવામાં માનવ સંસાધનનો વધુ ઉપયોગ થાય તે માટેનું આયોજન વિચારવું.

**(6) સતત પ્રક્રિયા સુધારણા :**

TQMમાં સતત સુધારણા ચાલે છે. તેથી સતત પ્રક્રિયા સુધારણા પર ભાર મૂકવો જોઈએ. ગુણવત્તા સુધારણા માટે સતત સુધારો થાય તેવું આયોજન કરવું.

**(7) લાંબા ગાળાનું આયોજન :**

TQM શૈક્ષણિક સંસ્થામાં લાંબા ગાળાનું આયોજન થાય તો જ ગુણવત્તા સુધરી શકે. સતત પ્રક્રિયા સુધારવાની આવશ્યકતા લાંબા ગાળાના આયોજન સાથે જોડાયેલ હોય છે.

**(8) નેતાગીરી :**

શૈક્ષણિક આયોજન અને અમલીકરણ માટે નેતાગીરી ખૂબ જરૂરી છે. ફેઝિયરે પોતાના ગુણવત્તા-સુધારણાનો માર્ગ-નક્શો દોરવાના પ્રયાસમાં ગ્રાહક કેન્દ્ર સિવાયના પરિબળોનો ઉલ્લેખ

કર્યો છે, જે શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપનની સફળતા માટે નિર્ણાયક બને છે.

આમ, ફેઝિયરે શૈક્ષણિક સંસ્થાઓમાં TQM ના અનુકૂલનના ઉપયોજન માટે માર્ગદર્શક નક્શો તૈયાર કર્યો છે. શિક્ષણમાં TQM સમજવા માટે તથા તેના ઉપયોજન માટે સૌથી મૂળભૂત સમસ્યા છે. વ્યક્તિગત, સામૂહિક, સંસ્થાગત તથા સામાજિક કક્ષાએ ગુણવત્તાની સતત ખોજ.

### 14.11.8 સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપનનો અમલ-સોપાન

સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપનના અમલ માટેનું આયોજન મહત્ત્વનો પ્રશ્ન છે. તેના અમલ માટે શૈક્ષણિક આયોજનનું કાર્યમાં રૂપાંતર ઉપર ભાર મૂકવામાં આવે છે. અમલીકરણ માટે ગુણવત્તાને લાગે વળગે એવું પર્યાવરણ ઊભું કરવાનું છે. શાળામાં સુંદર રીતે આયોજન કરીને અમલીકરણની શરૂઆત થવી જોઈએ.

સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપનના અમલીકરણ માટેનું આયોજન કરવું જરૂરી છે. અમલીકરણ માટે સહયોગની પ્રક્રિયા ખૂબ જ અગત્યની છે. ભવિષ્ય દર્શનનો વિકાસ, ભાવિ માટેના આયોજન માટે તેમજ શાળા અને સ્ટાફ મિત્રોની સમજણ કેળવવા માટે સહયોગની પ્રક્રિયા આવશ્યક છે. અમલીકરણ કરવા માટેના આયોજનના સોપાનો અહીં નીચે દર્શાવેલાં છે.

**(1) શાળાનો ઈતિહાસ મેળવવો :**

શાળામાં કામ કરતાં શિક્ષકો અને સ્ટાફનું શાળા વિશેનું દર્શન શાળાના ઈતિહાસમાં રજૂ થાય છે. આ માટે શિક્ષક અને અન્ય સ્ટાફને શાળા વિશેનો ઈતિહાસ લખવાનું કહેવામાં આવે, ઈતિહાસ લખનારને પોતાનું નામ ન લખવા સૂચના આપો.

દરેક સ્ટાફના ઈતિહાસમાં ભિન્નતા જોવા મળશે. શિક્ષકોને મુક્ત રીતે ચર્ચા કરવા દો. શાળા વિશેની માહિતી મેળવવામાં વ્યક્તિ વિશેની ગુપ્ત માહિતી અભિવ્યક્ત થાય છે. માહિતી મેળવવા માટે તેનું યોગ્ય સંચાલન થાય તો ઘણી બધી એવી માહિતી મેળવી શકાય. ગુણવત્તા વધારવામાં મદદરૂપ થઈ શકે.

**(2) સુધારણા અંગે લેખન અને ચર્ચા :**

સામાન્ય રીતે શાળામાં કંઈ ખોટું થતું હોય તો સ્ટાફ તરફથી ફરિયાદ થતી હોય છે. આથી સ્ટાફને શાળાની સુધારણા કરવા માટે લેખિત યાદી તૈયાર કરવાનું કહો. આ પ્રક્રિયા ખૂબ જ રસપ્રદ બનશે. સ્ટાફ મિટીંગ કરો અને પછી સુધારવા માટેના સૂચનો જણાવવાનું કહો. સૂચન મેળવ્યા પછી તેનું સંકલન કરો, ફરી વખત મિટીંગ બોલાવી ચર્ચા કરો. ચર્ચામાં શાળા વિશે, સ્વ વિશેની માહિતી હશે. નબળી ગુણવત્તા માટે બીજાને દોષ દેવો વગેરે બાબતો જોવા મળશે. વ્યક્તિગત અને સમૂહમાં ચર્ચા કરી માહિતી ભેગી કરવી. નિદાન કરવું અને સુધારણાના ક્ષેત્રો જાણવાં.

**(3) સંસ્થાકીય મૂલ્યાંકન :**

છેલ્લા પાંચ વર્ષમાં શાળામાં થયેલ પરિવર્તનની માહિતી મેળવવી. શાળામાં દર વર્ષે વિદ્યાર્થીની સંખ્યામાં વધારો થયો છે કે કેમ તેની માહિતી મેળવવી. સંસ્થામાં વધારો થયો હોય તો, સંખ્યાના વધારાની સાથે સ્ટાફની સંખ્યામાં વધારો થયો, શૈક્ષણિક સાધનોનો વધારો થયો, સંસ્થામાં કઈ કઈ માહિતીનો વધારો થયો છે તેની માહિતી મેળવવી.

**(4) સંસ્થાની જાણકારી મેળવવી :**

સંસ્થા વિશેની સંપૂર્ણ જાણકારી મેળવવી. સ્ટાફને જાણકારી માટે કામ આપી શકાય. મળેલ માહિતીનું સંકલન કરવામાં આવે. સંસ્થાની માહિતી વિશે ચર્ચા-વિચારણા થાય. સંસ્થા અંગેની વિવિધ પરિણામોના સંદર્ભમાં જાણકારી SWOT પૃથક્કરણ દ્વારા મળે છે. શાળાના શિક્ષકો અને સ્ટાફ પાસે SWOT અંગેના પત્રકો ભરાવી શકાય.

(SWOT-S - સામર્થ્યો, W - નબળાઈઓ, O - તકો અને T - પડકારો)

**(5) ભવિષ્ય દર્શન :**

ભવિષ્યમાં શાળાનો વિકાસ કરવા શું કરી શકાય તેની માહિતી ભેગી કરવી. શાળા 5 વર્ષ

પછી, 10 વર્ષ પછી, 15 વર્ષ પછી કેવી હશે તેના ભવિષ્ય વિશે માહિતી ભેગી કરવી. ગુણવત્તા સુધારણા અંગે કેવા ફેરફારો થશે. શું કરવું પડે ? કેવું આયોજન થઈ શકે વગેરે વિચારણા કરવી.

**(6) સુધારણાનો ક્રમ નક્કી કરવો :**

ચર્ચા - વિચારણાના અંગે ગુણવત્તા સુધારણા અંગે મળેલ માહિતીના આધારે પ્રથમ શું કરી શકાય, બીજા ક્રમે શું કરી શકાય, ત્રીજા ક્રમે શું કરી શકાય, આમ સુધારણા કરવા અંગેના આયોજનમાં ક્રમ નક્કી કરવામાં આવે. ક્રમ નક્કી કરવા માટે શાળાનું વાતાવરણ, આચાર્યની નેતાગીરી, સ્ટાફ, મંડળ, વિદ્યાર્થીઓ, વાલીઓ વગેરેનો સહયોગ વિચારીને ક્રમ નક્કી કરવો. ક્રમ નક્કી કરવા માટે સમયમર્યાદા ધ્યાનમાં લેવામાં આવે. ટૂંકા ગાળા માટે સુધારણા શું થઈ શકે તેમ છે, અને લાંબા ગાળા માટે શું થઈ શકે તેમ છે તેનો વિચાર કરવો.

**(7) કાર્યક્રમની તૈયારી કરવી :**

સુધારણા માટે ક્રમ નક્કી કર્યા પછી શૈક્ષણિક અને સહઅભ્યાસી પ્રવૃત્તિ અંગે કયા કયા કાર્યક્રમો થઈ શકે તેમ છે તેની યાદી તૈયાર કરવામાં આવે. કયો કાર્યક્રમ કેવી રીતે થઈ શકે તેમ છે તેની યાદી તૈયાર કરવામાં આવે. કયો કાર્યક્રમ કેવી રીતે થઈ શકે તેમ છે તેની વિચારણા કરી લેવી જોઈએ. થઈ શકે તેવા કાર્યક્રમો શાળામાં ઉપલબ્ધ સામગ્રીને ધ્યાનમાં રાખી યાદી તૈયાર કરવી. ખર્ચ અંગેની જોગવાઈ પણ વિચારી લેવી.

દા.ત. શાળામાં કાર્યશિબિર કરવી હોય તો કેટલો ખર્ચ થશે તે વિચારી લેવું જોઈએ.

**(8) જવાબદારીનું વિભાજન :**

પ્રવૃત્તિઓની યાદી તૈયાર કર્યા પછી જવાબદારીનું વિભાજન કરી નાખવું જોઈએ. શાળામાં સાધનોની ઉપલબ્ધિ, નાણાંકીય બાબત, ભૌતિક જરૂરિયાત, સમય, માનવબળ સંબંધી વગેરે બાબતો નક્કી કરી લેવી જોઈએ. સંપૂર્ણ આયોજન વિચારીને સ્ટાફની દરેક વ્યક્તિને જવાબદારી સોંપી દેવી જોઈએ.

**(9) મૂલ્યાંકનકારની નિમણૂંક કરવી :**

શાળામાં ગુણવત્તા સુધારવા માટે વિવિધ પ્રવૃત્તિઓના આયોજન પ્રમાણે કાર્ય થાય છે કે કેમ તેની તપાસ કરવા માટે શાળામાં એક મૂલ્યાંકનકારની નિમણૂંક કરવી જોઈએ. શાળામાં જરૂર જણાય તો તે નિમંત્રણ પણ કાર્ય કરશે. જરૂર જણાય તો વચ્ચે વચ્ચે સુધારા અને વધારા કરવા.

### 14.11.9 શાળા શિક્ષણમાં ગુણવત્તા-સુધારણા

સામાન્ય રીતે ઘણીબધી ભારતીય શાળાઓ પૈકી જે શાળાઓનું વ્યવસ્થાપન સારું હોય તે શાળાઓ જ ગુણાત્મક શિક્ષણ આપી શકે છે. દરેક શાળા નિશ્ચિત સ્વરૂપે એના તંત્ર દ્વારા ગુણાત્મક શિક્ષણ પૂરું પાડી શકે છે, પરંતુ એ પ્રમાણે બનતું નથી. કેટલીક શાળાઓ ગુણાત્મક શિક્ષણ આપવામાં સફળ થાય છે તો વળી, કેટલીક શાળાઓ એમાં નિષ્ફળ રહે છે. આનું કારણ ઘણું ખરું એ છે કે શાળામાં જે પ્રમાણે સુવિધાઓ, શિક્ષકો, આચાર્ય, વિદ્યાર્થીઓ, અધ્યયન-સામગ્રી, અધ્યાપન-પદ્ધતિઓ, મૂલવણી અને પ્રવિધિ હોય તે જ પ્રમાણે તે શાળાનો સમાજ અને રાજકીય તંત્ર ઘડાય છે. આ બાબતની અસર શાળા શિક્ષણની ગુણવત્તા પર પડે છે. તુલનાત્મક રીતે જોઈએ તો સારી ગુણવત્તાવાળી શાળાઓ વચ્ચે નબળી ગુણવત્તાવાળી શાળાઓ પણ હોય છે.

આપણે ત્યાં ખાસ કરીને માધ્યમિક શાળાઓના ત્રણ વિભાગો જોવા મળે છે. :

(1) અંગ્રેજી માધ્યમ અને ખાનગી શાળાઓ

(2) કેન્દ્રપ્રેરિત કેન્દ્રીય, નવોદય અને સૈનિક શાળાઓ

(3) સરકારી અથવા સરકાર અનુદાનિક શાળાઓ

ઉપરોક્ત પ્રકારો પૈકી પ્રથમ બે પ્રકારોમાં મોટા ભાગની શાળાઓએ ગુણવત્તાના ધોરણો નિયત કરેલ હોય છે.

વળી, સાથે એ શાળાઓની આર્થિક સદ્ધરતા પણ એક યા બીજી રીતે ઠીક ઠીક સારી હોય છે. આવી શાળાઓનું પ્રમાણ પણ ઓછું છે. ત્રીજા પ્રકારની શાળાઓમાં ગુણવત્તાનાં ધોરણોમાં ભિન્નતા જોવા મળે છે. આ પ્રકાર ગુણવત્તા સંબંધે ભિન્નતા નિમ્નથી અતિનિમ્ન કક્ષાની જોવા મળે છે. આવી શાળાઓ પાછળનું આર્થિક રોકાણ પણ નજીવું જણાય છે. આ ત્રીજા પ્રકારની શાળાઓનું પ્રમાણ પણ વધુ છે. આવી પરિસ્થિતિને કારણે સારી ગુણવત્તાવાળું શિક્ષણ લેવા માટે ખાનગી શાળાઓ તરફ વાલીઓ વળ્યા છે. આવા વાલીઓ ગુણાત્મક શિક્ષણ માટે ખર્ચ કરવા તૈયાર છે અને વળી, એ અંગે પોતાના અધિકારો પણ વધુ સજાગ બન્યા છે.

ગમે તે પ્રકારની શાળા હોય, છતાં જવાબદારીના વિકાસ અર્થે લાંબા ગાળાના પરિપ્રેક્ષ્યમાં લાંબા ગાળાનું સંસ્થાકીય આયોજન જરૂરી બને છે. શાળાના આગવા વ્યક્તિત્વને અનુરૂપ શાળાના ગુણવત્તા વિકાસ માટે અર્થાત્ ગુણવત્તા-સુધારણા માટે દરેક શાળાએ પોતાના આગવા દર્શન અનુસાર તેને આત્મસાત્ કરી તેનું સંવર્ધન અને પોષણ કરવાનું હોય છે.

ગુજરાતની શાળાઓના આચાર્યો માટેની શૈક્ષણિક કાર્ય શાળાના સઘન તાલીમ કાર્યક્રમ અનુસાર એ પાસાંઓ નીચે પ્રમાણે છે :

**(1) શૈક્ષણિક આયોજન અને અમલીકરણ**

આચાર્યના અધ્યક્ષપણા હેઠળ શિક્ષકો અને બિનશૈક્ષણિક કર્મચારીઓ સમગ્ર શૈક્ષણિક વર્ષ દરમિયાન શૈક્ષણિક, સહઅભ્યાસ પ્રવૃત્તિઓ, બુલેટિન બોર્ડ તેમજ શાળા મુખપત્ર અને સર્જનાત્મકતા જેવી બાબતોનું ટૂંકા ગાળા અને લાંબા ગાળાનું આયોજન અને અમલીકરણ હાથ ધરે. આની સફળતા માટે આચાર્ય દ્વારા શિક્ષકોને વિષય સજ્જતા માટે ટકોર અને પ્રોત્સાહન ઉપરાંત સંસાધનના ઉપયોગમાં સરળતા આવે એ જરૂરી છે. ગુણવત્તા ઊગી નીકળે તે માટે વાલીઓનો સહયોગ મેળવવા માટે વાલી મંડળ ઊભું કરવું તેમજ શાળાના કાર્ય ફલકમાં વાલીઓને આમંત્રણ આપી બાળકોની પ્રગતિથી એમને વાકેફ કરતા રહેવું જોઈએ. શાળાના ભૌતિક વિકાસ માટે સમાજનો સહયોગ મેળવવા પ્રયત્ન કરવા જોઈએ.

**(2) શૈક્ષણિક ટેક્નોલૉજીનો ઉપયોગ**

આજના ઈન્ફર્મેશન ટેક્નોલૉજીના યુગમાં વીડિયો કૉન્ફરન્સ, ટેલિકૉન્ફરન્સ, વેબસાઈટ, ઈન્ટરનેટ જેવાં માધ્યમોના ઉદ્ભવ સાથે માહિતીના ઝડપી આદાન-પ્રદાનનું મહત્ત્વ વધ્યું છે. આવતી કાલની શાળા અને વર્ગોમાં આને કારણે ઊભા થતાં નવાં પરિણામો અને પડકારોને પહોંચી વળવા માટે શાળામાં આઈ.ટી.આધારિત સામગ્રીનો ઉપયોગ, સર્જનાત્મકતા, શાળા વેબસાઈટ, શાળા વેબપેજ, શાળા વ્યવસ્થાપન જેવાં પાસાંઓને આવરી લેવાં પડશે.

**(3) વર્ગવ્યવહાર અને મૂલ્યાંકન**

અહીં રાષ્ટ્રીય અસ્મિતા, સાંસ્કૃતિક વારસો, વૈશ્વિકરણ અને જીવનલક્ષી શિક્ષણ સંદર્ભે રાષ્ટ્રીય અભ્યાસક્રમમાં આચાર્યની ભૂમિકા, વલણ અને વિકાસ અંગે વિચારવાનું રહે છે. આનું બીજું પાસું સંદર્ભ શિક્ષણકાર્ય, સહઅભ્યાસ-પ્રવૃત્તિ, શિસ્ત, સ્વચ્છતા, પરીક્ષા પરિણામ, તેજસ્વી અને સમસ્યારૂપ વિદ્યાર્થી, ભૌતિક સુવિધા અને અધ્યેતા-અધ્યાપક સંબંધ જેવાં પાસાંઓના નિરીક્ષણ સાથે જોડાયેલ છે. આ ઉપરાંત શૈક્ષણિક, નિદાનાત્મક રચનાત્મક મૂલ્યાંકન તેમજ સતત સર્વગ્રાહી મૂલ્યાંકન, પ્રશ્નબેંક, આંતરિક મૌખિક મૂલ્યાંકન, પ્રમાણિત કસોટી, પ્રખરતા શોધ કે પ્રતિભા શોધ કસોટી જેવાં નવ વિચારોને પ્રાધાન્ય આપવું જરૂરી બને છે. વર્ગવ્યવહારમાં નવીનીકરણનો કાર્યક્રમ અપનાવવામાં આવે.

**(4) ગુણવત્તા-સુધારણામાં સહભાગીદારિતા**

શાળા જે સમાજમાં કાર્ય કરે છે તે વ્યાપક સમાજની સહભાગીદારિતા ગુણવત્તા સુધારણામાં અનન્ય ફાળો આપે છે. આ માટે આચાર્ય સહભાગીદારિતાના વ્યવસ્થાપનનો વિકાસ સાધી વાલી-સંમેલન, વાલીદિન, ઉત્સાહ-ઊજવણી, વાલીઓની વ્યક્તિગત મુલાકાત, આનંદ મેળો, વાલીશિક્ષણ મંડળ, માતા-શિક્ષણ મંડળ જેવી પ્રવૃત્તિઓ દ્વારા વાલી અને સમાજનો સહયોગ પ્રાપ્ત

કરી શકે છે. આ ઉપરાંત બેંક, એલ.આઈ.સી., મહિલામંડળ, ક્લબો અને સામાજિક મંડળો, કારકિર્દી માર્ગદર્શન બ્યુરો વગેરે દ્વારા સમાજની ભાગીદારી શક્ય બને એવી પ્રવૃત્તિઓ શાળા યોજી શકે છે. આવી પ્રવૃત્તિઓનું શાળા અવારનવાર મૂલ્યાંકન પણ હાથ ધરી તેમાં જરૂરી સુધારા-વધારા અપનાવે એ જરૂરી છે. આ પ્રકારની પ્રવૃત્તિઓના આયોજન અને વ્યવસ્થાપનમાં સંચાલક મંડળનો સહકાર પ્રાપ્ત કરી શકે.

**(5) નેતાગીરીનો ઉપયોગ**

આચાર્ય શાળાનો નેતા છે. નેતાગીરીનો યોગ્ય ઉપયોગ કરીને ગુણવત્તામાં સુધારો કરી શકે છે. ગુણવત્તા-સુધારણા સાથે સંકળાયેલ સમિતિઓ સાથે મિટીંગ કરીને આયોજનકરી શકે. કર્મચારીઓને તાલીમ તેમજ શાળામાં માનવ સંબંધોનો વિકાસ કરીને નેતાગીરીનો વિકાસ કરી શકે. શાળામાં વિદ્યાર્થી કેન્દ્ર સ્થાને છે. વિદ્યાર્થીના પ્રતિભાવો જાણી, શિક્ષણની ગુણવત્તા-સુધારણામાં નેતાગીરી લઈ શકે છે.

**(6) સંસ્થાકીય પર્યાવરણ**

ગુણવત્તા સુધારણા માટે શાળાનું પર્યાવરણ અગત્યનું છે. પર્યાવરણની જાળવણી માટે આચાર્યે પ્રયત્નો કરવાં જરૂરી છે. એ દરેક પાસું નજર સમક્ષ રાખી શાળાકીય આંતરિક વહીવટમાં સરળતા અને અસરકારકતા લાવી, શાળાનું દર્શન, શાળાનું ધ્યેય તેમજ શાળાની વિશિષ્ટ ખાસિયતો અંગે એ વધુને વધુ સ્પષ્ટ બને છે. આ ત્રણે બાબતો અંગેની સ્પષ્ટતા જ સંસ્થાનું પર્યાવરણ વિકસાવવામાં ફાળો આપે છે.

**14.11.10 ગુજરાત સરકારે શિક્ષણની ગુણવત્તા સુધારવાના પગલાં**

સરકારશ્રીએ છેલ્લા બે વર્ષથી ગુણવત્તા સુધારણા કાર્યક્રમો હાથ ધર્યા છે. આના અનુસંધાનમાં જિલ્લા શિક્ષણાધિકારીઓથી માંડીને શાળાનાં શિક્ષકો, કારકુનો, આચાર્યો અને સંચાલકોને કર્મયોગી તાલીમમાં સાંકળી લેવામાં આવ્યા. આ સમગ્ર તાલીમના ભાગરૂપે સૂચવેલ આયોજનની રૂપરેખા પ્રમાણે દરેક શાળાએ નીચેના જેવાં કાર્યક્રમો હાથ ધરેલ છે :

- જાહેર પરીક્ષામાં થતી ચોરીઓ અટકાવવા માટે શિક્ષકો, વાલીઓ, અધિકારીઓ, આચાર્યો વગેરેનો સહયોગ લેવામાં આવ્યો. પરીક્ષામાં ગેરરીતિ આચરનાર વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે શિક્ષાકોષ્ટક બનાવાયું.
- જે શાળાનું એસ.એસ.સી. બોર્ડમાં 20% થી ઓછું પરિણામ આવ્યું તેની ગ્રાન્ટ કાપવામાં આવી.
- શાળા ઉઘડતાં ધો-8 ના વિદ્યાર્થીઓની ક્ષમતા કસોટીઓ લેવામાં આવી. આમાં વિદ્યાર્થીઓને પરિણામના આધારે ગ્રેડ આપવામાં આવે. પરિણામના આધારે વિદ્યાર્થીઓએ મેળવેલ ગ્રેડ કરતાં ઊંચા ગ્રેડમાં લઈ જવાના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યાં.
- દર મહિને એક વખત 'શાળા સંકુલ'ની મિટીંગ બોલાવી ગુણવત્તા સુધારણા અંગે વિવિધ કાર્યક્રમો યોજાય છે.
- વર્ગ નિરીક્ષણ કાર્ય અસરકારક બનાવવાના પ્રયત્નો થયાં.
- દૈનિક નોંધપોથીનો ઢાંચો બદલવામાં આવ્યો. શિક્ષકોએ તેમાં અર્થપૂર્ણ વિગતો ભરવા ઉપર ભાર મૂકાયો.
- ગૃહકાર્ય પદ્ધતિસરનું આપવું, તપાસવું અને અનુકાર્ય કરાવવું.
- પ્રાર્થના સભામાં નાવિન્ય લાવવા ઉપર ભાર મૂકાયો. વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહિત કરાઈ.
- શાળામાં વિનામૂલ્યે વધારાના વર્ગો શરૂ કરવામાં આવ્યું, જેમાં નબળા અધ્યેતાઓની જે-તે વિષયની કચાશ દૂર કરવા ઉપર ભાર મૂકાયો.

- વર્ગશિક્ષણમાં અધ્યેતાને કેન્દ્રસ્થાને રાખવા માટે વિવિધ શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ કરવાનું શરૂ કરાયું.
- અધ્યેતાની સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓનું વાર્ષિક કેલેન્ડર બનાવવામાં આવ્યું.
- આચાર્ય નિરીક્ષણ નોંધપોથી અને આચાર્ય લોગબુક પણ વિશિષ્ટ પ્રકારની તૈયાર કરવામાં આવી. જેમાં શિક્ષકની વર્ગખંડની પ્રવૃત્તિઓ, શૈક્ષણિક સાધનો અને વર્ગવ્યવહારના મુદ્દાઓ ઉપર ઝોક મૂકાયો.
- અધ્યેતાઓને શાળામાં નિયમિત બનાવવા માટે વર્ષમાં છ જેટલાં વાલી સંમેલનો બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું.
- વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોના આયોજન માટે વાલી અને સમાજ પાસેથી આર્થિક સહયોગ મેળવવાનું આયોજન હાથ ધરાયું.
- S.S.C અને H.S.C માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ તથા જિલ્લા અને રાજ્ય કક્ષાએ વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવાનું નક્કી કરાયું.
- બ્લડ કેમ્પ, રોગ નિદાન કેમ્પ, આંખ નિદાન કેમ્પ પણ શાળાઓમાં યોજીને સ્વૈચ્છિક સ્વાસ્થ્ય વિષયક સેવાઓ પૂરી પાડવાનું આયોજન થયું.

## 14.12 શિક્ષણના સ્તરની સુધારણા માટે કોઠારી કમિશને કરેલાં સૂચનો

કોઠારી શિક્ષણ 'પંચ'ની શિક્ષણ પદ્ધતિઓ, માર્ગદર્શન અને મૂલ્યાંકન અંગેની ભલામણો નીચે મુજબ છે :

**(1) શિક્ષણ પદ્ધતિઓમાં સુધારો :**

- શિક્ષણ પદ્ધતિઓમાં લચીલાપણું તથા ગતિશીલતાને સ્થાન આપવું જોઈએ.
- શિક્ષણમાં ગતિશીલતા લાવવા માટે શિક્ષકોમાં પહેલ કરવાની વૃત્તિ, પરીક્ષણ તથા સર્જનાત્મકતાના ગુણોનો વિકાસ કરવો.
- નવી શિક્ષણ પદ્ધતિઓના પ્રવાહ માટે નવા અભ્યાસક્રમો, વર્કશોપ, પ્રદર્શનો , પરીક્ષકો, વિચાર સંમેલનો, સેમિનાર વગેરેનું આયોજન કરવું.

**(2) પાઠ્યપુસ્તકોમાં સુધારો :**

- રાષ્ટ્રીય સ્તરે પાઠ્યપુસ્તકોની રચના કરવા માટેનો એક વિસ્તૃત કાર્યક્રમ ઘડવો.
- પાઠ્યપુસ્તકોના લેખન માટે દેશભરમાં વિદ્વાનોને પ્રોત્સાહિત કરવા.
- 'રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન તથા પ્રશિક્ષણ પરિષદ' (National Council for Educational Research and Training - N.C.E.R.T.) ના પગલે અન્ય ક્ષેત્રોમાં પણ પુસ્તકોનું નિર્માણ કરવામાં આવે.
- પ્રત્યેક રાજ્યમાં પાઠ્યપુસ્તક સંરચના માટે એક વિશિષ્ટ સમિતિ બનાવવામાં આવે.
- પાઠ્યપુસ્તક સંરચના તથા મૂલ્યાંકન કાર્ય રાજ્ય શિક્ષણ વિભાગની ફરજ ગણાશે.

**(3) પ્રાથમિક સ્તરે માર્ગદર્શન :**

- પ્રાથમિક શાળાઓનાં નિમ્ન સ્તરથી માર્ગદર્શન સેવાનો પ્રારંભ કરવો.
- પ્રાથમિક શાળાના શિક્ષકોને પ્રશિક્ષણ કાર્યક્રમ સમયે માર્ગદર્શનથી માહિતગાર કરવામાં આવે.
- વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓને વિષય પસંદગી કરવામાં સહાયતા કરવામાં આવે.

**(4) માધ્યમિક સ્તરે માર્ગદર્શન :**

- તમામ માધ્યમિક શાળાઓને માટે માર્ગદર્શન કાર્યક્રમ તૈયાર કરવામાં આવે.
- 10 માધ્યમિક શાળાઓ માટે સલાહકાર (Counsellor) નીમવામાં આવે.
- પ્રત્યેક જિલ્લામાં ઓછામાં ઓછી એક શાળામાં માર્ગદર્શનનો વિસ્તૃત કાર્યક્રમ અમલી બને.
- માધ્યમિક શાળાના શિક્ષકોને પ્રશિક્ષણ કાર્યક્રમ વખતે માર્ગદર્શન સેવાઓથી માહિતગાર કરવામાં આવે.

**(5) મૂલ્યાંકન :**

- મૂલ્યાંકનના નવીન દષ્ટિકોણ મુજબ લેખિત પરીક્ષાઓમાં સુધારો કરાય.
- વિદ્યાર્થીઓના વિકાસના વિવિધ પાસાંના મૂલ્યાંકન માટેની વિવિધ પદ્ધતિઓ (લેખિત કસોટી સિવાય) પરીક્ષાઓનો પ્રયોગ કરવામાં આવે.
- પ્રાથમિક કક્ષાએ લેખિત કસોટી સિવાય મૌખિક તથા નિદાનાત્માક (Diagnostic) પરીક્ષાનો પ્રયોગ કરવામાં આવે. સંગૃહિત માહિતી પત્રક (Commulative Record Cards-C.R.C.) નો ઉપયોગ કરવામાં આવે.

## 14.13 માધ્યમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે ઓપરેશન બ્લેક બોર્ડ યોજના

### 14.13.1 પ્રસ્તાવના

- પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ એ આપણા દેશમાં શૈક્ષણિક વિકાસના ખૂબ અગત્યનાં ધ્યેયો માટેનું છે. 14 વર્ષની ઉંમર પૂરી કરે ત્યાં સુધી દરેક બાળકને મફત અને ફરજિયાત શિક્ષણ પૂરું પાડવું એ આપણા બંધારણનો એક માર્ગદર્શક સિદ્ધાંત છે. લઘુતમ આવશ્યકતા કાર્યક્રમનો તેમજ 20 મુદ્દાના કાર્યક્રમ (1986)નો તે એક ભાગ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-1986 એ પણ સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણને નિર્વિવાદ અગ્રિમતા આપી છે.
- આ નીતિએ શિક્ષણની રાષ્ટ્રીય પદ્ધતિની સંકલ્પનાની રૂપરેખા દોરી છે. શિક્ષણ પદ્ધતિઓમાં રહેલી વિષમતા દૂર કરવા અને શાળાના પર્યાવરણની ગુણવત્તા સુધારવા પર તે ભાર મુકે છે. જેથી તેમની સામાજિક આર્થિક પાર્શ્વભૂમિકાને ધ્યાનમાં લીધા વગર બધાં જ બાળકોને અમુક સ્તર સુધીનું ઠીક ઠીક પ્રમાણમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે.
- શિક્ષણની વિષયવસ્તુ અને પ્રક્રિયાની પુનઃરચના દ્વારા અમલીકરણ કાર્યક્રમમાં શિક્ષણની ગુણવત્તા સુધારણા માટેના ઉપાયો સૂચવવામાં આવ્યા છે. અધ્યાપનની લઘુત્તમ કક્ષા નક્કી કરવી, વધારાના શિક્ષકો પૂરાં પાડવા અને શાળાકીય સગવડોમાં સુધારો કરવો.

### 14.13.2 અધ્યયન પ્રવૃત્તિઓ

ઓપરેશન બ્લેક બોર્ડ (યોજના) અને તેના વિભાગો

- પ્રાથમિક શિક્ષણની ગુણાત્મક તેમજ પ્રમાણાત્મક સુધારણા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 1986 અને અમલીકરણ કાર્યરૂપમાં અનેક યોજનાઓ સૂચવવામાં આવી છે. તેમાંની એક યોજનાને સૂત્રરૂપે ઓપરેશન બ્લેક બોર્ડ એવું નામ આપવામાં આવેલ છે.
- પ્રાથમિક શિક્ષણની સગવડોમાં ગણનાપાત્ર સુધારો કરવાનું તેનું લક્ષ છે. ઓપરેશન બ્લેક બોર્ડમાં અત્યાર સુધીમાં સ્થપાયેલી બધી પ્રાથમિક શાળાઓમાં પૂરી પાડવાની ઓછામાં ઓછી સગવડોનું સ્તર જરૂરી કરવામાં આવ્યું છે. અને ભવિષ્યમાં ખૂલનારી બધી પ્રાથમિક શાળાઓ માટે નાણાં ભંડોળની ઓછામાં ઓછી કક્ષા પણ એણે દર્શાવી છે.
- ઓપરેશન બ્લેક બોર્ડ (યોજના)ના ત્રણ વિભાગ છે.

(1) બધી ઋતુઓમાં ઉપયોગી બને તેવા ઠીક ઠીક મોટા, પહોળી ઓસરી સહિતના અને છોકરા-છોકરીઓ માટે જરૂરી-મુતરડીની અલગ વ્યવસ્થા સહિત ઓછામાં ઓછા બે ઓરડાની જોગવાઈ કરવી.

(2) દરેક પ્રાથમિક શાળામાં ઓછામાં ઓછા બે શિક્ષકો શક્ય હોય ત્યાં સુધી તેમાંના એક મહિલા શિક્ષકની જોગવાઈ કરવી.

(3) જરૂરી અધ્યાપન-અધ્યયન સામગ્રી પૂરી પાડવી

**14.13.3 પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે ઓપરેશન બ્લેક બોર્ડ યોજના**

- પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે ઓપરેશન બ્લેકબોર્ડ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે તેમ છે. ઓપરેશન બ્લેક બોર્ડનો હેતુ પ્રાથમિક શિક્ષણ ગુણવત્તા સુધારણા કરવા માટેનો છે.
- ઓપરેશન બ્લેક બોર્ડનો હેતુ દરેક પ્રાથમિક શાળામાં જરૂરી એવી ઓછામાં ઓછી પ્રાથમિક સગવડતાઓ પૂરી પાડવાનો છે. આ સગવડતાઓમાં શૈક્ષણિક સાધન સામગ્રીનો સમાવેશ થાય છે. અહીંયા 'ઓપરેશન' શબ્દનો અર્થ આ કાર્યક્રમની અગત્ય દર્શાવવા માટે વાપરવામાં આવ્યો છે.
- **ઓપરેશન બ્લેક બોર્ડમાં સમાવેશ બાબતો.**

(1) દરેક પ્રાથમિક શાળામાં ઓછામાં ઓછા બે મોટા ઓરડાઓ એવા હોવાં જોઈએ કે ઓરડાઓનો ઉપયોગ દરેક ઋતુમાં થઈ શકે.

(2) કાળાં પાટિયાં, જરૂરી નક્શાઓ અને ચાર્ટ હોય.

(3) દરેક પ્રાથમિક શાળામાં જરૂરિયાત પૂરતાં રમકડાંઓ અને રમતોનાં સાધનો હોય.

(4) બીજી જરૂરી શૈક્ષણિક સામગ્રી પણ હોય.

**(1) શિક્ષકો માટે જરૂરી સાધનો :**

- પાઠ્ય પુસ્તક
- પાઠ્યક્રમ
- શિક્ષક નિદર્શિનીઓ
- ટેબલ ખુરશી

**(2) વર્ગખંડ માટે જરૂરી એવી શૈક્ષણિક સામગ્રી :**

- નક્શાઓ : જિલ્લા, રાજ્યના દેશના રાજકીય અને પ્રાકૃતિક નક્શા
- પ્લાસ્ટિકના પૃથ્વીના ગોળા
- વિષય પ્રમાણે શૈક્ષણિક ચાર્ટ્સ
- નક્શા સ્ટેન્ડ
- કબાટ

**(3) રમત ગમતનાં સાધનો અને રમકડાં :**

- જાનવરોની દુનિયા
- ત્રાજવાં
- માપપટ્ટી લોહચુંબક, સૂક્ષ્મદર્શક કાર્ય
- પોષણની વિગતો દર્શાવતો ચાર્ટ
- ભાષાંક
- કેરમ
- રમતગમતના સાધનો

**(4) રમતનાં સાધનો :**

- વૉલીબોલ, રબ્બરના બોલ

- હવા ભરવાનો પંપ
- રીંગ, ટાયર સાથેનું હીંચકા માટેનું દોરડું
- કૂદવા માટેના દોરડાં, દડા-ફૂટબોલ
- ચક્રફેંક
- ગોળા

(5) પ્રાથમિક વિજ્ઞાન માટેનાં સાધનો

(6) નાની હથિયાર પેટી

(7) ટુ ઈન વન ઓડિયો સાધન

(8) લાયબ્રેરીનાં પુસ્તકો

(9) શાળાનો ઘંટ

(10) સંગીતના સાધનો

(11) પાણીની સગવડ

(12) કચરાપેટી

- પોલિટેકનિકો, આઈ.ટી.આઈ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઓપરેશન બ્લેક બોર્ડના કાર્યક્રમ માટેની ચીજવસ્તુઓ તૈયાર કરવાની દિશામાં હિલચાલ શરૂ કરવા પ્રોત્સાહિત કરવામાં આવશે.
- એક શિક્ષકવાળી શાળાઓને બે શિક્ષકવાળી શાળાઓમાં ફેરવવામાં આવશે. બે શિક્ષકો પૈકીના એક મહિલા શિક્ષિકા હોય, અને આને માટે જુદાં જુદાં વિચારોની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શક્ય ત્યાં સુધી સ્થાનિક કેળવાયેલી મહિલાની પસંદગી કરવામાં આવશે.

## 14.14 સારાંશ

- રાજ્ય શિક્ષણ ભવનને હાલમાં રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદનો ઉચ્ચ દરજ્જો આપવામાં આવ્યો છે. આપણા દેશમાં રાજ્ય બંધારણ અમલમાં આવતાં પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત અને સાર્વત્રિક બનાવવામાં આવ્યું છે પરિણામે પ્રાથમિક શિક્ષણનો સારા પ્રમાણમાં પ્રસાર થયો. પ્રાથમિક કક્ષાએ ભણનારાં બાળકોની સંખ્યામાં ખૂબ જ વધારો થયો છે. પ્રાથમિક કક્ષાએ ભણનારાં બાળકોની સંખ્યામાં વધારો થતાં, આ બધાંને ભણાવવા શાળાઓની સંખ્યામાંથી સારો એવો વધારો થયેલ છે, પ્રત્યેક શાળામાં ભણનારાં બાળકોની સંખ્યામાં પણ વધારો થયેલ છે. શિક્ષકોનું પ્રમાણ વધ્યું છે. સંખ્યા વધે તો ગુણવત્તા ઘટે એ સાવ સહજ બાબત છે.
- ભારતમાં પ્રાથમિક શીખવાના પ્રસાર સાથે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાનું ધોરણ નીચું જણાયું આથી પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાનું ધોરણ નીચું જતું અટકાવવા અને પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવાના હેતુથી દેશમાં રાજ્ય શિક્ષણ ભવનો અસ્તિત્વમાં આવ્યાં.
- રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986નો અમલ કરવામાં આવતાં આ રાજ્ય શિક્ષણ ભવનોને રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ એવો ઊંચો દરજ્જો આપવામાં આવ્યો.
- શિક્ષણનો વ્યાપ દિવસે દિવસે વધતો જાય છે, તેના લીધે શિક્ષણની દરેક કક્ષાઓ જેવી કે, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચકક્ષાએ શિક્ષણની ગુણવત્તાનો એક પડકાર શિક્ષણ સમયે ઊભો થયો છે.
- વિશ્વકક્ષાએ અર્થતંત્રના વૈશ્વિકીકરણની સાથે સાથે એની વ્યાપક અસર શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓના વૈશ્વિકરણ પર પણ થવા લાગી છે. પ્રવર્તમાન આંતરરાષ્ટ્રીય વિચારણાનું સ્પર્ધાના સંદર્ભે પણ 'ગુણવત્તા' એ યોજના યુગનો એક મહામંત્ર બની રહેલ છે.
- ગુણવત્તા એટલે શું ? વિશેષ સુધારણા

- ગુણવત્તા એટલે ગુણાત્મક પરિવર્તન કે સતત સુધારણા.

## 14.15 એકમ સ્વાધ્યાય

(1) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદનાં ઉદ્દેશો જણાવો.

(2) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદનાં કાર્યો જણાવો.

(3) જી.સી.ઈ.આર.ટી.નું માળખું જવાણો.

(4) જી.સી.ઈ.આર.ટી.નાં હેતુઓ જણાવો.

(5) જી.સી.ઈ.આર.ટી.ની સિદ્ધિ જણાવો.

(6) જી.સી.ઈ.આર.ટી.નાં કાર્યો જણાવો.

(7) ગુણવત્તા એટલે શું ? તેના લક્ષણો જણાવો.

(8) ગુણવત્તાનું મહત્ત્વ જણાવો.

(9) શિક્ષણમાં ગુણવત્તા વ્યવસ્થાપનનું કાર્યતંત્ર જણાવો.

(10) શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપનની સફળતા માટેના સૂચનો જણાવો.

(11) સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપનનો અમલ જણાવો.

## 14.16 તમારી પ્રગતિ ચકાસો :

◆ **આપેલ વિધાનની નીચે જણાવેલ વિષયોમાંથી યોગ્ય વિષય પસંદ કરી જવાબ આપો.**

(1) ગુજરાતમાં GCERT સંસ્થા નીચેનામાંથી કયા સ્થળે આવેલી છે ?

(1) ગાંધીનગર (2) અમદાવાદ

(3) ભાવનગર (4) સુરત

(2) પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે નીચેનામાંથી કયો કાર્યક્રમ અપનાવેલ છે ?

(1) ITV (2) IPTT

(3) DPEP (4) IFDL

(3) GCERT કયા માસિક સામયિક દ્વારા શિક્ષણના નવા પ્રયોગો શિક્ષણ સુધી પહોંચાડે છે ?

(1) પ્રગતિશીલ શિક્ષણ (2) માધ્યમિક શિક્ષણ પરીક્ષણ

(3) જીવન શિક્ષણ (4) ઘરશાળા

◆ **નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

તમારા ઉત્તરો નીચે આપેલ જગ્યામાં લખો

(2) GCERT ના કોઈ પણ બે હેતુઓ જણાવો

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(3) GCERT ના કોઈ પણ બે કાર્યો જણાવો.

.....................................................................

.....................................................................

..............................................................

..............................................................

..............................................................

(4) ગુણવત્તા એટલે શું ?

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(5) ગુણવત્તાના કોઈપણ બે લક્ષણો જણાવો ?

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## 14.17 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Answer to check your Progress) :

(1) બહુવિકલ્પ પ્રશ્નોના સાચા જવાબો

(1) ગાંધીનગર

(2) DPEP

(3) જીવન શિક્ષણ

## 14.18 સૂચિત વાંચન સામગ્રી


(1) બારૈયા વી.વી. : ગુણવત્તા સુધારવા માટેની સંસ્થાઓ ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ

(2) રાવલ નટુભાઈ વી : શૈક્ષણિક વ્યવસ્થાપન અને શાળા સંગઠન, નીરવ પ્રકાશન, અમદાવાદ.

(3) પટેલ મોતીભાઈ : શાળા પ્રબંધ, બી.એસ. પ્રકાશન, અમદાવાદ

એમ તથા અન્ય

એકમ 15

# વર્તમાન શિક્ષણનું માળખું (Structure of Present Education System)

## : રૂપરેખા :

**15.1 પ્રસ્તાવના**

**15.2 ગુજરાતમાં શિક્ષણમાં રાજ્ય કક્ષાનું માળખું**

- **15.2.1** સચિવાલય
- **15.2.2** માધ્યમિક શિક્ષણ

**15.3 શિક્ષણ નિયામકની વહીવટી કચેરી**

- **15.3.1** ઉચ્ચ શિક્ષણ કમિશ્નર
- **15.3.2** શિક્ષણ નિમાયક
- **15.3.3** સંયુક્ત શિક્ષણ નિયામક

**15.4 માધ્યમિક શિક્ષણ બોર્ડ-માળખું**

- **15.4.1** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની રચના
- **15.4.2** માધ્યમિક શિક્ષણ ધારાનું મહત્ત્વ (અધિનિયમ)
- **15.4.3** ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની સત્તા અને ફરજો
- **15.4.4** માધ્યમિક શિક્ષણ બોર્ડનું કાર્યક્ષેત્ર

**15.5 જિલ્લા ક્ષેત્રે શિક્ષણનું વહીવટી માળખું.**

- **15.5.1** પ્રસ્તાવના
- **15.5.2** જિલ્લા શિક્ષણ અધિકારીના કાર્યો

**15.6 રાજ્યમાં મફત સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનું તંત્ર**

**15.7 રાજ્યના જિલ્લા શિક્ષણ અધિકારીઓ**

**15.8 સારાંશ**

**15.9 એકમ સ્વાધ્યાય**

**15.10 તમારી પ્રગતિ ચકાસો**

**15.11 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**15.12 સૂચિત વાંચન સામગ્રી**

---

◆ ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે ..

(1) ગુજરાતમાં શિક્ષણનું રાજ્ય કક્ષાનું માળખું સમજી શકશો.

(2) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરીનું માળખું સમજી શકશો.

(3) શિક્ષણ નિયામકની વહીવટી કચેરી સમજી શકશો.

(4) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરનાં કાર્યો સમજી શકશો.

(5) જિલ્લા શિક્ષણ અધિકારીનાં કાર્યો સમજી શકશો.

(6) માધ્યમિક શિક્ષણ બોર્ડનું માળખું સમજી શકશો.

(7) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની રચના સમજી શકશો.

(8) ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની સત્તા અને ફરજો સમજી શકશો.

## 15.1 પ્રસ્તાવના :

- દરેક રાજ્યમાં શિક્ષણનું માળખું સ્વતંત્ર હોય તે રીતે ગોઠવેલું હોય છે.
- રાજ્યનું શિક્ષણનું માળખું તે કેન્દ્રના શિક્ષણના માળખાને ધ્યાનમાં રાખી ગોઠવાયેલું હોય છે, તે શિક્ષણ વિષે જે પ્રમાણે સલાહ સૂચન અને માર્ગદર્શન આપવામાં આવે તે પ્રમાણે વહીવટ કરવાનો છે.
- કેન્દ્ર લેવલે શિક્ષણમાં જે ફેરફારો થાય તે પ્રમાણે ફેરફાર કરવા માટે રાજ્યના શિક્ષણ વિભાગને સૂચન કરે છે.
- રાજ્ય શિક્ષણ વિભાગ કેન્દ્ર શિક્ષણ દ્વારા જે કાંઈ સૂચન કરવામાં આવેલ હોય તેને ધ્યાનમાં રાખી ફેરફાર કરવાનું વિચારે છે.
- દા.ત. નવો અભ્યાસક્રમ અમલમાં મૂકવો, તે માટે અભ્યાસક્રમ બનાવી રાજ્યને શિક્ષણ વિભાગને જણાવે છે, શિક્ષણ વિભાગ કેન્દ્રના શિક્ષણ વિભાગને ધ્યાનમાં લઈ જરૂરી ફેરફાર કરે છે.

## 15.2 ગુજરાતમાં શિક્ષણનું રાજ્ય કક્ષાનું માળખું :

**ગુજરાતમાં શિક્ષણનું રાજ્ય કક્ષાનું માળખું**

↓ (1)
↓ શિક્ષણ સચિવાલય
↓ શિક્ષણમંત્રી
↓ શિક્ષણસચિવ (IAS)
↓ નાયબ શિક્ષણ સચિવ
↓ ઉપશિક્ષણ સચિવ
↓ અંડર સેક્રેટરી
↓ વિભાગીય અધિકારીઓ
↓ સહાયક કર્મચારીઓ

↓ (2)
↓ માધ્યમિક શિક્ષણ
↓ માધ્યમિક શિક્ષણ ટ્રિબ્યુનલ (ન્યાયમાટે) | પાઠ્યપુસ્તકનું મંડળ (પાઠ્યપુસ્તક પ્રગટ કરવા)
↓ માધ્યમિક શિ. બોર્ડ (સ્વતંત્ર)
↓ અધ્યક્ષ
↓ ઉપાધ્યક્ષ
↓ કારોબારી સમિતિ
↓ બોર્ડના સભ્યો
↓ હોદ્દાગત સભ્યો | નિયુક્ત સભ્યો | ચૂટાયેલાં સભ્યો

↓ (3)

**(3) શિક્ષણ નિયામકની વહીવટી કચેરીઃ**

ઉચ્ચ શિક્ષણ કમિશ્નર
(ઉચ્ચ અને માધ્યમિક)

શિક્ષણ નિયામક
(પ્રાથમિક પ્રૌઢ)

↓

સંયુક્ત શિક્ષણ નિમાયક
(માધ્યમિક શિક્ષણ)

સંયુક્ત શિક્ષણ નિમાયક
(ઉચ્ચ યુનિ. શિક્ષણ)

↓

રાજ્ય કક્ષાનો વહીવટ
↓
કચેરી અધિક્ષકો
↓
મુખ્ય કારકુન
↓
(અન્ય કારકુનો)

જિલ્લા કક્ષાનો વહીવટ
↓
જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી
↓
જિલ્લા શિક્ષણ અધિકારી
↓
શિક્ષણ અધિકારી
↓
મદદનીશ શિક્ષણ નિરીક્ષકો
↓
વહીવટી કર્મચારીઓ
↓
સ્ટાફ

**15.2.1 સચિવાલય :**

- આપણા દેશમાં શિક્ષણ એ સંયુક્ત યાદીનો વિષય હોવાથી કેન્દ્રથી માંડી રાજ્ય અને જિલ્લા કક્ષાએ શૈક્ષણિક કાર્યક્રમોના આયોજન, સંચાલન અને વહીવટ માટે જે સરકારી વ્યવસ્થાતંત્ર ગોઠવાયેલું છે તેને ટૂંકમાં શિક્ષણ વહીવટ કહેવાય છે.
- માધ્યમિક શિક્ષણનો વહીવટ એ રાજ્યના સંપૂર્ણ નિયંત્રણ હેઠળ કાર્ય કરવાનું હોય છે. શિક્ષણ અંગેની નીતિ નક્કી કરવાના કાર્યમાં રાજ્યનું માધ્યમિક શિક્ષણ બોર્ડ રાજ્યને મદદરૂપ થાય છે.
- રાજ્ય સચિવાલય દ્વારા શિક્ષણપ્રધાન અને નાયબ શિક્ષણ પ્રધાન શિક્ષણખાતાનો સ્વતંત્ર હવાલો સંભાળે છે.
- શિક્ષણ પ્રધાન શિક્ષણની નીતિ (Policy) નક્કી કરવા માટે વિધાનસભા અને મુખ્ય પ્રધાનને જવાબદાર હોય છે.
- શિક્ષણ પ્રધાન સમગ્ર રાજ્યનો શિક્ષણનો હવાલો સંભાળે છે. સંપૂર્ણ વહીવટ તેમના અંદરમાં હોય છે.

- શિક્ષણ પ્રધાનના (મંત્રી) હાથ નીચે શિક્ષણ સચિવ (IAS અધિકારી) હોય છે. શિક્ષણ સચિવના હાથ નીચે નાયબ શિક્ષણ સચિવ તેમના હાથ નીચે બે ઉપશિક્ષણ સચિવની નિમણૂંક કરવામાં આવે છે.
- આ ઉપરાંત સચિવાલયમાં અંડર સેક્રેટરી, વિભાગીય અધિકારીઓ, સહાયક કર્મચારીઓ હોય છે.
- શિક્ષણ અંગેની નીતિ માધ્યમિક શિક્ષણબોર્ડ દ્વારા સચિવાલયમાં ઘડાય છે.
- શિક્ષણ વિષેની નીતિ તૈયાર કરવા માટે મધ્યસ્થ સરકારના શિક્ષણ વિભાગ દ્વારા જે સૂચનાઓ અને માર્ગદર્શન મળેલ હોય તેને ધ્યાનમાં રાખવામાં આવે છે.
- શિક્ષણ અંગેની નીતિ નક્કી કરવામાં શિક્ષણ સચિવ ઉચ્ચ શિક્ષણ કમિશ્નર મહત્ત્વની ભૂમિકા ભજવે છે, તેમાં શિક્ષણ સચિવનો ફાળો મહત્ત્વનો હોય છે.
- શિક્ષણ વિષેની જે નીતિ નક્કી કરવામાં આવે તે શિક્ષણ નિયામકની વહીવટી કચેરીએ અમલીકરણ કરવાનું મહત્ત્વનું કાર્ય કરવાનું હોય છે.
- આ રીતે રાજ્યના શિક્ષણ વિભાગને નીચે પ્રમાણે વહેંચવામાં આવે છે.
  (1) શિક્ષણ સચિવાલય
  (2) માધ્યમિક શિક્ષણ
  (3) શિક્ષણ નિયામકની વહીવટી કચેરી

**15.2.2 માધ્યમિક શિક્ષણ :**

- માધ્યમિક શિક્ષણ પોતાનો સ્વતંત્ર હવાલો સંભાળે છે. શિક્ષણ વિષેના નીતિ વિષયક નિર્ણયો લઈને શિક્ષણ પ્રધાનને જણાવે છે.
- માધ્યમિક શિક્ષણ પોતાનું કાર્ય સારી રીતે કરી શકે તે માટે તેના ત્રણ વિભાગ પાડવામાં આવ્યાં છે.

માધ્યમિક શિક્ષણ
↓
↓ ↓ ↓
માધ્યમિક શિક્ષણ ટ્રિબ્યુનલ | માધ્યમિક શિક્ષણબોર્ડ | પાઠ્ય પુસ્તક મંડળ

- ટ્રિબ્યુનલ, કર્મચારીઓને અન્યાય થયો હોય તો ન્યાય આપવાનું કાર્ય કરે છે.
- કર્મચારીઓ માટે નોકરીની કેટલીક શરતો નક્કી કરેલ છે.
- દરેક કર્મચારીએ નોકરીની શરતોનું પાલન કરવાનું હોય છે. શરતોનું પાલન ન કરનારને હળવી અને ભારે સજાની જોગવાઈ નક્કી કરવામાં આવેલ છે.
- માધ્યમિક શિક્ષણ બોર્ડ સ્વતંત્ર હવાલો સંભાળે છે. તેનો વહીવટ કરવા માટે એક અધ્યક્ષની નિમણૂંક કરવામાં આવે છે, તેના હાથ નીચે ઉપાધ્યક્ષ (નાયબ અધ્યક્ષ) અને કારોબારી સમિતિ કાર્ય કરે છે.
- કારોબારી સમિતિમાં બોર્ડના સભ્યોની નિમણૂંક કરવામાં આવે છે.

**બોર્ડના સભ્યો**

↓

હોદ્દાગત સભ્યો — નિયુક્ત સભ્યો — ચૂંટાયેલાં સભ્યો

એમ ત્રણ પ્રકારે સભ્યોની કારોબોરી સમિતિ બનાવવામાં આવે છે. કારોબારી કમિટિ અધ્યક્ષના માર્ગદર્શન હેઠળ કાર્ય કરે છે.

## 15.3 શિક્ષણ નિયામકની વહીવટી કચેરી

- સચિવાલયમાં નક્કી થયેલી નીતિ પ્રમાણે વહીવટ કરવાની જવાબદારી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરને સોંપવામાં આવેલ છે.
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નર એ શિક્ષણ ખાતાનો વહીવટી વડા છે. તે આઈ.એ.એસ. (IAS) અધિકારી હોય તેની નિમણૂંક મોટા ભાગે કરવામાં આવે છે.
- આપણા રાજ્યમાં અત્યારે શિક્ષણ નિયામકની બીજી જગ્યા ઊભી કરવામાં આવેલ છે. પ્રાથમિક અને પ્રૌઢ શિક્ષણનું કાર્ય કરે છે. જે આઈ.એ.એસ. હોતાં નથી.
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરને મદદ કરવા માટે બે સંયુક્ત શિક્ષણ નિયામકની નિમણૂંક કરવામાં આવેલ છે.
- સંયુક્ત શિક્ષણ નિયામક માધ્યમિક શિક્ષણનું કાર્ય કરે છે. બીજા ઉચ્ચ શિક્ષણ યુનિવર્સિટી શિક્ષણનું કાર્ય કરે છે.
- આ દરેક ઉપશિક્ષણ નિયામક પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, ઉચ્ચ સ્ત્રી શિક્ષણ, ટેકનિકલ શિક્ષણ વગેરેમાંથી એક અથવા વધારે વિભાગો અંગેની જવાબદારી ઉપાડે છે.
- નાયબ શિક્ષણ નિયામકના મદદનીશો તરીકે જિલ્લા શિક્ષણ અધિકારી હોય છે અને બીજો વિભાગ રાજ્ય કક્ષાનો વહીવટ કરવા માટેનો વિભાગ હોય છે.
- જિલ્લા શિક્ષણ અધિકારીને મદદનીશ શિક્ષણ નિરીક્ષકો વહીવટી કર્મચારીઓ અને સ્ટાફ હોય છે.
- તે ઉપરાંત જિલ્લા શિક્ષણ અધિકારી પ્રાથમિક હોય  છે. જિલ્લામાં આવેલ પ્રાથમિક શાળાઓનો વહીવટ કરે છે. તેમના નિરીક્ષણ અને પરીક્ષણની જવાબદારી તેમની છે.

### 15.3.1 ઉચ્ચ શિક્ષણ કમિશ્નર

- ઉચ્ચ શિક્ષણ કમિશ્નર એ શિક્ષણ ખાતાના વહીવટી વડા છે.
- રાજ્યે નક્કી કરેલાં શિક્ષણ અંગેની નીતિઓનું અમલીકરણ તેઓએ કરવાનું હોય છે, જેને નીચેનાં કાર્યો કરવાના હોય છે.

(1) સચિવાલયને શિક્ષણ અંગેની નીતિઓ ઘડવામાં મદદરૂ થાય છે.

(2) માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ અંગે રાજ્ય સરકાર તરફથી નક્કી થયેલી નીતિઓ તેમજ નિયમોને અમલમાં મૂકવાનું કાર્ય કરે છે.

(3) શિક્ષણ પ્રધાન વતી સમગ્ર રાજ્યમાં શિક્ષણ વિભાગનું નિયંત્રણ કરે છે અને જરૂરી યોગ્ય માર્ગદર્શન આપવાનું કાર્ય કરે છે.

(4) રાજ્યની શિક્ષણ વ્યવસ્થા અંગે જે પરિસ્થિતિ છે તે પરિસ્થિતિની માહિતી આપે છે.

(5) માધ્યમિક શાળાઓ અને ઉચ્ચ શિક્ષણ વિભાગ સંસ્થાઓના વહીવટ પણ જરૂરી દેખરેખ અને નિયંત્રણ રાખવાનું કાર્ય કરે છે.

(6) રાજ્યમાં નવી માધ્યમિક શાળા શરૂ કરવા તેમજ બંધ કરવા અંગે જરૂરી સલાહ આપે છે.

(7) રાજ્યની બધા પ્રકારની શિક્ષણની સંસ્થાઓ માટે નોકરીની શરતો નક્કી કરે છે, તેમજ તે અંગે કોઈ મુશ્કેલી કે સમસ્યાઓ હોય તો તેનો નિકાસ કરવાનું કાર્ય કરે છે.

(8) રાજ્યની માધ્યમિક શાળાઓનું જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા અધિક્ષણ, ગ્રાન્ટ આપવાની કે કામ મૂકવાની મહત્ત્વની કામગીરી છે.

(9) હોદ્દાની રૂએ માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્ય હોય છે. બોર્ડની મિટિંગમાં હાજરી આપી શિક્ષણ અંગે સરકારનું દૃષ્ટિબિંદુ રજૂ કરે છે, તેમજ બોર્ડ ઉપર નિયંત્રણ રાખવાની સત્તા પણ ધરાવે છે.

(10) સરકાર દ્વારા ચાલતી સંસ્થાઓનો વહીવટ કરે છે.

(11) શિક્ષણના જુદાં જુદાં વિભાગોને વેગ આપવાનું કાર્યકરે છે. દા.ત. બુનિયાદી શિક્ષણ, શારીરિક શિક્ષણ, ચિત્રકલાનું શિક્ષણ, ધંધાદારી શિક્ષણ, પુસ્તકાલયો વગેરે.

(12) શિક્ષણ વિષેનો વાર્ષિક રિપોર્ટ તૈયાર કરવાનું કાર્ય કરે છે.

**15.3.2 શિક્ષણ નિમાયક**

- શિક્ષણનો વહીવટ કરવાની જવાબદારી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની હોય છે, તે શિક્ષણ ખાતાનો વહીવટી વડા છે તેમ કહી શકાય.

◆ **કાર્યો**

(1) શિક્ષણ વિષયક માહિતી પુરી પાડવી :

- શિક્ષણ સચિવાલયને શિક્ષણ વિષયક જરૂરી માહિતી મેળવવાની અને જરૂરી માહિતી પુરી પાડવી તેમજ સરકારને શિક્ષણની નીતિ ઘડવામાં મદદરૂપ થવું.

(2) રાજ્ય સરકારની નીતિનો અમલ કરવો :

- રાજ્ય સરકાર શિક્ષણ વિષે જે નીતિ નક્કી કરે તે નીતિ પ્રમાણે કાર્યો શાળા પાસે કરાવે છે.

(3) સંચાલન :

- રાજ્યના શિક્ષણ વિભાગનું સુંદર અને અસરકારક સંચાલન કરવાનું કાર્ય કરે છે.

(4) જરૂરી માર્ગદર્શન :

- રાજ્યમાં શિક્ષણના મંડળોને જરૂરી માર્ગદર્શન આપવાનું કાર્ય કરે છે. જરૂરી સલાહ સૂચનો આપે છે. તેમજ સરકારી શાળા, કૉલેજને માર્ગદર્શન આપે છે.

(5) નવી શાળાઓની માન્યતા આપવી :

- રાજ્યમાં નવી શાળાઓ શરૂ કરવા અંગેની માન્યતા આપવાનું કાર્ય કરે છે. તેમજ નીતિ નિયમનું પાલન ન કરતી શાળાઓની માન્યતા રદ કરવાનું પણ કાર્ય કરે છે.

(6) સમસ્યાનો નિકાલ કરવો :

- શિક્ષણની સંસ્થા સાથે સંકળાયેલ અધ્યાપકો, કર્મચારીઓ વગેરેને નોકરીની શરતો અંગે કોઈપણ સમસ્યા હોય તો જરૂરી માર્ગદર્શન આપી સમસ્યાનો નિકાસ કરવાનું કાર્ય કરે છે.

(7) માધ્યમિક શિક્ષણબોર્ડમાં સભ્ય પદ :

- માધ્યમિક શિક્ષણ બોર્ડમાં હોદ્દાની રૂએ તેઓ સભ્યપદ પ્રાપ્ત કરે છે. બોર્ડમાં સરકારનું પ્રતિનિધિત્વ ધરાવે છે.

(8) શિક્ષણની પ્રગતિનો રિપોર્ટ તૈયાર કરવો :

- રાજ્યમાં શિક્ષણની પ્રગતિનો રીપોર્ટ તૈયાર કરવો, તે અંગેની જરૂરી માહિતી મેળવે છે.

(9) નવીન પ્રવાહોની માહિતી આપવી :

- શિક્ષણના નવીન પ્રવાહોની માહિતી મેળવવી, મેળવેલ માહિતી શિક્ષણ પ્રધાન સુધી

પહોંચતી કરવાનું કાર્ય કરે છે.

- માહિતી મેળવવા માટે શિક્ષણ સાથે સંકળાયેલ વ્યક્તિઓના મંતવ્યો મેળવે છે.

**15.3.3 સંયુક્ત શિક્ષણ નિયામક**

- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરને મદદ કરવા માટે બે સંયુક્ત શિક્ષણ નિયામકની નિમણૂંક કરેલ છે.
- જેમાં એક સંયુક્ત શિક્ષણ નિયામકનો માધ્યમિક શિક્ષણની જવાબદારી સોંપવામાં આવેલ છે.
- બીજા સંયુક્ત શિક્ષણ નિયામકને ઉચ્ચ યુનિવર્સિટી શિક્ષણની જવાબદારી સોંપેલ હોય છે.
- સંયુક્ત શિક્ષણ નિયામકને માધ્યમિક શિક્ષણની બધી જ જવાબદારી સંભાળવાની હોય છે.

**સંયુક્ત શિક્ષણ નિયામક**

- રાજ્ય કક્ષાની વહીવટી કચેરી
  - કચેરી અધિક્ષકો
    - મુખ્ય કારકુન
      - પગાર
      - નિવૃત્તિ નોકરીની શરતો
      - પેન્શન વિભાગ
      - ઓડિટ વિભાગ
      - અન્ય બાબતો
- જિલ્લા કક્ષાની વહીવટી કચેરી
  - જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી

## 15.4 માધ્યમિક શિક્ષણ બોર્ડ - માળખું

- અધ્યક્ષ
  - ↓ ઉપાધ્યક્ષ
  - ↓ સેક્રેટરી
  - ↓ મદદનીશ સેક્રેટરી
  - ↓ કારોબારી સમિતિ
    - હોદ્દાગત સભ્યો
    - નિયુક્ત સભ્યો
    - ચૂંટાયેલાં સભ્યો
- ટ્રિબ્યુનલ (ન્યાય માટે)
- પાઠ્યપુસ્તકનું મંડળ (પાઠ્યપુસ્તક પ્રગટ કરવાં)
- જિલ્લા શિક્ષણ અધિકારી
- શાળાઓ
  - સામાન્ય વિષયોની શાળા
    - ↓ આચાર્ય
      નિરીક્ષક
      શિક્ષકો
      કારકુનો
      સેવકો
  - બુનિયાદી શાળા
  - વિવિધલક્ષી શાળા
  - વાણિજ્ય શાળા
  - ખેતી વિષયક શાળા

### 15.4.1 ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની રચના

- સરકારશ્રીએ નીચલા બોર્ડના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ઉપરાંત બોર્ડના 59 સભ્યો હોય છે. આ સભ્યોને નીચેના વિભાગોમાં વહેંચવામાં આવે છે.

(1) હોદ્દાની રૂએ સભ્યો - 16

(2) સરકારશ્રીના નિયુક્ત સભ્યો - 8

(3) યુનિવર્સિટીઓએ ચૂંટેલાં પોતાના એક એક પ્રતિનિધિ દસ યુનિવર્સિટી હોઈ

કુલ - 10

(4) ચૂંટાયેલાં સભ્યો - 25

**(1) હોદ્દાની રૂએ સભ્યો :- 16**

1) ઉચ્ચ શિક્ષણ નિયામક

2) નિયામકશ્રી મધ્યાહન ભોજન અને શાળાઓની કચેરી

3) ટેકનિકલ શિક્ષણ નિયામક શ્રી

4) સંયુક્ત નિયામકશ્રી 10+2 ખાસ ઘટક

5) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ

6) નિયામકશ્રી ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

7) ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

8) નિયામકશ્રી રોજગાર અને તાલીમ

9) નાયબ સચિવશ્રી ગુજરાત વિભાગ

10) નાયબ સચિવશ્રી રાજ્ય પરીક્ષા બોર્ડ

11) અધ્યક્ષશ્રી રાજ્ય પરીક્ષા બોર્ડ

12) અધ્યક્ષશ્રી ટેકનિકલ શિક્ષણ બોર્ડ

13) સચિવશ્રી ઉત્તર બુનિયાદી શિક્ષણ બોર્ડ

14) પરીક્ષા નિયામકશ્રી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

15) નિયામકશ્રી ગુજરાત શૈક્ષણિક ટેક્નોલોજી

16) ખાસ ફરજપરના અધિકારીશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ પરીક્ષા વિભાગ - વડોદરા.

**(2) સરકારશ્રીએ નિયુક્ત કરેલાં સભ્યો - 8**

- ગુજરાત વિધાન સભામાંથી 5 વિધાન સભ્યો
- સરકાર નિયુક્ત સભ્યો - 3

(વિજ્ઞાન, ઉદ્યોગ અને વાણિજ્યક્ષેત્રના પ્રત્યક્ષ અનુભવ ધરાવનાર વ્યક્તિઓમાંથી હશે.)

**(3) વિવિધ યુનિવર્સિટીઓના પ્રતિનિધિ - 10**

- દરેક યુનિવર્સિટી પોતાના એક એક પ્રતિનિધિને પસંદ કરીને મોકલેલ સભ્યો

**(4) ચૂંટાયેલાં સભ્યો - 25**

(1) નોંધાયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક સ્ટાફમાંથી ત્રણ શિક્ષકો તથા નોંધાયેલી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકમાંથી એક સભ્ય મળી કુલ સભ્યો - 4

(2) માધ્યમિક શાળાઓના 10 સભ્યો - 10

(1) આચાર્યશ્રીઓએ પોતાનામાંથી ચૂંટેલા - 5

(2) શિક્ષકોએ પોતાનામાંથી ચૂંટેલા - 5

(3) રજિસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાઓના સભ્યો - 2

(1) આચાર્યશ્રીઓએ પોતાનામાંથી ચૂંટેલા સભ્ય - 2

(2) શિક્ષકોએ પોતાનામાંથી ચૂંટેલો સભ્ય - 1

(4) માધ્યમિક શિક્ષણની તાલીમ કૉલેજોના આચાર્યો દ્વારા ચૂંટેલો સભ્ય - 1

(5) શાળાઓના સંચાલકોના પ્રતિનિધિઓએ પોતાનામાંથી ચૂંટેલા સભ્ય - 4

(6) ખાનગી માધ્યમિક શાળાઓના વાલીઓના એસોસિએશનના પ્રમુખોએ પોતાનામાંથી ચૂંટેલા સભ્યો - 3

(7) બિનશૈક્ષણિક કર્મચારીઓના પ્રતિનિધિ - 1

ઉપર જણાવેલ બધા જ પ્રકારના સભ્યોની મુદત 3 વર્ષની હોય છે.

(5) સરકારશ્રીએ નિયુક્ત કરેલાં સભ્યો - 8

- ગુજરાત વિધાન સભામાંથી 5 વિધાન સભ્યો

**15.4.2 માધ્યમિક શિક્ષણ ધારાનું મહત્ત્વ (અધિનિયમ)**

**(1) અધિકાર મેળવવા :**

- ગ્રાન્ટ - ઈન - એઈડ કોડ - અધિનિયમ અમલમાં હતો ત્યારે શિક્ષકોને કોઈ અધિકારો મળતા નહીં. અધિનિયમના અમલ દ્વારા અધિકાર મળવા લાગ્યા. જરૂરી અધિકાર મેળવવા માટે અધિનિયમ જરૂરી છે.

**(2) ધારાકીય કાર્યવાહી કરવા :**

- કોઈ વિવાદ ઊભો થાય તો ધારાકીય કાર્યવાહી કરવા માટે કોઈ અધિનિયમ ન હતો અધિનિયમના અમલ દ્વારા ધારાકીય કાર્યવાહી કરવા માટે જરૂરી છે.

**(3) શોષણ દૂર કરવા :**

- શાળાના સંચાલકોને બધા જ લાભો મળતાં, આચાર્ય અને શિક્ષકોનું સંચાલક મંડળ શોષણ કરતાં પરંતુ ગુજરાત માધ્યમિક અધિનિયમના કારણે શોષણ દૂર કરવા માટે જરૂરી છે.

**(4) સલામતીના રક્ષણ માટે :**

- શાળાના સંચાલકોને બધા લાભો મળતાં તેમજ વધુ શોષણ કરતાં. અધિનિયમ આચાર સંહિતાના સ્વરૂપે જ હતો કોઈ કાયદાકીય સ્વરૂપ ન હતું.
- શાળાના કર્મચારીઓ પોતાની સલામતી માટે કંઈ કરી શકતાં નહીં. રાજ્ય સરકાર સામે પણ રીટ કરી શકે નહીં. કર્મચારીઓ નિર્બળ પુરવાર થયાં, જેથી અધિનિયમ દાખલ કરવામાં આવ્યો.

**(5) એક પરિવારનો સંબંધ સ્થાપવા :**

- સંચાલકો કર્મચારીનું વધુ પડતું શોષણ કરતાં, સંચાલકો અને શિક્ષકો વચ્ચે, આચાર્ય અને શિક્ષકો વચ્ચે નોકર - શેઠનો સંબંધ હતો.
- શિક્ષકોને વધુ સહન કરવું પડતું હતું. પરંતુ અધિનિયમ અસ્તિત્વમાં આવતાં એક પરિવારનો સંબંધ સ્થપાયો. બંને વચ્ચેનું વાતાવરણ યોગ્ય ઊભું થયું.

(6) શાળાની પૂરતી ગ્રાન્ટ મેળવવા :

- ઘણીવાર શાળાઓને મળતી ગ્રાન્ટમાં કાપ મૂકવામાં આવતો જેથી શિક્ષકોને વધુ સહન કરવું પડતું.
- શિક્ષકોને કોઈ લાભ હતો નહીં, પરંતુ ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ અસ્તિત્વમાં આવતા આ બાબત દૂર થઈ, પૂરતા પ્રમાણમાં ગ્રાન્ટ મળવાની શરૂઆત થઈ.

**15.4.3 ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની સત્તા અને ફરજો**

- ગુજરાત માધ્યમિક શિક્ષણબોર્ડની સત્તા અને ફરજો નીચે મુજબ છે.

(1) જરૂરી માર્ગદર્શન આપવું :

- શાળાના નિયમોમાં ફેરફાર થાય, જરૂરી માહિતી આપવી હોય તો તે અંગેનું માર્ગદર્શન આપે છે. ઘણી વખત માર્ગદર્શનના રૂપમાં માધ્યમિક શિક્ષણ અને પરિક્ષણમાં માહિતી આપતા રહે છે. દા.ત. : શાળાના કર્મચારીઓની ગુણાંકન યોજનાઓ.

(2) નવા પાઠ્યપુસ્તકને મંજૂરી આપવા :

- અભ્યાસક્રમમાં ફેરફાર થતા નવા પાઠ્ય પુસ્તક તૈયાર કરવાની મંજૂરી બોર્ડ આપે છે. પાઠ્યપુસ્તક તૈયાર કરવાનું કાર્ય ''પાઠ્ય પુસ્તક મંડળ'' ને આપે છે.

(3) નવા અભ્યાસને મંજુરી આપવી :

- નવા અભ્યાસક્રમને મંજૂરી આપવાનું સત્તા બોર્ડની છે.
- યુ.જી.સી., એન.સી.ઈ.આર.ટી. નવા અભ્યાસક્રમ બનાવવા અંગે સૂચના આપે તો તે પ્રમાણે નવો અભ્યાસ બનાવવો અને તેને મંજૂર કરવાની સત્તા છે.

(4) સર્વાંગી વિકાસ માટે માર્ગદર્શન :

- શાળા વિદ્યાર્થીઓને સર્વાંગી વિકાસ થાય તે માટેનું પ્રવૃત્તિઓ કરવાનું સૂચન કરે છે અને તે અંગેનું જરૂરી માર્ગદર્શન આપે છે.

(5) તાલીમની વ્યવસ્થા :

- નવો અભ્યાસક્રમ અમલમાં આવતા તાલીમ માટેની વ્યવસ્થા શિક્ષકો માટે ગોઠવે છે, તેમજ શાળાની ગુણવત્તા સુધારવા અંગે આચાર્ય માટે અને શિક્ષકો માટે તાલીમની વ્યવસ્થા ગોઠવે છે.

(6) જરૂરી નૂતન અભિગમો હાથ ધરવાં :

- શિક્ષણની ગુણવતા સુધારવા માટે જરૂરી નૂતન અભિગમો હાથ ધરે છે.
- પરીક્ષા પદ્ધતિના માળખામાં પણ ચોરીનું દૂષણ ઓછું કરવા માટે પણ નૂતન અભિગમો હાથ ધરે છે.

(7) શાળા માટેના નીતિ નિયમો નક્કી કરવા :

- શાળા માટેના નીતિ નિયમો નક્કી કરવા તેમાં જરૂરી સુધારા વધારા સૂચવવા વગેરે.

(8) નવી માધ્યમિક શાળા મંજૂર કરવાં :

- જે મંડળો એ નવી શાળા શરૂ કરવા અંગે પરવાનગી માગી હોય તે શાળાની અરજીના આધારે સ્થળ તપાસ કરે છે.
- સ્થળ તપાસ કરતાં યોગ્ય લાગે તો શાળા શરૂ કરવાની મંજૂરી આપે છે. ના મંજૂર કરવાની સત્તા પણ બોર્ડને છે.

(9) શાળામાં વિદ્યાર્થી પ્રવેશ બઢતીના નિયમો નક્કી કરવાં :

- શાળામાં વિદ્યાર્થી પ્રવેશ તેમજ બઢતીના નિયમો નક્કી કરવાની સત્તા બોર્ડની છે.

- વિદ્યાર્થીઓને પ્રવેશ કેવી રીતે આપવો વિદ્યાર્થીને વર્ગ બઢતી આપવા માટે શું કરવું વગેરે બોર્ડ નક્કી કરે છે.

(10) પરીક્ષા અને મૂલ્યાંકન કાર્ય કરવું :

- ધો. 10 અને 12 ની પરીક્ષા લેવી તેનું મૂલ્યાંકન કરવું, તેમજ અન્ય પરીક્ષાઓ લેવી અને તેનું મૂલ્યાંકન કરવાનું કાર્ય કરે છે.

(11) નિમણૂંકની લાયકાત નક્કી કરવી :

- શાળાના કર્મચારીઓની નિમણૂંકની લાયકાત નક્કી કરે છે.
- નિમણૂંક માટેની ગુણાંકન યોજના નક્કી કરે છે.

(12) નોકરીની શરતો નક્કી કરવી :

- કર્મચારીઓ માટે નોકરીની શરતો નક્કી કરે છે. ખાસ કરીને શિક્ષકો માટે નોકરીની શરતો નક્કી કરવાનું કામ બોર્ડનું છે. કામના દિવસો પણ નક્કી કરે છે.

(13) ભૌતિક સગવડ વધારવા ભલામણ કરવી :

- શાળામાં ભૌતિક સગવડ વધારવા માટે ભલામણ કરે છે. શાળામાં પૂરતી સગવડ ન હોય તો પૂરતી કરવાની વ્યવસ્થા કરવાનું સૂચન કરે છે.

(14) વિદ્યાર્થીના વિકાસ માટે પ્રોત્સાહન પૂરું પાડવું :

- શાળામાં વિદ્યાર્થીઓના વિકાસ માટેના કાર્યક્રમો હાથ ધરવા જણાવે છે. તે માટે જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડે છે.

(15) બજેટ તૈયાર કરવું :

- બોર્ડનું વર્ષ દરમિયાન જે કંઈ ખર્ચાઓ થાય તે અંગેનું બજેટ તૈયાર કરવાની સત્તા બોર્ડની છે.
- વર્ષ દરમિયાન કયાં વિભાગમાં કેટલો ખર્ચ થશે તેનું બજેટ તૈયાર કરે છે.

(16) જરૂરી પ્રોજેક્ટ હાથ ધરવા :

- શાળાના વિકાસ માટે ગુણવત્તા સુધારવા નવા નવા પ્રોજેક્ટ હાથ ધરે છે.

(17) માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ સામયિકનું પ્રકાશન કરવું :

- બોર્ડ દ્વારા માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ સામયિક પ્રકાશન કરવાનું કાર્ય કરે છે, જેમાં બોર્ડના નીતિ નિયમો તથા શિક્ષણને લગતી બાબતો આવે છે.

(18) પરીક્ષાનું આયોજન કરવું :

- ધો. 10 અને 12 પરીક્ષાનું આયોજન કરવાનું કામ કરે છે. પરીક્ષામાં ચોરી ન થાય તે માટે જરૂરી આયોજન વિચારે છે.

(19) પરિણામ સુધારવા જરૂરી માર્ગદર્શન આપવું :

- જે શાળાનું પરિણામ ઓછું આવતું હોય તે શાળાનું પરિણામ સુધારવા જરૂરી માર્ગદર્શન આપવાની સત્તા છે.
- શિક્ષકો અને આચાર્યને તે માટે તાલીમની વ્યવસ્થા પણ ગોઠવે છે.

(20) શિક્ષણમાં ગુણવત્તા સુધારવા પ્રયત્ન કરવા :

- શાળાની ગુણવત્તા સારી કઈ રીતે બને તે માટેના કાર્યક્રમો નક્કી કરે છે, તે માટે તાલીમ પણ ગોઠવે છે.

(21) શાળા માટે વાર્ષિક આયોજન નક્કી કરવું :

- ગુજરાતમાં આવેલ શાળાઓનું વાર્ષિક આયોજન નક્કી કરે છે. કામના દિવસો, શાળાનો

સમય, પરીક્ષાઓ, સમયપત્રક, રજાઓ, વેકેશન વગેરે.

(22) વિદ્યાર્થીના પરિણામ અંગે અસંતોષ દૂર કરવા પ્રયત્ન કરવા.

- વિદ્યાર્થીને પરિણામ અંતે અસંતોષ હોય તો તે દૂર કરવા પ્રયત્ન કરે છે.
- વિદ્યાર્થીની અરજીને આધારે વિદ્યાર્થીને પેપર જોવાની પરવાનગી આપે છે.

(23) લાયબ્રેરીના પુસ્તકો માટે ભલામણ કરવી :

- શાળાની લાયબ્રેરીમાં નવા નવા પુસ્તકો માટે ભલામણ કરવાની સત્તા છે. તે અંગેના નીતિ નિયમો નક્કી કરે છે.

(24) વાલીની નોકરીને કારણે અન્ય કોઈ કારણસર સ્થળ ફેરફાર કરવા માટેના નિયમો નક્કી કરે છે.

(25) શાળા પત્રકો રાખવા નિયમન કરવું :

- શાળામાં જરૂરી પત્રકો રાખવા માટેની ભલામણ કરે છે.
- શાળા પત્રકોનું જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા ઓડિટ કરાવે છે.
- દા.ત વર્ગ રજિસ્ટર, જનરલ રજિસ્ટર, સંગ્રહિત પ્રગતિ પત્રક, શિક્ષકની ડાયરી અને અન્ય પત્રકો રાખવા અને તેને જાળવવા.

(26) શૈક્ષણિક તપાસણી કરાવવી :

- શાળામાં નક્કી કરેલાં પત્રકોની જાળવવી અને તપાસણી કરાવે છે.

(27) શાળા પાસેથી યોગ્ય માહિતી મેળવવી :

- શાળાને જરૂરી હોય તે બધી જ માહિતી મેળવવી

  દા.ત. ધો.10 અને 12ની પરીક્ષા અંગેની માહિતી

  વિદ્યાર્થી પ્રવેશ આંગેની માહિતી

  વિદ્યાર્થી સંખ્યા અંગે માહિતી

(28) પ્રમાણપત્રો આપવા :

- ધો.10 અને 12 ની પરીક્ષાના પ્રમાણપત્રો આપવા તેમજ અન્ય પરીક્ષાના પણ પ્રમાણપત્રો આપવાની સત્તા બોર્ડની છે.

(29) પરીક્ષા કાર્યના સંચાલન માટે ફરમાન કરવું :

- ધો.10 અને 12 ની જાહેર પરીક્ષાના સંચાલન માટે જરૂરી ફરમાન કરે છે.
- અન્ય બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાના સંચાલન અંગે ફરમાન કરે છે.
- મૂલ્યાંકન માટે પરીક્ષકોની નિમણૂંક કરવી વગેરે.

(30) ગેરરીતિના કેસોનો નિકાસ કરવો :

- ધો.10 અને 12 ની પરીક્ષામાં ગેરરીતિ કરતા પકડાયેલ વિદ્યાર્થીઓના કેસોનો નિકાલ કરવાની તપાસ કરવી. માહિતી મેળવવી અને તેનો નિકાલ કરવો.

(31) પોતાના ફંડનો વહીવટ કરવો :

- માધ્યમિક શિક્ષણબોર્ડ એક સ્વતંત્ર એકમ છે. તે પોતાનું બજેટ નક્કી કરે છે.
- બજેટનો નક્કી કરેલ પ્રમાણે ખર્ચ કરવાની સત્તા તેમની છે.

(32) વર્તણૂંક પર નિયંત્રણ રાખવું :

- શાળાના કર્મચારીઓ બોર્ડના કર્મચારી વગેરેના વર્તણૂંક પર નિયંત્રણ રાખે છે.

(33) નિમણૂંક માટે લાયકાત ધરાવતાં ઉમેદવારોનું નામ રજિસ્ટર કરવું અને જાળવવું :

- નિમણૂંક માટે લાયક ઉમેદવારના નામનું રજિસ્ટર કરી જાળવી રાખવાની સત્તા છે.

## 15.5 જિલ્લા ક્ષેત્રે શિક્ષણનું વહીવટી માળખું

↓

| | |
|---|---|
| ↓ | ↓ |
| જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) | આચાર્ય સંઘો |
| ↓ | ↓ |
| શિક્ષણ અધિકારી (એજ્યુકેશન ઈન્સ્પેક્ટર) (E.I) | માધ્યમિક શિક્ષક સંઘો |
| | ↓ |
| | માધ્યમિક શાળાના આચાર્યો |
| ↓ | ↓ |
| મદદનીશ શિક્ષણ નિરીક્ષકો | વાલીઓ |
| ↓ | ↓ |
| (ડેપ્યુટી એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર) (D.E.I) | વિદ્યાર્થીઓ |
| ↓ | |
| અન્ય વહીવટી કર્મચારીઓ જુનિયર ઓફિસ સુપરિન્ટેન્ડન્ટ | |
| ↓ | |
| હેડ ક્લાર્ક | |
| ↓ | |
| સ્ટાફ | |

### 15.5.1 પ્રસ્તાવના

**પ્રથમ વિભાગ**

- જિલ્લા શિક્ષણ અધિકારી તેમના હાથ નીચે શિક્ષણ અધિકારી (Educational Inspector)
- 100 શાળાઓએ એકની શિક્ષણ અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવે છે, જે શાળાઓનું નિરીક્ષણ કરવાનું કાર્ય કરે છે.
- શિક્ષણ અધિકારી (EI) ના હાથ નીચે મદદનીશ શિક્ષણ નિરીક્ષકો હોય છે. શાળા નિરીક્ષણ નું કાર્ય કરે છે. શિક્ષણ અધિકારી જે પ્રમાણે સૂચના આપે તે પ્રમાણે શાળાઓનું નિરીક્ષણ કાર્ય કરે છે.
- કાર્યાલયમાં કામ કરતા વહીવટી કર્મચારી અને ક્લાર્ક હોય છે. તે કાર્યાલયનું વહીવટી કાર્ય કરે છે.

: બીજો વિભાગ :

- જિલ્લા કક્ષાએ શાળાનો વહીવટ બરાબર ચાલે તે માટે આચાર્ય સંઘો, માધ્યમિક શિક્ષક સંઘો, હાયર સેકન્ડરી શિક્ષક સંઘ, માધ્યમિક શાળાના આચાર્યો, વાલીઓ, વિદ્યાર્થીઓ વગેરે હોય છે.

- જિલ્લા શિક્ષણ અધિકારીના કાર્યમાં બીજો વિભાગ મદદરૂપ થાય છે.

### 15.5.2 જિલ્લા શિક્ષણ અધિકારીના કાર્યો

જિલ્લા શિક્ષણ અધિકારીના કાર્યો નીચે મુજબ છે :

(1) નિરીક્ષણ કાર્ય કરવું :

- જિલ્લાનું માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું નિરીક્ષણ કાર્ય કરે છે. નિરીક્ષણ કાર્ય દરમિયાન જોવા મળતી બાબતો અંગે જરૂરી માર્ગદર્શન આપે છે.

(2) નવી શાળાની માન્યતાઓ માટે ભલામણ :

- જિલ્લામાં નવી શાળા શરૂ કરવા માટે શાળાઓની ચકાસણી કરવી, ચકાસણી કરીને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરને ભલામણ કરે છે.

(3) વાર્ષિક પરીક્ષાના કાર્યમાં મદદરૂપ થવું :

- ધો.10 અને 12 ની વાર્ષિક પરીક્ષાના કાર્યના કાર્યમાં માધ્યમિક શિક્ષણ દ્વારા જે સૂચના મળે તે પ્રમાણે જિલ્લા કક્ષાએ પરીક્ષાના સેન્ટરની વ્યવસ્થા સ્કૉડ, નિયંત્રણ કરે છે.

(4) પ્રાથમિક વિભાગની શાળાઓને મદદરૂપ થવું :

- જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત તથા હાઈસ્કૂલ સાથે સંકળાયેલ પ્રાથમિક વિભાગની શાળાઓને મદદરૂપ થવું.

(5) પછાત વર્ગના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવી :

- પછાત વર્ગના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મંજૂર કરી જે તે શાળાઓને ચૂકવવી.

(6) જાહેર પરીક્ષાઓમાં મદદરૂપ :

- રાજ્ય સરકાર દ્વારા લેવાની જાહેર પરીક્ષાઓના સંચાલનમાં સહાયરૂપ થવું દા.ત. પી.ટી.સી., ડ્રોઈંગ, સ્કોલરશીપ

(7) સરકારી હોસ્ટેલની વ્યવસ્થા :

- સરકારી હોસ્ટેલ માટેની જે કામગીરી થાય છે તેનું નિરીક્ષણ કરવું.
- માધ્યમિક શાળા સાથે સંકળાયેલ સરકારી હોસ્ટેલની કામગીરી જોઈ મૂલ્યાંકન કરવું.

(8) સેમિનારનું આયોજન :

- જરૂરિયાત મુજબ શાળાના આચાર્યો, શિક્ષકો, વગેરે માટે સેમિનાર, વર્કશોપ, પરિસંવાદો, જૂથચર્ચા, ચર્ચાસભા વગેરે યોજવાં.

(9) ફરિયાદના નિકાલ માટે માર્ગદર્શન :

- શાળાના આચાર્યો, શિક્ષકો, બિનશૈક્ષણિક કર્મચારી, મંડળો વગેરેની ફરિયાદો સાંભળી અને તેના નિકાલ માટેની વ્યવસ્થા અને માર્ગદર્શન આપવાનું કાર્ય કરે છે.

(10) સતત સંપર્ક જાળવવો :

- શાળાના આચાર્યો, શિક્ષકો, મંડળો, વિદ્યાર્થીઓ વગેરેનો સતત સંપર્ક વધે તે માટે જરૂરી પ્રયાસો કરવા.

(11) કર્મચારીઓની પસંદગીમાં હાજરી આપવી :

- જિલ્લા કક્ષાએ કર્મચારીઓની પસંદગી કરવામાં આવે છે. ત્યાં જે જગ્યા માટે પસંદગી સમિતિમાં હોય ત્યાં જગ્યા માટે હાજરી આપવાનું કાર્ય કરે છે.

(12) જરૂરી માર્ગદર્શન કાર્ય :

- જિલ્લામાં આવેલ શાળાઓનું, અધ્યાપન મંદિરોનું નિરીક્ષણ કરવું અને જરૂરી માર્ગદર્શન આપવાનું કાર્ય કરે છે.

(13) ઓડિટ કાર્ય કરવું :

- શિક્ષણ વિભાગમાંથી શાળાઓને જે ગ્રાન્ટ મળે છે તે ગ્રાન્ટ અંગેનું ઓડિટ કરવું, ગ્રાન્ટની ચૂકવણી કરવી વગેરે.

(14) સરકારી શાળામાં કર્મચારીની વ્યવસ્થા કરવી :

- જિલ્લામાં જે સરકારી શાળાઓ આવેલ હોય તે શાળાના કર્મચારીઓની નિમણૂંક કરવી, બદલી કરવી વગેરે.

## 15.6 રાજ્યમાં મફત સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનું તંત્ર

**રાજ્યમાં મફત સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનું તંત્ર**

↓

| સચિવાલય | પ્રાથમિક વિભાગ | શિક્ષણ નિયામક |
|---|---|---|
| ↓ | ધોરણ 1 થી 8 ના વર્ગો | કચેરી - DI |
| શિક્ષણ પ્રધાન | ધોરણ 1 થી 5 પૂર્વ પ્રાથમિક | ↓ |
| ↓ | ધોરણ - 6 થી 8 | શિક્ષણ નિયામક |
| નાયબ શિક્ષણ પ્રધાન | અપર પ્રાથમિક | ↓ |
| ↓ | રાજ્યની તમામ | સહશિક્ષણ |
| શિક્ષણ સચિવ | પ્રાથમિક શાળાઓ | નિયામક (શાળાઓ) |
| સંયુક્ત શિક્ષણ સચિવ | | ↓ |
| ↓ | | ઉપશિક્ષણ નિયામકશ્રીઓ |
| નાયબ શિક્ષણ સચિવ | | ↓ |
| ↓ | | ↓ પ્રાથમિક શિક્ષણ / ↓ માધ્યમિક શિક્ષણ / ↓ ઉચ્ચ શિક્ષણ અને તાંત્રિક શિક્ષણ / ↓ સ્ત્રીશિક્ષણ |
| એક્રેટરીમ | | |
| ↓ | | |
| સેક્શન ઓફિસર | | |

- ઉપરોક્ત આકૃતિમાં બતાવ્યા પ્રમાણે રાજ્યમાં મફત સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનું તંત્ર ગોઠવાયેલ છે, જે ત્રણ વિભાગમાં ગોઠવાયેલ છે.

(1) સચિવાલય

(2) પ્રાથમિક વિભાગ

(3) શિક્ષણ નિયામક

આમ ત્રણ વિભાગમાં વહેંચાયેલ છે.

**(1) સચિવાલય :**

- સચિવાલય પ્રથમ વિભાગ આવેલ છે, તેમાં શિક્ષણ પ્રધાન, નાયબ શિક્ષણ પ્રધાન, શિક્ષણ સચિવ, સંયુક્ત શિક્ષણ સચિવ, નાયબ શિક્ષણ સચિવ, સેક્રેટરી સેક્શન ઑફિસર વગેરે વિભાગ આવેલ છે.

- પ્રાથમિક વિભાગ અંગેના સર્વ નિર્ણયો આ વિભાગ દ્વારા લેવામાં આવે છે. કેન્દ્ર શિક્ષણ વિભાગ દ્વારા જે નિર્ણયો લેવામાં આવેલ હોય તેનો અમલ આ વિભાગ દ્વારા લેવામાં આવે છે.

- શિક્ષકોની નિમણૂંક તાલીમ, નવા અભ્યાસક્રમ વગેરે આ વિભાગ દ્વારા નક્કી કરવામાં આવે છે.

**(2) પ્રાથમિક વિભાગ :**

- નવા વિભાગ પ્રમાણે

  ધોરણ - 1 થી 5 પૂર્વ પ્રાથમિક વિભાગ

  ધોરણ - 6 થી 8 અપર પ્રાથમિક વિભાગ

**(3) શિક્ષણ નિયામક :**

- આ વિભાગમાં શિક્ષણ નિયામક, સહશિક્ષણ નિયામક, ઉપશિક્ષણ નિયામકશ્રીઓ, તેના હસ્તક ચાર વિભાગ આવેલ છે.
- સચિવાલય દ્વારા જે નિર્ણય લેવામાં આવે તેનો અમલ કરવાનું કાર્ય આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. પ્રાથમિક શિક્ષણ વિભાગની દેખરેખ રાખે છે.

## 15.7 રાજ્યના જિલ્લા શિક્ષણ અધિકારીઓ

**રાજ્યના જિલ્લા શિક્ષણ અધિકારીઓ**

↓

| | | | | |
|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી | જિલ્લા પ્રાથમિક સમિતિ | નગરપાલિકા પ્રાથમિક શિક્ષણ સમિતિ | આચાર્ય તાલીમ સંસ્થા | આચાર્ય માધ્યમિક શાળા |
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| શિક્ષણ નિરીક્ષક | અધ્યક્ષ | અધ્યક્ષ, મંત્રી | બિનસરકારી તાલીમ સંસ્થા | સરકારી માધ્યમિક શાળા |
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| મદદનીશ શિક્ષણ નિરીક્ષક | મંત્રી | શાસનાધિકારી | સરકારી તાલીમી સંસ્થા | બિનસરકારી માધ્યમિક પ્રાથમિક વિભાગ |
| ↓ | ↓ | ↓ | | |
| હિસાબનીશ | શાસનાધિકારીઓ (A.O) | મદદદનીશ શાસનાધિકારી | | |
| ↓ | ↓ | ↓ | | |
| કારકુનો | મદદનીશ શાસનાધિકારી (A.A.O) | શાળા નિરીક્ષકો | | |
| | ↓ | ↓ | | |
| | ભાગ શિક્ષણાધિકારીઓ (A.E.I) | પ્રાથમિક શાળાના આચાર્યો | | |
| | ↓ | ↓ | | |
| | તાલુકા શિક્ષણ સમિતિ | શિક્ષકો | | |
| | ↓ | ↓ | | |
| | | સેવકો | | |

તાલુકા શિક્ષણ સમિતિ

↓

અધ્યક્ષ, મંત્રી તથા સભ્યો

↓

તાલુકા કેળવણી નિરીક્ષક

↓

↓ સિનિયર ક્લાર્ક → ↓ બે જુનિયર ક્લાર્ક તથા સેવકો

↓ ગ્રામ્ય શિક્ષણ સમિતિ

↓

અધ્યક્ષ, મંત્રી તથા સભ્યો

↓

પ્રાથમિક શાળાના આચાર્યો

↓

શિક્ષકો

- રાજ્યના જિલ્લા શિક્ષણ અધિકારીઓ પાંચ વિભાગમાં આકૃતિ પ્રમાણે નક્કી કરવામાં આવેલ છે. દરેક વિભાગ પોતાને સોંપેલ કાર્ય પ્રમાણે કાર્ય કરે છે.

## 15.8 સારાંશ

- દરેક રાજ્યમાં શિક્ષણનું માળખું સ્વતંત્ર હોય તે રીતે ગોઠવાયેલું હોય છે. રાજ્યનું શિક્ષણનું માળખું તે કેન્દ્રના શિક્ષણના માળખાને ધ્યાનમાં રાખી ગોઠવાયેલું હોય છે. તે શિક્ષણ વિશે જે પ્રમાણે સલાહ સૂચન અને માર્ગદર્શન આપવામાં આવે તે પ્રમાણે વહીવટ કરવાનો છે.
- કેન્દ્ર લેવલે શિક્ષણમાં જે ફેરફાર થાય તે પ્રમાણે ફેરફાર કરવા માટે રાજ્યના શિક્ષણ વિભાગને સૂચન કરે છે.
- રાજ્ય શિક્ષણ વિભાગ કેન્દ્ર શિક્ષણ દ્વારા જે કાંઈ સૂચન કરવામાં આવેલ હોય તેને ધ્યાનમાં રાખી ફેરફાર કરવાનું વિચારે છે.
- દા.ત. નવો અભ્યાસક્રમ અમલમાં મૂકવો, તે માટે અભ્યાસક્રમ બનાવી રાજ્યના શિક્ષણ વિભાગને જણાવે છે, શિક્ષણ વિભાગ કેન્દ્રના શિક્ષણ વિભાગને ધ્યાનમાં લઈ જરૂરી ફેરફાર કરે છે.

## 15.9 એકમ સ્વાધ્યાય

(1) ગુજરાતમાં શિક્ષણનું રાજ્ય કક્ષાનું માળખું આકૃતિ દોરી જણાવો.

(2) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરના કાર્યો જણાવો.

(3) શિક્ષણ નિયામકના કાર્યો જણાવો.

(4) માધ્યમિક શિક્ષણ બોર્ડનું માળખું જણાવો.

(5) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણબોર્ડની રચના જણાવો.

(6) માધ્યમિક શિક્ષણ ધારાનું મહત્ત્વ જણાવો.

(7) ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની સત્તા અને ફરજો જણાવો.

(8) જિલ્લા શિક્ષણ અધિકારીના કાર્યો જણાવો.

## 15.10 તમારી પ્રગતિ ચકાસો

- આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો

(1) ગુજરાત માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક બોર્ડનું વડું મથક ક્યાં આવેલું છે ?

(1) અમદાવાદ (2) વડોદરા

(3) ગાંધીનગર (4) સુરત

(2) ગુજરાત રાજ્યમાં માધ્યામિક શિક્ષણ બોર્ડની સ્થાપના કઈ સાલમાં કરવામાં આવી હતી ?

(1) 1962 (2) 1968

(3) 1973 (4) 1976

(3) માધ્યમિક શિક્ષણ બોર્ડ કેટલા પ્રકારના સભ્યોનું બનેલું હોય છે ?

(1) બે (2) ત્રણ

(3) ચાર (4) ઉપર જણાવેલ ત્રણેયમાંથી એકપણ નહીં.

- મુદ્દાસર જવાબ લખો, તમારા ઉત્તરો નીચે આપેલ જગ્યામાં લખો.

(1) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરના કોઈ પણ બે કાર્ય લખો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) શિક્ષણ નિયામકના કોઈ પણ બે કાર્ય જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) 'માધ્યમિક શિક્ષણ બોર્ડના મહત્ત્વના' કોઈ પણ બે મુદ્દા જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(4) જિલ્લા શિક્ષણ અધિકારીના કોઈ પણ બે કાર્ય જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 15.11 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

(1) બહુ વિકલ્પ પ્રશ્નોના સાચા ઉત્તરો.

(1) (3) ગાંધીનગર

(2) (3) 1973

(3) (2) ત્રણ

## 15.12 સૂચિત વાંચન સામગ્રી


(1) બારૈયા વી. વી : ગુણવત્તા સુધારણા માટેની સંસ્થાઓ, ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ.

(2) બારૈયા વી. વી : શાળા સંચાલન, પ્રતીક પ્રકાશન, આણંદ

(3) રાવલ નટુભાઈ વી : શૈક્ષણિક વ્યવસ્થાપન અને શાળા સંગઠન, નીરવ પ્રકાશન, અમદાવાદ

એકમ 16

# રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું

## : રૂપરેખા :

**16.1 પ્રસ્તાવના**

**16.2 અભ્યાસક્રમ અર્થ અને સ્વરૂપ**

**16.3 રાષ્ટ્રીય અભ્યાસરૂપનું માળખું-લક્ષણો**

**16.4 અભ્યાસક્રમમાં હાર્દરૂપ બાબતો**

**16.5 રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986**

**16.5.1 પ્રસ્તાવના**

**16.5.2 રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો ઉદ્ભવ**

**16.5.3 રાષ્ટ્રીય શિક્ષણ નીતિના લક્ષણો**

**16.5.4 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ**

**16.5.5 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અપનાવવાનાં કારણો**

**16.5.6 રાષ્ટ્રીય શિક્ષણ નીતિની સમીક્ષા**

**16.5.7 રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અવરોધનાં પરિણામો.**

**16.5.8 રાષ્ટ્રીય શિક્ષણ નીતિની-1986 અનુસાર માધ્યમિક કક્ષાએ અમલમાં મૂકેલ કાર્યક્રમો**

**16.6 નવી શિક્ષણનીતિનું અમલીકરણ**

**16.7 સારાંશ**

**16.8 એકમ સ્વાધ્યાય**

**16.9 તમારી પ્રગતિ ચકાસો**

**16.10 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**16.11 સૂચિત વાંચન સામગ્રી**

---

- **ઉદ્દેશો :**

આ એકમનો અભ્યાસ કર્યા પછી..

(1) અભ્યાસક્રમનો અર્થ અને સ્વરૂપ સમજી શકશો.

(2) રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું સમજી શકશો.

(3) અભ્યાસક્રમના સામાન્ય હાર્દરૂપ તત્ત્વ સમજી શકશો.

(4) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-1986 સમજી શકશો.

(5) રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો ઉદ્ભવ સમજી શકશો.

(6) રાષ્ટ્રીય શિક્ષણ નીતિનાં લક્ષણો સમજી શકશો.

(7) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અપનાવવાના કારણો સમજી શકશો.

(8) રાષ્ટ્રીય શિક્ષણ નીતિની સમીક્ષા સમજી શકશો.

(9) રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અવરોધનાં પરિબળો સમજી શકશો.

(10) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986 અનુસાર માધ્યમિક કક્ષાએ અમલમાં મૂકેલ કાર્યક્રમો સમજી શકશો.

(11) નવી શિક્ષણ નીતિનું અમલીકરણ સમજી શકશો.

## 16.1 પ્રસ્તાવના

શાળા અભ્યાસક્રમ સમાજની આકાંક્ષાઓ અને આવશ્યકતાઓ પૂરી પાડનાર સબળ સાધન છે. શાળા અભ્યાસક્રમ સમયના સંદેશા સાથે પરિવર્તન અનુભવે છે. આ દર્શાવે છે કે તેમાં સમયે સમયે સુધારા કરવા પડે છે. આમ શાળા અભ્યાસક્રમને ના છૂટકે પણ ગતિપ્રેરક થવું પડ્યું છે, તેથી કદાચ તેની યોગ્ય સુસંગતતા ગુમાવવી પડે છે, તેથી દેશના સર્વ સામાન્ય અભિપ્રાયો અને અગ્રિમતાઓ અભ્યાસક્રમમાં યોગ્ય રીતે લક્ષમાં લેવાવાં જોઈએ.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-1986 શિક્ષણની પ્રક્રિયા અને વિષયવસ્તુના વિકાસ માટે નવી દિશાઓ સૂચવે છે. આ માર્ગદર્શન પ્રથમ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણના રાષ્ટ્રીય અભ્યાસક્રમમાં વિસ્તૃત કરવામાં આવ્યું છે. અભ્યાસક્રમનું માળખું એન.સી.ઈ.આર.ટી. દ્વારા વિકસાવવામાં આવ્યું છે. જો તમે આ મૉડ્યુલનો ધ્યાન પૂર્વક અભ્યાસ કરશો તો શાળા અભ્યાસક્રમ, રાષ્ટ્રીય સુસંગતતાઓ અને અગ્રિમતાઓ તથા રાષ્ટ્રીય વિકાસનાં ધ્યેયો વચ્ચેના આંતરસબંધો જાણી શકશો. તમે એ પણ સમજી શકશો કે સમયાન્તરે સુધારણા અથવા અભ્યાસક્રમના પરિવર્તન માટે આવશ્યકતા કેમ ઉદ્ભવે છે ? તમને રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું અને તેને અનુસરિત વિકાસ પામેલ વિકેન્દ્રિત અભ્યાસક્રમની પ્રક્રિયા સ્પષ્ટ થશે. રાષ્ટ્રીય તથા રાજય કક્ષાની અભ્યાસક્રમ વિકાસ કરતી સંસ્થાઓ દ્વારા અભ્યાસક્રમની થયેલી ચર્ચાવિચારણાના આદાનપ્રદાન કરવાની એક શિક્ષક તરીકે તમારે શિરે જવાબદારી છે. આ જવાબદારી તમારે વહન કરવાની છે, તેથી તમે રાષ્ટ્રીય અભ્યાસક્રમથી સુપરિચિત બનો તે ખૂબ જ આવશ્યક છે. અતઃ આ મૉડ્યુલ તમને રાષ્ટ્રીય અભ્યાસક્રમના માળખાની વિસ્તૃત સમજૂતી પૂરી પાડશે.

## 16.2 અભ્યાસક્રમ અર્થ અને સ્વરૂપ

- વર્ગખંડમાં અને વર્ગબહાર એક શિક્ષક તરીકે તમે તમારા વ્યવસાયિક જીવનનો મહત્ત્વનો સમય અભ્યાસક્રમની ચર્ચાવિચારણામાં વિતાવો છો. તમારા વિદ્યાર્થીઓ સાથે તમે સહ-શૈક્ષણિક તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરતા હશો. વિદ્યાર્થીઓ આ પ્રવૃત્તિઓનો ઉપયોગ એક સ્પ્રિંગબોર્ડની માફક નવા જ્ઞાનની પ્રાપ્તિ, યોગ્ય વલણોના વિકાસ તથા કૌશલ્યોના વિકાસ માટે કરે છે.

- પ્રવૃત્તિઓની યાદી તરફ દષ્ટિપાત કરતાં સમજાશે કે બાળકોને અધ્યયન અનુભવો પૂરાં પાડવાનું આ એક અસરકારક સાધન છે. આ પ્રવૃત્તિઓને સાંકળીને કોઈ સામાન્ય શબ્દનો તમે વિચાર કરી શકો છો ? જો તમે અભ્યાસક્રમ વિશે એવી સંકલ્પના વિચારી હોય તો તમે સાચા છો. આ ઉપરથી એક બાબત સ્પષ્ટ થાય છે કે શિક્ષણના ધ્યાનને સમજવા માટે શૈક્ષણિક સંસ્થાઓમાં અધ્યેતાઓ માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. અભ્યાસક્રમ આવી તમામ પ્રવૃત્તિઓ અને અનુભવોનો નિર્દેશ કરે છે.

- 'અભ્યાસરૂમ' શબ્દ ઘણી રીતે વપરાય છે, એ સામાન્ય રીતે નીચેની બાબતો દર્શાવે છે :
- અભ્યાસ માટે શાળાનો લેખિત પાઠ્યક્રમ અને અન્ય અભ્યાસક્રમની બાબતો.
- વિદ્યાર્થીઓને શીખવવાના વિવિધ વિષયોનું વિષયવસ્તુ.
- શાળામાં આપવામાં આવતા વિવિધ પાઠ્યક્રમો.
- શાળામાં વિદ્યાર્થીઓને આપવામાં આવતા અધ્યયન અનુભવોનું સમગ્ર આયોજન.
- ઉપર દર્શાવેલ બધાં અર્થઘટનોનો સમાવેશ અભ્યાસક્રમમાં થાય છે, તે સ્થાપિત કરવું ઘણું સરળ છે અને છતાં અભ્યાસક્રમ આ બધાંથી કંઈક વધારે છે. એવું સ્ફુરિત થાય છે. એવું અવારનવાર

કહેવાય છે કે વ્યાખ્યાઓ શિક્ષણની આવી ચાવીરૂપ સંકલ્પનાની સમજ ઢાંકી દે છે. વ્યક્તિને સામાજિક કરવામાં શાળાની ભૂમિકા વિદ્યાર્થી અને તેના વિકાસનાં અને માહિતીના સ્વરૂપ વિશે આપણા વિચારોમાં ખૂબ જ પરિવર્તન આવ્યું છે, જેથી કરીને અભ્યાસક્રમની આ વ્યાખ્યાઓ હવે અપ્રસ્તુત બની ગઈ છે. અભ્યાસરૂમની કેટલીક જાણીતી વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

- અભ્યાસક્રમ એ અપેક્ષિત અધ્યયન નીપજોની માળખાબદ્ધ શ્રેણી છે. આ સ્પષ્ટીકરણ અધ્યયન અનુભવોને બદલે અધ્યયનની નીપજો ઉપર વધુ ભાર મૂકે છે, જે અભ્યાસક્રમની સંરચના કરે છે. આ નીપજો હેતુઓ સાથે જોડાયેલાં છે.

- અભ્યાસક્રમ એ ઔપચારિક શૈક્ષણિક અને તાલીમનાં પ્રયોજન માટેનું સુવ્યવસ્થિત માળખું છે.

- અભ્યાસક્રમ એ શિક્ષણના કાર્યક્રમો દ્વારા અધ્યેતાઓને વ્યક્તિગત અનુભવો આપે છે. અભ્યાસક્રમનો હેતુ વિશાળ લક્ષ્યાંકો અને સંપાદિત વિશિષ્ટ હેતુઓ મેળવવાનો છે, જેને સિદ્ધાંત અને સંશોધન કે ભૂતકાળ અને વર્તમાનમાં વ્યાવસાયિક રીતે માળખામાં ગોઠવવામાં આવ્યાં છે. આ રીતે અભ્યાસક્રમ એ સુઆયોજિત અધ્યયન અનુભવોની યાદી છે, જે શાળાના નિર્દેશ પ્રમાણે વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.

- **અભ્યાસક્રમનું પરિવર્તનશીલ સ્વરૂપ :**

- તમારામાંથી કેટલાંક ઘણાં લાંબા સમયથી અધ્યાપન કાર્ય સાથે સંકળાયેલાં હશે, તમે માહિતગાર હશો કે અમુક ચોક્કસ સમયના અંતરે શાળાના અભ્યાસક્રમમાં ફેરફારો અને સુધારાઓ થતા આવ્યા છે. વિષયવસ્તુ, આયોજન, શિક્ષણની પ્રક્રિયા અને વિદ્યાર્થીઓના મૂલ્યાંકન તેમજ શિક્ષણના હેતુઓને આ ફેરફારો, આ પરિવર્તન અસર કરે છે. આજે સર્જનાત્મક અને સ્વતંત્ર ચિંતન સામર્થ્ય વિકાસે અભ્યાસક્રમમાં અજોડ સ્થાન લીધું છે. એવો પણ સમય હતો કે જ્યારે વિજ્ઞાન અને ગણિત શાળાકીય અભ્યાસક્રમમાં ફરજિયાત વિષયો હતા નહીં, પરંતુ અત્યારે સામાન્ય શિક્ષણના તમામ તબક્કે શાળા અભ્યાસક્રમમાં આ વિષયો સાંકળી લેવામાં આવ્યા છે. શિક્ષણ પંચનો અહેવાલ (1964-66) જોતાં જણાશે કે સામાન્ય શિક્ષણના એક ભાગરૂપે અભ્યાસક્રમમાં કાર્યાનુભવની પ્રવૃત્તિઓને સામાન્ય શિક્ષણમાં સાંકળવામાં આવી હતી. વળી + 2 સ્તારે શિક્ષણના વ્યાવસાયીકરણને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું હતું. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસક્રમનું સ્વરૂપ પરિવર્તનશીલ છે, તેમાં સમાજની બદલાતી જરૂરિયાતો અને આકાંક્ષાઓ પ્રમાણે ફેરફાર કરવામાં આવે છે, સુધારા કરવામાં આવે છે.

- **સંબંધિત પ્રશ્નો અને અગ્રિમતા :**

- હવે એ ચિંતાનો વિષય બન્યો છે કે મોટા ભાગે આપણી શિક્ષણ પદ્ધતિ રાષ્ટ્રીય જરૂરિયાતો અને મહત્ત્વાકાંક્ષાઓને અનુકૂળ નથી. આપણી શિક્ષણ નીતિ રાષ્ટ્રીય આવશ્યકતાઓ અને આકાંક્ષાઓને પ્રતિભાવ આપવા શક્તિમાન નથી. તો આ આવશ્યકતાઓ અને આકાંક્ષાઓ કઈ છે ? આપણે સૌ સામ્યતા, સમાનતા અને ન્યાયના પાયા ઉપર રચાયેલાં નૂતન સમાજના વિકાસ માટે હૃદયપૂર્વક ઉત્કૃષ્ટ ઈચ્છા રાખીએ છીએ. આપણે વિવિધ ભાગલાવાદી તત્ત્વો જેવાં કે પ્રદેશવાદ, જાતિવાદ, ભાષાવાદ વગેરે સામે રાષ્ટ્રની એકતા અને અખંડિતતાને મજબૂત કરવાની જરૂર છે. આપણે આપણો સાંસ્કૃતિક વારસો સાચવી રાખવો પડશે. ચારિત્ર્ય ઘડતર, બંધારણ પ્રત્યેની ફરજોની જાગૃતિ, કુદરતી સંપત્તિની જાળવણી, પર્યાવરણનું રક્ષણ તથા નાના કુટુંબનો અભિગમ વિકસાવવા પર ભાર મૂકવાની ખાસ આવશ્યકતા છે. ખાસ કરીને મનુષ્યમાં વૈશ્વિક દૃષ્ટિકોણનો વિકાસ થાય તે જોવું પણ જરૂરી છે. આ ઉપરાંત શિક્ષણ દ્વારા આપણે વ્યક્તિને સુસંસ્કૃત બનાવવાની છે. તેનામાં શિક્ષણથી સ્વતંત્રતા, પ્રતિભાવિતતા વગેરે ગુણો પ્રસ્થાપિત થવાં જોઈએ. શિક્ષણની સુસંસ્કૃત ભૂમિકા, શુદ્ધ લાગણીશીલતા અને અનુભૂતિનો નિર્દેશ કરે છે. આનાથી રાષ્ટ્રીય એકતાની ભાવનાને વિકસાવી શકાય છે. આપણે સમાજમાં અને કેટલીક વ્યક્તિઓમાં વિનાશાત્મક વૃત્તિઓ અને પરિબળો જોઈએ છીએ. આનો યોગ્ય રીતે પ્રતિકાર કરવાની ક્ષમતા શિક્ષણથી વિકાસ પામે છે,

શિક્ષણ લેવાથી બાળક અજ્ઞાન અને વહેમોમાંથી મુક્ત થવો જોઈએ. જ્યારે એકતાની ભાવનાથી વિદ્યાર્થી સમાજમાં ભળી શકે છે, એકરૂપ બની શકે છે.

## 16.3 રાષ્ટ્રીય અભ્યાસ રૂપનું માળખું-લક્ષણો

રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું એ રાષ્ટ્રીય શિક્ષણ પદ્ધતિનું આવશ્યક અંગ છે. રાષ્ટ્ર કક્ષાએ આપણે અભ્યાસક્રમના માળખાને વિશાળ સ્વરૂપે વિકસાવીએ જેથી રાજ્ય સ્તરે તેઓ પોતાનો અભ્યાસક્રમ પોતાની રીતે કંડારવામાં પૂરતી છૂટછાટ લઈ શકે. રાષ્ટ્રીય સ્તરે તૈયાર કરેલ સમરૂપ અભ્યાસક્રમ દેશનાં વિવિધ રાજ્યો અને વિવિધ પ્રદેશોની માગણીઓ તથા આવશ્યકતાઓ સાથે સહસંબધિત ન પણ હોઈ શકે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માટે વિકસાવવામાં આવેલાં રાષ્ટ્રીય અભ્યાસક્રમના માળખાની પાયાની રૂપરેખા અથવા લક્ષણો નીચે પ્રમાણે છે :

1. રાષ્ટ્રીય વિકાસના લક્ષ્યાંકો સિદ્ધ કરવા માનવસાધનોનો વિકાસ.
2. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણના પ્રત્યેક તબક્કે તમામ અધ્યેતાઓ માટે વિસ્તૃત સ્વરૂપનું સામાન્ય શિક્ષણ.
3. પ્રારંભિક (નિમ્ન પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક) અને માધ્યમિક સ્તરે અધ્યયનની અભ્યાસની સર્વસામાન્ય યોજના.
4. 1986ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સૂચવ્યા પ્રમાણે સર્વસામાન્ય હાર્દરૂપ ક્ષેત્રો.
5. શિક્ષણના પ્રત્યેક તબક્કે ન્યૂનતમ અધ્યયન સિદ્ધિઓની વ્યાખ્યા.
6. અપેક્ષિત લઘુત્તમ અધ્યયન સિદ્ધિઓ પ્રાપ્ત કરવા વિષયવસ્તુ તથા અધ્યયન અનુભવોની ચોક્કસ રૂપરેખા.
7. અભ્યાસક્રમના અધ્યાપન દરમિયાન શિક્ષકકેન્દ્રી અભિગમને બદલે અધ્યેતાકેન્દ્રી અભિગમ.
8. પ્રવર્તમાન મૂલ્યાંકન પ્રથામાં ફેરફાર કરી અધ્યયનના સમગ્ર સમયગાળા દરમ્યાન શિક્ષણના બૌદ્ધિક તેમજ અન્ય પાસાંઓનું સંયોજન કરતી સતત, સર્વાંગી મૂલ્યાંકનની પ્રથા દાખલ કરવી.
9. 'નેશનલ ટેસ્ટિંગ સર્વિસ' જેવાં યોગ્ય તંત્રની સ્થાપના કરવી. જેનાથી દેશભરમાં પસંદગી અને વિકાસ માટેના સ્પર્ધાત્મક ગુણવત્તાવાળી ક્ષમતાના લક્ષ્યો નક્કી કરવા.
10. બધા જ અધ્યેતાઓની સિદ્ધિની સરખામણી માટે તેમના અધ્યાપનની ઢબ અને શાળાઓને ધ્યાનમાં લીધા સિવાય સમાન અભ્યાસક્રમ લાગુ પાડવો જોઈએ અને તેમને ઊર્ધ્વગામી અને સમાન્તર વિકાસ માટે માર્ગદર્શન મળવું જોઈએ.
11. તમામ શાળાઓ અને અવૈધિક અધ્યયનકેન્દ્રોને અભ્યાસક્રમને અસરકારક બનાવવા યોગ્ય ભૌતિક અને શૈક્ષણિક સુવિધાઓ પૂરી પાડવી.

## 16.4 અભ્યાસક્રમમાં હાર્દરૂપ બાબતો

- અભ્યાક્રમમાં નીચેની હાર્દરૂપ બાબતોનો સમાવેશ કરવામાં આવશે :

- ભારતની સ્વાતંત્ર્ય ચળવળને આવરી લેતો ઈતિહાસ
- બંધારણીય જવાબદારીઓ
- રાષ્ટ્રીયતાના ગૌરવને વધારનારી બાબતો
- રાષ્ટ્રનો સાંસ્કૃતિક વારસો
- લોકશાહી અને બિનસાંપ્રદાયિકતા
- દૂરંદેશિતા, જાતીય સમાનતા
- પર્યાવરણનું રક્ષણ

- સામાજિક ભેદભાવ દૂર કરવા
- નાના કુટુંબના લક્ષ્યાંકનું પાલન કરવું
- વૈજ્ઞાનિક વલણ કેળવવું

◆ શિક્ષણના દરેક ક્ષેત્રે અને દરેક કક્ષાએ, લઘુતમ અધ્યયન નીપજ નક્કી કરવી.

◆ અપેક્ષિત લઘુતમ અધ્યયન નીપજ પ્રાપ્તિ માટે, શિક્ષણ પ્રક્રિયામાં વિષયવસ્તુની પસંદગીમાં લચીલાપણું.

◆ અભ્યાસક્રમ વિનિમય શિક્ષક કેન્દ્રી નહીં પણ અધ્યેતાકેન્દ્રી.

◆ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક વિષયોના મૂલ્યાંકન માટે પરીક્ષા પદ્ધતિનું નવીનીકરણ.

◆ સમગ્ર રાષ્ટ્ર માટે વિષયક્ષેત્રો તથા અન્ય પસંદગી માટે નેશનલ ટેસ્ટ સર્વિસ જેવાં એક વ્યવસ્થિત તંત્રની સ્થાપના.

◆ અભ્યાસક્રમ એવો હોવો જોઈએ કે જેથી અધ્યેતા સમાંતર તથા ઊર્ધ્વગામી વિકાસ કરી શકે.

◆ દરેક શાળા તથા અવૈધિક શિક્ષણના કેન્દ્રોમાં અભ્યાસક્રમના વિનિમયની સગવડતા હોવી જોઈએ.

◆ **સામાન્ય હાર્દરૂપ તત્ત્વ :**

દેશમાં પ્રદેશવાદના પ્રતિરોધ માટે રાષ્ટ્રીયતાની ભાવના વિકસાવવાનાં પગલાં શોધવાની આવશ્યકતા ઊભી જ છે. આ શોધનો હજુ અંત આવ્યો નથી. હકીકત તો એવી છે કે અગાઉનાં વર્ષો કરતાં હાલનાં તબક્કે રાષ્ટ્રીય એકતાની વધારે જરૂર છે. ભારતીય બંધારણનાં પવિત્ર મૂલ્યો જેવાં કે રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો વિકાસ રાષ્ટ્રીય અભ્યાસક્રમ દ્વારા થાય તે માટે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં નમ્ર સૂચન કરવામાં આવ્યું છે. આ સંદર્ભમાં દસ હાર્દરૂપ સર્વસામાન્ય તત્ત્વો નક્કી કરવામાં આવ્યાં છે. અભ્યાસક્રમના આ સર્વ સામાન્ય હાર્દરૂપ તત્ત્વોનું અસરકારક યોગદાન દર્શાવે છે કે તે રાષ્ટ્રીય દષ્ટિબિંદુઓ અને મૂલ્યોને પ્રસ્થાપિત કરશે. આ સિદ્ધ કરવા દસ હાર્દરૂપ તત્વોમાં નીચે પ્રમાણે વિષયવસ્તુને અંગભૂત રીતે વણી લેવાનું નક્કી કરવામાં આવ્યું છે :

1. ભારતની આઝાદીની ચળવળનો ઈતિહાસ.
2. બંધારણીય બાંહેધરીઓ.
3. રાષ્ટ્રીયતાની ભાવનાના પોષણ માટે આવશ્યક વિષયવસ્તુ
4. ભારતનો સામાન્ય વારસો
5. સમાનતા, લોકશાહી અને બિનસાંપ્રદાયિકતા.
6. જાતીય સમાનતા
7. પર્યાવરણનું રક્ષણ
8. સામાજિક વાડાબંધીનું નિવારણ
9. નાના કુટુંબના ધોરણોનું પાલન
10. વૈજ્ઞાનિક દષ્ટિનું નિર્માણ

◆ **મૂલ્યાંકન :**

આપણી ધો.10 અને ધો.12ના અંતે લેવાતી જાહેર પરીક્ષાઓ અને દરેક વર્ષના અંતે લેવાતી કક્ષાવાર પરીક્ષાઓમાં કોઈપણ પ્રકારનું સમતુલન જોવા મળતું નથી. આ પરીક્ષાઓ મૌખિક અભિવ્યક્તિ કરતાં લેખિત અભિવ્યક્તિ ઉપર વિશેષ ભાર મૂકે છે. તેમાં યાદદાસ્ત, જ્ઞાન જેવી નિમ્ન કક્ષાની માનસિક શક્તિઓની કસોટી કરવામાં આવે છે. જ્યારે સ્વતંત્ર વિચારસરણી, સર્જનાત્મક કલ્પનાશક્તિ વગેરે પાસાંઓને સ્પર્શ કરવામાં આવતો નથી. હાલની પરીક્ષા પદ્ધતિ શૈક્ષણિક વિષયો

માટે યોગ્ય છે, પરંતુ કાર્યાનુભવ, શારીરિક શિક્ષણ જેવાં વિષયોને તેમાં ન્યાય મળી શકતો નથી. બૌદ્ધિક શક્તિઓનું માપન આવી પરીક્ષા લેવાથી થાય છે. જ્યારે વ્યક્તિત્વના પાસાંની ઉપેક્ષા થાય છે. આ ઉપરાંત પરીક્ષાના ગુણની વિશ્વસનીયતા અને યોગ્યતા માટે ઘણાં ગંભીર ભયસ્થાનો છે. રાષ્ટ્રીય શિક્ષણની નીતિ-1986 અને રાષ્ટ્રીય અભ્યાસક્રમના માળખાએ મૂલ્યાંકન પદ્ધતિથી આ ખામીઓ તરફ ધ્યાન દોર્યું છે. રાષ્ટ્રીય શિક્ષણની નીતિમાં મૂલ્યાંકનની સંકલ્પના આંતરિક, સતત, સર્વગ્રાહી મૂલ્યાંકન એવી કરવામાં આવી છે. આંતરિક મૂલ્યાંકનની પદ્ધતિમાં શિક્ષક મૂલ્યાંકનની વિવિધ પ્રયુક્તિઓ અજમાવી શકે છે, તેમાં મૌખિક પરીક્ષાઓનો પણ સમાવેશ થઈ શકે છે. સતત મૂલ્યાંકન દ્વારા સમગ્ર પાઠ્યક્રમને સુગમતાથી આવરી લેવા ઉપરાંત વિવિધ પ્રકારના અન્ય હેતુઓનું પણ મૂલ્યાંકન કરી શકાય છે. તપાસણીની વિવિધ પ્રવિધિઓનો આમાં ઉપયોગ થઈ શકે છે. સર્વગ્રાહી મૂલ્યાંકન દ્વારા અધ્યેતાના વ્યક્તિત્વના પાસાં ઉપરાંત ક્રિયાત્મક પાસાંને પણ આવરી લેવામાં આવે છે.

**ક્રિયા-પ્રતિક્રિયાત્મક અધ્યાપન :**

એક શિક્ષક તરીકે તમારા વર્ગખંડમાં તમને અભ્યાસક્રમનું આદાનપ્રદાન કરવાનો અનુભવ હશે. તમે એ બાબતમાં સંમત હશો કે મોટા ભાગના વર્ગખંડોમાં અભ્યાસક્રમના આદાન પ્રદાનની ઢબ વિવિધ શક્તિઓ અને કૌશલ્યો કેળવવા માટે સમતુલિત નથી. તે અભ્યાસક્રમમાં દર્શાવેલ હેતુઓ સાથે પણ સુસંગત નથી. અભ્યાસક્રમના હેતુઓની યાદીમાં સ્વતંત્ર વિચારસરણી, મૌલિકતા, ઉત્પાદક્તા, વિવેચનાત્મક વિચારસરણી અને વૈજ્ઞાનિક અભિગમનો વિકાસ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે, પરંતુ વ્યવહારમાં આ શક્તિઓ કેળવવા ખૂબ ઓછું ધ્યાન અપાય છે. હાલની અધ્યાપનની પ્રવર્તમાન પદ્ધતિ માત્ર માહિતી પૂરી પાડે છે, જેમાંથી સ્વતંત્ર ચિંતનને બદલે યાદશક્તિ ઉપર વધારે ભાર મૂકવામાં આવે છે. એક છેડે ઊભા રહી શિક્ષકો માહિતી આપે છે અને વિદ્યાર્થીઓ તે ઝીલે છે. આ અધ્યાપન પદ્ધતિ શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે ક્રિયા અને પ્રતિક્રિયાના અભાવથી ભરેલી છે. આ અભિગમ માટે મોટા ભાગે પ્રવર્તમાન બાહ્ય પરીક્ષા પદ્ધતિ જવાબદાર છે.

રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું શિક્ષકની માત્ર માહિતી પ્રદાન કરનારની ભૂમિકામાં ફેરફાર સૂચવે છે અને તેને અધ્યયનનો માર્ગદર્શક ગણે છે. શિક્ષક અને વિદ્યાર્થીના ક્રિયા પ્રતિક્રિયાત્મક આધારિત અધ્યાપનની વ્યૂહરચનામાં વિવિધ રીતો અજમાવવી જોઈએ તેવું જોવામાં આવ્યું છે અને તેમાં અધ્યાપક અધ્યેતાને વિવિધ પ્રવૃત્તિઓમાં સામેલ કરવાં જોઈએ. જેવી કે નિરીક્ષણ, સાહિત્યનું એકત્રીકરણ, સાધનો અને માહિતી, નિદર્શન અને પ્રયોગો, પરિયોજના માટેનું ગૃહકાર્ય, રમતગમત પ્રવૃત્તિઓ, શૈક્ષણિક રમતો, શૈક્ષણિક પ્રવાસ પર્યટનો, અભિનય અને નાટ્યીકરણ, સમૂહ ચર્ચા, સમૂહ પ્રવૃત્તિઓ, વાર્તાલાપ, ચર્ચા, આગમન નિગમન અધ્યાપન પદ્ધતિ, સમસ્યા ઉકેલ પદ્ધતિ, સંશોધન અધ્યયન વગેરે.

અધ્યાપનની આ પ્રકારની વ્યૂહરચનાથી અભ્યાસક્રમને બાળકેન્દ્રી બનાવી શકાશે.

- **પુનરાવલોકન અને પ્રતિપોષણ :**

1. આપણે રાષ્ટ્રીય કક્ષાએ અભ્યાસક્રમ માળખું શા માટે વિકસાવવું જોઈએ ?
2. વિકેન્દ્રિત અભ્યાસક્રમ ઘડવાથી શા લાભ છે ?
3. અભ્યાસક્રમ વિકાસમાં શિક્ષક શો ફાળો આપી શકે ?
4. અભ્યાસક્રમના હાર્દરૂપ વિષયોમાં ઉમેરી શકાય તેવા કેટલાંક અન્ય વિષયોનાં નામ આપો.
5. કેળવણીની પદ્ધતિઓમાં શા સુધારા કરવાની જરૂર છે ? ચર્ચા કરો.

- **અધ્યાપનના વિસ્તરણ અંગેનાં સૂચનો :**

1. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-1986નો અભ્યાસ કરો અને તેનાં મુખ્ય લક્ષણો શોધો.

2. રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાનો અભ્યાસ કરો અને તેમાં ભલામણ કરવામાં આવેલી વિવિધ બાબતો ઉપર તમારો મત દર્શાવો.

3. સેવાકાલીન તાલીમ દરમ્યાન તમે જે શિક્ષણ પદ્ધતિઓનાં પુસ્તકોનો અભ્યાસ કર્યો છે તેને ફરીથી જોઈ જાવ.

◆ **શાળાની પરિસ્થિતિને અનુરૂપ અનુકાર્ય પ્રવૃત્તિઓ :**

1. પ્રવર્તમાન અભ્યાસક્રમ અંગે તમારાં શાં સૂચનો છે ?

2. તમારા વર્ગને ધ્યાનમાં રાખીને તમે શીખવતા હો તે વિષયના અભ્યાસક્રમ સુધારવા માટેનાં તમારાં સૂચનો આપો.

3. તે વ્યક્તિગત વૃદ્ધિ અને સામાજિક વિકાસની જરૂરિયાતને અનુરૂપ હોય તેમ તમને લાગે છે ?

## 16.5 રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986

### 16.5.1 પ્રસ્તાવના

વ્યક્તિ અને સમાજના સર્વાંગીણ વિકાસ માટે શિક્ષણ આવશ્યક છે. દેશના સામાજિક અને સાંસ્કૃતિક વારસાની જાળવણી અને તેના વિકાસ માટેનું પ્રમુખ ઉપકરણ શિક્ષણ જ છે. ભાવિ પેઢીને ભાવિ પડકારો અને સમસ્યાઓ હલ કરવા માટે તૈયાર કરવા શિક્ષણનો ફાળો અમૂલ્ય રહ્યો છે અને રહેશે.

દેશની અને સમાજની જરૂરિયાતો ધ્યાનમાં રાખી શિક્ષણમાં પરિવર્તન લાવવા શિક્ષણ ક્ષેત્રનું મૂલ્યાંકન કરી જરૂરી ભલામણો કરવા માટે ભારત દેશમાં આઝાદી પહેલાં વિવિધ શિક્ષણ પંચો રચાયા હતા.

1. વૂડનો ખરીતો - 1854 (અર્વાચીન ભારતીય શિક્ષણ નીતિ અંગેનો પ્રથમ દસ્તાવેજ)
2. હંટર કમિશન (ભારતીય શિક્ષણ પંચ) 1982-83
3. ભારતીય વિશ્વવિદ્યાલય - 1902
4. કલકત્તા યુનિવર્સિટી પંચ - 1917-19
5. હાર્ટોગ કમિટિ - 1927-29
6. વર્ધા શિક્ષણ સમિતિ - 1937

1947 પછી ભારત આઝાદ થયું ત્યાર બાદ નીચેનાં પંચો રચાયા હતા :

1. યુદ્ધોત્તર શિક્ષણ વિકાસ યોજના - 1948
2. યુનિવર્સિટી શિક્ષણ પંચ - 1948-49
3. માધ્યમિક શિક્ષણ પંચ - 1952-53
4. રાષ્ટ્રીય શિક્ષણ પંચ - 1964-66
5. ઈશ્વરભાઈ પટેલ કમિટિ - 1977
6. શિક્ષણની રાષ્ટ્રીય નીતિ - 1979

આઝાદી પછી શિક્ષણ ક્ષેત્રે દેશે નોંધપાત્ર પ્રગતિ કરી છે છતાં હજી ઘણાં લક્ષ્યાંકો સિદ્ધ કરવાના બાકી છે. શિક્ષણ એ માનવમાં થતું મૂડીરોકાણ છે. 21મી સદીમાં ઝડપથી બદલાઈ રહેલી પરિસ્થિતિ અને વિજ્ઞાન ક્ષેત્રે થયેલ પરિવર્તનો સાથે કદમ મિલાવવા ભારત સરકારે ''શિક્ષણની રાષ્ટ્રીય નીતિ - 1986''ની ઘોષણાં કરતાં જાહેર કર્યું કે...

''આજે આપણા દેશનો આર્થિક અને તાંત્રિક વિકાસ એ તબક્કામાં પહોચ્યો છે કે જ્યારે આ ક્ષેત્રોમાં સ્થપાયેલી અસ્કયામતોનો મહત્તમ લાભ આપણે ઉઠાવવો ઘટે અને ભારતીય સમાજના બધાં

જ વિભાગોના માનવીને આ વિકાસનાં પરિણામો માણવાની ખાતરી આપણે આપી શકીએ. આ હેતુ પાર પાડવા માટે, આ ધ્યેય પર પહોંચવા માટે શિક્ષણ એ એકમાત્ર ધોરી માર્ગ છે.''

શિક્ષણની રાષ્ટ્રીય નીતિ-1986માં સ્વીકારેલાં ધ્યેય પરિપૂર્ણ કરવા માટે શિક્ષણ સાથે સંકળાયેલ તમામ વ્યક્તિએ સહિયારો પુરુષાર્થ કરી, પડકારોને પહોંચી વળવા તત્પર બનવું પડશે અને તે માટે શિક્ષણ સાથે સંકળાયેલ દરેક વ્યક્તિએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 1986ની જાણકારી મેળવવી જરૂરી છે.

### 16.5.2 રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો ઉદ્ભવ

ભારતીય શિક્ષણ નીતિના ઘડતરમાં આઝાદી પૂર્વે હંટર કમિશન, રેલે કમિશન તેમજ સેડલર કમિશન તેમજ આઝાદી પછી રાધાકૃષ્ણન્ પંચ, મુદ્દલિયાર પંચ તેમજ કોઠારી પંચની ભૂમિકા નોંધનીય હતી. આ પંચોએ ઘણા જ કિંમતી સૂચનો કર્યા હતાં. પરિણામે શિક્ષણના તમામ ક્ષેત્રે વિદ્યાર્થીઓની, શિક્ષકોની અને શૈક્ષણિક સંસ્થાઓની સંખ્યામાં વૃદ્ધિ થઈ છે. ઉપરાંત, પ્રથમ પંચવર્ષીય યોજનાથી શિક્ષણ પાછળ થતાં ખર્ચમાં ક્રમશઃ વધારો થતો જોવા મળે છે. છતાં નીચેની કેટલીક બાબતો પરત્વે અસંતોષ રહે જ છે, જે સ્વાભાવિક છે અને તેને નિવારવા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો ઉદ્ભવ થયો છે તેમ કહી શકાય.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 1986નો અમલ થતાં પહેલાંની સમસ્યાઓ નીચે મુજબ છે :

- પ્રાથમિક શિક્ષણ સાર્વત્રિક (Universal) બની શક્યું નથી.
- માધ્યમિક શિક્ષણનું વ્યાવસાયીકરણ થયું નથી, પરિણામે શ્રમના ગૌરવનો સ્વીકાર થયો નથી.
- ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની વિદ્યાકીય પાંખ જેટલો વ્યાવસાયિક પાંખનો વિકાસ થયો નથી.
- શિક્ષિત બેરોજગારીમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે અને તે ચિંતાનો વિષય બન્યો છે.
- સાક્ષરતાની ટકાવારી વધી છે પણ તેની સાથે નિરક્ષરોની સંખ્યાનો વધારો શરમજનક બાબત છે.
- ભારતની શાળાઓમાં નિષ્ઠાવાન શિક્ષકો તેમજ પાયાની ભૌતિક સુવિધાઓનો અભાવ છે.
- અભ્યાસક્રમો અને પાઠ્યપુસ્તકોના પરિવર્તનની સાથે શિક્ષકોની ગુણવત્તામાં સુધારો થતો નથી.
- સ્વાધ્યાયલક્ષી યોજના કાગળ પર જ રહી છે તેના માટે સમૃદ્ધ પુસ્તકાલયોનો અભાવ છે.
- આજીવન શિક્ષણ અને ખુલ્લી વિદ્યાપીઠની યોજના યોગ્ય સ્વરૂપમાં સાકાર થઈ નથી.
- સમાજમાં મૂલ્યોનો દિન-પ્રતિદિન ઘટાડો થયો છે અને શિક્ષણના તમામ સ્તરે ભ્રષ્ટાચાર ચાલે છે.
- પરીક્ષા ખામીવાળી પદ્ધતિએ લેવાય છે. વિદ્યાર્થીઓને ન્યાય મળતો નથી.
- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ભાવના આજનું શિક્ષણ સર્જી શકતું નથી.
- સમગ્ર રાષ્ટ્રમાં સમાન અભ્યાસક્રમનું માળખું અસ્તિત્વમાં નથી.
- કન્યા શિક્ષણ સંતોષકારક નથી.
- શિક્ષણમાં સંખ્યાત્મક વૃદ્ધિ થઈ છે પણ વૃદ્ધિ દર ઓછો છે અને શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે ઘણું કરવાનું બાકી છે.
- અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓમાં અપેક્ષિત કૌશલ્યો અને જ્ઞાન જોવા મળતાં નથી
- શિક્ષણનો વ્યાપ અસમાન થયો છે.
- શિક્ષણ પાછળ ખર્ચાતી રકમની ફાળવણી ઓછી છે.
- સ્ત્રીઓ, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના શિક્ષણમાં ઈચ્છિત લક્ષ્યાંકો સિદ્ધ થયા નથી.

ઉપર જણાવેલ પ્રશ્નો નવી શિક્ષણ નીતિથી હલ થશે તેવી અપેક્ષાએ નવી શિક્ષણ નીતિનો ઉદ્‌ભવ થયો છે.

### 16.5.3 રાષ્ટ્રીય શિક્ષણ નીતિના લક્ષણો :

ભારત દેશમાં આઝાદી પહેલાં અને પછી શિક્ષણ વ્યવસ્થામાં પરિવર્તન કરવા વિવિધ પંચો અને સમિતિઓની રચના કરી અને તેઓના અહેવાલોની કેટલીક ભલામણોનો અમલ કરવા છતાં શિક્ષણમાં પરિવર્તનની જે અપેક્ષા હતી તે સાકાર થઈ નથી. આ પરિસ્થિતિમાં નક્કર પરિવર્તન થાય તેવા આશયથી શિક્ષણ મંત્રાલયે 1985માં ''શિક્ષણને પડકાર નીતિ પરિપ્રેક્ષ્ય'' નામની પુસ્તિકા પ્રગટ કરી. આ ઘટના તત્કાલીન પ્રધાનમંત્રી શ્રી રાજીવ ગાંધીના વિચારને આધીન હતી. આ પુસ્તિકામાં પ્રવર્તમાન શિક્ષણ વ્યવસ્થાની મર્યાદાઓ અને શિક્ષણ ક્ષેત્રે કેટલાંક નૂતન પરિવર્તનો સૂચવ્યાં હતાં. શિક્ષણની નીતિમાં પરિવર્તન લાવવા માટે સમાજના સર્વ - સરકારી અધિકારીઓ, સંસદ સભ્યો, કેળવણીકારો, શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ, ઉદ્યોગપતિઓ, વ્યાપારીઓ અને અન્ય બૌદ્ધિકો પાસેથી પણ તેઓના વિચારોને પ્રાપ્ત કરી અંતિમ નીતિ ઘડી હતી જેના લક્ષણો (વિશિષ્ટ પાસાં) નીચે મુજબ છે.

''શિક્ષણ એ વર્તમાનકાળ અને ભવિષ્યકાળનું એક અનુપમ, વિશિષ્ટ રોકાણ છે.'' આ સિદ્ધાંત ઉપર રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 1986નું નિર્માણ કરવામાં આવ્યું છે.

◆ રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં નીચેની બાબતોને મહત્ત્વની ગણી છે :

1. સર્વને માટે શિક્ષણ માટેની તકો ઊભી કરવી.
2. રાષ્ટ્રીય શિક્ષણનું સમાન માળખું.
3. રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું.
4. શિક્ષણના દરેક પગથિયે ન્યૂનતમ શિક્ષણ

- સમાનતા માટેનું શિક્ષણ - સમાજના કેટલાંક વર્ગો જેવાં કે સ્ત્રીઓ, પછાત જ્ઞાતિઓ, અનુસૂચિત જાતિઓ, શૈક્ષણિક રીતે પછાત, લઘુમતીઓ અને શારીરિક ક્ષતિઓવાળાં બાળકોના શિક્ષણની તકો પૂરી પાડવા બાબતે ખાસ ભાર મૂક્યો છે.
- પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ, સ્થાયીકરણ અને શિક્ષણની ગુણવત્તા સુધારણા ઉપર લક્ષ આપવામાં આવશે.
- સામાન્ય માળખું - શાળા અભ્યાસના દશ વર્ષમાં પ્રથમ પાંચ વર્ષ નિમ્ન પ્રાથમિક શિક્ષણ, 3 વર્ષ ઉચ્ચ પ્રાથમિક અને 2 વર્ષ માધ્યમિક કક્ષાના રહેશે.
- રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું - રાષ્ટ્રીય શિક્ષણ નીતિના મતે અભ્યાસક્રમ એવો હોવો જોઈએ કે જેનું હાર્દ તથા વિષયવસ્તુ એકસરખું (Common) હોય છતાં લવચિક (Flexible) ફેરફારને પાત્ર હોય.
- શિક્ષણના દરેક ક્ષેત્રના તબક્કે શિક્ષણની ન્યૂનતમ કક્ષા (Minimum Level of Learning) નક્કી કરવામાં આવશે. શૈક્ષણિક સાધન સાહિત્યના વિકાસમાં યોગ્ય અધ્યયન વ્યૂહરચનાની પસંદગીમાં અને અધ્યેતાની પ્રગતિના મૂલ્યાંકનમાં શિક્ષણની ન્યૂનતમ કક્ષા સંદર્ભ તરીકે કામ કરશે.
- અભ્યાસક્રમમાં ગોખણપટ્ટીને પ્રોત્સાહન આપવાના બદલે અધ્યેતાકેન્દ્રી અને પ્રવૃત્તિ આધારિત શિક્ષણની પ્રક્રિયા રહેશે. બાળકને એક વ્યક્તિ તરીકે તેની પોતાની જરૂરિયાતો, રસ, વલણો તથા શક્તિઓને અભ્યાસક્રમના વિનિમયમાં ધ્યાનમાં લેવાશે. શિક્ષક વર્ગમાં ઉષ્માભર્યું અને પ્રોત્સાહક વાતાવરણ સર્જી બાળકોની શૈક્ષણિક પ્રક્રિયામાં માર્ગદર્શક તરીકેનો ભાગ ભજવશે.

- સમાજમાં મૂલ્યોનું ધોવાણ અને વધતી જતી દોષારોપણ વૃત્તિને ધ્યાનમાં રાખી મૂલ્યશિક્ષણની અગત્યતા ઉપર રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પ્રકાશ ફેંક્યો છે. સારી રીતે તૈયાર થયેલ અભ્યાસક્રમ અને વિષયવસ્તુના વિનિમય દ્વારા સામાજિક અને નૈતિક મૂલ્યોનું ઘડતર થશે તેમજ રૂઢિચુસ્તતા, ધર્માંધતા, અરાજકતા, વહેમો, પ્રારબ્ધવાદ વગેરેને દૂર કરી શકાશે. શિક્ષણ દ્વારા પ્રામાણિકતા, સત્યતા, ધીરજ, નિષ્ઠાપ્રતીતિ, સહનશક્તિ, ન્યાય માટે પ્રેમ, કરુણા જેવાં સાર્વત્રિક અને શાશ્વત મૂલ્યો વિકસાવી શકાશે.
- મૂલ્યાંકન પ્રક્રિયામાં સુધારણા કરવી અને પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવા તે શિક્ષણ નીતિનું અગત્યનું લક્ષણ છે. શૈક્ષણિક અને બિનશૈક્ષણિક બંને પાસાંઓને આવરી લે તેવી સતત સર્વગ્રાહી મૂલ્યાંકન પદ્ધતિ અમલમાં મૂકાશે.
- મકાનો, શિક્ષકો અને શાળા માટેની સગવડો પરત્વે સવિશેષ જોગવાઈ પર ભાર મૂકે છે.
- શિક્ષકની સામાજિક દરજ્જો વધારવાની સાથે સાથે શિક્ષકની અસરકારક જવાબદારી અંગે પણ તકેદારી રખાશે.

### 16.5.4 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ

ઉપરોક્ત કરેલ ચર્ચા સુસંગતતાઓ અને અગ્રિમતાઓમાં કોઈ સ્થાનિક વિસ્તાર પૂરતા મર્યાદિત નથી, પરંતુ સમગ્ર રાષ્ટ્રીય જીવનમાં પથરાયેલાં છે. આથી જ શિક્ષણ પ્રત્યેના સર્વગ્રાહી રાષ્ટ્રીય અભિગમના વિકાસ માટે શિક્ષણની રાષ્ટ્રીય નીતિ અને રાષ્ટ્રીય અભ્યાસક્રમના માળખાની આવશ્યકતા ઊભી થઈ છે. પ્રત્યેક પ્રદેશ વચ્ચે શિક્ષણ ક્ષેત્રે વિસંવાદિતા જોવા મળે છે. શિક્ષણમાં તમામ બાળકોને પૂરતી ગુણવત્તા-વિસંવાદિતા જોવા મળે છે. શિક્ષણનાં તમામ તબક્કે વિદ્યાર્થી ન્યૂનતમ સિદ્ધિઓ પ્રાપ્ત કરે તે આપણે જોવું પડશે. દેશનાં તમામ બાળકોને પૂરતી ગુણવત્તાવાળું શિક્ષણ મળે તે માટે દેશની બધી જ શાળાઓને લઘુતમ સગવડો પૂરી પાડવી જોઈએ. રાષ્ટ્રીય શિક્ષણની નીતિ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે સમગ્ર દેશ માટે શિક્ષણનું સમાન માળખું હોવું જોઈએ.

રાષ્ટ્રીય શિક્ષણની પદ્ધતિનો અર્થ શિક્ષણમાં જડતા ભરેલી એકસૂત્રતા લાવવાનો નથી. તે તો માત્ર સર્વસામાન્ય શૈક્ષણિક હેતુઓ માટે શિક્ષણના દરેક તબક્કે એક વિશાળ શાળા સભ્યાસક્રમનું માળખું સૂચવે છે, અને શિક્ષણના તમામ તબક્કે અધ્યેતા નક્કી કરેલી ન્યૂનતમ સિદ્ધિઓ પ્રાપ્ત કરે તેવું શિક્ષણ પૂરું પાડવાનું જણાવે છે. દરેક રાજ્યને પોતાની જરૂરિયાતો અને માગણીઓ પ્રમાણે પોતાની આગવી શિક્ષણ પદ્ધતિ રચવાની અને અનુસરવાની સ્વતંત્રતા છે. આપણા દેશની ભૌગોલિક, ભાષાકીય, ધાર્મિક અને સાંસ્કૃતિક વિવિધતા એ દેશનું બળ છે, ગૌરવ છે. આપણી એકતા દેશના વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક વારસામાં સમાયેલી છે. શિક્ષણ ક્ષેત્રે પ્રત્યેક રાજ્ય વચ્ચે પ્રવર્તમાન અસમાનતાને ઓછી કરવા ઉપર રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ભાર મૂકે છે. શિક્ષકો, શાળાઓ અને સ્થાનિક મંડળો દ્વારા જે શિક્ષણ આપવામાં આવે તેનાથી બાળકો ન્યૂનતમ શૈક્ષણિક સિદ્ધિઓ હાંસલ કરે તે જોવું જરૂરી છે. આ બાબત ઉપર રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ભાર મૂકે છે.

- **રાષ્ટ્રીય શિક્ષણ-વ્યવસ્થાનાં મુખ્ય લક્ષણો નીચે પ્રમાણે હોવાં જોઈએ :**

1. જ્ઞાતિ, જાતિ, પ્રાદેશિકતા કે લિંગના ભેદભાવ વિના નક્કી કરેલાં સ્તરે તમામ વિદ્યાર્થીઓને સમાન ગુણવત્તાવાળું શિક્ષણ.
2. પ્રત્યેકને શિક્ષણની સમાન તક જ નહીં પરંતુ શિક્ષકમાં સફળતા પ્રાપ્તિની પરિસ્થિતિ ઊભી કરવી.
3. 10 + 2 + 3નું શિક્ષણનું સમાન માળખું.
4. અન્ય સ્થિતિસ્થાપક વિભાગો સાથે સર્વસામાન્ય હાર્દરૂપ તત્ત્વો ધરાવતું રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું.
5. શિક્ષણના દરેક તબક્કે અધ્યયનનું ન્યૂનતમ સ્તર નક્કી કરવું.

6. દેશના વિભિન્ન ભાગોમાં વસતા લોકોની વિવિધ સંસ્કૃતિ અને જીવન પદ્ધતિ વિશે વિદ્યાર્થીઓના મનમાં સમજ કેળવવી.

7. વ્યવસાયિક જગત અને સાહસિકતાના વિકાસ માટે કડીરૂપ બનવું.

8. અધ્યેતાની વિવિધ સાધનો દ્વારા આજીવન અભ્યાસ અને તાલીમ માટે જિજ્ઞાસા ઊભી કરવી.

9. રાષ્ટ્રીય પદ્ધતિના શિક્ષણ માટે રાષ્ટ્રીય સંસ્થાઓને મુખ્ય અને અગત્યનો ભાગ ભજવવા માટે પગભર કરવી.

### 16.5.5 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અપનાવવાનાં કારણો

ઈ.સ. 1964માં કોઠારી શિક્ષણ પંચ નીમાયું. આ રાષ્ટ્રીય શિક્ષણ પંચની ભલામણો અનુસાર સમગ્ર દેશમાં બધા જ સ્તરે શૈક્ષણિક સુવિધાઓમાં નોંધપાત્ર વધારો, પ્રગતિ જોવા મળ્યાં છે. દેશની 90% કરતાં પણ વધારે ગ્રામ વસતિને એક કિલોમીટરની અંદરના વિસ્તારમાં શાળાની સુવિધા આપવામાં આવી છે. મોટા ભાગનાં રાજ્યોમાં 10+2+3 ની શિક્ષણ પદ્ધતિ લાગુ કરવામાં આવી. ગણિત અને વિજ્ઞાનના વિષયો ફરજિયાત બનાવવામાં આવ્યા અને કાર્યાનુભવના વિષયને અગત્યનું સ્થાન આપવામાં આવ્યું. પૂર્વસ્નાતક કક્ષાએ પણ અભ્યાસક્રમોની પુનઃરચના કરવાનું શરૂ કરવામાં આવ્યું અને અનુસ્નાતક કક્ષાએ શિક્ષણ અને સંશોધન માટે ઉચ્ચ અભ્યાસ માટેનાં કેન્દ્રો ઊભાં કરવામાં આવ્યાં. આ સિદ્ધિઓની સાથે સાથે નાણાંકીય જવાબદારીઓ અને સંચાલન વ્યવસ્થાતંત્રનો સહકાર પણ જરૂરી હતો જે પૂરતો ન મળવાથી ગુણવત્તાના પ્રશ્નો, સંખ્યાના પ્રશ્નો, ઉપયોગિતાના પ્રશ્નો અને નાણાંકીય પ્રશ્નો ઊભા થયા અને વર્ષોવર્ષ આ પ્રશ્નોનો જથ્થો એટલો વધતો ગયો કે હવે તેને અગ્રિમતાના ધોરણે ઉકેલવા સિવાય કોઈ વિકલ્પ હતો નહીં. દેશનાં બાળકોને ભાવિ પડકારો તથા પરિવર્તનોને પહોંચી વળવા તે સમયના ભારતના વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીને ચિંતિત કર્યા અને તેમણે દેશને 21મી સદીને માટે સુસજ્જ થવા માટેની હાકલ કરી. તે સાથે જ કેળવણીના ક્ષેત્રે નવી વૈચારિક ક્રાંતિનો પ્રસાર થયો. એમાં સાંસદો, શિક્ષણશાસ્ત્રીઓ, બુદ્ધિજીવીઓ, શિક્ષકો અને પ્રજાનો સામાન્ય વર્ગ જોડાયો. સૌની મથામણના પરિપાક પેટે ઈ.સ. 1986માં શિક્ષણની જે નીતિને લોકસભાને બહાલી આપી. તે આરંભિક વર્ષોમાં 'નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ'ના નામે ઓળખાઈ. આજે હવે આપણે તેને 'શિક્ષણની રાષ્ટ્રીય નીતિ-1986' કહીશું.

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિને અવરોધક પરિબળો : રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-1986એ તત્સમયના અને ભાવિ પડકારોને પહોંચી વળવાની જરૂરિયાતમાંથી આવિષ્કૃત થયેલી છે. એનો ઉદ્ભવ કેમ થયો એટલે કે એની આવશ્યકતા શી છે તે અંગે ભારત સરકારે 'શિક્ષણનો પડકાર - નીતિ પરિપ્રેક્ષ્ય' નામે પુસ્તિકામાં વિસ્તૃત વર્ણન કરેલ છે. આ નીતિનો ઉદ્ભવ પુસ્તિકામાં ચર્ચેલ કારણોને આધારે નીચે પ્રમાણે રજૂ કરી શકાય :

(1) શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતાના પ્રશ્નો મૂંઝવણભર્યા અને વણઉકેલ્યા રહ્યાં છે.

(2) શ્રમના ગૌરવનો સ્વીકાર થયો નથી.

(3) મૂલ્યોમાં દિનપ્રતિદિન ઘટાડો થયો છે અને શિક્ષણ જગતમાં પણ ભ્રષ્ટાચાર અસહ્ય બન્યો છે.

(4) પરીક્ષા પદ્ધતિની ખામીઓમાં ગોખણપટ્ટીના જ્ઞાનની ચકાસણી થાય છે. પરીક્ષાઓમાં બહિષ્કારનો જે નિર્ણય લેવામાં છે તે પણ અક્ષમ્ય જ ગણાય.

(5) રાષ્ટ્રીય એકતાની ભાવના આજની શિક્ષણ વ્યવસ્થા સર્જી શકતી નથી.

(6) શિક્ષિત બેરોજગારીની સમસ્યા વધુ ને વધુ ઘેરી બનતી જાય છે.

(7) હજુ સમગ્ર રાષ્ટ્રમાં સંપૂર્ણ સમાન શિક્ષણ તરેહ ધરાવતું માળખું સર્જી શકાયું નથી.

(8) વ્યાવસાયિક શિક્ષણ માટેની વ્યવસ્થા સંતોષજનક નથી.

(9) કન્યાઓના શાળા પ્રવેશના દરમાં સંતોષકારક વધારો કરી શકાયો નથી.

(10) આગામી વર્ષોમાં નિરક્ષર વસ્તીનો સૌથી વધુ ભરાવો ભારતમાં હશે.

(11) શિક્ષણમાં સંખ્યાત્મક વૃદ્ધિ જણાઈ છે પરંતુ તે અપૂરતી છે અને ગુણાત્મક વિકાસ માટે ઘણું કરવાનું બાકી છે.

(12) અભ્યાસ સંપૂર્ણ કરી સમાજમાં આવતાં વિદ્યાર્થીઓ અપેક્ષા પ્રમાણેનાં કૌશલ્યો અને જ્ઞાન ધરાવતાં હોતાં નથી.

(13) શિક્ષણનો વ્યાપ શહેરી-ગ્રામ વિસ્તારમાં તેમજ સ્ત્રી અને પુરુષોમાં પણ સમાન રીતે થયો નથી.

(14) સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનું ધ્યેય સિદ્ધ કરી શક્યાં નથી, માત્ર કલ્પના જ રહી છે.

(15) શિક્ષણ પાછળ ખર્ચાતી રકમ સંરક્ષણ પછી દ્વિતીય ક્રમે હોવા છતાં એ ફાળવણી અપૂરતી જ ગણાય, કારણ કે હજુ કાળાં પાટિયાં-સાધનોની તંગી ઘણી શૈક્ષણિક સંસ્થાઓ અનુભવે છે.

(16) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના શિક્ષણમાં અપેક્ષિત લક્ષ્યાંકો હાંસલ થયાં નથી.

ઉપર જણાવેલ સમસ્યાઓ કે મર્યાદાઓ હોવાથી નવી શિક્ષણનીતિથી તે પ્રશ્નો હલ થશે તેવી અપેક્ષા છે. નવી શિક્ષણ નીતિનો ઉદ્‌ભવ ઉપરોક્ત પરિબળોને આભારી છે.

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-1986ની રચના અંગે સ્વ.રાજીવ ગાંધી : 1968ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પછી 21 મી સદીના ઉંબરે આવી ઊભેલાં ભારતને ઝડપી ગતિથી બદલાઈ રહેલી પરિસ્થિતિને પહોંચી વળવા માટે અને વિકસતા વિજ્ઞાન યુગની સામે કદમ મેળવવા માટે જાન્યુઆરી 1985માં તત્કાલીન પ્રધાનમંત્રી રાજીવ ગાંધીએ નવી શિક્ષણ નીતિ આપવાનું વચન આપ્યું. ડિસેમ્બર, 1985માં શાન્તિનિકેતનમાં તેમણે કહ્યું હતું કે 'India has achieved tremendous progress in the field of science and technology since independence, but the vast resource, namely, the people, have remained undeveloped' અર્થાત્ ભારતે આઝાદી પછી વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રે અફાટ પ્રગતિ સાધી છે, પરંતુ વિશાળ માનવ સમુદાય આ પ્રગતિની પહોંચથી વંચિત છે.

તે પહેલાં ઑગસ્ટ, 1985માં રાજ્યોના શિક્ષણમંત્રીઓની પરિષદમાં તેમણે કહ્યું હતું કે, 'The world is progressing tremendously rapidly. The only thing that can keep India abreast of this progress is a solid grounding in education for all our people.. How are we going to prepare the nation to meet the challenges of the latest and newest technology as it comes ?'અર્થાત્ વિશ્વ કૂદકે અને ભૂસકે આગળ વધી રહ્યું છે. એકમાત્ર મહત્ત્વની બાબત એ છે કે ભારત આ કક્ષાએ ત્યારે જ પહોંચી શકે જો આપણી પાસે શિક્ષણની યોગ્ય ભૂમિકા હોય.. વિજ્ઞાન અને ટેક્નોલોજીના પડકારોને પહોંચી વળવા માટે આપણે દેશને કેવી રીતે તૈયાર કરીશું ? આ વિધાનો સૂચિત નીતિ વિષે તેમના મનમાં શો ખ્યાલ હતો તેનો નિર્દેશ કરે છે. વિકસતા વિશ્વની સાથે કદમ મિલાવવા 21મી સદીમાં આધુનિક ભારતનું નિર્માણ કરવાનું જે સ્વપ્ન રાજીવ ગાંધીના માનસમાં ઉપસ્યું હતું તેના એકમાત્ર ઉકેલ સ્વરૂપે નવી શિક્ષણ નીતિની ઉદ્‌બોધના કરી.

### 16.5.6 રાષ્ટ્રીય શિક્ષણ નીતિની સમીક્ષા

રાષ્ટ્રીય શિક્ષણ નીતિની સંક્ષિપ્તમાં સમીક્ષા નીચે મુજબ છે :

- **21મી સદી માટે સજ્જ :**

શ્રી રાજીવ ગાંધીએ 1985 માં સત્તાગ્રહણ કર્યા પછી, દેશને 21મી સદી માટે તૈયાર થવાનું આહ્‌વાન કર્યું. આ માટે શિક્ષણ જ અસરકારક માધ્યમ બની શકે, કારણ કે શિક્ષણ એ વર્તમાનકાળ અને ભવિષ્યકાળનું અનુપમ, વિશિષ્ટ રોકાણ છે. આ સિદ્ધાંત ઉપર જ રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું નિર્માણ થયું છે. 21મી સદીનો માનવી મૂળભૂત રીતે આજના જેવોં જ હશે. પરંતુ આપણી આજુબાજુ

વૈજ્ઞાનિક, ટેક્નોલોજીકલ, આર્થિક અને સામાજિક પરિવર્તનો ઝડપથી આવશે. આ નવાં પરિબળોની અસર આપણી જરૂરિયાત, લાગણી, વલણ અને વર્તન ઉપર થશે. આ બધા પડકારોને પહોંચી વળે તેવા બધા જ પ્રકારના શિક્ષણને ગુણવત્તાવાળું બનાવી બધા લોકો સુધી પહોંચાડવું એ આ નીતિનો ઉદ્દેશ છે. આ શિક્ષણ નીતિ શિક્ષણશાસ્ત્રીઓને પડકાર ફેંકે છે કે તે શારીરિક, માનસિક અને નૈતિક રીતે તંદુરસ્ત નાગરિકો તૈયાર કરે તથા તેઓ તેમની ફરજ / હક્ક પ્રત્યે ગંભીર બને. તેઓ સામાજિક અનુકૂલનવાળા, હંમેશા, કારકિર્દી સુધારવા ઈચ્છતા હોય, વ્યક્તિગત રીતે નિપુણ અને દરેકનું જીવનધોરણ ઊંચું લાવવા સદા તત્પર હોય.

- **રાજકીય સહકાર :**

આ શિક્ષણ નીતિની વિશિષ્ટતા એ છે કે તેને પ્રધાનમંત્રી દ્વારા પુરસ્કૃત કરવામાં આવી છે તેથી તેને પૂરેપૂરો રાજકીય સહકાર સાંપડ્યો છે. સ્વાંત્ર્યોત્તર ભારતમાં શિક્ષણને આવો સહકાર કદીયે સાંપડ્યો નથી. આજ કારણે સાતમી પંચવર્ષીય યોજનામાં શિક્ષણ પાછળ 6 ટકા નાણાં ખર્ચવામાં આવશે. આથી આ નીતિનું ઝડપી અમલીકરણ હાથ ધરાયું છે અને લોકોમાં નવી આશા જન્માવી છે.

- **કેન્દ્ર-રાજ્યોનો સંબંધ :**

કોઈપણ નીતિના અમલીકરણનો આધાર રાજકીય નેતૃત્વ અને વહીવટી અધિકારીઓ પર છે. શિક્ષણ એ રાજ્યોનો વિષય છે. નવી શિક્ષણ નીતિની સફળતાનો આધાર કેન્દ્ર અને રાજ્યોના નિષ્ઠાપૂર્વક અમલીકરણ પર અવલંબે છે. નીતિમાં જણાવ્યા અનુસાર, ''રાજ્યોની જવાબદારી અને ફાળો યથાવત્ રહેશે, પરંતુ કેન્દ્ર સરકાર શિક્ષણની ગુણવત્તા માટે, માનવ ઘડતર માટે, સંશોધન માટે અને શિક્ષણની સામાન્ય જરૂરિયાતો સંતોષવાની મોટી જવાબદારી વહન કરશે. ઑપરેશન બ્લેકબોર્ડ + 2 સ્તરે શિક્ષણનું વ્યવસાયીકરણ, નવોદય વિદ્યાલયો, શિક્ષકોની સેવાકાલીન તાલીમ, સ્વાયત્ત કૉલેજો, યુનિવર્સિટી અને કૉલેજોના પ્રાધ્યાપકોના વેતનમાં વધારા માટે કેન્દ્ર સરકારે વધુ આર્થિક અનુદાન આપવાની જવાબદારી સ્વીકારી છે.

- **શિક્ષણ માટે માનવશક્તિનું આયોજન :**

પ્રધાનમંત્રી નવી શિક્ષણ નીતિના આધારે જે સ્વપ્ન જુએ છે તે જો પાર પાડવું હોય તો શિક્ષણ માટે માનવશક્તિનું આયોજન યોગ્ય રીતે કરવું પડશે. પ્રથમ તો શિક્ષણને ખાસ ક્ષેત્ર તરીકે જોવું પડશે. તે નિવૃત્ત રાજકારણીઓ કે સામાન્ય વહીવટકર્તાઓનો અખાડો નહીં બની રહે. બીજું, ઉચ્ચ બુદ્ધિપ્રતિભા ધરાવનારાઓને શિક્ષણના વ્યવસાયમાં આકર્ષવા પડશે. ત્રીજું, શૈક્ષણિક નેતૃત્ત્વ વિકસે તે માટે દેશભરમાં અસરકારક કાર્યક્રમો કરવા પડશે. ચોથું, શૈક્ષણિક વહીવટકર્તાઓએ સમજવું જોઈએ કે તેઓ લોકશાહી વ્યવસ્થામાં કામ કરે છે. તેથી રાજકીય નેતાઓએ કે તેમના કાર્યકર્તાઓએ શિક્ષણમાં હસ્તક્ષેપ કરવો ન જોઈએ, તેથી હિંમતભર્યા સુધારાવાદી પગલાં ભરીને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને કાર્યાન્વિત કરવી પડશે.

- **ભાષા નીતિ :**

આપણાં દેશમાં ધર્મ અને પછી ભાષાના મુદ્દે વધુ ચર્ચા અને લાગણીઓ ઉશ્કેરે છે. અનેક બહુવિધ ભાષાઓ જ્યાં બોલાય છે તે વિશાળ ભારત દેશમાં આઝાદી મેળવ્યા બાદના ચાર દાયકાઓ પછી ભાષાકીય નીતિ સ્પષ્ટ કરી શકાઈ નથી. પ્રાથમિક અને માધ્યમિક તબક્કે વિદ્યાર્થીઓએ કઈ ભાષા ક્યે તબક્કે શીખવી એ સ્પષ્ટ છે. જો કે આ નવી નીતિમાં પણ આ બાબતે ચોક્કસ ઉકેલ સૂચવાયો નથી. 1968ની નીતિમાં વિશદ્ છણાવટ હતી અને એ પ્રમાણે જ અમલીકરણ કરી શકાય એમ છે. પરંતુ તેના અમલનો અભાવ વર્તાયો છે. એ 1968ની ભાષાકીય નીતિનું જ સમાન ધોરણે અમલીકરણ કરી, વધુ હેતુપૂર્ણ બનાવી સંપૂર્ણ અમલ કરવાનું સૂચવ્યું છે.

- **પ્રૌઢ શિક્ષણ :**

શિક્ષણના સાર્વત્રિકરણમાં પ્રૌઢ શિક્ષણનો સમાવેશ થઈ જાય છે. શિક્ષણને સંસ્કાર અને આર્થિક પાસાં સાથે સંબંધ છે. અનુભવ સિદ્ધ બાબત એ છે કે યોગ્ય પ્રેરણાના અભાવે પ્રૌઢ શિક્ષણ

કાર્યક્રમમાં વેગ આવ્યો નથી. વીસમી સદીમાં માત્ર રશિયા અને ચીનને જ આ કાર્યક્રમમાં સફળતા મળી છે. જાતે જ આપણે ક્યારનીય નિરક્ષરતા દૂર કરી શક્યા હોત. પ્રાથમિક શિક્ષણનો વ્યાપ જ અક્ષરજ્ઞાન પ્રસરાવશે. આ સમય દરમ્યાન આપણાં પ્રૌઢ શિક્ષણના કાર્યક્રમો નિરક્ષરો, અધકચરા અક્ષરજ્ઞાનવાળા અને અક્ષરજ્ઞાન ધરાવતા પ્રૌઢો માટે ચાલવા જોઈએ.

- **નૈતિક શિક્ષણ :**

આપણા નાગરિકોનાં નીતિમત્તાનાં ધોરણો ઉતરતાં જાય છે તે ચિંતાનો વિષય છે. નૈતિક મૂલ્યોનું સંવર્ધન કરવાની જવાબદારી માત્ર સંસ્થાઓ ઉપર નાખી શકાય નહીં. શિક્ષણ એ સમાજ વ્યવસ્થાનું એક અંગ હોઈ માત્ર શિક્ષકો જ આ જવાબદારી વહન કરી શકે નહીં, પરંતુ ઉપદેશ આપવા કરતાં આચરણ જ મહત્ત્વનો ભાગ ભજવશે. આમ, રાજકારણીઓ, વહીવટીકર્તાઓ, ન્યાયક્ષેત્ર, અન્ય સત્તાવાળાઓ અને મા-બાપોએ ઉચ્ચ વર્તન દાખવવું પડશે. દરેક નાગરિકે સ્વદેશી અને સાદગીને જીવનમંત્ર બનાવવો પડશે. આવકની અસમાનતા પણ ઘટાડવી પડશે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિએ આમાં વાસ્તવિક અભિગમ દાખવ્યો છે. કારણ કે તેણે નૈતિક મૂલ્યોની જવાબદારી માત્ર શિક્ષણ ઉપર નાખી નથી.

- **યોગ શિક્ષણ :**

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિએ શરીર અને દિમાગના વિકાસ ઉપર ભાર મૂક્યો છે. યોગનું શિક્ષણ ખાસ ધ્યાન માગી લેશે. યોગનું શિક્ષણ બધી જ શાળાઓમાં અને તાલીમી કૉલેજોમાં દાખલ કરાશે. તાલીમી કૉલેજો માટે NCTEના ધોરણોમાં યોગ શિક્ષણ ઉપર ભાર મૂકેલ છે. દિલ્હીની અને બધી જ કેન્દ્રીય શાળાઓમાં યોગનું શિક્ષણ ફરજિયાત કરાયું છે. યોગનું શિક્ષણ શારીરિક અને માનસિક સ્વસ્થતા કેળવવા તથા કેટલાંક રોગો ઉપર નિયંત્રણ મેળવવા ઉપયોગી છે. યોગના શિક્ષણ માટે પદ્ધતિ અને પ્રયોગ ઉપર ભાર મૂકવો પડશે. આ માટે ભૌતિક સગવડો જેવી કે જગ્યા, દૃશ્ય-શ્રાવ્ય સાધનો અને અન્ય સાધનોની જરૂર પડશે તથા યોગનું શિક્ષણ આપનાર તાલીમી શિક્ષકો જ આ કાર્યક્રમને અર્થપૂર્ણ બનાવી શકશે.

### 16.5.7 રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અવરોધનાં પરિણામો.

સ્વ.રાજીવ ગાંધી ભારતના વડાપ્રધાન બન્યા પછી શિક્ષણમાં આવશ્યક પરિવર્તન લાવવાના ઉદ્દેશથી ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા ઈ.સ.1986માં રાષ્ટ્રીય શિક્ષણનીતિની જાહેરાત કરવામાં આવી હતી. પ્રસ્તુત રાષ્ટ્રીય શિક્ષણ નીતિની રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું, અધ્યેતાકેન્દ્રી શિક્ષણ, સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન વગેરે બાબતો સાથે સમગ્ર દેશમાં શિક્ષણનું માળખું સમાન રાખવાની અપેક્ષા હતી. આમ છતા, રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણમાં કેટલાંક અવરોધો પેદા થયાં છે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણને અવરોધતાં પરિબળો નીચે મુજબ છે :

**(1) માધ્યમિક શિક્ષણનું માળખું :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં માધ્યમિક શિક્ષણના માળખામાં ધોરણ 9 અને 10 નો સમાવેશ કરવામાં આવ્યો છે, જ્યારે કેટલાંક રાજ્યોમાં માધ્યમિક શિક્ષણમાં ધો.8, 9 અને 10 નો સમાવેશ થયેલો છે. ગુજરાત રાજ્યમાં પણ માધ્યમિક શિક્ષણમાં 8 થી 10 ધોરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આથી રાષ્ટ્રીય નીતિ અનુસાર એક માધ્યમિક શિક્ષણ માટે એક સમાન માળખું અસ્તિત્વમાં આવી શક્યું નથી.

**(2) ઓપરેશન બ્લેક બોર્ડ યોજના :**

આ યોજના હેઠળ પ્રાથમિક શાળાઓને શૈક્ષણિક સાધન સામગ્રીથી ભૌતિક રીતે સજ્જ કરવાની હતી. પરંતુ, નાણાંના અભાવને કારણે આ યોજના જોઈએ તેટલી સફળ થઈ શકી નથી.

**(3) કેન્દ્રીય સત્તામાં પરિવર્તન :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિને સફળતાપૂર્વક પાર પાડવા માટે શિક્ષકોની તાલીમની એક અસરકારક યોજના અમલમાં મૂકવામાં આવી હતી. પરંતુ, તે દરમિયાન કેન્દ્ર સરકારમાં સત્તા પરિવર્તન થતાં રાષ્ટ્રીય યોજનાની સમીક્ષા માટે રામમૂર્તિ સમિતિની નિમણૂંક કરવામાં આવી. જેને પરિણામે શિક્ષકોને તાલીમ આપવાની યોજના અધૂરી રહી ગઈ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલમાં અવરોધ ઊભો થયો.

**(4) શિક્ષકોની યોજના પરત્વેની ઉપેક્ષા :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિની કેટલીક ભલામણો શિક્ષણની ગુણવત્તા સુધારવા માટેની હતી. જેમ કે અધ્યેતાકેન્દ્રી શિક્ષણ અને સતત સર્વગ્રાહી મૂલ્યાંકન. આ બંને બાબતો શિક્ષણની ગુણવત્તા સુધારવામાં સહાયરૂપ થાય તેવી હોવા છતાં શાળાઓના આચાર્યો અને શિક્ષકોની આ નીતિ પ્રત્યેની અશ્રદ્ધાને કારણે આ બાબતોની સતત અવગણના કરવામાં આવી. કેટલીક શાળાઓએ અમલમાં મૂકવા યત્કિંચિત પ્રયાસ કર્યો, પરંતુ શિક્ષકો અને સંચાલકોના સરકારને અભાવે આ યોજનાઓને ધારી સફળતા મળી શકી નથી.

**(5) આર્થિક સમસ્યાઓ :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિના કેટલાંક કાર્યક્રમો નાણાંકીય અભાવને કારણે તેમજ સરકારની આર્થિક સહાય કરવાની મૂંઝવણને લીધે અમલમાં મૂકી શકાયા નથી. D.I.E.T, C.T.E, I.A.S.E જેવી સંસ્થાઓ કાર્યરત હોવાં છતાં શિક્ષણની ગુણવત્તા સુધારણાના, શિક્ષકની તાલીમના તેમજ પરિષદો અને સંગોષ્ઠી યોજવાના કેટલાંક કાર્યક્રમો યોજી શકાતા નથી.

આમ તો, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એ પરોક્ષ રીતે રાષ્ટ્રીય શિક્ષણપંચ (1964)ના કાર્યક્રમોના અમલીકરણ માટેની એક સુદૃઢ નીતિ હોવા છતાં સરકારનાં ઉદાસીન વલણો, સત્તાપરિવર્તનો તેમજ योजकस्तत्र दुर्लभः । ની સૂકિત અનુસાર સારા આયોજકોને અભાવે આ નીતિનો સફળતાપૂર્વક શિક્ષણમાં વિનિયોગ થઈ શક્યો નથી.

## 16.5.8 રાષ્ટ્રીય શિક્ષણ નીતિની-1986 અનુસાર માધ્યમિક કક્ષાએ અમલમાં મૂકેલ કાર્યક્રમો

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 1986નો માધ્યમિક કક્ષાએ અમલ : રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 1986 નો માધ્યમિક કક્ષાએ અમલની બાબતે ભારત સરકારે તેના લક્ષ્યાંકોના અનુસંધાનમાં નીચે જેવાં કેટલાંક મહત્ત્વના કાર્યક્રમો આપ્યાં છે. એ કાર્યક્રમનું ચિત્ર ટૂંકમાં નીચે પ્રમાણે છે :

**(1) એક સમાન શિક્ષણ માળખું :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સંદર્ભમાં કોઠારી શિક્ષણ પંચે 10+2+3 નું શૈક્ષણિક માળખું સૂચવ્યું હતું, તેનો મોટા ભાગનાં રાજ્યોએ સ્વીકાર કર્યો છે. સરકાર આગામી વર્ષોમાં ધો.10 સુધીના શિક્ષણ વર્ષને 5+3+2 ના માળખામાં એટલે કે 5 વર્ષ પ્રાથમિક શિક્ષણ, પછીના 3 વર્ષ (ધો 6 થી 8) મિડલ સ્કૂલ અને પછીનાં 2 વર્ષ (ધો.9-10) હાઈસ્કૂલમાં વિભાજિત કરશે. જો કે 2 વર્ષના માધ્યમિક શિક્ષણનો સ્વીકાર કેટલાં રાજ્યો કરશે તે હજી સુધીનો વણઉકેલ્યો પ્રશ્ન છે.

**(2) એક સરખો રાષ્ટ્રીય અભ્યાસક્રમ :**

નવી શિક્ષણ નીતિના સંદર્ભમાં સમગ્ર રાષ્ટ્રમાં માધ્યમિક કક્ષાએ એકસરખો અભ્યાસક્રમ અમલમાં મૂક્યો છે. અલબત્ત તેની પાઠ્યસામગ્રીમાં રાજ્યોએ પોતાની સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ કેટલાંક ફેરફારો અવશ્ય કર્યા છે. જો કે એ ફેરફારો જે-તે રાજ્યની સ્થાનિક જરૂરિયાતો અને આકાંક્ષાઓને જ પૂર્ણ કરે છે.

**(3) હાર્દરૂપ તત્વો :**

રાષ્ટ્રીય અભ્યાસક્રમમાં રાષ્ટ્રીય ભાવના અને દેશની એકતા અને અખંડિતતાનું જતન થાય

તેવાં હાર્દરૂપ તત્વો રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અન્વયે નક્કી થયાં છે, જે આ પ્રમાણે છે : (1) ભારતની સ્વાતંત્ર્ય ચળવળનો ઈતિહાસ (2) બંધારણીય જવાબદારીઓ (3) રાષ્ટ્રીય ઐક્ય માટેની આવશ્યક વિષયવસ્તુ (4) ભારતનો સામાન્ય સાંસ્કૃતિક વારસો (5) સર્વસમાનતા, લોકશાહી અને બિનસાંપ્રદાયિકતા (6) જાતીય સમાનતા (7) પર્યાવરણ સુરક્ષા (8) સામાજિક અવરોધો દૂર કરવા (9) 'નાનું કુટુંબ' એ ધોરણનું પાલન (10) વૈજ્ઞાનિક વલણની કેળવણી. આ બધાં 'હાર્દરૂપ તત્વો' (Core elements) ને જુદાં જુદાં વિષયનાં પાઠ્યપુસ્તકો ઉપરાંત વિભિન્ન વિષયની 'શિક્ષક અધ્યાપન પોથી' (Teacher's Hand book) માં પણ આ 'હાર્દરૂપ તત્વો' ના શિક્ષણને વિશે યોગ્ય સમજ આપી છે. અભ્યાસક્રમનું દરેક પ્રકરણ (પાઠ) કોઈને કોઈ હાર્દરૂપ તત્વના આધારે રચાયું છે.

**(4) કાર્યાનુભવ (Work-Experience) :**

માધ્યમિક કક્ષાએ કાર્યાનુભવની બાબતે કોઠારી શિક્ષણ પંચ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સંદર્ભમાં સુથારી કામ, સાદું ધાતુકામ, ચર્મ કામ, ચીનાઈ માટીકામ, ખાદ્ય પદાર્થોની જાળવણી, વીજળી સમારકામ, બુક બાઈન્ડિંગ, જમીન સંરક્ષણ, સાદાં વૈજ્ઞાનિક સાધનોની બનાવટ, પાક સંભાળ તથા અન્ય પ્રવૃત્તિઓ સૂચવાઈ છે. આપ છતાં આ બધી પ્રવૃત્તિઓ અંગે વિવિધ કારણોસર શાળાઓ જાગૃત કે સજ્જ બની શકી નથી. ગુજરાત રાજ્યે કાર્ય અનુભવમાં થોડાં ફેરફાર કરી શ્રી ઈશ્વરભાઈ સમિતિની ભલામણો અનુસાર 'સમાજોપયોગી ઉત્પાદક શ્રમકાર્ય' (SUPW) ના અમલની દિશામાં પગલાં લીધાં. પરંતુ પૂરતા નાણાંકીય ખર્ચના તથા ભૌતિક વ્યવસ્થા અને યોગ્ય નિષ્ણાંતોની સેવાઓના અભાવમાં આ નવો કાર્યક્રમ પણ અસરકારક બની શક્યો નથી.

**(5) પર્યાવરણ શિક્ષણ :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 1986માં માધ્યમિક કક્ષાએ પર્યાવરણ શિક્ષણને સ્થાન અપાયું છે, પરંતુ આ કક્ષાએ તેના અલગ અભ્યાસવિષય તરીકેનો સ્વીકાર થઈ શક્યો નથી. અલબત્ત, ગુજરાત જેવાં કેટલાંક રાજ્યોએ ખાસ કરીને સમાજવિદ્યા જેવાં વિષયમાં ભૂગોળના મોટા વિષયને પર્યાવરણલક્ષી બનાવવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે. એ સિવાય વિજ્ઞાન અને ભાષાની પાઠ્યસામગ્રીમાં સંકલિત અભિગમ Integrated Appoach દ્વારા પર્યાવરણ વિષયવસ્તુને સાંકળી લીધેલ છે. આ કક્ષાએ શાળાઓમાં સહઅભ્યાસની પ્રવૃત્તિઓમાં પણ પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓને થોડું સ્થાન મળ્યું છે. આમ અત્યારે તો પર્યાવરણ શિક્ષણને, માધ્યમિક કક્ષાએ કેવળ અંશતઃ જ સ્થાન મળ્યું છે એમ કહી શકાય. જો કે બી.એડ્.ના નવા અભ્યાસક્રમમાં Elective Subject માં 'પર્યાવરણ શિક્ષણ' વિષય સ્થાન પામ્યો છે.

**(6) અધ્યેતાકેન્દ્રી શિક્ષણ :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શિક્ષક કેન્દ્રી અધ્યાપન પદ્ધતિને સ્થાને અધ્યેતાકેન્દ્રી શિક્ષણ ઉપર ભાર અપાયો છે. એમાં અધ્યેતા પોતાની જાતે શીખે અને શિક્ષક કેવળ માર્ગદર્શક બની રહે તેવી અપેક્ષા છે. ગુજરાતમાં આ દિશામાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો અમલ થયો તે અગાઉનાં 1981-1982ના વર્ષોમાં ધો.8 અને 9 ની કક્ષાએ સરકાર દ્વારા વિવિધ વિષયોમાં સ્વાધ્યાયલક્ષી અભિગમ નિષ્ફળ ગયો. જો કે આજે કેટલીક શાળાઓ સ્વાધ્યાયો દ્વારા અધ્યેતા કેન્દ્રી નૂતન પદ્ધતિઓ (સિમ્પોઝિયમ, જૂથચર્ચા, પેનલ ચર્ચા, સેમિનાર વગેરે) નાં પ્રયોગ, દાર્શનિક પાઠો તથા નવી ટેક્નોલોજીને અનુરૂપ શૈક્ષણિક ઉપકરણો અને શિક્ષકનું માર્ગદર્શન વગેરેની સુવિધા સફળ બનાવી શકે છે. સૌથી પાયાની બાબત તો શાળાઓમાં Learning to Learn જાતે અભ્યાસ કરવાથી વાતાવરણ અને કૌશલ્યનું સર્જન કરવાની છે.

**(7) વ્યવસાયલક્ષી શિક્ષણ :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં વ્યવસાયલક્ષી શિક્ષણને એક જુદો જ પ્રવાહ ગણવાનું તથા એના અભ્યાસક્રમો માધ્યમિક શિક્ષણના અંતે અપાય તેવું સૂચવાયું છે. આમ છતાં, જરૂરત ઊભી થતાં તે ધો.8 પછી પણ શરૂ કરાશે તે બાબતનો પણ ઉલ્લેખ થયેલો છે. આ માટેનો સમયગાળો 1 થી 3 વર્ષનો સૂચવાયો છે.

વ્યવસાયી શિક્ષણના સંદર્ભમાં કોઠારી શિક્ષણ પંચની ભલામણો પછીના સમયમાં દેશના વિવિધ ભાગોમાં ટેક્નિકલ હાઈસ્કૂલો, આઈ.ટી.આઈ. સંસ્થાઓ તથા પોલિટેક્નિક સંસ્થાઓનું વિસ્તરણ થયું છે. ગુજરાતમાં હાલ સરકારી અને બિનસરકારી મળી 44 ઉપરાંત ટેક્નિકલ શાળાઓ, 36 ઉપરાંતની આઈ.ટી.આઈ. સંસ્થાઓ અને મોટી સંખ્યામાં વાણિજ્ય, કલા અને કૃષિવિષયક તથા મહિલાઓ માટેના વિવિધ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો આપતી પોલિટેક્નિક સંસ્થાઓ છે. હાલમાં ધો.8 થી વિદ્યાર્થીઓને ટેક્નિકલ વિષયોમાં શિક્ષણ આપવાની જોગવાઈ છે. આઈ.ટી.આઈ. સંસ્થાઓમાં પણ ધો.8 કે 9 પસાર કર્યા પછી પ્રવેશ મળી શકે છે. જો કે હવે આઈ.ટી.આઈ. સંસ્થાઓમાં ધો.10 પસાર કરનાર વિદ્યાર્થીઓના પ્રવેશ ધસારાને પરિણામે ધો.8 કે 9 પસાર કરનારને પ્રવેશ પ્રાપ્ત થતો નથી. પોલિટેક્નિક અભ્યાસક્રમોની + 2 સ્તરે જોગવાઈ થયેલી છે. જો કે ધો.10 ની કક્ષાએ કેટલાંક વ્યવસાયી અભ્યાસક્રમોને વૈકલ્પિક વિષયોમાં સ્થાન છે, પરંતુ બહુ ઓછી શાળાઓમાં એવા વિષયોના શિક્ષણની વ્યવસ્થા હોય છે.

**(8) સતત સર્વાંગી મૂલ્યાંકન :**

હાલની પરીક્ષા પદ્ધતિએ સર્જેલ સમસ્યાઓના ઉકેલ માટે રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં વિવિધ વિષયોના એકમ અભ્યાસના સંદર્ભમાં નક્કી કરેલાં ટૂંકા અંતરે નિયમિત રીતે વાર્ષિક પરીક્ષા સુધીમાં કસોટીઓ લેવાય અને એ દ્વારા વિદ્યાર્થીનું મૂલ્યાંકન થતું રહે તેવી પ્રક્રિયાને સતત મૂલ્યાંકન કહે છે. વળી જેમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક અર્થાત્ સહઅભ્યાસિક એવી બંને પ્રવૃત્તિઓના મૂલ્યાંકનને સર્વગ્રાહી મૂલ્યાંકન કહે છે. ભારતનાં કેટલાંક રાજ્યોમાં આ પ્રકારના મૂલ્યાંકનો સ્વીકાર થયો છે. ગુજરાતમાં પણ ધો.8 અને 9 ની કક્ષાએ તબક્કાવાર બધી શાળાઓમાં એનું અમલીકરણ થાય તેવા પ્રયત્નો થયાં છે.

**(9) નવોદય વિદ્યાલયો :**

દેશભરમાં લોકોની એક સામાન્ય છાપ એવી છે કે ગુણવત્તાવાળું શિક્ષણ કેવળ સમાજના આર્થિક રીતે સક્ષમ લોકોનાં બાળકોને જ મળે છે. આ બાબતને લક્ષમાં લઈને કોઠારી શિક્ષણપંચે ખાસ બુદ્ધિપ્રતિભા ધરાવતાં (તેજસ્વી) બાળકો માટે ગતિશીલ શાળાઓ (Space Setting Schools) સ્થાપવાની ભલામણ કરી હતી, પરંતુ કેટલાંક કારણોસર એવી શાળાઓની સ્થાપના થઈ શકી ન હતી. આ સંજોગોમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં નવોદય શાળાઓ (જે કેન્દ્રીય શાળાઓ કરતાં જુદી છે) શર કરવા ઉપર ભાર મૂકાયો એમાંય ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોના શક્તિશાળી વિદ્યાર્થીઓને તેમની શક્તિ પ્રતિભા ઉપસાવવાની તક મળે તેવો હેતુ રખાયો છે. આ હેતુને ધ્યાનમાં રાખી સરકારી યોજના મુજબ માધ્યમિક કક્ષાએ દરેક જિલ્લામાં ઓછામાં ઓછી એક નવોદય શાળા સ્થપાય એવું ધોરણ રખાયું છે આ શાળાઓ કાર્યાન્વિત થઈ ગઈ છે અને જિલ્લા કક્ષાએ 'મૉડેલ સ્કૂલ' ની ભૂમિકા ભજવી રહી છે.

**(10) શિક્ષક-પ્રશિક્ષણ :**

માધ્યમિક કક્ષાએ શિક્ષક તરીકેની સેવાઓ આપનાર શિક્ષકને તેના સેવાકાળ દરમિયાન પણ શિક્ષણના છેલ્લામાં છેલ્લા (Latest) નૂતન પ્રવાહો, પદ્ધતિઓ અને પ્રવિધિઓની જાણકારી અને પુનઃ પુનઃ તાલીમ મળતી રહે તે હેતુને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શિક્ષકોના 'સેવાકાલીન શિક્ષણ' (In Service Training) ને મહત્ત્વનું સ્થાન અપાયું છે. આ પ્રકારનું શિક્ષણ ટૂંકા ગાળાનું કે વેકેશનના લાંબા ગાળાનું હોઈ શકે. દેશભરની શિક્ષણ કૉલેજો પૈકીની કેટલીક કૉલેજોને (I.A.S.E.) (ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ સ્ટડીઝ ઈન ઍજ્યુકેશન) કે (C.T.E.) (કૉલેજ ઓફ ટીચર ઍજ્યુકેશન)માં રૂપાંતર કરવાની જોગવાઈ કરેલી છે. આવી કૉલેજો તેમનું રાબેતા મુજબનું પૂર્વ-સ્નાતક કક્ષાની તાલીમનું કામ તો કરશે જ, પરંતુ તે સાથે આ પણ કરશે. આ સંદર્ભમાં ગુજરાતમાં (1) પોરબંદરની સરકારી શિક્ષણ કૉલેજ, (2) ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, (3) એચ.એમ.પટેલ ઈંગ્લીશ ઈન્સ્ટિટ્યૂટ, વલ્લભ વિદ્યાનગર, અને (4) એમ. એસ. યુનિ. વડોદરાને (I.A.S.E.) તથા મોડાસા, ભાવનગર, સુરત અને બિલીમોરાની શિક્ષણ કૉલેજોને (C.T.E.) તરીકે પસંદ કરી એ કૉલેજોને ઉદાર ગ્રાન્ટ પણ આપેલી છે.

## 16.6 નવી શિક્ષણનીતિનું અમલીકરણ

### 16.6.1 પ્રસ્તાવના :

આ દેશમાં દસ દસ વર્ષે શિક્ષણ નીતિનું મૂલ્યાંકન તથા નવી શિક્ષણ નીતિ જાહેર કરવામાં આવે છે. લક્ષ્ય એ હોય છે કે ભારત દેશ વિકસિત રાષ્ટ્ર બની મહાસત્તાનું સ્થાન પામી શકે, પણ નિરીક્ષણ એવું છે કે ઘણી મહત્ત્વાકાંક્ષી શિક્ષણ નીતિઓ ઘડવામાં આવે છે, પરંતુ તેના અમલીકરણના સ્તરે ઘણી વિડમ્બનાઓ સર્જાય છે તે પરિણામે જાહેર થયેલી શિક્ષણ નીતિ સર્વાંશે લાગુ કરી શકાતી નથી. આ નબળાઈને લક્ષમાં રાખીને નવી શિક્ષણ - નીતિ (1986)ની જાહેરાતની સાથોસાથ તેના અમલીકરણ માટે (પ્રોગ્રામ ઑફ એક્શન) POA પણ તૈયાર કરવામાં આવેલોં. ત્યાર બાદ 1992માં આચાર્ય રામમૂર્તિના વડપણ હેઠળ, ત્યાર બાદ 1995માં જનાર્દન રેડ્ડી સમિતિ દ્વારા પણ સુધારેલો POA રજૂ કરવામાં આવ્યો હતો. આ POA નો હેતુ રાષ્ટ્રમાં નવી શિક્ષણ નીતિ (1986)ના સુચારુ અમલ માટેના અવરોધ દૂર કરી તેને સફળ બનાવવાનો હતો.

### 16.6.2 પ્રોગ્રામ ઑફ એક્શન (POA) :

નવી શિક્ષણ નીતિના અસરકારક અમલ માટે આ સમિતિએ 23 ટાસ્ક ફોર્સ નક્કી કર્યા હતાં. દરેક ટાસ્ક ફોર્સ સમિતિના અધ્યક્ષ અથવા તો વિભિન્ન રાજયના મંત્રીશ્રીઓ તથા કેન્દ્ર સરકારના ઉચ્ચ અધિકારીઓ હતાં. તેમણે પોતપોતાના ટાસ્ક ફોર્સ અંગે જે - જે ભલામણો કરી તેને આધારે સુધારેલો POA તૈયાર થયો. નવી શિક્ષણ નીતિના અસરકારક અમલ માટે તેમણે આ મુજબની કાર્યયોજના રજૂ કરેલી.

**(1) કન્યાકેળવણી દરમાં વધારો :**

એ દ્વારા સમાજમાં મહિલા સાક્ષરતા દરમાં વધારો. આ માટે તેમણે મહિલા શિક્ષકોના પ્રમાણમાં વધારો કરવાની, કન્યાઓને શિક્ષણના સમાન અવસરો પ્રદાન કરવાની, નિરંતર શિક્ષણ કાર્યક્રમોમાં મહિલાઓની સહભાગીદારીમાં વધારો, સમૂહ પ્રચાર માધ્યમો દ્વારા મહિલા સાક્ષરતાવર્ધક વાતાવરણ તૈયાર કરવાની, કન્યાઓનો શાળા પ્રવેશ દર વધારવાની, ગ્રામ્ય વિસ્તારમાં કન્યા કેળવણી વધે એ માટે વધુ ધ્યાન આપવાની યોજનાઓ રજૂ કરેલી. આ સંદર્ભો ગુજરાતમાં કન્યાકેળવણી રથયાત્રા યોજી કન્યાકેળવણી અભિયાન છેડવામાં આવેલું તેના પરિણામો પણ સારાં મળ્યા હતાં.

**(2) પછાત, દલિત અને નબળી જાતિઓ માટે :**

બીજું ટાસ્ક ફોર્સ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા અન્ય પછાત વર્ગોના શિક્ષણ માટે વિચાર કરવા રચાયેલું. તેમણે આ જાતિઓમાં શિક્ષણ વધે / સાક્ષરતા વધે એ માટે ઔપચારિક - અનૌપચારિક બન્ને સ્વરૂપના શિક્ષણને પ્રોત્સાહન આપી અનેક કેન્દ્રો ખોલવાનો માર્ગ ચીંધ્યો હતો. હરિજન વસવાટોમાં શાળા, ગ્રંથાલય, વાંચનાલય, ઑપરેશન બ્લેક બૉર્ડ, કન્યાઓને વધુ પ્રોત્સાહન મળે તેવી યોજનાઓ લાગુ કરવી, પ્રૌઢશિક્ષણ કેન્દ્રો ખોલવા, શિક્ષણનું માધ્યમ માતૃભાષા રાખવું, ત્રીજા ધોરણથી ક્ષેત્રીય ભાષાશિક્ષણ આપવા જેવાં માર્ગો ચીંધ્યાં હતા.

**(3) વિકલાંગ તથા લઘુમતી સમાજ માટે :**

ત્રીજા અને ચોથા ટાસ્ક ફોર્સ દ્વારા આ બાબતો માટે ભલામણો રજૂ થઈ હતી.

વિકલાંગ અધ્યેતાઓ માટે સંકલિત શિક્ષણ (IEDC), ખાસ પ્રકારની શાળાઓ, તેમાં વ્યાવસાયિક શિક્ષણ, માર્ગદર્શન તથા સલાહની વ્યવસ્થા, શિક્ષકોને ખાસ પ્રકારનું પ્રશિક્ષણ, જનસંચાર માધ્યમોનો ઉપયોગ કરવાની ભલામણો કરી હતી.

અલ્પસંખ્યકો માટે શાળા સંચાલકો, આચાર્યો અને શિક્ષકોએ ખાસ પ્રકારના પ્રશિક્ષણની યોજના રજૂ કરેલી. આ વિદ્યાર્થીઓ માટે વધારાના કોચિંગની સગવડ, વધારાની શિષ્યવૃત્તિ તથા અન્ય પ્રોત્સાહન યોજના (સાઈકલ આપવી, બસમાં મફત મુસાફરી) વગેરેની ભલામણ કરી હતી.

**(4) પ્રૌઢ તથા સતત શિક્ષણ :**

આ કાર્યક્રમને વધુ અસરકારક તથા વ્યાપક બનાવવા માટે ટેક્નોલૉજીના ઉપયોગની ભલામણ કરી હતી. તદુપરાંત ઉત્તર સાક્ષરતા (પોસ્ટ લિટરસી) માટે જોગવાઈ કરવાની ભલામણ કરી હતી.

**(5) પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક શિક્ષણ :**

આ સ્તરના શિક્ષણ પર વધારે ધ્યાન આપવાની જરૂરિયાત છે, તેથી તેમાં પૂરતાં શિક્ષકો, આંગણવાડીને પ્રોત્સાહન, પચાસ ટકા મહિલા શિક્ષિકાઓ, ઑપરેશન બ્લેક બૉર્ડ, વગેરે અંગે ભલામણો કરી હતી. આ ઉપરાંત, POAમાં દેશના અઢાર કરોડ બાળકોને 1:40ના રેશિયોમાં શિક્ષણ આપવા માટે નવી 35,000 શાળાઓ ખોલવી પડશે તથા 11 લાખ વર્ગો માટે 45 લાખ શિક્ષકોની ભરતી કરવી પડશે. શિક્ષણના સાર્વત્રિકરણ માટે બ્લોક સ્તર, તાલુકા સ્તર અને જિલ્લા સ્તરે યોજનાઓ તૈયાર કરી ભાર વગરના ભણતરને લાગુ કરવાનું છે.

**(6) માધ્યમિક શિક્ષણ :**

આ માટે શાળા શિક્ષણ 10 + 2ની તરાહ તથા યુનિવર્સિટી શિક્ષણ 3 વર્ષ (10 + 2+3)નું સમગ્ર દેશમાં લાગુ કરવું, રાષ્ટ્રીય સ્તર પર અભ્યાસક્રમ (આ સંદર્ભે યશપાલ કમિટિનો અભ્યાસક્રમ પ્રારૂપ 2005 દસ્તાવેજ ઉપલબ્ધ થઈ ગયો છે). માધ્યમિક શિક્ષણ માટે સુવિધાઓનો વ્યાપ વધારવો, કન્યા તથા પછાત વર્ગોનાં બાળકોને વધુ સહાય તથા તેમની સહભાગિતા વધારવી, માધ્યમિક શિક્ષણના જુદાં જુદાં બૉર્ડ-નિગમોને વધુ સશક્ત કરવાં, શિક્ષકો-આચાર્યો માટે વધુ સેવાકાલીન પ્રશિક્ષણ વગેરેની ભલામણ કરી હતી.

**(7) નવોદય વિદ્યાલય :**

નવોદય વિદ્યાલય અંગે ભલામણો કરવા અલગ ટાસ્ક ફોર્સ હતું. રાષ્ટ્રના દરેક જિલ્લામાં નવોદય વિદ્યાલયની સ્થાપના, પ્રવેશ પરીક્ષા, પ્રશિક્ષિત શિક્ષકોની નિમણૂંકો, સેવાકાલીન પ્રશિક્ષણ, રાષ્ટ્રીય ઐક્યનો વિકાસ, સમાજ પરત્વેની શિક્ષકની જવાબદારી વગેરે બાબતો અંગે ભલામણો કરી હતી. તેમાંની મોટાભાગની ભલામણોનો અમલ થઈ ચૂક્યો છે અથવા થઈ રહ્યોં છે.

**(8) વ્યાવસાયિક શિક્ષણ તથા ઉચ્ચ શિક્ષણ :**

વ્યાવસાયિક શિક્ષણનો વ્યાપ, અભ્યાસક્રમ, શિક્ષકોની ભરતી, સેવાકાલીન તાલીમ, સ્વરોજગારલક્ષી અભ્યાસક્રમો વધારવા, તથા દરેક રાજ્યોમાં ઉચ્ચ શિક્ષણ પરિષદ (SCHE)ની સ્થાપના, વર્તમાન કૉલેજોને મળતી સુવિધાઓ અંગે પુનર્વિચારણા, સ્વાયત્ત મહાવિદ્યાલય, ઉચ્ચ શિક્ષણ અંગે ગનનમ કમિટિએ કરેલ ભલામણોનો અમલ, વ્યાખ્યાતાઓની સજ્જતા વધે એ માટે કાર્યક્રમો ગોઠવવાની ભલામણો કરી હતી.

**(9) દૂરવર્તી શિક્ષણ સંસ્થાઓ :**

ટાસ્ક ફોર્સ 12, 13 ને 14 ખુલ્લી વિદ્યાપીઠ, મુક્ત શિક્ષણ, ખુલ્લી શાળાઓ, ગ્રામ્ય વિદ્યાપીઠો વગેરેના વિકાસને ગુણાત્મકતા માટે ભલામણો કરી હતી. તેમાં વધુ ગ્રામીણ વિદ્યાપીઠોની સ્થાપનાની વાત મુખ્ય હતી.

**(10) શિક્ષણ પ્રશિક્ષણ :**

આ ટાસ્ક ફોર્સ પ્રાથમિક શિક્ષણ પ્રશિક્ષણ માટે ડાયેટ (DIET), માધ્યમિક વિદ્યાલયના શિક્ષકો માટે સી.ટી.ઈ. તથા ઉચ્ચ શિક્ષણના અધ્યાપકો માટે એકેડેમિક સ્ટાફ કૉલેજ માટે ભલામણો કરી હતી. શિક્ષકોની પ્રતિબદ્ધતા વિકસે તથા તેમનામાં વ્યાવસાયિકતા ખીલે એ માટેનો આગ્રહ રખાયો હતો.

**(11) પ્રશાસન અને વ્યવસ્થાપન :**

એમણે પંચાયતી રાજ, જિલ્લા પંચાયત, ગ્રામ શિક્ષણ સમિતિ, શહેરી શિક્ષણ સમિતિ, શાળા સંચાલન સમિતિ, વગેરેની સક્રિયતા વધે એ માટે ભલામણો કરેલી. સામે પક્ષે રાજ્ય સ્તરે રાજ્ય શિક્ષણ સલાહકાર બૉર્ડ વગેરેની રચનાની ભલામણ કરી હતી.

**(12) મૂલ્યાંકન અને પરીક્ષણ :**

તેમાં લઘુતમ અધ્યયન સ્તર, સતત અને સર્વાંગીણ મૂલ્યાંકન, માધ્યમિક શિક્ષણ પરીક્ષણ માટે NCERT નું મૉડલ, સેમેસ્ટર પદ્ધતિ, પ્રવેશ પરીક્ષા, વગેરે બાબતે ભલામણ કરી હતી.

**(13) રમતગમત - NSS-NCC :**

આ ટાસ્ક ફોર્સ યોગ્ય શિક્ષણ માટે દરરોજ 45 મિનિટ ફાળવવાની ભલામણ કરી હતી. રમતગમતને વધુ પ્રોત્સાહન આપવા સૂચવેલ NSS, NCC, નહેરુ યુવા કેન્દ્ર, સ્કાઉટ ઍન્ડ ગાઈડ સેવાઓને વિસ્તારવાની ભલામણ કરી હતી.

આ રીતે પ્રોગ્રામ ઑફ એક્શન રજૂ કરી નવી શિક્ષણ નીતિના અમલનો માર્ગ સરળ કરી આપ્યો હતો.

## 16.7 સારાંશ

- વ્યક્તિ અને સમાજના સર્વાંગિક વિકાસ માટે શિક્ષણ આવશ્યક છે. શિક્ષણ દ્વારા સમાજમાં ઈચ્છિત પરિવર્તનો લાવી શકાય છે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ સમયે આપણા દેશ સમજ અનેક પ્રશ્નો અને સમસ્યાઓ હતી. વિવિધ સમસ્યાઓના નિવારણના અનેક ઉપાયો પૈકી પાયાનો ઉપાય શિક્ષણ પ્રથામાં પરિવર્તનો આવવાનો હતો.
- આ સંદર્ભમાં સ્વાતંત્ર પોતે 2 સમયમાં ભારત સરકારે ક્રમશઃ વિવિધ શિક્ષણ પંચો નીમ્યાં.
- છેલ્લું શિક્ષણ પંચ ઈ.સ. 1964માં કોઠારી શિક્ષણપંચ નીમાયું આ રાષ્ટ્રીય શિક્ષણ પંચની ભલામણો અનુસાર ઈ.સ. 1968માં સર્વ પ્રથમ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડવામાં આવી.
- ખાસ કરીને શિક્ષણમાં સુધારો લાવવાના હેતુ માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડવામાં આવી.
- પ્રાથમિક શિક્ષણ અપવ્યય અને સ્થગિતતા અટકાવવા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પર ભાર મુકવામાં આવ્યો.
- શિક્ષણ વ્યાવસાયીકરણ કરવાનો પણ હેતુ રહેલો છે.

## 16.8 એકમ સ્વાધ્યાય

1. નવી શિક્ષણ નીતિના અમલીકરણ માટેના દસ્તાવેજને POA શા માટે કહે છે ?
2. પ્રોગ્રામ ઑફ એક્શનના ક્ષેત્રો જણાવો.
3. પ્રોગ્રામ ઑફ એક્શનનું મહત્ત્વ સમજાવો.
4. પ્રોગ્રમ ઑફ એક્શનની મુખ્ય ભલામણો જણાવો.
5. પૂર્વ પ્રાથમિક તથા પ્રાથમિક શિક્ષણ ઉપર શા માટે વધારે ધ્યાન આપવાની જરૂર છે. ?
6. નવોદય વિદ્યાલય શા માટે સ્થાપવામાં આવ્યા ?
7. POA માં NCERT નું પ્રદાન જણાવો.
8. રાષ્ટ્રીય આજ્યા સરળના માળખાના લક્ષણો જણાવો.
9. અભ્યાસરૂપની હાર્દરૂપ બાબતો જણાવો.
10. રાષ્ટ્રીય શિક્ષણ નીતિનાં લક્ષણો જણાવો.
11. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અપનાવવાનાં કારણો જણાવો.
12. રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અવરોધનાં પરિબળો જણાવો.
13. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 1986 અનુસાર માધ્યમિક કક્ષાએ અમલમાં મૂકેલ કાર્યરૂપો જણાવો.
14. શિક્ષણ નીતિનું અમલીકરણ જણાવો.

## 16.9 તમારી પ્રગતિ ચકાસો

- આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

(1 ગુણ)

1. રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં કૉલેજમાં અધ્યાપકોની પસંદગી માટે કઈ લાયકાત ઉમેરાઈ છે ?

(A) N. E. T. (B) G. C. A. T.

(C) C. E. T. (D) D. Lit

2. રાષ્ટ્રીય નીતિના ઉદ્‌ભવમાં કયા વડાપ્રધાન સંકળાયેલાં હતાં ?

(A) શ્રી ચંદ્રશેખર (B) શ્રી રાજીવ ગાંધી

(C) ડૉ.મનમોહનસિંહ (D) શ્રી અટલબિહારી બાજપાઈ

3. રાષ્ટ્રીય શિક્ષણ પંચની ભલામણો અનુસાર દેશમાં સર્વ પ્રથમ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ કયા વર્ષમાં ઘડવામાં આવી હતી ?

(A) 1968 (B) 1986

(C) 1992 (D) 2004

4. 21 મી સદીને માટે સુસજ્જ નાગરિકો તૈયાર કરવા માટે નવી શિક્ષણ નીતિ આપવાનું વચન કોણે આપ્યું હતું ?

(A) ઈન્દિરા ગાંધી (B) અટલબિહારી બાજપાઈ

(C) રાજીવ ગાંધી (D) પી. વી. નરસિંહરાવ

5. રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ઉદ્‌ભવ અંગેની વિગત કયા પુસ્તકમાં વિગતે આપેલ છે ?

(A) શિક્ષણ ભીતરનો ખજાનો (B) શિક્ષણને પડકારનીતિ પરિપ્રેક્ષ્ય

(C) જીવન શિક્ષણ (D) માધ્યમિક શિક્ષણ પરીક્ષણ

6. શિક્ષણમાં આજે નીચેનામાંથી કઈ ભાવના સર્જી શકાઈ નથી ?

(A) રાષ્ટ્રીય એકતા (B) સામાજિક્તા

(C) વ્યક્તિત્વ વિકાસ (D) ઉપર જણાવેલ ત્રણમાંથી એક પણ નહિ

7. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસાર કયા તબક્કાનું / શિક્ષણનું ધ્યેય સિદ્ધ કરી શક્યાં નથી ?

(A) માધ્યમિક (B) ઉચ્ચ શિક્ષણ

(C) પ્રાથમિક (D) નિમ્ન પ્રાથમિક

8. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસાર સમગ્ર દેશમાં સૌથી વધુ નાણાં કઈ બાબતમાં ખર્ચાય છે ?

(A) શિક્ષણ (B) આરોગ્ય

(C) સંરક્ષણ (D) મનોરંજન

9. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 1986 અનુસાર 15 વર્ષીય શિક્ષણનું માળખું ........

(A) 10+1+4 (B) 10+1+1+3

(C) 11+1+3 (D) 10+2+3

10. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 1986 માં શિક્ષણના દરેક તબક્કે કઈ બાબત નક્કી કરવામાં આવેલ છે ?

(A) શૈક્ષણિક સિદ્ધિ વધારવી (B) અધ્યયનનું ન્યૂનતમ સ્તર

(C) શારીરિક વિકાસ પર ભાર મૂકવો (D) સામાજિકતાનો વિકાસ કરવો

11. કૉલેજ કક્ષાએ અધ્યાપકની પસંદગી માટે નીચેનામાંથી કઈ લાયકાત જરૂરી છે ?

(A) Guj CAT (B) SAT

(C) WAT (D) NET - SLET

12. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 1986 માં ઉદ્યોગોને તેમની મોટાભાગની સંશોધન પ્રવૃત્તિઓ કયા વિભાગમાં સ્થાપવા પ્રોત્સાહન આપવાની ભલામણ કરેલ છે ?

(A) પ્રાથમિક શાળાઓમાં (B) માધ્યમિક શાળાઓમાં

(C) વિશ્વ વિદ્યાલયોમાં (D) ઉપર જણાવેલ ત્રણેય

13. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસાર માધ્યમિક કક્ષાએ કેટલા ટકા શિક્ષિકા બહેનો હોવી જોઈએ ?

(A) 5 ટકા (B) 10 ટકા

(C) 33 ટકા (D) 50 ટકા

14. નિશ્ચિત કરેલી અવધિ પહેલાં વિદ્યાર્થી શાળા છોડી દે તેને શું કહેવાય ?

(A) સ્થળાંતર (B) અપવ્યય

(C) સ્થગિતતા (D) બગાડ

15. રામમૂર્તિના વડપણ હેઠળ સમિતિની રચના ક્યારે થયેલી ?

(A) 1992 (B) 1993

(C) 1995 (D) 1986

16. નવી શિક્ષણનીતિના અમલ માટે કેટલા ટાસ્કફોર્સ રચવામાં આવેલાં ?

(A) 19 (B) 21

(C) 23 (D) 27

17. મહિલા સાક્ષરતા દર વધારવા POA માં શી યોજના રજૂ થયેલી ?

(A) સ્ત્રી શિક્ષકોનું પ્રમાણ વધારો.

(B) વધુ ગ્રાન્ટ આપો.

(C) શિક્ષિત કર્મચારીને વધુ ઈજાફા આપો.

(D) શિક્ષિત સ્ત્રીનું સન્માન કરો.

## 16.10 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1. (A) N.E.T.
2. (B) શ્રી રાજીવ ગાંધી
3. (A) 1968
4. (C) રાજીવ ગાંધી
5. (B) શિક્ષણને પડકારનીતિ પરિપ્રેક્ષ્ય
6. (A) રાષ્ટ્રીય એકતા
7. (C) પ્રાથમિક
8. (C) સંરક્ષણ
9. (D) 10+2+3
10. (B) અધ્યયનનું ન્યૂનતમ સ્તર
11. (D) NET - SLET

12. (C) વિશ્વ વિદ્યાલયોમાં

13. (B) 10 ટકા

14. (B) અપવ્યય

15. (A) 1992

16. (C) 23

17. (A) સ્ત્રી શિક્ષકોનું પ્રમાણ વધારો.

**16.11 સૂચિત વાંચન સામગ્રી**


1. બારૈયા વી.વી. તથા અન્ય : સમયકાલીન ભારત અને શિક્ષણ પ્રતીક પ્રકાશન, આણંદ.

2. શાહ નીરવ પી. : શૈક્ષણિક વ્યવસ્થાપન અને શાળા સંગઠન, નીરવ પ્રકાશન, અમદાવાદ.

3. રાવલ નટુભાઈ વિ. તથા અન્ય : શાળા વ્યવસ્થાપન અને શૈક્ષણિક સંગઠન, નીરવ પ્રકાશન, અમદાવાદ.